गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक [illegible] वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय प२२५१३ : ४३९८५२

॥ श्रीकृष्णाय नमः ॥



સમસ્ત ભારતવર્ષ-હિન્દુસ્તાનમાં આવેલાં
વૈષ્ણવ સમ્પ્રદાયનાં સઘળાં સ્થળોની

તીર્થયાત્રાનો હેવાલ

(ખાસ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે)

તીર્થોનું વર્ણન, શાસ્ત્રીય માહાત્મ્ય, પ્રાચીન ને અર્વાચીન ઐતિહાસિક ને પૌરાણિક હકીકત, રેલ્વે, સ્ટીમર ને પગ રસ્તાની માહીતી, ખાસ કરીને શ્રીનાથજી અને વ્રજયાત્રાની સંપૂર્ણ માહીતી, વગેરે વર્ણન અમોએ ઘણાં સ્થળોની યાત્રા કરી, શોધ-ખોળ કરી દર્શાવ્યું છે

પ્રથમાવૃત્તિ. લેખકઃ— પ્રત, ૧૦૦૦

ચંદુલાલ કેશવલાલ શાહ. બી. એ. મોટાફળીયા—હાસરા.

સંવત, ૧૯૭૮ પ્રકાશક;— ઇ. સ. ૧૯૨૨

લલ્લુભાઇ છગનલાલ દેસાઇ.

વ્યવસ્થાપક—"શ્રી ભક્તિગ્રન્થમાળા" કાર્યાલય.

રીચીરોડ, નં. ૧૧૦—અમદાવાદ.

સર્વ હક્ક પ્રકાશકે સ્વાધિન રાખ્યા છે.

અમદાવાદ-ટંકશાળમાં ધી 'યુનિયન' પ્રીન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
શાહ મોહનલાલ ચીમનલાલે છાપ્યું.

કીં. રૂ. ૩-૦-૦

प२२९३:४९८८थ२

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૧૦૦૩૧

॥ श्रीकृष्णाय नमः ॥

પ્રસ્તાવના.

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥

જેણે નયને ના નિરખ્યા શ્રીનાથજી તેનો એળે ગયો અવતારરે.

* * * * *

વ્રજ વહાલુંરે વૈકુંઠ નહિ આવું.

* * * *

ચોરાશી કોસની પરિક્રમા કીધી, ત્હેને ચોરાશી નથી ભમવું;
વન ઉપવન જોઇ આનંદ આવ્યો, ત્હેને હરિસંગે ઠર્યું રમવું.

[ભક્ત કવિવર્ય શ્રી દયારામભાઇ]

પ્રિય વૈષ્ણવ વાચક વૃન્દ! આપણો આર્યાવર્ત–ભારતવર્ષ–હિન્દુસ્તાન, જે અખિલ વિશ્વમાં સર્વોત્તમ–શ્રેષ્ઠ અને પવિત્ર પાપનાશિની અધમોદ્ધારિણી ગંગા, યમુના, સરસ્વતિ વિગેરે સરિતાઓ, ગગનભેદી શિખરોવાળા, અને ઋષિમુનીઓના તપોસ્થાન તરીકે ગણાતા હિમાલય ગિરિનાર, શ્રી ગિરિરાજ આદિ પર્વતો, ભવિષ્ય વાણી સફળ કરનારા, પ્રભુ વિયોગનાં અનેક સહસ્ર વર્ષોના અંતરાયને દૂર કરી જન્મ મરણનો ફેરો ટાળનાર, પુરાણાદિમાં જેનું અપૂર્વ માહાત્મ્ય વર્ણવેલું છે એવાં ચારધામ, શ્રીનાથદ્વારા, શ્રીવ્રજભૂમ્યાદિ તીર્થક્ષેત્રો, ભારતવીરોની કર્મભૂમી–મેવાડ, મારવાડાદિ, વિદ્યાનાં કેન્દ્રસ્થળો–કાશી, અવન્તિકાપુરી–ઉજ્જયનાદિ નગરીઓ, વાણિજ્યાદિમાં શ્રેષ્ઠ મુંબઇ, મદ્રાસ, કલકત્તા વિગેરે સુપ્રસિદ્ધ શહેરો આવેલાં છે. આવા આદર્શોથી ભરપુર સમ-

રત ભૂમંડળમાં આ અપણો એક આર્યાવર્ત્તજ છે એ નિર્વિવાદ છે અને તેટલાજ કારણથી આવી પવિત્ર ભૂમિમાં જન્મ ધારણ કરવો અને યાત્રા કરવી એ મનુષ્યનું સદ્‌ભાગ્યજ ગણાય.

ભારતવર્ષની આટલી ગૌરવતા દર્શાવ્યા પછી મારે જણાવવું જોઇએ કે, મારી વિદ્યાર્થી અવસ્થામાં પ્રવાસનાં પુસ્તકો વાંચવામાં આવેલાં હતાં તેમજ જ્યારે હું શ્રી નાથજીની યાત્રાએ ગએલો ત્યારે મુસાફરીમાં પડતી અગવડો અને પુષ્ટિમાર્ગના સ્થળોની અપૂર્ણ માહિતિ હોવાને લીધે થએલા ગેરલાભને અંગે આવા પુસ્તકની જરૂર મને જણાઇ અને તેથી માર્ગીય હકીકત વાળા પુસ્તકની શોધખોળ કરતો હતો. તેવામાં આ ગ્રન્થના પ્રકાશક રા. રા. લલ્લુભાઈ છગનલાલ દેસાઇએ મારા મિત્ર રા. રા. ચંદુલાલ ચુનીલાલને આવું પુસ્તક લખવા માટે સોંપ્યું હતું. તેમણે આ કામ મને સોંપ્યું જેથી આ પુસ્તક લખવા આરંભ કર્યો અને લગભગ પાંચ વરસના સતત્ પ્રયત્ન પછી વૈષ્ણવ બન્ધુઓના કરકમળમાં મુકતાં મને અનહદ આનંદ થાય છે.

મારે જણાવવું જોઇએ કે આ પુસ્તક લખવાનું શરૂ કરતી વખતે મેં કેટલોક પ્રવાસ જાતે કર્યો, કેટલીક હકીકત દરેક ક્ષેત્રમાં વસતા મુખ્યાજી, ભોર, ચોખા તથા અન્ય વૈષ્ણવોને પત્રદ્વારા વિનંતિ કરી એકત્ર કરી, પુરાણાદિમાં વર્ણવેલું માહાત્મ્ય લખવાની ઇચ્છાથી કેટલાંક પ્રવાસનાં પુસ્તકો મેળવ્યાં; વળી જે જે ગૃહસ્થો યાત્રાએ જઇ આવેલા તેમને મળી હકીકત મેળવી તે ઉપરાંત મારા સ્નેહી રા. રા. ચંદુલાલ ચુનીલાલે પોતે કરેલી યાત્રાની નોંધ ઉપરથી, તથા ખાસ કરીને આ ગ્રન્થના પ્રકાશકે પુરી પાડેલી મજની તથા કાઠીયાવાડની હકીકત ઉપરથી (જુઓ વિજ્ઞપ્તિ) અને પરમ ભગવદીય શેઠ બાલાભાઇ

દામોદરદાસે યાત્રા કરતાં પોતાને માટે લખેલી શ્રી વ્રજ પરિક્રમાની ક્રમવાર સ્મરણ પોથીના આધાર ઉપરથી આ પુસ્તક લખવા ભાગ્યશાળી થયેલું તેથી આ સ્થળે તે તે ગૃહસ્થોનો આભાર માનું છું.

આ ગ્રન્થ લખવામાં નીચેનાં પુસ્તકોની મદદ લીધી છે તેથી તે તે પુસ્તકોના કર્તાઓનો આભાર માનવો આવશ્યક છે.

પુસ્તકનું નામ.	કર્તા.
૧ ભારત ભ્રમણ ભાગ ૧ થી ૫.	બાબુ સાધુ ચરણદાસ.
૨ શ્રી બેઠક ચરિત્ર.	રા. રા. વિઠલદાસ રાજારામ દલાલ.
૩ ભારત વર્ષની યાત્રા.	રા. રા. ગિરિજાશંકર...........
૪ દક્ષિણયાત્રા.	અ. સૌ. સુમતિ.
૫ ટૉડ રાજસ્થાન ભાગ ૧.	સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.
૬ તીર્થયાત્રા વર્ણન.	રા. બ. મગનલાલ દલપતરામ જે. પી.
૭ સંવત ૧૯૭૪–૭૫ની ટિપ્પણી.	રા. કાશીદાસ નારણદાસ દલાલ.
૮ વિવિધ ધોળ, પદ સં. ભા. ૧–૨.	રા. રા. લલ્લુભાઇ છગનલાલ દેસાઇ
૯ ચોરાશી વૈષ્ણવની વાર્તા.	,, ,,

તે ઉપરાંત શ્રીવલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર આદિ ગ્રન્થો, શ્રી પુષ્ટિ ભક્તિ સુધા વિગેરે માસિકોનો કેટલોક ઉપયોગ કરવામાં આવેલો છે.

પુસ્તક લખવા પ્રત્યે મારો પ્રથમ પ્રયાસ છે અને તેથી તે દોષ રહિત તો નજ હોય. તદપિ પ્રકાશકે તથા મારાસ્નેહી ભાઇ ચંદુલાલ ચુનીલાલે લખવામાં તથા સુધારવામાં અમૂલ્ય મદદ આપી મને કૃતજ્ઞ કર્યો છે. વાચક બન્ધુઓ આ પુસ્તકને અંગે રહેતા દોષો બતાવી આપી આભારી કરશે એવી અભિલાષા રાખું છું.

આ ગ્રન્થમાં ખાસ પુષ્ટિમાર્ગીય સ્થળોની હકીકત આપવાનો મુખ્ય પક્ષ સ્વિકાર્યો છે જ્યારે અન્ય તીર્થોની, ઐતિહાસિક, અને રાજ્યકિય હકીકત આપવાનો ગૌણ પક્ષ સ્વિકાર્યો છે તે વાચકે ભૂલવું જોઇએ નહિ.

યાત્રા મુંબઇથી શરૂ કરી છે. તેનું કારણ પ્રકરણ ૩ માં દર્શાવ્યું છે છતાં યાત્રીઓ પોતાને અનુકુળ સ્થળેથી યાત્રા શરૂ કરી શકે છે અમોએ આ ગ્રન્થમાં મુંબઇથી નીકળી આખા ભારતવર્ષમાં યાત્રા કરી પાછા મુંબઇ આવી શકીએ એવી ખાસ ગોઠવણ, માહિતી–સમજુતી આપી છે.

ઉપસંહારમાં મુંબઇથી મુખ્ય મુખ્ય તીર્થક્ષેત્રો, ચાર ધામ, શ્રીનાથદ્વારા જવાના રસ્તાની, રેલ્વે સ્ટેશનોની માહિતી, ડભોઇ, ઉદેપુર, બુરાનપુરની હકીકત, રેલ્વે સંબંધી વિશેષ હકીકત પ્રકરણ ૨ માં આપી છે ત્યાં જોઇ લેવું.

અન્તમાં મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે પરંતુ આપ જ્ઞાની બન્ધુઓ તે તરફ નહિ જોતાં ક્ષમા આપશો એવી આશા રાખી અત્રે વિરમું છું.

મુ. ડાસરા,	લી. દાસાનુદાસ.
મોટા ફળીઆ.	શાહ. ચંદુલાલ કેશવલાલના
વૈશાખ સુદી ૧૦ ૧૯૭૮.	દીનતા પૂર્વક જયશ્રીકૃષ્ણ.

વિજ્ઞપ્તી.

વૈષ્ણવ બન્ધુઓ ! આ પુસ્તકના સમ્બન્ધમાં જે કંઈ આપને નિવેદન કરવાનું હતું તે પ્રસ્તાવનામાં લખાઈ ગયું છે છતાં પ્રાસંગિક બે શબ્દો કહેવાની રજા લેઉં છું. આશા છે કે વાચકવૃન્દ પુનરૂક્તિનો દોષ લાગુ નહીંજ પાડે.

પુસ્તકો છપાવવાનું કામ કરવાથી પ્રાચીન સાહિત્યની શોધખોળ કરવાનો શોખ લાગ્યો. અને તે દ્વારા ઉત્તરોત્તર પુસ્તકો છપાવતાં જ્યારે "ચોરાશી વૈષ્ણવની વાર્તા" ના શોધન માટે વ્રજ અને કાઠીયાવાડની મુસાફરી કરી ત્યારે જણાયું કે યાત્રાના સમ્બન્ધમાં આ પ્રદાયિક સાહિત્ય જોવામાં આવતું નથી માટે તેવું પુસ્તક લખાય તો ઠીક તે માટે સાધન એકત્ર કરતો હતો.

હું રા. રા. જીવનલાલ અમરશી મહેતાને ત્યાં નોકર હતો તેવામાં તેમના દ્વારા "ભારતજીવન" ના વિદ્વાન તંત્રી રા. રા. ડાહ્યાભાઈ રામચંદ્ર સાથે મારે પિછાન થઈ, તેઓ પોતે તે વખત "રામેશ્વરની મહાયાત્રા" નામે પુસ્તક લખતા હતા તે ઉપરથી યાત્રાની માહિતીવાળાં પુસ્તકો માટે મેં પ્રશ્ન કર્યો તેમણે "ભારતભ્રમણ" તથા અન્ય પુસ્તકો જોવા સુચના કરી પરંતુ તે દ્વારા આશા ફળીભુત નહી થવાથી તેમની સુચના મુજબ આવું પુસ્તક છપાવવા નિશ્ચય કર્યો. કાર્યના ઉત્પાદક અર્થે અમુક વ્યક્તી દ્વારા પ્રભુ કાર્ય આરમ્ભ કરાવે છે એ ન્યાયે એ વિદ્વાન મિત્રનો ઉપકાર હું કદિ વિસરી શકીશ નહિ.

કેટલોક સંગ્રહ એકત્ર કરી મેં મારા પરમસ્નેહી ચકલાશી નિ-

વાસી શા. ચંદુલાલ ચુનીલાલને પુસ્તક લખવા સુચના કરી. તેમણે કાર્યનો આરમ્ભ કર્યો પણ શારિરિક સ્થિતિના અભાવે તે કાર્ય તેમણે લેખક દારૂઆનિવાસી શા. ચંદુલાલ કેશવલાલને સોંપ્યું તેમણે કાર્ય હાથમાં લીધા પછી પૃષ્ટ ૧૯૨ સુધી પુસ્તક છપાવ્યું. પરંતુ તેમ કરતાં આગળ વધુ હકીકત મેળવવા જીજ્ઞાસા વધી અને ધાર્યું કે વ્રજયાત્રા જે આપણા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે પ્રાધાન્ય છે તે હકીકત પુરી મળે તો ઠીક અને જો ફરીથી વ્રજયાત્રા કરી પુસ્તક લખાય તો સારૂં એવા વિચારથી કામ અટકાવ્યું.

લાંબી મુદત વિત્યા પછી મેં પોતે સં. ૧૯૭૬ ના ફાગણ માસમાં વ્રજયાત્રાના મુખ્ય મુખ્ય સ્થળોની યાત્રા કરી હકીકત મેળવી તેથી પણ સંતોષ નહી થયો અને એજ સાલના અધિક માસ (ભાદરવા) માં શ્રીમદ્ગોસ્વામી શ્રીમધુસુદનલાલજી મહારાજ રાજનગર—અમદાવાદવાળાની સાથે પરિક્રમામાં પરમ વૈષ્ણવ શેઠ. બાલાભાઇ દામોદરદાસની સાથે સંપૂર્ણ યાત્રા કરી તે યાત્રામાં મહારાજશ્રીએ પોતે શ્રી મુખારવિંદથી કેટલીક હકીકત જણાવેલી તથા શેઠ બાલાભાઇએ પોતે પોતાને માટે કરેલી સ્મરણ પોથી તથા મેં મેળવેલી હકીકત તથા ચોબાઓને પુછીને ખુટતી હકીકત મેળવી વ્રજયાત્રાના સ્થળોની બને તેટલી વધુ પ્રમાણમાં માહિતી આપી છે.

ઉત્તર, મધ્ય અને દક્ષિણ હિન્દુસ્તાનની હકીકત તે સ્થળોએ જઇ આવેલા અનુભવી વૈષ્ણવો પાસેથી મેળવી લીધી છે.

" बुद्धि प्रेरक कृष्णस्य " પ્રભુએ આ મતિ આપી તથા તેમની કૃપા અનંત કોટિ ગણી માનવીજ જોઇએ અને શ્રી મદ્ગોસ્વામી શ્રી મધુસુદનલાલજી મહારાજશ્રીની કૃપાતો છેજ કે જેમણે વ્રજયાત્રાનાં નાનાં મોટાં સ્થળો જણાવ્યાં ને તેની ભાવ-ભાવના બતાવી.

રા. રા. ચંદુલાલ ચુનીલાલ તથા લેખકભાઇનો આભાર માનવો સહજ છે કે જેમણે તનતોડ મહેનત કરી છે. પરંતુ છેલ્લે ને ખરે વખતે જે કાર્ય (વ્રજયાત્રા) ના માટે આગળ પુસ્તક છપાવવાનું કામ અટકાવેલું તે કાર્ય શેઠ બાલાભાઇ દામોદરદાસ દ્વારા કે જેમણે મારા ઉપર કૃપા કરી વ્રજયાત્રા કરાવી તથા પોતે પોતાની સ્મરણ પોથી રાખી તે દ્વારા વ્રજયાત્રાની હકીકત પૂર્ણ મળી તેથી તેમનો મુક્તકંઠે આભાર માની ઋણી રહીશજ.

પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુની લીલા, ભાવના જાણવા જીવની શક્તિ બહાર છે; તેથી આ ગ્રન્થ અપૂર્ણ તો હશેજ, ભુલ દોષ તો હશેજ માટે કોઇ જાણકાર વૈષ્ણવ વધારાની હકીકત મેળવી આપશે તો નવી આવૃત્તિ વખતે સુધારો કરીશું.

ગુર્જર સાહિત્યમાં પ્રવાસનાં પુસ્તકો ઘણાં થોડાં છે તેમાં વળી એતન્માર્ગમાં આવા પ્રકારનાં પુસ્તકની ખોટ હતી તે પુરી પાડવા આ ગ્રન્થમાં બનતો યત્ન કરી પાંચ વરસના મહાન્ પ્રયત્ને વૈષ્ણવોના કર કમળમાં મુકતાં આનંદ થાય છે આ ગ્રન્થ દ્વારા કેટલેક અંશે એ ખોટ પુરી પડશે તેથી આ ગ્રન્થ વૈષ્ણવ વર્ગને જેટલો ઉપયોગી થશે તેનું માન ઉપરોક્ત મારા મુરબ્બીઓ અને વિદ્વાન મિત્રોનેજ ઘટે છે. માત્ર મારી તો વિનંતી છે કે યાત્રા કરવા જતાં આ પુસ્તક દ્વારા જે લાભ પ્રાપ્ત થાય તે સમયે તે સ્થળે આ દાસને સંભારી સુધ યાદ કરશો એજ મારા શ્રમની સાર્થકતા છે.

નૃસિંહ જયન્તી સં. ૧૯૭૯ રંગપોળ, ખત્રીપોળ. ઑફીસ—રીચીરોડ, નં. ૧૧૦. અમદાવાદ	લી. દાસાનુદાસ વૈષ્ણવ. લલ્લુભાઇ છગનલાલ દેસાઇના. ભગવત્સ્મરણ અંગીકાર કરશોજી.

અનુક્રમણિકા.

ચિત્રદર્શન.

પ્રકરણ ૧૫ મું. ઉત્તર હિન્દુસ્તાનની યાત્રા.

પ્રકરણ ૧૬ મું. મથુરાથી કાશી, અયોધ્યા અને કલકત્તા.

श्री पुरुषोत्तमसहस्रनाम स्तोत्रम्.

(સટીક ગુજરાતી ભાષામાં, વિસ્તૃત વિવેચન પૂર્વક કરેલું શુદ્ધ ભાષાન્તર)

આ ગ્રન્થમાં શ્રીપુરૂષોત્તમનાં હજાર નામ શ્રીમદ્ ભાગવતમાંથી તત્ત્વરૂપે દોહન કરી શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રગટ કરેલાં છે. કે જેનો પાઠ કરવાથી શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવા જેટલું ફળ પ્રાપ્ત થાય છે. આ ગ્રન્થ ઉપર પંચમ ગૃહના તિલકાયત શ્રીરઘુનાથજી મહારાજે "**नामचन्द्रिका**" નામની સંસ્કૃતમાં વિસ્તૃત ટીકા લખી છે. તે ટીકાનું મૂળ શ્લોક સાથે ભાષાંતર (કે જે અત્યાર સુધી પ્રગટ થયું નથી તે આપવામાં આવ્યું છે, તેમજ શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, સંહિતા, ગીતા આદિ ગ્રન્થોના પ્રમાણોથી તે નામોનું સમર્થ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેથી દરેક વૈષ્ણવને તે નિત્યનિયમમાં પાઠ કરવા ખાસ ઉપયોગી છે. **શ્રીમહાપ્રભુજી** તથા ટીકાકાર **શ્રીરઘુનાથજી** મહારાજના ઉત્તમ ફોટા સાથે છતાં કીંમત માત્ર રૂ. ૨-૦-૦ બે રૂપીઆ રાખી છે.

અમારે ત્યાં મળતા ઉત્તમ ફોટાઓ.

શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી, શ્રીગુસાંઇજી, લાલજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીકન્હૈયાલાલજી, શ્રીવલ્લભલાલજી, વગેરે પ્રાચીન તેમજ અર્વાચીન ઘણા બાળકોના ઉત્તમોત્તમ ફોટાઓ મળે છે. દરેકની ન્યો. ૦-૬-૦.

શ્રીકાંકા ગિરિધરદાસજીના તાદૃશી સેવક
વૈષ્ણવ કવિ ગિરિધરદાસજી કૃત.

શ્રીગિરિરાજ ભૂષણ ગ્રન્થ.

મુલ સહિત ગુર્જર અનુવાદ.

તથા શ્રીદ્વારકેશજી મહારાજ કૃત "**શ્રીગોવર્ધનાષ્ટક**" તથા "**શ્રીગિરિરાજજીની નામાવલી**" એ પ્રાચીન—અપ્રગટિત પુસ્તકોમાંથી કરેલું શોધન.

શ્રીપૂર્ણ પુરુષોત્તમ, શ્રીગોલોકાધિપતિ, શ્રીવ્રજનંદનંદન, શ્રીયશોદોત્સંગલાલિત, શ્રીકૃષ્ણચંદ્રે ભૂમંડળમાં પ્રગટ થઇ, શ્રીગિરિરાજજીને ધારણ કરી જેજે અદ્‌ભૂત લીલા કરી છે તે, શ્રીગિરિરાજજીનું પ્રાકટ્ય તથા તેમાં રહેલા ઉત્તમ તિર્થોનું પ્રગટ થવું, તેમજ શ્રીનાથજીનું પ્રાકટ્ય વર્ણન તથા શ્રીગિરિરાજજીનાં દરેક અંગોનું વર્ણન, શ્રીગોવર્ધન પુંજાની ભાવના, (પુષ્ટિ માર્ગની મેંડ પ્રમાણે) ઇંદ્રનો કોપ નિવારણ કરવા માટે શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજને ધારણ કરવાથી વ્રજવાસીઓની શ્રીકૃષ્ણ વિષે શંકા, શ્રીનંદરાયજીને જાતી બહાર કરી શ્રીવૃષભાનજી પાસે જવું. ત્યાં જઇ શ્રીકૃષ્ણની પરિક્ષા લેવા મુક્તામાળા મોકલવી, અનેક મોતીઓનું ઉત્પન્ન થવું; નંદગામમાં મુક્તાકુંડ પ્રગટ થવાનું માહાત્મ્ય, શ્રીગોવર્ધન પુંજા વખતે આવેલાં અનેક ગોપીકાઓનાં મુખનું વર્ણન. મહાપાપો કરવાથી રાક્ષસ યોનીને પામેલા એક વૈસ્યને શિલાસ્પર્શ થવાથી પ્રેતયોનીમાંથી છુટી દિવ્ય સ્વરૂપ ધારણ કરી, દ્વિજ પ્રત્યે કહેલી શ્રીગિરિરાજજીનાં તિર્થો અને સમગ્ર ભારતભુમીના મહાન્ તિર્થોની સમાલોચના ઇત્યાદિ અનેક વિષયોનું આ ગ્રન્થમાં મૂળ સહિત શુદ્ધ ગુજરાતી ભાષામાં વર્ણન કરેલું છે. તથા કેટલેક સ્થળે વ્રજના ગુપ્ત સ્થળોના વર્ણન ઇત્યાદિની ખાસ ઉપયોગી ટીપણી પણ આપી છે કે જે દરેક વૈષ્ણવે વાંચવા જેવી છે. રૂ. ૦-૧૦-૦.

माधवभट्टजी (काश्मीरी)

॥ श्रीमद्वल्लभाचार्यजी



દામોદરદાસજી (હરસાની)

અંતર્ધાન. (કાશી-હનુમાનઘાટ) સં. ૧૫૮૭ અષાઢ શુકલ ૨.

કૃષ્ણદાસજી (મેઘન)

પ્રાદુર્ભાવ (ચંપારણ્ય) સં. ૧૫૩૫. ચૈત્ર કૃષ્ણ ૧૧

॥ श्रीकृष्णाय नमः ॥



॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ श्रीवल्लभो जयति ॥

તીર્થયાત્રાનો હેવાલ.

मंगलाचरण.

वर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं-
विभ्रद्वासः कनककपिशं वैजयन्तीश्च मालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै-
र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद्गीत कीर्त्तिः ॥
आचार्यचरणद्वन्द्वं भक्तिज्ञानाब्जभास्करम् ।
नमस्यामि मनः कर्म वाग्भिरन्तस्तमोपहम् ॥

तुलयाम लवेनापि न स्वर्गं न पुनर्भवम् ।
भगवत्सङ्गिसङ्गस्य मर्त्यानां किमुताशिषः ॥

મનુષ્યોને ભગવાનના ભકતોનો સમાગમ થાય, તેની એક લેશ માત્ર પણ બરાબરી કરવાને સ્વર્ગ તેમ પુનર્ભવ શક્તિમાન્ નથી; તો પછી તેવા ભગવદીયોના આશિર્વાદોને હું શુંજ વર્ણવું ?

(श्रीमद् भागवत)

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद् ज्ञात्वा न निवर्तन्ते तद्धाम परमं ममः ॥

જેને સૂર્ય, ચન્દ્ર, અગ્નિ પ્રકાશં કરી શકતા નથી, તથા જ્યાં જઇને પાછું આવવું પડતું નથી; એટલે કે પુનર્જન્મ ધારણ કરવો પડતો નથી તે મારૂં ધામ છે.

(श्रीमद् भगवद्गीता)

वैराग्यहेतुस्तीर्थात्मा सर्वतीर्थफलप्रदः ।
तीर्थशुद्धैकनिलयः स्वमार्ग परिपोषकः ॥

વેરાગ્યના કારણરૂપ, તીર્થરૂપ, તીર્થ જેમનો આત્મા છે એવા, સર્વ તીર્થોમાં ફ્લને આપનારા, તીર્થથી શુદ્ધ થએલા ભક્ત જેમનું સ્થાન છે એવા, પોતાના માર્ગને પોષણ કર-

નાર, ભક્તોના સંગતિરૂપ માર્ગને સંપાદન કરનાર-ભક્તિ માર્ગને પોષણ કરનાર-પુષ્ટિ આપનાર આપ પ્રભુજ છે.

(श्री पुरुषोत्तम सहस्र)

हरेर्नामैव नामैव नामैव मम जीवनम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ॥

હરિ પરમાત્માના નામથી નામથી નામથીજ મારૂં જીવન છે, તે સિવાય અર્થાત્ પ્રભુના નામ સિવાય આ કલિ-યુગમાં બીજી કોઈ ગતિ નથી નથી તે નથીજ.

(बृहन्नारदीय पुराण)

सर्वधर्मोज्झिता विष्णोर्नाममात्रैकजल्पकाः ।
सुखेन यां गतिं यांति न तां सर्वेऽपि धार्मिकाः ॥

સર્વ ધર્મથી વર્જીત થએલા પણ કેવળ ભગવન્નામોનુંજ સ્મરણ કરનારા ભક્તો, ધાર્મિક પુરુષો જે ગતિ પ્રાપ્ત કરતા નથી તેવી ઉત્તમ ગતિને પામે છે.

(पद्मपुराण)

नाम्नोस्ति यावती शक्तिः पाप निर्मलने हरेः ।
तावत्कर्तुं न शक्नोति पातकं पातकी नरः ॥

પાપને નાશ કરવાની શક્તિ જેટલી પ્રભુના નામમાં રહેલી છે, તેટલું પાપ કરવાને પાપી પુરુષ શકિતમાન્ બનીજ શકતો નથી.

આચાર્ય પ્રભુ સરીખડા તેને જાવું શરણ,
નિત્ય રહેવું સત્સંગમાં તજવાં દુષ્ટાચરણ;
જો દિન હોયે પહોંચતા તો વૃન્દાવન જાય,
નહિ તો ધંધો સહુ તજી જ્યાં ત્યાં ગોવિંદ ગાય.

(ભક્ત કવિવર્ય દયારામભાઇ)



श्री कृष्णाय नमः ।

श्री द्वारिकेशो जयति ।

તીર્થયાત્રાનો હેવાલ.

પ્રકરણ ૧લું.

ભારતવર્ષની રૂપરેખા.

વાચક! આ સ્થળે ભારતવર્ષની રૂપરેખાનું શું પ્રયોજન છે? એવો ખ્યાલ કદાચિત્ ઉદ્ભવે, પરંતુ જે આર્ય ભૂમિમાં આપણે વસીએ છીએ, જે આર્યાવર્તમાં આપણા પૂર્વજો રહી ગયા, અને જે ભારતભૂમિને વિષે અનેક ક્ષત્રિયો, અને યવનો થઈ ગયા, અને હાલમાં જે આર્યાવર્ત્ત ઇંડિયાને નામે બ્રિટિશ શહેનશાહતના અમલ તળે સુખરૂપ દિવસ નિર્ગમન કરે છે, તે આર્યાવર્ત્તની, તે ભારત ભૂમિની, તે હિંદુસ્તાનની, અને તેજ ઇંડિયાની સામાન્ય રૂપરેખા જાણવી એ આવશ્યક છે. આ સ્થળે તેથી આ રૂપરેખાનું વર્ણન અયોગ્ય ગણાશે નહિ.

શ્રીમદ્ભાગવત અને મહાભારત આદિ પુરાણોમાં આ આપણો આર્યાવર્ત મહાન્ પ્રતાપી ભરત નૃપતિના નામથી પવિત્ર ભારતવર્ષ-

ભરતખંડ એ નામથી ઓળખાય છે. જ્યાંસુધી આ આર્યભૂમિ ઉપર હિંદુરાજાઓ રાજ્ય કરતા હતા, ત્યાંસુધી ભરત રાજાનું નામ ભારતદેશ સાથે જોડાએલું હતું. પરંતુ ઇ. સ.ના છઠ્ઠા તથા સાતમા સૈકાથી જ્યારથી પરદેશી પ્રજાએ ભારતભૂમિમાં પોતાની સત્તા જમાવવા માંડી, ત્યારથી તે બ્રિટિશ શહેનશાહતના અમલ નીચે આવતા સુધી ભારતભૂમિ બીજાની થઈ અને તેણે બીજું નામ **હિંદુસ્તાન** ધારણ કર્યું.

અંગ્રેજોએ પોતાની શહેનશાહતમાં હિંદુસ્તાન નામ ફેરવી નાખ્યું; અને આ ભારતભૂમિ—આ આર્યાવર્ત—અરે એજ હિંદુસ્તાન—ક્ષત્રિ મુસલમાનના લોહીથી ખરડાએલી ભારતભૂમિ—સર્વાંશે—ભરતરાજાના નામને દૂર કરી **ઇંડિયા** નામ ધારણ કરી અત્યારે **ઇંડિયા**ના નામથી ઓળખાય છે.

પુરાણો અને ઇતિહાસોથી જણાય છે કે—રાજા પ્રિયવ્રતના મોટા પુત્ર **આગ્નિધ્રે જંબુદ્વીપના** નવ ખંડ કરી તે પૈકીનો આ ભારતવર્ષનો એક ખંડ પોતાના મોટા પુત્ર નાભિરાજાને આપ્યો. ત્યારપછી તે તેમના પુત્ર **ઋષભદેવને** મળ્યો. તે પછી તેમના ૧૦૦ પુત્રો પૈકી એક પુત્ર રાજા **ભરતને** આ ખંડ મળ્યો. ખંડને વર્ષ પણ કહેવાય છે. તેમ **ભરતખંડને ભારતવર્ષ** પણ નામ આપવામાં આવેલું છે.

આ ભારતવર્ષ એશિઆખંડમાં આવેલો છે. તેની ઉત્તર દિશાએ અનેક ઋષિમુનિઓનું રહેઠાણુ, વિવિધ પ્રકારની ઔષધિ ઉત્પન્ન કરનાર, સદા શીતળ અને બરફથી ઢંકાએલો, પૃથ્વીના કોઇ પણ ભાગમાં ભાગ્યેજ હરિફાઇ થઇ શકે એવાં ઉંચાં શિખરોવાળો, પવિત્ર ગંગા, યમુના, અને બ્રહ્મપુત્રા વગેરે સરિતાઓને જન્મ આપનાર હિમાલય નામનો પર્વત કાશ્મીરની સરહદથી તે ઠેઠ બંગાળાના છેડા સુધી પથ-

રાએલો છે. પૂર્વ દિશાએ બંગાળાનો સમુદ્ર તથા બ્રહ્મદેશ આવેલો છે.

ચતુઃસીમા. દક્ષિણ દિશાએ લંકા નામનો નાનો ભાગ મૂકી હિંદી મહાસાગર આવેલો છે. પશ્ચિમ દિશાએ અરબીસમુદ્ર, બલુચિસ્તાન, ને અફ્‌ગાનિસ્તાન આવેલા છે. આ પ્રમાણે ભારતવર્ષની સીમા આવેલી છે. તેની ઉત્તરથી દક્ષિણ સુધીની લંબાઇ લગભગ ૧૯૦૦ ચોરસમાઇલ છે, તથા પૂર્વ પશ્ચિમ પહોળાઇ લગભગ ૧૮૦૦ ચો. માઇલ છે.

આ આર્યાવર્તના સ્વાભાવિક ત્રણ ભાગ જોવામાં આવે છે. એક ભાગ જેને આપણે **ઉત્તર હિંદુસ્તાન** કહીએ છીએ, તેમાં કાશ્મીર, પંજાબ, રજપુતાના, સંયુક્ત પ્રાંતો (દિલ્હી, આગ્રા, મથુરા, કાનપુર) અયોધ્યા, નેપાળ, ભૂતાન વગેરે આવેલાં છે.

દેશના સામાન્ય ભાગ. બીજો **મધ્ય હિંદુસ્તાન** જ્યાં કચ્છ, કાઠીઆવાડ, ગુજરાત, રજપુતાનાનો થોડો ભાગ, મધ્ય પ્રાંતો (નાગપુર–વરાડ તથા બંગાળાનો કેટલોક ભાગ) આવેલાં છે, અને ત્રીજો **દક્ષિણ હિંદુસ્તાન** જેમાં મુંબાઇ, નિઝામ સરકારનું રાજ્ય, મ્હૈસુર, ત્રાવણકોર, મદ્રાસ ઇલાકો વગેરે આવેલાં છે.

આ સ્થળે કેટલીક રાજકીય હકીકત આપવી યોગ્ય લાગે છે, પરંતુ સ્થળ સંકોચ અને ગ્રંથ વિસ્તારના ભયે તે આપી શક્યા નથી.

આર્યાવર્ત ! ભરતખંડ ! ભારતવર્ષ ! ! ઇંડિયા ! ! ! તને હાવે તે નામથી ઓળખો, હાવે તે નામથી બોલાવો, પરંતુ પુરાણો આદિમાં પવિત્ર મનાએલા એ આર્યાવર્ત તું સદા પવિત્ર છે. તારી આ ભૂમિમાં જન્મ પામનાર પણ પૂર્ણ ભાગ્યશાળી છે. "વિદુષીબાઇ એનીબીસન્ટ પણ કહે છે કે પૂર્વનાં પુણ્યોદયેજ આ ભૂમિમાં જન્મ થાય છે."

ઓ હિંદદેવી! આ ત્હારી આખી કાયા ઉપર આવેલાં વિશાળ અને ભગવદ્લીલાથી ભરપુર તીર્થક્ષેત્રો, પવિત્ર અને પાપીનાં પાપને નાશ કરનાર નદીઓ અને જળાશયો, અનેક ઔષધિઓથી છવાએલા પર્વતો, અષ્ટસિદ્ધિ અને નવનિધિને ઉત્પન્ન કરનાર આ તારૂં વિશાળ ક્ષેત્ર, એ બધું ત્હારા ગૌરવનાં વખાણ કર્યા સિવાય રહેલું નથી. ખરે-ખર! જ્યારે બ્રહ્માએ સૃષ્ટિનું બંધારણ રચ્યું, ત્યારે જંબુદ્વીપના આજ ભાગમાં સૃષ્ટિના બંધારણમાંથી વધેલો રસ તનેજ પાઇને ત્હારી કાયા અમૃત સમાન બનાવી દીધી છે એમ કહેવામાં કદી પણ અતિશયોક્તિ કહેવાશેજ નહિ; અને તેથીજ કરીને આ દેશને માટે હજારો રજપુતો, યવનો, મરાઠાઓ, અને પરદેશીઓએ, તને તેમનાં રૂધિરનું બલિદાન કર્યું છે. પૃથ્વીનો કયો દેશ ત્હારા ગૌરવનાં વખાણ કરતો નથી? અર્થાત્ કયો દેશ ત્હારી બરાબરી કરી શકે તેવો છે! આ ભારત-વર્ષના ગૌરવમાં વિપુલ વનસ્પતિઓ, ઉત્તરોત્તર જુદી જુદી ઋતુ-ઓનું દિગ્દર્શન, લોકોના આચારવિચાર, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, દઢતા, બુદ્ધિની કુશળતા, વિદ્યા, લક્ષ્મી, કળા, શૌર્ય, વિવિધ પ્રકારના મેવા, મધુર રસમય પદાર્થો, અને નાના પ્રકારનાં અનાજ પણ પોતાનો શિષ્ટાચાર જણાવે છે. આ સિવાય ઘણા પ્રકારની ઉત્તમતા જોવામાં આવે છે. એ નિર્વિવાદ અને સત્યજ છે.

પ્રિય પાઠકગણ! ઉપરોક્ત ગૌરવના વિષયોમાંથી આપણે **"મુખ્ય મુખ્ય યાત્રાનાં સ્થળો"** લેવાનાં છે કે જેનું આ ગ્રન્થમાં સવિસ્તર વર્ણન આપવાનું છે. પુરાણોમાં ઘણાં યાત્રાનાં સ્થળો બતાવ્યાં છે, અનેક પ્રકારના ધર્મ વર્ણવેલા છે, તેમજ તીર્થ-ક્ષેત્રો પણ ભિન્ન ભિન્ન પ્રકારના ધર્મોને માટે જણાવેલાં છે. આપણે આ સઘળામાંથી માત્ર આપણને જરૂર પડતાંજ વૈષ્ણવ સંપ્રદાય

યાને પુષ્ટિમાર્ગમાં મનાતાં તીર્થક્ષેત્રોની બને તેટલી વધારે હકીકત આપવાની છે. તેમાં વચ્ચે આવતાં અન્ય સંપ્રદાયોનાં તીર્થોનો હેવાલ તથા જોવા લાયક સ્થળોનું ટુંક વર્ણન પણ આપવામાં આવશે. ઠેકાણે ઠેકાણે ધાર્મિક હકીકત ઉપરાંત સામાન્ય ઇતિહાસ પણ દર્શાવીશું. અસ્તુ.

પ્રકરણ ૨જું.

યાત્રાનો ઉદ્દેશ અને તેના હેતુ.

આ ભૂમંડળના સમસ્ત ધર્મવેત્તાઓએ પવિત્ર સ્થળોનાં દર્શન, યાત્રાદ્વારા કરવાનું ઇષ્ટ જણાવ્યું છે. બીજા વિષયોમાં કદાચ મતાંતર હશે; પરંતુ પવિત્ર સ્થળોની મુલાકાત યાને દર્શન કરવા, યાત્રા કરવા જવામાં કોઇ પણ ધર્મવેત્તાઓએ કંઈ પણ ભેદ બતાવ્યો નથીજ. એજ યાત્રાર્થે વૈષ્ણવો ગોકુલ, મથુરા, કાશી, શ્રીનાથદ્વાર, જગન્નાથ વગેરે સ્થળોએ જાય છે; એજ યાત્રાર્થે જૈનો પાલીતાણા, ગિરનાર, સમેતશિખર, વગેરે સ્થળે જાય છે; એજ યાત્રાર્થે મુસલમાનો મક્કા, મદિના જાય છે; એજ યાત્રાર્થે પારસીઓ ઉદવાડા જાય છે; એજ યાત્રાર્થે ક્રિશ્ચીઅનો રોમ કે જેરૂસલમ જાય છે; અને અંગ્રેજો દેવળમાં જાય છે. તેમનામાં પણ અમુક સ્થળનાં મોટાં દેવળો તીર્થ-

સ્થાન ગણાય છે. મતલબ કે મનુષ્યમાત્રને યાત્રા કરવાની જરૂર છે. યાત્રાના સંબંધમાં સઘળા ધર્મવેત્તાઓનો એકજ મત છે. તેથી યાત્રા કરવીજ જોઇએ એ વાત નિઃસંશય સિદ્ધજ છે. તો આ બાબતની સિદ્ધતાનું પ્રમાણ આપવું વિશેષ આવશ્યક નથી. યાત્રા કરવાનો રિવાજ સર્વત્ર ચાલુજ છે અને તે સર્વાંશે સર્વને સ્વીકૃતજ છે.

પરમ કૃપાળુ પરમાત્માની અદ્‌ભુત લીલાનું દૃશ્ય આ વિશાળ ક્ષેત્ર છે. અને શિક્ષણને માટે આ સિવાય બીજી કોઇ શ્રેષ્ઠ શાળા નથી. **મહાન્ કવિ વર્ડ્‌ઝવર્થના** શબ્દોમાં કહીએ તો "દેશાટન અથવા યાત્રા કરવાથી સૃષ્ટિની અદ્‌ભુત લીલાનું, તેની સુંદરતાનું, અને જનસમૂહના સ્વભાવ, આચાર, વિચાર, રીતરિવાજ વગેરેનું જ્ઞાન ઘણું સારૂં પ્રાપ્ત થાય છે. જગતની યત્કિંચિત્ ધૂળ પણ માણસ જાતને પ્રસંગોપાત્ત એવું ઉચ્ચ શિક્ષણ આપે છે કે જે શિક્ષણ તેના જીવનક્રમનું સૂત્ર બની જાય છે."

પરંતુ દીલગીરીની વાત છે કે આ કલિકાળને વિષે યાત્રાના સંબંધમાં મહત્ મતભેદ જોવામાં આવે છે. આજકાલના ઉછરતી વયના યુવકો નાસ્તિક બની ગયા છે, અને યાત્રાના હેતુને ભસ્મીભૂત કરી નાખ્યો છે. ધર્મવેત્તાઓ તથા પવિત્ર તીર્થક્ષેત્રો ઉપર અનેક પ્રકારના આક્ષેપો મૂકી, નિંદા કરી, પોતે પાપના બોજામાં ધસડાય છે. આધુનિક સમયના પ્રવાહમાં તણાએલા યુવાનો બજારમાં વેચાતાં ચા, પાન, ભજીઆં, ગાંઠીઆ વગેરે વસ્તુઓ જેને આપણા વડીલો સ્પર્શ કરતાં પણ બીતા હતા, તે વસ્તુઓનો આહાર કરીને બુદ્ધિને મલીન કરે છે. તેઓ યાત્રાને અથવા તેના માહાત્મ્યને માનતા નથી. અરે! એટલુંજ નહિ પણ તેઓ આગળ વધીને બીજાઓને પણ તેવોજ ઉપદેશ આપે છે. આથી ધર્મ ઉપરની શ્રદ્ધા નાબુદ થાય છે, અને

૧૦૦૩૧

ધર્મ શું છે, તે તેઓ મરણ પર્યંત જાણવા ભાગ્યશાળી થતા નથી.

હિંદુસ્તાનની પડતીનાં અનેક કારણોમાં આ પણ એક મહાન્ કારણ છે. દૃષ્ટાંત તરીકે જોઇશું તો જણાશે કે જ્યારે રજપુતોનું સ્વાભિમાન, ધર્મ ઉપરની અચળ શ્રદ્ધા, અને કુળધર્મનું અભિમાન જતું રહ્યું, ત્યારેજ તેઓએ યવન પાદશાહોનું શરણ લીધું, ત્યારેજ આ હિંદ ભૂમિ બીજાની ધણીઆણી થઇ, અને ત્યારથીજ દેશની પાયમાલીનો પાયો સ્થપાયો અત્યારની કેળવણી ઉચ્ચ આશયવાળી હોવા છતાં ધર્મની પ્રતિષ્ઠા દિવસે દિવસે ઘટતી જાય છે, અને તેને ઉતરતી સ્થિતિમાં લાવી મૂકનાર કેટલાક નાસ્તિકોજ છે. યાત્રા કરનારને શું ફળ છે એવો પ્રશ્ન કરનારને અમે પૂછીશું કે પોતાની પવિત્ર માનેલી ભૂમિમાં વાસ કરી રહેલા અન્ય જાતિ (પારસી, મુસલમાન, ક્રિશ્ચિઅન, વગેરે) ના માણસો પોતાના ધર્મથી ચલાયમાન થતા નથી તો તમે ભ્રષ્ટ કેમ થાઓ છો ? અરે યુવાનો ! જો તમે પૂર્ણ વિચાર કરી દરેક ધર્મની આન્તર સ્થિતિ જોશો તો તમોને સહેજે માલમ પડશે કે યાત્રા કરવાથીજ ધર્મ પ્રત્યેની લાગણીઓ કાયમ રહે છે. જો તમે તેમાં અડગ નિશ્ચય રાખશો તો એ નિર્વિવાદ સિદ્ધાન્તોથી તમારા મનમાં ભરાએલા દુર્વિકારો નાબુદ થઇ જશે, અને જીવનમાં એક વખત પૂર્ણ શ્રદ્ધાવડે અને ભક્તિભાવથી યાત્રા કરશો તો તેમાં રહેલું આંતરિય સુખ અનુભવવું એજ સુખરૂપ છે એમ સમજાશે.

યાત્રાના બીજા શબ્દો દેશાટન, પર્યટન, મુસાફરી વગેરે છે. કહ્યું છે કે:—

देशाटनं पंडितमित्रता च वारांगनाराजसभाप्रवेशः
अनेक शास्त्राणि विलोकितानि चातुर्यमूलानि भवन्ति पंच ॥

મુસાફરી કરવાથી વ્યવહારનિપુણ થવાય છે. તેમજ શાસ્ત્રમાં નીતિ અને ચતુરાઇનાં પાંચ પ્રકારનાં મૂળ ઉપરના શ્લોકમાં જણાવ્યાં છે, તેમાં પણ દેશાટન કે યાત્રા એ પ્રથમ પગથીઉં દર્શાવ્યું છે. દેશાટન તો ફક્ત દ્રવ્યપ્રાપ્તિ કે વિદ્યાપ્રાપ્તિ માટે છે, અને યાત્રા તો માત્ર દોષ નિવારણાર્થે તથા ઉત્તમોત્તમ સુખની પ્રાપ્તિને માટેજ છે; માટે દેશાટનને અર્થે નહિ પણ યાત્રા માટેજ યાત્રા કરવી જરૂરની છે.

દેશાટન અથવા યાત્રા દરેક માણસને પ્રિય છે, પરંતુ તે સઘળાથી બની શકતું નથી; કારણકે શારીરિક સંપત્તિ, કુટુંબ તરફની નિશ્ચિન્તતા, સરળતા, દ્રવ્ય, વખત, આ સઘળું દરેકને અનુકૂળ હોતું નથી. આવા સંયોગોને લીધે ઉત્કંઠાવાળાઓની ઉત્કંઠા પૂર્ણ થતી નથી; પરંતુ જેને આ બધાં સાધનો અનુકૂળ હોય છે છતાં ઘરમાં ગોંધાઇ રહી છતી આંખે અંધ બને છે અને પોતાની ફરજ શું છે તે જોતા નથી તેમને આપણે દરિદ્રી, આળસુ, કાયર, કે પુરુષાર્થહીન કહીશું તો તેમાં કંઇ પણ અતિશયોક્તિ નથી.

મનુષ્યમાત્રને સમજણ આવે છે ત્યારથી એક પછી એક તૃષ્ણાના અંકુરો એવા ફૂટે છે કે જે તેમના અવસાન પર્યંત પૂર્ણ થતા નથી. યાત્રા એ પોતાના આત્માના સુખને માટેજ, પાપ નિવારણાર્થેજ, અને ઇશ્વરના અલૌકિક ચમત્કાર જોવાને માટે છે, પરંતુ આ ક્ષણિક સુખમાં લોભાએલો માયાના પાસવડે બંધાએલો જીવ તેનાં લૌકિક કાર્યોમાંથી જીંદગી પર્યંત જરા પણ છુટો થતો નથી અને યાત્રાનો લાભ લઇ શકતો નથી. મહાન પુરુષોએ અનેક દૃષ્ટાન્તો આપ્યાં છે અને સતત પ્રયાસ કરી સમજાવ્યું છે કે આ જીવ માયામાં ને માયામાંજ રહી સંસારસુખની અનેક લાલસાઓને ભોગવતો

ઈશ્વર પ્રત્યેની ફરજને ભૂલી જાય છે, અને દૈવવશાત્ કોઇ સત્સંગી મળે તો કહે છે કે મને અવકાશ નથી; પરંતુ લગ્નાદિક પ્રસંગમાં જેમ વખત અને વિત્ત બંનેનો વ્યય કરવો પડે છે, તેમ યાત્રા પણ એક ફરજીઆત ખર્ચ છે એમ સમજી ઉપરોક્ત ફાયદાના માટે દરેક મનુષ્યે પોતાની ભરયુવાનીમાં યાત્રાનું સુખ લેવું એવી અમારી અભ્યર્થનાછે.

પ્રાચીન કહેવતને અનુસરીએ તો "**યાત્રા અમીરની કે ફકીરની છે.**" જો કે આ કિંવદન્તી તદ્દન ખોટી નથી. આગળ પગે ચાલીને મુસાફરી કરતા હતા, તે કાંતો પૈસાદાર ગૃહસ્થ અથવા સાધુ ફકીર જેવા, કે જેઓ આગળ પાછળની દરેક જાતની ઉપાધિઓથી મુક્ત હોય તેવાઓથીજ થઈ શકતી હતી. સાધારણ સ્થિતિના માણસો તો ઘેર બેઠાંજ ગોવિંદના ગુણ ગાતા હતા. પરંતુ હાલના વખત અને તે વખતમાં ઘણોજ ફેર પડી ગયો છે. અત્યારે બ્રિટિશ સરકારના રાજ્યમાં દરેક જગાએ રેલ્વે, આગબોટ, પોસ્ટ, તાર વગેરે અનુકૂળ સાધનો થયાં છે અને તેથી કરીને થોડા ખર્ચમાં ફત્તેહમંદીથી કામ કરી શકાય છે. વળી ચોર કે લુટારાનો પણ ત્રાસ નથી, તેથી જંગલમાં પણ એકલા વિચરવાને હરકત પડતી નથી. સર્વત્ર ધર્મશાળાઓ, કુવાઓ, વગેરે સાધનો પણ હોય છે, તેથી યાત્રામાં વધારે સારી સગવડ થઇ પડે છે. આવાં અનેક પ્રકારનાં અનુકૂળ સાધનોના સંયોગે ધનાઢ્ય તો શું પણ મધ્યમ સ્થિતિના માણસો પોતાની શક્તિપ્રમાણે ખર્ચ કરી ઇચ્છાનુસાર યાત્રા કરી શકે છે. માટે આવા અનુકૂળ સંયોગોમાં દરેક માણસે યાત્રા કરવી એ લાભદાયી તથા જરૂરનું છે.

મુસાફરી કરવાથી સખ્ત કામથી કંટાળેલા મનને આરામ મળે છે, સુસ્ત શરીરના મંદ પડેલા અવયવોને જાગૃતી મળે છે. પ્રચલિત

કહેવત છે કે "થોડો વખત હવાફેર—અગરતો પાણીફેર કરવા બહાર ગામ જાઓ." કારણ જુદા જુદા દેશની માફક આવતી હવા અને પાણીથી શરીરમાં સુધારો થાય છે, અને શરીરનું યોગ્ય રક્ષણ પણ થાય છે. વળી તદુપરાંત ભિન્ન ભિન્ન પ્રકારના લોકોના સમાગમમાં આવવાથી તેમની રીતભાત, આચાર, ધર્મ, ભાષા, અને વ્યવહારિક જ્ઞાન ઘણું સારૂં મળે છે; અને તેથી બુદ્ધિ અને કૌશલ્યમાં વધારો થાય છે. આ કારણથી મુસાફરીમાં યાત્રા કરવી આવશ્યક છે.

મનુષ્ય એકથી બીજી જગ્યાએ અનેક વાર આવજા કરે છે અને તે જે કાર્યને માટે ગયો હોય તે કાર્ય પરિપૂર્ણ થયું એટલે ઇતિશ્રી માને છે. પરંતુ તેમ નહિ માનતાં પોતાનો હેતુ ફળીભૂત થયા પછી તે સંબંધી વિશેષ હકીકત જાણે તો તેથી તેમને લાભજ થાય છે. માટે મુસાફરી કરવાના મૂળ હેતુ સાથે બીજું બાહ્ય જ્ઞાન તથા તત્ત્વ શોધી કહાડવું જોઇએ. દેશ પરદેશની સંપૂર્ણ માહીતી મેળવવી જોઇએ, અને એટલેથી પણ ન અટકતાં પોતાની પાસે રાખેલી ડાયરી અથવા નોંધબુકમાં લખી રાખવું જોઇએ કે ફરીથી પોતાને અથવા બીજાને તે લાભદાયી થઇ પડે.

યાત્રાનો ખરો ઉદ્દેશ તો એજ છે કેઃ—

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥

અન્ય સ્થળોમાં આપણે જે અપકૃત્યો, દોષ, પાપાચરણ, વગેરે કર્યાં હોય તે પવિત્ર તીર્થક્ષેત્રોમાં જવાથી, દર્શન કરવાથી માહાત્મ્ય જાણવાથી, તેનું મનન ને સ્મરણ કરવાથી નિર્મૂળ થાય છે. તો યાત્રા જનારે આ મૂળ ઉદ્દેશ લક્ષમાં રાખી યાત્રાર્થે જવું. પરંતુ સાથે એ પણ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ કે એવાં ક્ષેત્રોમાં જઇ પુનઃ

પાપાચરણ કરીએ તો પછી તે પાપથી મુક્ત થવાને તેથી બીજું કોઇ પણ ઉચ્ચ સ્થાન નથી. અર્થાત્ તે દોષમાંથી મુક્ત થવાનું બીજું સમર્થ દ્વાર એક પણ નથી. મતલબ કે પાપ નિવારણાર્થે તીર્થયાત્રા કરવાની છે. તીર્થક્ષેત્રોમાં ઘણાઓને છેતરવાનો, જુઠું બોલવાનો, અને અનીતિનાં કાર્યો કરવાનો પ્રસંગ આવે, પણ તે પ્રસંગમાંથી ખાસ કરીને મુક્ત રહેવા માટેજ પ્રયત્ન કરવો જોઇએ. યાત્રા કરનારે પૈસા કમાવા માટે, અન્યોને ઠગવા માટે, વિશ્વાસઘાત કરવા માટે, એક બીજાઓની સાથે લડીને કુસંપ કરવા માટે, અને અનીતિનાં કાર્યો કરવા સારૂ યાત્રાર્થે ગયા નથી; પણ થએલાં પાપોનું નિવારણ કરવા સારૂ, જે પરમેશ્વરે આપણને સુંદર દેહ, વિત્ત, અને જોઇતાં સાધનો પુરાં પાડયાં છે તે પ્રભુનું સ્મરણ કરવા માટે, અને અનેક ગુણો સંપાદન કરવા સારૂજ યાત્રાર્થે જઇએ છીએ, એ ખાસ લક્ષ્યમાં રાખવું જોઇએ. જેવા અધિકારનો જીવ હોય તેવો અધિકાર વિશેષ પ્રાપ્ત કરવા માટેજ યાત્રા કરવાની છે. તેનાથી અધિક લાભ દરેક જીવને થશે અને થવોજ જોઇએ.

તદુપરાંત જીંદગીમાં જે જે કાર્યો કરેલાં હોય છે, તે સમયનો ઇતિહાસ આપણા અવસાન સમયે આપણી દૃષ્ટિ આગળ ખડો થાય છે. **अंते या मतिः सा गतिः।** એ સૂત્ર વારંવાર સાંભળીએ છીએ અને તેને આપણે પૂર્ણ આસ્થાથી માનીએ છીએ. ઘટિત અને અઘટિત નિંદ્ય કામોનો ચિતાર તાદૃશ ખડો થાય છે, અને અવસાન પછી જેવી વાસના રહી જાય છે તે પ્રમાણે જીવની ગતિ થાય છે. જો જીંદગીમાં પ્રભુ સંબંધી ગુણગાન, સત્સંગ, ભગવત્કથારસપાન વગેરે કર્યું હોય અને અઘટિત કર્મોથી દૂર રહ્યાજ હોઇએ તો આ જન્મ-મરણનો ફેરો નિશ્ચયજ ટળે. કારણ કે મરણ વખતે આપણી સઘળી

ભાવનાનો ચિતાર આરસીરૂપે આપણી નજર આગળ તરી આવે છે, અને આટલાજ સારૂ યાત્રાનું માહાત્મ્ય વધેલું છે. શ્રમદ્ વલ્લભાચાર્યજી શ્રીપુરુષોત્તમ સહસ્ર નામમાં આજ્ઞા કરે છે કે:—**ભક્તજનો ઉપર અનુગ્રહ કરવા માટે પ્રભુ તીર્થરૂપ બનેલા છે.** એટલે તેવાં તેવાં તીર્થોમાં જવાથી ભક્તોને પ્રભુનાં દિવ્ય ચરિત્રો સ્ફુરી આવે છે, તેમ અંતરંગ ભક્તોનાં દર્શન પણ ભગવદ્ ઇચ્છાથી થાય છે. તીર્થસેવનનો-તીર્થયાત્રાનો એજ અમૂલ્ય લાભ છે. એનો અલૌકિક લાભ થતાં, ભગવદીય જનની સંગતિરૂપ પ્રસાદની પ્રાપ્તિ થતાં, ભગવાનનાં તે તે ચરિત્રોરૂપજ અર્થાત્ ભગવદ્રૂપજ તીર્થો છે એમ ભાસે છે. આસુરી અને અઘટિત કર્મોના કરનાર પ્રાણીઓને સઘળું પાષાણ-ધાતુ-જડરૂપ દેખાય છે. કારણ કે તેમનામાં તેવી દૈવી ભાવનાનો અભાવ હોય એ સ્વાભાવિક છે. પરંતુ ભગવદીયોને તો તે બધું ભગવાનમયજ લાગે છે. અને તેથીજ **પ્રભુ तीर्थात्मा છે, सर्वतीर्थफलप्रदः** સર્વ તીર્થોમાં ફલને આપનાર પ્રભુ જ્યારે પોતે તીર્થરૂપજ છે ત્યારે તે તીર્થોમાં પોતાના દર્શનરૂપ ફળને અર્પણ કરે એમાં શી નવાઇ ? વિદુરજીએ તીર્થાટન કર્યું ત્યારે તેમને ઉદ્ધવજીના દર્શનરૂપ ફળ મળ્યું. અને ઉદ્ધવજી એ કંઇ સામાન્ય જન નથી પરંતુ ભગવાનની સાથે તાદાત્મ્ય સંબંધ હોવાથી એ ભગવદ્રૂપજ છે. એવા ભગવદીય જનોનો સમાગમ થવો એ કંઈ ઓછો લાભ છે! અને એવા પુણ્યાત્માઓથીજ પરમાત્મા દૃષ્ટિગમ્ય બને છે.

વળી **तीर्थकीर्तिः** એ શબ્દનો એક અર્થ એવો પણ થઇ શકે છે કે તીર્થોની કીર્તિ જેમનાથી છે તે, બીજો અર્થ તીર્થોમાં પ્રસરેલી છે કીર્તિ જેમની, અને તૃતીય અર્થ તીર્થો છે કીર્તિરૂપ જેમની એવા. બદ્રીકાશ્રમ આદિની કીર્તિને પ્રસરાવનાર આપ શ્રીકૃષ્ણજ છો. વળી

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધના ચતુર્થ અધ્યાયમાં કહ્યું છે કે **आर्त-चोक्ता भगवता:** શરણે આવેલા ભક્તોનાં કષ્ટો નષ્ટ કરનાર, નિજ-કુળને સંહાર કરવાની ઇચ્છા કરનાર ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને આજ્ઞા કરી કે તું બદ્રીકાશ્રમમાં જા. આ પ્રમાણે ઉદ્ધવજીને આજ્ઞા કરી પોતે બદ્રીનાથ તીર્થની કીર્ત્તિ ને માહાત્મ્યને વધાર્યું છે.

તીર્થોમાં પરસ્પર ભગવદીય જનો એકત્ર થઈ ભગવાનનું ગાનજ ગાય છે, તેથી આપની કીર્તિ તીર્થોમાં પ્રસરેલી છે. જ્યાં ત્યાં તીર્થોમાં પ્રભુનું યશોગાન થતું જોવામાં આવે છે; માટે તીર્થ પ્રભુની કીર્તિરૂપજ છે, એ કથન વાસ્તવિકજ છે.

ઉપરોક્ત વિષયમાં અંતર છે એમ લાગશે, પરંતુ વાસ્તવિક તેમ નથી. આ તીર્થયાત્રાના હેવાલમાં તીર્થનું માહાત્મ્ય તથા ફળ તથા ઉદ્દેશ જાણવાની ખાસ અગત્ય છે અને તેથીજ તે આ સ્થળે વર્ણ-વવામાં આવેલું છે. દેશાટન, પર્યટન, અથવા યાત્રા શબ્દનો આ એકજ અર્થ હોવા છતાં યાત્રામાં આટલું વિશેષ અંતર જોવામાં આવે છે.

યાત્રા કરવાનાં સ્થાનો અનેક પ્રકારનાં છે પરંતુ તેમાંથી સાધા-રણ અને સર્વમાન્ય પ્રકાર નીચે પ્રમાણે આપીએ છીએ:—

(૧) પૂર્ણ પુરુષોત્તમ પ્રભુનું નિવાસસ્થાન. (૨) મહા-પુરુષોના પ્રાગટ્યનું સ્થળ. (૩) સમર્થ વિદ્યાનું સ્થાન. (૪) દૈવી શક્તિના દિગ્દર્શનનું સ્થાન. (૫) પવિત્ર નદીઓ તથા પર્વતો. (૬) મહાન્ પુરુષોનાં નિવાસસ્થાન. (૭) ઐતિહાસિક બનાવોનું સ્મરણ-સ્થાન, એ વગેરે ઘણા પ્રકાર છે; પરંતુ અત્રે તો સામાન્ય તીર્થો જણાવેલાં છે. આવાં તીર્થોમાં કેટલાંક સ્થળો સર્વમાન્ય હોય છે, કેટલાંક અમુક કોમને માન્ય હોય છે, કેટલાંક અમુક ધર્મને, કેટલાંક

અમુક સંપ્રદાયને, અને કેટલાંક અમુક જ્ઞાતિને માન્ય હોય છે. આવા મતભેદ છે છતાં ટુંકામાં એટલું તો સર્વમાન્ય છે કે યાત્રા દરેક માણસે કરવી જોઈએ.

આ ગ્રંથમાં અમોએ વૈષ્ણવ સંપ્રદાયનાં તીર્થસ્થળોનું વર્ણન આપવાનું ધ્યેય ધાર્યું છે, તેથી તત્સંબંધે બનશે તેટલી વધુ માહીતી આપીશું, અને બીજાં ક્ષેત્ર વિષે સાધારણ ઉલ્લેખ કરીશું.

પ્રકરણ ૩જું.

યાત્રાળુઓને ઉપયોગી સૂચના.

ભારતવર્ષની સઘળી રેલ્વેઓમાં ફર્સ્ટ (પહેલો), સેકન્ડ (બીજો), અને થર્ડ (ત્રીજો) એમ ત્રણ ક્લાસ રાખવામાં આવ્યા છે. વળી કેટલીક રેલ્વેઓમાં તો ઇન્ટરમીજીએટ (બીજાને ત્રીજા ક્લાસની વચ્ચેનો) વર્ગ રાખેલો છે.

૧ રેલ્વેનું ભાડું દરેક ક્લાસ માટે દરેક રેલ્વેમાં જુદું જુદું હોય છે. તેનું વર્ણન અત્રે આપવાની જરૂર જણાતી નથી. કારણ કે આપણને જેની જરૂર છે તેનું વર્ણન આગળ આપીશું.

૨ એક ટિકિટમાં પહેલા ક્લાસમાં ૧૨૦ રતલ, બીજામાં ૬૦ રતલ, વચલામાં ૪૦ રતલ, અને ત્રીજામાં ૩૦ રતલ વજન રેલ્વેનુર આપ્યા સિવાય વગર ખર્ચે લઈ જઈ શકાય છે, અને આથી

ટિકિટમાં તેથી અર્ધું વજન લઈ જઈ શકાય છે. સિવાય વધારામાં હાથમાં ઉંચકી શકાય તેવો ખાવાનો કરંડીઓ, પાણીનો ચંબુ, બીસ્તરો (બીછાના માટે રજાઈ બનુસ વગેરે) પણ વિના ખરચે લઈ જઈ શકાય છે.

૩ રેલ્વેના ઉતારૂઓએ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા ઉતારૂઓને કોઈ કોઈ વખત સખ્ત હાડમારી વેઠવી પડે છે. રેલ્વેની મુસાફરીમાં જો કોઈને હાડમારી ભોગવવી પડતી હોય તો તે આ ત્રીજા વર્ગના ઉતારૂઓનેજ છે. આ માટે મુંબઈમાં સાંજવર્તમાન, મુંબઈ સમાચાર, અમદાવાદમાં પ્રજાબંધુ, ગુજરાતી પંચ વગેરે દેશી અને ચીકલી પત્રોમાં અનેક વખત ફરિયાદોના પોકારો ઉઠાવ્યા છે અને ઉઠાવે છે; પણ હજુ કાંઈ ફળ આવ્યું નથી. રેલ્વેના મોટા દરજ્જા ભોગવતા અધિકારીઓ ત્રીજા વર્ગના મુસાફરોને પડતી હાડમારી સામે જોઈએ તેટલું લક્ષ આપતા નથી. દેશી ઉતારૂઓને ટિકિટ કલેકટર કે સિપાઈ પણ કહે છે કે– "ચલો તુમારી પાસે સામાન જાદા હે. કાંટા કે ઉપર લે ચલો." પેલો બિચારો દેશી મુસાફર હોય, વળી ખાસ કારણે બહારગામ જતો હોય, રકજક કરતાં આનાકાની કરતાં ટ્રેન ચૂકે, પોતાનું કામ બગડે, વળી અજાણ્યું ગામ હોય તો ખાવા પીવાનું પણ દુઃખ ભોગવે–તેથી બહેતર છે કે જમાદાર સાહેબને બેચાર આના આપ્યા કે "જાનેદો જાનેદો ઉસ્કું, ચલાઓ, બેઠ જાઓ ટ્રેન ઉપડ જાતા હે." જ્યાંસુધી બે આના સિપાઈના હાથમાં ન પડે ત્યાંસુધી પ્લેટફોર્મ ઉપર જવા દેવાનાજ ફાંફાં. આ વિષયમાં કર્મવીર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીએ પણ અનેક વખત ફરિયાદો કરી છે પણ રેલ્વે કંપનિ હજુ સુધી લક્ષમાં લેતીજ નથી. આ બાબતમાં ઉતારૂઓનો પણ થોડો દોષ હોય

છે. તેઓ બધો સામાન સાથે રાખવા બહુ આતુર હોય છે. જેથી ઉપર પ્રમાણેની હરકત નડે છે; પરંતુ જરૂરજોગો સામાન સાથે રાખીને બાકીનો બધો જોખાવી બ્રેકમાં નાખવો. આથી સામાન જોખાવ્યા બાદ સામાન ચઢાવવાનો, રસ્તામાં ગાડી બદલતાં સામાન ઉતારી બીજા ડબામાં મૂકવાનો, જ્યાં ઉતરીએ ત્યાં ઉતારવાનો ખર્ચ બચે છે, વળી કાયદા પ્રમાણે આવો સામાન ૨૪ કલાક સ્ટેશન પર રહી શકે છે; તો થોડો વખત કંઈક ઉતરી ફેરો મારી બીજી ગાડીમાં જવા પણ સગવડ મળે છે. મારા અનેક દેશી બંધુઓ રેલ્વેની મુસાફરી કરે છે, પણ તેઓમાંથી ઘણાં થોડાજ આ બાબત જાણતા છતાં લાભ લેતા હશે. પૈસાનો બચાવ, સાચવવાની ફીકર ઓછી, અને આપદા ઓછી, એટલું રેલ્વેએ સુખ કરી આપ્યું છે તે તરફ શા સારૂ દુર્લક્ષ કરવામાં આવતું હશે ? પાંચ–દસ માણસની મંડળીમાં આવી અગત્યની બાબત ધ્યાનમાં હોય તો કેટલો લાભ મેળવી શકાય ? યાત્રાએ જનાર ૫-૭ માણસો સાથે હોય છેજ. તેઓએ આ ખાસ ધ્યાનમાં રાખવું.

૪ ત્રણ વર્ષની ઉમર સુધીનાં છોકરાંઓનો ચાર્જ લેવામાં આવતો નથી; જ્યારે બાર વર્ષ સુધીનાંનો અર્ધો ચાર્જ લેવામાં આવે છે.

૫ રેલ્વેના દરેક વર્ગમાં રીઝર્વ્ડ (ખાસ જુદાયલી જગા) માટે એક ખાનું કાંઇપણ વધુ ખર્ચ આપ્યા વિના ફક્ત થોડા કલાક અગાઉ સ્ટેશન માસ્તરને ખબર આપવાથી મેળવી શકાય છે. તેમાં બીજાું કોઈ બેસી શકતું નથી તેથી ધર્મ સચવાય છે અને ખાવા પીવામાં અડચણ પડતી નથી. આ લાભ પણ યાત્રાળુઓએ લેવા ચૂકવું નહિ.

૬ કડકે કડકે ટિકિટ લેવાથી વધુ ખર્ચ થાય છે, વાસ્તે જેઓ પોતાનો વખત સાચવી શકે એવા હોય તેઓએ અથવા રસ્તામાં થોડાજ કલાકની રોકાણ હોય તેઓએ સળંગ ટિકિટ લેવાની જરૂર છે. આમ કરવાથી પૈસાનો બચાવ થાય છે. કદાચ બીમારી સબબે રોકાવું પડે તો ડાકટરના સર્ટિફિકેટથી જેટલી મુસાફરી ના કરી હોય તેટલીના પૈસા અરજી કરવામાં આવે તો રેલ્વે કંપની પાછા પણ આપે છે. દર સો માઇલે એક દિવસ રોકાઈ શકાય છે. દાખલા તરીકે મુંબઈથી અમદાવાદ ૩૦૦ માઇલ ગણાય તો મુંબઈથી અમદાવાદની સળંગ ટિકિટ લઈ ગમે ત્યાં રસ્તામાં એક એક એમ ત્રણ જગાએ ત્રણ દિવસ અથવા એકજ જગાએ ત્રણ દિવસ રહી શકાય છે. આ બાબતમાં સો માઇલની મુસાફરી કર્યા પછી રહેવાય એવું કાંઈજ નથી. માત્ર ટિકિટ ૩૦૦ માઇલની હોય તો ૩ દિવસ એક કે દસ જગાએ ઉતરીને પણ રહી શકાય છે. પણ જ્યાં ઉતર્યા કે તરતજ ટિકિટ કલેકટર પાસે વખત નોંધાવી લેવો.

૭ ટિકિટ લેવાની સાથે દરેક ઉતારૂએ પોતાની ટિકિટનો નંબર નોટબુકમાં નોંધી રાખવાની જરૂર છે. આમ કરવાથી ટિકિટ ખોવાઇ જાય તો તે પ્રસંગે આથી ઘણોજ લાભ થાય છે. આ લાભમાં મુખ્ય ટિકિટ વગર મુસાફરી કરનારને બેવડો ચાર્જ આપવો પડે છે, તે બચે છે. વખત પર રેલ્વે નોકર સારો હોય તો તારથી પુછાવી પૈસા આપવાની ફરજ પાડતો નથી. કદાચ આપણે તારના પૈસા આપીએ તો પૈસા આપવાથી બચીએ છીએ. એમ કરતાં પૈસા આપવા પડે તો તે પૈસા પણ અરજી કરેથી પાછા મેળવી શકીએ છીએ.

૮ ઉતારૂ સળંગ ટિકિટ લઈ રસ્તામાં ઉતરે તો તેણે છેલ્લે પોતે જ્યાં જનાર હોય ત્યાં પોતાનો સામાન ઉતારવા જણાવવું જોઈએ.

આવા દાખલામાં ઉતારૂનો સામાન મુસાફરીની મુદત સુધી વગર ખર્ચે સ્ટેશન ઉપર રહી શકે છે. જોખાવેલા સામાનમાંથી વચમાં ઉતારવાના દાગીના હોય છે તો તે વચમાં પણ ઉતારી શકે છે. જે જગાએ ઉતરવાનું હોય ત્યાંની સળંગ ટિકિટ લીધા છતાં દાગીના પોતે ઉતરે તે જગાએ ઉતારવાનું પણ બની શકે છે.

૯ પહેલા અને બીજા વર્ગના પેસેન્જરો—જો ગાર્ડને અગાઉ ખબર આપી મૂકે તો તેઓને જ્યાં ઉતરવું હોય ત્યાં તેમને સૂતા હોય તો જગાડવામાં આવે એવી ગોઠવણ થઈ શકે છે.

૧૦ લીધેલી ટિકિટની જગા કરતાં આગળ જવું હોય તો ગાર્ડને ખબર આપવાથી કે સ્ટેશન ઉપર વધુ પૈસા આપી રિસિટ લેવાથી જઈ શકાય છે.

૧૧ વખતપર ગાડી સ્ટેશનમાં આવી પહોંચી હોય, ટિકિટ મળી શકે એમ ન હોય તો ગાર્ડને ખબર આપી—ગાર્ડની પાસેથી સર્ટિફિકેટ મેળવેથી દંડ તરીકે ડબલ ભાડું આપવું પડતું નથી.

૧૨ સામાન પહેલેથી જોખાવ્યો ન હોય અને જેટલો સામાન મફત લઈ જવાનું લખ્યું છે તેથી વધુ સામાન નીકળે તો મફત સામાન લઈ જવાનો હક ગુમાવી બધા સામાનનો ચાર્જ આપવો પડે છે.

૧૩ લોકલ ટ્રેનોમાં યાત્રા પ્રસંગે અને કોઈ કોઈ વખતે દૂરની ગાડીમાં લોકોને બકરા માફક પૂરવામાં આવે છે. આ વખતે પાંચ પચીસ માણસોએ એક સંપ કરી આવા કેસો કોર્ટમાં લાવી રેલ્વેનો ત્રાસ અટકાવવાની જરૂર છે. રેલ્વે ટિકિટ આપ્યા પછી તે જગા આપવા બંધાએલી છે. આ સંબંધમાં કાયદાસર નિર્ણય મેળવવાની ખાસ જરૂર છે.

૧૪ રેલ્વેના નોકરોનો અત્યાચાર મુગે મોઢે ખમ્યા કરતાં તે સંબંધે ટ્રાફિક મેનેજરને અરજ કરી પુરાવો આપવાથી બીજાઓનું હિત કરી શકાય છે. રેલ્વેની મુસાફરીના સંબંધમાં અનેક બાબતો લખવાની છે. પણ તેને માટે આમાં લખવું અનુકૂળ નથી. અંહીઆં માત્ર અગત્ય જોગજ સૂચના કરી છે. આથી વધુ હકીકત જાણવાની જરૂર હોય તો તેમણે રેલ્વે ગાઇડ જોઈ લેવી.

યાત્રા કરવા જતાં સાથે લઈ જવા લાયક ચીજો.

યાત્રાએ જનાર દરેક જણે સમજવું જરૂરનું છે કે કેટલીક અગત્યની ચીજો આપણે ઘેરથી સાથે લેવી જોઈએ છે, તેમ નહિ કરવાથી પાછળથી તે સાધનો વિના યાત્રામાં ઘણી અડચણો તથા હાડમારીઓ વેઠવી પડે છે; માટે યાત્રા જતાં સાથે લેવા લાયક કઈ ચીજો છે તેનું થોડુંક વર્ણન આપવું નિરુપયોગી ગણાશે નહિ.

આપણામાં પ્રચલિત પણ પ્રાચીન કહેવત છે કે "દોરી લોટો ને છરી તેની મુસાફરી ખરી." ખરેખર આ કહેવત અક્ષરશઃ સત્ય છે. મુસાફરીમાં આ ચીજો પણ હર હમેશ સાથેજ હોવી જોઈએ, અને મુસાફરીમાં તે ઘણી જરૂરની છે.

યાત્રાએ જનાર એક માણસ હોય કે સમસ્ત કુટુંબી હોય તોપણ તેમણે પોતાને જરૂર પુરતાં રસોઈ કરવાનાં વાસણ, બે કે ત્રણ દિવસની ખોરાકની ચીજો તથા મસાલો વગેરે પણ સાથે લેવું તેમજ બીજાનું (રમકડું, બનુસ, શેત્રંજી,) વગેરે ઇચ્છાનુસાર લેવાં. ઘણાં કુટુંબીજનો હોય તો તેમણે જરૂર જોગી દવા માટેની ચીજો

લેવાની જરૂર છે. વિલાયતી દવા વાપરતા હોય તેમણે પણ અમુક પ્રકારના તજ, સુંઠ, ફુદીનો, ઇલ્મેટના અર્કો વગેરે સાથે લેવા ભૂલવું નહિ. કારણ કે દવા એ સાચો સંગાથી છે. જો કે નામદાર બ્રિટિશ સરકારના રાજ્યમાં તથા તેમનું અનુકરણ કરનાર સઘળાં દેશી રાજ્યોમાં નાના મોટા દરેક ગામમાં દવાખાનાં છે, છતાં પણ "હાથે તે સાથે" પાસે હોય તો તેનો તરતજ અમલ થઈ શકે છે, માટે તે રાખવું જોઈએ. તે ઉપરાંત પીપરો, તજ, મરી, સુંઠ, ઇત્યાદિ ગરમ ચીજો તથા મધ એટલું અવસ્ય રાખવું જોઈએ; કારણ કે આ વસ્તુઓનો ઉપયોગ યાત્રામાં વારંવાર કરવો પડે છે.

યાત્રામાં જેટલા રૂપીઆ ખર્ચવા ઇચ્છા રાખતા હોઈએ તે બધા રોકડા નહિ લેતાં નોટ, અથવા ગિનિઓ રાખવી અને જેમ જેમ જરૂર પડે તેમ તેમ મનિઓર્ડરથી પોસ્ટદ્વારા મંગાવી લેવા. હુંડીઓ સ્વીકારાતી હોય તેવે સ્થળે તેવી જોગવાઈ કરી લેવી. કોઈ ઠેકાણે આપણને રૂપીઆની ઘણી જરૂર હોય અને આપણે ઘેરથી કોઈ મોકલનાર હોય તો તાર મારફત ૦।। કલાકમાંજ મંગાવી શકાય છે, પરંતુ આવી સવડ ફક્ત મોટાં શહેરોમાંજ હોય છે; તેથી સર્વ સ્થળે અનુકૂળ આવે તેમ નથી માટે નોટ અથવા ગિનિઓ રાખવી અથવા પાછળથી મંગાવી લેવા.

આ સઘળા કરતાં એક ખાસ મહત્વનું એ છે કે પ્રભુના સ્મરણ, ભજન માટે થોડાં સાંપ્રદાયિક પુસ્તકો નિત્ય નિયમ માટે જે તમારો નિયમ હોય તેવાં પુસ્તકો, સેવાનું સાહિત્ય, માળા તિલક, વગેરે સાથે રાખવું. ખાસ કરીને આ પુસ્તક "યાત્રાનો હેવાલ" પણ સાથેજ લેવું. અને યાત્રામાં તથા યાત્રા કરીને પાછા આવ્યા

પછી ઘેર પણ નિત્ય નિયમ હંમેશાં ચાલુ રાખવો. વૈષ્ણવોએ* **श्री सर्वोत्तम स्तोत्र**નો પાઠ અવશ્ય કરવો જોઈએ. તે ઉપરાંત ષોડશ ગ્રંથમાંથી કેટલાક પાઠનો તથા સમય મળે ત્યારે એતન્માર્ગીય પુસ્તકોનું અવલોકન તથા ભગવદીયોનો સત્સંગ હમેશ કરવો જોઈએ. આટલું થાય તોજ યાત્રાનો હેતુ પરિપૂર્ણ થયો એમ સમજવું. આપણે સંસારિક અનેક ઉપાધિઓનો ત્યાગ કરી યાત્રાએ નીકળીએ છીએ તે ફક્ત ભગવદ્ નામ, ભગવદીયોનો સત્સંગ, અને એતન્માર્ગીય પુસ્તકોનું અવલોકન તથા ભગવત્સ્વરૂપનાં દર્શનાદિક કરવાજ નીકળીએ છીએ, એ ખાસ ધ્યાનમાં રાખવું. સાથે સાથે પ્રવાસીઓએ એ પણ જાણવાની જરૂર છે કે તેઓ જે જે સ્થળોમાં યાત્રા કરે તે તે સ્થળોનું વર્ણન તથા તે સંબંધી માહીતી ખાસ નોંધ બુકમાં નોંધ રાખવી, કે જ્યારે ફરી જવાનો પ્રસંગ આવે ત્યારે આ નોંધ ઉપયોગી થઈ પડે તેમજ પોતાનાં બીજાં સગાં વહાલાં તથા મિત્રો વગેરેને પણ આ નોંધ અનુકૂળ થઈ પડે માટે ખાસ તેવી નોંધ રાખવાની અમો ભલામણ કરીએ છીએ.

---

* "**श्री सर्वोत्तम स्तोत्र**"નું પુસ્તક વૈષ્ણવોને વિના મૂલ્યે આપવામાં આવે છે. એ સિવાય પણ અમારે ત્યાં સાંપ્રદાયિક ઘણાં પુસ્તકો મળે છે. તે માટે અમારૂં સૂચીપત્ર મંગાવો.



પ્રકરણ ૪થું.

શ્રીમદ્વલ્લભાચાર્યજીનું ટૂંક જીવનવૃતાન્ત.

ભગવત્પ્રિય વૈષ્ણવો !

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनाम् विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥२॥

આ ભગવત્સંકલ્પ અનુસાર ધર્મનું સ્થાપન કરવા, ભૂતળ ઉપર ઈશ્વરનો પ્રાદુર્ભાવ ધર્મપ્રવર્ત્તક આચાર્ય સ્વરૂપથી થાય છે, તદ્વત્ દૈવી જીવના ઉદ્ધારાર્થે શ્રી આચાર્યચરણ શ્રીમદ્વલ્લભાધિશ્વરનો પ્રાદુર્ભાવ થયો, અને પોતે દાસ્યત્વ ભક્તિમાર્ગનો પ્રકાશ કર્યો. આપશ્રીના ગુણાનુવાદના અનેક સંસ્કૃત ગ્રન્થો છે. પરન્તુ આ સ્થળે શ્રી આચાર્યચરણના જીવનવૃતાન્ત સંબંધી સહજ ઇસારો કરવાનું યોગ્ય ધારીએ છીએ.

સદ્ધર્મનો ઉદ્ધાર કરનાર આર્ય અનાર્ય સર્વ પ્રજાઓને આ કલિયુગમાં સહેલાઈથી સાધી શકાય એવો ધર્મમાર્ગ બતાવનાર, પંડિત શિરોમણિ, પાખંડ અને વ્હેમનું ખંડન કરનાર, શ્રીમદ્વલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ (પ્રાકટ્ય) સંવત્ ૧૫૩૫, ઇ. સ. ૧૪૭૯ માં થયો હતો.

આચાર્યશ્રીના પ્રાકટ્ય સમયે લોકોની ધાર્મિક સ્થિતિ કેવી હતી તે પોતે બનાવેલા નિબંધ, શ્રી કૃષ્ણાશ્રય ઇત્યાદિ ગ્રન્થો ઉપરથી જણાશે. **श्री कृष्णाश्रय ग्रन्थ**માં પોતે આજ્ઞા કરે છે કે:—

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।
पाखंडप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥ १ ॥

આ કલિયુગમાં ધર્મ સંબંધી સઘળા માર્ગો નષ્ટપ્રાય થઈ ગયા છે, ધર્મના નામે અનેક પાખંડો ચાલે છે, ગંગાજી આદિ તીર્થોને દુષ્ટ લોકોએ ઘેરી લીધાં છે. તેથી તેમનાં માહાત્મ્ય ઓછાં થઈ ગયાં છે, સત્પુરુષોની બુદ્ધિ અહંકારથી ભ્રષ્ટ થઈ ગઈ છે, જેથી તેઓ પાપાચરણવાળા થઈ ગયા છે, ધર્મના નામે ઢોંગથી તમામ કર્મો અને વ્રતો કરવામાં આવે છે. તે પણ અનેક પ્રકારના મતભેદ, વાદવિવાદવડે કરીને નષ્ટ થઈ ગયાં છે. આવા ઘોર કલિયુગના વખતમાં ઉપર્યુક્ત કારણોમાંથી ઉદ્ધાર થવાનો માર્ગ માત્ર એકજ છે કે શ્રીકૃષ્ણ એજ મારી ગતિ હો.

આ અને એવાજ બીજા અનેક સર્વોદ્ધાર પ્રયત્નો સિદ્ધ કરવાનોજ આચાર્યશ્રીનો જીવનહેતુ હતો.

શ્રીમદ્વલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય દક્ષિણના કાકરવાડ ગામના "તૈલંગ" નામે ઉત્તમ જ્ઞાતિના બ્રાહ્મણકુળમાં થયું હતું. તેમના

પિતાશ્રીનું નામ **લક્ષ્મણભટ્ટજી** અને માતુશ્રીનું નામ **ઇલ્લામાગારૂજી** હતું. આ કુટુંબના મૂળ પુરુષ ગોવીંદાચાર્ય હતા. તેમના પુત્ર વલ્લભ દીક્ષિત થયા, તેમના પુત્ર **યજ્ઞનારાયણ ભટ્ટ** થયા તેમણે ૩૨ સોમયજ્ઞ કર્યા હતા. છેલ્લા સોમયજ્ઞની પૂર્ણાહુતી વખતે કુંડમાંથી આશીર્વચન થયું કે તમારા કુળમાં સાક્ષાત્ શ્રીપુરુષોત્તમનો પ્રાદુર્ભાવ થશે. તેમજ તે કુંડમાંથી શ્રી *મદનમોહનજીનું સ્વરૂપ પણ પ્રાપ્ત થયું

તેમના પુત્ર ગંગાધર ભટ્ટ થયા તેમણે ૨૮ સોમયજ્ઞ કર્યા હતા. તેમના પુત્ર ગણપત ભટ્ટ થયા તેમણે ૩૦ સોમયજ્ઞ કર્યા. તેમના પુત્ર વલ્લભ ભટ્ટ થયા તેમણે ૫ સોમયજ્ઞ કર્યા. તેમના પુત્ર લક્ષ્મણ ભટ્ટ થયા તેમણે ૫ સોમયજ્ઞ કર્યા, છેલ્લો સોમયજ્ઞ સં. ૧૫૩૨ના ચૈત્ર સુદિ ૯ને સોમવારે કર્યો. આ પ્રમાણે તેમના કુળમાં ચાલતા આવેલા રિવાજ મુજબ ૧૦૦ સોમયજ્ઞ પુરા થયા. આ વખતે આકાશવાણી થઈ કે:- ' લક્ષ્મણભટ્ટ તમને ધન્ય છે, તમારા કરેલા યજ્ઞ શ્રી પુરુષોતમે અંગીકાર કર્યા છે માટે સારૂ મુહૂર્ત જોઈ યજ્ઞની પૂર્ણાહુતિ કરો. કારણ કે જેના કુળમાં સોમયજ્ઞ થાય છે ત્યાં સાક્ષાત્ શ્રી પૂર્ણ પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ થાય છે; માટે તમારે ત્યાં પણ ત્રણ પુત્રો થશે તે પૈકી એક શ્રી પુરુષોત્તમનો અવતાર થશે. આ ભગવદ્વાક્યો સાંભળી પોતે અત્યન્ત આનંદયુક્ત થયા અને પ્રીતિપૂર્વક યજ્ઞની પૂર્ણાહુતિ કરી.

---

* આ શ્રીમદનમોહનજી સાત સ્વરૂપ પૈકી સાતમા જણાય છે, અને તે તેમને શ્રી ગુસાંઇજીના સપ્તમ લાલજી શ્રી ઘનશ્યામલાલજીને માથે પધરાવવામાં આવ્યા છે. તે હાલ શ્રી કામ્યવન (વ્રજ) માં બિરાજે છે (જુઓ વ્રજયાત્રા પ્રકરણમાં) જેની તેઓ પ્રીતિપૂર્વક સેવા કરવા લાગ્યા.

અને સવાલક્ષ બ્રાહ્મણ જમાડવાનો સંકલ્પ કરી શ્રી કાશીક્ષેત્રની યાત્રાર્થે પ્રયાણ કર્યું. ત્યાં જઈ યથાવિધિ બ્રહ્મભોજનનો આરંભ કર્યો.

કેટલોક વખત વ્યતીત કર્યા બાદ ત્યાં યવન રાજાનો ઉપદ્રવ થવાથી પોતે સ્વદેશ જવા નીકળ્યા. રસ્તામાં **ચંપારણ્ય** આવ્યું ત્યાં સં. ૧૫૩૫ (ઇ. સ. ૧૪૭૯) ના ચૈત્ર કૃષ્ણ ૧૧ રવિવારના દિવસે ૪૦ હાથના અગ્નિકુંડમાંથી અપ્રાકૃત બાળકરૂપ **શ્રીમદ્વલ્લભાચાર્યજીનો** પ્રાદુર્ભાવ થયો. આજ વૃત્તાન્ત જણાવી આપે છે કે તેઓ શ્રી દ્વિજકુળમાં ભકતોનું હિત કરવાને માટે સમગ્ર જગતના નાયક શ્રીકૃષ્ણ સ્વરૂપે પ્રકટ થયા છે.

क्वचित्पांडित्यं चेन्न निगमगतिः सापि यदि न-
क्रिया सा सापि स्याद्यदि न हरिमार्गे परिचयः ।
यदि स्यात्सोऽपि श्री व्रजपतिरतिर्नेति निखिलै-
र्गुणारन्यः कोवा विलसति विना वल्लभवरम् ॥ १ ॥
मायावादिकरींद्रदर्पदलने नास्येंदुराजोद्गत-
श्रीमद्भागवताख्यदुर्लभसुधा वर्षेण वेदोक्तिभिः ।
राधावल्लभसेवया तदुचित प्रेम्णोपदेशैरपि-
श्रीमद्वल्लभनामधेयसदृशो भावी न भूतोऽस्त्यपि ॥ २ ॥

વળી મહાનુભાવી દયારામભાઈ કહે છે કેઃ—

શ્રી વલ્લભ આચાર્યવર, અરૂ શ્રી વિઠ્ઠલનાથ;
દ્વિજકુલ પ્રકટે ભક્તહિત, શ્રી કૃષ્ણરૂપ જગનાથ.

શ્રી લક્ષ્મણભટ્ટજીએ આ પોતાના અપ્રાકૃત બાળક "શ્રી વલ્લભાચાર્યજીને" યથાવિધિ નામકરણાદિ સંસ્કારો કરાવ્યા બાદ પોતે કાશીમાં આવી નિવાસ કર્યો. ત્યાં તેમને અન્નપ્રાશન આદિ ક્રિયા કરાવવામાં આવી.

આ બાળકે પ્રથમ બોલવાની શરૂઆતમાંથીજ ધર્મના વિષયોમાં કેટલુંક વિશેષ ધ્યાન રાખવા માંડયું હતું. તેથી જે પંડિતવર્ગ લક્ષ્મણ ભટ્ટજી પાસે આવતો હતો તેઓ આ બાળકને " **बालसरस्वती** " અથવા તો " **वाक्पति** " કહીને બોલાવતા.

આચાર્યશ્રીને પાંચમા વર્ષે એટલે સં. ૧૫૪૦ ચૈત્ર વદિ ૯ ને રવિવારે વિદ્વાનોના મોટા સમારમ્ભ સમક્ષ વૈદિક ક્રિયાઓ સહિત યજ્ઞોપવિત ધારણ કરાવવામાં આવ્યું તેમજ તેજ વર્ષના આષાઢ સુદિ ૨ રવિવારે " માધવાનન્દ " નામના યતિ પાસે વિદ્યાભ્યાસ શરૂ કરાવવામાં આવ્યો. ત્યાં તેઓશ્રી આ બ્રહ્મચર્યાશ્રમના ધર્મો ગ્રહણ કરી વિદ્યાભ્યાસ કરવા લાગ્યા.

એઓશ્રી ગુરુ પાસે યજુર્વેદ ભણ્યા તેમજ ઋગ્વેદ અને સામવેદ, પાણિનીયસૂત્ર, અષ્ટાધ્યાયી, ગૌતમ, કણાદના ગ્રન્થો તથા યોગ, સાંખ્ય, મીમાંસા, વગેરે ભણ્યા અને છ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. ગીતા, ભાગવત, નારદપંચરાત્ર વગેરે ભાગવત શાસ્ત્રોનું અધ્યયન કર્યું. તેમજ વેદબાહ્ય નૈયાયિક, વૈશેષિક, જૈન, બૌધ, ચાર્વાક આદિ મત, શ્રી રામાનુજે બનાવેલા સુત્ર–ભાષ્ય, વેદ ભાષ્ય, અને શાંડિલ્ય સૂત્રાદિક ગ્રન્થોની સમીક્ષા કરી લીધી.

અભ્યાસના સમયમાંજ આચાર્યશ્રીએ " **ब्रह्मवाद** " યાને " **शुद्धाद्वैत सिद्धान्त** " નક્કી કર્યો.

આચાર્યશ્રીએ આ સઘળો વિદ્યાભ્યાસ ફક્ત ચાર માસમાંજ (સં. ૧૫૪૧) કાર્તિક શુકલ ૧૧ એ પૂર્ણ કરી ગુરુ પાસેથી આજ્ઞા લેઇ કાર્તિક શુકલ ૧૫ (પૂર્ણિમા) એ પિતાશ્રી પાસે આવ્યા આ બાળકનો આવો પ્રભાવ જોઈ પોતે આશ્ચર્ય પામ્યા જેથી શ્રી ઠાકોરજીએ લક્ષ્મણભટ્ટજીને સ્વપ્નદ્વારા આજ્ઞા કરી કે તમે સંદેહ કેમ કરો

છો? હું સાક્ષાત્ તમારે ઘેર પ્રકટ થયો છું, અને આ બાળકને તમે પુત્રવત્ જાણશો નહિ.

કેટલોક વખત ગયા પછી લક્ષ્મણભટ્ટજી સહકુટુંબ શ્રીલક્ષ્મણબાલાજી ગયા. ત્યાં સં. ૧૫૪૬ ચૈત્ર વદિ ૯ના દિવસે લક્ષ્મણભટ્ટજી સ્વધામ પધાર્યા. આથી આચાર્યશ્રીએ પોતાનાં માતુશ્રી તથા બાઇને મામાને ત્યાં મોકલી પોતે પૃથ્વી પરિક્રમાનો વિચાર કર્યો અને પોતાની ૧૩ વર્ષની ઉમરમાં સંવત્ ૧૫૪૮ વૈશાખ વદિ ૨ રોહિણી નક્ષત્રમાં શુભ મુહૂર્ત જોઈ કાશીથી પ્રયાણ કર્યું. પ્રથમ ચિત્રકૂટ થઈ ચંપારણ્ય કે જ્યાં પોતાની જન્મભૂમિ છે ત્યાં પધાર્યા. ત્યાંથી આગળ પોતે વૃદ્ધિનગર નામે શહેરમાંથી જતાં એક શેઠનો છોકરો પોતાની સઘળી મિલ્કતનો ત્યાગ કરી આચાર્યશ્રીને શરણે આવ્યો અને તેમની સાથેજ રહેવા લાગ્યો. આ છોકરો તે આપણા મહાન્ અનુભવી, પરમભગવદીય, "**શ્રી દામોદરદાસજી**" જ હતા કે જેમના ઉપર આચાર્યશ્રીની પૂર્ણ કૃપા હતી, ને જેમને પોતે અંતરંગ સેવક માનતા અને તેમના ઉપરના વ્હાલથી તેમનું બીજું નામ "દમલા" એવું પાડયું હતું. વારંવાર પોતે દમલા કહી બોલાવતા અને આ માર્ગ તારે માટે પ્રકટ કર્યો છે એમ આજ્ઞા કરતા.

અહીંથી પોતે અગ્રહાર નામના ગામમાં પધાર્યા. ત્યાં ખબર મળી કે તુંગભદ્રા તીરે આવેલા વિદ્યાનગર (હાલનું વિજયનગર) ના બળવાન્ રાજ્યના વહીવટ કરનાર પ્રખ્યાત રાજા "કૃષ્ણદેવે" ધર્મ સંબંધી એક મહત્પરિષદ્ ભરી છે. જેથી પોતે ત્યાંથી વિદ્યાનગર પધાર્યા.

આ સ્થળે શ્રી મહાપ્રભુજીએ પધારી સર્વ માર્ગ કરતાં શ્રી પુષ્ટીમાર્ગ શ્રેષ્ઠ છે, એ સિદ્ધ કરી બતાવ્યું છે અને વિજય ડંકો વગડાવ્યો છે. આ સંબંધી સંપૂર્ણ હકીકત આગળ વિદ્યાનગરની યાત્રાના

વર્ણનમાં આપવાની ઉચિત હોવાથી આ સ્થળે તે સમ્બન્ધે વિવેચન કર્યું નથી.

આ કૃષ્ણદેવ રાજા મહાન્ ધર્મિષ્ઠ હતો. મધ્વ સંપ્રદાયના આચાર્ય વ્યાસતીર્થે રાજાને દીક્ષા આપવા ઇચ્છા કરી ત્યારે શાંકર વિદ્વાનો સામા થયા જેથી રાજાએ કયો મત સારો છે એ જાણવાની જિજ્ઞાસાથી રામાનુજ, મધ્વ, નિંબાર્ક, શાંકર આદિ ઘણા આચાર્યો, વિદ્વાનો, પંડિતો, શાસ્ત્રીઓ, સ્વામીઓ, દંડી સન્યાસી વગેરે સમસ્ત વિદ્વાનોને આમંત્રણ કર્યું અને પોતાના ભવ્ય દરબારમાં એક મહાન્ પરિષદ્ ભરી કયો ધર્મ સારો છે, કોનો મત ખરો છે, અને મારે શું કરવું આ ઉપર અસાધારણ વિવેચન શરૂ કર્યું. એવામાં આપણા શ્રીમદ્વલ્લભાચાર્યજી ત્યાં આવી પહોંચ્યા. તે પહેલાં શાંકરાચાર્ય વિદ્યાતીર્થે મધ્વાચાર્ય વ્યાસતીર્થને વાદમાં જીત્યા હતા અને બીજે દિવસેજ શાંકરાચાર્યને કનકાભિષેક થવાનો હતો.

આ સઘળું વૃતાન્ત જાણ્યા પછી બીજે દિવસે પોતે વૈષ્ણવોના જયને માટે, પોતાનો **શુદ્ધાદ્વૈત,—બ્રહ્મવાદ** સ્થાપન કરવા માટે રાજસભામાં જવાનો નિશ્ચય કરી રાજાને જણાવ્યું. રાજાએ આજ્ઞાનો સ્વીકાર કર્યો તેથી આચાર્યશ્રી પ્રાતઃસમયે સ્નાન, ધ્યાન, જપ આદિ આહ્નિકથી પરવારી શિષ્યોસહિત રાજસભામાં પ્રવેશ કર્યો આ વખતનું પોતાનું તેજ, બ્રહ્મચારીનો બાળવેશ, અને અતુલ પ્રભાવ જોઈને રાજાએ સર્વ સભા સમેત ઉભા થઈ અત્યન્ત આદરમાન પુરઃસર એમનું સ્વાગત કર્યું, અને અર્ધાસન ઉપર પધરાવ્યા.

આચાર્યશ્રીએ આ સ્થળે બિરાજી પ્રથમ આઠ દિવસ સુધી વિદ્યાતીર્થ સાથે વાદ કર્યો, પછી તાર્કિક, મીમાંસક, અને સાંખ્ય વિદ્વાનો સાથે દશ દિવસ સુધી વાદ કર્યો. ગાગાભટ્ટ સાથે ત્રણ

દિવસ સુધી વાદ કર્યો, સોમેશ્વર પંડિત સાથે સાત દિવસ સુધી વાદ ચાલ્યો. આ પ્રમાણે કુલ ૨૮ દિવસ સુધી વાદ ચલાવી પોતે પોતાનો શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત સ્થાપન કર્યો. આ વાદનું એક પુસ્તક શાસ્ત્રાર્થવાદ નામનું રા. બ. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ કૃત મળે છે. જિજ્ઞાસુએ તે વાંચવું.

આ પ્રમાણે વાદ પૂર્ણ થયાથી રાજાએ આનન્દયુક્ત વિજયઘોષ કરાવી, આચાર્યશ્રીને પોતાની ચતુરંગિણી સેના તૈયાર કરાવી, વાજતે ગાજતે, સર્વ સમેત એમને મુકામે પધરાવી રાજા પોતાના મહેલમાં પાછા આવ્યા.

બીજે દિવસે સવારે રાજાએ પોતાના રાજમહેલમાં, એક મહાન્ ભવ્ય મંડપ ઉભો કરાવી આચાર્યશ્રીને પધરાવી કનકાભિષેક કર્યો, અને વિજયનું તિલક કર્યું. તે પછી તમામ પંડિતો અને આચાર્યોએ મળી શ્રીમદ્વલ્લભાચાર્યજીને "અખંડભૂમંડલાચાર્યવર્યમહાપ્રભુ શ્રીમદ્ આચાર્ય"ની પદવી અર્પણ કરી, પ્રીતિપૂર્વક પ્રણામ કરી સર્વ પોતપોતાને સ્થાને પાછા ફર્યા.

તે પછી રાજા પોતાનાં સગાં, સંબંધીઓ, કુટુંબ આપ્ત વર્ગ સમેત આચાર્યશ્રીને શરણે આવ્યો. પોતે તેમને સ્નાન કરાવી શરણાષ્ટક મંત્ર આપ્યો. ધર્મનો કેટલોક ઉપદેશ કર્યો, ભગવત્સેવા, ભક્તિ, કર્તવ્ય, ભાવના વગેરે રાજાને બતાવ્યું. "જે જે વસ્તુ ભગવાનને અર્પણ કરવામાં આવે છે તે દોષરહિત થાય છે, માટે કોઇ પણ વસ્તુને ઉપયોગમાં લેતાં પહેલાં તે પ્રભુને અર્પણ કરવી, અને તમામ કાર્યો પ્રભુને માટેજ અર્થાત્ તેમના તરફથી તેમની આજ્ઞાથી, તેમના દાસ કરૂં છું એવી ભાવના રાખવી. નિબંધમાં કહ્યું છે કેઃ—

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ।
इंद्रियाश्च विनिग्रहः सर्वथा न त्यजेत् त्रयम् ॥

શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું, ભગવાનથી વિમુખ કરાવનાર વિધર્મથી દૂર રહેવું, ઇંદ્રિયોરૂપી ઘોડાને વશમાં રાખવા આ ત્રણે વસ્તુનો કોઈ દિવસે પણ ત્યાગ કરવો નહિ.

રાજાએ આ પ્રમાણે આચાર્યશ્રી પાસેથી ધર્મનાં ભાષણ સાંભળી નિત્ય સ્મરણ માટે યાચના કરવાથી પોતાનાં પાદુકાજી પધરાવી આપ્યાં, અને રાજાના પૂજનનું ગ્રહણ કરી, **ધર્મનો વિજયધ્વજ ફરકાવી,** આચાર્યશ્રીએ ત્યાંથી દક્ષિણયાત્રા માટે પ્રયાણ કર્યું.

આચાર્યશ્રી ત્યાંથી આગળ ચાલતાં "શુકરક્ષેત્ર" માં આવ્યા. ત્યાં કૃષ્ણદાસ મેઘન ક્ષત્રી સેવક થયા ને તે પણ આચાર્યશ્રીની સાથેજ ચાલ્યા. ત્યાંથી "પંપાસરોવર" આવ્યા. ત્યાં પોતાની બેઠક છે. (આ સ્થળ હાલ કિષ્કિંધાના નામથી ઓળખાય છે) ત્યાંથી શિવ અને વિષ્ણુ કાંચી પધાર્યા. ત્યાં વેગવતી નદીને કિનારે શમી વૃક્ષ નીચે મુકામ કર્યો. ત્યાં શ્રી વરદરાજજી ઠાકોરજી બિરાજે છે. વિષ્ણુ સ્વામી સંપ્રદાયના ભક્ત કવિરાજ "જયદેવજી" આ સ્થળે રહેતા હતા અને તેમણે રચેલી અષ્ટપદી આ મંદિરનાં પગથીઆંમાં કોતરેલી હોવાથી આચાર્યશ્રી સરસ્વતી ઉલ્લંઘન નહિ કરતા હોવાથી ત્યાં દર્શન કરવા જવાનો વિચાર માંડી વાળ્યો પણ રાત્રે ભગવદાજ્ઞા થઈ કે તે અષ્ટપદી ત્યાંથી ઉઠાવી ભીંતમાં જડાવી દેવરાવીશું તેથી આપને પધારવામાં હરકત નહિ આવે. આ આજ્ઞાથી બીજી સવારે પોતે દર્શનાર્થે પધાર્યા. ભેટ ધરી પ્રણામ કરી, સ્તુતિ કરી, ભોગ ધરાવી શ્રી વરદરાજજીને પ્રસન્ન કરી મંદિરથી નીચે ઉતરી જ્યાં શમી વૃક્ષ નીચે મુકામ કર્યો છે, ત્યાં આવી વેદ તથા ભાગવતનું પારાયણ કરી

પોતાની બેઠક સ્થાપિત કરી અનેક માયાવાદીઓને જીતી ત્યાંથી "શ્રીરંગજી" પધાર્યા. ત્યાંથી દક્ષિણ મથુરા થઈ રામેશ્વર પધાર્યા. ત્યાં 'વીરમાહેશ્વર' નામના માયાવાદીને જીતી, વેદ અને ભાગવતનું પારાયણ કરી બેઠક સ્થાપી. ત્યાંથી 'તામ્રપરણી' આવ્યા. ત્યાં અનંતશયન ભગવાનની સેવા કરી પારાયણ કરી બેઠક સ્થાપી. ત્યાંથી આચાર્યશ્રી 'નોતાદ્રિ' પધાર્યા ત્યાં વડના વૃક્ષ નીચે મુકામ કર્યો. ત્યાં કોઈએ આવી વિનતિ કરી કે અહીં જળ નથી, ત્યારે પોતે ત્યાં પડેલી એક શીલા ઉપાડવા આજ્ઞા કરી તેની નીચેથી અથાગ જળ નીકળ્યું. પોતાનો આવો પ્રભાવ જણાવ્યો.

ત્યાંથી લંબો નારાયણ પધાર્યા ને ત્યાં ચતુર્ભુજ દેવનાં દર્શન કર્યા ત્યાંના જીર્ણસ્વામી સાથે તુલસીમાલા સંબંધે વાદ થયો. પોતે તેમને અનેક પ્રમાણોથી સાબીત કરી આપ્યું કેઃ—

તુલસીકાષ્ટની માલા ભગવાનને અર્પણ કરી અર્થાત્ પ્રસાદી કરી જે મનુષ્ય ભક્તિથી ધારણ કરે છે તેનાં પાતક રહેતાં નથી. પદ્મપુરાણનું વચન છે કે—જે તુલસીની માલા સદા ધારણ કરે છે તેના શરીરમાં પ્રાયશ્ચિત કે અશૌચ રહેતું નથી તેમજ વળગતું પણ નથી અર્થાત્ હોય છે તો તે તરતજ દૂર જતું રહે છે. તેનો પ્રત્યક્ષ પુરાવો જુઓ કે "દયો ભવૈયો" એણે માત્ર નામનોજ વૈષ્ણવ વેષ ધારણ કરી તુલસીમાલા, તિલક, મુદ્રા, વગેરે ધારણ કર્યા તેથી રાજા પ્રસન્ન થયો અને તેને કેટલુંક ધન આપી સંતુષ્ટ કર્યો, (જુઓ તેમની વાર્તા ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં મી) આથી તેને આર્થિક લાભ થયો તેમજ તે ઉત્તમ ભગવદી ગણાયા એવો પારમાર્થિક લાભ થયો, "તેમજ તેના શરીરમાંથી બ્રહ્મહત્યાદિક જેવા મહાન્ દોષરૂપી ચાર રાક્ષસીઓ માળાધારણથી તત્કાળ વિના શ્રમે દૂર જતી રહી."

વળી શાંડિલ્ય સંહિતામાં પણ કહ્યું છે કે:—મુનિઓએ મંજરીની માલા ધારણ કરવી, દેવતાઓએ તુલસીપત્રની માલા, અને મનુષ્યોએ તુલસીકાષ્ટની માલા હમેશાં જન્મથી મરણ પર્યંત અવશ્ય ધારણ કરવી. તેમજ મરણ સમયે તો અવશ્ય ધારણ કરવાનો લેખ છે કારણ કે મનુષ્યનું મૃત્યુ ક્ષણે ક્ષણે છે. માટે હમેશાં તેને ગળામાં ધારણ કરવી.

"કેટલેક ઠેકાણે માણસના અંતકાળ વખતે તે માળા કાઢી લેવામાં આવે છે, તેમજ કેટલેક ઠેકાણે મૃતક શબ ઉપરથી સ્મશાનમાં તે કાઢી લેવામાં આવે છે. તેમ કરવું યોગ્ય નથી. વળી કેટલેક ઠેકાણે તો સ્મશાનમાં શબ સાથે તુલસી કાષ્ટ બાળવામાં આવે છે. ચેહમાં નાખવામાં આવે છે તે પણ યોગ્ય નથી."

આ પ્રમાણે માળા સંબંધી વિસ્તૃત વિવેચન કરી આચાર્યશ્રી ત્યાંથી 'પદ્મતીર્થ' પધાર્યા. ત્યાં એક બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કરી 'જનાર્દન' ક્ષેત્ર પધાર્યા. અહીં પારાયણ કરી પોતાની બેઠક સ્થાપી ત્યાંથી મલયાચલ પર્વત ઉપર પધાર્યા કે જ્યાં શ્રીહિમગોપાલ બિરાજે છે. તેમનાં દર્શન કરી પાસે કૌંડિન્યઋષિનો આશ્રમ છે ત્યાં ગયા. અહીંઆં વિષ્ણુસ્વામી આ ઋષિ પાસેથી જ્ઞાન મેળવી વૈકુંઠ પ્રત્યે ગયા હતા. આ સ્થળમાં આચાર્યશ્રીએ પારાયણ કર્યું ત્યાં કૌંડિન્યઋષિ પ્રકટ થયા અને તેમણે પોતાના ગુરુ શાંડિલ્યઋષિનું વૃત્તાન્ત કહ્યું:—

એક વખતે અમારા ગુરુ શાંડિલ્યઋષિએ શ્રી ગોવર્ધનપર્વતમાં બિરાજતા શ્રીહરિ શ્રીનાથજીની લીલાનાં દર્શન કરવા સારૂ ઘણી તપશ્ચર્યા કરી ત્યારે તે ભગવાનની આજ્ઞાથી એક મુનિકન્યા પ્રકટ થઇ અને તેણે ઋષિને ભક્તિનું જ્ઞાન આપ્યું, પંચાક્ષર મંત્ર તથા

તુલસીની માલા આપી, તિલકમુદ્રાનો વિધિ બતાવી કહ્યું કે શ્રી પુરુષોત્તમથી પર બીજું કાંઈ નથી, એમને વેદ અને દેવતાઓ પણ પૂર્ણપણે જાણતા નથી, માટે એજ શ્રી પુરુષોત્તમનો આશ્રય કરવો. પ્રતિક્ષણે હરિની લીલાની ભાવના કરવી. હું હરિનો દાસ છું, હરિ એજ મારા પ્રભુ છે, લૌકિક અને વૈદિક સાધનોથી શું ફળ છે? દુઃખ દેવાવાળા સંસારના ભોગોમાં શું સાર છે? કોટિકંદર્પના અહંકારનો નાશ કરવાવાળા પ્રભુના શ્રીમુખનાં દર્શન ક્યારે થશે? એ પ્રમાણે વિરહની ભાવના કરતાં, અને જગતને હરિરૂપ જોતાં હે મહામુને! તમે અહીંજ હરિની લીલાનાં દર્શન કરશો. આ પ્રમાણે જ્ઞાનનો ઉપદેશ કરી તે મુનિકન્યા અન્તર્ધાન થઇ ગઇ. આ ઉપદેશ પ્રમાણે વર્તવાથી શાંડિલ્યમુનિને થોડા વખતમાં શ્રીહરિની લીલાનાં દર્શન થયાં.

આ પ્રમાણે શાંડિલ્યઋષિનું વૃત્તાન્ત કહી કૌંડિન્યઋષિ અન્તર્ધાન થયા.

અહીંથી આચાર્યશ્રી માહિષપુર (મ્હૈસુર) પધાર્યા. આ નગરમાં શાલિવાહન કે જેણે શક ચલાવ્યો તેનો જન્મ થયો હતો. અહીંનો રાજા માહેશ્વર હતો. તેણે આચાર્યશ્રીના આગમનની ખબર સાંભળી અનેક ઉપહારોથી પોતાના મહેલમાં પધરાવ્યા. ત્યાં તેણે ધર્મ સંબંધી તથા રાજ્ય ચલાવવા સંબંધી રાજાના ધર્મો વગેરે ઉપદેશ આચાર્યશ્રી પાસેથી શ્રવણ કરી સહકુટુંબ, પ્રજાજનસહિત આચાર્યશ્રીને શરણે ગયો અને આચાર્યશ્રીને ઘણું દ્રવ્ય ભેટ કર્યું. પોતે તો કંઈ પણ લીધું નહિ.

અહીંથી આચાર્યશ્રી શ્રીરંગપટ્ટણ પધાર્યા. ત્યાં તુલસીની માળા સંબંધી રંગાચાર્ય સાથે કેટલીક ચર્ચા કરી તેને સંતોષ પમાડી પોતે સુબ્રહ્મણ્યક્ષેત્રમાં પધાર્યા. આ સ્થળે રામાનુજ મતાનુયાયી બ્રાહ્મણોએ

આવી આચાર્યશ્રી સાથે તુલસીની માલા અને તિલક મુદ્રા માટે વાદ કર્યો. સર્વ વૈદિક બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા, કેટલાએક પોતાની આજ્ઞાનુસાર વર્તન કરી સેવક થયા, કેટલાક સત્યાર્થ વાદમાં દૃઢ થયા.

ત્યાંથી આચાર્યશ્રી કેટલાંક તીર્થોને સનાથ કરી શૃંગીઋષિના ઉત્તમ સ્થાન ચંદ્રગિરિમાં પધાર્યા. ત્યાં નૃસિંહાચાર્યે કેટલીક વિવેક કરી આચાર્યશ્રીની સરાહના કરી અને પંચદેવની પૂજા સંબંધી કેટલીક ચર્ચા કરી જણાવ્યું કે મોક્ષ અને ફળની ઇચ્છાવાળાઓએ પંચદેવની સકામ પૂજા કરવાની જરૂર છે. વૈષ્ણવો મોક્ષ અને ફળની ઇચ્છા રાખતા નથી*તેથી તેમણે તો કેવળ નિષ્કામરૂપ પ્રભુ શ્રીકૃષ્ણજીની સેવા કરવાની છે. આ પ્રમાણે અનેક પુરાણો વગેરેથી સિદ્ધ કરી બતાવ્યું. ત્યારબાદ કેટલીક શાસ્ત્રીય ચર્ચા કરી આચાર્યશ્રી ત્યાંથી કૃષ્ણદેવ રાજાના આગ્રહથી બીજી વખત વિદ્યાનગર પધાર્યા.

વિદ્યાનગરમાં આચાર્યશ્રી પ્રથમ પધાર્યા ત્યારે કૃષ્ણદેવ રાજાની સભામાં બિરાજ્યા હતા માટે આ વખતે તુંગભદ્રા નદીના કાંઠે એક રમ્યસ્થળમાં બિરાજ્યા. રાજાએ યાત્રાનો સઘળો વૃતાન્ત પૂછ્યો. તે સેવકોએ કહ્યો. રાજાએ પોતાના મહેલમાં પધારવાની વિનંતી કરવાથી આચાર્યશ્રી ત્યાં પધાર્યા. ત્યાં કેટલાકને શરણે લીધા અને શ્રીહરિની ભક્તિનો બોધ આપ્યો.

આ વખતે આચાર્યશ્રીએ રાજાને કેટલાક ધર્મના સિદ્ધાન્તો બતાવ્યા, રાજાનાં ધર્મો બતાવ્યા, પ્રજાના ધર્મો જણાવ્યા, પ્રજાપ્રત્યે રાજાએ કેવું વર્તન કરવું તે જણાવ્યું. વળી કહ્યું કે હે રાજન! વિવેક, ધૈર્ય, અને આશ્રય એ વૈષ્ણવોએ સદા ધારણ કરવાં. પ્રભુ સર્વ કરવાને સમર્થ છે એમ માનવું, અને કોઇ વાતની હઠ કરવી નહિ, એને વિવેક કહે છે. સર્વ દુઃખો સહન કરવાં અને પ્રભુ સ-

ચ્છાથી જે મળી આવે તેનો અનાદર કરવો નહિ એને ધૈર્ય કહે છે. અશક્ય કે શક્ય વસ્તુને વિષે, તેમજ દુઃખ, હાનિ, પાપ, ભય, ભક્તદ્રોહ, અહંકાર વગેરે વિષયોમાં હરિનોજ આશ્રય દૃઢ રાખવો એનું નામ આશ્રય છે.

જેના ઉપર સત્ત્વ, રજ, અને તમોગુણની સત્તા ચાલતી નથી અને જે આદિ મૂર્તિ શ્રી કૃષ્ણ ભગવાન છે તેમનોજ આશ્રય અને તેમનીજ ભક્તિ કરવી. અન્ય દેવોનો એમનામાં સમાસ થાય છે તેથી એક શ્રીકૃષ્ણની ભક્તિ કરવાથીજ સર્વ દેવની ભક્તિ થાય છે.

વળી ભાગવતમાં કહ્યું છે કેઃ—ભગવાનનું પૂજન કરવાથી સર્વ દેવતાઓનું પૂજન થાય છે. સર્વ પ્રાણી તરફ સમાનભાવ રાખવાથી ભગવાન પ્રસન્ન થાય છે, યોગથી, તપથી, કે સમાધિથી જે ફળ મળતું નથી તે ફળ કલિયુગમાં ભગવાનના કીર્ત્તનથી મળે છે.

માટે હે રાજન્! સર્વ કર્મો અને ક્રિયાઓ કરતાં શ્રી હરિની ભક્તિજ ઉત્તમ છે.

આ પ્રમાણે રાજાને ઉપદેશ આપી આચાર્યશ્રીએ શ્રી વિઠ્ઠલનાથજી તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં કોલ્હાપુર પધાર્યા ત્યાં દિવાકર નામના બ્રાહ્મણને જ્ઞાન, કર્મ, અને ભક્તિનો ઉપદેશ આપી પંઢરપુર પધાર્યા. ત્યાં ભીમરથી નદીના તીર ઉપર બિરાજ્યા, પારાયણ કરી શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શન કરવા પધાર્યા. દંડવત્ પ્રણામ કરી, ભેટ ધરી, વસ્ત્ર આભૂષણ વગેરે ધરાવી પોતાની બેઠકમાં પધાર્યા. ત્યાં વલ્લભ નામના બ્રાહ્મણને વૈષ્ણવના ધર્મોનું યથાર્થ જ્ઞાન કરાવી શરણે લીધો અને શ્રી વિઠ્ઠલનાથજીની સેવા સોંપી.

એક વખત પાંડુરંગ નામનો ભક્ત આચાર્યશ્રી પાસે આવી વિનંતી કરવા લાગ્યો કે હું બાર વર્ષથી વ્રજલીલાનાં દર્શનની ઇચ્છાએ

દૂધ પીને રહું છું પણ મને દર્શન થતાં નથી માટે હું આપને શરણે આવ્યો છું. આચાર્યશ્રીએ તેને એક ગુફામાં લઇ જઈ દિવ્યચક્ષુ આપી બે મુહૂર્ત સુધી લીલાનાં દર્શન કરાવ્યાં. પછી તેની દિવ્ય દૃષ્ટિ પાછી ખેંચી લીધી ત્યારે તેણે કહ્યું કે મને લીલામાંથી બહાર કેમ કાઢયો? આચાર્યશ્રીએ કહ્યું કે તમે શ્રી વિઠ્ઠલનાથજીની સેવા કરો. તેથી તમને હરિલીલાનાં દર્શન થશે.

અહીંથી આચાર્યશ્રી નાશિક પધાર્યા અને ગોદાવરી નદીના તીરે પંચવટીમાં કે જ્યાં શ્રી રામચંદ્રજી ઘણા વખત સુધી રહ્યા હતા, જ્યાંથી સીતાજીનું હરણ થયું હતું, જ્યાં લક્ષ્મણજીએ સૂર્પનખાનું નાક કાપ્યું હતું ત્યાં પધાર્યા. ત્યાં પારાયણ કરી પોતાની બેઠક સ્થાપી. અહીંથી આચાર્યશ્રી ત્ર્યંબક પધાર્યા. ત્યાંથી અનેક તીર્થોને સનાથ કરી ઉજ્જયની–ઉજ્જન પધાર્યા.

અહીંઆં પૂર્વે શ્રી કૃષ્ણ ભગવાન્ સાંદીપિની ગુરૂ પાસે વિદ્યા ભણ્યા હતા. તેજ સ્થાનમાં આચાર્યશ્રીએ મુકામ કર્યો. ત્યાં આગળ ગોમતીકુંડમાં સ્નાન કરી પારાયણ કર્યું. (* અહીંઆં આચાર્યશ્રીની બેઠક છે.) આ સ્થળમાં ઉજ્જનના સો બ્રાહ્મણોએ આવી એકી વખતે આચાર્યશ્રીને અનેક પ્રશ્નો પૂછયા હતા, તે સઘળાઓને તેમના પ્રશ્નોનો

* આ બેઠકના સ્થળમાં ઘણાં વર્ષનું પ્રાચીન પીપળાનું એક મોટું વૃક્ષ છે. કહેવાય છે કે–જ્યારે આચાર્યશ્રી ત્યાં પધાર્યા ત્યારે આ સ્થળે કંઇ હતું નહિ તેથી વૈષ્ણવોની વિનતીથી પોતે સંધ્યાવંદન કરતા હતા તેવામાં એક પીપળાનું પત્ર કંઈથી ઉડતું આવ્યું. આચાર્યશ્રીએ તે પત્રને જમીનમાં રોપી ઉપર સંધ્યાનું જળ છાંટયું. તત્ક્ષણેજ એક મોટું વૃક્ષ ઉભું થઇ ગયું. આ વૃક્ષ અદ્યાપિ પણ વિદ્યમાન છે ને આ વૃક્ષની નીચેજ પોતાની બેઠક છે.

જવાબ આચાર્યશ્રીએ એટલી વખતે આપ્યો તેથી તે સંતોષ પામી સ્તુતિ કરવા લાગ્યા.

અહીં આચાર્યશ્રી ચૈદ્યપુર (ચંદેલ, પૂર્વે થઇ ગએલા શિશુપાળની રાજધાનીનું શહેર) પધાર્યા, ત્યાંથી વેત્રવતી પધાર્યા, નદીમાં સ્નાન કરી પારાયણ કર્યું, તેવામાં ત્યાંનો રાજા આચાર્યશ્રીના દિગ્વિજયની હકીકત સાંભળીને તેડવા આવ્યો. આચાર્યશ્રીએ ત્યાં પધારી ઘટસરસ્વતી નામના માયાવાદીને જીતી રાજાને શરણે લઈ દતિયા (પૂર્વે થઇ ગયેલા દંતવક્ત્રની રાજધાનીનું શહેર) પધાર્યા, ત્યાંથી ગ્વાલીયર, ધવલપુર થઈને આચાર્યશ્રી મથુરાં પધાર્યા, અને ત્યાંના ઉજાગર નામે ચોબાને ગોર સ્થાપ્યો અને તેના ચોપડામાં પોતાના શ્રી હસ્તાક્ષરથી લેખ લખી આપ્યો તે અદ્યાવધિ બિરાજમાન છે.

આચાર્યશ્રીની વ્રજયાત્રા.

આચાર્યશ્રીએ ઉજાગર ચોબાને સાથે લઇ મથુરાંની અંતગ્રહી પરિક્રમા–યાત્રા કરી વિશ્રામઘાટ (મુક્તાઘાટ) ઉપર બિરાજી પારાયણ કર્યું. (અહીં આચાર્યશ્રીની બેઠક છે.)

અહીંથી સં. ૧૫૪૮ ના શ્રાવણ સુદિ ૧૧ ના રોજ આચાર્યશ્રી ગોકુલ પધાર્યા. ત્યાં શ્રી યમુનાજીના ગોવિંદઘાટ ઉપર છોંકર (શમી વૃક્ષ) નીચે બિરાજી આહ્નિક કરી શ્રી ઠાકોરજીની સેવા કરી રાત્રે વિચાર કરવા લાગ્યા કે ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ પ્રભુ નિર્દોષ છે, અને કળિકાળના જીવ દોષ સહિત છે, તો તેવા જીવનો પ્રભુ સાથે સંબંધ શી રીતે થશે! આવી ચિંતા આચાર્યશ્રીને થવા લાગી જેથી તત્કાળ ભગવાને રાત્રિને વિષે પ્રકટ થઇ ગદ્ય મંત્ર આપ્યો અને આજ્ઞા કરી કે આ મંત્રથી જીવના સઘળા દોષ નિવૃત્ત

થશે. આચાર્યશ્રીએ તે વખતે પ્રભુને પવિત્રાં ધરાવી મિશ્રીભોગ ધર્યો તે અંગીકાર કરી ભગવાન્ અન્તર્ધાન થયા.

(રાત્રિને વિષે જે ભગવદ્ વાક્યો થયાં તે સંબંધનો "**સિદ્ધાન્ત રહસ્ય**" નામનો ગ્રન્થ આચાર્યશ્રીએ પ્રકટ કર્યો છે.)

બીજી સવારે આચાર્યશ્રીએ દામોદરદાસને પૂછ્યું કે તમે રાત્રે કંઇ સાંભળ્યું હતું ? દામોદરદાસે કહ્યું કે સાંભળ્યું તો ખરૂં પણ સમજ્યો નથી. આથી આચાર્યશ્રીએ દામોદરદાસને રાત્રિની બધી વાર્તા કહી તેથી તેમણે બ્રહ્મસંબંધ માટે વિનંતિ કરી આચાર્યશ્રીએ તેમને સ્નાન કરી આવવાનું કહ્યું, તેથી તે સ્નાન કરી આવ્યા, અને આચાર્યશ્રીએ તેમને પ્રભુની સન્નિધિમાં બેસાડી ગદ્યમંત્ર આપ્યો. (સંવત્ ૧૫૪૯ શ્રાવણ સુદ ૧૨) અને ભક્તિમાર્ગનો સિદ્ધાન્ત બતાવ્યો. આ ઉપરથી કૃષ્ણદાસ મેઘન, પ્રભુદાસ જલોટા આદિ વૈષ્ણવોએ પણ બ્રહ્મસંબંધ માટે વિનંતી કરવાથી તેમને પણ* બ્રહ્મસંબંધ કરાવ્યો.

આ પ્રમાણે આચાર્યશ્રીએ શ્રીમદ્ ગોકુળમાં બિરાજી ભક્તિમાર્ગની સ્થાપના કરી, પારાયણ કરી, પોતાની બેઠક સ્થાપી, પછી

---

* "**બ્રહ્મસંબંધ કાવ્યમ્**" (આવૃત્તિ ૨ જી)—આ ગ્રન્થમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ઉપદેશેલો "**બ્રહ્મસંબંધ**" મંત્ર કે જે ૮૪ અક્ષરનો છે, તેને અનુસરતા ૮૪ શ્લોકથી વર્ણન કરવામાં આવ્યું છે, તેમજ **બ્રહ્મસંબંધ વિષે થતા આક્ષેપોનો સપ્રમાણ પ્રત્યુત્તર ગુરુશિષ્યના સંવાદરૂપે ઘણીજ અસરકારક રીતે આપેલો છે. તેમજ "શ્રીસિદ્ધાન્ત રહસ્ય" ગ્રન્થ તથા "સિદ્ધાન્ત રહસ્યનું ધોળ" ઉપરાંત શ્રીમદ્વલ્લભાચાર્યજીનો સુંદર ફોટો પણ આપ્યો છે. છતાં કિં. ૦-૬-૦ છ આનાજ રાખી છે.**

જન્માષ્ટમીનો ઉત્સવ કરી દ્વાદશી (સં. ૧૫૪૯ શ્રાવણ વદિ ૧૨) ના દિવસે વ્રજયાત્રા કરવા પધાર્યા.

પ્રથમ ગોકુળથી મથુરા આવી ઉજાગર ચોબાને સાથે લઈ વિશ્રામઘાટ ઉપર પધાર્યા. ત્યાંથી મથુરાની પરિક્રમા કરી મધુવન પધાર્યા ત્યાંથી આચાર્યશ્રીએ પારાયણ કરી પોતાની બેઠક સ્થાપી. ત્યાંથી તાલવન થઈ કુમુદવન પધાર્યા, ત્યાં પારાયણ કરી, બેઠક સ્થાપી, ત્યાંથી બહુલાવન પધાર્યા. ત્યાં બહુલા નામે ગાય છે, તેની ત્યાંનો યવન રાજા પૂજા કરવા નહિ દેતો, તેને આચાર્યશ્રીએ પોતાનો પ્રતાપ જણાવ્યો. તે યવનરાજા સમક્ષ ગાય ઘાસ ખાવા લાગી, આથી ત્યાંના ઘણા માણસો તેજ ક્ષણે આચાર્યશ્રીને શરણે આવ્યા. (આ સ્થળે કુંડ ઉપર આચાર્યશ્રીની બેઠક છે.) ત્યાંથી શ્રી રાધાકૃષ્ણકુંડ ઉપર પધાર્યા, ને ત્યાં પોતાની બેઠક સ્થાપી, ત્યાંનાં બીજાં તીર્થોની યાત્રા કરી આચાર્યશ્રી માનસીગંગા ઉપર પધાર્યા, ત્યાં પોતાની બેઠક સ્થાપી ત્યાંથી ગોવર્ધન થઈ પુછરી થઈ ગિરિરાજ પધાર્યા; ત્યાં શ્રી ગિરિરાજનાં મુખારવિંદ સન્મુખ શમીવૃક્ષ નીચે બિરાજી પારાયણ કરી બેઠક સ્થાપી ત્યાંથી કામવન પધાર્યા, ત્યાં સુરભીકુંડ ઉપર બિરાજી એક પિશાચનો ઉદ્ધાર કર્યો ને પોતાની બેઠક સ્થાપી ત્યાંથી બરસાના પધાર્યા, ત્યાં અક્રૂરવનમાં કૃષ્ણકુંડ ઉપર બિરાજી, પારાયણ કરી બેઠક સ્થાપી. અહીંથી આચાર્યશ્રી નંદગામ પધાર્યા, ત્યાં પાન સરોવર ઉપર બિરાજી ભાગવતની કથા કરી, બેઠક સ્થાપી, અહીંથી આચાર્યશ્રી વૃન્દાવન પધાર્યા. ત્યાં બંસીબટમાં ઝાડ નીચે બિરાજ્યા. (અહીં આચાર્યશ્રીની બેઠક છે) વૃન્દાવનમાં કેટલાંક સ્થળોની યાત્રા કરી શ્રી ગોકુળ થઈ મથુરા પધાર્યા. આ પ્રમાણે વ્રજયાત્રા કરી આચાર્યશ્રી પુષ્કર પધાર્યા, ત્યાં

તળાવ ઉપર બિરાજી, વેદ અને ભાગવતનું પારાયણ કરી પોતાની બેઠક સ્થાપી. (આ સ્થળે બ્રહ્માનું પ્રાકટ્ય થયું છે, તેમજ બ્રહ્મા, સાવિત્રીસહિત સદા અહીં બિરાજે છે.) અહીંથી આચાર્યશ્રી સિદ્ધપુર પધાર્યા. ત્યાં બિંદુ સરોવર આગળ કર્દમઋષિના આશ્રમમાં બિરાજ્યા અને શ્રીમદ્‌ ભાગવતનાં ૧૦૮ પારાયણ કરી, પોતાની બેઠક સ્થાપી. અને કેટલાક માયાવાદી બ્રાહ્મણોનો પરાજય કરી, જેઓ શરણે આવ્યા તેમને સેવક કરી આચાર્યશ્રી પાટણ પધાર્યા. ત્યાં જૈન વિદ્વાનો સાથે વાદ કરી તેમનો પરાજય કરી વડનગર, વિસનગર થઈને ખેરાળુ પધાર્યા. ત્યાં એક વૃદ્ધ બ્રાહ્મણી આવી આચાર્યશ્રીને પગે લાગી શરણે આવી. તેને સેવા કરવાનો બોધ આપી આચાર્યશ્રી ડાકોર પધાર્યા. ત્યાં ગોમતી તળાવ ઉપર બિરાજી, ગીતા અને ભાગવતનું પારાયણ કર્યું, શ્રી રણછોડજીનાં દર્શન કરી ત્યાંથી ભરુચ પધાર્યા. ત્યાંના ભાર્ગવ બ્રાહ્મણો સાથે કેટલોક વાદ ચાલ્યો. આચાર્યશ્રીનો પ્રતાપ બળ જોઈ કેટલાક બ્રાહ્મણો શરણે આવ્યા. (અહીં આચાર્યશ્રીની બેઠક છે) અહીંથી આચાર્યશ્રી સુરત પધાર્યા. ત્યાં અશ્વિનીકુમાર ક્ષેત્રમાં બિરાજી પારાયણ કર્યું. જે લોકો આ કથા સાંભળવા આવ્યા હતા તેઓ આચાર્યશ્રીનું વાક્‌ચાતુર્ય જોઈ શરણે આવ્યા. (અહીં આચાર્યશ્રીની બેઠક છે.) અહીંથી પોતે ડુમસ (દુર્વાસાક્ષેત્ર) પધાર્યા. ત્યાં એક યોગીને બોધ આપી કપિલક્ષેત્ર (કાશી) પધાર્યા. ત્યાંના કપિલ મતના બ્રાહ્મણો સાથે વાદ કરી નિરીશ્વર સાંખ્યવાદનું ખંડન કર્યું. આ ઉપરથી કેટલાક બ્રાહ્મણો શરણે આવ્યા.

આચાર્યશ્રીનો કાઠીઆવાડ અને સિંધનો પ્રવાસ.

ઉપર જણાવેલાં કેટલાંક સ્થળોની મુલાકાત લેતા લેતા આચાર્ય-

શ્રી ધંધુકા પાસે ત્રગડી પધાર્યા. ત્યાં એક બ્રાહ્મણના ઘર આગળ ચોતરા ઉપર મુકામ કર્યો. રાત્રે પોતે શ્રીમદ્ ભાગવતની કથા કરી તે સાંભળી આ બ્રાહ્મણ શરણે આવ્યો. (અહીં આચાર્યશ્રીની બેઠક છે.) અહીંથી પાલીતાણા થઈ પ્રભાસપાટણ પધાર્યા. ત્યાં દેહોત્સર્ગ (યાદવાસ્થળી) આગળ ત્રિવેણીતીરે એક ગુફામાં બિરાજી ભાગવતનું પારાયણ કર્યું. (અહીં આચાર્યશ્રીની બેઠક છે. આ સ્થળે પૂર્વે યાદવાસ્થળી થઈ હતી.) ત્યાં સોમનાથ મહાદેવના દહેરામાં બિરાજી ત્યાં વેદનું પારાયણ કર્યું. ત્યાંથી આચાર્યશ્રી જુનાગઢ પધાર્યા. ત્યાં દામોદર કુંડમાં સ્નાન કર્યું, તે વખતે કુંડમાંથી શ્રી દામોદરજીનું સ્વરૂપ પોતાને પ્રાપ્ત થયું. (તે સ્વરૂપ સેવ્ય કરી સોંહનંદનાં ક્ષત્રાણી સાસુ વહુ ગોરજા ને સમરાઈને માથે પધરાવ્યા.)

કુંડ ઉપર બિરાજી પોતે ભારતની કથા કરી આચાર્યશ્રી ગિરનાર પર્વત ઉપર પધાર્યા, ત્યાં ત્રીજી તુક ઉપર ગોરખનાથના શિષ્યો રહે છે, તેમણે આચાર્યશ્રીની સિદ્ધિ સાંભળી પ્રશ્ન કર્યો કે તમે સિદ્ધ હો તો અમારા ગુરુ ગોરખ હાલ ક્યાં છે તે જણાવો, તે ઉપરથી કોટિ ગોરખનાં સ્વરૂપ બતાવ્યાં. અહીંથી પોતે પાછા ફરી દામોદર કુંડ ઉપર પોતાના સ્થળમાં મુકામ કર્યો.

અહીંથી આચાર્યશ્રી દ્વારકા પધાર્યા, ત્યાં મૂળ ગોમતી ઉપર પોતે બિરાજ્યા. ત્યાં એક સંન્યાસીની વિનતિથી તેને સપ્તાહ સંભળાવી શરણે લઈ શંખોદ્ધાર પધાર્યા. અહીં પારાયણ કર્યું (આ સ્થળે આચાર્યશ્રીની બેઠક છે). અહીંથી ખંભાળીઆ પધાર્યા. ત્યાં ગામથી દૂર કુંડ ઉપર શમીવૃક્ષ નીચે મુકામ કર્યો. ત્યાં એક પ્રેતનો ઉદ્ધાર કર્યો. (અહીં આચાર્યશ્રી બેઠક છે.) ત્યાંથી નારાયણસર (કચ્છ) પધાર્યા. અહીં માર્કંડેય ઋષિના આશ્રમ પાસે બિરાજી કથા કરી.

આ સ્થળમાં વાદો (બાદરાયણદાસ) શરણે આવ્યો. આ સ્થળે નગરઠઠ્ઠાના રહીશ સિંધ દેશના રાજાના કારભારી આચાર્યશ્રીનો પ્રતાપ સાંભળી પોતાના પુત્ર નારાયણને સાથે લઇ શરણે આવ્યો અને આચાર્યશ્રીને પોતાને ઘેર પધારવાની વિનતિ કરી. આચાર્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો અને પોતાના સેવકો સહિત ઠઠ્ઠામાં નારાયણદાસને ઘેર પધાર્યા. ત્યાં નારાયણદાસના કુટુંબીઓ તથા કેટલાક નગરવાસીઓ શરણે આવ્યા. ત્યાંથી આચાર્યશ્રી અનેક સ્થળોને સનાથ કરી પશ્ચિમની યાત્રા પુરી કરી ઉત્તર તરફ પધાર્યા.

આચાર્યશ્રીની ઉત્તર દિશાની યાત્રા.

આચાર્યશ્રી પોતે ઉત્તર તરફની યાત્રામાં પ્રથમ જ્યાંથી શ્રી યમુનાજી નીકળે છે એવા કલિંદ પર્વત ગયા, ત્યાં શ્રી યમુનાજીમાં સ્નાન કરી ત્યાંથી પાછા ફરી કુરુક્ષેત્ર પધાર્યા, અહીં શ્રીમદ્ ભાગવતની કથા કરી (અહીં આચાર્યશ્રીની બેઠક છે.) હરદ્વાર પધાર્યા. ત્યાંથી હૃષિકેશ, વ્યાસગંગા, થઈ બદ્રિકેદાર પધાર્યા. ત્યાં નારદજી તથા ઉદ્ધવજીને મળ્યા. અહીંથી વેદવ્યાસના આશ્રમમાં વ્યાસજીને મળવા પધાર્યા. ત્યાં ભાગવતના દશમસ્કંધના એક શ્લોકનું ત્રણ દિવસ સુધી વ્યાખ્યાન કર્યું, તેમજ બ્રહ્મવાદ સંબંધી કેટલીક ચર્ચા કરી, વેદવ્યાસજીને પ્રસન્ન કરી આચાર્યશ્રી ત્યાંથી પાછા ફરતાં કનોજ પધાર્યા. ત્યાં દામોદરદાસ સંભળવારા વૈષ્ણવ પોતાને મળેલું એક તામ્રપત્ર લઇને આવ્યા. તેનો સ્પષ્ટ અર્થ તેમને બતાવ્યો તથા તેઓ સહકુટુંબ આચાર્યશ્રીને શરણે આવ્યા. તેમને બ્રહ્મસંબંધ કરાવી શ્રી દ્વારિકાધીશજીની સેવા કરવાની આજ્ઞા કરી, નૈમિષારણ્ય પધાર્યા અને ત્યાં નિવાસ કરી રહેલા ઋષિઓને શ્રીમદ્ ભાગવતના એક શ્લોકના એક પદ

નૈષ્કર્મ્યમપ્યચ્યુતભાવ વર્જિત (ભા. સ્કં. ૧-૫-૧૨) એ પદનું વ્યાખ્યાન ત્રણ પહોર સુધી કહી સંભળાવ્યું. (અહીં આચાર્યશ્રીની બેઠક છે.) ઋષિઓને પ્રસન્ન કરી આચાર્યશ્રી અયોધ્યા પધાર્યા. ત્યાં રામાયણની કથા પૂર્ણ કરી પ્રયાગ પધાર્યા, ત્યાં વેદનું પારાયણ કરી કાશી પધાર્યા. થોડા દિવસ ત્યાં બિરાજી આચાર્યશ્રી શિવગયા પધાર્યા, ત્યાંના રાજાની વિનતિથી એક પ્રેતનો ઉદ્ધાર કર્યો. આ પ્રતાપબળ જોઇને રાજા શરણે આવ્યો. આચાર્યશ્રીએ તેને કહ્યું કે " જ્યાં ભગવાનનું નામ લેવાતું હોય ત્યાં ભૂતપ્રેતનો પ્રવેશ થતો નથી. તમે આઠ વખત શીવગયાની યાત્રા કરી તેને બદલે ઘેર બેઠાં ભગવાનનું નામ લીધું હોત તો પ્રેતનો સ્પર્શ પણ થાત નહિ. જે ભગવાનનું નામ લેતો નથી તેનો દેહ પ્રેતના સરખો છે, અને તે કારણથી એવા મલિન દેહમાં પ્રેત પ્રવેશ કરી શકે છે. હમેશ ભગવાનનું નામ દેઈ દેહમાં રહેલી મલિનતા કાઢી નાખવામાં આવે તો કદી પ્રેતનો પ્રવેશ થઈ શકે નહિ.

આ પ્રમાણે તે રાજાને બોધ આપી આચાર્યશ્રી કાશી પધાર્યા, ત્યાં મણિકર્ણિકાના ઘાટ ઉપર બિરાજ્યા. આ સ્થળે કૃષ્ણદાસના પુત્ર શેઠ પુરુષોતમદાસ શરણે આવ્યા, તેમને બ્રહ્મસંબંધ કરાવી, શ્રી મદનમોહનજીની સેવા પધરાવી આપી, સેવા કરવાની રીતી શીખવી. ત્યાંથી આચાર્યશ્રી હરિક્ષેત્ર (હાજીપુર) પધાર્યા, ત્યાં ભગવાનદાસને શરણે લેઈ પોતાનાં શ્રી પાદુકાજી સેવા માટે પધરાવી આપ્યાં. (અહીં ભગવાનદાસના ઘરમાં આચાર્યશ્રીની બેઠક છે.) અહીંથી આચાર્યશ્રી ગંગાસાગર પધાર્યા; ત્યાં ભાગવતનું પારાયણ કર્યું અને પોતાની બેઠક સ્થાપી, વૈતરણી નદી ઉપર પધાર્યા. ત્યાંના બ્રાહ્મણોએ આ સ્થળે કાળી ગાયનું દાન આપવાનું ઘણું માહાત્મ્ય જણાવ્યાથી પોતે

કાળી ગાયો મંગાવવા બ્રાહ્મણોને મોકલ્યા પણ તેમને તેવી કાળી ગાય મળી નહિ તેથી બ્રાહ્મણોએ આવી વિનતિ કરી કે કૃપાનાથ ! કાળી ગાય ફક્ત એકજ મળે છે. તેથી પોતે ધોળી ગાયો માટે આજ્ઞા આપી, બ્રાહ્મણો ધોળી ગાયો લાવ્યા તે આચાર્યશ્રીની પાસે આવતાં કાળી થઇ ગઈ. આવેલા દરેક બ્રાહ્મણને તે ગાયો દાનમાં આપી. આચાર્યશ્રીનો આવો પ્રતાપ જોઇ તેઓ આશ્ચર્ય પામ્યા ને આચાર્યશ્રીને શરણે આવ્યા. અહીંથી આચાર્યશ્રી શ્રીજગન્નાથજી પધાર્યા, ત્યાં મુકામ કરી પોતે શ્રીજગન્નાથરાયજીના દર્શનાર્થે પધાર્યા, ત્યાં મંદિરમાં એક પંડ્યાએ પોતાને સખડી મહાપ્રસાદ આપ્યો, તે દિવસે પોતાને એકાદશીનું વ્રત હોવાથી પ્રસાદ લેવાય નહિ, તેમજ અનાદર પણ થાય નહિ, આથી પોતે મહાપ્રસાદની સ્તુતિ (માહાત્મ્ય) વર્ણન કરવા માંડયું, તેમાં એકાદશીનો આખો દિવસ તથા રાત્રિ વ્યતીત કરી દ્વાદશીને દિવસે પ્રાતઃસમયે સ્તુતિ સમાપ્ત કરી પોતે તે પ્રસાદ લીધો. આચાર્યશ્રીનું આવું અલૌકિક સામર્થ્ય, વિદ્વત્તા જોઇ ત્યાંના રાજાએ વિચાર કર્યો કે આ પુરુષોત્તમ ક્ષેત્ર કહેવાય છે, છતાં અહીંના બ્રાહ્મણો વારંવાર ધર્મ સંબંધી તકરાર કરે છે, તેથી આ શ્રીમદ્વલ્લભાચાર્યજી પધાર્યા છે તેઓ સમર્થ પંડિત છે, માટે તેમના દ્વારા આનું નિરાકરણ થાય તો ઠીક. આ વિચારથી રાજા આચાર્યશ્રીના મુકામે આવ્યો, ને વિનંતી કરી. પોતે તેનો સ્વીકાર કરી એક મહાસભા ભરવાનું જણાવ્યું ને આજ્ઞા કરી કે સભા ભરાય ત્યારે મને બોલાવજો એટલે હું આવીશ. આથી રાજા પ્રસન્ન થયો, અને તમામ વિદ્વાન બ્રાહ્મણોને ખબર આપી. બીજી સવારે શ્રી જગન્નાથરાયજીના મંદિરમાં દરેક મતના અને સંપ્રદાયના વિદ્વાનોની એક મોટી સભા ભરાઇ. પછી રાજા આચાર્યશ્રીને પધરાવી લાવ્યો. આચાર્યશ્રી પધાર્યા પછી રાજાએ સભા

વચ્ચે ચાર પ્રશ્ન કર્યા કે-મુખ્ય શાસ્ત્ર કયું, મુખ્ય દેવ કયો, મુખ્ય મંત્ર કયો, અને મુખ્ય કર્મ કયું, આથી માયાવાદનો વિષય ખડો થયો. એક તરફ શ્રીમદ્વલ્લભાચાર્યજી અને બીજી તરફ માયાવાદીઓ થયા. લાંબો વખત વાદવિવાદ ચાલતાં માયાવાદીઓ હારી ગયા. તથાપિ પરાજય પામેલા પંડિતોએ તે કબુલ કર્યું નહિ, અને કહ્યું કે અમે આ સિદ્ધાન્ત સ્વીકારતા નથી પણ શ્રી જગદીશના આગળ ખડીઓ કલમ મૂકીએ ને એ જે ઉત્તર લખી આપે તે ખરો નિર્ણય થયો એમ અમે માનીશું. આચાર્યશ્રી આ વાતને સંમત થયા, કાગળ, ખડીઓ, કલમ મંગાવી શ્રી જગન્નાથજી સન્મુખ મૂક્યાં. પછી મંદિરનાં દ્વાર બંધ કર્યાં અને થોડીવાર પછી પરાજય પામેલા પંડિતોએ મંદિર ઉઘાડી કાગળ આણ્યો તેમાં નીચે પ્રમાણે શ્લોક શ્રી જગન્નાથરાયજીએ લખેલો જોયો તે વાંચી સંભળાવ્યો.

एकं शास्त्रं देवकीपुत्रगीतम् एको देवो देवकीपुत्र एव ।
मंत्रोऽप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा ॥

આથી માયાવાદીઓ બધા આશ્ચર્ય પામ્યા, અને રાજાએ તથા સર્વ વિદ્વાનોએ આચાર્યશ્રીનો વિજય સ્વીકારી તિલક કરી પૂજા કરી. (અહીં આચાર્યશ્રીની બેઠક છે.)

ત્યાંથી આચાર્યશ્રી અનેક સ્થળોની મુલાકાત લેતા ગોદાવરી થઈ નૃસિંહક્ષેત્રમાં થઈ પોતાના ગામ અગ્રહાર પધાર્યા અને આ સ્થળે પ્રથમ યાત્રા પુરી કરી સંવત્ ૧૫૫૪ વૈશાખ સુદ ૩.

આચાર્યશ્રીની બીજી પૃથ્વી પરિક્રમા.

સં. ૧૫૫૫ ચૈત્ર સુદ ૨ રવિવારના રોજ આચાર્યશ્રી અગ્રહારથી વ્યંકટેશ થઈ વિદ્યાનગર પધાર્યા ત્યાંના રાજાને તથા બીજા-

ઓને બ્રહ્મસંબંધ કરાવી ત્યાંથી લોહગઢ (ગોવા) પધાર્યા. ત્યાં ગાઢા જંગલમાં એક સુંદર જગા જોઈ પોતે મુકામ કર્યો, અને ત્યાં કુંડ ઉપર પારાયણ કર્યું, (અહીં આચાર્યશ્રીની બેઠક છે પણ હાલ તે ગુપ્ત છે.) ત્યાંથી આચાર્યશ્રી કોલ્હાપુર થઈ ભીમરથી નદી ઓળંગી પંઢરપુર પધાર્યા. ત્યાં પોતે શ્રી વિઠ્ઠલનાથજીની સેવા કરતા હતા તે વખતે શ્રી વિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરી કે તમે વિવાહ કરો. આચાર્યશ્રીએ તે આજ્ઞાનો સ્વીકાર કર્યો. (આ સ્થળે આચાર્યશ્રીની બેઠક છે.) ત્યાંથી આચાર્યશ્રી અનેક દેશ પાવન કરતા નર્મદા તટે પધાર્યા. ત્યાંનાં કેટલાંક તીર્થોને સનાથ કરી ગુજરાતમાં અનેક સ્થળોએ થઈ નરોડા (અમદાવાદથી ત્રણ ગાઉ) પધાર્યા. ત્યાં ગામ બહાર મુકામ કર્યો. આ સ્થળે ગોપાળદાસ શરણે આવ્યા. તેમને બ્રહ્મસંબંધ કરાવી ભક્તિનો ઉપદેશ કર્યો. આચાર્યશ્રી ત્યાંથી પોરબંદર પધાર્યા, ત્યાંથી દ્વારકા થઈ નવાનગર (જામનગર) પધાર્યા. ત્યાં નાગમતી નદી તીરે સુંદર જગામાં મુકામ કર્યો. ત્યાં પોતે શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા હતા તે વખતે ત્યાંનો રાજા દર્શન કરવા આવ્યો તેણે પોતાને શરણે લેવાની વિનંતી કરવાથી તેને શરણે લીધો (અહીં આચાર્યશ્રીની બેઠક છે.) ત્યાંથી આચાર્યશ્રી મોરબી પધાર્યા. કુંડ ઉપર ઝાડ નીચે મુકામ કર્યો. કૃષ્ણદાસ મેઘને વિનંતી કરી કે પૂર્વે અહીંઆં મુરધ્વજ રાજા રાજ્ય કરતો હતો તે ઘણો સત્યવાદી ને હરિભક્ત હતો, વળી શ્રી કૃષ્ણ ભગવાન પણ અહીં પધાર્યા હતા તેથી અહીં સપ્તાહ કરવી જોઈએ. એ વિનંતીનો સ્વીકાર કરી આચાર્યશ્રીએ બીજે દિવસે સપ્તાહ પારાયણ કર્યું. અહીં વાલો (બાલકૃષ્ણદાસ, તથા બાદો (બાદરાયણદાસ) આચાર્યશ્રીનાં દર્શન કરવા આવ્યા તેમણે કંઈ ગ્રન્થ ભણવાની ઇચ્છા જણાવ્યાથી પોતે તેમને "सिद्धान्त

મુક્તાવલી ને સિદ્ધાન્ત રહસ્ય" એ બે ગ્રન્થો બણાવ્યા. સેવા કરવાની વિધિ બતાવી, સપ્તાહ પૂર્ણ કરી, આચાર્યશ્રી અમદાવાદ થઈ સિદ્ધપુર પધાર્યા. ત્યાં બિંદુ સરોવર ઉપર મુકામ કર્યો. ત્યાં ચિતશ્રુત અને પ્રમા નામે પુત્રાર્થી દંપતીને બોધ આપી આચાર્યશ્રી ત્યાંથી પુષ્કર થઈ, વ્રજમાં પધાર્યા. ત્યાં શ્રી ગિરિરાજ ઉપર શ્રી ગોવર્દ્ધન-નાથજીને સં. ૧૫૫૬ ચૈત્ર સુદિ ૨ ના રોજ રામદાસ ચોહાણે એક નાનું મંદિર બનાવ્યું હતું તેમાં પાટ પધરાવ્યા, અને પોતાના હાથે રસોઈ કરી ભોગ ધર્યો. પછી રામદાસજીને સેવા કરવા તથા ભોગ ધરવાની સેવા સોંપી. ત્યારથી શ્રીનાથજીને અનાજની સામગ્રી ભોગ ધરવાની શરૂઆત થઈ. કેટલાક વ્રજવાસીઓ પણ રોટલી, બાટી વગેરે તથા દહીં, દુધ, માખણ ભોગ ધરતા. તે પછી પૂર્ણમલ્લ ક્ષત્રીને શ્રીનાથજીએ પ્રેરણા કરી કે તું મારે માટે એક મંદિર બનાવી આપ. તે ઉપરથી તેણે આચાર્યશ્રીની આજ્ઞાથી મંદિર બનાવવા માંડયું. એ મંદિરનો નકશો આગ્રાના એક ઉત્સાહી રામે બનાવ્યો હતો. પૂર્ણ-મલ્લે આ મંદિર સં. ૧૫૫૬ના વૈશાખ સુદ ૩ ના રોજ શરૂ કર્યું અને સં. ૧૫૭૬ના વૈશાખ સુદ ૩ ના રોજ પુરૂં થયું ત્યારે આ-ચાર્યશ્રીએ તેમાં શ્રી ગોવર્ધનનાથજીને પધરાવ્યા, અને બંગાળી બ્રાહ્મણોને તેમની સેવામાં રાખ્યા, કૃષ્ણદાસને અધિકારી નીમ્યા, અને કુંભનદાસને કીર્તન સેવા સોંપી.

ત્યાંથી આચાર્યશ્રી વ્રજયાત્રા પૂર્ણ કરી, કુરુક્ષેત્ર થઈ, બદરિકા-શ્રમ પધાર્યા, ત્યાં બદ્રીનાથનાં દર્શન કરી, વ્યાસાશ્રમ પધાર્યા. સાથે કૃષ્ણદાસ મેઘન હતા તેમણે ફીરણી નામના પર્વત ઉપરથી પડતી શિલા પોતાના હાથે ટકાવી રાખી. કૃષ્ણદાસનું આ સાવધાનપણું તથા અસા-ધારણ બળ જોઈ આચાર્યશ્રીએ પ્રસન્ન થઈ વર માગવા, આજ્ઞા કર-

વાથી તેમણે ત્રણ વસ્તુ માગી (૧) સુખરતા (વાણીનો દોષ જવાનું, (૨) ભક્તિમાર્ગનું રહસ્ય સમજવાનું, (૩) કૃષ્ણદાસના પ્રથમના ગુરુને દર્શન આપવાનું, આ ત્રણે વરદાન આપ્યાં. (જુઓ ચોરાસી વૈષ્ણવની વાર્તામાં કૃષ્ણદાસ મેઘનની વાર્તા.)

ત્યાંથી આચાર્યશ્રી વ્યાસજીના આશ્રમમાં પધાર્યા. ત્યાં વ્યાસજી સાથે કેટલોક વાર્તાવિનોદ કરીને વ્યાસજીની આજ્ઞા લઇ આચાર્યશ્રી હરદ્વાર થઈ સુકરક્ષેત્રમાં પધાર્યા. ત્યાં કૃષ્ણદાસના ગુરુને દર્શન આપવાનું વરદાન પુરૂં કરી કનોજ થઈ પ્રયાગ થઈ કાશી પધાર્યા. ત્યાં દેવ નામે બ્રાહ્મણ પોતાની કન્યાનો આચાર્યશ્રીની સાથે વિવાહ કરવાની પ્રાર્થના કરવા લાગ્યો. તેને આચાર્યશ્રીએ પોતાનાં માતાજીને પૂછવાનું કહી માતાજીને બોલાવવા શિષ્યોને મોકલી પોતે ત્યાંથી શ્રી જગન્નાથપુરી જવા નીકળ્યા. કેટલાક દિવસે ગંગાસાગર આગી પહોંચ્યા. ત્યાં સ્નાનાદિક કરી સત્રે મુકામ કર્યો. થોડા દિવસ ત્યાં બિરાજી જગન્નાથ તરફ જતાં રસ્તામાં સુંદરદાસ નામનો વૈષ્ણવ શરણે આવ્યો અને તે આચાર્યશ્રીને પોતાને ઘેર પધરાવી લાવ્યો. આચાર્યશ્રીએ તેમે ત્યાં રસોઈ કરી શ્રી ઠાકોરજીને ભોગ ધર્યો. પણ ધરાવેલી સામગ્રી બીલકુલ ઓછી જણાઈ નહિ. ત્યારે સુંદરદાસને ત્યાં તેમનો એક મિત્ર માધવદાસ (કૃષ્ણ ચૈતન્યનો સેવક) આવ્યો હતો તેણે કહ્યું કે મારા શ્રી ઠાકોરજીને હું જેટલું ધરાવું છું તે બધું તે આરોગી જાય છે, અને તમારા શ્રી ઠાકોરજી કેમ આરોગતા નથી ! આ વાત સુંદરદાસે આચાર્યશ્રીને કહી તેથી પોતે માધવદાસને બોલાવી આજ્ઞા કરી કે કાલે જ્યારે તું ભોગ ધરે ત્યારે મને બોલાવજે. બીજે દિવસે માધવદાસ ભોગ ધરતી વખતે આચાર્યશ્રી પાસે આવ્યો, આચાર્યશ્રી ત્યાં પધાર્યા, ભોગ ધરાવ્યા પછી પોતે બહાર બેઠા. થોડીવાર થઈ એટલે શ્રી

ઠાકોરજીની પાછળથી એક પ્રેત નીકળ્યો, તે આચાર્યશ્રી ત્યાં બેઠા છે એમ જાણી કાંઈ પણ ખાઈ શક્યો નહિ. થોડીવાર પછી માધવદાસે જઈને જોયું તો થાળમાંની તમામ સામગ્રી એમ ને એમ હતી, પછી આચાર્યશ્રીએ કહ્યું કે તારા શ્રી ઠાકોરજીને બદલે પ્રેત બધું ખાઈ જતો હતો. (જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તામાં)

ત્યાંથી આચાર્યશ્રી જગદીશ પધાર્યા. થોડા દિવસ ત્યાં બિરાજી કાશી તરફ પધાર્યા. રસ્તામાં કોઈ એક ગામના તળાવ ઉપર મુકામ કર્યો ને તળાવ ઉપર એક નાનું દહેરૂં હતું તેમાં એક શ્રી ઠાકોરજીનું સ્વરૂપ હતું. ગામના લોકો તેને દેવી તરીકે માની તેની પુજા કરતા. આચાર્યશ્રીએ આ સ્વરૂપનાં દર્શન કરતાં તેમને જણાયું કે આ પ્રાચીન શ્રી ઠાકોરજીનું સ્વરૂપ છે, તેથી તેમણે દેવી તરીકેના શણગારને વસ્ત્ર બદલી નાખી શ્રી ઠાકોરજીનાં વસ્ત્ર ધર્યા, તેવામાં તેનો પુજારી આવ્યો. તેણે કહ્યું કે આમ કોણે કર્યું ? આચાર્યશ્રીએ તેને સમજાવ્યો. પ્રભુના સ્વરૂપ ને સેવાનો બોધ આપ્યો તેથી તે શરણે થયો. આ સ્વરૂપ તેને સેવા કરવા પધરાવી આપ્યું. આ પુજારીને "બાબાવેણુ, કૃષ્ણદાસ ધધરી ને યાદવદાસ ખવાસ હતા." શ્રી ઠાકોરજીનું નામ શ્રી કલ્યાણરાયજી રાખ્યું. ગામના તમામ લોકો શરણે આવ્યા. ત્યાંથી આચાર્યશ્રી કાશી પધાર્યા, અને પોતાની બીજી યાત્રા (પૃથ્વી પરિક્રમા) પૂર્ણ કરી.

આચાર્યશ્રીનો વિવાહ અને ત્રીજી પૃથ્વી પરિક્રમા.

આચાર્યશ્રી કાશીમાં પધાર્યા અને દક્ષિણમાંથી પોતાનાં માતાજી તથા કુટુંબીજનો આવેલાં હતાં તેમની સાથે મળી લગ્નની તૈયારી કરી સં. . ના અસાડ સુદિ ૫ ના દિવસનું શુભ મુહુર્ત

રાખ્યું, કન્યાના પિતા દેવભટે આચાર્યશ્રીનું વર તરીકે યથાવિધિ પૂજન કરી કન્યાદાન દીધું. વિવાહની સમાપ્તિ થયા પછી આચાર્ય શ્રી છ મહિના ત્યાં બિરાજ્યા. પછી પોતાના કેટલાક શિષ્યોને સાથે લઈ, કેટલાકને ત્યાં પોતાનાં માતાજી પાસે મૂકી આચાર્યશ્રીએ ત્રીજી પૃથ્વી પરિક્રમાનો આરંભ કર્યો. પ્રથમ કાશીથી વૈદ્યનાથ (ઝાડખંડી) પધાર્યા ત્યાં રાત્રિને વિષે શ્રી ગોવર્દ્ધનનાથજીએ આજ્ઞા કરી કે તમે વ્રજમાં આવી મારી સેવાનો પ્રકાર નક્કી કરી જાઓ. આ આજ્ઞા થતાંજ આચાર્યશ્રી ત્યાંથી દામોદરદાસ તથા કૃષ્ણદાસને સાથે લઈ શ્રી નાથદ્વાર પધાર્યા. ત્યાં આવી યથાવિધિ સેવાનો પ્રકાર રચી રામદાસ નામના વૈષ્ણવને સેવા કરવાનું સોંપ્યું. આચાર્યશ્રી પોતાની બેઠકમાં બિરાજી શ્રી ભાગવતનું પારાયણ કરી વ્રજયાત્રા કરવા પધાર્યા.

એક વખત પોતે શ્રી ગોકુળમાં બિરાજતા હતા તેવામાં વૃન્દાવનના સંત મહન્તના મનમાં આવ્યું કે અમે શ્રીનાથજીની સેવા કરીએ, આથી તેઓએ એક શ્યામાનંદ નામના વૈષ્ણવને શ્રી ગોકુળ આચાર્યશ્રી પાસે મોકલ્યો. તેણે આવી પોતાની હકીકત કહી. થોડીવાર પછી તેને ઉત્તર દેવાનું જણાવ્યું, પછી તે વૈષ્ણવ નજીકના એક ઝાડે પોતાનો વાટવો ભરવી સ્નાન કરવા ગયો. સ્નાન કરી આવ્યો ત્યારે પોતાનો વાટવો દીઠો નહિ તેથી તેણે આચાર્યશ્રીને વિનંતી કરી કે મારા વાટવામાં શાલીગ્રામ છે, ને તમારા કોઈ સેવકે લીધો હોય તો અપાવો. આચાર્યશ્રીએ કહ્યું કે તમારો વાટવો લે એવો કોઈ અમારો સેવક નથી. તમે જ્યાં ભરાવ્યો હોય ત્યાં જુઓ. શ્યામાનંદે આવી જોયું તો તેવા બીજા ઘણા વાટવા તે ઝાડે ભરાવેલા જોયા તેથી પોતાનો વાટવો કયો તેને ઓળખી શક્યો નહિ. પુનઃ તેણે આચાર્યશ્રીને વિનંતી કરી કે ત્યાં તો તેવા ઘણા વાટવા છે તેમાં મારો કયો

તે હું જાણી શકતો નથી. આચાર્યશ્રીએ તેને કહ્યું કે તમે તમારો વાટવો કયો છે તે ઓળખી શકતા નથી તો શ્રીનાથજીની સેવા કેવી રીતે કરી શકશો! "આ પૃથ્વી ઉપર ઘણાં સ્વરૂપ પૂજાય છે તેમાંથી ઇષ્ટ કયું છે તે દરેકે જાણવું જોઈએ." માટે અમારો આ અભિપ્રાય તમારા મહંતોને કહેજો, અને એ વાટવામાંથી જે તમારો હોય તે લેઈ લેજો. તેથી તે વૈષ્ણવ આવી જુએ છે તો પોતાનો એકજ વાટવો દીઠો તે લઈ તે ગયો અને મહંતોને સઘળી હકીકત કહી તેથી તે-મણે શ્રીનાજીની સેવા કરવાનો વિચાર છોડી દીધો.

ત્યાંથી આચાર્યશ્રી વૃન્દાવન પધાર્યા. ત્યાં પ્રભુદાસ જલોટાને વ્રજના સ્વરૂપનાં દર્શન કરાવ્યાં,

वृक्षे वृक्षे वेणुधारी पत्रे पत्रे चतुर्भुजः ।
यत्र वृन्द्रावनं तत्र लक्ष्यालक्ष्य कथा कुतः ॥ १ ॥
स्थलाद्भ्यिः रजः पुण्यं रजसोऽपिजलं वरम् ।
यत्र वृन्दावनं तत्र स्नानास्नान कथा कुतः ॥ २ ॥

આથી વ્રજનાં દરેક વૃક્ષ તથા દરેક પત્રમાં શ્રી કૃષ્ણચન્દ્રનાં દર્શન પ્રભુદાસને થવા લાગ્યાં. ત્યાંથી આચાર્યશ્રી મથુરાં પધાર્યા. ત્યાં વિશ્રામઘાટ ઉપર પોતાની બેઠકમાં બિરાજી ભાગવતનો પાઠ કરતા હતા તે વખતે પાસે સ્મશાનમાં કેટલાક લોકો મડદાં બાળવા લાગ્યા, તેથી આચાર્યશ્રીને ગ્લાનિ થવાથી લોકોના ગયા પછી આચાર્યશ્રીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કે આ જમીન ઉપર તમામ ઠેકાણે જળ છાંટી પવિત્ર કરો, અને લોકોને કહો કે તેઓ અહીં મડદાં બાળવા આવે નહિ. તેથી કૃષ્ણદાસે તમામ જમીન જળ છાંટી પવિત્ર કરી અને લોકોને કહ્યું કે તમારે અહીં મડદાં બાળવાં નહિ. ત્યારથી ત્યાં લોકોએ મડદાં બાળવાનું બંધ કર્યું અને સ્મશાનભૂમિ ધ્રુવઘાટ

પાસે કરી. ત્યાંથી વ્રજયાત્રા પૂર્ણ કરી આચાર્યશ્રી મિથિલા થઈ અયોધ્યા થઈ, સોરમ પધાર્યા. ત્યાં પોતાના નાના ભાઈ કેશવને બોધ આપ્યો કે સિદ્ધિ પ્રાપ્ત કરવામાં કાંઈ ફળ નથી, પણ પ્રભુનું ભજન કરવામાંજ ફળ છે. આથી તે પ્રભુ ભજન કરવા લાગ્યા. આચાર્યશ્રી ત્યાંથી શ્રીનાથજીનાં દર્શન કરી કાશી પધાર્યા. ત્યાં પંચગંગાના ઘાટ ઉપર પોતે બિરાજતા હતા તેવામાં ગોધરાનો રાણુવ્યાસ કરીને એક પંડિત બ્રાહ્મણવાદમાં હારી જવાથી ગંગાજીમાં પડી આત્મઘાત કરવાની ઇચ્છાથી ત્યાં આવ્યો. તેને આચાર્યશ્રીએ ઉપદેશ કર્યો કે, આત્મઘાત કરનાર માણસ સાત જન્મ સુધી આત્મઘાત કરે છે, અને પછી નર્કમાં પડે છે. તેથી તેને આ લોક તેમજ પરલોકનું સુખ મળતું નથી. આ ઉપદેશ સાંભળી રાણુવ્યાસ પગે લાગી વિનંતી કરવા લાગ્યો ને શરણે થયો. તેને ભક્તિમાર્ગનું રહસ્ય સમજાવ્યું અને કહ્યું કે હારજીતથી ગભરાવું નહિ.

अशक्यं वा सुशक्यं वा सर्वथा शरणं हरिः ।

અશક્ય અથવા સુશક્ય વસ્તુને વિષે સર્વથા શ્રી હરિનુંજ શરણ સ્વીકારવું.

सुखदुःखे समेकृत्वा लाभालाभौ जयाजयौ ।

(गी. अ. २-३८)

સુખ, દુઃખ, જય, પરાજય, સર્વ સમાન ગણી માત્ર એક શ્રી હરિનેજ સેવવા. એ દરેક માણસનું કર્તવ્ય છે. માણસ જીવતો હોય તો કોઈ પણ વખત જીતી શકે છે. માટે કદી પણ જીવતરથી કંટાળી ક્ષણિક આવેશમાં અમૂલ્ય દેહ ગુમાવવો નહિ.

પછી રાણુવ્યાસ થોડા દિવસ આચાર્યશ્રી પાસે રહ્યા ને શ્રી બાલકૃષ્ણજીની સેવા પધરાવી ગોધરા ગયા.

કાશીથી જગન્નાથજી જતાં આચાર્યશ્રીએ રસ્તામાં કૃષ્ણા નદી ઉપર મુકામ કર્યો. ત્યાં સપ્તાહ કરી, ત્યાંના માયાવાદી પંડિતોને વાદમાં હરાવી, ભક્તિમાર્ગનો બોધ કર્યો. આથી ઘણા પંડિતો ને વિદ્વાનો શરણે થયા. વાદની સમાપ્તિ કરી, બેઠક સ્થાપી, પંઢરપુર પધાર્યા. ત્યાં શ્રી વિઠ્ઠલનાથજીની સેવા કરી, પોતે લગ્ન કર્યાની હકીકત જણાવી અનેક તીર્થોને સનાથ કરતા ગુજરાતમાં ખેરાળુ પધાર્યા. ત્યાં જગન્નાથ જોશીને ઘેર મુકામ કરી વેદનું પારાયણ કર્યું, બેઠક સ્થાપી, અને જગન્નાથ જોશી તથા તેમના ભાઈને ભક્તિમાર્ગનું રહસ્ય સમજાવ્યું. ત્યાંથી પોતે નરોડા પધાર્યા. ત્યાં ગોપાળદાસના ઘરમાં મુકામ કર્યો. ભાગવતનું પારાયણ કર્યું. અનેક વૈષ્ણવોને શરણે લીધા, બેઠક સ્થાપી ગોધરા પધાર્યા. ત્યાં રાણાવ્યાસને ત્યાં મુકામ કર્યો. પારાયણ કરી બેઠક સ્થાપી ગોધરાથી આચાર્યશ્રી ઉજ્જન પધાર્યા. અહીં મુકુન્દદાસ કાયસ્થ આચાર્યશ્રીને શરણે આવ્યા. ત્યાંથી આચાર્યશ્રી દ્વારકા થઈ ભુજ (કચ્છ) થઈ લાહોર પધાર્યા. ત્યાં થોડા દિવસ બિરાજી કુરુક્ષેત્ર પધાર્યા, ત્યાંથી કેદાર, બદ્રિકાશ્રમ થઈ વ્યાસાશ્રમ પધાર્યા. ત્યાં વ્યાસજીને નમસ્કાર કરી શ્રીમદ્ ભાગવતના પાઠનો વિચાર કરી, હરદ્વાર થઈ કુરુક્ષેત્ર પધાર્યા. ત્યાં રામદાસ નામના પંડિત સાથે વાદ ચાલતાં તે હારી ગયો ને આચાર્યશ્રીને શરણે થયો. ત્યાંથી આચાર્યશ્રી વ્રજમાં પધાર્યા. શ્રી ગિરિરાજધરણનાં દર્શન કરી, મહાવનમાં પધાર્યા. ત્યાં નારાયણદાસ બ્રહ્મચારી પોતાના શ્રી ઠાકોરજીને ભોગમાં તાતીખીર ધરી આચાર્યશ્રીનાં દર્શન કરવા આવ્યા. આચાર્યશ્રીએ પૂછ્યું કે તમારે ત્યાં દર્શનનો શો સમય છે? ત્યારે તેમણે કહ્યું કે હમણાં ભોગ ધરીને આવ્યો છું. તેથી આચાર્યશ્રી દર્શન કરવા પધાર્યા. ત્યારે જણાયું કે ખીર ઘણીજ ગરમ હતી, તેથી

પોતે નારાયણદાસને ઠપકો આપ્યો. કે ભગવાનની સેવા કરતાં વધારે ઉપયોગી કોઈ પણ કામ ગણવું નહિ અને તેમાંજ બરાબર ચિત્ત અને સ્નેહ રાખવો. ને સેવામાં ઉતાવળ કરવી નહિ. ત્યાંથી આચાર્યશ્રી આગ્રા પધાર્યા, ત્યાં શ્રી નવનીત પ્રિયાજીનાં દર્શન કરી કનોજ પધાર્યા. ત્યાં દામોદરદાસ સંભળવારને ત્યાં શ્રી દ્વારકાનાથજીનાં તથા પદ્મનાભદાસને ત્યાંથી મથુરેશજીનાં દર્શન સેવા કરી અડેલ પધાર્યા. કેટલાક દિવસ ત્યાં બિરાજી કાશી પધાર્યા. પોતાનાં માતાજીને પગે લાગ્યા. આ સ્થળે ચાર વરસમાંજ આચાર્યશ્રીએ ત્રીજી યાત્રા પૂર્ણ કરી.

આચાર્યશ્રીએ કાશીમાં નિવાસ કરી માતુશ્રીની આજ્ઞાથી ત્રીસ હજાર બ્રાહ્મણોને ભોજન કરાવ્યું. પછી શેઠ પુરુષોતમદાસે આચાર્ય શ્રીની આજ્ઞાથી પંચગંગા ઘાટ ઉપર સમસ્ત કાશીના વિદ્વાનોની એક મોટી સભા ભરી. પ્રખરવાદના અંતે ૨૭ મે દિવસે આચાર્યશ્રીએ ઉપેન્દ્ર નામના યતિ તથા બીજા કેટલાક વિદ્વાનોનો પરાજય કર્યો. પછી આચાર્યશ્રી ચરણાટ રહેવા ગયા. ત્યાં બિરાજી પોતે બ્રહ્મવાદ સિદ્ધ કરી, માયાવાદનું નિરાકરણ કરી, એક "**પત્રાવલંબન**" નામક ગ્રન્થ લખ્યો. ને કાશીમાં જઈ શ્રી કાશીવિશ્વેશ્વરના દેવળના દ્વાર ઉપર ચોઢાવ્યો. તે પત્ર વાંચી ત્યાંના વિદ્વાનો મૌન થઈ ગયા.

આચાર્યશ્રીના કેટલાક સેવકોએ અડેલમાં મકાન તૈયાર કરાવ્યાં હતાં તેમાં પોતે નિવાસ કર્યો ને કેટલાક ગ્રન્થો પણ ત્યાંજ રચ્યા.

એક વખત આચાર્યશ્રી અડેલથી આગ્રા પધાર્યા ત્યાં રસ્તામાં ગોઘાટ ઉપર રહેતા "સુરદાસજી"ને શરણે લીધા. (તેમણે સહસ્રા વધિ પદ કર્યા છે, તેમો સુરસાગર નામક ગ્રન્થ થયો છે.) તેમજ તેમના શિષ્યો પણ શરણે આવ્યા. ત્યાંથી આચાર્યશ્રી વ્રજરાજ પધાર્યા. ત્યાં એક મોટો યજ્ઞ કરી, પૂર્ણમલ ક્ષત્રીએ બંધાવેલા નવા

મંદિરમાં સંવત્ ૧૫૭૬ વૈશાખ સુદ ૩ ના રોજ શ્રી ગોવર્ધનનાથજીની સ્થાપના કરી. સેવા, શૃંગાર, ભોગ, સામગ્રી ઇત્યાદિનો ચોકશ પ્રબંધ કર્યો. કૃષ્ણદાસને અધિકારી નીમ્યા, કીર્તન સેવા કુંભનદાસજીને સોંપી ત્યાંથી આચાર્યશ્રી ગોકુળ પધાર્યા. ત્યાં શ્રી ભાગવતની કથા કરતા હતા તે વખતે કાશ્મીરના મહાન્ વિદ્વાન પંડિત કેશવભટ્ટ પોતાના માધવભટ્ટ વગેરે શિષ્યો સહિત ત્યાં આચાર્યશ્રીનાં દર્શન માટે આવ્યા ને કથા સાંભળવા બેઠાં. કથા સાંભળતાં માધવભટ્ટને આચાર્યશ્રીના ઉપર પ્રેમ ઉત્પન્ન થયો. (આ માધવભટ્ટે આચાર્યશ્રીની આજ્ઞાનુસાર સમસ્ત સુબોધીનીજી નામક ગ્રન્થ લખ્યો છે.)

શ્રી ગોકુળથી આચાર્યશ્રી મથુરાં પધાર્યા ત્યાં અભિમુક્ત ક્ષેત્ર (વિશ્રાન્તઘાટ) માં મુકામ કર્યો. કેશવભટ્ટ તથા માધવભટ્ટ પણ સાથે આવ્યા હતા. તે વખતમાં ગોકુળના કાજીએ બાદશાહના હુકમથી વિશ્રાન્તઘાટ જવાના રસ્તામાં એક એવો યંત્ર ગોઠવ્યો કે જે કોઈ હિંદુ તેની નીચે થઈને જાય તેની ચોટલી કપાઈ દાઢી થઇ જાય. આથી કોઈ હિંદુ તેની નીચે થઈને જવાને હિંમત કરે નહિ. આચાર્યશ્રી પોતાના શિષ્યો સમેત આ યંત્ર નીચે થઈ ગયા, ત્યાં સ્નાન, સંધ્યા કરી પાછા તેજ યંત્ર નીચે થઇને આવ્યા પણ તેમને કે તેમના શિષ્યોને કંઈ પણ ઈજા થઇ નહિ. આથી મથુરાંના તમામ વૈષ્ણવોએ આચાર્યશ્રીને વિનંતી કરી તે ઉપરથી પોતે પણ એક એવોજ યંત્ર લખી આપી વાસુદેવદાસ છકડા તથા કેશવભટ્ટને દિલ્હી મોકલ્યા. તેમણે તે યંત્ર ત્યાંના દરવાજે ચોઢયો. કે જે મુસલમાન તે યંત્ર નીચે થઇને જાય તેની દાઢી કપાઈ ચોટલી થઈ જાય. આ વાત બાદશાહને કાને પહોંચી. બાદશાહે કહ્યું કે કોના હુકમથી એ યંત્ર ચોઢયો છે. તેની તપાસ કરાવી તો લોકોએ દરવાજે જઈ ત્યાં મુકામ

કરી રહેલા કેશવભટ્ટ તથા વાસુદેવદાસ છકડાને પકડી લાવ્યા. બાદશાહે તેમને પૂછ્યું તેમણે કહ્યું કે આ યંત્ર આચાર્યશ્રીએ ચોઢાવ્યો છે. બાદશાહે કહ્યું કે તે ઉઠાવી લ્યો. ત્યારે તેમણે કહ્યું કે તમે મથુરાંમાં વિશ્રાન્તઘાટ ઉપર જે યંત્ર ચોઢાવ્યો છે તે તમે ઉઠાવી લેશો તોજ આ યંત્ર અમે ઉઠાવીશું. બાદશાહે તરતજ એક સાંઢણી ઉપર સ્વાર મોકલ્યો ને ગોકુળના કાજીને હુકમ કર્યો કે તમારે મથુરાંનો યંત્ર ઉઠાવી લેવો અને અમને જવાબ લખવો. અને હવેથી હિંદુઓની લાગણી દુખાય એવું કંઈ પણ કૃત્ય કરવું નહિ. થોડા દિવસ પછી એ યંત્ર ખસેડી લીધો છે એવો જવાબ આવ્યો ને તે કેશવભટ્ટને બતાવ્યો તે ઉપરથી તેમણે પણ ત્યાંનો યંત્ર ઉઠાવી લીધો. અને આચાર્યશ્રીના પરાક્રમની સઘળી હકીકત કહી સભાના લોકો ઘણા આશ્ચર્ય પામ્યા કે હિંદુઓમાં પણ કરામતવાળા ઘણા ફકીરો પડયા છે.

વિશ્રાન્તઘાટ ઉપરનો યંત્ર ઉઠાવી લીધા પછી તે જગા ઉપર જળ છાંટી પવિત્ર કરીને કહ્યું કે હવેથી આ જગાએ કોઈ પણ યંત્ર મૂકશે તો ખોટો પડશે. પછી માધવભટ્ટને આચાર્યશ્રીએ નામ મંત્ર આપી, બ્રહ્મસંબંધ કરાવી, ભક્તિમાર્ગનું રહસ્ય સમજાવ્યું. માધવભટ્ટ શ્રી ઠાકોરજીની સેવા પધરાવી પોતાને ગામ આવ્યા. કેટલાક દિવસ ત્યાં રહી પછી શ્રી ઠાકોરજીને પધરાવી અડેલ આવ્યા ત્યારથી માધવભટ્ટ આચાર્યશ્રી પાસેજ હંમેશ રહેવા લાગ્યા. આચાર્યશ્રીએ શ્રીમદ્ ભાગવતના સ્કંધ ૧-૨-૩-૧૦-૧૧-૧૨ ના ચાર અધ્યાય સુધી શ્રી સુબોધીનીજી કરી છે તે આ માધવભટ્ટ આચાર્યશ્રીની આજ્ઞા પ્રમાણે લખી લેતા.

અડેલમાં સં. ૧૫૬૭ ના ભાદરવા વદ ૧૨ ના દિવસે શ્રી ગોપીનાથજીનું પ્રાગટ્ય થયું. તેમને યથાવિધિ સંસ્કાર કરાવી આચા-

થૈશ્રી કાશી પધાર્યા. ત્યાં જ્યોતિષ્ટોમ યજ્ઞ કરી પ્રયાગ પધાર્યા. ત્યાં પણ એક જ્યોતિષ્ટોમ યજ્ઞ કરી અડેલ પધાર્યા. કેટલાક દિવસ પછી સહકુટુંબ શ્રી જગન્નાથરાયજીની યાત્રા માટે પધાર્યા. તે યાત્રા કરી કાશી થઈ ચરણાટ (ચરણાદ્રિ) પધાર્યા. ત્યાંનો રાજા આચાર્યશ્રીને શરણે આવ્યો. અને તેણે આચાર્યશ્રીને ચરણાટમાંજ રહેવાની વિનંતી કર્યાથી પોતે ત્યાંજ રહેવા લાગ્યા.

ત્યાં સંવત્ ૧૫૭૨ ના માગશર વદ ૯ ના દિવસે શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઇજી) નો પ્રાદુર્ભાવ થયો.

એક વખત આચાર્યશ્રી ગંગાસાગર પધાર્યા હતા. ત્યાં કૃષ્ણ ચૈતન્યનો મેળાપ થયો. પરસ્પર વાર્તાલાપ થતાં કૃષ્ણ ચૈતન્યે કહ્યું કે હું મારા વૈષ્ણવોને નિત્ય સવાલક્ષ વચન હરિ નામ લેવાનો બોધ કરૂં છું ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે અમે તો આખો દિવસ ને રાત પ્રભુનું નામ લેવાનું કહીએ છીએ. કારણ કે એક ક્ષણ પણ પ્રભુના નામ સ્મરણ વગર જાય તો આસુરાવેશ થાય છે.

तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्भिरेवं सततं स्थेयमित्येव मे मतिः ॥ १ ॥

એટલાજ માટે સર્વ પ્રકારે "**श्रीकृष्णः शरणं मम**" એ અષ્ટાક્ષર મંત્રનો નિરંતર જપ કરતાં પ્રભુ પરાયણ થઈને રહેવું એવો અમારો મત છે.

આચાર્યશ્રીનું ઉત્તર ચરિત્ર.

એક વખત આચાર્યશ્રી ગંગાસાગર પધાર્યા હતા. ત્યાં પોતે શ્રી ભાગવત ઉપરની શ્રી સુબોધિનીજીની ટીકા તૃતીય સ્કંધ સુધીની પુરી કરી તેવામાં આચાર્યશ્રીને શ્રી હરિના ધામમાં પધારવાની

પ્રથમ આજ્ઞા થઈ તેથી પોતે ૪ થી ૯ સ્કંધની ટીકા લખવાનું મુલતવી રાખી દશમ સ્કંધથી ટીકા કરવાનું શરૂ કર્યું. ત્યાંથી આચાર્યશ્રી વ્રજમાં પધાર્યા. ત્યાં નિજ ધામમાં પધારવાની બીજી આજ્ઞા થઈ તેથી પોતે અડેલ પધાર્યા. ત્યાં બિરાજી ૧૦–૧૧ સ્કંધની સુબોધિની પુરી કરી. પોતાનાં માતુશ્રીને પૂર્વે થએલી બે આજ્ઞાની હકીકત કહી તેટલામાં ત્રીજી વખત આજ્ઞા થઈ. તેથી આચાર્યશ્રીએ એક સભા ભરી પોતાનાં માતાજીને ઉપદેશ કર્યો, તથા સ્ત્રીનો શોક દૂર કર્યો. શ્રી ગોપીનાથજીને સિંહાસન આરોહણ કરાવ્યું. દામોદરદાસ વગેરે શિષ્યોને શ્રી વિઠ્ઠલનાથજીના રક્ષણ તથા શિક્ષણની સંભાળ લેવા કહ્યું, અને સંન્યાસની યાચના કરી પછી પોતે " **अंतःकरण प्रबोध** " નામનો ગ્રન્થ રચ્યો. પછી દામોદરદાસ વગેરેએ પોતે સંન્યાસ લઈ આચાર્યશ્રીની પાસે રહેવા જણાવ્યું ત્યારે આચાર્યશ્રીએ આજ્ઞા કરી કે તમારે સંન્યાસ લેવાની જરૂર નથી. એમ કહી આચાર્યશ્રીએ " **संन्यासनिर्णय** " નામનો ગ્રન્થ રચીને વાંચી સંભળાવ્યો અને સંન્યાસીના ધર્મો સમજાવ્યા. પછી પોતે સંન્યાસ ગ્રહણ કરી કાશી પધાર્યા. ત્યાં હનુમાન ઘાટ ઉપર સાત દિવસ સુધી પરમહંસાશ્રમમાં સ્થિતિ કરી, પછી કૌપીન આચ્છાદન ધારણ કરી શ્રી ગંગાજીના જળમાં પ્રવેશ કરવાને તૈયાર થયા, તે વખતે ત્યાં શ્રી ગોપીનાથજી વગેરે આવ્યા, તેમણે વિનંતી કરી કે અમારે હવે શું કરવું ? ત્યારે આચાર્યશ્રીએ ખડીથી એક શિલા ઉપર સાડાત્રણ શ્લોક લખ્યા જેનો " **शिक्षाश्लोकाः** " એ નામનો ગ્રન્થ છે.

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथंचन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ॥ १ ॥
सर्वथा भक्षयिष्यंति युष्मानिति मतिर्मम ।

न लौकिकः प्रभुः कृष्णो मनुतेनैव लौकिकम् ॥ २॥
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वश्चैहिकश्च सः ।
परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा ॥ ३ ॥
सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः ।

અર્થ—જ્યારે કોઈ પણ પ્રકારે તમે બહિર્મુખ (ભગવાનમાં ચિત્ત ન રાખતાં ઇતર વિષયોમાં ચિત્ત રાખતા) થશો ત્યારે કાલના પ્રવાહમાં રહેલાં દેહ અને ચિત્ત આદિ પણ સર્વ પ્રકારે તમને ભક્ષણ કરી જશે. એવો મારો મત છે.

પ્રભુ શ્રીકૃષ્ણ લૌકિક નથી, અને તે લૌકિકને માનતા નથી. માટે શ્રીકૃષ્ણને વિષેજ આપણો પ્રેમ હોવો જોઇએ. આલોક સંબંધી સર્વસ્વ તેજ શ્રીકૃષ્ણ છે, અને પરલોક પણ તેજ છે, માટે સર્વ ભાવ-વડે કરીને શ્રીકૃષ્ણજ સેવવા યોગ્ય છે. અને તમારૂં ઐહિક અને પારલૌકિક સર્વ કાર્ય તેજ કરશે.

એવામાં ત્યાં શ્રી કૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો. અને નીચેનો દોઢ શ્લોક શ્રી કૃષ્ણ ભગવાને કહ્યો.

मयि चेदस्ति विश्वासः श्रीगोपीजनवल्लभे ।
तदा कृतार्था यूयं हि शोचनीयं न कर्हिचित् ॥ १ ॥
मुक्तिर्हित्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितः ।

અર્થ—હું જે શ્રી ગોપીજનવલ્લભ છું તેને વિષે જો તમને વિશ્વાસ હશે તો તમે કૃતાર્થ છો. અને કોઈ પણ પ્રકારે શોક કર-વાને યોગ્ય નથી. અન્યથા રૂપ ત્યાગ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરવી તેનું નામ મુક્તિ છે.

આ પ્રમાણે શ્રી ગોપીનાથજી, શ્રી વિઠ્ઠલનાથજી, અને બીજા વૈષ્ણવોને શિક્ષા આપી આચાર્યશ્રીએ શ્રી ગંગાજીમાં પ્રવેશ કર્યો.

નાભિમાત્ર જળમાં નેત્ર મીંચીને પરમાનન્દ વિગ્રહ પુરુષોત્તમનું પોતાથી અભિન્ન ચિંતવન કરી, સંવત્ ૧૫૮૭ ના આષાઢ સુદ ૨ ઉપરાંત ૩ ને દિવસે મધ્યાહ્ને વખતે જવાળાપુંજ માર્ગથી વ્યાપી વૈકુંઠ (નિજધામ) માં આચાર્યશ્રી પધાર્યા. તે વખતે આકાશમાં વાજીંત્ર વાગ્યાં, અને પુષ્પની વૃષ્ટિ થઈ.

જે તેજના પુંજદ્વારા આચાર્યશ્રી નિજ ધામમાં પધાર્યા તે તેજનો પુંજ એક મહાન્ સ્થંભની માફક ગંગાજીના જળની સપાટીથી આકાશના શિરોબિંદુ સુધી લગભગ ત્રણ કલાક સુધી દેખાયો. એ જોઈને કાશીનગરના તમામ લોકો હિંદુ મુસલમાન સર્વ પ્રજા આશ્ચર્ય સહિત શોકને પ્રાપ્ત થઈ.

આવી રીતે સ્વધામમાં પધારવાની લીલાને આસુરવ્યામોહ લીલા કહે છે.

એક પાશ્ચાત્ય વિદ્વાન પોતાના "હિંદુ ધર્મો" એ નામના ઇંગ્રેજી પુસ્તકમાં આ બનાવ વિષે નીચે પ્રમાણે લખે છે.

"Having accomplished his mission, he (Vallabhacharya) is said to have entered the Ganges at Hanuman Ghat when stooping in to the water he disappeared; a brilliant blame arose from the spot and in the persence of a host of spectators, he ascended to heaven and was lost in the firmament."

Hindu Religions.

આ ભૂતળ ઉપર પોતાનો જીવન-હેતુ પુરો કર્યા પછી, એમ કહેવાય છે કે હનુમાન ઘાટ આગળ એમણે (આચાર્યશ્રીએ) ગંગા-

જીમાં પ્રવેશ કર્યો; અને જળમાં નીચા નમતાં એ અદૃશ્ય થઈ ગયા. તે વખતે એ જગા ઉપર એક તેજનો પુંજ ઉત્પન્ન થયો, અને હજારો માણુસના દેખતાં (તે તેજના પુંજદ્વારા) વૈકુંઠમાં પધાર્યા, અને આકાશમાં અદૃશ્ય થયા."

સાંપ્રદાયિક ગ્રન્થો જોતાં એમ સિદ્ધ થાય છે કે આચાર્યશ્રીએ છેલ્લાં ૪૦ વર્ષમાં ઘણા ગ્રન્થો રચ્યા છે પણ તે સઘળા પ્રાપ્ય નથી. તે માટે પ્રયત્ન કરવાની જરૂર છે.

આચાર્યશ્રીની કીર્તિ ને પ્રતાપબળ સાંભળી દિલ્હીના બાદશાહ સિકંદર લોદીને આચાર્યશ્રીનાં દર્શન કરવાની ઇચ્છા થઈ તેથી તેણે પોતાના એક હોશિયાર ચિત્રકારને વ્રજમાં આચાર્યશ્રીની છબી ઉતરાવવા મોકલ્યો. (આ છબી તેણે સં. ૧૫૬૭ માં ઉતારી હોય તેમ **"नागर समुच्चय"** નામના પુસ્તક ઉપરથી જણાય છે.) ચિત્રકારે આચાર્યશ્રીની કૃપાથી છબી ઉતારી લાવી બાદશાહને સોંપી ત્યારપછી તે છબી ઉત્તરોત્તર શાહજહાનના હાથમાં આવી તે પછી કીશનગઢના રાજા રૂપસિંહને તે છબી શાહજહાનેજ બક્ષીસ આપી, ત્યારથી તે હાલ સુધી પણ એ *છબી કીશનગઢમાંજ બિરાજે છે.

આચાર્યશ્રીના જીવનમાં જે જે આશ્ચર્યજનક બનાવો બનેલા જોવામાં આવે છે તે સઘળામાં ભગવદ્ધર્મના પ્રભાવ સિવાય અન્ય દૃષ્ટિગોચર થતું નથી. વિદ્યાનગરના સાર્વભૌમ રાજા કૃષ્ણદેવની સભામાં પંડિતો, શાસ્ત્રીઓ, ને તત્ત્વવેત્તાઓની મહાન્ સભાની વચ્ચે માત્ર ૧૩-૧૪ વર્ષની વયમાંજ બ્રહ્મવાદનું સ્થાપન કરી દિગ્વિજય મેળવવો, ત્રણ વખત પૃથ્વી પરિક્રમા કરી અનેક સ્થળોએ માયાવા-

* વધુ વિગત માટે જુઓ, આ પુસ્તકમાં આગળ કીશનગઢના વર્ણનમાં જણાવ્યું છે.

દમાં પંડિતોથી વિજય મેળવવો, અનેક તીર્થોને સનાથ કરવાં, સમસ્ત આર્યાવર્તમાં–હિંદુસ્તાનમાં વૈષ્ણવ ધર્મનું સ્થાપન કરવું, યવન બાદશાહે મથુરામાં મૂકેલા યંત્રથી નિડર રહી દિલ્હીમાં બીજો યંત્ર ગોઠવી યવનોને મ્હાત કરવા, દિલ્હી નરેશ હુમાયુ પાસેથી ગોકુળ અને ગોપાળપુરનો* પટો મેળવવો, વેદ અને બ્રહ્મસુત્રો ઉપરથી ભક્તિમાર્ગાનુસાર અનેક ગ્રન્થો રચી વૈષ્ણવોને આપેલો સદુપદેશ, અને ભક્તિમાર્ગનું કરેલું સ્થાપન એ વગેરે અતુલિત પરાક્રમો, ને અલૌકિક પ્રભાવ જોઈનેજ સમસ્ત આચાર્યો, પંડિતો, ને વિદ્વાનોએ તેમને **"અખંડ ભૂમંડલાચાર્યવર્ય શ્રી મહાપ્રભુ શ્રીમદાચાર્યજી"**ની પદવી અર્પણ કરી છે.

આચાર્યશ્રીએ પ્રકટ કરેલો સંપ્રદાય એજ આ કળિયુગમાં અને સર્વ કાળમાં સનાતન ધર્મ છે:—

सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।
स्वस्यायमेव धर्मोहि नान्यः क्वापि कदाचन ॥

બધા વખતમાં સર્વાત્મક, એટલે પતિ, પુત્ર, ધન, વગેરે બધી વસ્તુ ભગવાનનીજ છે એવો ભાવ રાખવાથી નિઃસાધન જે વ્રજભક્તો, તેમની રક્ષા કરનારા ભગવાનજ અવશ્ય સેવા કરવા લાયક છે. કારણ કે ભગવાનના ભક્તોનો ધર્મ તો પ્રભુની સેવા કરવી એજ છે. કોઈ પણ દેશ, કે આશ્રમોમાં અને કોઈ પણ વખતે પ્રભુની સેવા સિવાય ભગવદીયોનો બીજો ધર્મ નથી.

---

* હુમાયુએ આચાર્યશ્રીના પ્રભાવથી પ્રસન્ન થઈને એક એવો પટો કરી આપ્યો હતો કે ગોકુળમાં તેમજ ગિરિરાજમાં કોઈ યવને વસવું નહિ, અને કોઈ પણ પ્રકારની હિંસા કરવી નહિ, તેમજ ગોકુળ તથા ગિરિરાજ (ગોપાળપુર) ઉપર કોઈ પણ પ્રકારનો કર લેવો નહિ.



પ્રકરણ ૫મું.

મુંબાઇથી આણંદ—(વડોદરાથી ગોધરા.)

આ ગ્રંથ મુખ્યત્વે કરીને વૈષ્ણવ સંપ્રદાય માટે છે. તેથી પ્રથમ યાત્રાની શરૂઆત ક્યાંથી કરવી એ વિષે કેટલેક મતાંતર છે. કેટલાક કહે છે કે શ્રીનાથદ્વારાથી અને કેટલાક શ્રી ગોકુળ મથુરાથી કહે છે. પણ અત્રે એ સંબંધે કેટલેક વિચાર કરી અમે નિશ્ચય ઉપર આવ્યા છીએ કે યાત્રાની શરૂઆત કરવાનું સ્થાન મુંબાઇથી યોગ્ય છે. આ પસંદગીનાં કેટલાંક કારણો છે. મુખ્ય કારણ એ છે કે મુંબાઈ શહેર ભરતખંડનું અત્યુત્તમ તથા ઉદ્યોગી અને સુશોભિત શહેર છે; સૃષ્ટિના વેપારનું મુખ્ય કેન્દ્રસ્થાન છે, ભારતવર્ષનો જનસમૂહ તેને પ્રથમ પદવી આપે છે. અને દૂર દૂર પ્રદેશના લોકો, ભિન્ન ભિન્ન ભાષાઓ, અનેક પ્રકારના વેપારો, અને લોકોપયોગી વસ્તુઓ સહેજમાં પ્રાપ્ત થવાનું આ મુખ્ય બંદર છે. આ તથા બીજાં અનેક કારણોને લીધે મુંબાઈ—મોહમયી—અલબેલી નગરી

ગણાય છે. ગુર્જર પ્રજાનો મુખ્ય આધાર મુંબાઈજ છે. તેમજ ત્યાં આજકાલ આપણા સંપ્રદાયના શ્રી વલ્લભકુળના ઘણા શ્રી ગોસ્વામિ બાળકો બિરાજે છે. શ્રી ઠાકોરજીનાં ઘણાં પ્રાચીન સ્વરૂપો, જેઓ-શ્રીની સેવા ૮૪ તથા ૨૫૨ ભગવદીયો પૈકીના વૈષ્ણવોએ કરી છે તેવાં અલૌકિક સ્વરૂપો આ સ્થાને બિરાજે છે. તેથી બીજા કરતાં આ સ્થળ મુખ્ય સ્થાન ગણી શકાય છે. મારી પોતાની દૃષ્ટિએ જોતાં જેની પાસે સાધન છે તેવા ગૃહસ્થ કે નિઃસાધન વૈષ્ણવો, જો પો-તાનું ઇષ્ટ કરવા ધારતા હોય, તો બીજા કોઈ પણ સ્થળે નિવાસ કરતા પહેલાં, આ સ્થળની મુલાકાત લેવા ભલામણ કરૂં છું. કારણ કે આ સ્થળે તેમને દરેક પ્રકારનાં સાધન અનુકૂળ થાય જેવું છે. શ્રી વલ્લભકુળના ઘણા બાળકોનાં દર્શનની ઝાંખી, તેમજ શ્રી મહા-પ્રભુજી, શ્રી ગુસાંઈજીના સેવ્ય શ્રી ઠાકોરજીનાં સ્વરૂપો પણ અત્રે ઘણાં બિરાજે છે. તેમજ મર્યાદી (મરજાદી) ભાવિક ભક્તો ગૃહસ્થ ભાવિક ભક્તો, જ્ઞાન અને ભક્તિમાર્ગમાં પ્રવીણ એવા તાદૃશીય વૈષ્ણવો અહીં નિવાસ કરી રહ્યા છે તેથી આ પણ એક યાત્રાનુંજ સ્થળ કહી શકાય તેથી તે વધારે અનુકૂળ હોવાથી યાત્રાની શરૂઆત મુંબાઈથી કરીએ છીએ.

મુંબાઈથી યાત્રાની શરૂઆત કરીએ તો મુંબાઈ સંબંધે જે કંઈ લખવાનું કે જણાવવાનું હોય એ સવાલનો પ્રથમ નિર્ણય થવો જોઈએ. મુંબાઈના સંબંધમાં નહિ આવેલા એવા અજાણ્યા લોકોને મુંબાઈના સંબંધી હકીકત જણાવવીજ જોઈએ; ત્યારે મુંબાઈ સાથે સહવાસ રાખનારા તથા નિવાસ કરી રહેલાઓને તે હકીકત પ્રથમ જણાવવાથી તેમના મનમાં પિષ્ટપેષણ જેવું લાગશે, અને નિરુત્સાહી બનશે. એમ ધારી મુંબાઈ સંબંધે જે કંઈ લખવાનું છે તે યાત્રા

કરીને પાછા ફરતાં જ્યારે આપણે મુંબાઈમાં આવીશું ત્યારે જણાવીશું.

મુંબાઈથી પ્રથમ પ્રયાણ કરવાનાં સાધનો બે જાતનાં છે. એક રેલ્વે-આગગાડી, બીજું સ્ટીમર કે આગબોટ. આ બે સાધનો મુખ્ય છે. ત્યારે તે સાધનદ્વારા જવાના રસ્તા ઘણા છે. જેવા કે રેલ્વેમાં બેસી છેક દક્ષિણમાં રામેશ્વર, મદ્રાસ, જગન્નાથ, કલકત્તા, અયોધ્યા, કાશી, મથુરા, હરદ્વાર, પંજાબ, સિંધમાં કચ્છ, દ્વારકા, ને પોરબંદર, થઈ મુંબાઈ અવાય છે. આ સિવાય પંજાબમેલ યા ગુજરાતમેલદ્વારા રતલામ કે અમદાવાદ થઈ સઘળી યાત્રા કરી પાછા મુંબાઈ અવાય છે. તે સિવાય રેલ્વેના ઘણા રસ્તા છે. સ્ટીમરમાં થઈ દ્વારકા જવાય છે. દક્ષિણમાં પણ રામેશ્વર, મદ્રાસ, જગન્નાથ, કલકત્તાથી વહાણદ્વારા અયોધ્યા સુધી આવી રેલ્વે મારફતે પાછા મુંબાઈ અવાય છે.

આ સામાન્ય રૂપરેષા બતાવી છે. આપણે શરૂઆતની મુસાફરી રેલ્વે રસ્તે કરીશું. તેમાં પણ પ્રથમ બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વે માર્ગે વિચરીશું.

રેલ્વેમાં મુસાફરી કરવાનું અને તેના કાયદા જાણવાનું સામાન્ય જ્ઞાન દરેક માણસને જરૂર પૂરતું હોય છેજ. છતાં પણ જ્યારે દૂર દેશની મુસાફરીએ જઈએ ત્યારે તેથી પણ વધારે જ્ઞાન મેળવવું જરૂરનું છે. તેથી અમોએ તે માટે ગત પ્રકરણમાં કેટલોક ઉલ્લેખ કર્યો છે.

યાત્રાનો ઉદ્દેશ તથા ગ્રંથ લખવાની અભિલાષા પહેલા બે પ્રકરણમાં યથાસ્થિત વર્ણવેલી છે, તેથી આ સ્થળે લખવાની આવશ્યકતા નથી. મુંબાઈની યાત્રા પાછા ફરતી વખતે કરવાની છે, એટલે હવે અહીંથી પ્રયાણ કરીશું.

આ સ્થળ ભારતભૂમિને વિષે આવેલું છે, અને ગુર્જર પ્રજાના વેપારનું મુખ્ય સ્થાન છે. આ નગર લૌકિક અને અલૌકિક આનંદ

આપનાર, વેપાર વણજમાં આગળ વધેલું, અને યુરોપી પ્રજાના વસવાટથી સુધારાના શિખરે ચઢેલું રમણીય અને ઘણુંજ સુંદર છે. તેની અંદર આવેલા ગગનમંડળની સાથે વાર્તાલાપ કરતા બંગલાઓ, બાગ–બગીચા, હૉટેલો, ગાડી, ટ્રામ વગેરે પ્રેક્ષકના હૃદયમાં આનંદ આપે છે. આ નગર સંપૂર્ણ સગવડવાળું છે, અને તેમાં નામદાર ગવર્નર સાહેબની રાજ્યગાદી છે. આ મોહમયી–અલબેલી મુંબાઇ નગરીની શોભા પાછા ફરતી વખતે જોવાનો ઈરાદો રાખી આગળ બીજાં તીર્થક્ષેત્રોમાં જવું એ ઉત્તમ છે. પરંતુ તે સંબંધે કંઈક ઐતિહાસિક કથા જાણવી જરૂરની છે.

આ બંદર ઇ. સ. ના ચૌદમા તથા પંદરમા સૈકામાં નાનું ગામડું હતું. ત્યાંનાં હવાપાણી ઘણાંજ ખરાબ હતાં. આથી પરદેશી માણસો ત્યાં રહી શકતાં નહિ. પરંતુ ઇ. સ. ૧૬૬૮ માં તે ગામડું–હાલનું નગર ઈંગ્લૅન્ડના રાજા બીજા ચાર્લ્સ પાસેથી કંપનિ સરકારને કબજામાં મળ્યું ત્યારથી તેમાં દિનપ્રતિદિન સુધારો થતો ગયો અને હજુ પણ થાય છે. હાલની મુંબાઈ અને તે વખતની મુંબાઈમાં તફાવત ઘણોજ થઈ ગયો છે, તેથી મુકાબલો કરી શકાય તેમ નથી. અત્યારે દરેક જાતનાં સાધન ત્યાં મળે છે તેથી ઘણી અડચણો દૂર થઈ છે. આ બંદરને બાર સ્ટેશન છે. પ્રથમ કોલાબાનું મુખ્ય સ્ટેશન છે. દરેક અગ્નિરથ અહીંજ અટકે છે. અને અહીંથીજ ઉપડે છે, મુસાફરી ફાસ્ટ ટ્રેન મારફત કરવીજ યોગ્ય છે. કારણ કે મેલ ટ્રેનનું ભાડું વધારે હોય છે, ત્યારે લોકલ તથા ફાસ્ટ ટ્રેનનું ભાડું સરખુંજ છે; પરંતુ લોકલ ટ્રેન કરતાં ફાસ્ટ ટ્રેન વધુ ઝડપથી જાય છે, તથા મુખ્ય મુખ્ય સ્ટેશનોએ મથક કરતી હોવાથી આ ટ્રેન વધારે અનુકૂળ છે. મુંબાઈનાં બાર સ્ટેશનો પૈકી ફાવે તે સ્ટેશનથી બેસી શકાય છે. જેને જે

સ્ટેશનથી સુગમ પડે તે સ્ટેશનથી મુસાફરી કરી શકે છે, પરંતુ વિ- શેષે કરીને ગ્રાન્ટરોડનું સ્ટેશન વધારે અનુકૂળ જણાય છે. જી. આઈ. પી. રેલ્વે સાથે આ સ્ટેશનને સંબંધ હોવાથી તે તરફના મુસાફરોને તથા મુંબાઈથી પ્રયાણ કરનારને વધારે ઉપયોગી જણાય છે. ગ્રાન્ટ- રોડ પછી માટુંગા તથા હવાને માટે પ્રસિદ્ધ માહીમ બંદર આવે છે. આ સ્થળે મુંબાઈવાસી જનો પ્લેગની ભીતિને લીધે અગર ચો- ખ્ખી હવાને માટે બંગલાઓ બંધાવી રહે છે. મુંબઈ નગરીની સરહદ અહીં પુરી થાય છે. પરંતુ બંદર સાથે વેપારવણજમાં સંબંધ રાખતાં અન્ય સ્થળો જેવાં કે શાંતાક્રુઝ, અંધેરી, ગોરેગાંવ, માલાડ, બારેવલી, ભાયંદર, બસીનરોડ, નાલા, સોપારી, વિરાર, સારૂલા, તથા પાલઘડ નજીકમાં હોવાથી તથા ટ્રેનોની પૂરતી સગવડ હોવાથી મુંબા- ઈનાં સ્થળપ્રત ગણાય છે. ભાયંદર મીઠાના પાકના માટે પ્રખ્યાત છે, બસીનરોડ (વસાઈ) તેની મજબુત બાંધણીના કિલ્લાને માટે તથા પાલઘડ શાક-તરકારી તથા કેળાંને માટે પ્રખ્યાત છે. મુંબાઈની બધી પ્રજાનો આધાર આસપાસ આવેલાં ગામડાં ઉપરજ છે. શાક તરકારી, દૂધ, ફળફળાદિ આ ઉપરોક્ત પ્રદેશમાં ઉત્પન્ન થતાં હોવાથી તેમને મુંબાઈનાં સ્થળપ્રતજ ગણેલાં છે.

ગ્રાન્ટરોડથી ઉપડેલી ગાડી દાદર, વાંદરા, પાલઘડ, ઉદવાડા, વલસાડ, બીલીમોરા, નવસારી વગેરે સ્ટેશનો એક પછી એક મૂકી લગભગ ૬ કલાકમાં સુરત આવી પહોંચે છે. મુંબાઈ અને સુરતની વચ્ચે ૧૫૪ માઈલનું અંતર છે. સુરત યાત્રાનું સ્થળ છે માટે યાત્રા- ળુઓએ આ જગાએ ઉતરી નીચે પ્રમાણે દર્શાવેલાં મંદિરોની અંદર દર્શન-સેવા કરવી.

સુરત.

પવિત્ર સૂર્યપુત્રી તાપી નદીને કિનારે આવેલું સુરત પહેલાં સોનાની મૂર્તિરૂપ ગણાતું હતું. મુંબાઈ વસ્યું નહોતું ત્યારે પરદેશી લોકો વલંદા, પોર્ટુગીઝ, ફ્રેન્ચ, અને અંગ્રેજ વેપારીઓ આજ શહેરમાં રહેતા હતા. અત્યારે સુરત પડતી હાલતમાં છે. તેનો હસ્તકૃત વેપાર પાયમાલ સ્થિતિમાં આવી ગયો છે, છતાં એક વખતનું સુરત તે સુરતજ છે. અત્યારે પણ મુંબાઈ તથા સુરત માટે નવરાત્રિના ગરબામાં ગવાય છે કે—

"સારૂં સારૂં રે સુરત શહેર મુંબાઈ અલબેલી"

આ સુરતનું ભીલ લોકોથી રક્ષણ કરવા માટે ત્યાં ઈ. સ. ૧૩૭૩ માં કિલ્લો બાંધવામાં આવ્યો હતો. અત્યારનું સુરત ગોપી નામના એક હિંદુ ગૃહસ્થે બંધાવ્યાનું જણાય છે. વળી કેટલાક તેને એક નાયકણે બંધાવ્યું એમ પણ કહે છે. આવી અનેક દંતકથાઓ સુરત માટે સંભળાય છે.

સુરતમાં રેશમી કાપડ, કીનખાબ, જરી, ને કલાબતુનું કામ ઘણા ઉત્તમ પ્રકારે થાય છે. સુરતનું જમણ પણ વિશેષ વખણાય છે. સુરતમાં રંગનું અને નકશીનું કામ પણ વખાણવા લાયક થાય છે. સુરત હાલમાં પડતી હાલતમાં હોવા છતાં પણ જોવાલાયક છે. પેશ્વાના અમલ સુધી સુરત લુંટાયા કર્યું હતું, અને તે ઉપરાંત રેલ તથા અગ્નિએ ભારે ત્રાસ વર્તાવ્યો હતો. કવિ નર્મદાશંકર, નવલરામ, નંદશંકર વગેરે નરરત્નોની જન્મભૂમિ સુરતજ હતી. સુરતમાં હિંદુઓનાં મંદિરો, જૈનોનાં દેરાસરો, મુસલમાનોની મસજીદો, અને ક્રિશ્ચનોનાં દેવળો આવેલાં છે. આ ઉપરથી સુરત દરેક જાતને અભિમાન

ધરવા જેવું મોટું સ્થળ કહી શકાય એમ છે. સુરતથી બે ત્રણ મા-ઈલિ છેટે અશ્વિનિકુમારનો ઘાટ છે. આ ઘાટ પવિત્ર મનાય છે, અને હિંદુ લોકોનાં શબને અહીં અગ્નિસંસ્કાર કરેવામાં આવે છે.

સુરતનો ઠાઠ અત્યારે પણ એવોજ છે. મુસલમાન પાદશાહોના વખતની જાહોજલાલીનું નિશાન અદ્યાપિ પર્યંત કાયમજ છે.

વૈષ્ણવો ! આપણો ઇરાદો યાત્રાનો છે, તેથી અન્ય સ્થળોનું દિગ્દર્શન કરવાનું તથા ઐતિહાસિક વૃત્તાંત જાણવાનું વખત મળે કરીશું. પ્રથમ સ્ટેશને ઉતર્યા પછી ઉતારો કરવાની સવડ કરવી. સ્ટેશનની સામે એક ધર્મશાળા છે ત્યાં ઉતરવું, પરંતુ તે કરતાં વિશેષ આનંદદાયક, સગવડવાળું, અને ઉત્તમ સ્થળ વૈષ્ણવોને માટે શ્રી બાલકૃષ્ણલાલજીનું મોટું મંદિર પ્રખ્યાત છે. ગાડી ભાડે કરી મોટા મંદિરે જવું અને ત્યાંના દ્વારપાળને સૂચના આપવાથી તરતજ વગર ઢીલે એક ઓરડી, તાળુંકુંચી, પાણીને માટે માટલી વગેરે આપી ઇલાયદો બંદોબસ્ત કરી આપે છે. ત્યાં મુકામ કરવો અથવા મરજાદી વૈષ્ણ-વોને ઉતરવા માટે નાનીબા કરીને મરજાદી વૈષ્ણવબાઈનું ઘર છે. તેઓ વૈષ્ણવનું સારૂં સન્માન કરે છે. બીજા વૈષ્ણવોને પણ ઉતરવાની સારી સવડ આપે છે માટે ભાવિક વૈષ્ણવોએ ત્યાંજ ઉતરવું. પછી શ્રી બાલકૃષ્ણલાલજીનાં દર્શનાર્થે જવું. આ શ્રી ઠાકોરજી સાત સ્વરૂપ નિધિ પૈકી છઠ્ઠા ઘરના મનાય છે. શ્રી મહાપ્રભુજી જ્યારે શ્રી યમુના-જીમાં સ્નાન કરતા હતા તે વખતે પોતાની જનોઇમાં ઉરઝી આવ્યા. તે સ્વરૂપ શ્રી મહાપ્રભુજીએ પધરાવી આપ્યું હતું.

આ સ્વરૂપ શ્રી દ્વારિકાધીશજીની ગોદમાં બીરાજતું હતું, અને પારણામાં પણ એમનેજ પધરાવવામાં આવતા હતા. શ્રી બાલકૃષ્ણજીના પ્રપૌત્ર શ્રી વજરાયજીએ (સં. ૧૬૮૨ મહા વદિ ૨) મોગલ શહેન-

શાહ શાહજહાનને પ્રસન્ન કરીને શ્રી બાલકૃષ્ણજીને પોતાને માથે પધરાવીને તેઓ સુરત પધાર્યા. જ્યારે શ્રી વ્રજરાયજી લીલા વિસ્તાર્યા તે સમયે પોતાના ભત્રિજા દશદિગંત વિજયી શ્રી પુરુષોત્તમજી કને વચન લીધું કે આ સ્વરૂપની સેવા આપેજ કરવી અને જો કે કરાર પ્રમાણે આ સ્વરૂપ કાંકરોલી પાછું પધરાવવું પડશે, તોપણ ત્યાંથી ગમે તે પ્રકારે આપે પાછું પધરાવી લાવવું.

શ્રી વ્રજરાયજીના લીલા વિસ્તાર્યા પછી શ્રી વ્રજભૂષણજી મહારાજ શ્રી બાલકૃષ્ણજીના સ્વરૂપને પાછા કાંકરોલી પધરાવી ગયા હતા. ત્યારપછી દશદિગન્ત વિજયી લેખવાળા શ્રી પુરુષોત્તમજી, કાકાજી શ્રી વ્રજરાયજીને જે વચન આપેલું તે પૂર્ણ કરવાને આપે પત્રથી તિલકાયિત સાથે મૈત્રી કરી, એક માસ કાંકરોલી રહ્યા, અને ત્યાંથી એક દિવસ સાયંકાળે શયન આરતિ પછી શ્રી બાલકૃષ્ણજીને પોતાના માથે પોતાની ચોટીમાં ગુપ્ત રીતે પધરાવી રાતોરાત ત્યાંથી સુરત પધરાવી લાવ્યા. ત્યારથી શ્રી બાલકૃષ્ણજી સુરતમાં બીરાજે છે શ્રી પુરુષોત્તમજીના લીલા વિસ્તાર્યા પછી એમનો વંશ તિરોધાન પામવાથી ગોસ્વામીની શ્રી મહારાણી વહુજીએ શ્રી ગોકુલોત્સવ મહારાજને આગ્રહથી એ સેવા પધરાવી આપી. ત્યારપછી તેમના લાલજી શ્રી વ્રજરાયજી એ સ્વરૂપની સેવા કરતા હતા. હાલમાં તેઓશ્રીના પૌત્ર શ્રી વ્રજરત્નજી એ સ્વરૂપની સેવા કરે છે. આ મહારાજશ્રી વિદ્વાન હોઈ સભાઓમાં ભાષણો કરી વૈષ્ણવોને ઉપદેશ સારો આપે છે.

આ સ્વરૂપનું દર્શનજ મનને આનંદ આપે છે. તેઓશ્રીના સ્વરૂપનું ધોળ નીચે પ્રમાણે છે જે વાંચવાથી સ્વરૂપનો યથાર્થ અનુભવ થશે.

"ઓ જસોદાજી આવડો લાડકવાયો લાલ ન કીજીએ" એ રાગ.

મણિમય ભૂમિ મહાવનમાં શ્રી જસોદાજી ઘર સોહે;
શ્રી બાલકૃષ્ણજી ખેલે છે, માખણ મીશ્રી મુખ મેલે છે,
એવી બાળલીલા રસ રેલે છે. મણિમય. ૧
હળવે હળવે ઘુટુરન ચાલે, પ્રતિબિંબ જોઈને તે ઝાલે;
એવાં અદ્‌ભુત સુખ જનનીને આલે. મણિમય. ૨
નેપુર કટિ કિંકણી વાજે છે, શબ્દ સૂણીને રતિપતિ લાજે છે;
એવી ઉપમા નંદ ઘેર છાજે છે. મણિમય. ૩
ઝગુલી ટોપી અંગે ઓપી, મુખ શોભા જોઈ રહ્યાં ગોપી;
તેણે કુળ મરજાદા સહુ લોપી. મણિમય. ૪
વહાલો રત્નજડિત ઝુલે પલના, ઝુલાવે સૌ વ્રજની લલના;
મુખ જોયા વિના ન પડે કલના. મણિમય. ૫
વહાલે શકટ પુતનાને મારી, સ્તનપાન કરી તેને તારી,
એ છબી પર નિજજન બલિહારી. મણિમય. ૬

આ ધોળ તેઓશ્રીનીજ સેવા કરતાર શ્રી યશોદા બેટીજીએ બનાવ્યું છે. તેમણે આવાં સાતે સ્વરૂપનાં અનેક ધોળ નિજજનની આપથી બનાવ્યાં છે, જે "શ્રી યશોદા બેટીજીનાં ધોળ પદ" એ નામના પુસ્તકરૂપે બહાર પ્રગટ થયાં છે.

પદ ૨ જું.

વંદો શ્રી બાલકૃષ્ણ નવ બાલ,
જસુમતિ ગૃહ ઝુલતહે પલના, રસલીલામેં અધિક રસાલ. ૧.
કઠુલા કંઠ ભ્રુકુટિ મસી બિંદુકા, તિલક વિચિત્ર બિરાજત ભાલ,
રસિકરાયકે દાસકી વિનતી, શરણ રાખીએ કરી પ્રતિપાલ. ૨

આ સિવાય ગોપીપુરામાં એક મંદિર છે, તેમાં શ્રી નવનીતપ્રિયાજીનું સ્વરૂપ બિરાજે છે. આ મંદિર કામ્યવનસ્થ શ્રી વલ્લભલાલ બાવાના તાબામાં છે અને તે શ્રી ગુસાંઈજીના સેવ્ય છે. આ શ્રી ઠાકુરજી પરમ ભાગ્યવાન ૨૫૨ ભગવદીયો પૈકી ભગવદીય જીવા પારેખને માથે બિરાજતા હતા. આ પરમ ભાગ્યવાન અને શ્રી ગુસાંઈજીની કૃપાપાત્ર ભગવદીય જીવા પારેખ ત્રંબાવટી (ખંભાત) નગરીના રહીશ હતા. એક વખત તેમના જેવાજ ભગવદીય માધવદાસ દલાલે પૂછ્યું કે અન્યાશ્રય કોને કહેવાય ? જીવા પારેખે સમજાવ્યું કે કૃષ્ણ વિના બીજા અંશાવતારના ભજન પર્યંતથી તે લૌકિક માણસનો આશ્રય રાખવા સુધી અન્યાશ્રય થાય છે. સર્વત્ર વ્યાપક માની બીજા દેવની પૂજા કરે તો તે પણ બાધકરૂપ છે. કારણ કે અનેક દેવરૂપી ભગવાન થયા છે. પરંતુ એક એક દેવની વિધિ પૂર્વક જો પૂજા કરે તો તેત્રીસ કરોડ દેવની પૂજા કલિયુગના અલ્પાયુષી જીવોથી થઈ શકે નહિ, તેથી સર્વવ્યાપક પૂર્ણ પુરુષોત્તમ એકલાનેજ અનન્ય ભાવથી સેવવા. આ વગેરે અનેક બોધ આ વાર્તામાંથી મળે છે. વધુ વિગત માટે ભાવિક વૈષ્ણવોએ ૨૫૨ વૈષ્ણવની વાર્તા જોઈ લેવી.

અહીંથી શ્રીની ઝાંખી કરી વૈષ્ણવોએ શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક જે અશ્વિનિકુમારના ઓવારા પાસે શહેરથી ત્રણ માઈલ દૂર આવેલી છે, ત્યાં દર્શન નિમિત્તે જવું. અહીંઆં શ્રી મહાપ્રભુજીએ સપ્તાહ કરી હતી. જ્યાંસુધી શ્રી આચાર્યજી મહાપ્રભુજી સપ્તાહ કરતા હતા ત્યાંસુધી સૂર્યપુત્રી તાપીજી સ્રીરૂપે પધારી શ્રી મહાપ્રભુજીને પંખો કરતાં હતાં અને સમય પુરો થતાં અદ્રશ્ય થઈ જતાં. જ્યારે સપ્તાહ પૂર્ણ થઈ ત્યારે સૂર્યપુત્રીજી શ્રી મહાપ્રભુજીને દંડવત્ કરી ચરણોદક લઈ પોતાના આશ્રમમાં ગયાં. આ પ્રસંગે કૃષ્ણ-

દાસ મેઘને તત્ સંબંધે ખુલાસો પૂછ્યો, ત્યારે આપશ્રીએ સ્વમુખે પ્રત્યુત્તર આપ્યો કે સપ્તાહ શ્રવણ કરવાની અભિલાષાથી સૂર્યનારાયણની પુત્રી તાપીજી સ્ત્રી સ્વરૂપે પધાર્યાં હતાં. આ માહાત્મ્ય જોઈ અનેક દૈવી જીવો શરણે આવ્યા. શ્રી મહાપ્રભુજીની કૃપા શું કરી શકતી નથી? કૃપાનું માહાત્મ્ય કેવું અને કેટલું અલૌકિક છે. શ્રી મહાપ્રભુજીની કૃપા મેળવવાને વિરહ ભાવના-અંતરની લાગણીઓનીજ જરૂર છે, અને આટલા માટે પુષ્ટિમાર્ગમાં નિષ્કામ પ્રેમથી શ્રી પ્રભુની પ્રથમ, અને ભાવથી સેવા કરવાનું જણાવ્યું છે. કૃષ્ણદાસ મેઘનના સંબંધમાં ઘણા પ્રસંગો વર્ણવેલા છે. પણ તેમાં એક પ્રસંગ એવો છે કે જ્યાં વૈષ્ણવનું શું કર્તવ્ય છે, તે શ્રી મહાપ્રભુજીએ વાર્તાલાપમાં યથાર્થ સમજાવ્યું છે. (વધુ વીગત માટે ચોરાસી વૈષ્ણવની વાર્તાનો ગ્રંથ વાંચવો.) આ સ્થળે શ્રી મહાપ્રભુજીની બેઠકનું વૃત્તાન્ત આપવું યોગ્ય ધાર્યું છે. બેઠક શહેરથી ત્રણ ચાર માઈલ દૂર છે, તેથી શહેરમાંથી ઘોડાગાડી ભાડે કરી જવાય છે. આ બેઠક શ્રી મહાપ્રભુજીની ૮૪ બેઠકો પૈકીની ૫૩ મી બેઠક છે. આ બેઠક શ્રી નાથદ્વારસ્થ ગોસ્વામિ તિલકાયિત શ્રી ગોવર્ધનલાલજી મહારાજના તાબામાં છે. ત્યાં બેઠકમાં સેવા કરવાની ઇચ્છા રાખનારા વૈષ્ણવોએ અસ્પર્શમાં સ્નાન કરી માળા જનોઈ બદલી ઝારીજી ભરવાં અને ભોગ ધરી ચરણ સ્પર્શ વગેરે નાના પ્રકારની સેવા ઇચ્છાનુસાર કરવી.

ભાવિક વૈષ્ણવો! જ્યાં જ્યાં શ્રી મહાપ્રભુજીની અને શ્રી ગુસાંઈજીની બેઠકો આવે ત્યાં આગળ મુખીઆજીને સેવાનો અને ભેટનો વિધિ પૂછી સ્થિતિ પ્રમાણે સમય અનુકૂળ હોય તો અવશ્ય અસ્પર્શમાં સ્નાન કરવા માટે મુખીઆજીને વિનંતી કરવી, અને ત્યાંના

બાદ તે બતાવે તે સેવા કરવી. અને અસ્પર્શમાંજ શ્રી મહાપ્રભુ
અગર શ્રી ગુસાંઈજીની સન્મુખ એક ચિત્તે શ્રી સર્વોત્તમજીનો* પ
અવશ્ય કરવો. આથી શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ તથા માર્ગનો સિદ્ધા
હૃદયારુઢ થશે. બ્રહ્મસંબંધનો મંત્ર અર્થાત્ ગદ્યમંત્રનું અનુસંધા
વૈષ્ણવોની સાથે અસ્પર્શમાં બની શકે માટે વૈષ્ણવો સાથે ગદ્યમંત્ર
અનુસંધાન કરવું. આજ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ છે. પુષ્ટિમાર્ગનું ફ
શ્રી મહાપ્રભુજીની કૃપાથી મેળવી શકાય છે, અને શ્રી મહાપ્રભુજી
કૃપા તેમની જ્યાં જ્યાં બેઠકો હોય ત્યાં ત્યાં વારંવાર જવાથી અ
અસ્પર્શમાં નાહી ઝારીજી ભરવાની અને બીજી સેવા ટહેલ કરવા
તેમજ સર્વોત્તમજીના પાઠનું મનન શ્રી સન્મુખ કરવાથીજ પ્રાપ્ત થા
છે, માટે વૈષ્ણવોએ આ સુખ લેવા માટે કદી પણ ચૂકવું નહિ
આથીજ માર્ગનું રહસ્ય સમજાશે. અને સંગ કરવા જેવા ભગવદી
પણ આવા સ્થળેજ મળી આવશે.

ભાવિક વૈષ્ણવો ! આ પ્રમાણે સુરત શહેરમાં શ્રી મહાપ્રભુજી
બેઠકનાં તથા બીજા મંદિરોમાં બિરાજતા શ્રી ઠાકોરજીનાં દર્શન ક
મુકામ ઉપર પાછા ફરવું, જો વખત હોય તો શહેરમાં આવે
બીજાં સ્થળો જોવા જવું, અને ઇચ્છા ન હોય તો ઉતારામાં સ
સામાન વગેરે રહેવા દઈ ત્યાંથી ડુમસ જવું. કારણ કે સુરત
આચાર્યશ્રી આગળ ચાલ્યા હતા અને જ્યાં તાપી નદી સમુદ્રને મ
છે ત્યાં દુર્વાસાક્ષેત્રમાં ગયા હતા. દુર્વાસાક્ષેત્રને ડુમસ પણ કહે

---

* શ્રી સર્વોત્તમ સ્તોત્રનું પુસ્તક અમારે ત્યાંથી વિના મૂ
આપવામાં આવે છે, માટે જિજ્ઞાસુએ એક અડધા આનાની પોસ્ટ
ટિકિટ મોકલી સત્વર મંગાવવું.

આ સ્થળમાં એક યોગી જેનો એક હાથ તથા એક પગ ઘણાં વર્ષોથી તપશ્ચર્યા કરવાથી સૂકાઈ ગયો હતો એવો જોયો. આ યોગી ભગવાનનાં દર્શનની લાલસા રાખતો હતો. પરંતુ ઘણાં વર્ષો વીત્યા છતાં શ્રીના સ્વરૂપનાં દર્શન થયાં ન હતાં. ત્યારે શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે આમ તપ કરવાથી પ્રભુ મળી શકશે નહિ. કારણ કે ભગવાને ગીતાજીમાં શ્રી મુખે કહ્યું છે કેઃ—

नवेदयज्ञाध्ययनैर्नदानैर्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥
(गीता अ. ११–४८)

ભાવાર્થ—હે કુરુકુળમાં શ્રેષ્ઠ ! એ રૂપને આ મનુષ્ય લોકમાં તારા વગર બીજો કોઈ પણ—નહિ વેદથી નહિ યજ્ઞથી, નહિ અધ્યયનથી, નહિ દાનથી, નહિ ધ્યાનથી, નહિ ક્રિયાથી, કે ઉગ્રતપથી—જોવાને શક્તિમાન છેજ નહિ. પરંતુ ભક્તિવડે હું વશ છું, અને મનુષ્ય* ભક્તિથી મારાં દર્શન કરી શકે છે, માટે જો તમારે દર્શનની અભિલાષા હોય તો ભાવસહિત ભક્તિ કરો. એ સાંભળી યોગીએ શ્રી આચાર્યજીનું શરણ લીધું. અને ભક્તિમાર્ગ ગ્રહણ કર્યો.

---

* કૃષ્ણદાસ મેઘને જ્યારે શ્રી મહાપ્રભુજીને પૂછ્યું કે ભક્ત હોવા છતાં શ્રી ઠાકોરજીની લીલાનું રહસ્ય જાણતા નથી તેનું શું કારણ ? આપશ્રીએ જવાબ આપ્યો કે માત્ર શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ વાંચવાથી પુષ્ટિમાર્ગમાં કયા પ્રભુ સેવ્ય છે તે જાણી શકાતું નથી; પણ પુષ્ટિમાર્ગીય ભગવદ્‌ભક્તોનો પ્રીતિપૂર્વક સંગ કરે તોજ માર્ગના સઘળા સિદ્ધાન્ત જાણવામાં આવે માટે માર્ગના રહસ્યનો અને પ્રભુના સ્વરૂપનો યથાર્થ ભેદ જાણવો હોય તો ભગવદ્‌ભક્તોનો સંગ કરવો, જેમના સંગથી પ્રભુ અવશ્ય કૃપા કરશેજ.

ડુમસથી પાછા સુરત આવી ઓરડી તથા અન્ય સાધન જે આપણને સોંપવામાં આવેલું હોય તે પાછું સોંપી યથાવિધિ મંદિરમાં ભેટ મૂકીને ભરૂચની યાત્રાને માટે સ્ટેશને જવું.

રાગ બિહાગરો.

રે મન તું માયાકો દાસ,
મેરી મેરી કરી જન્મ ગુમાયો, [1]બધ્યો કુટુંબકે પાસ. ૧.
શ્રી વાગધીશ પદ રજ નહિ સેવ્યો, કીયો ન વ્રજકો વાસ,
ચોરાસી મહાભક્ત કથારસ, સુની ન ઊઠયો ઉલ્લાસ. ૨.
ન બેઠો વૈષ્ણવ મંડલીમાં, ભયો કાળકો ગ્રાસ,
રસિકદાસ જન કોઉ બલનાહી, ચરણ કમલકી આસ. ૩.

આ પદ વૈરાગ્યનું અને પ્રભુના ઉપર પ્રીતિ કરાવનાર હોવાથી અત્રે દાખલ કરવામાં આવ્યું છે. યાત્રાર્થે નીકળેલા વૈષ્ણવો આ પદનું મનન કરશે તો તેઓનું જરૂરથી પ્રભુના ઉપર પ્રીતિ કરવાનું મન થશે.

ભરૂચ.

સુરતથી ટાપ્ટીવેલી રેલ્વે મારફતે શ્રી મહાપ્રભુજીની પ્રાકટ્યભૂમિ શ્રી ચંપારણ્યમાં જવાય છે, પરંતુ ત્યાં હાલ જવાનું નહિ રાખતાં પાછા ફરતી વખતે જવું. સુરતથી ભરૂચની ટિકિટ લઈ ત્યાં યાત્રા કરવા પ્રથમ પ્રયાણ કરવું. સુરતથી ઉપડેલી ફાસ્ટ ટ્રેન સાયન અને અંકલેશ્વર ઉભી રહે છે. અંકલેશ્વરથી એક નવી લાઈન રાજપીપળા સ્ટેટ તરફ જાય છે ને બીજી લાઈન શ્રીમંત નામદાર ગાયકવાડ સરકારની ડભોઈ રેલ્વે જાય છે. અંકલેશ્વરથી ભરૂચ આવે છે અહીં

---

1 બંધાયો.

વૈષ્ણવોએ યાત્રા કરવા સારૂ ઉતરવું. સુરત અને ભરૂચ વચ્ચેનુ અંતર લગભગ ૩૭ માઇલ છે મુંબાઇથી ભરૂચ ૨૦૪ માઇલ દૂર આવેલું છે.

પવિત્ર, કલ્યાણી, અને પ્રચંડ વેગવાળી, વર્ષાઋતુમાં ભયંકર દેખાવવાળી નર્મદા નદીને કાંઠે આ પ્રાચીન શહેર આવેલું છે, અને વંદન કરવા યોગ્ય ભૃગુઋષિના નામ ઉપરથી પડેલું હોય એમ જણાય છે અને તેથીજ ભરૂચને ભૃગુકચ્છ પણ કહેવાય છે. આ ભૃગુ ઋષિના આશ્રમ તરીકે નર્મદા નદીના કાંઠા ઉપર એક સ્થાનક છે, અને ત્યાં શ્રી શંકરનું દેવસ્થાન છે. ભરૂચની આસપાસનો પ્રદેશ ખારી જમીનવાળો અને ઉજ્જડ હોવાનું જણાય છે. ભરૂચ પ્રાચીન વખતે મોટું બંદર હોવાથી પાડોશના બધા રાજા તે મેળવવાને ઉત્કણ્ઠા રાખતા હતા. ભરૂચમાં દશાશ્વમેધ કરીને જે ઓવારો છે તે બહુ પવિત્ર મનાય છે. ઘણા લોકો અત્રે સ્નાન કરવાને અર્થેજ આવે છે. વેપારની બાબતમાં ભરૂચ પણ અત્યારે ચઢતી હાલતમાં છે. રૂ, અનાજ, નાળીએર વગેરે ચીજોનો વેપાર ઉત્તમ પ્રકારે ચાલે છે. અત્યારે જો કે તેની પ્રાચીન કારીગરી વગેરે નષ્ટ પામ્યાં છે, છતાં ઉદ્યોગમાં ખીલતું અને આગળ વધતું જણાય છે.

વૈષ્ણવોએ ભરૂચ સ્ટેશને ઉતર્યા પછી ઉતારાના માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીની બેઠક તરફ જવું. અહીં સુરતમાં આવેલા શ્રી બાલકૃષ્ણલાલજીના મંદિરની માફક વૈષ્ણવોને ઉતરવાની સારી સગવડ છે. ભંડારી અથવા અધિકારીજીને ખબર આપવાથી ઓરડી, તાળુંકુંચી પાણી વગેરે સાધન આપી ઇલાયદો બંદોબસ્ત કરી આપવામાં આવે છે. યાત્રાળુઓને કોઈ પણ જાતની હરકત થતી નથી. આ બેઠક શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠકો પૈકી ૫૪ મી બેઠક છે. આ બેઠક કાંકરોલીવાળા શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજના તાબામાં છે,

અને તેઓશ્રીની આજ્ઞાથી અધિકારી રા. રા. શેઠ હીરાલાલ અમરતલાલ બેઠકનો વહીવટ કરે છે, અને કામ પણ ઉત્તમ પ્રકારે કરી સંતોષ આપે છે. સુરતની માફક અહીં પણ અસ્પર્શમાં સ્નાન કરી સેવા ઝારીજી ચરણ સ્પર્શ વગેરે પ્રકારની સેવા ઇચ્છાનુસાર થઈ શકે છે. ભાવિક વૈષ્ણવોએ તેનો લાભ લેવા ચૂકવું નહિ, એવી અમારી અભ્યર્થના છે. આ બેઠક શ્રી દ્વારિકાધીશના તિલકાયિત શ્રી વ્રજભૂષણજી મહારાજે પ્રગટ કરી છે. જ્યારે શ્રી આચાર્યજી પોતે અહીં પધાર્યા ત્યારે તેઓશ્રી એક સીમળાના વૃક્ષ નીચે બિરાજમાન થયા હતા. તે વખતે એક સ્ત્રીએ પગથી માથા સુધી હીરા માણેકનાં આભૂષણો પહેરી શ્રી મહાપ્રભુજીની સન્મુખ આવી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અને વિનંતી કરી કે આપશ્રી માયામતનું ખંડન કરી દૈવી જીવોનો ઉદ્ધાર કરવાને પ્રગટ થયા છો, તો નર્મદાજીમાં સ્નાન કરો. શ્રી મહાપ્રભુજીએ હા કહી પરમ કૃપાપાત્ર ભગવદીય દામોદરદાસે તત્સંબંધે શ્રીને ખુલાસો પૂછ્યો. ત્યારે શ્રીમુખે જવાબ આપ્યો કે એ નર્મદા નદી છે. અહીં સ્ત્રીરૂપે આવી ઉપર પ્રમાણે વિનંતી કરી છે. ત્યારબાદ આચાર્યશ્રી નર્મદાજીમાં સ્નાન કરવા પધાર્યા. આથી નર્મદાજી બહુજ પ્રસન્ન થયાં. ત્યાં સ્નાન વિધિ કરી શ્રી નિજ બેઠકમાં પધાર્યા. અને સપ્તાહ કરી અલૌકિક આનંદનું દાન દૈવી જીવોને કર્યું. ત્યાં અનેક માયાવદીઓ ચર્ચા કરવાને શ્રી મહાપ્રભુજી પાસે આવ્યા. પરંતુ શ્રી આચાર્યજીએ સર્વના સંદેહ મટાડ્યા અને તેમના મતનું ખંડન કર્યું તથા ભક્તિમાર્ગ સ્થાપન કર્યો. આથી ભરૂચમાં જય જયકાર વર્તી રહ્યો.

શ્રી મહાપ્રભુજીની બેઠકની સાથે શ્રી ગુસાંઇજીની બેઠક છે. સ્થળ અલૌકિક છે, અને એકજ સ્થળે બન્ને બેઠકનો લાભ મળે તેમ

છે, તેથી અનુકૂળ વખત હોય તેટલું અવશ્ય રહેવું.

આ સિવાય ભરૂચ શહેરમાં શ્રી ગોપાળલાલજીના મંદિરમાં શ્રીના સ્વરૂપની ઝાંખી કરવા અવશ્ય જવું. આ મંદિર શ્રી મથુરાવાળા શ્રી ગોપાળલાલજીના નામે ઓળખાય છે. આ મંદિરમાં શ્રીનાથજી બાવાનું સ્વરૂપ શ્રી સ્વામિનીજી સહિત બિરાજે છે, અને તેઓશ્રી પ્રથમ લાલજી શ્રી ગિરધરજી મહારાજના સેવ્ય છે. આ ઉપરાંત બીજું એક સ્વરૂપ શ્રી નવનીત પ્રિયાજીનું બિરાજે છે. તે શ્રી ગુસાંઈજીના સેવ્ય છે, અને ત્રીજું સ્વરૂપ શ્રી મદનમોહનલાલજીનું છે તે શ્રી ગોકુલનાથજીના સેવ્ય હોય એમ જણાય છે. આ પ્રમાણે ભરૂચમાં માર્ગીય વૈષ્ણવોને માટે ત્રણ સ્વરૂપ તથા શ્રી મહાપ્રભુજીની તથા શ્રી ગુસાંઈજીની બેઠકો આવેલી છે. ત્યાં પૂર્ણ પ્રેમથી ઝાંખી કરી યથાવિધિ ભેટ મૂકી જંબુસર શ્રી હરિરાયજી મહાપ્રભુજીની બેઠક છે ત્યાં જવું.

આ સિવાય શ્રી ગોકુળનાથજીના અનન્ય સેવક ૭૮ ભગવદીય પૈકીના મોહનદાસજી (મોહનભાઈજી) આ ભરૂચના વતની હતા, તેઓ એટલા બધા શ્રી ગોકુળનાથજીના કૃપા પાત્ર હતા કે તેમના જેવું વર્તન કરનારા અથવા તેમને પગલે ચાલવાની ઇચ્છા રાખનારા હાલ ભરૂચી વૈષ્ણવોના નામથી ઓળખાય છે. મોહનદાસજીનું ઘર હજુ સુધી હયાત છે, અને તે ઘરમાં તેમની બેઠક છે. આવાં ભરૂચી વૈષ્ણવોનાં ૫-૭ ઘર છે. દરેકને ઘેર શ્રી ગોકુળનાથજીનાં પાદુકાજી બિરાજે છે. શ્રી ગોકુળનાથજીનો જન્મોત્સવ ઘણાજ આનંદથી અને ઠાઠથી કરે છે બીજા ભરૂચી વૈષ્ણવો તે પ્રસંગે ત્યાં ઘણા જાય છે.

યાત્રાળુ વૈષ્ણવો ! આ પ્રમાણે ભરૂચમાં યાત્રા પૂર્ણ કરી આપણે આગળ વધવું. ભરૂચમાં અન્ય જોવા લાયક સ્થળોનું અવલોકન સમય

હોય તો કરવા જવું. આપણે આ સ્થળેથી વીરક્ષેત્ર અથવા વડોદરા જવાનું છે. પરંતુ તે પહેલાં ભરૂચથી જંબુસર એક રેલ્વે લાઇન જાય છે. માટે ત્યાં જતા આવવું જોઈએ. ભરૂચ અને જંબુસરની વચમાં લગભગ ૩૮ માઈલનું અંતર છે, અને ત્યાં ભરૂચથીજ નીકળેલી રેલ્વે લાઈન મારફતે જઈ શકાય છે. ત્યાં શ્રી હરિરાયજી મહારાજની બેઠક છે. આ બેઠક જંબુસરમાં તળાવની પાસે આવેલી છે. અહીંઆં શ્રી હરિરાયજી કથા આખ્યાન કરતા હતા, ત્યારે તેમના કૃપા પાત્ર ભગવદીય પ્રેમજીભાઈએ યુગલ ગીતનો પ્રસંગ પૂછ્યો. આ બાબતનું વ્યાખ્યાન કરતાં ઘણો સમય વીતી ગયો, અને તેઓશ્રીને તથા સંઘળાઓને મહા અલૌકિક રસ આવી ગયો. પછી પોતે દરેકને સાવધાન કર્યા અને ત્યાં થોડા દિવસ કાળ નિર્ગમન કરી સપ્તાહ કરી તથા અનેક દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો. ત્યારબાદ તેઓશ્રી વિજયવંત થઈ શ્રી દ્વારકામાં પધાર્યા.

શ્રી હરિરાયજીએ સંસ્કૃતમાં દૈન્યથી ભરપુર, માર્ગનું યથાર્થ રહસ્ય સમજાવનાર, અને વિરહભાવથી સંપૂર્ણ અનેક ગ્રન્થો લખ્યા છે. તે ઉપરાંત કીર્ત્તનો પણ ઘણાંજ કર્યા છે. આશ્રયનાં અને દીનતાનાં પદ અતિશય બનાવ્યાં છે. આ દરેક પદમાં "રસિક"ની છાપ ધરેલી છે. માટે જ્યાં જ્યાં રસિકની છાપ ધરી હોય ત્યાં શ્રી હરિરાયજીનું બનાવેલું સમજવું. આ ઉપરાંત દરેક ભગવદ્ વાર્તામાં વંચાતું, વૈષ્ણવોને અતિશય પ્રિય થઈ પડેલું, અનેક ગ્રન્થોને બદલે તેટલાથીજ ગરજ સારનાર કલ્પ વૃક્ષ સમાન શ્રી હરિરાયજીનું શિક્ષાપત્ર ઉક્ત ગોસ્વામિશ્રીએજ પ્રગટ કરેલું છે. પોતે શ્રી મહાપ્રભુજીનોજ અવતાર હતા અને દ્વિતીય લાલજીશ્રી ગોવિંદરાયજીના વંશમાં તે પ્રગટ થયા હતા. શ્રીજી દ્વારમાં શ્રી વિઠ્ઠલનાથજીની સેવા

કરતા હતા છતાં શ્રીનાથજી તેઓશ્રીનેજ અનુભવ જણાવતા. તેઓશ્રીનું એક ધોળ નીચે આપીએ છીએ.

ધોળ.

આવ્યા આવ્યારે ગોકુળકેરા રાજીઆ, ગુણનિધિ શ્રી હરિરાયજી;
વધ્યારે અમારા દહાડલા, પહોંચી છે મનડાની આશજી. ૧.
ભાદરવા વદિ પંચમી, ભલી રૂડી આજુની રાતજી;
શ્રી કલ્યાણરાય ઘેર પ્રગટીઆ, ઉત્સંગે શ્રી હરિરાયજી. ૨.
કોણ ઘોડે કોણ હાથીએ, કોણ રાય ભલેરે તોખારજી;
કોણ બિરાજે સુખપાલમાં, ચોપાસે ચમર ઢોળાયજી. ૩.
શ્રીરાયજી ઘોડે હરિરાય હાથીએ, ગોપેશ્વર ભલેરે તોખારજી;
શ્રી વિઠ્ઠલેશરાયજી બિરાજે સુખપાલમાં, ચોપાસે ચમર ઢળાયજી. ૪.
મથુરાં તે નગરીમાં જનમીઆ, વાસ શ્રી ગોકુળ ગામજી;
વસુદેવને ઘેર જનમીઆ ઉત્સવ નંદજીને દ્વારજી. ૫.
સિંહાડ નગરીમાં જનમીઆ, વાસ શ્રી ખમનોરી ગામજી;
જમનાં વહુજી ગોદ ખીલાવીઆ, પૂરવા વૈષ્ણવની આશજી. ૬.
વૈષ્ણજન સુખ પામીઆ, બલિહારી માધવદાસજી;
આવ્યા આવ્યારે ગોકુળકેરા રાજીઆ, ગુણનિધિ શ્રી હરિરાયજી. ૭.

આ પ્રમાણે જંબુસરમાં શ્રી હરિરાયજી મહાપ્રભુજીનાં દર્શન કરી ભરૂચ પાછા ફરવું, અને ઉતારામાંથી સરસામાન સંભાળી લેવો તથા સોંપેલી વસ્તુઓ અધિકારીને પરત સોંપવી. શ્રી મહાપ્રભુજીની બેઠકે યથાશક્તિ ભેટ ધરી શ્રીનું સ્મરણ કરતાં કરતાં વીરક્ષેત્ર અથવા વડોદરે આવવા માટે સ્ટેશને આવવું. અહીંથી વડોદરાની ટિકિટ લેવી. વડોદરા અને ભરૂચની વચ્ચે લગભગ ૪૫ માઇલનું અંતર છે.

મુંબાઈ અને વડોદરા વચ્ચેનું અંતર લગભગ ૨૪૮ માઈલ છે. ભરૂચથી ઉપડેલી ગાડી, ચમાર ગામ, પાલેજ, મીયાંગામ, અને વિશ્વામિત્રી (આ સ્થળેથી શ્રીમંત ગાયકવાડ સરકારની ડભોઈ રેલ્વે એક ચાણોદ કરનાળી તરફ તથા બીજી બાજુ પાદરા માસરરોડ થઈ જંબુસર જાય છે.) વગેરે સ્ટેશનોએ મથક કરી વડોદરા લગભગ ૩–૪ કલાકમાં આવી પહોંચે છે. વડોદરે વૈષ્ણવોએ ઉતરવું જરૂરનું છે.

વડોદરા.

ગુજરાતના સાંપ્રતકાળની હિંદુ રાજ્યની રાજ્યધાનીનું શહેર વડોદરા છે. આ શહેર કોટબંધી છે. હાલમાં કોટની બહાર સ્ટેશન સુધી વસ્તી ફેલાઈ છે. પ્રાચીનકાળમાં આ શહેરનો હાથનો વણાટ ઘણો વખાણાતો હતો. સોના રૂપાના નકસી કામના માટે આ શહેર પ્રથમ પદવી ભોગવતું હતું. અત્યારે દિનપ્રતિદિન સુધારામાં આ શહેર આગળ વધતું જાય છે. આખા શહેરને પાણી પુરૂં પાડવા સારૂ બંધાવેલું "આજવા" તળાવ પણ રમણીય અને જોવા લાયક છે. હાલના શ્રીમંત સરકાર સેનાખાસખેલ સંમશેર બહાદુર ગાયકવાડ શ્રી સયાજીરાવ મહારાજા લોકોના સુખના માટે ઘણી કાળજી બતાવે છે.

વિદ્યાના શોખીન, વિદ્યા વિલાસી મહારાજાએ રૈયતના સુખને સારૂ અનેક પ્રકારનાં સાધનો કાઢ્યાં છે. ઘણે સ્થળે સ્કુલો, હાઈસ્કુલો, અને કૉલેજો સ્થાપી છે, તથા એને અંગે કેટલીક સ્કૉલર્શીપો કાઢી છે. ગરીબ વિદ્યાર્થીઓને પણ લાભ મળે એવી વ્યવસ્થા રાખવામાં તેમણે ઘણીજ કાળજી બતાવી છે. વળી શહેરમાં એક ગંજાવર પાયા ઉપર લાયબ્રેરિ કાઢી છે. જ્યાં દરેક જાતનાં પુસ્તકો, ન્યુસપેપરો, માસિકો વગેરે હોય છે. અને દરેકને વાંચવાની છૂટ આપવામાં આવી છે. તે

ઉપરાંત રાજ્યના દરેક ગામડામાં અજ્ઞાન લોકો લાભ લઈ શકે એવા ઉદ્દેશથી "ફરતા પુસ્તકાલય"ની યોજના કરવામાં આવેલી છે. તેથી એ હેતુ ઘણે દરજ્જે જળવાઈ રહ્યો છે. શિશુઓને સારૂ પણ લાયબ્રેરિમાં એક બાઈ શિક્ષક રાખીને ચિત્ર, રમત, વગેરેનું શિક્ષણ આપે છે.

શહેરના રસ્તા પહોળા અને મકાનો સુશોભિત છે. અહીંઆં જોવા લાયક સ્થળોમાં લક્ષ્મીવિલાસ મહેલ, નજર બાગનો બંગલો, મકરપુરા મહેલ, કમાટીબાગ અને તેમાંનું સંગ્રહસ્થાન, આજવા તળાવ ન્યાયમંદિર, તથા સેન્ટ્રલ લાયબ્રેરિ વગેરે છે. આ શહેરમાં વિજયાદશમી, ગણેશચતુર્થી વગેરે ઉત્સવના દિવસોએ શ્રીમંત સરકારની રસાલા સહ સ્વારી નીકળે છે અને તેવા પ્રસંગે હજારો લોકો બહારગામથી જોવા આવે છે. અહીંઆં "અગઢ" નામનું સ્થળ છે. ત્યાં કેટલાક માંગલિક પ્રસંગે સાઠમારીઓ, મલકુસ્તી વગેરે રમતો રમાય છે.

વૈષ્ણવો ! ઉપરોક્ત લખાણ કદાચ અસ્થાને જણાશે. પરંતુ વાસ્તવિક તેમ નથી. આવા રાજ્યધાનીના શહેરને અંગે આવેલાં સ્થળોનું તથા ઐતિહાસિક બાબતનું વર્ણન જણાવવું આવશ્યક છે.

મુંબાઇથી એક ટ્રેનમાં વડોદરા આવતાં લગભગ ૧૦ થી ૧૨ કલાક થાય છે. મુંબાઈ અને વડોદરા વચ્ચેનું અંતર લગભગ ૨૪૮ માઇલ છે, ત્યારે ભરૂચ અને વડોદરા વચ્ચે ૩૦-૩૨ માઈલનું છેટુ છે. વડોદરા સ્ટેશનેથી ઉતર્યા પછી આગળ વધતાં શાળા અને પાઠશાળાનાં મોટાં મકાન મૂકતાં ડાબા હાથ તરફ કેમ્પમાં જવાનો રસ્તો અને તેજ જગાએ કમાટીબાગ જ્યાં દરેક જાતનું સંગ્રહસ્થાન મૂકેલું છે તે આવે છે. વળી કમાટીબાગના દરવાજા આગળ શ્રીમંત મહા-

રાજા સાહેબનું ધાતુનું બાવલું અશ્વારૂઢ થએલું દશ્યમાન થાય છે. જમણા હાથે એક ધર્મશાળા છે, પરંતુ ત્યાં ઉતારૂઓને પૂરતી સગવડ નહિ હોવાથી ઘણી હાડમારી વેઠવી પડે છે. વૈષ્ણવ ઉતારૂઓ આવા રાજ્યગાદીના ભવ્ય શહેરમાં સાધન વગર કંઈક મંદિરોમાં, કંઈક વીશીઓમાં, અને કેટલાક સગા સહોદરને ત્યાં ભટકતા જણાય છે. અફસોસ ! આવા શહેરને માટે આ ઘણું શોકજનક છે. ધનાઢય ગૃહસ્થોથી વસેલું, યાત્રા તથા અન્ય સ્થળોનાં દર્શન કરવા માટે લાયક, દરેક જાતની સગવડવાળું પણ નાક વગરનું આ શહેર મનને કંઈ બેચેની, કંઈક નાખુશી, અને કંઇક દીલગીરી ઉત્પન્ન કરે છે. આશા રાખવામાં આવે છે કે શહેરના શેઠીઆઓ તથા અમલદારો આ હરકત દૂર કરવાને યોગ્ય પગલાં લેશે. વૈષ્ણવોએ પોતાના ઉતારાની સગવડ જ્યાં અનુકૂળ થાય ત્યાં કરી દર્શનાર્થે જવું. શ્રી કલ્યાણરાયજીના મંદિરમાં પણ ઉતરવાની જોગવાઈ છે.

પ્રથમ માંડવીથી જતાં મહેતાપોળ પાસે શ્રી દાઉજી મહારાજનું મંદિર છે. તે મંદિરમાં હાલમાં થોડા વખતથી શેરગઢસ્થ [1]શ્રી કલ્યા-

---

૧ શ્રી કલ્યાણરાયજીના પ્રાગટયના સંબંધમાં એવી વાર્તા છે કે એક વખત શ્રી મહાપ્રભુજી પોતે પરિક્રમા કરતા હતા, ત્યારે પૂર્વદેશના કોઇએક ગામના તળાવ ઉપર કલ્યાણી દેવી તરીકે પૂજાતા હતા. શ્રી મહાપ્રભુજીએ પોતે શ્રી ઠાકોરજીનું સ્વરૂપ જોયું. અને તેથી તેઓ શ્રીની આજ્ઞાથી દેવીનાં વસ્ત્ર કાઢી નાખી પાઘ બંધાવી શૃંગાર ધર્યા. ગામ દેવી ઉપાસક હતું, તેથી ત્યાંના પુજારી બાબા વેણુદાસ વગેરે આવી પહોંચ્યા અને શ્રી મહાપ્રભુજીને ઉપર પ્રમાણે કરવાનું કારણ પૂછ્યું. શ્રી આચાર્યજીએ સમજાવ્યું કે તે દેવી નથી પરંતુ શ્રી ઠાકોરજી પોતે છે અને મહાન્ અલૌકિક સ્વરૂપ છે. બાબા વેણુદાસ વગેરે

ણુરાયજી ઠાકોરજી પધાર્યા છે. શ્રી કલ્યાણુરાયજીનું સ્વરૂપ ગોસ્વામિ શ્રી ગિરધરલાલજી મહારાજ સંવત્ ૧૯૬૭ ની સાલમાં શેરગઢથી અહીં પધરાવી લાવ્યા છે. શ્રી કલ્યાણુરાયજીની સાથે શ્રી ગોપીનાથજી (શ્રી સ્વામિનીજી સહિત) શ્રી ગુસાંઇજીના સેવ્ય સ્વરૂપ તથા શ્રી કર્પૂરરાયજી (શ્રી મહાપ્રભુજીના સેવ્ય) ૮૪ વૈષ્ણુવ પૈકી વૈષ્ણુવ *દામોદરદાસની સ્ત્રી વીરબાઇએ સેવેલા બિરાજે છે. ભાવિક વૈષ્ણુવોએ અવશ્ય શ્રી મહાપ્રભુજીના સેવ્ય સ્વરૂપનાં દર્શનાર્થે જવું.

શ્રી આચાર્યજીનો પ્રભાવ જોઇ તેમના સેવક થયા અને શ્રી કલ્યાણુરાયજી શ્રી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા. આ સ્વરૂપને શ્રી ગુસાંઇજીએ સંવત્ ૧૬૪૦ કારતક સુદિ ૧ ની વહેંચણીમાં તેમના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીને માથે (જ્યારે શ્રી બાલકૃષ્ણુજી છોટા સ્વરૂપની સેવા કરવાની ના પાડી ત્યારે) પધરાવેલું હતું. તે શેરગઢવાળા શ્રી ગિરધરલાલજી મહારાજને માથે હાલ વડોદરામાં બિરાજે છે. આ સ્વરૂપને સાત સ્વરૂપોમાંનું એક માનવાને અનેક કારણો મળી આવે છે.

* પરમ ભાગ્યવાન અને શ્રી મહાપ્રભુજીનાં કૃપાપાત્ર બાઈ વીરબાઈ તે ભગવદીય દામોદરદાસનાં સ્ત્રીની ભક્તિ અને પ્રભુ પ્રત્યેનો દૃઢ પ્રેમ અનિર્વચનીય છે. વાર્તાનો સાર એવો છે કે જ્યાં પ્રભુનો પ્રેમ ઉદ્દીપન હોય ત્યાં આચારની જરૂર નથી. પ્રભુ પ્રત્યે ભાવજ પ્રધાનરૂપ છે. પરંતુ જ્યારે પ્રભુની આજ્ઞા થાય ત્યારેજ આચાર દૂર કરવો નહિતો નહિ. મર્યાદા રાખીને વર્તવું, એ મુખ્ય ધર્મ છે. પરંતુ શ્રી ઠાકોરજીની આજ્ઞા થતાં મર્યાદાનું ઉલ્લંઘન થવાથી કોઈ પણુ પ્રકારનો બાધ આવતો નથી. (વધુ વિગત માટે જુઓ ચોરાશી વૈષ્ણુવની વાર્તા)

હાલમાં આ મંદિરમાં હમેશાં પાંચ વૈષ્ણવોને કોઈ સદ્‌ગૃહસ્થ તરફથી મહાપ્રસાદ લેવરાવવામાં આવે છે. અહીંથી શ્રીના સ્વરૂપની ઝાંખી કરી વૈષ્ણવોએ શ્રી નૃસિંહજીના મંદિરની પાસે લાલા લહેરી શ્રી ગોપાળલાલજીનું મંદિર છે, ત્યાં દર્શનાર્થે જવું. તેઓશ્રીએ અહીં-આંજ લીલા કરી મહાન્ ચમત્કાર જણાવ્યો હતો. ત્યારપછીજ આ મંદિર બંધાવ્યું હતું. અહીંઆં શ્રી મથુરાનાથજીનું સ્વરૂપ બિરાજે છે, અને તે સાથે લાલાલહેરી શ્રી ગોપાળલાલજીની બેઠક છે. નૃસિંહ-જીની પોળમાં શ્રી નૃસિંહજીનું મંદિર છે. અહીં પુષ્ટિમાર્ગીય રીતિ અનુ-સાર સેવા થાય છે. ત્યારપછી દેસાઈ શેરીમાં આવેલા શ્રીનાથજીના મંદિરમાં દર્શન કરવા જવું. આ શ્રીનાથજીના સ્વરૂપ સંબંધી એવી આખ્યાયિકા છે કે શ્રી ગિરિરાજની કંદ્રામાં શ્રીનાથજીની એક ભુજાનાં દર્શન સંવત્ ૧૪૬૬ અષાડ વદિ ૫ ને રોજ થયાં હતાં અને સંવત્ ૧૫૩૫ ના વૈશાખ વદિ ૧૧ ના દિવસે તેઓશ્રીના મુખારવિંદનાં દર્શન થયાં હતાં. તેઓશ્રીનાં નાગદમન, દેવદમન, અને ઇંદ્રદમન એવાં ત્રણ સ્વરૂપ આ ભૂતળ ઉપર બિરાજે છે. એવી વાર્તા તેઓશ્રીએ સાધુ-પાંડે નામના વ્રજવાસીને કહી હતી. જેમાંનું ઇંદ્રદમન બાવાનું સ્વરૂપ ઉજ્જનમાં કારતકી ચોકમાં શ્રી ગોવર્ધનનાથજીનું મંદિર છે ત્યાં કૃષ્ણ ભટ્ટજીને ઘેર બિરાજે છે. બીજું સ્વરૂપ શ્રી દેવદમન બાવાનું શ્રીનાથ-દ્વારામાં અજબકુંવર બાઈને આપેલા વચનથી અદ્યાપિ પર્યંત ત્યાંજ બિરાજે છે, અને શ્રી નાગદમન બાવાનું સ્વરૂપ પ્રથમ કલકત્તામાં અને ત્યાંથી શ્રીનાથદ્વારામાં અને ત્યારપછી વૈષ્ણવ શાસ્ત્રી પ્રેમાનંદ નાનાભાઈએ વડોદરામાં સુલતાનપુરામાં પધરાવ્યું હતું. તેમના હરિ-શરણ થયા પછી જગમાલ પોળમાં અને ત્યાંથી બકરાવાડીમાં વૈષ્ણવ લલ્લુભાઈ હરગોવિંદને ત્યાં અને ત્યારબાદ સંવત્ ૧૯૬૯ ના માગ-

શર વદિ ૯ ના દિવસે દેસાઈ શેરીમાં બંધાવેલા મંદિરમાં બિરાજ્યા છે. અદ્યાપિ પર્યંત ત્યાંજ છે. આ સ્વરૂપ મહાન્ અલૌકિક હોવાથી શ્રીનાથજીના સ્વરૂપનાં દર્શનથી જે આનંદ થાય છે, તેવોજ આનંદ અત્રે પણ થાય છે, અને તત્સ્વરૂપનું ભાન થાય છે.

મદનના ઝાંપા આગળ તૃતીય ગૃહના તિલકાયિત શ્રી વ્રજભૂષણજી અને શ્રી પુરૂષોત્તમજી મહારાજની બેઠક છે અને સાથે શ્રીમદ્ બાલકૃષ્ણજી મહારાજને પણ પધરાવ્યા છે. સાથે શ્રી દ્વારિકાધીશનું સ્વરૂપ બિરાજે છે. સેવાનો ક્રમ અને દર્શનની અનુકૂળતા એટલી બધી વૈષ્ણવોને પ્રિય થઈ પડી છે કે શહેરની બહાર દૂર હોવા છતાં લગભગ બધો વૈષ્ણવવર્ગ દિવસમાં એકાદ વખત તો દર્શનાર્થે જાય છે.

જુના મકાનને તોડી પાડી નવું મકાન ઘણું સુંદર બનાવ્યું છે. ખાસ કરીને દર્શન કરવા જેવું છે. વૈષ્ણવોને મહાપ્રસાદ લેવાની અહીંઆં જોગવાઈ સારી થાય છે.

આ પ્રમાણે વડોદરાની યાત્રા પૂર્ણ થાય છે. શહેરમાં આ ઉપરાંત મહેતા પોળમાં શ્રી ગોવર્ધનનાથજીનું મંદિર છે. તેજ પોળમાં શ્રી હરિરાયજીના સેવ્ય શ્રીનાથજીનું મંદિર છે. બન્ને સ્વરૂપો પ્રાચીન હોઈ ભાવપૂર્વક રીતિસર સેવા થવાથી દર્શનનું સુખ સારૂં પડે છે.

આ પછી વખત મળે તો બીજાં લૌકિક સ્થળોનું અવલોકન કરવા જવું. અહીંથી સાવલી શ્રી હરિરાયજી મહાપ્રભુજીની બેઠક છે. ત્યાં દર્શનાર્થે જવા માટે મુકામ કાયમ રાખી વડોદરા ગોધરા રેલવે રસ્તે જવું.

વડોદરાથી એક ગાડી ચાંપાનેર થઈ ગોધરા તરફ જાય છે, અને તે રસ્તે જતાં વચમાં સમલાયા સ્ટેશનથી પાંચ ગાઉ દૂર આવેલા સાવલી ગામમાં શ્રી હરિરાય મહાપ્રભુજીની બેઠક છે ત્યાં દર્શન કરવા

જવા સારૂ વડોદરામાં મુકામ રાખી સાવલી જઈ આવવું. (હાલ જરોદ સાવલી લાઈન થઈ છે પણ હજુ ખુલ્લી થઈ નથી આગળ જ્યારે આ લાઈન ખુલ્લી થશે ત્યારે હરકતો દૂર થશે.)

શ્રી હરિરાયજી મહાપ્રભુજીની બેઠક એક સુંદર જગ્યા ઉપર છે. પાસે શીમળાનું વૃક્ષ છે. અહીંઆં શ્રી હરિરાયજી મહાપ્રભુજીએ સમાહ કરી હતી, અને તેથી અનિર્વચનીય સુખ થયું હતું. ઘણાક દૈવી જીવોનો ઉદ્ધાર તેઓશ્રીએ આ સ્થળે પધારી કર્યો છે. મ્હારા જાણવા પ્રમાણે અહીં વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવવામાં આવે છે.

અહીંથી પાવાગઢ ઉપર બિરાજતાં શ્રી કાળકામાતાના દેવળનું શિખર જણાય છે. જિજ્ઞાસુએ જવું હોય તો ત્યાં જઈ આવવું.

યાત્રાળુ ! તારો પ્રવાસ આગળ ખેડ; સુખ દુઃખના ભાગીદાર, દયાના સાગર, નિજજનને અહર્નિશ આનંદ આપનાર, શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ આ આર્યાવર્ત્તમાં અનેક સ્થળે લીલાઓ કરી છે, અને અલૌકિક સ્વરૂપોને પધરાવી પુષ્ટિમાર્ગીયોને આ ભવના બંધનમાંથી મુક્ત કર્યાં છે ત્યાં આ કલમની સાથે જા, અને હરહમેશ તેઓશ્રીની લીલાની તથા તેઓશ્રીએ પધરાવેલા સ્વરૂપની ઝાંખી કરી તારા ચંચળ મનને સ્થિર કરી આત્માને શાંતિ પમાડ.

વડોદરાથી એક લાઈન ગોધરા રતલામ જાય છે, અને બીજી અમદાવાદ વીરમગામ તરફ જાય છે. પ્રથમ વૈષ્ણવોએ અમદાવાદ તરફ જતી ગાડીમાં જવું. વડોદરા મૂક્યા પછી બાજવા—અને અરવલ્લીના ડુંગરોમાંથી જન્મ પામતી ખંભાતના સાગરને મળનારી મહી નદીના કાંઠે આવેલું વાસદ વગેરે મૂકતાં આણંદ જન્કશન આવે છે.



પ્રકરણ ૬ઠું.

આણંદથી અમદાવાદ.

આણંદથી ખભાત લગભગ ૩૨ માઈલ દૂર છે. વચમાં પેટલાદ, તારાપોર વગેરે સ્ટેશનો આવે છે. (હાલમાં પેટલાદથી એક લાઇન સોજીત્રા તરફ જાય છે.) આ શહેરનું જુનું નામ ત્રંબાવટી હતું, અને વેપારનું મુખ્ય બંદર ગણાતું હતું. ધરતીકંપને લીધે આ શહેર નાશ પામ્યું હોય અને નવું નગર વસ્યું હોય એમ જણાય છે. અહીંઆં કુમારપાળ રાજાને જૈનોના ગુરુ હેમાચાર્યે આશરો આપ્યો હોય એમ ઈતિહાસ પરથી જણાય છે. આ શહેરમાં અકીકના પથ્થરનો વેપાર સારો હતો. અત્યારે નવાબના અમલ નીચે કેટલોક વેપાર સારી રીતે ચાલે છે. અહીંનું વણાટ કામ કંઈક સારૂં ગણાય છે.

ખંભાત ગામની બહાર શ્રી ગુસાંઈજીની બેઠક છે. આ બેઠક નારાયણસર નામના મોટા તળાવ ઉપર આવેલી છે. અહીંઆં મુરારી

પંડિત જેઓ શ્રી ગુસાંઇજીના સેવક ગોકુળમાં થયા હતા, તેઓ ગામ બહાર શ્રી ગુસાંઇજીના સેવ્ય કરેલા શ્રી ઠાકોરજીની સેવા કરતા હતા. (જુઓ ૨૫૨ વૈષ્ણવની વાર્તા) આ મુરારી પંડિતને જ્યારે તે ગામના પટેલ જે શૈવ ધર્મના હતા તેમણે માળા તિલક ઉતારવાનું કહ્યું ત્યારથી તેમની આપેલી ભૂમિમાં તેઓ રહ્યા નહિ, તથા ત્યાંની આપેલી કોઈ પણ વસ્તુનો અંગીકાર કર્યો નાહ. એવા તે અનન્યાશ્રયી હતા.

શ્રી ગુસાંઇજીની બેઠકમાં વૈષ્ણવોને માટે ઉતરવાની તથા રહેવાની જોગવાઈ ઉત્તમ પ્રકારથી કરવામાં આવેલી છે. ઝારીજી, ચરણસ્પર્શ વગેરે પ્રકારની સેવા ઇચ્છાનુસાર થઈ શકે છે. ભેટને માટે કાંઈ નિયમજ રાખ્યો નથી. દરેક બેઠકમાં આજ પ્રમાણે હોવું જોઈએ એમ અમારૂં નમ્ર મંતવ્ય છે. બેઠકનું મકાન ગામ બહાર વિશાળ તળાવ ઉપર અને આજુબાજુ સુંદર બગીચો હોઇ ઘણુંજ રમણીય દેખાય છે અને ઉષ્ણકાળમાં ઘણીજ શીતળતા પ્રાપ્ત થાય છે. ડોળ ઉત્સવ ઉપર ઘણા ભાવિક વૈષ્ણવો અત્રે આવે છે માટે તેવા પ્રસંગે જરૂરથી લાભ લેવા નજીકના વૈષ્ણવોએ યાત્રા નિમિત્તે આવવું જેથી વૈષ્ણવોના સત્સંગનો લાભ મળે. તે ઉપરાંત શ્રી ગુસાંઇજીના પરમ કૃપાપાત્ર ૨૫૨ ભગવદીયો પૈકી જીવા પારેખ માધવદાસ દલાલ તથા* સહેજપાળ દોસી પણ આ નગરમાં થઈ ગયા છે. આ ભગ-

---

* એક વખત સહેજપાળ દોસીએ ચાચા હરિવંશજી ત્રંબાવટીમાં પધાર્યા ત્યારે પ્રશ્ન કર્યો કે શ્રી ઠાકોરજીએ સાત દિવસ સુધી ગિરિરાજને ધારણ કરવાનું કારણ શું હતું? ચાચાજીએ જવાબ આપ્યો કે નંદરાયજીને તથા ગોપ–ગોપિકાઓને દેવઋણ–પિતૃઋણ–ઋષિઋણ–દેહાભિમાન, કુટુંબાભિમાન–લોકનિંદાનો ભય, અને ત્રણ

વદીયોનું વૃતાન્ત જાણવા જોગ છે. સહજપાળ દોસીના વંશજો જંબુસરમાં રહે છે એવું કર્ણોપકર્ણ સાંભળ્યું છે. ભગવદીય માધવદાસે ઘણાં ધોળપદ બનાવ્યાં છે. આ માધવદાસના સંગથી ખંભાતના લક્ષાધિપતિ વણિક ગૃહસ્થ મગનભાઈ પણ શરણે આવ્યા હતા. મગનભાઈએ માધવદાસને પ્રશ્ન પૂછયો કે શ્રી ગુસાંઈજીના સેવક થવાથી શું વિશેષતા છે, ત્યારે માધવદાસે કહ્યું કે તેમના સેવક થવાથી નવો જન્મ થાય છે, આ દેહે જન્મ બદલાય છે, શ્રી ઠાકોરજીની કૃપા થાય છે, અને આ જીવ પોતાનો છે એમ જાણે છે. શરણે થયા પછી આ વાતની પરીક્ષા કરવાની ખાતર રૂ. ૫૦૦૦) એક બ્રાહ્મણે તેમને ત્યાં થાપણ મૂક્યા હતા. તે બ્રહ્મસંબંધ (નવો જન્મ) થતા પહેલાં મૂક્યા હતા. જ્યારે બ્રાહ્મણ યાત્રાએથી પાછો આવ્યો અને રૂપીઆ માગ્યા ત્યારે ના પાડી, તેથી બ્રાહ્મણે ફરિયાદ કરી મગનભાઈએ કહ્યું કે "આ જન્મમાં રૂપીઆ મેં લીધા નથી." રાજાએ એક લોઢાની પાંચશેરી તપાવી મગનભાઈને હાથમાં લેવા કહ્યું. મગનભાઈએ શ્રી ગુસાંઈજીનું નામ લઈ પાંચશેરી હાથમાં લીધી પરંતુ કંઈ પણ ઈજા થઈ નહિ. આ ઉપરથી રાજાએ બ્રાહ્મણને શિક્ષા કરવાનું કહ્યું પરંતુ મગનભાઈએ સાચી વાત જણાવી. આવો ચમત્કાર જોઈ રાજા પણ શ્રી ગુસાંઈજીનો સેવક થયો અને

પ્રકારનું ઋણ નહિ વાળું તો મારો પરલોક બગડશે એવા સાત પ્રકારના અન્યાશ્રય હતા. તે સાત દિવસ સુધી ગિરિરાજ ધારણ કરવાથી નિવારણ થયા. આ સાત પ્રકારના અન્યાશ્રય છોડાવીને મનમાં નિઃસાધન થઈ ભગવદ્ આશ્રય કરવો એ વાત નંદરાયજીને જણાવવાને શ્રી ઠાકોરજીએ સાત દિવસ સુધી શ્રી ગિરિરાજ ધારણ કર્યો છે.

ભગવત્ સેવા કરવા લાગ્યો. શ્રી મહાપ્રભુજીએ વિવેક ધૈર્યાશ્રયમાં કહ્યું છે કેઃ—

अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौभाव्यो प्राप्तं सेवेत निर्ममः ॥

અર્થાત્—પુષ્ટિમાર્ગમાં સર્વદા વિશ્વાસ જોઈએ. વિશ્વાસથી સર્વે ફળીભૂત થાય છે. પુષ્ટિમાર્ગમાં ભગવાન્ સ્થિત છે. જીવને લૌકિક ગતિ કરતા નથી. જીવને વિશ્વાસ હોય તો સર્વ કાર્ય સિદ્ધ થાય છે. કારણ કે શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે કેઃ—

भगवानपि पुष्टिस्थोन करिष्यति लौकिकींच गतिम् ।

વળી શ્રી ગુસાંઈજીએ પંચાયતની સેવા પણ કરવાની ના પાડી છે. સર્વ દેવતા પૃથ્વીનો ત્યાગ કરીને ગયા છે. તેથી તેમની નિત્યપૂજાનો વખત નથી. નૈમિત્તિક પૂજાનો વખત છે. તેથી આવાહન–વિસર્જન છે. વિષ્ણુ ભૂતળ ઉપર સ્થિત છે. તેમની સાક્ષાત્ પૂજાનો વખત છે. તેથી ભગવત્સેવા કરવી.

ભગવદીય માધવદાસના વૃતાન્તમાં ઉપરોક્ત બોધ મુખ્ય સમાએલો છે. ભાવિક વૈષ્ણવો જો કંઈ પણ ન કરે અને ન વાંચે પરંતુ જો ભગવદીયોનાં વૃત્તાન્તજ ફક્ત દઢતાથી વાંચે તો તેમની અનેક શંકાઓ નષ્ટ થઈ જાય અને ચિત્ત હમેશાં પ્રભુમાં રહે. માધવદાસ અને તેમના સંગથી થએલા રાજા, ગોરધન ભટ્ટ, મગનભાઈ વગેરે ભગવદીયો શ્રી ગુસાંઈજીના કૃપાપાત્ર હતા.

આ સિવાય શહેરમાં શ્રી જીવણલાલજી (પોરબંદરવાળા) મહારાજના તાબામાં એક મોટું મંદિર છે. આખા શહેરમાં એકજ મંદિર હોવાથી શ્રી ઠાકોરજી ઘણા વૈભવથી બિરાજે છે અને વૈષ્ણ-

વોનો સમગ્ર ભાવ તેજ પ્રભુ ઉપર ઠલવાય છે. એકંદરે વૈષ્ણવોની સૃષ્ટિ ભાવિક અને પ્રભુ ઉપર પ્રીતિ રાખનારી છે.

ખંભાતથી પાછા ફરી આણંદમાં આવીશું. આણંદ ગામમાં તૃતીય ગૃહના તિલકાયિત ગોસ્વામિશ્રીની બેઠક છે, અને રામકૃષ્ણ પંડયા જેમણે કાંકરોલીમાં પોતાના ખર્ચે રહી મંદિરનો વહીવટ કર્યો હતો, તેમનું ઘર છે. તેમણે થોડા સમયમાં વહીવટ એવો સરસ કર્યો કે મંદિરનું દેવું વાળી દીધું. મહારાજશ્રીએ પ્રસન્ન થઈ તેમને શ્રી દ્વારિકાધીશના ચરણસ્પર્શ કરાવ્યા હતા, તેમને ત્યાં શ્રી ઠાકોરજી બિરાજે છે, અને હાલમાં ઉત્સવલાલભાઈ પણ એક ભાવિક વૈષ્ણવ હોઈ વૈષ્ણવોનું આવ્યા ગયાનું સન્માન સારી રીતે કરે છે.

આણંદ એક મોટું રેલ્વે જંકશન છે. અહીંથી એક લાઈન ડાકોર-ગોધરા-રતલામ જાય છે, બીજી મુખ્ય લાઈન છે.

(ડાકોર-ગોધરા લાઈને શ્રીનાથદ્વાર જતાં જઈશું)

મુખ્ય લાઈન ઉપર આણંદથી બીજું સ્ટેશન બોરીઆવી આવે છે. અહીંથી ૩ ગાઉ દૂર સ્વામીનારાયણ સંપ્રદાય વાળાઓનું મહાન્ તીર્થ વડતાલ આવેલું છે. ત્યાં જવા માટે ભાડે ગાડીઓ મળે છે, અગર તેમના તરફથી વાહન તૈયાર હોય છે. વળી આ સ્ટેશનેથી ચકલાસી જવાય છે. ત્યાં આમળ હાલમાં ત્યાંના એક મહાત્માની યોજનાથી "આફતર બ્રહ્મચર્યાશ્રમ" સ્થાપ્યો છે. તેમાં વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે. હજુ આ સંસ્થા બરાબર પ્રસિદ્ધ થઈ નથી, તેથી આ સંસ્થા પ્રત્યે દરેકે પોતાનો ઉદાર હાથ લંબાવવાની વિનંતિ છે. બોરીઆવી પછીનું સ્ટેશન નડીઆદ આવે છે. ત્યાં વૈષ્ણવોએ ઉતરવું.

નડીઆદ.

વડોદરા અને નડીઆદ વચ્ચે લગભગ ૩૫ માઈલનું અંતર છે. મુંબાઈ અને નડીઆદ વચ્ચેનો ગાળો લગભગ ૨૮૧ માઈલનો છે. ટ્રેનમાં લગભગ ૧૨ કલાક જેટલો વખત લાગે છે.

આ શહેર ખેડા જીલ્લાનું મોટું શહેર છે, અને જેમાં તમાકુ, ઘી, કાપડ, રૂ વગેરેનો સારો વેપાર ચાલે છે. આ શહેરમાં ઘણાં નરરત્નો પ્રગટ થએલાં છે. સ્વ. ઝવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞિક, રા. રા. મણીલાલ નભુભાઈ, રા. રા. સ્વ. ગોવર્ધનરામ માધવરામ, રા. રા. મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી વગેરે સ્વદેશ ભક્ત તથા વિદ્વાન નરરત્નોની જન્મભૂમિ આજ શહેર છે. આ ઉપરાંત વૈષ્ણવોને માટે પ્રિય થઈ પડે, અને પુષ્ટિમાર્ગનું રહસ્ય સમજાવે તેવાં સહેલી ભાષામાં " શ્રી વલ્લભાચાર્ય જીવન ચરિત્ર " અને " શ્રી કૃષ્ણ લીલામૃત " જેવાં ભક્તિમાર્ગીય પુસ્તકોના લેખક તથા વાદ ગ્રંથોને પ્રકાશમાં લાવનાર સ્વ. રા. બ. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પણ આજ શહેરના વતની હતા. વળી હાલમાં પણ રા. રા. ત્રિભોવનદાસ પીતાંબરદાસ પણ સાંપ્રદાયિક પુસ્તકો પ્રગટ કરવાની સેવા સારી કરે છે. તેમજ ત્રિભોવનદાસ મંગળદાસ અનેક મરજાદી તેમજ નામધારી વૈષ્ણવોની આવ્યા ગયાની સેવા સારી કરે છે.

આ શહેરમાં શ્રી મહાપ્રભુજીના બાળકો ગોસ્વામિ શ્રી અનિરૂદ્ધલાલજી તથા તેઓ શ્રીના છોટાભાઈ શ્રી વલ્લભલાલજી બિરાજે છે. મોટું મંદિર શ્રી ગોકુલનાથજીનું છે. જેમાં શ્રી બાલકૃષ્ણજીનું સ્વરૂપ બિરાજે છે. આ શ્રી ઠાકોરજી શ્રી ગુસાંઈજીના સેવ્ય છે. વળી બીજાં સ્વરૂપ શ્રી મદનમોહનલાલજી શ્રી સ્વામિનીજી સહિત તથા શ્રી ગોકુલનાથજીનું સ્વરૂપ અને શ્રી સ્યામલાલજીનાં સ્વરૂપ આ સ્થળે

બિરાજે છે. આ પાંચે સ્વરૂપ શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજના માથે બિરાજે છે. વળી શ્રી હરિરાયજી મહાપ્રભુજીના હસ્તાક્ષર પણ આ સ્થળે બિરાજે છે એમ સાંભળ્યું છે.

આ શહેરમાં વૈષ્ણવોને ઉતરવાનાં ઘણાં સ્થળ છે. પરંતુ તેમાં શ્રી સાત સ્વરૂપની હવેલીમાં ઉતરવાનું ઉત્તમ સાધન છે; કારણ કે અહીંઆં મર્યાદી વૈષ્ણવોને તથા વિરક્ત વૈષ્ણવોને ત્રણ દિવસ સુધી સામગ્રી અપાય છે. ગામમાં મરજાદી વૈષ્ણવોનાં ઘણાં ઘર છે અને તેથી સાત સ્વરૂપની હવેલીમાં સામગ્રી વગેરે નહિ લેનાર વૈષ્ણવોનો મરજાદી વૈષ્ણવોને ઘેર ઉતારો થઈ શકે છે.

તદુપરાંત આ સ્થળમાં વૈષ્ણવ ધર્મોપયોગી સઘળાં પુસ્તકોનું ત્યાંના વૈષ્ણવો તરફથી "શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય" સ્થાપન થએલું છે. તે દ્વારા માર્ગીય ગ્રંથો વેચવાની પણ યોજના થએલી હોવાથી બહારગામના વૈષ્ણવો પણ લાભ લઈ શકે છે. ગુર્જર વિદ્વાન્ મંડળોની જન્મભૂમિને લીધે આ શહેર ગુજરાતમાં ઉંચી પદવી ધરાવે છે.

અહીંઆં યાત્રા કર્યા પછી વૈષ્ણવોએ અહીંથી જતી કપડવણજની લાઇનિ મારફતે કપડવણજ જવું. ત્યાં આપણા વૈષ્ણવ સંપ્રદાયનું મંદિર છે. તથા શ્રી ગોકુળનાથજીના અનન્ય વૈષ્ણવ ભરૂચી સેવકોનાં કેટલાંક ઘર છે. વળી ભગવદીય બેનજીરાજનું ઘર પણ અહીંજ હતું, અને અદ્યાપિ ઉક્ત ભગવદીયના નામથી "શ્રી બેનજીરાજનો કોઠો" એ સ્થળ પ્રકાશી રહ્યું છે. શ્રી ગોકુળનાથજીની ગાદી, અને પોતાના શ્રી હસ્તાક્ષરથી લિખિત શ્રી સુબોધિનીજી આ સ્થળે બિરાજમાન છે.

શ્રી ગુસાંઇજીના પરમ કૃપાપાત્ર ભાગ્યવાન ભગવદીય રેંડાની પણ જન્મભૂમિ અહીંજ હતી. ભગવદીય રેંડાને શ્રી ગુસાંઇજીએ એક સ્વરૂપ શ્રી શ્યામળાઆજીનું શ્રી સ્વામીનીજી સહિત સેવા કરવાને માટે

પધરાવી આપ્યું હતું. તેમણે ગોકુળમાં એક બ્રાહ્મણીને ઘેર આ સ્વરૂપ પધરાવ્યુ હતું. પછી રેંડા જ્યારે પોતાને વતન પાછા ફર્યા અને શ્રી ગુસાંઇજીની આજ્ઞાથી લગ્નાદિ કરી સંસાર વ્યવહારમાં પડયા ત્યારે તે સ્વરૂપને કપડવણજમાં પધરાવી અહર્નિશ સેવા કરવા લાગ્યા. તેમનો ગૌલોક વાસ થયા પછી જ્યાંસુધી તેમનો વંશ રહ્યો ત્યાંસુધી આજ ગામમાં શ્રી ઠાકોરજી બિરાજ્યા. હાલમાં તેમના વંશની સમાપ્તિ થવાથી એજ સ્વરૂપ પોરબંદરમાં પધરાવ્યું છે. તેમનું ઘર પણ હાલ ત્યાંજ છે.*

કપડવણજમાં એક મંદિર ગામના મહાજન તરફથી ચાલે છે. તે મંદિરમાં શ્રી મદનમોહનજી ઠાકોરજી બિરાજે છે. કહેવાય છે કે ગઢા (બાવન ગઢના) રાજાની રાણી કે જે શ્રી ગુસાંઇજીનાં કૃપાપાત્ર વૈષ્ણવ હતાં અને શ્રી ગોકુલેશજીનાં સ્વરૂપાસક્તિવાન ભગવદીય હતાં તે દુર્ગાવતી રાણીના સેવ્ય સ્વરૂપ છે. જેમને શ્રી ગોકુલસ્થ શ્રી લક્ષમણલાલજી મહારાજ સેવતાં હતા. તે સ્વરૂપ અહીં વિરાજે છે. એમ કર્ણોપકર્ણ સાંભળ્યું છે.

અહીંઆં આવા કૃપાપાત્ર ભગવદીયોનું નામ સ્મરણ કરી તથા ત્યાં વિરાજતા શ્રી ઠાકોરજીના સ્વરૂપની ઝાંખી કરી નડીઆદ પાછા આવી ત્યાંથી ટ્રેનમાં બેસી મહેમદાવાદ બારેજડી વગેરે સ્ટેશનો મૂકયા પછી શ્રી નટવરલાલજી તથા શ્રી શ્યામલાલજીનાં દર્શનાર્થે અમદાવાદ ઉતરવું.

---

* ઉક્ત ભગવદીય રેંડાના વંશજોમાં ભગવદીય દામોદરદાસ પુરાણી હતા, ત્યાંસુધી ઉક્ત સ્વરૂપની સેવા તેઓજ કરતા હતા. તેમના હરિશરણ થયા પછી શ્રી ઠાકોરજી પોરબંદર બિરાજે છે. કપડવણજ ગામના વૈષ્ણવોએ આ સ્વરૂપની ઝાંખી કરવા જીંદગીમાં અવશ્ય એકાદ વખત જવું જોઈએ.



પ્રકરણ ૭મું.

અમદાવાદથી વીરમગામ.

કાશ્યપ ઋષિના તપનું ફળ, નન્દી કુંડમાંથી જન્મ પામતી, પવિત્ર, કલ્યાણી, પવિત્ર ઋષિમુનિઓના વાસના સ્થાનરૂપી ઓવારા સહિત, કાશ્યપી ગંગા વા સાભ્રમતી અથવા સાબરમતી સરિતાના તટ ઉપર સ્નાન, દાન, શ્રાદ્ધાદિક, પુણ્યોનાં મનવાંછિત ફળને પ્રાપ્ત થાય એવા આસાવળ નામના ગામ પાસે મુસલમાન પાદશાહ અહમદશાહે વસાવેલું અને તેઓના અમલમાં પૂર્ણ જાહોજલાલી પામેલું, મરાઠાઓની સત્તામાં આવેલું, ગુર્જર અથવા સૌરાષ્ટ્ર દેશની રાજ્યધાની, બ્રિટિશ શહેનશાહતના પ્રભાવમાં સુધારાના શિખરે ચઢેલું, વેપારમાં ધીકતું, પુરાણાં મકાનો, મસ્જીદો, રોજાઓ, દેવમંદિરો, અને શાળા તથા પાઠશાળાઓથી ભરપૂર પંડિતવર્ય સ્વ. ભોળાનાથ સારાભાઈ, રા. બ. રણછોડલાલ છોટાલાલ, કવીશ્વર દલપતરાય ડાહ્યાભાઈ, સ્વર્ગસ્થ, શેઠ શ્રી પ્રેમાભાઈ હીમાભાઈ,

રા. બ. પ્રો. આનંદશંકર ધ્રુવ, વગેરે પ્રાતઃસ્મરણીય જનોને ઉત્પન્ન કરનારૂં, ધનાઢ્ય ગૃહસ્થોથી સુશોભિત, કાપડ, જરી, કીનખાબ, તથા રેશમી વણાટ કામમાં પ્રધાનપદ ભોગવતું રાજનગર અથવા અમદાવાદ શહેર જ્યારે ઉક્ત સરિતાના મંદમંદ વહેતા પ્રવાહમાં ડોકીઆં કરતું જણાય છે, ત્યારે ગુર્જર ભૂમિ વિષે અભિમાન થયા સિવાય રહેતું નથી.

આ નગરનો અત્યારનો દેખાવજ બતાવી આપે છે કે આગળના રાજાઓએ આ શહેરમાં પૈસો ખર્ચવામાં કંઇ પણ કચાશ રાખી હશે નહિ. શહેરની આસપાસ આવેલાં, શાહઆલમનો રોજો, સરખેજનો રોજો, બુરજો, મસ્જીદો અને પાદશાહોના મોજશોખનાં સ્થળો, તેઓની કાર્કિદીનું યથાસ્થિત સ્મરણ કરાવે છે. એ ઉપરાંત કાંકરીઉ તળાવ, શાહીબાગ, ભદ્ર તથા ભદ્રનો કિલ્લો વગેરે ઈતિહાસ પ્રસિદ્ધ સ્થળો જોવા લાયક છે.

વૈષ્ણવો! આ નગરમાં યાત્રાને માટે સ્ટેશનથી ઉતર્યા પછી ઉતારાને માટે પ્રથમ સવડ કરવી. અહીંઆં સ્ટેશનની નજીક ત્રણ ધર્મશાળાઓ છે, તેમાંની પહેલી અત્રેના સુપ્રસિદ્ધ શહેરી અને પરમ ભાગ્યવાન વૈષ્ણવ હરિવલ્લભદાસ મૂલચંદની ધર્મશાળાને નામે જાણીતી છે. ઉક્ત ધર્મશાળામાં ગોસ્વામિ મહારાજશ્રીઓ તથા મરજાદી વૈષ્ણવો ઉતારો કરે છે અને તેઓશ્રીને માટે ઘણી ઉત્તમ પ્રકારની સગવડો કરી આપેલી છે. બીજી ધર્મશાળા, શેઠ મણીલાલ રણછોડદાસ તરફથી "મણીલાલ મૅન્સન" નામે ઓળખાય છે. આ સ્થળ પણ ઘણું રળીઆમણું અને સગવડવાળું છે અને ત્યાં ગૃહસ્થ વૈષ્ણવો ઉતરે છે. ત્રીજી ધર્મશાળા ભાટીઆની ધર્મશાળાના નામે પ્રસિદ્ધ છે. આ ધર્મશાળામાં ગોસ્વામિ મહારાજશ્રીઓ તથા મરજાદી વૈષ્ણવોને માટે

ઉત્તમ પ્રકારની યોજનાઓ કરેલી છે, ચોથી ધર્મશાળા રેવાબાઈ બાઈશંકર નાનાભાઈની છે. ત્યાં પણ બધી જાતની વ્યવસ્થા રાખેલી છે. ઉપરોક્ત ધર્મશાળાઓમાંથી કોઈ પોતાને અનુકૂળ આવે એવી ધર્મશાળામાં ઉતારો કરી દર્શનાર્થે જવું.

પ્રથમ વૈષ્ણવ ધર્મનું મુખ્ય મંદિર કાળુપુરને રસ્તે દોસીવાડાની પોળમાં આવેલું છે. આ મંદિરમાં શ્રી નટવરલાલ તથા શ્રી શ્યામલાલ ઠાકોરજીનાં સ્વરૂપ વિરાજે છે. આ સ્વરૂપ ગોસ્વામિ શ્રી રઘુનાથજી મહારાજે પધરાવ્યાં છે આ મંદિરમાં શ્રી મધુસૂદનલાલજી તથા તેઓશ્રીના લાલજી શ્રી રણછોડલાલજી મહારાજ બિરાજે છે. તેઓશ્રીને શ્રી ગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રી ગિરધરલાલજીના દાયભાગમાંથી શ્રી નટવરલાલજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. જેથી ઉક્ત મહારાજશ્રી પ્રથમ ગૃહના ઉપતિલકાયિત તરીકે ઓળખાય છે. આ શ્રી નટવરલાલજીનું સ્વરૂપ નવનિધિ પૈકીનું એક નિધિનું સ્વરૂપ છે. તે શ્રી મથુરાધીશજીની સાથેજ શ્રી યમુનાજીમાંથી પ્રગટ થયા હતા. શ્રી મહાપ્રભુજીએ સેવ્ય કરી શ્રી ગુસાંઈજીને ખેલવા માટે પધરાવી આપ્યા હતા, અને સાત સ્વરૂપ પૈકીના પ્રથમ સ્વરૂપ શ્રી મથુરાનાથજી જે સ્વરૂપ હાલ કોટામાં બિરાજે છે, તેઓશ્રીની ગોદમાં બિરાજતા હતા. આ સ્વરૂપ ઘણું છોટું છે તદપિ ઉષ્ણકાળમાં ઝાંખી કરવાથી ખરેખર અલૌકિક સ્વરૂપનું સ્મરણ થાય છે. શ્રી નટવરલાલજીના સ્વરૂપ સંબંધી ધોળ તથા કીર્તન નીચે આપીએ છીએ.

ગરબો.

નિશદિન શ્રી નટવર શ્રી નટવર નામ ઉચ્ચારીએરે,
ધરીએ શ્યામસુંદરના ચરણ કમળનું ધ્યાન. નિશદિન. ટેક.

સાખી.

નટવરજી તમે નંદના, ઘણું વધાર્યું વહાલ;
તમારા દર્શન વિના, મ્હારો જીવ ઘણો અકળાય કે
વ્હાલા છો ઘણારે. ૧.

સાખી.

નટવરજી તમે નાનડા, મહિ માખણના ચોર;
માખણુ કાજે નૃત્ય કર્યું, તમે એવા નંદકુમાર કે
નટવર નાનડારે. ૨.

સાખી.

નટવર વહાલા છો ઘણા, તમો વિના ન સોહાય;
દર્શન દુર્લભ દેવને, તમે દયા કરીને રાજ—
નગર પધારીઆરે. ૩.

સાખી.

શ્રી રઘુનાથજી મહારાજે પધરાવીઆ, સેવ્યા શ્રી છોટાલાલ;
શ્રી વ્રજરાયજીએ સુખ આપીઆં, તેનો કહેતાં ન આવે પાર કે
કહી કંઈ નવ શકુંરે. ૪.

સાખી.

દોસીવાડાની પોળમાં, આપ બિરાજે ત્યાં;
વૈષ્ણવ સૌ દર્શનકું, ત્યાં તો આવે નર ને નાર કે
અતિ હરખે ભર્યારે. ૫.

સાખી.

નટવર નટવર જે કહે, જે કોઈ નર ને નાર;
મનવાંછિત ફળ પામશે, એમ કહે છે દાસનો દાસ.
અતિ ઉમંગશુંરે. ૬.

પદ.

વંદો નટવર નવલ કન્હાઈ,
રત્ન જટિત આંગનમેં નાચત, કીલકી કીલકી અતિ હરખ બઢાઈ. ૧.
માગત માખન માટ માતસોં, બોલત વચનસુ મુખ તુતરાઈ;
જનની લાય દીયો હિત ચિત્ત કરી, લીનો અતિ સુખ પાઈ. ૨.
એક કરમેં નવનીત બિરાજત, એક કર માટ સુહાઈ;
નૃત્યત સુલપ સંચ નૌતન ગતિ, હસ્તકે ભેદ દેખાઈ. ૩.
વ્રજ વનિતા નેનન મુખ નિરખત, અંતર ભાવ જતાઈ;
રસિકદાસ કે પ્રભુ રસદાયક, રસ સંકેત બતાઈ. ૪.

શ્રી નટવરલાલજીની સાથે જ એક બીજા ખંડમાં સિંહાસન ઉપર શ્રી **બાળ**કૃષ્ણલાલજી બિરાજે છે. આ સ્વરૂપ શ્રી ગુસાંઈજીના સેવ્ય છે અને તે શ્રી ગુસાંઈજીના પરમ કૃપાપાત્ર ભગવદીય ભાઈલા કોઠારીને માથે બિરાજ્યા હતા. આ ભગવદીય ઘણા નિર્મળ મનના હતા. વળી તેમની શ્રી ગુસાંઈજી સાથે અગાધ પ્રીતિ બંધાઈ હોવાથી તેઓશ્રીના વિના રહી શકતા હતા નહિ. તેથી શ્રી ગુસાંઈજી પણ ઘણો વખત ભાઈલા કોઠારીને ઘેર રહેતા. વળી ઉક્ત ભગવદીયના ઘરમાં પણ એવો પ્રભાવ હતો કે જે કોઈ ત્યાં જાય તેની બુદ્ધિ નિર્મળ થઈ ભગવત્ સેવામાં તેનું મન પરોવાય. વળી અહીંઆં શ્રી ગુસાંઈજીએ પોતાનો અતૂલ ચમત્કાર બતાવ્યો છે. પ્રસંગ એવો બન્યો કે એક ચાડી કરનાર બ્રાહ્મણ ભાઈલા કોઠારીના ઘરની પાસે રહેતો હતો. તેણે જ્યારે શ્રી ગુસાંઈજી ભાઈલા કોઠારીને ઘેર પધાર્યા ત્યારે ધોળકામાં લાડબાઈ રાણીને જાહેર કર્યું કે એક ગુસાંઈ વેરાગી આ સ્થાને આવેલો છે, અને તે સર્વેનું ધુતી ખાય છે. આ ઉપરથી લાડબાઈ રાણીએ પોતાના બાજ સરદારને ભાઈલા કોઠારીને ઘેર તપાસ

કરવા મોકલ્યો. પરંતુ પ્રભુની કળા અકળિત છે. તેના ભેદને કોણ પામી શકે ? બાજ સરદારે શ્રી ગુસાંઈજીનાં દર્શન કરતાંમાંજ સાક્ષાત્ શ્રી કનૈયાલાલને ઓળખ્યા અને તેથી* તેની મતિ ફરી ગઈ. શ્રી ગુસાંઈજી પાસે પોતે એક ચીજ એવી માગી કે જે હમેશાં સાથે રાખી શકે તેથી તેઓશ્રીએ એક સોપારી આપી કે જે તેણે પાઘડીમાં બાંધી રાખી. વળી પૂછ્યું કે વરસાદ કયારે થશે ? ત્યારે આપશ્રીએ શ્રી મુખથી પ્રત્યુત્તર આપ્યો કે આજ થશે અને તે પ્રમાણે બન્યું. તેથી જે કામને માટે તે આવ્યો હતો તે કામ માંડી વાળ્યું અને પોતાને વતન પાછો ફર્યો, તથા પ્રભુ પ્રત્યે તેની દઢ ભાવના બંધાઈ.

શ્રી નટવરલાલ તથા શ્રી બાલકૃષ્ણુલાલજી સાથે બીજા મંદિરમાં **શ્રી શ્યામલાલજી** બિરાજે છે. તેઓ શ્રીની સેવા પણ શ્રી મધુસૂદનલાલજી મહારાજ તથા તેઓ શ્રીના લાલજી કરે છે. આ શ્રી ઠાકોરજી અમદાવાદ પાસેના નરોડા ગામના શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર મહાનુભાવી ભગવદીય ગોપાળદાસને શ્રી મહાપ્રભુજીએ પધ-

---

* શ્રી ગુસાંઈજી એ શ્રી મહાપ્રભુજીનું બીજું સ્વરૂપ છે. તેમનો પ્રભાવ અને ખુબી માર્ગીય વૈષ્ણવો જો ઉંડા ઉતરી જોશે તો જણાશે કે અતૂલ છે. તેઓશ્રીની કૃપા એજ સર્વ ફળ છે. તેઓશ્રીની કૃપા, તેઓશ્રીના નામસ્મરણથી, અને તેઓશ્રીના સ્વરૂપની ઝાંખી નિષ્કામ પ્રેમથી કરે તો અવશ્ય થાય. આવાં દૃષ્ટાંત અનેક છે. જેમ કોઈ રાજાની અથવા ઉપરી અમલદારની કૃપા મેળવવા આપણે હમેશાં તેનુંજ ચિન્તવન કરીએ છીએ અને થોડાક સમયમાં લૌકિક સુખની પ્રાપ્તિ કરી શકીએ છીએ તો જ્યારે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમના અવતાર એવા શ્રી મહાપ્રભુજી તથા બીજે સ્વરૂપે શ્રી ગુસાંઈજીનું ચિન્તવન લૌકિક અલૌકિક સુખ આપે એમાં નવાઈ શી ?

રાવી આપ્યા હતા તે છે, અને તે શ્રી મહાપ્રભુજીના સેવ્ય છે.

આ શ્રી શ્યામલાલજીની સાથે એકજ સિંહાસન ઉપર એક તરફ બિરાજતા શ્રી ઠાકોરજી[1] શ્રી ચંદ્રમાલાલજી, (ગુલાબના ફુલ-વાળા, જેમને એક લાખ રૂપીઆનું એક ફુલ અંગીકાર કરાવ્યું હતું) શ્રી ગુસાંઈજીના સેવ્ય બિરાજે છે તથા બીજી તરફ[2] શ્રી ગોપાલલા-લજી શ્રી ગુસાંઈજીના સેવ્ય બિરાજે છે. આ મંદિરોમાં શ્રી નટવર-લાલજી, શ્રી બાળકૃષ્ણલાલજી, શ્રી શ્યામલાલજી, તથા શ્રી ચંદ્રમા-લાલજી તથા શ્રી ગોપાળલાલજી તથા શ્રી પાદુકાઓજી તથા બીજું સ્વરૂપ શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઈજીના સેવ્ય સ્વરૂપોની ઝાંખી કરી રાજામહેતાની પોળમાં શ્રી નટવર ગોપાળજીનું સ્વરૂપ બિરાજે છે, ત્યાં દર્શનાર્થે જવું. આ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના સેવ્ય છે. અહીંઆં શ્રી મહાપ્રભુજીનાં પાદુકાજી પણ બિરાજે છે. સાથે શ્રી મદનમોહન-જીનું સ્વરૂપ બિરાજે છે. તે શ્રી ગોપીનાથજી મહારાજ શ્રી મહાપ્ર-ભુજીના જ્યેષ્ઠ લાલજીના સેવ્ય છે. આ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના સેવક *રામદાસ સાચોરા બ્રાહ્મણને શ્રી મહાપ્રભુજીએ પધરાવી આપ્યું હતું.

---

૧ શ્રી ચંદ્રમાલાલજી તે શ્રી ગુસાંઈજીના સેવ્ય છે અને ૨૫૨ વૈષ્ણવો પૈકી "જમનાદાસ દક્ષિણમાં રહેતા" (જેમની વાર્તા ૧૨૬ મી છે.) તેમના માથે બિરાજતા હતા.

૨ શ્રી ગોપાલલાલજી તે શ્રી ગુસાંઈજીના સેવ્ય છે, અને તે રાજા માનસીંગના માથે બિરાજતા હતા.

* આ રામદાસ સાચોરા બ્રાહ્મણનાં પત્નીનું પતિવ્રત ઘણું શ્રેષ્ઠ હતું. પોતાનો પતિ ઈંટાનો વરસાદ વરસાવતો હોવા છતાં તેનેજ વળગી રહી અને પતિ એજ પ્રભુ માની ભગવત્સેવામાં તત્પર રહેતી. વૈષ્ણવોએ શ્રી મહાપ્રભુજીના સેવક થયા પછી હૃદયમાંથી નિષ્ઠુરતાનો

અને હાલમાં તેમના વંશજ પૈકી ભગવદીય રણછોડલાલ માણેકલાલ સેવા કરે છે. અહીંઆં બિરાજતા સ્વરૂપનાં દર્શન કરી યથાવિધિ ભેટ મૂકી રીચીરોડ ચંગપોળમાં બિરાજતા શ્રી ચતુર્ભુજરાયજીનાં દર્શન કરવા જવું. આ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના સેવ્ય છે. આ મંદિરમાં શ્રી મહાપ્રભુજીના જ્યેષ્ઠ લાલજી શ્રી ગોપીનાથજી મહારાજનાં પાદુકાજી બિરાજે છે, અને ભગવદીય રામદાસના ભાઈ સ્યામદાસજીના વંશજો પૈકી ભગવદીય ચુનીલાલ પ્રાણવલ્લભદાસ સેવા કરે છે. ×શ્રી ચતુર્ભુજરાયજીનું સ્વરૂપ શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી રામદાસને દાદાહરિની વાવમાંથી પ્રાપ્ત થએલું છે.

આ સિવાય શહેરમાં રાયપુરમાં શ્રી દ્વારિકાનાથજીનું મંદિર છે. આ મંદિરમાં એક ભોંયરૂં છે, તેમાં કાંકરોલીમાં બિરાજતા શ્રી દ્વારિકાનાથજી તથા શ્રી બાલકૃષ્ણલાલજી છ માસ સુધી ગુપ્ત બિરાજ્યા હતા. તે ભોંયરૂં હાલ પણ છે.

ઉપર પ્રમાણે શહેરમાં માર્ગીય મંદિરોમાં દર્શન, ભેટ, વગેરે કરી શ્રી ગુસાંઇજીની બેઠકે દર્શન કરવા જવું. શ્રી ગુસાંઇજીની બેઠક રાજનગરથી દોઢેક ગાઉ ઉપર આવેલા અસારવા ગામની ભાગોળે છે અને તે બેઠક શ્રી ગુસાંઇજીના અનન્ય કૃપાપાત્ર ભગવદીય ભાઇલા કોઠારીના ઘરમાં છે. બેઠકનું સ્થાન ઘણું રમણીય છે. કૃત્રિમ બાગ

સદા ત્યાગ કરવો, સંસારમાં જોડાએલાંની સાથે કદી પણ દયાહીન થવું નહિ. તેમાં વળી પોતાની પતિવ્રતા સ્ત્રી પ્રત્યે કદી ખોટો ભાવ રાખવો નહિ.

× શ્રી ચતુર્ભુજરાયજી તથા શ્રી મદનમોહનજીના પ્રાગટ્ય સંબંધી જુઓ અમારી ચોરાશી વૈષ્ણવની વાર્તામાં વાર્તા [illegible] મી.

એક બાજુએ આવેલો છે અને તેમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં વૃક્ષો દૃષ્ટિગોચર થાય છે. આસોપાલવ, કેગ, લીમડા, આંબા વગેરે જાતનાં તરૂવરો સ્વભાવિક રીતે મનને પ્રભુ તરફ આકર્ષે છે. બેઠકની બીજી બાજુએ કેટલીક ઓરડીઓ છે જ્યાં ભગવદીયો રહી શકે છે. વળી એક બાજુ ગૌશાળા પણ જોવામાં આવે છે. આ સ્થળમાં શ્રી ગુસાંઇજીએ કૃપા કરી ભગવદીય ભાઇલા કોઠારીના જમાઈ ગોપાળદાસને મુંગાના બોલતા કર્યા હતા, અને—

मूकं करोति वाचालं पंगुं लङ्घयते गिरिम् ।
यत् कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥

એ સૂત્રને પોતે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે એમ જણાવી સત્ય પાડયું હતું. આપણે શ્રી વલ્લભાખ્યાનમાં જે વચનામૃત–અધરામૃતનું પાન કરીને આનંદ ભોગવીએ છીએ, એજ શ્રી ગુસાંઇજીની ગોપાળદાસ ઉપરની કૃપાનું ફળ છે.

બેઠકને અંગે ઉતરવાની સગવડ પણ ઉત્તમ પ્રકારની છે. મહાપ્રસાદ વગેરે લેવરાવવાની યોજના શ્રેષ્ઠ છે. બેઠક શ્રી મધુસૂદનલાલજી મહારાજના તાબામાં છે અને સર્વાંશે વહીવટ તેઓશ્રીને હાથેજ થાય છે.

શ્રી ગોકુળનાથજીની બેઠક પણ તેજ સ્થળે છે એટલે અત્રે શ્રી ગુસાંઇજી અને શ્રી ગોકુળનાથજી બન્નેનાં દર્શન પૂર્ણ આનંદથી થઈ શકે છે. આ સ્થળે ધોળકાના હાકેમને શ્રી ગુસાંઇજીએ પોતાનો ચમત્કાર જણાવ્યો હતો.

રાજનગરથી દર્શનાદિ ક્રિયા સમાપ્ત કરીને અહીંથી ૩ ગાઉ દૂર આવેલા નળરાજાના નામ ઉપરથી પડેલું નરોડા નામે ગામ છે તેમાં શ્રી મહાપ્રભુજીની બેઠક હાલમાં થોડા સમયથી પ્રગટ થએલી છે ત્યાં

દર્શન કરવા જવુ. ત્યાં ગાડીમાં અથવા પગરસ્તે જઈ શકાય છે. બેઠક ફક્ત ૩ ગાઉ દૂર હોવાથી અમદાવાદમાંજ ઉતારો રાખી અહીં દર્શન કરી આવવાનું વધુ સુગમ પડે છે. માટે વૈષ્ણવોએ અહીંઆંજ રહી અસારવા પછી બીજા સ્ટેશન નરોડાએ આગગાડી મારફત અ-થવા પગરસ્તે ચાલીને જઈ આવવું.

શ્રી મહાપ્રભુજીની બેઠક ગામ બહાર ખુલ્લા મેદાનમાં છે અને સ્થળ પણ ઘણુંજ રમણીય છે. બેઠક શેરગઢસ્થ ગોસ્વામિ શ્રી ગિર-ધરલાલજી મહારાજના તાબામાં છે. બેઠકને અંગે યાત્રાળુઓને ઉત-રવાની જોગવાઈ પણ કરેલી છે. ઉક્ત બેઠક શ્રી મહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર ભગવદીય ગોપાળદાસના ઘરમાંજ છે. આ વૈષ્ણવ સંબંધી કેટલીક જાણવા લાયક હકીકત ૮૪ વૈષ્ણવની વાર્ત્તામાંથી મળી આવે એમ છે તથા વૈષ્ણવોએ કેવી પ્રકૃતિનો આશરો કરવો તે સંબંધી વિશેષ ટીકા છેલ્લા પ્રકરણમાં વર્ણવી છે.

શ્રી મહાપ્રભુજીએ અહીંઆં સપ્તાહ કરી હતી. ઘણા ભાવિકોને નામ નિવેદન કરાવ્યું હતું. ગોપાળદાસના શ્રી ઠાકોરજી શ્રી શ્યામ-લાલજી હાલ રાજનગરમાં પ્રથમ ગૃહના ઉપ તિલકાયિત શ્રી મધુસૂદન-લાલ મહારાજશ્રીના "નટવરલાલ શ્યામલાલ" નામે ઓળખાતા મંદિરમાં બિરાજે છે.

પ્રિય યાત્રાળુઓ ! હજુ પણ અમદાવાદમાં મુકામ રાખી એક વખત "શ્રી કોટયર્ક તીર્થ" તથા "શ્રી શામળાજી" ક્ષેત્રમાં બિરા-જતા શ્રીના સ્વરૂપોના દર્શનની ઝાંખી કરી આવીને આ સ્થળેથી વીરમગામની યાત્રાને માટે મુકામ ઉપાડવો. વીરમગામ સુધીની યાત્રા પૂર્ણ થઈ એટલે આપણી યાત્રાનો એક ભાગ પુરો થશે.

પ્રથમ *શ્રી કોટચર્ક તીર્થમાં જવું. ત્યાં જવાને માટે ત્રણ જુદા જુદા રસ્તા છે. એક રસ્તો અમદાવાદથી કલોલ થઈ, કડી વીજાપુર રેલ્વે લાઈન મારફત વીજાપુરથી ખડાત ગામે થઈ જવાય છે. બીજો રસ્તો તેજ લાઇન મારફતે વીજાપુર યા લોદ્રા સ્ટેશનથી ઉતરી પગ રસ્તે અને ત્રીજો રસ્તો R. M. રેલ્વે મારફત પ્રાંતીજ સ્ટેશન થઈ જવાય છે. વીજાપુર, લોદ્રા, અથવા પ્રાંતીજથી "શ્રી કોટચર્ક તીર્થ" ફક્ત ચારજ માઇલ દૂર છે. આ શ્રી કોટચર્ક પ્રભુનું ચતુર્ભુજ શ્યામ સ્વરૂપ, કોટિ સૂર્ય સમાન તેજસ્વી ને મહા ચમત્કારી છે. તે સ્વરૂપની સાથે શ્રી ત્રિકમરાયજીનું તથા શ્રી ઘનસ્યામરાયજીનું એવાં બીજાં બે સ્વરૂપ બિરાજે છે. તેમજ શ્રી લક્ષ્મીજીનું સ્વરૂપ પણ આ મંદિરમાં એક બાજુએ બિરાજે છે. અહીંઆં સેવા +પ્રકાર પુષ્ટિમાર્ગીય રીતિને અનુસરીનેજ કરવામાં આવે છે. અહીંઆં આ પ્રમાણે શ્રી કોટચર્ક તીર્થમાં દર્શન ઝાંખી કરી પ્રાંતીજથી તલોદ આવવું. અહીંથી ઘોડા-ગાડી મળે છે તે દ્વારા મોડાસા થઈ "શ્રી શામળાજી ક્ષેત્રમાં દર્શન કરવા જવું.

શ્રી મહાપ્રભુજીની સેવા રીતિ એટલી બધી ઉત્તમ છે કે અન્ય

* આ કોટચર્ક પ્રભુ ખડાયતા બ્રાહ્મણ તથા વણિક જ્ઞાતિના કુળ ઇષ્ટદેવ છે. તેથી તે જ્ઞાતિવાળાઓએ તો ખાસ કરીને અવશ્ય એ પ્રભુનાં દર્શનાર્થે જીંદગીમાં એકાદ વખત તો જવુંજ જોઈએ.

+ આ શ્રી કોટચર્ક પ્રભુના સ્વરૂપને રાજનગરસ્થ ગોસ્વામિ શ્રી વ્રજરાયજી મહારાજે સ્વહસ્તે પુષ્ટ (ભક્તિમાર્ગીય રીતિ અનુસાર) કરીને પુષ્ટિમાર્ગીય વિધિ પુરઃસર સેવા કરવાની આજ્ઞા આપી છે. ત્યારથી એતન્ માર્ગ પ્રમાણે સેવા થાય છે.

સંપ્રદાયનાં તીર્થક્ષેત્રોમાં પણ તેઓશ્રીએ બતાવેલી ને પ્રમાણ ગણેલી રીતિ ગ્રહણ કરવામાં આવે છે. કેટલું બધું શ્રી મહાપ્રભુજીનું માહાત્મ્ય છે!

"શ્રી શામળાજી ક્ષેત્ર."

પ્રથમ જણાવ્યા પ્રમાણે આર. એમ. રેલ્વેદ્વારા મહીકાંઠા એજન્સી માંહેલા ઇડર રાજ્યની હદમાં એક પહાડી પ્રદેશમાં આવેલા ખડાયતા વિપ્રો તથા વૈશ્યોના કુળ ઇષ્ટદેવ "શ્રી કોટયર્ક"ની માફક શ્રી કોટયર્કની પાસે આવેલા ખડાત ગામ (જેના નામ ઉપરથી ખડાયતા જ્ઞાતિ ઉત્પન્ન હોવાનું સંભવે છે.) ની માફક પ્રાચીન ઉત્કૃષ્ટતાને લીધે અતિશય આહ્‌લાદજનક તથા ચિત્તાકર્ષક, નિકટ ઘટાયુક્ત ઝાડીથી તથા ખીણોમાં "મેશ્વો" નામની સરિતાના મંદમંદ પ્રવાહથી અલૌકિકતામાં વધારો કરતા શ્રી ગદાધર ભગવાનનું ક્ષેત્ર એ નામ તરીકે પ્રસિદ્ધ શ્રી શામળાજી ક્ષેત્રમાં તલોદ સ્ટેશનથી પાકી સડકે મોડાસાથી લગભગ ૧૮ માઇલ દૂર ઘોડા યા બેલગાડી દ્વારા જઈ શકાય છે. ઝાડીવાળા પ્રદેશને લીધે દેખાવ ઘણો ભયંકર લાગે છે. પરંતુ ઉત્તમ બંદોબસ્તને લીધે હાલ તે ભય દૂર થયો છે તોપણ પ્રસંગોપાત્ત ભોમીઆની સાથે જવું એ વધારે સલામતી ભરેલું છે.

તલોદ અને મોડાસા વચ્ચેનું અંતર લગભગ ૩૨ માઇલ છે. ત્યાં જવાને ટપ્પાઓમાં માણસ દીઠ ભાડુ નક્કી જેવું ઠરાવેલું હોવાથી અડચણ પડતી નથી. મોડાસાથી ક્ષેત્રમાં જવાને માટે પહાડી ખીણવાળા પ્રદેશમાં જઈ શકે એવાં ઘોડાં, ભોમીઆ વગેરે મળી શકે છે. રાજનગરથી આ ક્ષેત્રમાં જવાનો કુલ ખર્ચ આશરે રૂ. બેથી રૂ. અઢી થાય છે.

શ્રી ગદાધર ભગવાનની સેવાવિધિ શ્રી પુષ્ટિમાર્ગીય રીતિને અનુસરીનેજ કરવામાં આવે છે. મંદિર ઘણું વિશાળ છે અને તેની ભવ્યતા એટલી બધી છે કે તે મંદિરના ખર્ચનો સરવાળો બાંધવોપણ ઘણા શીલ્પ શાસ્ત્રીઓથી બની શક્યું નથી. શિખર ઘણું ઉંચુ છે.

અહીંઆં દર્શન કરી બીજાં અન્ય જોવા લાયક સ્થળો જેવાં કે-ખાખચોકનું સાધુ લોકનું સ્થળ, ત્રૈલોકીનાથ, શ્રી રણછોડજી, શ્રી ગિરિધારી ભગવાન, કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર તથા કર્મભૂજ, (જે કરમાબાઈનો પ્રભુએ ખીચડો આરોગ્યો હતો તેજ કરમાબાઈનું આ સ્થાન છે) કરમાબાઈનું તલાવ વગેરે આવેલાં છે. સમય અનુકૂળ હોય તો જઈ આવવું. બની શકે તો દરેક યાત્રાળુએ પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે એક નોંધ પોથીમાં પુરાણાં મકાનો તથા બની શકે તેટલી તત્સંબંધે ઐતિહાસિક માહીતી લખી લેવી. ત્યારબાદ રાજનગર પાછા આવવું, શ્રી શ્યામળાજીથી જૈનોના પ્રસિદ્ધ દેવ શ્રી કેસરીઆજી થઈ ડુંગરપુર થઈ શ્રી નાથદ્વાર પણ જવાય છે.

ધોળકા.

પ્રિય વૈષ્ણવ ગણ! શ્રી રાજનગરમાં વિશ્રામ સ્થાન કાયમ રાખી ધોળકા જઈ આવવું. ત્યાં બિરાજતા શ્રી મોહનલાલજીનું તથા પરમ ભગવદીય છોટાલાલને ઘેર પ્રાચીન શ્રો મદનમોહનલાલના સ્વરૂપનાં દર્શન કરવા અવસ્ય જવું.

આ ગામ પ્રાચીન કાળમાં વિરાટ નગરને નામે પ્રસિદ્ધ હતું, અને તેજ સ્થળમાં ક્રૂર દુર્યોધનની સાથે ધુતમાં હારતાં વચને કરી બંધાએલા, નૃપતિના આશ્રય તળે એક વર્ષ પર્યંત અજ્ઞાતવાસ ભોગવવાને મૂલ પાંચ પાંડવો સેવકના રૂપમાં તથા તેઓનાં પત્ની-દ્રૌપદી

તે દાસી સૈરંધ્રીના રૂપમાં વાસ કરી રહ્યા હતા. અને તેઓની પાઠ-શાળાનું સ્થાન અદ્યાપિ પર્યંત દષ્ટિગોચર થાય છે પણ હાલ તે સ્થળ મુસલમાનોના તાબામાં હોવાથી પ્રાચીન સ્મરણ રહ્યું નથી.

ગુજરાત દેશના રાજા સિદ્ધરાજનાં માતાએ બંધાવેલું મલાવ નામનું સરોવર જોવા લાયક છે. સિદ્ધરાજનાં માતા મીનળદેવીએ જ્યારે આ તળાવ બાંધવા આજ્ઞા આપી ત્યારે તળાવને વિશાળ કરવા માટે આજુ બાજુનાં વસ્તીવાળાં મકાનો માલીકો પાસેથી ખરીદ કરી લીધાં, પણ એક ગણિકાનું મકાન હતું તેણે તે આપવા ના પાડી ને કહ્યું કે ગમે તેટલા રૂપીઆ આપો પણ મારૂં મકાન નહી આપું પણ જોરજુલમથી લેવું તો ભલે લેઈ લ્યો. મીનળદેવીની આજ્ઞા તેમ કરવાની નહી હોવાથી તે મકાન લીધું નહી જે હાલ પણ મોજુદ છે કે આખું તળાવ બધી બાજુથી જ્યારે ગોળ વર્તુળાકાર છે તો આ ગણિકાના ઘરના જેટલો ભાગ અધુરો છે. ન્યાય તે આ સ્થળેજ દષ્ટિગોચર થાય છે તથા અત્ર સ્થાનેથી સપ્તકોષ દુર વૌઠા ગ્રામ્ય નીકટ સપ્ત સરિતાઓનો સંગમ વગેરે અવલોકન કરવા યોગ્ય છે. અધુના આ ગ્રામ્યમાં દાડમ—જામફળનો પાક સારો થાય છે.

આ સ્થળમાં શ્રી ગુસાંઈજીના પરમ કૃપાપાત્ર ભગવદીય રાજા આશકરણના સેવાનાં બે સ્વરૂપ શ્રી મોહનલાલ અને નાગરપ્રભુનાં સ્વરૂપો પૈકી ***શ્રી મોહનલાલજીનું** સ્વરૂપ શ્રી સ્વામીનીજી સહિત

---

* માનસી સેવાથી માનસીક ભોગમાં શ્રીઠાકોરજીને માટે આરોગાવા કરેલી કઢીનું પાત્ર અશ્વના કૂદવાથી ભાગી ગયું અને આખા દેહ ઉપર તેની નિશાનીઓ જણાઈ આવી. ભાવુકો ! ત્રણ પ્રકારની સેવા વિધીમાં—તનુજા-વિત્તજા અને માનસી ફળરૂપ ગણાએલી છે. માનસી સેવાની સિદ્ધિને માટે તનુજા અને વિત્તજા સાધનરૂપ છે, છતાં

બિરાજે છે. અને શ્રી નાગર પ્રભુનું સ્વરૂપ મુંબાઈમાં શ્રી ગોકુળનાથજીના મોટા મંદિરમાં બિરાજે છે. શ્રી મોહનલાલ પ્રભુની સાથે શ્રી ગુસાંઈજીનાં પાદુકાજી શ્રી ગિરિધરજી વગેરે ૩–૪ બાળકનાં પાદુકાજી પણ બિરાજે છે. શ્રી મોહનલાલ પ્રભુના સ્વરૂપની ઝાંખી એવી અલૌકિક થાય છે કે તે સ્વરૂપ ઉપર આપણને સાધારણ મોહ થયાવિના રહેતોજ નથી. શ્રી ઠાકોરજી રાજસી ઠાઠમાં બિરાજતા હોય એમ દૃષ્ટિગોચર થાય છે.

પરમ ભગવદીય છોટાલાલ મથુરાંદાસના ગૃહમાં શ્રી મદનમોહનલાલજીનું પ્રાચીન સ્વરૂપ બિરાજે છે. આ સ્વરૂપ જોધપુરમાં કાશીવાળા શેઠ પુરૂષોત્તમદાસને માથે બિરાજતા શ્રી મહાપ્રભુજીના સેવ્ય શ્રી ઠાકોરજી શ્રી મદનમોહનલાલજીના સ્વરૂપને મળતું છે. અને આ પ્રાચીન સ્વરૂપનાં દર્શન કરવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

તેને ફળરૂપ ગણીનેજ કરવાની છે. તનુજા અને વિત્તજા સેવામાં તનુજા શ્રેષ્ઠ છે. માટે પ્રથમ તનુજા અને વિત્તજા ભક્તિના પ્રયોગો કરી માનસી સેવાનું ફળ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. આ વાર્ત્તા વાંચી શ્રી ગુસાંઈજીએ બતાવેલી સેવા વિધિનું અનુકરણ કરવું. તદુપરાંત લઢાઈમાં ગએલા રાજાની વ્હારે શ્રી પ્રભુ ધાયા તેની નિશાની રાજાપ્રતિ ફેંકાએલુ તીર શ્રી પ્રભુએ ઝીલી લેઈ અંગીકાર કરેલું શ્રી પ્રભુના અંગમાં તીક્ષ્ણ ચક્ષુએ નિરીક્ષણ કરવાથી ભાન થાય છે. આ શ્રી મોહનલાલજી ધોળકામાં હાલ ભગવદીય "ચંદુલાલ મનસુખભાઇ" મજમુન્દારના માથે બિરાજે છે. અગાઉ જ્યારે તેમના વડુઆઓ શ્રી ગોકુળ યાત્રાર્થે ગયેલા ત્યારે તૃતીય ગૃહના તિલકાયિત શ્રી બાલકૃષ્ણલાલજી પાસેથી પધરાવી લાવ્યાનું જણાય છે. ને ત્યારથી તે હાલ સુધી અહીંજ બિરાજે છે.

*શ્રી મદનમોહનલાલના સ્વરૂપનું જ્ઞાન થવા માટે "વિવિધ ધોળપદ ભાગ ૨ પા. ૧૭૯" જોવું. જેથી યથાર્થ જ્ઞાન થશે.

વળી ધોળકામાં બીજું એક મંદિર શ્રી દામોદરલાલજીનું છે તે મંદિર પ્રથમ ત્યાંના શ્રીમાળી બ્રાહ્મણોએ બંધાવી તેમાં શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિ પધરાવીને તે મંદિર ગોસ્વામી શ્રી દાનીરાયજી મહારાજને અર્પણ કર્યું; શ્રી દાનીરાયજી મહારાજે એ સ્વરૂપને પોતાના શ્રી હસ્તથી સ્પર્શ કરી શ્રીકૃષ્ણ ભગવાનનો આવિર્ભાવ કર્યો કે તત્ક્ષણેજ તે સ્વરૂપ ગૌર મટી શ્યામ થયું પછી પોતે સેવ્ય કરી પુષ્ટ કરી સેવાનો ક્રમ બાંધ્યો ત્યારથી અદ્યાવધિ પણ તેમજ સેવા પ્રકાર ચાલી રહ્યો છે. હાલ આ મંદિર મુંબાઈના શ્રી લાલબાવાના મંદિરવાળા શ્રી રણછોડલાલજી મહારાજના હસ્તક છે.

રાજનગર પાછા આવી પોતાનો સરસામાન સંભાળી અત્રેથી જે અગ્નિરથ મારફતે મુંબાઈથી યાત્રાટન કરવા નીકળ્યા હતા તે અગ્નિરથમાં બેસી વિરમગામ જવું.

વિરમગામ.

મુંબાઈથી વિરમગામ લગભગ ૩૫૦ માઈલના અંતરે આવેલું છે. આ સ્થળ કિલ્લેબંધી છે. ગુજરાતના રાજા સિદ્ધપુર જયસિંહનું બંધાવેલું તળાવ, તેના કાંઠા ઉપર બંધાવેલાં અનેક દેહરાં તથા દેહરીઓને લીધે મનને આનંદ ઉત્પન્ન કરે છે. અહીંઆં દરેક ચીજ

* આ ગ્રન્થ લખાયા પછી પ્રેસમાં છપાતા દરમ્યાન શ્રી મદનમોહનલાલજીની સેવા કરતા "છોટાલાલ મથુરાંદાસ" હરિ શરણ થવાથી આ શ્રી ઠાકોરજી હાલ કાંકરોલી બિરાજે છે. માટે ભાવુકોએ ત્યાં જાય ત્યારે આ સ્વરૂપનાં દર્શન કરવા ખાસ ચુકવું નહી.

ઉપર જકાત લેવામાં આવતી હતી. આ ગ્રંથ લખવાની શરૂઆતમાં સત્તાધારીઓ તરફથી જાહેર કરવામાં આવ્યું કે ઇંગ્લૅન્ડના લિબરલ પક્ષમાંથી નીમાયલા પ્રધાન લૉર્ડ મોન્ટેગુએ-લાંબા વખતથી ચાલતી આવેલી ત્રાસદાયક અને જેને માટે છાપાંઓ વારંવાર છૂટકારો માગતા હતા તે જકાત કાઢી નાંખી છે. આ સ્થળમાં મુખ્યત્વે કરીને રૂનો વેપાર સારો જણાય છે.

અહીં રેલ્વે સ્ટેશન જન્કશન છે. ગામ સ્ટેશનથી ઘણું નજીક છે. સ્ટેશનથી ઉતર્યા કે નજીકમાંજ એક ધર્મશાળા છે. ત્યાં મુકામ થઈ શકે છે. પણ ગામમાં એક શ્રી રસિક પ્રિયાજીનું મંદિર છે ત્યાં મુકામ કરવો ઠીક પડે છે. યથા રૂચી મુકામ કરી શ્રી દર્શનાર્થે જવું અહીં પુષ્ટિમાર્ગીય ૩-૪ મંદિર છે. (૧) શ્રી રસિક પ્રિયાજીનું મંદિર તેમાં શ્રી ગુસાંઈજીના સેવ્ય-ભગવદીય જીવા પારેખના શ્રી ઠાકોરજી બિરાજે છે. આ મંદિર કામ્યવનસ્થ ગોસ્વામિ શ્રી વલ્લભલાલજી મહારાજના તાબામાં છે. (૨) શ્રી ગોવર્દ્ધનનાથજીનું મંદિર છે. આ સ્વરૂપ પંચમકુમાર શ્રી રઘુનાથજીના સેવ્ય છે. (૩) શ્રી બાલકૃષ્ણજીનું મંદિર છે. (૪) ગામ બહાર એક મૈલ ઉપર બગીચો નામે કહેવાય છે. કે જ્યાં પ્રથમ ગોસ્વામિ શ્રી જયદેવલાલજી મહારાજ બિરાજતા હતા. તેમણે બંધાવેલું છે. ત્યાં શ્રી અષ્ટભુજાજી (શ્રી વ્રજચંદ્રજી) (નામે શ્રી ઠાકોરજી બિરાજે છે. આ સ્વરૂપ પ્રથમ શ્રી મહાપ્રભુજીએ સેવ્ય કરી ×પદ્મારાવળ નામે વૈષ્ણવને માથે પધરાવી આપ્યા હતા.

× પદ્મારાવળ અભણ અને અજ્ઞાન હતા. પરંતુ શ્રી મહાપ્રભુજીના ચરણામૃત લેવાથી માર્ગનો બધો સિદ્ધાન્ત સ્ફુરી આવ્યો. અને તે સિદ્ધાન્તો એવા મુખ પાઠ થઈ ગયા કે મોટા મોટા પ્રતિષ્ઠિત પુરૂષો પણ તેમની સાથે ટકી શકતા નહોતા. આનું નામજ "પુષ્ટિ-

ત્યાર પછી કોટામાં એક સાચોરાને ઘેર બિરાજતા હતા. ત્યાંથી ગો. શ્રી જયદેવલાલજી મહારાજ સં. ૧૯૫૭ ની સાલમાં પધરાવી લાવ્યા ને મોટા મનોરથ કરી આ મંદિરમાં પધરાવ્યા. આ સિવાય આજ સ્થળમાં એક શ્રી વૃન્દાવનચંદ્રજીનું મંદિર છે. આ સ્વરૂપ ઘણા વખતથી શ્રી જયદેવલાલજી મહારાજને માથે બિરાજતું હતું. બન્ને મંદિર એક સાથેજ છે. અહીંઆં પણ વૈષ્ણવને ઉતરવાનો સારો સગવડ છે. ગામમાં શેઠ પ્રભુલાલ મોહનલાલ તરફથી "પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય" સ્થપાયું છે. વૈષ્ણવો આ પુસ્તકાલયનો વધારે લાભ લે તો માર્ગીય જ્ઞાનનો ફેલાવો થાય.

માર્ગ—કૃપામાર્ગ" વળી પ્રભુના અંગે આતુરતા—વિરહતા, તથા દીનતા હરહમેશ રાખવી. અને તે રાખવાથી પ્રભુની અલૌકિક લીલાનું દર્શન થાય છે. વધુ વિગત માટે જુઓ "ચોરાશી વૈષ્ણવની વાર્તા."



પ્રકરણ ૮મું.

આણંદથી માવલી.

વૈષ્ણવો ! મુંબાઈથી નીકળી વિરમગામ સુધીની યાત્રા સંપૂર્ણ થઈ છે. તેથી હવે શ્રીનાથદ્વાર તરફ જવાને જવું જોઈએ. અહીં સુધી યાત્રા કર્યા પછી સ્વભાવિક રીતે મન શ્રીનાથદ્વારા જવાને આતુર થાય છે. વૈષ્ણવ ધર્મનું મુખ્ય તીર્થક્ષેત્ર પણ શ્રીનાથદ્વારાજ છે. ત્યાં સાતે સ્વરૂપ બિરાજમાન્ હોવાથી તેઓશ્રીની અલૌકિક શોભા મનને આનંદ પમાડે છે. એટલે ત્યાં જવાને ઉત્સુકતા વધારે થાય તે કંઈ આશ્ચર્યકારક નથી. માટે હાલ કાઠીઆવાડ તરફ નહિ જતાં પાછા ફરી આણંદથી ડાકોર ગોધરા થઈ શ્રીનાથદ્વારા જવું.

તીર્થક્ષેત્ર ડાકોર.

વીરમગામથી અમદાવાદ ઉતરી અમદાવાદથી ડાકોરની ટીકીટ લેવી. આણંદ જન્કશનથી જુદી જુદી લાઈનોની ગાડીઓ બદલાવી

પડે છે. એમ પ્રથમ દર્શાવવામાં આવ્યું છે. તેથી આણુંદ સ્ટેશન ઉપર ફરતા ટીકીટ કલેકટરો વગેરેને પૂછી ડાકોર-ગોધરા જતી ગાડીમાં બેસવું. આણુંદ પછી બાલેજ અને ઉમરેઠ સ્ટેશનો મૂકતાં ત્રીજું સ્ટેશન ડાકોરનું આવે છે. ત્યાં ઉતરવું આણુંદ અને ડાકોર વચ્ચે લગભગ ૧૮ માઇલનું અંતર છે.

નાની અને નાજુક શેઢી નદીના કિનારાપર આવેલું શ્રી રણછોડજી-શ્રી દ્વારિકાનાથજીનું આ સ્થળ ઠાસરા તાલુકામાં આવેલું પોષ્ટ, તાર, અને બીજી વ્યવહારિક સગવડવાળું યાત્રાને માટે સુપ્રસિદ્ધ હોવાથી હર હમેશાં યાત્રાળુઓથી ભરેલું નાનું પણ પ્રવાસીજનોના સમુહથી એક મોટા શહેરની સ્પર્ધા કરતું, વાણીજ્યમાં કુશળ, ભક્ત બોડાણાની ભક્તિને વશ થઈ દ્વારિકાંથી શ્રી રણછોડજીના પધારવાથી અતૂલ્ય માહાત્મ્યવાળું, રમણીય, અને ચિત્તાકર્ષક શ્રી ડંકપુર અથવા ડાકોર સ્થળ, યાત્રાને માટે આર્યાવર્ત્તમાં શિશુઓથી વૃદ્ધો સુધી કોઇનું અજાણ્યું નથી.

અહીંઆં ઉતર્યા પછી "શ્રી વલ્લભનિવાસ, દામોદર ભુવનઆદિ ધર્મશાળામાં, અથવા શ્રી ગોમતીજી ઉપર આવેલી ધર્મશાળામાં, અથવા પોતાના ગોર બ્રાહ્મણને ત્યાં ઉતારો કરવો.

ગોર લોકો મોટા ચોપડા લેઈ સ્ટેશને આવે છે. તે લોકો ત્રાસ આપે છે માટે તેમને કહેવું કે અમારે તો ધર્મશાળામાં ઉતરવું છે. પછી ત્યાં મુકામે પોતાના વડીલોએ પૂજ્યમાનેલો કોઈ ગોર હોય તેને તીર્થ પુરોહિત તરિકે સ્વીકારવો.

અહીંઆં ઉતારાની જોગવાઈ કર્યા પછી શ્રી રણછોડજીનું મોટું મંદિર ગામમાં આવેલું છે. ત્યાં દર્શનાર્થે જવું. આ મંદિરમાં શ્રી રણછોડજીના નિજ મંદિરમાં પણ દર્શન કરવા જવા દેવામાં આવે

છે. એટલે શ્રીના સ્વરૂપની પૂર્ણ ઝાંખી થાય છે. આ શ્રી રણછોડજી પ્રથમ શ્રી લક્ષ્મીજીના મંદિરમાં બિરાજતા હતા. અને હાલમાં સ્વ મંદિરમાં દ્વિતીય ગૃહના ગોસ્વામિ શ્રી હરિરાયજી મહાપ્રભુજીએ સેવ્ય કરી પધરાવ્યા છે. અને ત્યારથી અદ્યાપિ પર્યંત પુષ્ટિમાર્ગીય રીત્યાનુસાર સેવા થાય છે. જો કે હાલમાં આ મંદિર સાર્વજનિક થએલું છે છતાં અન્ય ધર્માચાર્યો કરતાં અખંડ ભૂમંડલાચાર્ય વર્ય શ્રી મહાપ્રભુજીના વંશાત્મજ બાળકોનો સેવા કરવાનો પ્રથમ હક્ક પ્રાપ્ત થયો છે. આ શ્રી રણછોડજીનું મંદિર ઘણુંજ વિશાળ છે. અને દરવાજાની બહાર તેમજ અંદર મગસ, સાકર, ઘીના દીવા, માખણ, તુલસીપત્ર, ફુલહાર વગેરે વસ્તુઓનું વાણીજ્ય કરનાર ફેરીઆઓ ઘણા બેસે છે. ત્યાંથી પોતાને યોગ્ય લાગે તે સામગ્રી લેઈ શ્રી રણછોડજીને સમર્પવી.

શ્રી ડંકપુર માહાત્મ્યમાં વર્ણવેલું છે કે ભક્ત બોડાણો હાથમાં તુલસીપત્ર લઈ (વાવી) શ્રી રણછોડજીનાં દર્શન કરવા દ્વારિકાં જતા હતા. જ્યારે ભક્તરાજ વૃદ્ધાવસ્થાને લીધે દ્વારિકાં જવાને અશક્ત થયા ત્યારે શ્રી રણછોડજીએ પોતાની ઇચ્છા ડાકોરમાં પધારવાની જણાવી. તેથી નરસિંહ મહેતાના જેવી વહેલ લાવી શ્રી રણછોડજીને તેમાં પધરાવી ભક્ત વ્હેલ હાંકવા બેઠા. ભક્તરાજને શયન કરવાની આજ્ઞા આપી શ્રી રણછોડજી પોતે રથ હાંકવા બેઠા. અને એકજ રાતમાં દ્વારિકાથી ડાકોર આવી પહોંચ્યા. પ્રાતઃ સમયે જ્યારે બોડાણો જાગ્રત થયો ત્યારે પોતે ડાકોરની નજીકમાં હોવાનું જણાવ્યું જે જગ્યાએ રથ અટક્યો ત્યાં શ્રી રણછોડજીની બેઠક છે. અને તે "શ્રી રણછોડજીનાં પગલાંને" નામે ઓળખાય છે. આ પવિત્ર ભૂમિ ઉમરેઠ તથા ડાકોર ક્ષેત્રની વચ્ચે આવેલી છે. તદુપરાંત ત્યાં એક

લીમડાનું વૃક્ષ હતું. જેની એક શાખા શ્રી રણછોડજીનો શ્રી હસ્ત સ્પર્શ થવાથી મીઠી થઈ ગઈ. આ માહાત્મ્ય તથા પ્રભુની કૃતિને અત્યારે પણ શ્રી રણછોડજીના ભક્તો વારંવાર ગાય છે કે–

"આખા લીમડામાં એક ડાળ મીઠીરે રણછોડ રંગીલા"

ત્યાંથી બોડાણાએ રથ હાંક્યો. અને સવારમાં ડાકોર આવી પહોંચ્યા. સંવત્ ૧૨૧૨.

દ્વારિકામાં જ્યારે ગુગળીઓ જાગ્રત થયા અને જોયું તો શ્રી રણછોડજી ત્યાં મળે નહિ. તેથી ભક્ત બોડાણો લઈ ગયા હશે એમ ધારી તેની પાછળ દોડયા પરંતુ તે તો ડાકોર આવી પહોંચ્યા હતા. કેટલેક વખતે ગુગળીઓ અહીં આવી પહોચ્યા અને બોડાણાને શ્રી રણછોડજી સોંપવાનું કહ્યું. શ્રી રણછોડજીએ આજ્ઞા કરીકે મને ગોમતીજીમાં સંતાડી દે. તેથી બોડાણો શ્રી ગોમતીમાં પધરાવીને ગુગળીઓ પાસે આવ્યો. કેટલીક તકરાર થઈ. તે દરમીઆન એક ગુગળીએ બોડાણા ઉપર તીર ફેંક્યું. પરંતુ બોડાણાને ફુલની માફક સ્પર્શ કરી ગોમતીમાં ઉછળીને પડયું. તે શ્રી રણછોડજીને વાગ્યું ને રૂધિરની ધારા બહાર જળ ઉપર ફુટી નીકળી. આ તીર વાગ્યાનું ચીન્હ અદ્યાપિ પણ દશ્યમાન્ થાય છે. આ બનાવની ખબર પડતાં ગુગળીઓ ત્યાં ગયા ત્યારે પ્રભુએ બોડાણાને ગુગળીઓને પોતાની મૂર્તિભાર સોનું આપી પાછા જવા કહ્યું. કારણકે પોતાની ઇચ્છા અહીંજ રહેવાની હતી. બોડાણે ગુગળીઓને ઉપર પ્રમાણે કહ્યું અને વચનથી બાંધી લીધા. બોડાણાને ચિંતા થઈ કે આટલુ બધુ સોનુ ક્યાંથી લાવવું. કારણ કે પોતે કંઈ સાધન સંપન્ન નહોતા. તો હવે શું કરવું ? જેથી તેમનાં ધર્મપત્ની જે અનન્ય, દઢતાયુક્ત, શ્રદ્ધાવાળાં ભાવિક ભક્ત હતાં તેમણે પ્રભુને વિનંતી કરતાં આજ્ઞા કરીકે–એક કાંટો લાવી તેના એક

પલ્લામાં તારી નાકની વાળી મૂક, બીજામાં મને મૂક; તું ફીકર કરીશ નહિ. આથી ગંગાબાઈએ તેમ કર્યું ને એકમાં વાળી મૂકી. અને બીજામાં શ્રીની મૂર્તિ મૂકી તો વાળીવાળું પલ્લું નીચે રહ્યું. આ ઉપરથી ગુગળીઓ સમજ્યા કે પ્રભુને અહીં રહેવાની ઇચ્છા છે. તો અમારો ઉપાય નથી. પછી તેઓએ શ્રીને વિનંતી કરવાથી આજ્ઞા કરી કે દ્વારિકામાં અમુક સ્થળમાં ભોંયરામાં મારૂ બીજું સ્વરૂપ છે. તે અમુક મુદત પછી કાઢી તેમને પધરાવી સેવા કરજો. અત્યારે શ્રી દ્વારિકામાં જે શ્રી રણછોડજીનું સ્વરૂપ જોવામાં આવે છે. તે બીજું સ્વરૂપ પ્રભુની આજ્ઞાનુસાર પધરાવેલું છે. ભક્તો ગાય છે કેઃ—

"નાથ તમે તુલસીના પત્રે તોલાયા"

"ધન્ય ધન્ય ગંગાબાઈની વાળી, સવાવાલ થયા વનમાળી"

વગેરે જીજ્ઞાસુઓએ ડંકપુર માહાત્મ્યનું પુસ્તક જોવું.

અહીંઆં શ્રી ગોમતીજીને કિનારે શ્રીમદ્ વલ્લભાચાર્યજીની બેઠક છે. પરંતુ જ્યારથી શ્રી હરિરાયજીએ શ્રી રણછોડજીને સેવ્ય કરી પધરાવ્યા ત્યારથી વૈષ્ણવો શ્રી હરિરાયજીની બેઠક છે એમ જાણે છે પરંતુ હાલમાં તૃતીય ગૃહના તિલકાયિત શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજે શ્રી યદુનાથ દિગ્વિજય નામના ગ્રંથમાંથી સંશોધન કરી જણાવ્યું છે કે આ બેઠક શ્રી મહાપ્રભુજીની છે વસ્તુતા શ્રી આચાર્યજી અને શ્રી હરિરાયજી બન્ને એકજ સ્વરૂપ છે, આ બન્ને સ્વરૂપો ત્યાં પધાર્યા છે. અને તેઓ શ્રીએ પોતાની બેઠક ત્યાં કરી છે એ નિઃસંશય છે. અહીંઆં શ્રી મહાપ્રભુજીએ સપ્તાહ કરી હતી તથા એક સંન્યાસીનો ઉદ્ધાર કર્યો હતો.

બેઠકમાં સેવા કરનાર જીજ્ઞાસુઓને માટે ઘણી સારી સગવડ છે. બેઠને માટે ખાસ પ્રતિબંધ નથી. માટે શ્રી રણછોડજીનાં દર્શન

કરવા જનાર વૈષ્ણવોએ શ્રી મહાપ્રભુજીનાં દર્શન કરી તૃપ્ત નહિ થતાં મુખીઆજીને વિનંતી કરી આજ્ઞા લેઈ અસ્પર્થમાં સ્નાનાદિક ક્રિયા કરી ઝારીજી, ચર્ણસ્પર્શ-સેવા વગેરેનો લાભ અવસ્ય લેવો. આ બેટક શ્રી નાથદ્વારાના તિલકાયિત ગોસ્વામિ શ્રી ગોવર્ધનલાલજીના તાબામાં છે. અન્યના માટે દર્શન એ મુખ્ય છે. ત્યારે સ્રીય જનોને માટે સેવા એ મુખ્ય છે. માટે જ્યાં જ્યાં આવાં સ્થળ આવે ત્યાં ત્યાં ઉક્ત પ્રકારનો લાભ લેવા ચૂકવું નહિ. એથીજ પ્રભુ કૃપા થાય છે અને પ્રભુ કૃપા થતાં સેવા વિધિની ખબર પડે છે. બેઠકમાં વૈષ્ણવોને ઉતરવાની સગવડ પણ સારી છે. મરજાદી વૈષ્ણવોને માટે શ્રી રણછોડજીના મંદિર પાસે મરજાદી લાડીબા નામનાં વૈષ્ણવનું ઘર મંદિર છે ત્યાં ગોઠવણ થઈ શકે તેમ છે.

આ ઉપરાંત અહીંઆં શ્રી ત્રીકમરાયજીનું મંદિર શ્રી ગોમતી ત્રટ ઉપર આવેલું છે, વળી શ્રી ગોમતીના મધ્ય ભાગમાં શ્રી રણછોડજીનાં પગલાં છે. ત્યાં બાંધેલા પૂલ ઉપર થઇને જવાય છે. આ શીવાય ગામમાં બીજું એક શ્રી લક્ષ્મીજીનું મંદિર છે ત્યાં દર્શનાર્થે જવું. આ મંદિરમાં કેટલોક વખત શ્રી રણછોડજી બિરાજ્યા હતા.

દરેક શુક્રવાર તથા એકાદશીના દિવસે શ્રી રણછોડજીના મંદિરમાંથી શ્રી રણછોડજીની ગોદમાં બિરાજતા શ્રી ગોપાલલાલજી ઠાકોરજી સ્વારી સહિત વરઘોડામાં નીકળી ગામમાં થઈ શ્રી લક્ષ્મીજીનાં મંદિરમાં પધારે છે. ભક્તો ગાય છે કે,

"આઠે દહાડે શુક્રવારે વાલમનો વરઘોડો ચઢે."

શ્રી રણછોડજીની સ્વારી અષાઢ સુદી ૨ રથયાત્રાને દિવસે નીકળે છે. ત્યારે મંડળીઓ વગેરેનો દેખાવ ઘણો આનંદદાયક હોય છે. વળી માણેકઠારી પૂનેમ (આસો સુદ ૧૫) મોટો મેળો ભરાય

છે. અનેક ઠેકાણેથી મંડળીઓ આવે છે. આખી રાત્રી કીર્તનાદિક કરી આનંદ કરે છે.

અલીણા.

અહીંઆં તીર્થક્ષેત્ર ડાકોરમાં મુકામ કાયમ રાખી અત્રેથી પાંચ ગાઉ દૂર આવેલા અલીણા ગામમાં શ્રી ગુસાંઇજીની બેઠક છે ત્યાં દર્શન કરવા જવું. આ સ્થળ નાનું ગામડું છે. પરંતુ ત્યાં શ્રી ગુસાંઇજીની બેઠક છે. તેથી વૈષ્ણવોની યાત્રાનું સ્થળ કહેવાય છે. અહીંની બેઠક શ્રી ગુસાંઇજીના પરમ કૃપાપાત્ર ૨૫૨ ભગવદીયો પૈકી મહીધરજી દેસાઈ તથા તેમનાં ભગિની ફુલબાઈના ઘરમાં છે. આ બન્ને ભાઈ–બહેન શ્રી મહાપ્રભુજીના અનન્ય સેવક, ભગવદીય નરહર જોષીના સંગથી વૈષ્ણવ થયા હતા, અને શ્રી ગુસાંઇજી પાસે નામ નિવેદન કરાવરાવ્યું હતું. જ્યારથી સેવક થયા ત્યારથી આ બન્ને ભાઈબહેનનો પ્રેમ શ્રી ગુસાંઇજી પ્રત્યે એટલો બધો વધી ગયો હતો કે જ્યારે જ્યારે શ્રી ગુસાંઇજી અમદાવાદ પધારતા ત્યારે ત્યારે અલીણામાં મહીધર દેસાઈને ઘેર પધારતા હતા. મહીધર દેસાઈને શ્રી ગુસાંઇજીની ઝાંખી વગર બીલકુલ ચેન પડતું નહિ. તેથી શ્રી ગુસાંઇજી તેમને વારંવાર દર્શન દેતા હતા. આવો નિષ્કામ ભાવ તેમનો હતો. જ્યારે અલીણામાં એક વખત અગ્નિનો ઉપદ્રવ થયો ત્યારે નરહર જોષીને ખેરાળુમાં સ્વતઃ ખબર પડી જેથી તેમણે તુલસીપત્ર જે તેમના હાથમાં હતું તેની આસપાસ જળની ધારા કરી. આથી આગ બૂઝાઈ ગઈ અને મહીધર દેસાઈનું ઘર અગ્નિનો ભોગ થઈ પડતું તે કેવળ બચી ગયું.

બેઠકમાં અંસ્પર્શમાં સ્નાનાદિક કરીને ઝારીજી ચર્ણસ્પર્શ વિગેરે

પ્રકારની સેવા ઇચ્છાનુસાર થઈ શકે છે. માટે લાભ લેવા ચૂકવું નહિ.

ઉક્ત *મહીશ્વરજી દેસાઈ જ્ઞાતે બ્રહ્મક્ષત્રી હતા અને તેમના શ્રી ઠાકોરજી શ્રી મદનમોહનલાલજી હાલમાં મુંબાઈ કોટમાં બિરાજે છે.

અહીંથી ડાકોર પાછા ફરી ગોધરા તરફ જવું.

તીર્થક્ષેત્ર ગોધરા.

ડાકોરથી ગોધરા સુધીનું છેટું લગભગ ૩૦ માઇલ છે.

ડાકોર પછી મુખ્ય સ્ટેશનો ઠાસરા-સેવાલીઆ-ટિંબારોડ-ટુવા. (અહીંઆં ઠંડા તથા ગરમ પાણીના ન્હાવાના કુંડ છે) અને પછી ગોધરા આવે છે.

ગોધરાની આસપાસનો પ્રદેશ પંચમહાલ જીલ્લાને નામે ઓળખાય છે, અને ગોધરા તેનુ કેન્દ્રસ્થાન છે. આસપાસનો પ્રદેશ ઝાડીવાળો તથા હિંસક પ્રાણીઓથી ભરપુર જણાય છે. મુખ્ય પાકમાં મગફળી તથા દેશી સાગ સારો પાકે છે. ગોધરામાં વિશેષ વેપાર પણ આજ વસ્તુઓનો છે. મકાઈ પણ સારી થાય છે. દેશી સાગના ખાટલા-પાયા વગેરે ઉત્તમ પ્રકારે બને છે.

ગોધરામાં સ્ટેશનની નજીક શહેરમાં શ્રી ગુસાંઈજીની બેઠક છે. અને બેઠકની સામે યાત્રાળુઓને ઉતરવાની સગવડ કરવામાં આવેલી છે. માટે અન્ય સ્થળે નહિ ઉતરતાં આ સ્થળે ઉતરવુ' ઇષ્ટ છે. આ

---

*તેમના વંશજો પૈકી રા. રા. નરસીંહદાસ રેવાદાસ વિગેરે હાલમાં અમદાવાદમાં છે. તેમજ સુપ્રસિદ્ધ દી. બ. અંબાલાલ સાકરલાલ અહીંના વતની હતા. અને રા. રા. જીવણલાલ વ્રજરાય બેરીસ્ટર પણ અહીંના વતની છે, નરસીંહદાસભાઈનું ઘર શ્રી બેઠકજીની આગળ જીર્ણ અવસ્થામાં અદ્યાપિ પર્યંત છે.

બેઠક શ્રી ગુસાંઈજીના પરમ કૃપાપાત્ર ભગવદીય નાગજીભાઈના ઘરમાં છે. આ નાગજીભાઈ શ્રી ગુસાંઈજીના પરમ કૃપાપાત્ર ૨૫૨ વૈષ્ણવો પૈકી પહેલાજ વૈષ્ણવ તથા અગ્રગણ્ય, ગણાતા હતા. તેમનો શ્રી ગુસાંઈજી ઉપર પૂર્ણ સ્નેહ હતો. શ્રી આચાર્યજી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર તેઓ શ્રી ગુસાંઈજીના સેવક થયા હતા. તેઓ એવા ચુસ્ત વૈષ્ણવ હતા કે કોઈ કારણસર પાદશાહ પાસેથી મળતી પોતાની આજીવિકા બંધ થવા છતાં અને સાધનરહિત થવા છતાં પોતાની પુત્રીના લગ્નાદિ કાર્યમાં–ખંભાતના ભગવદીયો સહજપાળ દોસી, માધવદાસ દલાલ વિગેરેએ મોકલેલા રૂપીઆનો ઉપયોગ તે કાર્યમાં નહિ કરતાં શ્રી ગુસાંઈજીને ભેટ કરી દીધા. વળી જ્યારે જાગીર પાછી મળી અને હાકેમે રૂ. ૨૦૦૦) આપી રાજનગર મહાલનો ભાગ વધારવા મોકલ્યા. ત્યારે રૂ. ૧૦૦૦) નું સૂક્ષ્મ ચીર ખરીદ કરી શ્રી ગોકુળ જઈ શ્રી ગુસાંઈજીને અર્પણ કર્યું. આ વખતે લૌકિક ભય બીલકુલ મનમાં ધર્યો નહિ. પોતાના હોદ્દાનું, જ્ઞાતિનું, અને શારીરિક સુખ નહિ વિચારતાં પ્રભુનું સુખ પ્રથમ જોયું, એવા તે ઉત્તમોત્તમ ભગવદીય હતા.* ત્યાંથી પાછા ફરી રાજનગર આવી પાદશાહ પાસેથી પાંચગણી જાગીર મેળવી પટો લખાવી લેઈ ગોધરા આવ્યા ત્યારથી પાંચ મહાલ થયા તે હાલ સુધી પણ "પંચમહાલ" નામથી ઓળખાય છે.

* વૈષ્ણવો ! ખાસ ધ્યાનમાં રાખજો કે જો નિસ્પૃહાથી પ્રભુ માર્ગે કંઈ દ્રવ્ય વિગેરે વાપરીએ તો તે નિરર્થક જતું નથી. આ નાગજીભાઈના વંશજો પૈકી રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ જેઓ તેમનાથી હાલ ચૌદમી પેઢીએ ગણાય છે. તેઓ ગુજરાતમાં સાક્ષર વર્ગમાં શ્રેષ્ઠ મનાય છે. અને તેમની વિદ્વતાનો લાભ ઘણાઓને મળે

બેઠકના ખર્ચનો નિભાવ-નાગજીભાઈ દ્વારાજ મૂકેલી જમીન-માંથી થયા કરે છે. અહીંઆં શ્રી ગુસાંઇજીની બેઠક ઉપરાંત શ્રી મહાપ્રભુજીની પણ બેઠક છે. તે બેઠક *રાણાવ્યાસના ઘરમાં છે અને હજુ સુધી પ્રગટ થઈ નથી. જ્યારે શ્રી મહાપ્રભુજીએ ત્રીજી વખત પૃથ્વી પરિક્રમા કરી ત્યારે આ સ્થળે રાણા વ્યાસના ઘરમાં ઉતર્યા હતા. અને ત્યાં સપ્તાહ કરી હતી. તથા પોતાની બેઠક સ્થાપિત કરી હતી. ગોધરામાં દેસાઇવિગામાં તે બેઠક હતી. પરંતુ હાલ તે જગ્યા રાજમાર્ગમાં ભળી ગએલી હોવાનું જણાય છે. બેઠક અત્યારે ગુપ્તછે.

છે. છતાં જો તેઓએ પોતાના પૂર્વજોના પગલે ચાલીને પ્રભુ પ્રેમ માર્ગનું અવલંબન કર્યું હોત તો પોતાને પણ પ્રેમનો અનુભવ થાત અને ઘણાઓને તે દ્વારાએ શુદ્ધ પુષ્ટિમાર્ગની વિશુદ્ધ કીર્તિ માલુમ પડત આ કંઈ આક્ષેપના રૂપમાં નથી પરંતુ આવા વિદ્વાનોને પો-તાની વિદ્વતાથી જનસમાજને ઉપરોક્ત લાભ આપવાની નમ્ર વિનંતી કરવામાં આવે છે.

* રાણાવ્યાસજીનું વૃતાન્ત ૮૪ વૈષ્ણવોની વાર્તામાંથી વાંચી લેવું. રાણાજી પોતે એક વિદ્વાન હતા. અને દરેક જગ્યાએ સભામાં વાદ વિવાદ કરી વિજયી થતા હતા. કાશીમાં બીજી વખત સભામાં વાદ વિવાદમાં હારવાથી શ્રી ગંગાજીમાં પડી આત્મઘાત કરવાનો વિ-ચાર કરતા હતા તેજ વખતે શ્રી મહાપ્રભુજીદ્વારા સાંભળ્યું કે આત્મ-ઘાત કરનાર જીવ સાત જન્મ સુધી નર્કમાં પડે છે. આ સુત્ર શ્રવણ થતાંજ રાણા વ્યાસ શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા. શ્રી મહાપ્રભુ-જીએ ઉપદેશ આપ્યો કે સુખ દુઃખ, હારજીત, જય પરાજયથી માણસે ગભરાવું નહિ. પણ બધું સરખુંજ ગણવું. અને પ્રભુ ઇચ્છા પ્રમાણે થાય છે એમ માની પ્રભુનું ચિન્તવન કરવું.

આ સિવાય શ્રી ગોકુળનાથજીની બેઠક તથા પાદુકાજી તથા જે પાલખીમાં શ્રી ગોકુળનાથજી બિરાજતા હતા. તે પાલખીજી પણ અત્ર સ્થળે બિરાજે છે. અહીંઆં શ્રી ગોકુળનાથજીએ તપેલી કરી શ્રી ગુસાંઇજીને ભોગ ધર્યો હતો. બેઠક શ્રી ગુસાંઇજીની બેઠકની નજીક નાગજીભાઈના ઘરમાંજ છે.

ગોધરામાં આ પ્રમાણે યાત્રા કર્યા પછી યાત્રાળુઓએ રતલામ જતી ગાડીમાં બેસી દાહોદ ઉતરવું. આ દાહોદ ગામનું નામ દોહદ છે. કારણ કે ત્યાં બે રાજ્યની હદ ભેગી થાય છે. અહીંઆં તળાવ ઉપર શ્રી હરિરાયજી મહાપ્રભુજીની બેઠક છે. ત્યાં દર્શન કરી ફળ ફુલ પાણી વિગેરેની જોગવાઇ કરી લઈ રતલામ જવું. કારણ કે રતલામ સુધીમાં સ્ટેશનો નાનાં તથા ગાડી પણ ઝાઝી વખત ઉભી રહેતી નથી. તેમજ બીજાં કંઇ પણ સાધનોનો અભાવ છે તેથી ફક્ત સાહિત્ય સાથે રાખી લેવું ઉચિત છે.

ગોધરા અને રતલામની વચ્ચે ૧૧૫ માઇલનું અંતર છે. અહીંથી તરતજ એક ટ્રેન ચિતોડ તરફ જાય છે. પરંતુ તે ટ્રેનમાં ન જતાં બીજી ગાડી આવતાં સુધી રતલામ રોકાવું. તે દરમીઆન સ્ટેશન નજીક આવેલી ભાટીઆની ધર્મશાળામાં વિશ્રામ લઈ રસોઈ પાણી વગેરે કરી શ્રમ ઉતારી બીજી ટ્રેન ચિતોડ તરફ જાય તેમાં બેસવું. ઉક્ત ધર્મશાળામાં વાસણ-કુસણ સીધું સામગ્રીની વ્યવસ્થા સારી કરવામાં આવી છે. *રતલામ મૂક્યા પછી ચિતોડની લાઇનમાં મુખ્ય સ્ટેશનો જાવરા-નીમચ વગેરે આવે છે અને પછી ચિતોડ આવે છે.

---

*રતલામથી નાગદા થઈ ઉજ્જેન જવાય છે. તેમજ નાગદા મથુરા રેલ્વે મારફતે કોટા થઈ મથુરાં જવાય છે.

અહીં શ્રીનાથદ્વારા જવાની ગાડી બદલાય છે. રતલામ અને ચિતો-ડની વચ્ચે ૧૧૭ માઈલનું અંતર છે. આ સ્થળે ચિતોડનો ઈતિહાસ અસ્થાને ગણાય પરંતુ તે ઐતિહાસિક તથા કિલ્લેબંધી શહેર હોવાથી તત્સંબંધે કેટલાક વર્ણનની આવશ્યકતા છે.

ચિત્તોડ.

વાંચકગણ ! ચિતોડ એક ઇતિહાસ પ્રસિદ્ધ તથા કિલ્લેબંધી શહેર છે એમ જણાવવામાં આવ્યું છે. આ સ્થળ હિંદુસ્તાનના મેવાડના મુલકમાં આવેલું છે. મેવાડનો ઈતિહાસ વાંચનારાઓને યાદ હશે કે મેવાડનું રાજ્ય સ્વતંત્રતાનીજ ભૂમિ છે. હિંદુ ધર્માભિમાની, મ્લેચ્છ પાદશાહોનું શરણ નહિ સ્વીકારતાં, સ્વતંત્રતાને માટેજ અસંખ્ય શુરવીરો અને બહાદુર પુરૂષોએ ભોગ આપી સ્વ અને પરભૂમિમાં પોતાની કીર્તિના અન્ય વીરલાઓને દષ્ટાંત બેસાડનાર આ રજપૂતોની ભૂમિ હજુ પણ તેજ વીરક્ષેત્રોની નામના, તેઓની કારકીદી, તેઓનાં પરાક્રમ, ધૈર્યતા, શૌર્યતા અને સ્વતંત્રતાના લેખોના ઈતિહાસ-થી મશહુર છે. ભક્તિમાં નિમગ્ન અને શ્રી કૃષ્ણ પરમાત્મામાંજ સદા આ-શક્ત રહેલાં, આ સંસારના પ્રવાહમાં કહેવાતાં ચિતોડના કુંભારાણાનાં પત્ની પણ અલૌકિક વ્યવહારમાં શ્રી કૃષ્ણને વરેલાં ભગવદીય બાઈ **મીરાંબાઇ**ના બંધાવેલા શ્રી વ્રજનાથના શ્રી કૃષ્ણ મંદિરની પાસે આવેલા સ્મરણ સ્થંભ યાને કીર્તિસ્થંભ ઉપર કોતરેલા શિલાલેખમાં હજી પણ હયાત છે.

અત્યારે ચિતોડનો જે કિલ્લો દૃષ્ટિગોચર થાય છે તે ડુંગર ઉપર છે અને કિલ્લાની નીચે ચિતોડગઢ ગામ છે. કિલ્લો બહુ ચતુરાઈ અને ડહાપણથી બાંધવામાં આવ્યો છે અને એવી યોજના કરવામાં આવી


છે કે કિલ્લાની અંદર આવેલી જમીન, જળાશય, ખેતરો અને વાડીઓ વગેરેના સાધનથી પોતાના ગુજરાનજોગઉત્પન્ન કરી વરસોના વરસ અંદર રહી બહારના અરિદળને હંફાવી શકાય છે. અને દુશ્મનો નિ-રાશ અને પાયમાલ બની જાય છે. કિલ્લામાં ભરાએલું અરિદળ બહાર જઈ ન શકે એટલા માટે ટેકી અને પ્રતાપી ચિતોડીઆઓએ એક પણ દ્વાર રાખ્યું નથી. એક બાજુ ડુંગરની હાર અને બીજી બાજુ મજબુત પત્થરની દીવાલ અને વચમાં દશેક ફુટ પહોળો રસ્તો લગ-ભગ ૦-૦ાા માઈલ સુધી આવેલો છે. અને નિદાન ૫૦,૦૦૦ સ્વાર અથવા પાયદળ ઘેરાઈ જાય તો દીવાલ ઉપર રહી મેવાડીઓ સર્વેને ભસ્મીભૂત કરી નાંખતા હતા. ત્યારબાદ આગળ ખુલ્લી જમીન આવે છે અને તે જમીન ફક્ત અસિદ્વારા યુદ્ધને યોગ્ય છે. જ્યારે યવન પાદશાહો મેવાડીઓનો ટેક તોડાવવા યત્ન કરતા હતા, જ્યારે મેવા-ડીઓ અને તેનો પ્રતાપ કાયર નહિ બનતાં પોતાનું અને સ્વજાતિ-ઓનું તથા સ્વભૂમિનું રક્ષણ કરવા અને અનમિત અથવા સ્વતંત્રતા કાયમ રાખવાને માટે યત્ન કરતા હતા ત્યારે આ પ્રદેશમાં જે જે વીરલાઓએ ભોગ આપ્યા છે તે તે સ્થળો આ કિલ્લામાં અત્યારે પણ દૃષ્ટિગોચર થાય છે. અકબર પાદશાહે કિલ્લો મહા મુશીબતે લીધો; ચિતોડ પડ્યું; પરંતુ ટેકીલા વીર રજપુતોએ યવનોનું શરણુ સ્વીકા-રવા કરતાં બહાર ભટકવું વધુ પસંદ કર્યું. આ પ્રતિજ્ઞાના બંધનને લીધે, કેટલીક હલકી જ્ઞાતો, વિશ્વકર્મા-લોહકર્મ અનુયાયી વગેરે ગાડામાં ઘર કરી અદ્યાપિ પણ ભટકતા જણાય છે. બહાદુર મેવાડીઓએ ઉદેપુર વસાવ્યું અને સૈન્ય એકઠું કરી ચિતોડ પાછું મેળવ્યું અને અકબર બાદશાહે ખુશીથી સ્વતંત્રતા બક્ષી એ આધુનિક ઈતિહાસના શોખીનોથી અજાણ્યું નથી.

આ ગઢનો ચિતાર પ્રાચિન ભવ્યતા બતાવે છે. આગળ સાત દરવાજા છે. તેમાંનો ત્રીજો દરવાજો શૈંટા નામથી ઓળખાય છે. આ સ્થળે સ્વરાજ્યને ખાતર દેશ ત્યાગ કરી સ્વર્ગની અપ્સરાઓને વરનાર અને હજુ પણ દેવતા તરીકે પૂજાતા રગડુ નામના રેજપુતનું ધ્યાન સ્થળ છે. સપ્તમ દરવાજો રામસ્થળ નામથી જાણીતો છે. અને આ સ્થળ સભાસ્થાન માટે વપરાતો હોય એમ જણાય છે. અત્રસ્થળે રાણાના પ્રાસાદો આવેલા છે. થોડે દૂર કિલ્લાની અંદર વિકાળ રૂપ અને વીરપુરૂષોના અભાવને લીધે ઉદાસીન વૃત્તિવાળી કાલિકા માતાના મંદિરમાં આવેલી કાળકાની મૂર્તિ દષ્ટિગોચર થાય છે. તેની પાસે સેનાધિપતિ, કિલ્લેદાર અને તોપખાનાનાં પુરાતન સ્થળો આવેલાં છે. તેથી આગળ થોડેક દૂર નવલખીનું સ્થાન છે. આ સ્થાને ત્રીજોરી રાખવામાં આવતી હતી. અને છેવટે શ્રી કૃષ્ણ મંદિરની પાસે કીર્ત્તિ-સ્થંભ આવેલો છે. અત્યારે નિદાન ૩૦૦ થી વધુ પુરાતન મકાનો તે વખતની સ્વાતંત્ર્યતાનો ચિતાર આપે એવી સ્થિતિમાં મેવાડની જાહો-જલાલી અને સ્વતંત્રતાની આત્મશ્લાઘા કરી રહેલાં છે.

વૈષ્ણવો ! ઉપરોક્ત ચિતોડનો ઈતિહાસ જાણી લઈ ચિતોડથી ઉપડતી ઉદેપુર લાઈનમાં બેસવું. ચિતોડથી ચતુર્થ રેલ્વે સ્થક સન-વાડનું આવે છે. જ્યાંથી ઉતરી પગ રસ્તેથી કાંકરોલી જવાય છે. સ્ટેશનની નજીક કાંકરોલીના ગોસ્વામી મહારાજશ્રી તરફથી એક ધર્મ-શાળા બંધાવવામાં આવેલી છે. તથા પ્રસાદી ભંડાર પણ રાખવામાં આવેલો છે. જેથી યાત્રાળુઓને ત્યાં પ્રસાદ લેવાનું અનુકુળ પડે છે. તેમજ ત્યાંનો બધો સરસામાન આજ સ્ટેશને ઉતારવામાં આવે છે. ધર્મશાળામાં માણસની, વાસણની, પાણીની, સીધુસામગ્રીની અને ગાડીઓની સારી જોગવાઈ છે. પરંતુ અત્રસ્થાને નહિ ઉતરતાં શ્રી

નાં દર્શન કરવાની અતિ ઉત્કણ્ઠા હોવાથી માવલી સ્ટેશને શ્રીનાથજીના મંદિર તરફથી બંધાવેલી કુવા વગેરેની ઉત્તમ સગવડવાળી ધર્મશાળામાં ઉતરી દાતણપાણી કરી ન્હાઇધોઇને જી અત્રેથી ૧૫ માઇલ દૂર આવેલું છે ત્યાં ગાડી યા ટાગા મળતાં સાધનોવડે ત્યાં જવું. શ્રીનાથજીની યાત્રાએ જનારો સમુહ માવલીજ ઉતરે છે.

આ ધર્મશાળામાં શ્રીનાથજીના મંદિર તરફથી સેવકો રહે છે. યાત્રાળુઓની વિવેકસર સેવા ઉઠાવે છે. વળી સ્નાનાદિ ક્રિયા હાપ્રસાદ લેવાની પણ સગવડ કરવામાં આવેલી છે. તેથી આ ઉતરવું વધારે અનુકુળ છે. વિશ્રામ લઈ દેહ સંબંધી સર્વ કાનિવૃત્ત થઈ ગાડી ભાડે કરી શ્રીનાથદ્વારા તરફ પ્રયાણ કરવું.



પ્રકરણ ૯મું.

શ્રીનાથદ્વારા, કાંકરોલી તથા ઉદયપુર.

શ્રીનાથજીનાં દર્શન કરવાને મન એટલું બધું આતુર થાય છે કે તેના વિરહી, આતુરી જીવો શારીરિક સુખની કંઇ પણ ચિંતા ન કરતાં ગાડીમાંથી ઉતરી બેલ ગાડી ભાડે કરી શ્રી નિકુંજનાયક અધિપતિના દર્શનની ઝાંખી કરવા સત્વર પ્રયાણ કરે છે અને સંધ્યા સમયનાં દર્શન વખતે ત્યાં પહોંચી જાય છે. કેટલાક પગે ચાલીને પણ જાય છે. શ્રીજી પહોંચ્યા પછી દર્શનની ઉત્કણ્ઠાવાળા જીવો પોતાના સરસામાનની વ્યવસ્થા કરવાનું કાર્ય વિશ્વાસે મૂકી સીધા મંદિરમાંજ જાય છે. અને આવા જીવોને જ્યારે શ્રીના સ્વરૂપની સંપૂર્ણ ઝાંખી થાય છે ત્યારેજ તેમનું મન પ્રફુલ્લિત થાય છે. અને પોતાને કૃતકૃત્ય માને છે. આપણા સુધરેલા લોકો આવા ભક્તોને ઢોંગી અને આત્મશ્લાઘાના ઉત્સુક માનવીઓ છે એમ કહેશે. પરંતુ પ્રભુની પ્રાપ્તિ પ્રેમ સિવાય નથી એ પુષ્ટિમાર્ગ કહે છે એટલુંજ નહિ. પણ આખી દુનિયાના સર્વે શાસ્ત્રીઓ, ગ્રંથો

અને જનસમુહ પણ તેજ પ્રમાણે કહે છે. ત્યારે આ પ્રેમના રસ્તાથી પ્રભુ પ્રાપ્તિ થાય એમાં નવાઇ શી? ગૃહસ્થ પ્રેમી વૈષ્ણવોને ઓળખવા ઘણું દુર્લભ છે. શ્રીકૃષ્ણ પરમાત્માએ આ સૃષ્ટિમાં દરેક કર્મો કર્યા છે અને તે જગતને બતાવવાની ખાતરજ. એવો કોઇ છે કે શ્રીકૃષ્ણ પરમાત્માએ સોળ સહસ્ર નારીઓની સાથે વિહાર કર્યો અને લૌકિક કાર્યોમાં તત્પરતા બતાવી તેથી તે શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રભુરૂપ નહોતા એમ કહેવાની હિમત ધરી શકે? શ્રીકૃષ્ણને ઓળખવા, અને શુદ્ધ, વિરહી અને પ્રભુના પ્રેમમાં આશક્ત જીવોને ઓળખવા; એ બન્ને સરખુંજ છે.

શ્રીનાથદ્વાર! શ્રીનાથજી! શ્રી ગોવર્ધનનાથ! શ્રી ગિરિરાજ ધરણ પ્રભુ!! અહા શું નામનો પ્રભાવ! અને શું સ્થળની ઉચ્ચતા! શું તીર્થનો મહિમા! શું ભાવિકોની વિરહતા! આ શું ઓછું આશ્ચર્યજનક અને ચિત્તાકર્ષક છે! કયો નર આવા અપૂર્વ મહિમાવાન્ સ્થળમાં પોતાની સાંસારિક લાગણીઓ ભૂલી જતો નથી? આ ક્ષેત્રમાં આસુરી જીવો માટે તલ માત્ર જગ્યા નથી. તો પછી આસુરી બુદ્ધિતો કયાંથીજ હોય? અને જ્યારે આસુરી સંગજ ન હોય ત્યારે દેવીભાવનાની સુગંધ આવે એમાં શું નવાઈ? જ્યારે દૈવીભાવના ઉત્પન્ન થાય, ત્યારે પોતાના પ્રાણપતિ–પ્રાણનાથ–નિકુંજ અધિપતિ–નાયકનાં દર્શન કરવાને તીવ્ર લાગણીઓ ઉત્પન્ન થાય, ચક્ષુને સ્થિર કરી નાંખે, પગને ઉતાવળે દોડાવે, સરસામાનની વ્યવસ્થાનું ભાન ભૂલાવે સગાં સહોદરની ઉપર પ્રીતિ ઓછી કરાવે, અને પરમસુખની પ્રાપ્તિની અભિલાષાને ઉશ્કેરે તે કંઈ અતિશયોક્તિ નથીજ! સાધારણ અને લૌકિક બાબતમાં તો જ્યારે સ્વારી નીકળી હોય અને આપણે નૃપતિ નજીક આવતા હોઈએ. ત્યારે પણ દેહનું કેટલુંક

સુખ વિસરીએ છીએ; તે વખતે નથી કરતા દરકાર ધક્કાધક્કીની, કે નથી સ્પૃહા રાખતા મિત્રમંડળની, કે નથી જોતા ખાડા ટેકરા, કે નથી સાંભળતા શોરબકોર, કે નથી ઓળખતા સગાંસહોદરને, અને નથી માન જાળવતા વયોવૃદ્ધનું, અને એકદમ દોડીએ છીએ, જ્યારે આમજ છે, ત્યારે ત્રણ ભોવનના નાથ, જગન્નાયક–અને જેમના નામ સ્મરણથી અનેક કોટિ પાપોનો નાશ થાય છે, અને યમદુત પણ ત્રાસ પામે છે. એવા શ્રીનાથજીનાં દર્શન જ્યારે સમીપ હોય ત્યારે લૌકિકને વ્યવહારિક સ્વકાર્યોથી વિમુખ થઈ બહિષ્કાર કરીએ તો કયા પ્રકારનું લાંછન લાગવાનું છે! કોણ ઠપકો અગર આક્ષેપ મૂકવાનો છે! કોની પ્રીતિનો વિરોધ થવાનો સંભવ છે!! ભાવિકો! આંજ વિચાર મનમાં રાખજો અને શ્રીનાથજીનાં દર્શન કરવાની આતુરતા તથા ભાવ વધારજો! અસ્તુ!!!

શ્રીનાથદ્વારા.

શ્રીનાથદ્વારામાં ઘણા ભાવુક શ્રીમંત વૈષ્ણવોએ પોતાના દ્રવ્યનો સદુપયોગ કરીને યાત્રાળુઓને માટે સર્વ પ્રકારે અનુકુળ થઈ પડે એવી ધર્મશાળાઓ બંધાવી છે. આ ધર્મશાળાઓમાં પ્રત્યેક કુટુંબને જુદી ઓરડીઓ કંઈ પણ લવાજમ લીધા સિવાય આપવામાં આવે છે. જન્માષ્ટમી તથા અન્નકોટ જેવા ઉત્સવોમાં જયારે આ ઓરડીઓ વૈષ્ણવોના ઉપયોગમાં આવી ગઈ હોય ત્યારેજ ભાડે ઓરડીઓની શોધ કરવી પડે છે. અને આવી ઓરડીઓનું ભાડુ પણ જુજ આપવાનું હોય છે. મુંબાઈના શ્રીમાન્ ભાટીઆ વર્ગને માટે પણ એક સુશોભિત ભવ્ય અને સર્વ પ્રકારની સગવડતાવાળી ધર્મશાળા મુંબાઈના ભાટીઆઓએજ બંધાવેલી છે. આ ધર્મશાળામાં ઉતરવા

માટે ઓળખાણ અથવા ભલામણનો પત્ર જોઈએ છીએ. સારાંશ કે યાત્રાળુઓ માટે પુરતી સગવડ કરવામાં આ તીર્થક્ષેત્રમાં બીલકુલ કચાશ રાખી નથી. તેમજ આવી સગવડ બીજા કોઈ સ્થળમાં ભાગ્યેજ જોવામાં આવે છે. તદુપરાંત આ સ્થળમાં ગોર અથવા ચોબાઓનો બીલકુલ ત્રાસ નથી. ગોર અથવા ચોબાઓ અત્રે રહેતાજ નથી. બીજાં પવિત્ર સ્થળમાં જેવાં કે કાશી-મથુરાં-ડાકોર-ગયા -અયોધ્યા વિગેરે ક્ષેત્રોમાં ગોર અથવા ચોબા પોતાના ચોપડા કાઢી વંશાવળી બતાવી યજમાનોને ત્રાસ આપે છે. તેમાંનું અહીંઆં લેશ પણ નથી. ઉપર પ્રમાણે ઉતારાની જોગવાઈ કરી શ્રીજીનાં દર્શન કરવા જતા પહેલાં શ્રીનાથજીનું સ્વરૂપ જે નિકુંજ નાયક-અધિપતિ, સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ, જેમની સાથે-શ્રી મહાપ્રભુજી દ્વારાએ આપણો સંબંધ થએલો છે. તે પ્રભુનું માહાત્મ્ય, તે પ્રભુનું સ્વરૂપ અને પ્રાગટ્ય સંબંધી વૃતાંત જાણવાની જરૂર છે; શ્રી મહાપ્રભુજીના આશ્રિત સમગ્ર વલ્લભી સૃષ્ટિના ઇષ્ટ પ્રભુ આજ છે. જેમના દર્શન કર્યા વિના આ જન્મારો વ્યર્થ છે, એમ વલ્લભી સૃષ્ટિ માને છે.

" જેણે તેણે ના નિરખ્યા શ્રીનાથજી, તેનો એળે ગયો અવતારરે "

વળી દયારામભાઈ પણ કહે છે કેઃ—

" શ્રીનાથજીનું વદન કમળ જોયું જેણે એકવાર;
કોટિ કલ્પનું મેલું થયેલું મન એક પલકમાં ધોયું. "

આવા વાકયોનો અનુભવ માત્ર શ્રી ઠાકોરજીનાં દર્શન કરવાથીજ થાય છે. જ્યારે જ્યારે પ્રીતિપૂર્વક ભાવથી દર્શન કરવામાં આવે છે. ત્યારે ત્યારે તે પ્રભુનાંજ દર્શનાદિક કરવાં એવી અભિલાષા ઉદય થયા સિવાય રહેતી નથી.

વીરક્ષેત્ર યાને વડોદરાની યાત્રાના પ્રકરણમાં શ્રીનાથજીના પ્રાગટય સંબંધી સાધારણ વૃત્તાંત આપ્યું છે. માટે આ સ્થળે કંઈક વધુ વૃત્તાંત લખવાની જરૂર જણાય છે.

સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ, કોટિ કળાચંદ્ર, સારસ્વત કલ્પમાં શ્રી-નંદ યશોદાજીના ગૃહમાં શ્રી કૃષ્ણ સ્વરૂપે પોતે પ્રગટ થયા હતા. તેજ પ્રભુની ઉર્ધ્વ ભૂજાનું પ્રાગટય સંવત્ ૧૪૬૬ શ્રાવણ વદી (ગુજરાતી માસ પ્રમાણે) તૃતીયાને આદિત્યવારે થયું હતું. પરંતુ તે ભૂજાનાં દર્શન શ્રાવણ સુદી પંચમીને દિવસે આન્યોર ગામના એક વ્રજવાસીને ગાય શોધતાં થયું હતું. તે કર્ણોપકર્ણ વાત ચાલવાથી સર્વે વ્રજવા-સીઓ દર્શનાર્થે આવવા લાગ્યા. તેમાંના એક વૃદ્ધ વ્રજવાસીએ કહ્યું કે " જ્યારે સાત દિવસ સુધી શ્રી કૃષ્ણ ભગવાને શ્રી ગિરિરાજ ઉઠાવ્યો, અને મેઘની વૃષ્ટિ થઇ ચુકી ત્યારે પૃથ્વી ઉપર પાછો સ્થાપન કર્યો તે વખતે સર્વે વ્રજવાસીઓએ મળીને જે ભુજાનું પૂજન કર્યું હતું તેજ ભુજા આ છે. " આ પછી તે ભુજાની અનેક માનતા-બાધાઓ ચાલવા લાગી, કોઇની ગાય ખોવાય તો ભુજાને દૂધ, દહીં અર્પણ કરવું, કોઇને કાંઈ રોગ થાય તો પણ ભુજાની બાધા રાખવી એમ વિવિધ પ્રકારે માનતાઓ ચાલવા લાગી, અને પ્રતિવર્ષે નાગ-પંચમીના દિવસે સર્વે વ્રજવાસીઓનો મેળો ભરાવા લાગ્યો. આ પ્રમાણે ભુજાનું પૂજન અને માનતા લગભગ ૭૦ વર્ષ સુધી ચાલી. અને સંવત ૧૫૩૫ ના વ્રજ વૈશાખ (ચૈત્ર) વદિ ૧૧ એકાદશીના દિવસે બ્રહસ્પતિવારે મધ્યાન્હકાળે શ્રી ગોવર્ધનનાથજીના મુખારવિંદનું પ્રાકટય થયું. તેજ દિવસે તેજ નક્ષત્રમાં પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રીનાથ-જીના મુખારવિંદરૂપ શ્રીમદાચાર્ય ચરણનો પણ પ્રાદુર્ભાવ ચંપારણ્યમાં થયો. એકજ દિવસે એકજ સ્વરૂપનું પ્રાકટય થવામાં પ્રભુની ઇચ્છા

એજ મુખ્ય હતી, કાંઈ કર્મ કે સંસ્કાર આત્મબળ વાપરી શકેજ નહિ. શ્રીમુખારવિંદના પ્રાકટ્ય થયા પછી આન્યોરના વ્રજવાસીઓ માણેકચંદપાંડે અને સદુપાંડેને ત્યાંની એક ગાય કે જે શ્રીનંદરાયજીને ત્યાં નવલક્ષ ગાયો પૈકીની એક કુળની ગાય હતી તે શ્રીનાથજીના મુખારવિંદમાં હમેશાં દૂધ શ્રવી આવતી હતી. આ ગાયનું દૂધ ઓછું કેમ થાય છે? એ બાબતની તપાસ કરવા સદુપાંડે ગયા તો આ અલૌકિક પ્રકાર જોઈ તે સ્વરૂપ (શ્રીનાથજી) ને ભાવપૂર્વક દંડવત્ કર્યા. શ્રીનાથજીએ તેમને આજ્ઞા કરી કે "હું અહીંઆં ગોવર્ધન પર્વતમાં રહું છું. મારૂં નામ **દેવદમન છે.** લીલાંતરે કરી **ઈન્દ્રદમન, દેવદમન** અને **નાગદમન** એ ત્રણ મારાં નામ છે. જ્યારે સાત દિવસ સુધી ઈન્દ્રની વૃષ્ટિનું સ્થંભન કર્યું ને ઇન્દ્રનો ગર્વ ઉતાર્યો તેથી મારૂં નામ "ઈન્દ્રદમન" પડયું છે, પાતાળમાં પેસી કાળીનાગ નાથ્યો તેથી મારૂં નામ "નાગદમન" પડયું છે. અને દેવો કરતાં મહાન્ પરાક્રમો કરીને અવતાર લીલામાં સર્વ દેવોનું દમન કર્યું તેથી "દેવદમન" નામ પડયું છે. તો આ દેવદમન નામથી એટલું તો સિદ્ધ થાય છે કે પોતે સર્વ દેવનાં પણ દેવ છે. અને તેથીજ તેમનાં દરશન, સેવા, સ્મરણ કરવાથી તેમાં સઘળા દેવોનાં દરશન, સેવા સ્મરણ, વગેરેનો સમાસ થાય છે. (વધુ વિગત માટે "શ્રી ગોવર્ધનનાથજીનું પ્રાગટ્ય" "શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ" "શ્રી ગર્ગસંહીતામાં" શ્રી ગિરિરાજ ખંડ" માં જોવું.) ભાવુકોની જાણ ખાતર તેમાંનો એક શ્લોક મુકીએ છીએ.

येन रूपेण कृष्णेन धृतो गोवर्धनो गिरिः ।
तद्रूपं विधते तत्र राजन् शृंगार मंडले ॥

(શ્રી ગર્ગસંહિતા, શ્રી ગિરિરાજ ખંડ.)

ભાવાર્થઃ—"શ્રીકૃષ્ણે જે રૂપે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો તે રૂપ શ્રૃંગાર મંડળના ક્ષેત્રમાં વિદ્યમાન છે. તોપણ હે રાજા! કળિયુગના ચાર હજાર ને પાંચસો વર્ષ વિત્યાબાદ સર્વ મનુષ્યોના દેખતાં પરમાત્માનું તે સ્વતઃ સિદ્ધસ્વરૂપ ગિરિરાજની ગુફામાંથી પ્રગટ થશે. અને સત્પુરૂષો તેને **શ્રીનાથ** અને દેવદમન એવા નામથી ઓળખશે. ગિરિરાજ ઉપર ખેલતા તે સ્વરૂપનું કળિયુગમાં જેઓ નેત્રવડે દર્શન કરશે તેઓ કૃતાર્થ થશે. ભરતખંડના ચાર ખુણાઓમાં "શ્રી જગન્નાથ, શ્રી રંગનાથ, શ્રી દ્વારકાનાથ, અને શ્રી બદ્રિનાથ બિરાજે છે. અને મધ્યમાં આ શ્રી ગોવર્ધનનાથ બિરાજે છે. એ રીતે પવિત્ર ભારતવર્ષમાં દેવોના સ્વામી એવા સદ્ધર્મ મંડળના સ્તંભરૂપી, પિડિત જનોનું રક્ષણ કરવામાં પરાયણ, એવા આ પાંચ નાથ છે. પૃથ્વીમાં સારી બુદ્ધિવાળો મનુષ્ય ચાર નાથોની યાત્રા કરીને "શ્રીનાથ" ની યાત્રા ન કરે તો યાત્રાનું ફળ તે મેળવી શકતો નથી. પણ શ્રી ગિરિરાજમાંના શ્રીનાથજીનું દર્શન કરે તો પૃથ્વીના ચારે નાથોની યાત્રાનું ફળ તે મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે."

આગળ વડોદરાની યાત્રાના પ્રકરણમાં જણાવ્યા મુજબ શ્રી નાગદમન બાવાનું સ્વરૂપ વડોદરામાં બિરાજે છે, બીજું શ્રી ઇન્દ્રદમન બાવાનું સ્વરૂપ ઉજ્જનમાં, (કાર્તકી ચોકમાં, શ્રી ગોવર્ધનનાથજીનું મંદિર કૃષ્ણભટ્ટજીને ત્યાં) બિરાજે છે. અને ત્રીજું શ્રી દેવદમન બાવાનું સ્વરૂપ આ શ્રીનાથજી તે અહીંઆં અજબકુંવરબાઇની ઇચ્છાને અધીન થઈ આ સ્થળમાં બિરાજે છે.

પૃથ્વીના ચારે ખુણાઓમાં ચાર મર્યાદા પુરુષોત્તમ અને મધ્યમાં પુષ્ટિ પુરુષોત્તમ આ શ્રીનાથજી બિરાજે છે. આ શ્રીનાથજીના શ્રી કંઠે વૈજયન્તીમાળા છે, પીઠમાં વામભુજાની ઉપરની બાજુએ સામા-

વતારનું ચિન્હ છે, તે નીચે શેષનાગજીનું આધિદૈવિક સ્વરૂપ શ્રી દાઉજી બિરાજે છે, નીચે ભક્તોદ્ધારક શ્રી નૃસિંહજીનું સ્વરૂપ બિરાજે છે, દક્ષિણ કર ઉપર શ્રી વામનજીનું સ્વરૂપ બિરાજે છે, અને તેની નીચે પોતે યજ્ઞના ભોક્તા હોવાથી યજ્ઞ પશુનું સ્વરૂપ બિરાજે છે, શ્રી મસ્તક ઉપર શુકનું સ્વરૂપ બિરાજે છે, ઇંદ્રે અભિષેક કરી ગોવિંદ નામ ધારણ કર્યું તેની સાક્ષી શંખનું ચિન્હ પુરે છે, તે નીચે પોતે ગો પાળ તેથી ગાયોનું સ્વરૂપ બિરાજે છે, વળી પોતાને મયુર અત્યંત પ્રિય હોવાથી જમણી બાજુએ મયુર બિરાજે છે, તેથા ભગવાન મયુર પિચ્છનો મુકુટ ધારણ કરે છે. આવું અલૌકિક જે સર્વ શક્તિમાન્ પ્રભુનું સ્વરૂપ હોવા છતાં કેટલાક આસુરી જીવો આ પ્રભુના સ્વરૂપને ભૈરવની મૂર્તિ કહે છે; તે લોકો કેવળ અજ્ઞાતજ છે.

શ્રીનાથજીની સેવા કરવાનો અધિકારી કોણ હોઈ શકે ? એ સંબંધમાં રા. બ. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પોતાના "શ્રી વલ્લભ ચરિત્ર" માં નીચે પ્રમાણે લખે છે.

"આચાર્યશ્રી એક વખત ગોકુળમાં બિરાજતા હતા, ત્યારે વૃન્દાવનના સંત મહંતોના મનમાં એમ આવ્યું કે આપણે શ્રીનાથજીની સેવા કરીએ. ત્યારે રાત્રિને વીષે કૃષ્ણ ચૈતન્યને સ્વપ્નામાં શ્રી નાથજીએ આજ્ઞા કરીકે મ્હારી સેવા તો જે મ્હારૂં સ્વરૂપ યથાર્થ રીતે જાણતો હોય તેણે કરવી જોઈએ તમો વૃન્દાવનના લોકોને તો ભગવદ્ ભજનનોજ અધિકાર છે. તેમ છતાં આ વિષયમાં શ્રીમદ્વલ્લભાચાર્યજી શ્રી ગોકુળમાં બિરાજે છે તેમની સલાહ લ્યો. તે ઉપરથી સઘળાઓએ મળી એક "શ્યામાનંદ" નામના વૈષ્ણવને આચાર્યશ્રીની પાસે શ્રી ગોકુળ મોકલ્યો. તેણે આવી વૃન્દાવનના સંત મહંતોનો વિચાર નિવેદન કર્યો. આચાર્યશ્રીએ થોડીવાર પછી તેને ઉત્તર

દેવાનું કહ્યું પછી તે વૈષ્ણવ નજીકના એક ઝાડે પોતાનો વાટવો ભરાવી સ્નાન કરવા ગયો, સ્નાન કરીને આવ્યો ત્યારે તેણે તે પોતાનો વાટવો દીઠો નહિ; તેથી તેણે આચાર્યશ્રીની પાસે આવી વિનંતી કરીકે "મારો વાટવો કે જેમાં શાલિગ્રામ છે તે તમારા કોઈ સેવકે લીધો હોય તો અપાવો." ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે તમારો વાટવો લે એવો કોઈ મારો સેવક હોય નહિ, તમે જ્યાં ભરાવ્યો હોય ત્યાં જુઓ. ત્યારે શ્યામાનંદે પાછા આવી જોયું તો તે ઝાડે તેવા અનેક વાટવા દીઠા, તેમાં પોતાનો વાટવો કયો તે તે ઓળખી શકયોનહિ; ત્યારે ફરીથી આચાર્યશ્રીની પાસે આવી વિનંતી કરીકે ત્યાં તો ઘણા વાટવા દેખાય છે. તેમાં મારો કયો છે તે હું જાણી શકતો નથી, શ્રી આચાર્યજીએ કહ્યું કે જેમ તમે ઘણા વાટવા દેખોછો તેમ છતાં તમારો પોતાનો વાટવો કયો તે તમે ઓળખી શકતા નથી, તેમ આ પૃથ્વી ઉપર ઘણાં સ્વરૂપ પુજ્ય છે તેમાંથી ઇષ્ટ કયું છે તે દરેકે જાણવું જોઈએ. અને જે માણસ તે જાણી શકે નહિ તે શ્રીનાથજીની સેવા કરવાને કેમ લાયક ગણાય? માટે આ અમારો અભિપ્રાય સંત-મહંતને કહેજો. અને એ વાટવામાંથી જે તમારો હોય તે ઓળખી લ્યો. તેથી તે વૈષ્ણવ આવી જુએ છે તો પોતાનો એકજ વાટવો દીઠો તે લેઈને વૃન્દાવન ગયો, અને મહંત વગેરેને આ સઘળી હકીકત કહી તેથી તેમણે શ્રીનાથજીની સેવા કરવાનો વિચાર છોડી દીધો." આવા કારણથી શ્રીનાથજીના સ્વરૂપને ઓળખનાર અને સેવા કરવાના અધિકારી તો માત્ર શ્રી ગોસ્વામી બાળકોજ છે. અને તેમની સેવા પણ અદ્યાપિ પર્યંત તેઓજ કરે છે.

શ્રીનાથદ્વારમાં સાતે ગૃહના મુખ્ય સ્વરૂપોને બિરાજવા માટે જુદાં જુદાં મંદિર છે. પણ તે સ્વરૂપો હાલ જુદા જુદા સ્થળે બિરા-

જતાં હોવાથી હાલ ભાવનામય તે મંદિરો છે. જ્યારે મહાન્ મનોરથો જેવાકે છપ્પન ભોગ આદિ થાય છે ત્યારે તે સ્વરૂપોને પધરાવવામાં આવે છે. ત્યારે તે સ્વરૂપો ત્યાં પોતાના મંદિરમાં બિરાજે છે. શ્રી ગોવર્દ્ધનનાથજીના મંદિરની બહાર શ્રી દ્વારિકાનાથજીનું મહાન્ ભવ્ય મંદિર છે. જ્યાં વૈષ્ણવોને ઉતરવાની સારી સગવડ છે. આ મંદિરમાં કાંકરોલીમાં બિરાજતા શ્રી દ્વારિકાધીશ પ્રતિવર્ષે શ્રીનાથજીની સાથે અન્નકોટ આરોગવા પધારે છે, ત્યારે પોતાના મંદિરમાં બિરાજે છે. શ્રી નાથજીના મંદિરની પાસે શ્રી ગોવર્દ્ધન ચોકમાં પેઠા પછી ડાબા હાથે શ્રી નવનિતપ્રિયાજીનું મંદિર છે. આ મંદિરમાંજ શ્રીનાથજીનો કૃષ્ણભંડાર છે. જ્યાં મંદિરના અધિકારી અને બીજા સેવકો હિસાબી કામકાજ કરે છે. આજ સ્થળે યાત્રાળુ વૈષ્ણવોની વિદાયગિરી વખતે તુલસી કાષ્ટની માળા તથા શ્રીનાથજીનો દોરો આપવામાં આવે છે. શ્રી નવનિતપ્રિયાજીના મંદિરની પાસે તિલકાયિત શ્રી ગોવર્ધનલાલજી મહારાજનો "મોતી મહેલ" છે તે જોવાલાયક છે. બંગલાની દરેક દિવાલે શ્રી ઠાકોરજીની ભિન્ન ભિન્ન પ્રકારની લીલાઓનાં સુશોભિત ચિત્રો તથા પ્રાચીન બાળકોનાં મનોરંજક ચિત્રોનાં દર્શન થાય છે.

શ્રી નવનિતપ્રિયાજીનું સ્વરૂપ પ્રથમ ગૃહના તિલકાયિત શ્રી ગિરિધરજીના હાથ ભાગમાં આવ્યું હતું. ઉક્ત સ્વરૂપ મહાવનનાં એક ક્ષત્રાણી શ્રી યમુનાજીમાં સ્નાન કરવા ગયાં હતાં ત્યાંથી પ્રાપ્ત થએલાં * ચાર સ્વરૂપ પૈકીનું એક સ્વરૂપ શ્રી નવનિતપ્રિયાજીનું શ્રી મહા-

* જે ચાર સ્વરૂપો પ્રગટ થયાં હતાં તેમાંનું એક સ્વરૂપ તે આ શ્રી નવનિતપ્રિયાજી શ્રીનાથદ્વારમાં બિરાજે છે. બીજું શ્રી ત્રિભંગરાયજીનું સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના ભક્ત દેવાકપુરને માથે બિ-

પ્રભુજીએ સેવ્ય કરી પોતાના અંતરંગ સેવક ગજ્જનધાવન ક્ષત્રીને માથે પધરાવી આપ્યું હતું. જ્યારે ગજ્જનધાવન અશક્ત થયા ત્યારે તેમણે શ્રી ગોકુળમાં શ્રી મહાપ્રભુજીને સોંપ્યા ત્યારથી અદ્યાપિ પર્યંત શ્રી ગોસ્વામિ મહારાજશ્રીને માથે બિરાજે છે. નવનિધિ પૈકીનું આ એક નિધિનું સ્વરૂપ છે. આ પરમ ભગવદીય ગજ્જન ધાવનનો શ્રી નવનિતપ્રિયાજીના સ્વરૂપ ઉપર એટલો બધો સ્નેહ હતો કે એક ક્ષણ પણ જુદા રહી શકતા નહોતા.

પ્રભુ પોતે પણ એટલો બધો સ્નેહ દેખાડતા હતા કે જ્યારે આપ શ્રી ગોકુળમાં બિરાજ્યા ત્યારે પણ ગજ્જનધાવન સિવાય એક ક્ષણ પણ રહી શકતા નહોતા. તેમજ તેમના વિના રાજભોગ પણ આરોગતા નહોતા. આ પરમ ભગવદીયની વાર્ત્તા બતાવી આપે છે

રાજતા હતા. તેમના હરિશરણ થયા પછી તે સ્વરૂપની સેવા તેમનાં પતિએ કરી અને જ્યારે સ્ત્રીની દેહ છૂટી ગઈ ત્યારે તેમના પુત્રોને સેવા ન કરાવવાના ઈરાદાથી અંતર્ધાન થઈ ગયા. એવું કહેવાય છે કે શ્રી ગુસાંઈજીના ભક્ત અલીખાન પઠાણે જ્યારે મહાવનમાં પોતાની દીકરીને માટે મહેલ બંધાવવા પાયો ખોદ્યો ત્યારે તેમાંથી તે સ્વરૂપ પ્રગટ થયું હતું. તે સ્વરૂપની સેવા અલીખાન પઠાણની દીકરીએ થોડોક વખત કરી. ત્યારબાદ તે કોટામાં બિરાજ્યા. હાલમાં આ સ્વરૂપ મુંબાઈમાં શ્રી ગોવર્ધનલાલજી મહારાજને માથે બિરાજે છે. તેઓશ્રીનો પાટોત્સવ ફાગણ સુદી ૬ નો આવે છે.

બીજું સ્વરૂપ શ્રી ગોકુળચંદ્રમાજીનું પ્રથમ શ્રી મહાપ્રભુજીના ભક્ત નારાયણદાસ બ્રહ્મચારીને માથે પધરાવ્યું હતું. ત્યાંથી જયપુર પધરાવ્યા હતા. તે ઠાકોરજી ત્યાંના રાજાના ઉપદ્રવને લીધે બિકાનેર પધાર્યા. અને ત્યાં કેટલોક વખત બિરાજી હાલ શ્રી વ્રજમંડળમાં

કે શ્રી ઠાકોરજીના સ્વરૂપની ઝાંખી અને ટહેલનો કંઈક નિત્ય નિયમ રાખવો અને લૌકિક કાર્યોથી કદાચ વિઘ્ન આવી પડે તો અત્યંત આતુરતા કરવી, એજ માર્ગનું, પ્રેમનું, અને શ્રી મહાપ્રભુજીની કૃપાનું પ્રથમ પગથીયું છે. તદુપરાંત જ્યારે શ્રી મહાપ્રભુજીએ શ્રી ઠાકોરજીને પોતાનીજ શૈયામાં પોઢાડવાના હોવાથી શ્રીઅંગે અત્તર તથા ફુલેલ વગેરે લગાવી શ્રી ઠાકોરજીના અંગનું સુખ વિચારી બધા મોહક પદાર્થોનો અંગીકાર કર્યો. ત્યારે આ સિદ્ધાંત એમ જણાવે છે કે પ્રથમ સુખ શ્રી ઠાકોરજીનું વિચારવું. અને તેમના સુખના અંગે મોહક પદાર્થોનો ઉપયોગ કરવો. પરંતુ કેવળ આ દેહના સુખની અભિલાષા રાખી વર્તવું એ વૈષ્ણવનું કર્ત્તવ્ય નથી.

એક સમયે દિલ્હી નરેશ મહાન્ અકબર પાદશાહ શ્રી ગોકુળમાં શ્રી ગુસાંઈજીનાં દર્શન કરવા આવ્યા. ત્યારે શ્રી નવનિતપ્રિયાજીને પારણે ઝુલાવવાનો સમય હતો. શ્રી ગુસાંઈજી શ્રી નવનિતપ્રિયાજીને પારણે ઝુલાવતા હતા તે વખતે

કામ્યવનમાં પંચમ ગૃહના તિલકાયિત શ્રી વલ્લભલાલજીને માથે બિરાજે છે. અને ચતુર્થ ઠાકોરજી શ્રી લાડિલેશજી પ્રથમ શ્રી મહાપ્રભુજીના ભક્ત જીવદાસને માથે બિરાજતા હતા. ત્યાંથી બુરાનપુરમાં શ્રી કાંકરોલીવાળાના મંદિરમાં બિરાજતા હતા. ત્યાંથી શ્રી ગોકુળનાથજી મહારાજે તે મંદિરમાંથી શીતકાળના વખતમાં ખંભાળીઆ એક ભાટીઆ વૈષ્ણવને તસ્કર વિદ્યાથી પધરાવી આવ્યા. પછી મહારાજશ્રી ત્યાંથી આવી તરતજ ખંભાળીઆથી પધરાવી લાવી વેરાવળમાં પધરાવ્યા. તે અદ્યાપિ પર્યંત ત્યાંજ બિરાજે છે. વેરાવળનું મંદિર ઘણું ભવ્ય છે. ભાવિક વૈષ્ણવોએ દર્શનનો લાભ લેવા અવશ્ય જવું.

"પ્રિય નવનિત પાલને ઝુલે શ્રી વિઠ્ઠલનાથ ઝુલાવે હો."

એ કીર્તન ગવાતું હતું. અકબર પાદશાહને શ્રી નવનિત પ્રિયાજી અને શ્રી વિઠ્ઠલનાથજી બન્ને એકી સ્વરૂપ છે. એવાં દર્શન થયાં. આવાં દર્શન પોતે કૃપા કરીને આપ્યાં તેથી તે ઘણુંજ પ્રસન્ન થયો.

આ શ્રી નવનિત પ્રિયાજીના સ્વરૂપના વર્ણનનો નીચેના પદથી કંઈક ખ્યાલ આવશે.

૧

શોભિત કર નવનિત લીએ,
ઘુટરૂન ચલત રેનતન મંડિત, મુખ દધિ લેપ કીએ. (૧)
ચારૂ કપોલ લોલ લોચન છબી, ગોરોચનકો તિલક દીએ,
લર લટકન માનુ મત્ત મધુપગન, માદક મધુર પીએ. (૨)
કઠુલા કંઠવજ્ર કેહરી નખ રાજતહેં સખી રૂચિર હીએ;
ધન્ય સૂર એકો પલ યહ સુખ, કહા ભયો શત કલ્પજીયે (૩)

૨

નંદ આંગન ક્રીડત સુખ રૂપ,
ગૌરવર્ણ દક્ષિણ કર માખન, ઘુટરૂન ચલત અનૂપ (૧)
વ્રજયુવતિ પ્રતિબંધ નેક નહિ સબ દેખત ઉર લાવે,
દ્વારકેશ પ્રભુકું લે ગોપી, તનકી તાપ નસાવે. (૨)

ગજજન ધાવન પોતાના અંત સમયે શ્રી નવનિતપ્રિયાજીને પધરાવી શ્રી ગુસાંઈજી પાસે ગયા. ત્યારથી તે શ્રી ગુસાંઈજીને ત્યાં અને ત્યાંથી શ્રીનાથજી સાથે મેવાડમાં પધાર્યા. તે પહેલાં શ્રી ગોકુળમાં સાત સ્વરૂપની હવેલી છે ત્યાં બિરાજતા હતા.

શ્રીનાથજીની પાસે **શ્રી મદનમોહનજી અને શ્રી બાલકૃષ્ણજી** બિરાજે છે. શ્રી મદનમોહનજીનું સ્વરૂપ શ્રી યમુનાજીમાંથી

ક્ષત્રાણી બાઇને પ્રાપ્ત થયું હતું. આ સ્વરૂપને શ્રી મહાપ્રભુજીએ સેવ્ય કરી શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર ૮૪ ભગવદીઓ પૈકી બડે અચ્યુતદાસ ગૌડ બ્રાહ્મણને માથે પધરાવી પોતે શ્રી હસ્તથી પાટ બેસાડયા હતા. જ્યારે ઉક્ત ભગવદીયને શ્રી મહાપ્રભુજીએ લૌકિક રીતિને અનુસાર આસુર વ્યામોહ લીલા દેખાડી ત્યારે શ્રી મદનમોહનજીને શ્રી મહાપ્રભુજીને ત્યાં પધરાવી પોતે શ્રી બદ્રિકાશ્રમમાં જઈ દેહ ત્યાગ કર્યો હતો.

બીજું સ્વરૂપ શ્રી બાલકૃષ્ણજીનું છે. આ શ્રી ઠાકોરજી શ્રી મહાપ્રભુજીને અડેલમાં શ્રી યમુનાજીમાં સ્નાન કરતી વખતે પ્રાપ્ત થયા હતા. પોતે સેવ્ય કરી એક વૃદ્ધ બાઈ જે ત્યાં રહેતાં હતાં તેમને માથે પધરાવી આપ્યા. આ સ્વરૂપ હાલ અત્રે શ્રી ગોવર્દ્ધનનાથજીની પાસે બિરાજે છે.

શ્રીનાથજીના મંદિરથી ધોળી પટીઆં ઉપર થઈને ડાબી બાજુએ **શ્રી વિઠ્ઠલેશરાયજીનું** મંદિર છે. આ શ્રી વિઠ્ઠલનાથજીનું સ્વરૂપ શ્રી ગુસાંઈજીના દ્વિતિય લાલજી શ્રી ગોવિંદરાયજીના દાય ભાગમાં આવ્યું હતું. સાતે સ્વરૂપના દાય ભાગ સંવત્ ૧૬૪૦ કારતક સુદી ૧ ના દિવસે થયા હતા. હાલ દ્વિતિય ગૃહના તિલકાયિત શ્રી ગોપેશ્વરલાલજી ઉક્ત સ્વરૂપની સેવા કરે છે. આ શ્રી વિઠ્ઠલનાથજીના સ્વરૂપને માટે નીચેનાં કીર્તનોનું અવલોકન કરવું. જેથી તેમના સ્વરૂપનું વિશેષ જ્ઞાન થશે.

રાગ બિલાવલ—

દેખ્યો અદ્ભૂત રૂપ સખીરી. સુર સુતાકે સાથ;
વિવશ ભયે દેખકર સુંદર, કટિપર રહી ગયે દોઉ હાથ. ૧

તાતેં ગૌર ચિત્ર શ્યામલ તન ઉપમા કહેત ન આવે ગાથ;
દ્વારકેશ પ્રભુ યહ વિધ દેખે, મેં તો કરલીઓ જન્મ સનાથ. ૨

તે સિવાય આ મંદિરમાં શ્રી મહાપ્રભુજીનાં પાદુકાજી, હસ્તાક્ષર વગેરે બિરાજે છે. આ શ્રી વિઠ્ઠલનાથજીનું સ્વરૂપ શ્રી ગંગાજીમાંથી એક બ્રાહ્મણી બાઈને પ્રાપ્ત થયું હતું. જેમણે શ્રી મહાપ્રભુજીને શ્રી ગુસાંઈજીના જન્મ દિવસે આપ્યું હતું. આ સ્વરૂપ શ્રી વિઠ્ઠલનાથજીનું હોવાથી પોતાને ત્યાં પ્રગટેલા બાળકનું નામાભિધાન શ્રી વિઠ્ઠલનાથજી ધર્યું હતું. શ્રી હરિરાયજી મહાપ્રભુજી જેઓએ ભક્તિ માર્ગીય અનુભવી અનેક ગ્રન્થો લખ્યા છે. અને જેમને સાક્ષાત્ શ્રી ગોવર્ધનનાથજી અનુભવ જણાવતા હતા. તેઓ આજ ગૃહના તિલકાયિત હતા. તેઓશ્રીની બેઠક આજ ગૃહમાં છે. અહીંઆં શ્રી હરિરાયજી મહાપ્રભુજી બિરાજી તેમના કૃપાપાત્ર સેવક હરજીવનદાસ સાથે રહસ્ય વાર્તાલાપ કરતા હતા. અને પ્રથમ નિરોધ લક્ષણની ટીકા આ સ્થળેજ કરી હતી.

આ મંદિરની પાસે કાંકરોલીસ્થ ગોસ્વામિ શ્રી ગોપાલલાલજી (લાલા લહેરી) નું **શ્રી મથુરાંનાથજીનું** મંદિર છે.

ત્યાંથી આગળ શ્રી મદનમોહનજીનું મંદિર છે. આ મંદિર પણ તિલકાયિત શ્રી ગોવર્ધનલાલજીના તાબામાં છે. ત્યાંથી શ્રીનાથજીના મંદિરમાં આવતાં શ્રી વનમાળીજીનું મંદિર છે. આ મંદિરમાં વૈષ્ણવોને ઉતરવા માટે કેટલીક ઓરડીઓ છે. આ મંદિરની જગો અને શ્રીનાથજીની જગો લગોલગ હોવાથી ત્યાંથી અસ્પર્શમાં ન્હાઈને શ્રી નાથજીના ફુલઘર-શાકઘર વગેરેમાં સેવા ટહેલ કરવા સારૂં જઈ શકાય છે. જેથી સેવા કરવાની ઈચ્છાવાળાઓ આ મંદિરમાંજ ઉતારો કરે છે.

આ પ્રમાણે શ્રીનાથજીમાં (શ્રી નાથદ્વારમાં) શ્રી ઠાકોરજીનાં સ્વરૂપ બિરાજે છે.

દર્શનની એવી સુંદર વ્યવસ્થા છે કે યાત્રાળુઓને ઘણા દિવસ શ્રી નાથદ્વારમાં રહેતા છતાં કંટાળો આવવો કે ન ગમવું. એવું થતું નથી. શ્રીનાથજીનો એટલો બધો ભારે વૈભવ હોવા છતાં સેવાક્રમ એટલો બધો નિયમિત છે કે લૌકિક પ્રમાણમાં ગણાતી વધારેમાં વધારે નિયમિત કામ કરનાર રેલ્વે કરતાં પણ વધારે નિયમિત બારીકાઈથી અવલોકન કરનારને સહજ માલુમ પડશે.

વૈષ્ણવો સામાન્ય રીતે શ્રી નાથદ્વારમાં આ પ્રમાણે સમય વ્યતીત કરે છે. સવારના પાંચથી ૭ વાગ્યાના સુમારે શ્રીનાથજીનાં મંગળાનાં દરસન થાય છે. અનેક વૈષ્ણવો ન્હાઈને અગર એમને એમ શ્રીનાથજીનાં દર્શન કરવા આવે છે. ધોળીપટીઆં અને કમળચોકમાં વૈષ્ણવોની ઠઠ જામે છે, અને ધોળ મંગળ ગવાય છે; અને વ્રજનું સુખ અનુભવાય છે. શ્રીનાથજીનાં મંગળાનાં દરસન કર્યા પછી શ્રી નવનિત પ્રિયાજીનાં અને શ્રી ગોવર્ધનલાલજી મહારાજનાં દર્શન અને ચરણ સ્પર્શ કર્યા પછી શ્રી વિઠ્ઠલનાથજીનાં મંગળાનાં દરસન, અને શ્રી ગોપેશ્વરજી મહારાજનાં દર્શન અને ચરણ સ્પર્શ તથા બીજાં મંદિરોમાં મંગળાનાં દરસન કરીને આવે એટલે શ્રીનાથજીમાં શણગારની તૈયારી થાય છે. આ પ્રમાણે મંગળા સર્વે મંદિરો કરતા પહેલાં, અને રાજભોગ બધા પછીજ થાય છે. તે દરમીઆન થોડો સમય મળે તો ઉતારા પર જઈ આવવું અને જોઈતી ચીજો લાવી આપવી રાજભોગ થયા પછી ઉતારે મહાપ્રસાદ લીધા પછી થોડોક સમય વાર્તાલાપમાં અને શ્રીનાથજીનાં ચિત્રજી આદિ જોવામાં અને ખરીદ કરવામાં આવ્યા પછી શ્રીનાથજીમાં ઉત્થાપનનો સમય થાય છે. આ પ્રમાણે સાંજનાં દર્શનાદિકમાં શ્રીનાથજીના શયન સુધીનો સમય દર્શનમાં વ્યતીત થાય છે. જેઓને શ્રી મહાપ્રભુજીના વંશજદ્વારા બ્રહ-

સંબંધ પ્રાપ્ત થયું છે તેઓને શ્રીનાથજીની ટહેલ કરવાનો અધિકાર છે. માટે તેઓએ વૈષ્ણવોનો સત્સંગ કરી અવશ્ય અસ્પર્શ્યમાં ન્હાઈ શ્રીનાથજીની ટહેલમાં મળેલા દેહનો વિનિયોગ કરી કૃતાર્થ થવું આજ ફળ. અને આજ કર્તવ્ય છે. માટે જરૂરથી અસ્પર્શમાં ન્હાયા સિવાય રહેવુંજ નહિ. આવી રીતે જેટલા દિવસ રહીએ તેટલા દિવસ આનંદમાં પસાર થાય છે.

તીર્થક્ષેત્ર કાંકરોલી.

હવે આ સ્થળેથી દર્શન વિગેરે કરી શ્રી કાંકરોલી જે અહીંથી પાંચ ગાઉ દૂર આવેલું છે, જ્યાં શ્રી દ્વારિકાંધીશનું ભવ્ય મંદિર આવેલું છે. ત્યાં દર્શન કરવા જવું. મંદિર ઘણી ઉંચી જગ્યા ઉપર શ્રી વ્રજરાયજી મહારાજે રાયસાગરના તીર ઉપર બંધાવેલું છે. તેથી ત્રણ ત્રણ કોસ દૂરથી મંદિરના શિખરનાં દર્શન થાય છે.

અહીંઆં ઉતરવાને માટે ત્રણ ધર્મશાળાઓ છે. બે ધર્મશાળાઓ મંદિરની પાસે ઉંચી જગા ઉપર અને એક ધર્મશાળા ગામની ભાગોળે આવેલી છે. ગામ નીચે અને મંદિર ઘણીજ ઉંચી જગામાં આવેલું છે. મંદિર આગળથી ગામનો દેખાવ ઘણોજ રમણીય લાગે છે. વૈષ્ણવોએ મંદિરની પાસેની ધર્મશાળાઓ પૈકી એકમાં ઉતારો કરવો કારણ કે ત્યાંથી મંદિર નજીક હોવાથી બધી સગવડતાઓ અનુકૂળ પડે છે.

श्री. लालबावा श्रीविठ्ठलनाथजी.   श्रीमद्गोस्वामी श्रीव्रजभूषणलालजी.



प्रा. सं. १९७० पौष कृष्ण ४   प्रा. सं. १९६८ माघ कृष्ण ७

धी डेसाई प्रेस, रीचीरोड अमदाबाद.

શ્રી દ્વારિકાધીશની સેવા તૃતીય ગૃહના હાલના તિલકાયિત શ્રી વ્રજભૂષણજી મહારાજ કરે છે. યાત્રાળુ વૈષ્ણવો આવે તેવાજ મહાપ્રસાદ લેવરાવવાની અને તેમનું સમાધાન કરવાની સગવડ એવા ઉચ્ચ પ્રકારની રાખવામાં આવી છે કે દરેક યાત્રાળુનું મન તેથી ઘણુંજ પ્રસન્ન થાય છે. યાત્રાળુઓને આગળ બેસાડી દર્શન કરાવવાની વ્યવસ્થા પણ ઘણાજ સારા પ્રકારની છે.

રાયસાગર તળાવ ઘણુંજ મોટું છે. અને તે રાયસિંગ રાજાએ બંધાવેલું હોવાથી તેના નામથી મશહુર છે. કાંકરોલીથી ૨ ગાઉ દૂર રાયસાગરના ઉપર બંધાવેલો "નવચોકી" નો ઓવારો ઉત્તમ કારીગરી અને કોતરકામ માટે વખણાય છે. તળાવના પાણીથી કેટલાંક ખેતરોમાં કાંસ કાઢી પાણી પુરૂ પાડવામાં આવે છે અને તેથી જમીનમાં પાક સારો થાય છે. આ મહાન્ રાયસાગર એક કરોડ રૂપીઆના ખર્ચથી બંધાવેલું છે. આ તળાવ ભોપાળના તળાવ કરતાં પણ મોટું છે. અહીંઆં પ્રથમ જળચર પ્રાણીનો ઘણો ત્રાસ હતો અને તેથી સ્નાનાદિક ક્રિયા કરવાને માટે ઘણો ત્રાસ પડતો હતો. એક વખત એક જળધરીઆને મગર ખેંચી ગયો તેથી ત્યાં બિરાજતા શ્રી વ્રજભૂષણજી મહારાજ ઉક્ત જળાશય ઉપર પધાર્યા. અને નાવમાં બેસી મગરને બોલાવી શરણ મંત્ર આપ્યો. ત્યારથી તે અદ્યાપિ પર્યંત કોઈ પણ મગર જળઘાટના ઓવારાથી તે ગૌઘાટના ઓવારા સુધી અંધારી રાત્રે પણ કોઈને ત્રાસ આપે એવું સાંભળવામાં આવ્યું નથી. શરણમંત્રનો પ્રભાવ કંઈ ઓછો નથી. ચોરાશી તથા બસોબાવન વૈષ્ણવોની વાર્તામાં શરણમંત્રના પ્રભાવનાં અનેક દૃષ્ટાન્તો વર્ણવેલાં છે. જેથી તે ગ્રન્થોનો અભ્યાસ કરવાને અમારી ખાસ ભલામણ છે.

હવે આ શ્રી દ્વારિકાધીશનું સ્વરૂપ શું છે ? ક્યાંથી અહીંઆં બિરાજ્યા ? પ્રથમ કોણ સેવા કરતું હતું ? આ વિગેરે બાબતનો ઈતિહાસ સંબંધી વિચાર કરીએ.

શ્રી દ્વારિકેશ અથવા શ્રી દ્વારિકાનાથ વા શ્રી દ્વારિકાધીશ એ નામથી આ સ્વરૂપ ઓળખાય છે. દ્વારિકાના નાથ એ શબ્દથી રાજસી લીલાના સ્વરૂપનો વિચાર થાય છે. આ માર્ગમાં બાળલીલાનોજ અંગીકાર હોવાથી શ્રી દ્વારિકેશનો અર્થ નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે. द्वारे+कः+ईशः. क=આનંદવાચક અગર જળવાચક શબ્દ છે. શબ્દાર્થ—જેના દ્વારમાં આનંદ છે, તેના નાથ અથવા જેના દ્વારમાં શ્રી યમુનાજળ છે તેના નાથ; આ પ્રમાણે અર્થ કરી શકાય છે. એટલે શ્રી યમુનાજીના કિનારે બિરાજતા અથવા જ્યાં પૂર્ણાનન્દ છે એવી વ્રજભૂમિમાં બિરાજતા નાથ તે શ્રી દ્વારિકાનાથ.

શ્રી દ્વારિકાનાથજીનું પદ.

આજ હરિ વિહરત કુંજ નિકેત
દુર્દુર આય યુગલ દગમીચે, પ્યારી જીય ઉપજ્યો હેત. ૧
હસ્ત કમલ તારીદે મોહન. દોઉ ભુજ રસ ઉર લેત
દ્વારકેશ પ્રભુ શ્યામ વર્ણ વપુ, અદ્‌ભુત ભલો બન્યો સંકેત. ૨

આ શ્રી દ્વારકાધીશનું સ્વરૂપ ઘણુંજ પ્રાચીન છે શ્રીમદ્‌ભાગવતમાં પ્રસીદ્ધ પ્રથમ બ્રહ્માએ અને ત્યાર પછી ઉત્તરોત્તર નારદ, વસિષ્ઠ, શ્રી રામચંદ્ર અને પછી ભક્તરાજ અંબરીષે સેવેલું; સિદ્ધપુરમાં બિંદુ સરોવરમાં ભીતર કુવામાં ગોખમાં કેટલોક વખત અપૂજ્ય ગુપ્ત રહેલું. ત્યાંથી એક બ્રાહ્મણની પાસે સ્વપ્ન દ્વારા ઈચ્છાનુસાર પૂજન પામેલું.

અને અંતે દરજીને ત્યાં પધારેલું. ત્યાંથી શ્રી મહાપ્રભુજીના અનન્ય ભકત દામોદરદાસ સંભરવાળા કનોજનાને પ્રાપ્ત થયેલુ શ્રી ઠાકોરજીનું આ ઘણું પ્રાચીન સ્વરૂપની દામોદરદાસ શ્રી મહાપ્રભુજી પાસે સેવ્ય કરાવી સેવા કરતા હતા.

પરંતુ આસુરી બુદ્ધિના કુપુત્રને લીધે શ્રી ગોકુળમાં શ્રી મહાપ્રભુજીને ત્યાં પધરાવ્યા હતા. ત્યારબાદ શ્રી ગુસાંઇજીએ ઉક્ત સ્વરૂપ પોતાના તૃતિય લાલજી શ્રી બાલકૃષ્ણલાલજીને દાયભાગમાં પધરાવી આપ્યું. ત્યારથી તૃતીય ગૃહના તિલકાવિત મહારાજને માથે બિરાજે છે. આ શ્રી દ્વારિકાધીશના તથા શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપ વિષે એવી આખ્યાયિકા છે કે-

આ તૃતીય ગૃહમાં શ્રી બડે વ્રજભૂષણજી અને તેઓશ્રીના કનિષ્ટ બંધુ શ્રી વ્રજરાયજી મહારાજ થઈ ગયા છે. શ્રી બડે વ્રજભૂષણજી ગાદીના હક્કદાર વારસ હોવાથી શ્રી દ્વારિકાધીશ અને તેઓ શ્રીની ગોદમાં બિરાજતા શ્રી બાલકૃષ્ણલાલજીનાં સ્વરૂપોને પોતાને માથે પધરાવી લીધા અને કનિષ્ઠ બંધુને એકે સ્વરૂપ પધરાવી આપ્યું નહિ. આ ઉપરથી શ્રી વ્રજરાયજી મહારાજે બાદશાહી સત્તા મેળવવાનો વિચાર કર્યો અને તે વખતના રાજ્યકર્ત્તા નરેશની મિત્રાચારી બાંધી. એક પ્રસંગ એવો બન્યો કે રાજા પોતાના અંગ રક્ષક તથા અન્ય સેવકો સહિત શિકારાર્થે ગએલા, કિંતુ અરણ્યમાં સ્વસેવકથી વિખુટા પડી ગયા ઉષ્ણકાળની ગરમીને લીધે અતિ તૃષાતુર થયા અને નિર્જન અરણ્યમાં અગોચર પંથને લીધે વ્યાકુળ થઈ ગયા, શ્રી બાલકૃષ્ણલાલજી ઠાકોરજીની ઇચ્છા શ્રી વ્રજરાયજી મહારાજની પાસે સેવા કરાવવાની હોવાથી નૃપતિ તથા મહારાજશ્રીનો આવા સંજોગોમાં તેજ અરણ્યમાં અચાનક મેળાપ થયો નરાધિપતિની વિ-

નંતિ ઉપરથી મહારાજ શ્રીએ પોતાની પાસેથી શ્રી દ્વારિકાધીશનું પ્રસાદી ગુલાબજળ તથા સુગંન્ધ યુક્ત જળ આપી તૃષાને શાન્ત પમાડી. આ કૃત્યથી પ્રસન્ન થએલા રાજાએ શ્રી દ્વરિકાધીશ વા શ્રી બાલકૃષ્ણજી ઉપર શ્રી વ્રજરાયજી મહારાજનો હક્ક છે એવો પરવાનો લખી આપ્યો. આ વૃત્તાન્ત શ્રી બડે વ્રજભૂષણજીના જાણવામાં આવવાથી અદષ્ટ રીતે શ્રીનાં સ્વરૂપો લઈને શ્રી રાજનગર–અમદાવાદ માં રાયપુરમાં હાલ જ્યાં શ્રી દ્વારિકાધીશનું મંદિર છે ત્યાં ભોંયરામાં ગુપ્ત રીતે પધરાવ્યા. પરંતુ શ્રી બાલકૃષ્ણલાલજીની અભિલાષા શ્રી વ્રજરાયજી મહારાજ પાસે સત્વર પધારવાની હોવાથી તેમજ રક્ષણને લાયક એવી ભૂમિમાં વાસ કરવાની ઇચ્છાથી શ્રી વ્રજરાયજી મહારાજને પોતાની શોધનું ફળ જલદીથી મળ્યું. અને પરવાનાની સત્તાના આધારે ઉકત શ્રી બાલકૃષ્ણજીનું સ્વરૂપ પધરાવી લીધું. આ સ્વરૂપ હાલ સુરતમાં બિરાજે છે. શ્રી વ્રજભૂષણજી મહારાજને રાજનગર યા અમદાવાદમાં રહેવુ અનુચિત લાગવાથી તેમજ શ્રી દ્વારિકાધીશની ઇચ્છા મેવાડમાં પધારવાની, અને વળી મેવાડનો રાજા પોતાનો સેવક હોવાથી કાંકરોલી પાસે હાંસોટીઆ ગામમાં એક મંદિર બંધાવી શ્રી દ્વારિકાધીશને પધરાવ્યા. થોડાક વર્ષ પછી ત્યાં જળના ઉપદ્રવને લીધે તેની પાસે આવેલા ઉચ્ચસ્થાન કાંકરોલીમાં ઊંચા ટેકરા ઉપર એક ભવ્ય મંદિર બંધાવી શ્રી ઠાકોરજીને પધરાવ્યા. ત્યારથી અદ્યાપિ પર્યંત ત્યાંજ બિરાજે છે. આ સ્વરૂપની પાસે શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજી અને તૃતીય ગૃહના તિલકાયિત શ્રી બાલકૃષ્ણલાલજીનાં પાદુકાજી બિરાજે છે વળી શ્રી દ્વારિકાધીશની સાથે શ્રી સ્વામીનીજી બિરાજે છે. પરંતુ તેમનાં દર્શન વૈષ્ણવોને કરાવવામાં આવતાં નથી.

આ મંદિરની પાસે રાય સાગરના કિનારે લાલાલહેરી શ્રી ગોપા-

લલાલજી મહારાજના તાબાનું મંદિર છે. આ મંદિરમાં શ્રી મહાપ્રભુજીના સેવ્ય શ્રી મથુરેશજી બિરાજે છે. આ શ્રી મથુરાંનાથજી શ્રી યમુનાજીમાંથી શ્રી મહાપ્રભુજીને પ્રાપ્ત* થયા હતા. તેમણે સેવ્ય કરી ગોવિંદદાસ ભલ્લાને માથે સેવા કરવા પધરાવી આપ્યા. આ મંદિર હાલમાં તૃતીય ગૃહના તિલકાયિત શ્રી વિઠ્ઠલનાથજીને સોંપવામાં આવ્યું છે.

આ ઉપરાંત બડે શ્રી દ્વારિકાધીશના અંગ સ્વરૂપ છોટા શ્રી દ્વારિકાધીશનું એક ત્રીજુ પણ મંદિર ત્યાં છે. શ્રી દ્વારિકાધીશના તાબામાં કેટલાંક ગામ છે અને તેની દિવાની ફોજદારી તે ગૃહના તિલકાયિત મહારાજશ્રી કરે છે.

અહીંઆં દર્શનાદિકથી તૃપ્ત થાય એટલા દિવસ નિર્ગમન કરી, યથાશક્તિ ભેટ વિગેરે ધરી શ્રી નાથદ્વાર તરફ આવવા નીકળવું. ઘણાખરા યાત્રાળુઓ શ્રી નાથદ્વારથી આવવા જવાની ગાડી ભાડે કરી આવે છે. એટલે સવારમાં નીકળે તે બપોરે રાજભોગનાં દર્શન *કાંકરોલી કરે છે, અને તે બધો આખો દિવસ રહી બીજા દિવસે બપોરે રાજભોગનાં દર્શન કરી નીકળે તે ભોગસંધ્યાનાં દર્શન વખતે શ્રી નાથદ્વાર આવી પહોંચે છે. અહીંઆં આવી ઓરડીમાં સરસામાન સંભાળવો. જેમ બને તેમ લૌકિક કાર્યોમાંથી નિવૃત્તિ કાઢેલા દિવ-

---

* કાંકરોલીમાં બિરાજતા શ્રી દ્વારિકાધીશ સંબંધી માહીતિ તેઓશ્રીના ગૃહના એક અનુભવી વૈષ્ણવદ્વારા મેળવેલી છે. આશા રાખવામાં આવે છે કે જેમ શ્રીનાથજીના પ્રાગટ્યની વાર્તા તે મંદિરના અધિકારી તરફથી પ્રગટ થાય છે તેમ આ મંદિરના અધિકારી તરફથી શ્રી દ્વારિકાધીશના પ્રાગટ્યની વાર્તા બહાર પડે તો તૃતીય ગૃહની સૃષ્ટિને ઘણું જાણવાનું તથા અનુભવવાનું મળે.

સોમાંથી વધુ ભાગ અત્રે નિર્ગમન કરી યથાશક્તિ ભેટ ધરી ×રજા-ચિઠ્ઠી મેળવી ઉદેપુર આવવા ગાડી ભાડે કરી નીકળવું.

શ્રીજીદ્વારમાંથી નીકળતાં ભાવિક વૈષ્ણવોની સ્થિતિ.

ગૃહાસક્ત મનુષ્યો પોતાનાં મા–બાપ જ્યાં રહેતાં હોય, પોતાના સગા વહાલાઓ જ્યાં નિવાસ કરતા હોય, પોતાના કુટુંબીજનોનાં જ્યાં ઘર હોય તેનેજ પોતાની જન્મભૂમિ–યા–વતન–અથવા ઘર માને છે. આવા મનુષ્યોને વ્યાપાર અર્થે અથવા તો નોકરી અર્થે દૂર દેશાવરમાં, જ્યાંથી જલદી પાછું વળવાનું હોતુ નથી, ત્યાં જવાનું

× શ્રીજીદ્વારમાં ભેટના સંબંધમાં કેટલાક આક્ષેપ મૂકે છે અને કહે છે કે અમુક રકમ આપે તોજ રજાચિઠ્ઠી મળી શકે. પરંતુ આ કહેવું તદ્દન ગેરવ્યાજબી છે. હાલમાં અનુભવદ્વારા સિદ્ધ થાય છે કે શક્તિ ઉપરાંત ભેટ લેવાનો કોઇ પણ પ્રકારનો આગ્રહ થતો નથી. વાસ્તવિક છે કે શક્તિ પ્રમાણે ભેટ ધરવાને કહેવામાં આવે છે પછી જેવી યાત્રાળુની મરજી. કોઈપણ ધર્માદા કાર્ય અગરતો લોક લાભાર્થે કાર્ય કરવું હોય ત્યારે લખાણી યા ટીપ થાય છે. આ ટીપની અંદર શું માણસોને શક્તિ પ્રમાણે ભરવાનો આગ્રહ નથી કરવામાં આવતો ? શેઠીઆઓ પોતાની સ્થિતિ પ્રમાણે, અને સામાન્ય માણસો પોતાની સ્થિતિ પ્રમાણે રકમ ભરીજ આપે છે. તેજ પ્રમાણે અત્રે સમજવું.

કેટલાક મનુષ્યો ભેટના ત્રાસથી શ્રીનાથજીની યાત્રાએ જતા નથી. પણ હવે કોઈ પ્રકારનો ત્રાસ નથી. ઇચ્છાનુસાર ભેટ થાય છે. જ્યારે ગાડીવાળાના ભાડા માટે તથા ખાધાખર્ચના ખોરાક માટે ત્રાસ ઉત્પન્ન થતો નથી. ત્યારે ભેટ જે તેના પ્રમાણ કરતાં પણ ઓછી લે-વામાં આવે છે તેના માટે ત્રાસ માનવો એતો નાસ્તિકતાનાં લક્ષણ છે.

થાય છે ત્યારે તેમના મનની સ્થિતિનો અનુભવ લખવા કરતાં દરેક જણે અનુભવ્યો હશે તેથીજ વધારે ખાત્રી થશે. પુરૂષો કરત સ્ત્રીઓનાં હૃદય વધારે પ્રેમી હોય છે. જેથી ખરેખર તે વખતનો દેખાવ તેમના ચક્ષુઓના અશ્રુ પ્રવાહથીજ જાણીએ છીએ. સ્ત્રીઓ કરતાં ભક્તોનાં હૃદય વધારે કોમળ હોય છે. શ્રી મહાપ્રભુજીના અનન્ય શરણે થયેલા મહાનુભાવી ભગવદીયોનું ગૃહજ આ શ્રીજી દ્વાર છે. તેઓ સાચા સ્નેહી શ્રી નંદકુમારનેજ ગણે છે તેથી તેમના હૃદયની સ્થિતિનો અનુભવ પ્રેમી હૃદય વાળાઓજ જાણી શકે.

વિરહવેદના યુક્ત હૃદયથીજ, જોગી, જતિ જપિયા તપિયા સન્યાસીને જે આનન્દ ન મળે તે અપરિમિત આનંદરસના ઘુંટડા તે તો પ્રેમી ભક્તોએજ પીધા છે, પીએ છે ને પીશે.

આવા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમનાં દર્શનાદિક વિના અમારા દિવસો કેમ વ્યતીત થશે ? અરેરે ! અમે આવા સ્વરૂપની ઝાંખી ફરીથી ક્યારે કરીશું? આ ભૂમિકા! આ સેવા ગૃહ! અને આ શ્રી ગોવર્દ્ધન ધરણની ઝાંખી અમોને ક્યારે થશે ! આવા વિચારોમાં અમે નીકળતા અગાઉ મસ્ત હતા.

આ શ્રી ગોવર્દ્ધન ધરણના સ્વરૂપને યાદ કરવા માટે અમોએ જે સ્વરૂપનાં દર્શન કર્યા હતાં તેવાજ સ્વરૂપનાં ધોળી પટીઆં ઉપ-રથી સુંદર ચિત્રજી ન્યોછાવર આપી પધરાવી લીધાં તે સ્વરૂપનાં દર્શન કરવા તથા ઘેર આવ્યા પછી મિશ્રી ભોગ ધરવા માટે અમોએ શ્રી ગોવર્દ્ધનલાલજી મહારાજના શ્રી હસ્તથી સેવ્ય કરી લીધા. અમે સઘળી યાત્રામાં આ સ્વરૂપનાંજ દર્શન કરીને શ્રી ગોવર્દ્ધનનાથજીના સ્વરૂપને યાદ કરતા હતા. અમે સઘળા તીર્થોમાં ફર્યા પણ અમારી દૃષ્ટિ આ શ્રી ગોવર્દ્ધનધરણ અને આપણા પુષ્ટિમાર્ગીય સ્વરૂપો સિવાય અન્ય ઠેકાણે ખરા મનથી વળીજ નહિ.

ઉદેપુર–ઉદયપુર.

શ્રીનાથજીથી નીકળ્યા પછી પૃથ્વીના તૂલના ન થઈ શકે એવા ભાગમાં ગામ તળથી બાર બાર કોશ દૂર ઉંચા ડુંગરોરૂપી અભેદ્ય કુદરતી કિલ્લાઓથી અને ડુંગરોની ઉપર પણ કૃત્રિમ કિલ્લાઓથી રક્ષાએલું, અજીત ગણાતું, ભુલાવો ખવડાવે એવા તથા શિલ્પ શાસ્ત્રીઓની ઉત્તમ કારીગરીના નમુનારૂપ, પ્રાસાદો, હસ્તીશાળા, ઉદ્યાનો વિગેરે. ચિત્તાકર્ષક રચનાઓથી ભરપુર, વીર–ધીર–અને શૌર્યનો નમુનો રાણા પ્રતાપસિંહનું દ્વિતિય ગાદી સ્થળ ઉદેપુર યાને ઉદયપૂરથી લગભગ સાત આઠ કોશ દૂર તેજ રાજાના ઇષ્ટદેવ, કૈલાસની શોભાને હરણ કરી રહેલું, સુશોભિત વિશાળ, (તાજમહેલની અંદર આવેલા ફુવારાની આગળ ચોકના જેવા) આરસના ચોકવાળુ, ચોકની અંદર હરહમેશ કૃત્રિમ થતા ઉદ્યાનોવાળું, પ્રકાશિત મણિમય દીવાઓને મધ્યે ઝગઝગાટ પામતું, નિર્માણ કરેલા પવિત્ર દીલના પૂજારીને હાથેજ પૂજા પામતું, ચાર મુખવાળુ, ચિત્તાકર્ષક, શ્રી એકલીંગજી મહાદેવનું રમણીય સ્થાન આવેલું છે.

શ્રીનાથદ્વારથી સવારમાં વહેલા નીકળીએ તો અત્રે રાજભોગ સમય આવી પહોંચીએ છીએ ત્યાં દર્શનાદિક કરી ૨–૩ કલાકનો વિશ્રામ લઈ આગળ ઉદયપુર તરફ જવું. આગળ ઉદયપુરનો કિલ્લો તથા તેની ફળદાયી જમીન, તથા પોતાનો ટેક જાળવવા અગાધ બળ વાપરી બુદ્ધિનો સદ્ઉપયોગ કરી બંધાવેલાં રજપુતોનાં પુરાણાં મકાનો, જળાશયો, બાગ બગીચાઓ તથા કુદરતી લીલાઓનું દિગ્‌દર્શન કરી આગળ વધવું.

કિલ્લાની રચના ચિત્તોડના જેવીજ છે. આ કિલ્લો ગામથી બાર ગાઉ દૂર આવેલો છે. તેથી ટેકીલા રજપુતો શત્રુને શરણે જઈ

પોતાનું પોતાપણું કદી ગુમાવે તેમ નથી. કારણ કે કિલ્લામાંજ અનેક પ્રકારનાં અનાજ ઉત્પન્ન કરી શકાય છે. વળી કિલ્લાની બહાર પણ સપાટ પ્રદેશ છે. ત્યાં વિવિધ પ્રકારના અનાજ પકવી શકાય છે. કિલ્લાની બહાર અને અંદર યુદ્ધ કરવાને માટે ગોઠવણો પણ કરેલી છે.

શહેર કિલ્લેબંધી તથા ચાર દરવાજાવાળું છે; હાથી પોળ, ખેરવાળ, સૂર્યપોળ, અને ત્રીપોલીઆ આ દરવાજાનાં નામ છે. દરવાજાનાં બારણાં લોખંડી કામથી મજબુત કરવામાં આવેલાં છે. શહેરની આસપાસ અનેક સરોવરો વાડીઓ અને બગીચાઓ આવેલાં છે.

સૌથી મોટું સરોવર ઢેબરનું છે. તે લગભગ ૯ માઈલ લાંબુ અને ૫ માઈલ પહોળુ છે. જે વડોદરાના આજવા તળાવ કરતાં સાધારણ નાનું છે. સાબરમતી નદીનું મૂળ અહીંઆંજ છે. મેવાડનો પ્રદેશ ઇશ્વરીલીલા અને સૃષ્ટિ સૌન્દર્યથી ભરપુર છે. ઉદેપુરની આસપાસ ભીલ લોકોની વસ્તી છે. આ ભીલ પ્રજા રાણાને પૂજ્યભાવથી નમન કરે છે. આ ઇતિહાસ પ્રસિદ્ધ શહેર આવા યાત્રાના પ્રસંગમાં ખાસ જોઈ આવવા ભલામણ છે.

અહીંનો રાજા તૃતીય ગૃહના તિલકાયિતનો સેવક છે. અને શ્રીનાથજી તથા શ્રી દ્વારિકાંનાથજી ઉપર અપૂર્વ પ્રીતિ ધરાવે છે. તે ઉપરાંત મંદિરનો કેટલોક વહિવટ પોતાના હાથમાં રાખી સારી વ્યવસ્થા કરે છે. હિંદુ રાજાનું આ સ્તુતિપાત્ર કાર્ય બીજા હિંદુ રાજાઓએ અનુકરણ કરવા જેવું છે. આથી ધર્મની વૃદ્ધિ થાય છે. અને પ્રજામાં પણ દઢતા, વિશ્વાસ, તથા શ્રદ્ધા ઉત્પન્ન થાયછે. અને જ્યારે આમ બને ત્યારે રાજા અને પ્રજા ઉભય વચ્ચે સમાન પ્રીતિ ઉત્પન્ન થાય, ત્યારેજ રાજ્યતંત્ર નિષ્કંટક અને એક બીજાની લાગણીઓ દુભાવ્યા સિવાય ચાલી શકે, અને જ્યારે એક બીજાઓની લાગણી-

ઓનો ઉચ્છેદ થાય નહિ ત્યારેજ શાંતિમય જીવન ચાલે. અને શાન્તિમય જીવન ગાળવાથી ધર્મનું જ્ઞાન મેળવવાની દરેકને આવશ્યકતા જણાય.

કર્નલ જેમ્સ ટૉડ રાજસ્થાનમાં જણાવે છે કે "જો રાજપુતો મહાદેવનો વિકટ ધર્મ છોડી કેવળ શાંતિમય વૈષ્ણવ ધર્મનું અવલંબન કરે તો રાજા અને પ્રજા ઉભયને વિશેષ લાભ મળે" આ ટીકા રાજપુતો એકલા માટે નથી પણ જેટલા સંસારીઓ ગૃહસ્થાશ્રમના ધર્મવાળાઓ છે તે દરેકને માટે યોગ્ય છે એમ અમારૂં મંતવ્ય છે.

રાજા અને પ્રજા ઉભય તરફથી મનાતા ઘણાજ આનંદપૂર્વક ઉત્સવો જેવાકે-ફાગોત્સવ, ફુલડોલ, જન્માષ્ટમી વગેરે એકની પુષ્ટિમાર્ગ-સંપ્રદાય તરફ અભિરૂચિ સંપૂર્ણ રીતે બતાવી આપે છે. જન્માષ્ટમીને દિવસે પ્રાતઃકાળથી ઉદયપુરમાં ઘેર ઘેર ઉત્સવ થવા માંડે છે. સર્વ માણસો પીતવર્ણનાં વસ્ત્રો પરિધાન કરે છે, અને "શ્રી કન્હૈયા લાલકી જય" એવા ભાવિક ઉદ્‌ગાર કાઢે છે. મેવાડમાં ઘેર ઘેર વાદ્ય ધ્વની અને આનંદ ધ્વની થાય છે. અત્રે બે મંદિરો છે. બીજાં અનેક છે પણ બે મુખ્ય છે જેમાં શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજીના સેવ્ય સ્વરૂપો બિરાજે છે. (૧) શ્રી સ્યામસુંદરજી જેમની પ્રથમ સેવા વિષ્ણુસ્વામીએ કરી હતી. તે શ્રી મહાપ્રભુજીના સેવ્ય છે અને સ્વેચ્છાથી પ્રગટ થયા હતા. (૨) શ્રી વૃન્દાવનચંદજી શ્રી ગુસાંઈજીના સેવ્ય છે અને પ્રથમ સેવા તાજબીબીએ કરી હતી. આ બન્ને સ્વરૂપો હાલ શ્રી ગોપીકાલંકારજીના માથે બિરાજે છે. અહીંથી મથુરાં તરફ પ્રયાણ કરવું. કેટલાકો પાછા શ્રીનાથજી આવી પછી માવલી થઈ મથુરાં જાય છે.

ઉદેપુરથી જૈન ધર્મીઓનું પવિત્ર કેશરીઆજી ક્ષેત્ર ૩૨ માઈલ દૂર આવેલું છે. ઉદેપુરથી ચિતોડ જવું. અને ત્યાંથી પુષ્કર ક્ષેત્રમાં જઈ આગળ વધવું.



પ્રકરણ ૧૦મું.

અમદાવાદથી અજમેર.

બી. બી. ઍન્ડ. સી. આઈ. રેલ્વે દ્વારા મુસાફરી કરનાર યાત્રાળુઓનો અમદાવાદથી નીકળેલા વૈષ્ણવોનો મેળાપ કડી, સિદ્ધપુર વિગેરે ક્ષેત્રોમાં તીર્થાટન કરી મારવાડ જન્કશન્ દ્વારા અજમેર આગળ થાય છે. તો અત્ર સ્થાને આ તીર્થ પ્રદેશોની હકીકત આપી અજમેર જઈશું.

અમદાવાદથી મુખ્ય લાઈન દ્વારા જતાં સાબરમતીનું સ્ટેશન આવે છે. આ સ્ટેશનથી ધોળકા, પ્રાંતીજ વિગેરે સ્થળે જવા ગાડી બદલાય છે એમ આગળ જણાવવામાં આવ્યું છે. તેમજ પ્રાંતીજ થઈ શ્રીશામળાજી તથા શ્રીકોટ્યર્કની યાત્રા પણ કરી છે તો અહીંઆં તેજ રેલ્વે દ્વારા આગળ મહેસાણા સુધી જવું. સાબરમતી અને મહેસાણા વચ્ચે કલોલનું સ્ટેશન આવે છે. અહીંથી શ્રીમંત ગાયકવાડ સરકારની કડી-વિજાપુર રેલ્વે જાય છે તે રેલ્વે દ્વારા કડી જવું.

કડી.

કડી શ્રીમંત ગાયકવાડ સરકારનું ગામ છે. અને ત્યાં વૈષ્ણવો માટે શ્રીગોપાલલાલજીનું મુખ્ય મંદિર છે અને તે મંદિરમાં શ્રી ગુસાંઇજીના પરમ કૃપાપાત્ર ભગવદીય રાજા જોધસિંગના પુરોહિતના શ્રીઠાકોરજી બિરાજે છે. આ શ્રીઠાકોરજીને પધરાવી કોઈ ગોસ્વામી બાળકે અહીંથી આગળ જતાં રાત્રીએ મુકામ કર્યો. સવારે અહીંથી શ્રી ઠાકોરજીનો રથ ચાલી શક્યો નહિ. તેથી શ્રીની ઈચ્છા અહીં બિરાજવાની છે એમ જણાયું ત્યારથી તે અહીં બિરાજે છે. અહીંથી દર્શન કરી પાછા કલોલ આવી મહેસાણા જવું.

મહેસાણા એક જન્કશન છે. અને ત્યાં વીસનગર, ખેરાળુ, વિરમગામ, વઢવાણ, પાટણ, બહુચરાજી તથા મુખ્ય લાઇન મારવાડ તરફ જતી ગાડીઓનો સંગમ થાય છે. યાત્રાટન કરનારાઓએ અહીંઆં ઊતરવું. અને વીસનગર–ખેરાળુ લાઇનમાં બેસવું. મહેસાણાથી બીજું સ્ટેશન વીસનગર આવે છે.

વીસનગર.

વીસનગરાનાગર કોમનું પ્રધાન ક્ષેત્ર ગણાતું આ વીસનગર યાને વીસલનગર નામથી પ્રસિદ્ધ છે. અહીંઆં તૃતીય ગૃહના તિલકાયિતના ધનિક સેવકો ઘણા જોવામાં આવે છે. વીસનગર શહેરની બહાર બે મોટાં સાંપ્રદાયિક ભવ્ય મંદિરો આવેલાં છે. વૈષ્ણવોનો ભાવ ઘણો સારો છે. મંદીરની રચના અને વ્યવસ્થા ઘણાજ સારા પ્રકારની છે. એક મંદિર શ્રીગોવર્ધનનાથજીનું છે, બીજું શ્રીદ્વારિકાધીશનું છે. બન્નેનાં સાહિત્યો સરખાં છે.

વીસનગર પછી વડનગરાનાગરોનું ઉત્પત્તિ સ્થાન વડનગર પ્રાચીન હિસ્લેબંધીવાળું આવે છે.

ખેરાળુ.

ખેરાળુ શ્રીમંત નામદાર ગાયકવાડ સરકારના તાબાનું ગામ છે. અહીંઆં શ્રીમહાપ્રભુજીની બેઠક તથા પાદુકાજી તથા શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ બિરાજે છે. આ શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીના સેવ્ય છે. અને શ્રીમહાપ્રભુજીના પરમકૃપાપાત્ર ભગવદીય જગન્નાથજોષીને માથે બિરાજતા હતા. નરહરજોષી તથા જગન્નાથ જોષી બન્ને એક ગરીબ વિધવા બ્રાહ્મણીના પુત્રો હતા. અને તેઓ તેમની માતાની આજ્ઞાનુસાર શ્રીમહાપ્રભુજીના સેવક થયા હતા. તેમની માતા એક પરમ ભગવદીય હતાં. પોતે ગરીબ વિધવા હોવા છતાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર શ્રીઠાકોરજી *શ્રીબાલકૃષ્ણજીની સેવા ભાવપૂર્વક શ્રીમહા-

* આ શ્રીબાલકૃષ્ણજીના સ્વરૂપની સેવા તથા શ્રીમહાપ્રભુજીની બેઠક અને પાદુકાજીની સેવા જગન્નાથ જોશીના વંશજ જોષી કાળીદાસ વિઠ્ઠલદાસ કરતા હતા. પરંતુ તેમના હરિશરણ થવાથી તે વંશનો હવે અંત આવ્યો છે. અને હાલ કાળીદાસની દીકરીઓ સેવા કરે છે.

ટીપઃ—સ્ત્રીઓનું જીવન આદિથી તે અંતસુધી પ્રેમમય છે. પ્રેમ એ સેવા કે ભક્તિનો આત્મા છે. તેથી દાન, તપ, વ્રત વિગેરે કરતાં જો વધારે કલ્યાણનો માર્ગ હોયતો ભક્તિમાર્ગજ છે. માટે તમે પણ તે પ્રમાણે કરો એવો ઉપદેશ શ્રી મહાપ્રભુજીએ તે ભગવદીય બાઇને કરેલ છે.

૧ આ દુનિયામાં આપણે જોઇએ છીએ તેમ આ ક્રુર કળિકાળમાં અનેક વિધવાઓ જોવામાં આવે છે. તેનાં કારણો અનેક હશે પરંતુ તે સાથે આપણને સંબંધ નથી. અહીંઆ ખાસ ધ્યાન ખેંચવાનું એજ છે કે આવી વિધવાઓ દુનિયાની મોહજાળમાં ફસાઇ ખોટે રસ્તે ચઢી માબાપના તથા સ્વપતિના કુળના લાંછનરૂપ થઇ પડે તેના

પ્રભુજીએ સેવા ધર્મ સમજાવ્યો તેજ પ્રમાણે હૃદયપૂર્વક કરતાં હતાં. તેથી તેમના સત્સંગથી ઘણા માણસો વૈષ્ણવ થયા હતા.

કરતાં જો શ્રીમહાપ્રભુજીના વચનામૃત ઉપર શ્રદ્ધા રાખી ભક્તિ માર્ગ ગ્રહણ કરે તો તેમના જીવનું કલ્યાણ થાય. દરેક માબાપે પોતાના હીતની ખાતર ભક્તિ માર્ગનું રહસ્ય પ્રથમથીજ પોતાનાં બાળ બચ્ચાંને ઠસાવવું આવશ્યક છે. જેના ઘરમાં ભક્તિનો અંશ નથી, જેને પ્રભુ ઉપર શ્રદ્ધા નથી, અને જેણે પ્રભુના યશનું ગાન શ્રવણ કર્યું નથી. તેમનાં બાળકો આ ભક્તિ રસ સ્વાદ કદીપણ ચાખવાના નથી. એ તો " છાણના કીડા છાણમાંજ મરવાના અને કુકર્મ કરી, કુળને નિંદીત કરી, દેહનું સુખ ભોગવી, તેનું ફળ ભોગવવા પાછા પડવાનાજ. "

૨ આધુનિક સ્ત્રી કેળવણીની સાથેજ જો ભક્તિમાર્ગનું રહસ્ય સમજાવવામાં આવે તો આ આર્યાવર્તમાં કેટલી બધી સ્ત્રીઓનો સંસાર સુખરૂપ થઈ પડે તેનો વિચાર કરવાનું વાંચકવૃન્દને અથવાતો હાલના સુધારકો (સ્ત્રી કેળવણીના હિમાયતીઓ) નેજ સોંપુછું.

૩ જગન્નાથજોષી તથા વડીલબંધુ શ્રીનરહરિજોષીનું વૃત્તાન્ત વાંચતાંજ ભાવુક વૈષ્ણવોનાં રૂવેરૂવાં સ્થિર થાય છે. એમની ભક્તિ તથા પ્રભુ પ્રત્યેની ભાવના તથા શ્રીમહાપ્રભુજીના વચનામૃત ઉપરની શ્રદ્ધા બતાવી આપે છે કે આવા ભગવદીયોનાંજ હૃદય સ્નેહાર્દ્ર, દયાર્દ્ર અને દીનતા ભાવપૂર્ણ હોય છે. વળી શ્રીપ્રભુ મંગળમય છે, સ્નેહાધીન છે, દયાળુ છે એ આ વાર્તા ઉપરથી સમજી શકાય છે.

૪ નરહરિ જોષી પણ આજ કૃપાને પાત્ર હતા. અલીણાની શ્રી ગુસાંઈજીની બેઠકની યાત્રાના વર્ણનમાં આ ભગવદીય સંબંધી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અહીંઆં શ્રીમહાપ્રભુજીની બેઠક છે. અને તે બેઠક ઉક્ત ભગવદિયના ઘરમાંજ છે. તદુપરાંત જ્યારે શ્રીમહાપ્રભુજી ત્રીજી પરિક્રમા વખતે ખેરાળુમાં પધાર્યા ત્યારે અહીંઆં ઉતર્યા હતા; ત્યારે જગન્નાથ જોષીએ શ્રીમહાપ્રભુજીનાં પાદુકાજી પધરાવવા વિનંતિ કરી, તે ઉપરથી શ્રીમહાપ્રભુજીએ શ્રીપાદુકાજી પણ પધરાવી આપ્યાં હતાં જે પાદુકાજી પણ અહીંઆંજ બિરાજે છે. શ્રીમહાપ્રભુજીએ અત્રે સપ્તાહ કરી હતી. જેથી મહાઅલૌકિક આનંદ થયો હતો. શ્રીમહાપ્રભુજીએ યુગલગીતના એક શ્લોકનું આખ્યાન ત્રણ પ્રહર સુધી કર્યું હતું વચનામૃતની એવી અદ્દભુત વર્ષા થઈ હતી કે સેવકનું દેહાનુ સંધાન પણ રહ્યું નહોતું.

ખેરાળુથી, પાછા ફરી મહેસાણા આવી *પાટણ તરફ નહિ જતાં સિદ્ધપુર તરફ જવું.

સિદ્ધપુર.

આ એક ઈતિહાસ પ્રસિદ્ધ પ્રાચીન શહેર છે. ત્રી જાતિના

---

* પાટણમાં શ્રીમહાપ્રભુજી પધાર્યા હતા. જૈનોના મુખ્ય આચાર્યો જીનાચાર્ય, પ્રતાપસુરી વિગેરે સાથે વાદ થયો હતો. જૈન આચાર્યોએ પૂછ્યું કે તમારામાં દયા એ ધર્મ છે કે નહિ. તેનો પ્રત્યુત્તર આપી તેમને સમજાવ્યું કે અમારા ધર્મમાં દયા, સત્ય, શૌચ, પરોપકાર શમ, દમ, આદિ ગુણોને સરખા ગણવામાં આવ્યા છે. દયા ધર્મ છે, પણ ભગવાન પ્રત્યેના મનુષ્યના ધર્મ પૈકી એને ગૌણ ગણવામાં આવે છે; આ વિગેરે એક બીજા અનેક વિવાદોમાં શ્રીમહાપ્રભુજીએ વિજય કર્યો હતો તથા કેટલાક વિદ્વાનોને શરણમંત્ર આપ્યો હતો.

(વધુ માટે વાંચો વલ્લભચરિત્ર–પાન ૨૮૫–૮૭.)

મોક્ષની કામનાર્થે શ્રાદ્ધ કર્તવ્ય આ સ્થળમાં થાય છે. તેથી તે માતૃગયાના નામથી મશહુર છે. અવિવાહિતા સરસ્વતી નદી આ સ્થળે દૃશ્યમાન થાય છે. આજ સરિતાના તટ ઉપર સ્નાન, દાન, શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરવાનું મોટું માહાત્મ્ય ગણાએલુ છે. અને શુદ્ધ મનથી કર્મ કરનારને ફળ પ્રાપ્તિ સહજ થાય છે. ઔદિચ્ય બ્રાહ્મણોનું અભિમાન પ્રદ મુખ્ય સ્થળ આજ છે એમ કહેવાય છે.

ઉતરવા માટે ગોરને ત્યાં ઉતારો થઈ શકે છે. તેમ ધર્મશાળાઓ પણ ઘણી છે. પરંતુ વૈષ્ણવોને અનુકુળતાવાળું ઉતરવાનું સાધન શ્રી મહાપ્રભુજીની બેઠક છે. વૈષ્ણવોએ અવશ્ય ત્યાંજ ઉતરવું.

સિદ્ધપુરની નિકટ બિંદુ સરોવર આવેલું છે. આ બિંદુ સરોવરનું માહાત્મ્ય પણ અનહદ છે. આ સ્થળે કર્દમઋષિએ ૬૦ હજાર વર્ષ પર્યંત તપશ્ચર્યા કરી હતી અને શ્રીભાગવતનાં ૧૦૮ પારાયણ કર્યાં હતાં. ભગવાને કર્દમઋષિને વરદાન આપતાં પ્રેમાશ્રુ પાડયાં હતાં તેનું આ બિંદુસર થયું છે. મનુ રાજાનાં પુત્રી દેવહુતી સાથે કર્દમઋષિનાં લગ્ન થયાં હતાં. આ ઋષિ પત્નિ દેહહુતિને પેટે કપિલ ભગવાનનો જન્મ થયો હતો. કપિલ ભગવાને પોતાનાં માતુશ્રીને સાંખ્ય શાસ્ત્રનો જ્ઞાનોપદેશ કર્યો હતો. જે જ્ઞાનોપદેશથી દેવહુતી જળરૂપ થઈ ગયાં હતાં. તે સ્થળ જ્ઞાનવાપિકા નામથી પ્રસિદ્ધ છે. અને હાલ પણ દૃશ્યમાન છે.

શ્રીમહાપ્રભુજીએ અંબિકા વનથી પધારી પોતાની બેઠક અહીં કર્દમઋષિના આશ્રમમાં કરી. શ્રીમહાપ્રભુજીએ અત્રે માયાવાદનું ખંડન કરી ભક્તિ માર્ગનું સ્થાપન કર્યું અને અનેક દૈવીજીવોને શરણે લીધા. બેઠકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતનું પારાયણ કર્યું હતું. જેથી અનિર્વચનીય આનંદ પ્રાપ્ત થયો હતો. કપિવર્ગનો ત્રાસ જે

શહેરમાં અમાપ ગણાય છે તેનો આ સ્થળે બેઠકના મકાનમાં અનેક કપિઓની સ્થિતિ હોવા છતાં બીલકુલ ભાસ થતો નથી. બેઠકનું સ્થળ એવું રમણીય છે કે નિવૃત્તિ લઈને ખાસ એક માસ શ્રી મહાપ્રભુજીની ટહેલ અને સર્વોત્તમ સ્તોત્રનો જપ કરવા માટે રહેવાની વૃત્તિ થાય એવું છે. બેઠક તિલકાયિત શ્રી ગોવર્દ્ધનલાલજી મહારાજના તાબામાં છે. થોડેક દૂર શ્રી દ્વારિકાંનાથજીનું મહાન્ ભવ્ય મંદિર છે. ત્યાં પણ ઉતરવાની જોગવાઈ ઘણી સારી છે.

આ શહેરમાં જોવા લાયક મહારાજા મૂળરાજે બંધાવેલું રૂદ્રમાળનું પ્રખ્યાત દેવળ છે. આ રૂદ્રમાળનો જો કે યવન પાદશાહે સદંતર નાશ કર્યો છે. છતાં જે થોડી ઘણી નિશાનીઓ રહી છે તે ઉપરથી પ્રાચીન કારીગરીનો અદ્‌ભૂત ખ્યાલ આવે છે.

આ સિવાય ઉદિચ્ય બ્રાહ્મણોના ઇષ્ટદેવ ગોવિંદ માધવનું અત્યુત્તમ મહાન્ ભવ્ય મંદિર પ્રાચીન કારીગરીથા ભરપૂર આવી રહ્યું છે. બિંદુ સરોવરપર શેષશાયી ભગવાન, લક્ષ્મીનારાયણ, ગયા ગદાધર ભગવાન, કે જેમણે ગયાસુર દૈત્યને મારી એક ચરણારવિંદ પોતે ગયાજીમાં મૂક્યો છે તેજ સ્વરૂપ અહીં બિરાજે છે. આ બિંદુ સરોવર ભીતર એક ગોખલામાં પૂર્વે કોઈ વખત હાલ કાંકરોલીમાં બિરાજતા શ્રી દ્વારકાધીશ બિરાજતા હતા એમ સાંભળવામાં આવ્યું છે.

સિદ્ધપુરની યાત્રા પૂર્ણ કરી આગળ પ્રયાણ કરવું. સિદ્ધપુરથી દ્વિતિય રેલ્વે મથક પાલણપુર દષ્ટિપાત થાય છે. આ સ્થળેથી ડીસા બ્રીટીશ સૈન્યની છાવણી તરફ જવાય છે. પાલણપુર મૂકયા પછી બે ત્રણ સ્ટેશન છોડતાં આબુરોડ વા અર્બુદગિરિ જવાને માટે ખરેડીનું સ્ટેશન આવે છે. સ્ટેશનથી ઉષ્ણકાળમાં શીતળતા અને મનને શાન્તિ આપનાર અનેક રજપૂત રાજાઓના પ્રાસાદો, તથા અન્ય વેપારી

વર્ગના બંગલાઓ, શાળાઓ, તેમજ કુદરતી શોભા સહિત, માનસિક દુઃખને દુર કરનાર શીતળ પવન, નવપલ્લવ વૃક્ષોવાળી વાટિકાઓ, કુદરતનાં ઉત્પન્ન કરેલાં પશુ પક્ષીઓનો આલ્હાદક મધુર સ્વરવ, મહાત્મા તથા યોગીઓને વંદન કરવા યોગ્ય ઋષિમુનીઓની ગુફાઓ, અનેક પ્રકારની રસ ઔષધિવાળો આ અર્બુદગિરિ સમદશ માઈલ દુર અગ્નિરથમાંથીજ દષ્ટિગોચર થાય છે. આબુગિરિ ઉપર તથા તેની ચોદિશા આવેલાં સ્થળો પણ રમણીય છે. સરોવરની શોભામાં વૃદ્ધિ કરતું નખી તળાવ, જેની આસપાસ આવેલા બંગલાઓ, દેલેશ્વર મહાદેવ તથા રઘુનાથજીનાં મંદિરો, ચંપાગુફા, રામકુંડ, વિગેરે અન્ય સ્થળો આવલાં છે.

ખરેડીને સ્ટેશનેથી ઉતરીને અંબાજી તથા જૈનોનાં તીર્થક્ષેત્રો અચળગઢ, દેલવાડા વગેરે પ્રદેશોમાં પગ રસ્તે થઈને જવાથી કુદરતી શોભા નિહાળતાં નિહાળતાં, ગાડી યા ડોળીના સાધનવડે જઈ શકાય છે. આધુનિક સમયમાં હવા માટે આબુ મુખ્ય સ્થળ ગણાય છે.

ખરેડીનું સ્ટેશન મુકયા પછી મારવાડ જન્કશન આવે છે. (અહીંથી લુણી, જોધપુર, બિકાનેર, ભટીંડા, હૈદ્રાબાદ અને કરાંચી જવાય છે.) ત્યાંથી આગળ અજમેર આવે છે.

પ્રકરણ ૧૧મું.

માવલીથી મથુરાં.

ઉદેપુર અને ચિતોડ વચ્ચે ૬૩ માઈલનું અંતર છે ત્યારે ચિતોડથી અજમેર ૧૧૫ માઈલ દૂર આવેલું છે. ચિતોડથી આગળ જતાં બે ચાર સ્ટેશન મુકી પછી હિંદુસ્તાનમાં વાસણો ઉપર પાકી કલઈ કરવાનું મુખ્ય સ્થળ તથા પ્રથમ શ્રીજીની યાત્રાએ જવાનું સ્થળ ભીલવાડા સ્ટેશન આવે છે. અગાઉ માવલી ગાડી નહોતી ત્યારે અહીઆંથી લોકો શ્રીનાથજી જતા હતા. ત્યાંથી બીજાં કેટલાંક સ્ટેશનો મુકી નસીરાબાદ આવે છે અહીઆં અંગ્રેજી લશ્કરની છાવણી રહે છે. નસીરાબાદ પછીનું સ્ટેશન અજમેર આવે છે, અહીંઆં ઉતરી સ્ટેશનની પાસે આવેલી ભાટીયાની ધર્મશાળામાં મુકામ કરવો. અહીંથી ૭-૮ માઈલ દૂર આવેલા પુષ્કરજી જઈ આવવું. ત્યારબાદ અજમેર સંબંધી કંઈક ઈતિહાસ આપવામાં આવશે.

તીર્થક્ષેત્ર પુષ્કરરાજ.

પુષ્કર અજમેરથી ૭-૮ માઈલ દૂર છે અજમેરથી એક્કાઓ મળે છે તે એક્કામાં ત્રણ માણસો સુખે દુઃખે બેસી શકે છે. આવવા જવાના ૨ થી ૩ રૂપીઆ સુધી ખર્ચ થાય છે આ સ્થળમાં ઊતરવાનું સાધન ચોબાઓને ત્યાં હોય છે ચોબાઓ ઘણાજ લોભિષ્ટ

પ્રકૃતિના હોય છે તેથી યાત્રાળુઓને ત્રાસ પડે છે. માટે આવા સ્થળમાં ઊતરવાને માટે ઘણીજ સાવચેતી રાખવી.

આખા ભારતવર્ષમાં પુષ્કર તીર્થરાજ ગણાય છે. હિંદુઓમાં મુખ્ય પાંચ સરોવરોને અતિશય પવિત્ર માનવામાં આવેલાં છે. ૧. ટીબેટમાં માનસરોવર, ૨ અજમેર પાસેનું પુષ્કર, ૩ સિદ્ધપુરમાં બિંદુસરોવર, ૪ કચ્છનું નારાયણસર, અને ૫ કિષ્કંધાનું પંપાસર આ પાંચ પવિત્ર સરોવર છે. ટીબેટના માનસરોવર સિવાય બીજા ચાર સરોવર આગળ શ્રીમહાપ્રભુજીની બેઠકો બિરાજે છે. પુષ્કરજીનું માહાત્મ્ય વેદથી માંડીને પુરાણો સુધી વર્ણવેલું છે. નારાયણના નાભી કમળથી બ્રહ્મા પ્રગટ થયા અને હાથમાં કમળ લઈને યજ્ઞને સારૂ જમીન શોધવા લાગ્યા, જ્ઞાન દષ્ટિથી આ જગ્યા પવિત્ર સમજીને હાથનું કમળ અહીં પછાડયું, કમળનું બીજું નામ પુષ્કર છે તેથી આ પુષ્કર તીર્થ કહેવાય છે. બ્રહ્માજીએ અહીંઆં યજ્ઞ કર્યો હતો. આ સ્થળમાં વરાહ ભગવાનની મૂર્તિનું દર્શન થાય છે. પાંડવો તથા શ્રી રામચંદ્રજીએ આ સ્થળે વાસ કર્યાનું જણાય છે, પરિક્ષિતના પુત્ર જનમેજયે સર્પયજ્ઞ પણ અત્રેજ કર્યો હતો એમ પુરાણો પરથી જાણવામાં આવે છે. સાવીત્રીના શાપથી બ્રહ્માનું પૂજન આસ્થળ સિવાય બીજા કોઈ સ્થળે થતુંજ નથી, બ્રહ્માના યજ્ઞ સ્થાન તરીકે આ તીર્થનું માહાત્મ્ય વિશેષ છે. અહીંઆં શ્રાદ્ધ, દાન અને તેમાં પણ ગોદાનનું માહાત્મ્ય ઘણુંજ કહ્યું છે. જ્યેષ્ઠ, મધ્યમ, અને કનિષ્ઠ આવા ત્રણ કુંડો ત્યાં આવેલા છે. જ્યેષ્ઠ પુષ્કરનું સરોવર ઘણું મોટું અને સુશોભિત છે સિદ્ધપુર આગળ વહેતી સરસ્વતી સરિતા આ પુષ્કરમાંથીજ નીકળે છે. સરોવર ઉપર કેટલાક ઓવારા પણ બાંધેલા છે.

પુષ્કરજીમાં બ્રહ્મા, બદરીનારાયણ, વરાહજી, આત્મેશ્વર મહાદેવ

અને સાવિત્રીનાં મુખ્ય પાંચ મંદિરો છે. તેમાં બ્રહ્માજીનું આધુનિક દેવળ સિંધીઆ સરકારના ગોકુલપાલ નામના પ્રધાને ૧૦,૩૦,૦૦૦ રૂપીઆ ખર્ચી બંધાવ્યું છે. આ દહેરામાં ચતુર્મુખી બ્રહ્માની મૂર્તિ છે. સભામંડપમાં સનકાદિક ભાઈઓની ચાર મૂર્તિઓ છે. આ સિવાય બીજાં અનેક મંદિરો રજપૂત રાજ્ય કર્ત્તાઓ તરફથી બંધાવેલાં છે. તેમાંનાં કેટલાંક મુસલમાની પાદશાહોએ તોડી નાંખેલાં છે. જ્યેષ્ઠ પુષ્કરજીની પાસે પહાડની નીચે નાગકુંડ, ચક્રકુંડ તથા ગંગાકુંડ નામના નાના નાના કુંડો આવેલા છે. આ નાગકુંડનું માહાત્મ્ય એવું છે કે શ્રાવણ સુદી ૫ ના દિવસે જે અહીંઆં સ્નાન કરે તેને સાપ કરડતો નથી. અને જો કદાપિ કરડે તો તેનું ઝેર ચહડતું નથી. વળી સાત સરસ્વતી કહેવાય છે. તેમાં પુષ્કરમાં સુપ્રભા સરસ્વતિ છે. જે કેટલીક જગ્યાએ દેખાય અને કેટલીક જગ્યાએ ન દેખાતાં અંતે કચ્છના રણમાં અદશ્ય થઈ જાય છે. બીજી નૈમિષારણ્યમાં કાંચનાક્ષી સરસ્વતિ છે, ત્રીજી ગયામાં વિશાખા, ચોથી અયોધ્યામાં મનોરમા, કુરૂક્ષેત્રમાં ઓઘવતી, ગંગાદ્વારમાં સુરેણુ તથા હિમાલયમાં વિમલોદકા સરસ્વતિ છે.

પુષ્કરના માહાત્મ્ય સંબંધી બીજી એવી આખ્યાયિકા છે કે બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે બેમાંથી મોટું કોણ તે વિષે વાદવિવાદ ઉભો થયો હતો, આ બાબતનો નિર્ણય કરવા શિવજીને મધ્યસ્થ નીમ્યા હતા, છેવટે નિર્ણય ઉપર આવ્યા કે જે પરમાત્માનું મૂળ શોધી લાવે તે મોટો ગણાય વિષ્ણુએ જણાવ્યું કે પરમાત્માના મૂળનો પાર કોઈ પામી શક્યા નથી. ત્યારે બ્રહ્માએ હકારમાં પ્રત્યુત્તર આપ્યો. અને ગાયત્રીએ સાક્ષી પૂરી આ ઉપરથી શિવજીએ બ્રહ્માનું મસ્તક કાપી નાખ્યું અને શાપ દીધો કે તમારૂં પૂજન થશે નહિ પરંતુ

બ્રહ્માની વિનંતીથી કહ્યું કે ફક્ત આ ક્ષેત્રમાંજ તમારૂં પૂજન થશે. અને વિષ્ણુને મોટા ઠરાવ્યા. આ પ્રમાણે આ ક્ષેત્રનું માહાત્મ્ય જાણી, પવિત્ર કુંડમાં સ્નાન કરી તીર્થમાંનાં સઘળાં સ્થળો પાપ નાશક છે એમ માની ભાવનાપૂર્વક દર્શન કરવાં.

અહીંઆં સરોવર ઉપર સામે કિનારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક છે. સુંદર રમણીય વૃક્ષોની છાયામાં, અને આનંદ લાગે તેવી રેતીવાળી જગામાં આ બેઠક આવેલી હોવાથી ત્યાં દર્શન કરવા જનારને અતિશય આનંદ થાય છે. એક તો કુદરતી સ્થાન, અને તેની સાથે શ્રીમહાપ્રભુજીના પધારવાથી બનેલું અલૌકિક સ્થાન કયા વૈષ્ણવના હૃદયમાં આનંદના ઓઘ ન ઉછળાવે? આવી બેઠકો ઉપરથી પુષ્ટિમાર્ગ પ્રવર્ત્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજીના માહાત્મ્યની રૂપરેખા ભાવિક મનુષ્યના અંતઃકરણમાં આલેખાય છે. બેઠક સંબંધી અને ત્યાં આગળ જણાવેલો શ્રી મહાપ્રભુજીના પ્રતાપનો ટુંક વૃતાન્ત અત્ર આપીએ છીએ.

બેઠક વલ્લભઘાટની ઉપર છોંકરની નીચે છે. પોતે કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કે પુષ્કરજી સઘળા તીર્થના રાજા છે. એવું પુરાણમાં વર્ણન કરેલું છે અહીંઆં બ્રહ્મા અને સાવિત્રીજીનું મંદિર છે માટે અહીંઆં કેટલાક દિવસ બિરાજીશું. પુષ્કરજી બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યા. તેમણે વિનંતી કરીકે મહારાજ, આપ દૈવી જીવનો ઉદ્ધાર કરવાને માટે માયા મતખંડન કરી બ્રહ્મવાદ સ્થાપન કરવા માટે પૃથ્વીપર પ્રગટ થયા છો. તેથી આપ પધારીને મને સનાથ કરો. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે આપ તીર્થરાજ છો અને પછી શા માટે ગભરાઓ છો? પુષ્કરજીએ કહ્યું મહારાજ, કલિકાળમાં સઘળાં તીર્થો સામર્થ્યહીન થયાં છે

તેથી આપના સંબંધથી સઘળાં તીર્થ સામર્થ્યવાન થશે. પછી શ્રીમહાપ્રભુજીએ સઘળા સેવકો સાથે પુષ્કરજીમાં સ્નાન કર્યું. અને સમાઘ કરી. પુષ્કરજી નિત્ય કથા સાંભળવા પધારતા. ત્યાં શ્રીમહાપ્રભુજીએ અનેક તામસી જીવોનો ઉદ્ધાર કર્યો. અહીંઆં ઉતરવાનો સવડ ઘણો સારો છે. માટે વૈષ્ણવોએ ચોબાને ત્યાં નહિ ઉતરતાં અત્રે ઉતરવું ઘણું સગવડ ભરેલું છે. ચોબાને ત્યાં ઉતરવાનું અનુકુળ છે પણ તેમને મનગમતી દક્ષિણા નહિ મળવાથી તેઓ ઘણા નારાજ થાય છે. અને વખતે ત્રાસ પણ આપે છે. ત્યાંથી પાછા અજમેર ફરવું અને મુકામે આવવું.

અજમેર.

અજમેર ઈતિહાસ પ્રસિદ્ધ પ્રાચીન શહેર છે અને મારવાડ, મેવાડ, ગુજરાત અને ઉત્તર હિંદુસ્તાનના રસ્તાનું એક કેન્દ્રસ્થાન ગણાય છે. અજયપાળ નામના ચૌહાણ નૃપતિએ તારાગઢના ડુંગરી કિલ્લાની તળેટીમાં અજયમેરૂ નામનો કિલ્લો બંધાવ્યો હતો તે ગઢ બીટલને નામે પ્રસિદ્ધ હતો. અને ઇંદ્રકોટની ઘાટીમાં એક શહેર વસાવી પોતાના નામ ઉપરથી અજમેર નામ હાલ રાખ્યું હતું અજમેરમાં પૃથુરાજના વખતથી મુસલમાનોએ પગ પેસારો કરવા માંડયો ત્યારથીજ હિંદુ સામ્રાજ્યની પડતી અને અંત આવ્યો છે. મુસલમાનો પછી તે સિંધિઆ સરકારના હાથમાં ગયું અને ત્યાંથી બ્રિટીશ સરકારના હાથમાં ગયું તે અદ્યાપિ પર્યંત તે નામદારની સત્તા નીચે છે. વેપાર ચઢતો છે અને દિનપરદિન ચઢતી સ્થિતિમાં આવે છે. શહેરને આના સરોવરમાંથી ટાંકીઓ ભરી નળ વડે પાણી પુરૂં પાડવામાં આવે છે. આના સરોવરની પાસે જહાંગીર પાદશાહનો બંધાવેલો દોલતાબાદ નામનો ઉદ્યાન તથા મહાન્ અકબર નરેશનો

મહેલ સ્ટેશન નજીક છે તે જોવા લાયક છે. મુસલમાનોનું ખાસ યાત્રા સ્થાન પવિત્ર દરગાહ આજ સ્થળમાં છે, તેમજ રાજકુંવરોને ભણવા માટે મેયો કૉલેજ નામની પાઠશાળા આ સ્થળમાં છે.

કીસનગઢ.

અજમેરથી લાડપુર મૂક્યા પછી ૧૮ માઇલના અંતરે કીસનગઢ રેલ્વે સ્ટેશન આવે છે. કીસનગઢ રજપુતાનાનું દેશી રાજ્ય છે અને કિલ્લેવાળુ ગામ છે. વેપાર પણ સાધારણ છે. આ સ્થળમાં ઉતરવા માટે સગવડ કરવાની કંઈ જરૂર નથી કારણ કે રાજાને ત્યાં શ્રી મહાપ્રભુજીનાં પ્રાચીન ચિત્રજી બિરાજે છે તેજ મંદિરમાં યાત્રાળુને ઉતરવાની ઉત્તમ સગવડ કરી છે શ્રી મહાપ્રભુજીનાં પ્રાચીન ચિત્રજી સિવાય શહેરમાં બીજાં બે ત્રણ મંદિરો છે.

આ રાજ્યના મહા પ્રતાપી રાજા "મહારાજા શ્રીસાવન્તસિંહજી" દ્વિતીય હરિસમ્બન્ધ નામ ભક્તરાજ "નાગરીદાસજી" શ્રીમહાપ્રભુજીના વંશજ શ્રી ગિરિધરજીના તૃતીયપુત્ર શ્રી ગોપીનાથજીના સેવક હતા તેઓશ્રીએ શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ સેવ્ય કરી તેમને સેવા કરવા પધરાવી આપ્યું હતુ જે અદ્યાપિ પર્યંત ત્યાંજ બિરાજે છે.

આ શ્રી કલ્યાણરાયજીના મંદિરમાં આચાર્યશ્રીનું મુળ પ્રાચીન ચિત્ર બિરાજે છે. આ છબીનો ઇતિહાસ એવો છે કેઃ–દિલ્હી નરેશ શાહ સિકંદરલોદીને આચાર્યશ્રીનો પ્રતાપ સાંભળી દર્શન કરવાની ઇચ્છા થઈ તેથી તેણે પોતાનો ચતુર ચિત્રકાર હોનહારને આચાર્યશ્રીની છબી ઉતરાવવા માટે મોકલ્યો. તેણે વ્રજ મંડળમાં જઈ આચાર્યશ્રીની કૃપાથી જે છબી ઉતારી તેનું નાગરીદાસજીએ પોતાના "નાગર સમુચ્ચય" ગ્રન્થમાં નીચે મુજબ વર્ણન કર્યું છે.

" પાય અનવસર સમયકોં, શ્રી યમુના તટ ધામ;
કહુત ભાગવતકી કથા, શ્રી સુબોધિની નામ.
તહાં ભટ્ટ માધોદાસજુ, હાજર રહુત હુમેશ;
શ્રી સુબોધિની લીખતહેં, શિઘ્ર સુશુદ્ધ વિશેષ.
કૃષ્ણુદાસ મેધન જહાં, હાજર દ્વૈ કર જોર;
તીન દિવસ ઠાડો રહ્યો, પુરુષોત્તમકે જોર.
દામોદર હુરસાનિ તહાં, કરત દંડવત્ આય;
ગ્રીષ્મઋતુકે સમયમેં, એસો સમય સુપાય.
* * * *
પંદરાસેં સડસટ લખો, સંવતકો અનુમાન;
સંપ્રદાય કલ્પદ્રુમ સું, પુસ્તકમાંહી પ્રમાન. "

આ છબી તે ચિત્રકારે ઉતારી લેઈ રાજાને સોંપી. ત્યારપછી તે મુગલ બાદશાહ હુમાયુના સ્વાધીનમાં આવી ત્યારથી તેણે પોતાના રાજભવનમાં એક **અમૂલ્ય ઝવાહીર** તરીકે રાખી અને ઉત્તરોત્તર તે શાહજહાંનના સમય સુધી રહી. એક વખતે કીશનગઢ રાજ્યના પૂર્વ રાજા શ્રીસાવન્તસિંહજી (નાગરીદાસજી) એ પોતાની રણુશુરતા બતાવી શાહજહાંનને પ્રસન્ન કર્યા તેથી તેણે કંઈ માગવાનું વર આપ્યું, આ રાજાને જનાનામાં જવાની છુટ હતી તેથી તેમણે આ છબી જોઈ ત્યારથીજ તે પોતાને કેવી રીતે પ્રાપ્ય થાય તે માટે હરનિશ ચિંત્વન કર્યા કરતા આજે આ પ્રસંગ પ્રાપ્ત થયો છે જાણી વરના બદલામાં બીજી કાંઈપણ ઈચ્છા નહિ કરતાં માત્ર આ શ્રીમહાપ્રભુજીનુ ચિત્રજીની માગણી કરી; પ્રથમતો શાહજહાંને આનાકાની કરી પણ પોતે વર આપી ચુકેલ તેમજ આચાર્યશ્રીની ઇચ્છા ત્યાં બિરાજ-

વાની હોવાથી તેણે તે કબુલ કર્યું ને ચિત્રજી પધરાવી આપ્યું ત્યારથી તે અધાવધિ ત્યાંજ બિરાજે છે ને હાલના રાજા મહારાજા શ્રીશાર્દૂલસિંહજી પણ ઘણા ભક્તિભાવથી સેવા કરે છે. અહા! લોકીક ને અલૌકીક દૃષ્ટિમાં કેટલો મહત્ અંતર છે! આ વખતે રાજાએ કોઈ દેશ માગ્યો હોત તો તે મળત, અખૂટ દ્રવ્ય માગ્યું હોત તો તે મળત, અમૂલ્ય હીરા-માણેક મોતી ઝવાહીર માગ્યું હોત તો તેની પણ મોગલ દરબારમાં ખામી નહોતી અર્થાત્ લૌકીક દૃષ્ટિએ જોવા જેટલું જે કંઇ માગ્યું હોત તે આપવાને મોગલ શેહેનશાહ સમર્થ હતા પણ આ મહારાજા-ભક્તરાજે તેમાંનું કાંઇ પણ પસંદ નહી કરતાં અલૌકિક ઝવાહીર, અખૂટ ધન, ને અણમોલ સંપત્તિરૂપ શ્રી-આચાર્યશ્રી-પૂર્ણ પુરુષોત્તમ-હરિધનરૂપી માત્ર એક છબીનીજ માગણી કરી. બીજી કાંઇ લૌકિક સંપત્તિ માગી હોત તો કયારનોય તેનો નાશ થઈ ગયો હોત પણ આનો કંઇ નાશ થવાનો નથી. ધન્ય છે આવા નિરપેક્ષ રાજાઓને! કયાં છે! હાલના કોઇ એવા રાજા કે પ્રજા! આ વખતે આ સ્થળે ભક્તરાજ સૂરદાસજીનું એક પદ યાદ આવે છે કે:-

હરિજનકું હરિનામ બડો ધન;
બિન રખવારે ચોર નહિ ચોરત, સોવતહે સુખ ધામ, ૧
દિન દિન બઢત સવાઇ ઢેરી, ઘટત નહિ કછુ દામ;
સૂરદાસ પ્રભુ સેવા જાકી, પારસ સું કહા કામ. ૨

આ રાજા ભક્તરાજ નાગરીદાસજીએ કેટલોક વખત સેવા કરી પછી પોતે રાજ્ય-પાટ છોડી દઇ બાકીનું જીવન પૂર્ણ કરવા વૃન્દાવનમાં, બંસીબટમાં જઇ, કવચિત્ શ્રીગોકુલમાં શ્રીઠકુરાનીઘાટ ઉપર રહી પ્રભુની લીલાનું અવલોકન કરી, ગુણાનુવાદ ગાઇનેજ

જીવન વ્યતીત કર્યું છે. તેમણે પ્રભુની લીલાનું જે ગુણગાન કર્યું છે તેનો "નાગરસમુચ્ચય" નામક ગ્રન્થ પ્રકટ થયો છે. તેમાં આ નાગરીદાસજીનું જીવન વૃત્તાન્ત પણ આપ્યું છે. સ્થળાભાવને લીધે અત્રે તે આપી શકયા નથી જીજ્ઞાસુએ તે ગ્રન્થ વાંચવો. કયાં છે ! રાજ્ય વૈભવનો ત્યાગ કરી, પ્રભુની લીલા ગાઇ જીવન પૂર્ણ કરનાર રાજાઓ ! કે ગૃહસ્થીઓ !

અદ્યાપિ પર્યંત રાજા તથા દીવાન ખાસ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વંશજ બાળકોના સેવકો છે વંશપરંપરાજ આ ધર્મ તેમના કુળમાં ચાલતો આવે છે. રાજા પણ ઘણાજ ભાવથી પ્રભુ સેવા કરે છે. કર્ણોપકર્ણ સાંભળવામાં આવ્યું છે કે હાલના રાજા આંગ્લ દેશની રણભૂમિ ઉપર ગએલા હતા ત્યાંથી પાછા ફરતી વખતે શ્રી ઠાકોરજીને માટે હીરાનો એક સુંદર મુગટ બનાવી લાવ્યા છે. સાંભળવા પ્રમાણે રાજા સાહેબ તથા તેમના દીવાન પણ ઘણાજ ભાવુક ભગવદ્ ભક્ત જણાય છે અને વૈષ્ણવો માટે ઘણી કાળજી રાખે છે.

આ શિવાય અત્રે શ્રીવ્રજરાયજી, શ્રીમોહનલાલજી તથા શ્રી ગુસાંઇજીના સેવ્ય શ્રીમદનમોહનજીનાં મંદિરો છે.

આ શહેરમાં ખાસ જોવાલાયક રાજાનો મહેલ છે, કિલ્લાની મધ્યમાં મહારાજાનો એક ગ્રીષ્મ ભવન છે, રાજમહેલની નીચે ખાડીની પાસે ફૂલમહેલ નામનો મહારાજાના બાગનું મકાન છે.

કીસનગઢથી લગભગ ૧૨ માઇલ દૂર સલીમાબાગમાં નિમ્બાર્ક સમ્પ્રદાયનું મોટું મંદિર છે ત્યાં તેઓના ધર્મવાળા તથા આજુબાજુના લોકો મહાન્ યાત્રાનું સ્થળ ગણી દર્શન કરવા જાય છે.

કિસનગઢથી લગભગ ૩૦ માઇલના અંતરે ફુલેરા જન્કશન્ આવે છે અહીંથી એક લાઇન રેવારી તરફ અને બીજી ફુલેરા-કુચમન રોડ જાય છે. વખત અનુકુળ અને વર્ષાઋતુ જો યોગ્ય હોય તો

અંબરનું મોટું સરોવર જે લગભગ ૨૦ માઇલ લાંબુ અને ૭ા માઇલ પહોળુ છે તે જોવા ઉતરવું અથવા તો આગળ જયપુર સ્ટેશને ઉતરવું.

જયપુર.

જયપુર જો કે તીર્થક્ષેત્ર નથી પરંતુ જોવા લાયક સ્થળ છે તેથી આ સ્થળે આપવામાં આવતો ચિતાર અસ્થાને ગણાશે નહિ.

સ્ટેશન ઉપર રહેવાની ગોઠવણ થઇ શકે તેમ હોવાથી સરસામાનની વ્યવસ્થા કરી શહેરમાં આવેલા સ્થળો જોવા જવું.

આ શહેરની બાંધણી ઉત્તમ પ્રકારની જણાય છે. શહેર સમચોરસ હોવાથી નગરની મધ્યમાં રહી આખું શહેર જોઇ શકાય છે રાજ્યમહેલ સાત મજલાનો ઊંચો અને આરસ પહાણ વિગેરે વિધવિધ પ્રકારના પથ્થરથી બાંધેલો છે. તેની પાસે એક ઉપવન પણ બનાવેલું છે આ નૃપપ્રાસાદની અંદર દીવાનેખાસ અને દીવાનેઆમ, તથા સુખ નીવાસોની જગાઓ જોવા લાયક છે. હિંદુસ્તાનમાં જેની જોડી નથી એવો "રામ નિવાસ" ઉદ્યાન ખાસ જોવા લાયક છે આ બાગ ૭૦ એકર જેટલી જમીનમાં બનાવેલો છે. જેને બનાવતાં ૪ લાખ રૂપીઆ ખર્ચ થયું હતું વળી તેમાં દર વરસે રાજ્ય તરફથી ૩૦૦૦૦ રૂ. ના ખર્ચનો ઉમેરો થાય છે આ બાગ હિંદુસ્તાની દરેક વાટિકાઓમાં શ્રેષ્ઠ પદવી ભોગવે છે. બાગની અંદર શ્રાવણ ભાદરવા નામના બંગલાઓ, પત્થરના કટકાઓ મુકી બનાવેલા કૃત્રિમ પહાડો, તેમાંથી વહેતા મંદ મંદ ઝરણો, ફળ ફુલ તથા બીજા અન્ય રોપાઓથી ભરપુર કુદરતની શોભાને પણ દૂર મૂકે છે. આવો બાગ, તથા તેની અંદરનું ગોઠવેલું સંગ્રહસ્થાન ભારતવર્ષના બીજા કોઇપણ શહેરમાં દ્રષ્ટિ ગોચર થતું નથી. ધન્ય છે તે રાજાને અને તેના ઉત્સાહી નોકરોને કે આવી શોભા કરવામાં જેઓએ પૂર્ણ આનંદ માન્યો છે.

જયપુરની રાજ્યધાનીનું શહેર અંબર છે તે પણ કિલ્લે બંધી

ના કિલ્લો, તેની પાસેના સરોવરનો દેખાવ, પહાડી ડુંગરાળ પ્રદેશ,
કુદરતી લીલાઓથી ભરપુર, આજુબાજુના પ્રાચીન દેવાલયો,
, અને અન્ય ઉપરોક્ત સ્થળો જોવાથી માનસિક દુઃખ વિસ-
પ્રભુની અગાધ શક્તિનું ભાન થયા સિવાય રહેતુંજ નથી.

આ સ્થળો જોવાને માટે ત્યાંના પોલીટીકલ એજન્ટ યા રાજાનો
નો લેવાની જરૂર પડે છે માટે પ્રેક્ષકોએ પ્રથમથીજ પરવાનો
l જોવા જવું

આ સ્થળમાં પ્રથમ શ્રીગોકુલચંદ્રમાજી તેમજ શ્રીમદનમોહ-
અને શ્રીલલિતત્રિભંગીરાયજીના સ્વરૂપ બિરાજતાં હતાં. અત્રેના
યપુર) રાજા તરફથી ઉપદ્રવ થવાથી શ્રી ગોકુલચંદ્રમાજી તથા
દનમોહનજી હાલ કામ્યવનમાં બિરાજે છે. અને શ્રીલલિતત્રિભં-
યજીનું સ્વરૂપ મુંબાઈમાં ગોસ્વામી શ્રી ગોવર્ધનલાલજી મહારા-
માથે બિરાજે છે. જ્યાં આગળ પ્રભુએ વધુ વખત બિરાજવાનું
ચાર્યું નહિ તેથી તે સ્થળને વૈષ્ણવો જયપુર ન કહેતાં જમપુર
છે. અને કેવળ પ્રભુના સ્વરૂપ ઉપર પ્રીતિ ધરાવનારા વૈષ્ણવો
સ્થળમાં ન ઉતરતાં સીધા મથુરાંજી ચાલ્યા જાય છે.

જયપુર મુકયા બાદ કેટલાંક રેલવે સ્ટેશનો પછી બાંદીકુઇનું
શન આવે છે આ સ્થળે ઉતરી બીજી ગાડીમાં બેસવું પડે છે.
ઓએ ગાડી બદલતી વખતે સરસામાન ખાસ સંભાળવો. બાંદી
બે સ્ટેશન પછી કરણપુર નામનું સ્ટેશન આવે છે જે કરણ-
ની વેદવ્યાસના વર્ણવેલા મહાભારતમાં પાંડવોના પડભાતા કરણ
પુરનું આમ કહેવાય છે. તે પછી કેટલાંક સ્ટેશનો મુકયાબાદ
પુર આવે છે જે દર્શનીય યોગ્ય સ્થળ છે. તેથી સમય સાનુકુળ
ઉતરવું. ઉતારાને માટે સ્ટેશનની પાસે એક ધર્મશાળા બંધા-
છે. ભરતપુરનો કિલ્લો ખાસ જોવા લાયક છે. આ કિલ્લો

લેવાને માટે મહાન્ મોગલ પાદશાહ અકબરને ૨૦ દિવસ ઉપરાંત વખત લાગ્યો હતો એમ ઇતિહાસો ઉપરથી માલુમ પડે છે કિલ્લો બે પડનો છે. બહારની દિવાલ અને તેની આસપાસ ખાઇઓ આવેલી છે. અરિદળને આ દિવાલ ભેદ્યા પછી ખાઇઓ ઓળંગે તોપણ શહેરમાં દાખલ થવાને માટે બીજી પત્થરની ભવ્ય દિવાલ આસપાસ ખાઇઓથી ઘેરાએલી ભાગ્યા સિવાય નગરમાં પ્રવેશ થવો અશકયજ છે. સાંપ્રતકાળમાં તોપગોળાના યુદ્ધમાં આવી દીવાલો જોકે ઉપયોગી નથી તદપિ આવા કોટનો નાશ થતાં સુધી જે અલ્પ સમય મળે તે વખતમાં સ્વરક્ષણના ઉપાય યોજી શકાય એમ છે. બહારના અને અંદરના કિલ્લાની વચમાં શ્રીગંગાજી અને શ્રીલક્ષ્મણજીનાં મંદિરો અને બજાર આવેલાં છે. કિલ્લાની અંદર નૃપપ્રાસાદ, બદનસિંહનો જુનો મહેલ, અને કુમારબંગ જોવા લાયક છે. વળી અત્રેના રાજયના તાબામાં આવેલાં દિગનાંભવન જોવા લાયક છે પણ વ્રજયાત્રાના પરિક્રમણ વખતે આપણે તે જોઈ લેઇશું.

ભરતપુરથી અચનેરા રેલવે જંકશન આવે છે. ત્યાંથી એક ગાડી આગ્રા તરફ ને બીજી મથુરા તરફ જાય છે માટે આપણે પ્રથમ મથુરાં જવાની ગાડીમાં બેસવું. કેટલાંક સ્ટેશન મુકયા બાદ મથુરાં આવે છે. તેનાં મથુરા અને મથુરા કેમ્પ એમ બે સ્ટેશનો છે. પહેલું સ્ટેશન મથુરાં આવે છે, બીજું સ્ટેશન મથુરા કેમ્પ આવે છે. યાત્રાળુઓએ અહીં ઉતરવું અને અનુકુળતાએ ચોબાને ત્યાં અગર ઘણી ધર્મશાળાઓ છે. ગમે ત્યાં ઉતારો કરવો. પણ ચોબાને ત્યાં ઉતરવા કરતાં ધર્મશાળામાં ઉતરવું વધારે ઇષ્ટ છે. ઘણાભાગે બંગાળી ઘાટ આગળ આવેલી કોઇપણ ધર્મશાળામાં ઉતારો કરવાથી શ્રીયમુના સ્નાન-પાન તથા ત્યાં આવેલાં મંદિરોમાં દર્શન-સેવા કરવાનો લાભ મળે છે, એવી અમારી સૂચના છે.



પ્રકરણ ૧૨મું.

કાઠીઆવાડ અને કચ્છ.

વે જુવો ! આપણે બી. બી. એન્ડ. સી. આઈ. રેલ્વેદ્વારા યાત્રા કરતા કરતા મથુરામાં જઈ પહોચ્યા છીએ. આ સંબંધી આટલેથી અટકાવી પ્રથમ કાઠીઆવાડની યાત્રા માટે પ્રયાણ કરીએ.

કાઠીઆવાડમાં મુસાફરી કરવાનો ફક્ત એકજ રસ્તો છે. અને તે વિરમગામ જન્કશનથી જવાય છે. કાઠીઆવાડની મુસાફરી કરનારને વિરમગામ જવુંજ પડે છે. તેથી આપણે પ્રથમ વિરમગામથી પ્રયાણ ચાલુ કરીએ તો વિરમગામથી એક ગાડી વઢવાણ થઈ ભાવનગર તરફ જાય છે. અને બીજી ગાડી રાજકોટ તરફ જાય છે.

બીજો રસ્તો મુંબાઈથી સ્ટીમર મારફતે દ્વારિકાં અને ત્યાંથી પાછા રેલ્વેદ્વારા કાઠીઆવાડમાં પ્રયાણ કરવાનો છે. પણ આપણેતો વિરમગામથીજ રેલ્વેદ્વારા મુસાફરી કરીશું.

તીર્થક્ષેત્ર ત્રગડી.

વિરમગામથી આગળ સાવલીરોડ, લીલાપુર, અને લખતર (અ-

હીંના દરબાર પરમ ભાવુક વૈષ્ણવ છે.) સ્ટેશન મૂકતાં વઢવાણ શહેર તથા વઢવાણ જન્કશન આવે છે. અહીંથી ભાવનગર સ્ટેટ રેલ્વેમાં બેસી આગળ જતાં લીમડી તથા રાણપુરનાં સ્ટેશનો આવે છે રાણપુરથી ધંધુકા થઈ ત્રગડી જ્યાં શ્રીમહાપ્રભુજીની બેઠક છે ત્યાં દર્શનાર્થે જવું. ધંધુકાથી ત્રગડી ૪ ગાઉ થાય છે.

રાણપુર સ્ટેશને ઉતરી મોટર કે ઘોડાગાડીમાં બેસી ધંધુકા જવું ત્યાંથી બળદગાડી મારફતે ત્રગડી જવું. ત્યાં જઇ બેઠકના મકાનમાંજ ઉતારો કરવો અહીં ઉતારા માટેની ઘણી સારી સગવડ છે.

બેઠકનું સ્થળ એક વિશાળ તળાવ ઉપર અને ગામની ભાગોળે સુંદર શીતળ પવન આવે એવી વૃક્ષોની છાયામાં આવેલુ છે, જે ઉષ્ણકાળની અંદર વૈષ્ણવોને માટે મહાબળેશ્વરની સરખામણી કરતાં પણ વધી જાય તેમ છે. વૈષ્ણવોએ ઉષ્ણકાળમાં આવાં બેઠકનાં સ્થળોમાં થોડા દિવસ નિર્ગમન કરવા ખાસ અમારી ભલામણ છે. ઉત્સવોના દિવસોમાં આનંદ સારો આવે છે. ધંધુકા ગામના ભાવુક વૈષ્ણવોના લીધે શ્રી મહાપ્રભુજી ઘણાજ વૈભવથી અને આનંદમાં બિરાજે છે.

શ્રીમહાપ્રભુજી કાઠીઆવાડની પરિક્રમાએ નીકળ્યા ત્યારે આ સ્થળે પધાર્યા હતા. ત્યાં એક બ્રાહ્મણના ઘર આગળ સુંદર ચોતરા ઉપર આપશ્રી બિરાજ્યા હતા. અને સમાઙ કરી અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવ્યો હતો.

ઉક્ત બ્રાહ્મણ અને તેની સ્ત્રી તથા તેમના બે દીકરાઓનો શ્રીમહાપ્રભુજીએ લીલામાં અંગીકાર કરાવ્યો હતો.

આ બ્રાહ્મણને ત્યાં દશબાર ભેંસો હતી તેના દૂધથી પાંચશેર માખણ થતુ હતું. તેને બે દીકરા હતા. એક સાત વરસનો અને બીજો પાંચ વરસનો હતો. એક દિવસે બ્રાહ્મણ પત્નિ માખણ ઘરમાં

મૂકી જળ ભરવા ગઈ. બન્ને પુત્રો સવારમાં ઉઠી છાનામાના માખણ ખાવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી તેમને શ્રીકૃષ્ણ-ભગદેવ રૂપે દર્શન કરાવ્યાં. અને ઉપદેશ કર્યો કે પ્રભુ પ્રાણી માત્રમાં બિરાજે છે. તેથી સર્વ પ્રાણીઓમાં પ્રભુ છે એમ ધારી વર્તવું, સઘળા બનાવો શ્રીહરિની ઇચ્છાથી બને છે. અને જે પ્રમાણે બન્યા છે તે પ્રમાણેજ બનવા જોઈતા હતા. એમ ધારી નિત્ય સંતોષમાં રહેવું. જેવો પ્રેમ તમે ધણી ધણિયાણી એક બીજાના ઉપર અને છોકરાં ઉપર રાખોછો તેથી અધિક પ્રેમ ભગવાનના ઉપર રાખશોતો ભગવાન તમારૂં કલ્યાણ કરશે. આ ઉપદેશ સાંભળી તેમણે શરણે લેવાની પ્રાર્થના કરતાં બીજે દિવસે શ્રીમહાપ્રભુજીએ શરણે લીધાં. તે દિવસથી તેઓ પ્રભુ પ્રાપ્તિરૂપ સુખ ભોગવવા લાગ્યાં.

અહીંઆં જેટલા દિવસ રહીએ તેટલા દિવસ દરરોજ અસ્પર્શમાં ન્હાઈ શ્રીમહાપ્રભુજીની જેટલી બને તેટલી સેવા કરવાનો લાભ લેવો. એજ આપણી યાત્રાનું ફળ છે. દર્શન સર્વને માટે છે. ત્યારે સેવા પોતાના કૃપાપાત્ર વૈષ્ણવો માટેજ છે.

ધંધુકાના મંદિરના કારભારીજ અત્રેનો વહીવટ કરે છે.

અહીંથી પાછા ધંધુકા જવું.

કાંકરોલીસ્થ ગોસ્વામી શ્રીગિરિધરલાલજી (ભવાઈવાળા) મહારાજે ચમત્કાર બતાવ્યાથી આખુ ધંધુકા ગામ શરણે આવ્યું હતું. હજીસુધી આખું ગામ તૃતીયગૃહના તિલકાયિત મહારાજશ્રીની સૃષ્ટિનું છે. વણિક જ્ઞાતિના તથા મહાજનના શેઠ તરીકે મહારાજશ્રીનેજ માન આપવામાં આવે છે. અત્રેનું *પટવારી કુટુંબ ઘણુંજ પ્રખ્યાત છે

* હાલમાં તેઓ પૈકી રા. બ. રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારી જેઓ ગોંડલ સ્ટેટના દીવાન સાહેબ છે તેઓ ઘણાજ વિદ્વાન અને ભાવુક વૈષ્ણવ છે.

અને વૈષ્ણવોમાં અગ્રસ્થાને છે. ઘણા વિદ્વાન અને નામાંકિત વૈષ્ણવોની જન્મભૂમિ આ છે. વૈષ્ણવોને સત્સંગનું સ્થળ પણ સારૂ છે. મંદિરમાં શ્રીઠાકોરજીની સેવા એવી પ્રેમપૂર્વક કરવામાં આવે છે કે તે યાત્રાના સ્થળની બરોબરી કરે છે. મંદિરને અંગે એક પુષ્ટિમાર્ગી પુસ્તકાલય છે. દરરોજ ભાવિક વૈષ્ણવો સાંજરે ભગવદ્‌વાર્ત્તા કરી સારે આનંદ મેળવે છે

ધંધુકાથી રાણપુર થઈ પાછા ફરી વઢવાણથી વાંકાનેર જન્કશનથી મોરબી સ્ટેટ રેલ્વેદ્વારા મોરબી જઈ શકાય છે. વઢવાણથી આગળ મૂળીરોડનું સ્ટેશન આવે છે. આ સ્થળ શ્રીસ્વામીનારાયણના અનુયાયીઓનું તીર્થક્ષેત્ર છે. શ્રીસહેજાનંદ સ્વામીએ કાઠીઆવાડમ મૂળી અને જસદણ નદી ઉપર આવેલા ગઢડા ગામમાં પોતાના ધર્મને મુખ્ય ગાદીનું સ્થળ કરેલુ છે. વિશેષ ભાગ તેજ ધર્મના અનુયાયીઓથી ભરપુર છે.

વાંકાનેર જન્કશનથી મોરબીલાઈને મોરબી જવું.

તીર્થક્ષેત્ર મોરબી.

મચ્છુ સરિતાના તટ ઉપર કાળચક્રના પરિણામે સુધારામાં હરિફાઈ કરતુ શ્રીમહાપ્રભુજીની સાનંદ લીલાઓથી અને ભાવુક વૈષ્ણવોથી વૃદ્ધિપુર આ નગર યાત્રાને માટે સુપ્રસિદ્ધ છે.

મોરબી સ્ટેશનથી ઉતરી ગામમાં જવાને માટે ટ્રામ, કે ઘોડાગાડી તરતજ મળી શકે છે. વૈષ્ણવોએ અનુકુળ સાધન મારફતે શહેરમાં "શ્રીજીની હવેલીમાં" જવું. અને ત્યાં પોતાના ઉતારાનો બંદોબસ્ત કરવો. આ સ્થળ શહેરની મધ્યભાગે આવેલું છે. આ સિવાય બીજી ચાર પાંચ ધર્મશાળાઓ બંધાવેલી છે. પરંતુ વૈષ્ણવો માટે આ

હવેલીમાં ઉત્તમ પ્રકારની સગવડ મળી શકે તેવું છે. મરજાદી વૈષ્ણવો માટે પણ ઉતારાની સવડ થઈ શકે તેવું છે.

આ પ્રમાણે ઉતારાનો બંદોબસ્ત કરી દર્શનાર્થે વિચરવું. યાત્રામાં નીકળ્યા પછી બને તેટલો વધારે વખત પ્રભુનાં દર્શન, સેવા તથા ભગવત્ સ્મરણ કરવામાં ગાળવો. એજ વૈષ્ણવોનું ખાસ કર્તવ્ય છે.

આ ગામમાં મુખ્ય મંદિર શ્રીમદનમોહનલાલજીનું છે. આ સ્વરૂપ રાજનગરવાળા શ્રીગોપીનાથજી મહારાજનાં બેટીજીએ અત્રે પધરાવેલુ છે. ત્યાં દર્શન વિગેરે કરી શ્રીમહાપ્રભુજીની બેઠક મચ્છુ સરિતાને સામે કાંઠે આવેલી છે ત્યાં જવું.

શમી વૃક્ષની નીચે શ્રીમહાપ્રભુજી બિરાજે છે. અહીંઆં કૃષ્ણદાસ મેઘને આચાર્યશ્રીને વિનંતી કરીકે પૂર્વે થઈ ગએલા સત્યવાદી હરિભક્ત મયૂરધ્વજ (મુરધ્વજ) નૃપતિનું આ ગામ છે, વળી અહીંઆં શ્રીકૃષ્ણ ભગવાન પણ પધારેલા હતા. તેથી અહીંઆં સપ્તાહ કરવી જોઈએ. આ ઉપરથી શ્રીમહાપ્રભુજીએ કૃપાવંત થઈ શ્રીભાગવતનું પારાયણ કર્યું. આ સ્થળમાં વાલો (બાલકૃષ્ણ) અને વાદો (બાદરાયણ) જેઓ નારાયણસરમાં આચાર્યશ્રીને શરણે થયા હતા તે દર્શન કરવા આવ્યા. તે વખતે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને એતન્માર્ગીય ગ્રન્થો ભણાવ્યા અને સેવા વિધિ બતાવી.

આ બેઠકના સંબંધમાં નીચે લખેલી આખ્યાયિકા જાણવી આવશ્યક છે. મુંબાઈના મોટા મંદિરવાળા શ્રીમદ્ ગોસ્વામી શ્રીજીવણલાલજી મહારાજનું પ્રાગટ્ય મોરબીમાં સંવત્ ૧૮૮૬ ના માગસર સુદી ૫ ને સોમવારે થયું હતું. આ બાળકને છઠ્ઠીને દિવસે સ્વતઃ વાચા થઈને પ્રસૂતિ ગૃહમાંજ શ્રીમાજી મહારાજ તથા બે ચાર વૈષ્ણવો બેઠેલા હતા. તેમને આજ્ઞા કરીકે આ ગામમાં નદીની સામી

બાજુએ શ્રીમહાપ્રભુજી બિરાજે છે. આ બાળકની આવી અલૌકિક વાણી શ્રવણ કરી પૂછયું કે અમને શી રીતે ખબર પડે? પોતે આજ્ઞા કરીકે દોઢ માસ પછી રથ જોડી ત્યાં જજો. અને જ્યાં રથ અટકે ત્યાં તેના બે પૈડાના મધ્ય ભાગમાં ખોદવાથી પોતે પ્રગટ થશે. દોઢમાસ થયા પછી શ્રીમાજી મહારાજ રથ જોડાવી રથમાં લાલબાવાને પધરાવી વૈષ્ણવોના વૃંદ સાથે પધાર્યા. અને કહેવા પ્રમાણે સરિતાના સામા તટે શમી વૃક્ષ નીચે રથ સ્થંભી ગયો. અને બે પૈડાંની વચ્ચે ખોદવાથી તિલકનાં દર્શન થયાં. ત્રાંબાનાં ઝારીજી તથા શ્રી પાદુકાજી અને ધોતી ઉપરણા પણ મળી આવ્યાં હતાં.

(જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તા ૭૨)

મોરબીમાં આ પ્રમાણે દર્શન કરી શ્રીમહાપ્રભુજીની બેઠકે ઝારીજી, ચર્ણસ્પર્શ વિગેરે સેવાનો લાભ લઈ યથેચ્છ ભેટ ધરી વાંકાનેર થઇ રાજકોટ આવવું.

તીર્થક્ષેત્ર રાજકોટ.

વાંકાનેર જન્કશન મુકી વઢવાણ જન્કશનથી રાજકોટ આવવું. વઢવાણ અને રાજકોટ વચ્ચે લગભગ ૭૫ માઇલનું અંતર છે રાજકોટનાં ત્રણ સ્ટેશનો છે. ૧ રાજકોટ પરા. ૨ રાજકોટ જન્કશન. ૩ રાજકોટ સિટી. શહેરની અંદર જનારા બધા લોકો રાજકોટ પરામાં ઉતરે છે. રાજકોટ પરાના સ્ટેશન ઉપર ધર્મશાળા છે તેમાં ઉતરવાનો બંદોબસ્ત સારો છે.

આ શહેરમાં શ્રીબાલકૃષ્ણલાલજીનું મોટું મંદિર છે. આ સ્વરૂપ શ્રી વિઠ્ઠલનાથજીના સેવ્ય છે. આચાર્યશ્રીના પરમ કૃપાપાત્ર ભગવદીય ઉજ્જનના પદ્મારાવળના પુત્ર કૃષ્ણભટ્ટને શ્રીગુસાંઇજીએ પોતાને વિદ્યા-

વ્યાસ કરાવ્યાની ભેટ તરીકે પધરાવી આપ્યા હતા. એક વખત રાજ-કોટના રાજા યાત્રાર્થે ગયા ત્યારે ઉજ્જનમાં કૃષ્ણભટ્ટને ત્યાં ઉતર્યા હતા. તેમણે આ સ્વરૂપને રાજકોટમાં પધરાવવાની ઈચ્છા દર્શાવી. રાજાની વિનંતીનો સ્વીકાર થવાથી તેમણે રાજકોટ આવી દરબાર ગઢમાં મંદિર બંધાવી આને પધરાવ્યા. કેટલોક ત્યાં વખત બિરાજ્યા પછી ધાડ પડવાથી કેટલોક વખત બહાર બિરાજ્યા ત્યારબાદ "સદર" કે જે રાજકોટનો એક ભાગ છે ત્યાં મંદિર બંધાવ્યું તેમાં બિરાજ્યા પરંતુ તે સ્થળ વૈષ્ણવોને દૂર પડવાથી હાલના રાજાના માતુશ્રીએ દરબારગઢ નજીક એક ભવ્ય મંદિર બંધાવી આપ્યું છે. ત્યારથી અદ્યાપિ પર્યંત આ મંદિરમાં બિરાજે છે. અને ગોપાળદાસભટ્ટ તેમની સેવા કરે છે. આ ગોપાળદાસભટ્ટ પદ્મારાવળના વંશજ ૧૩ મી પેઢીએ છે.

આ મંદિરમાં ઘણા પ્રાચીન ગ્રંથો છે. અને પુસ્તકાલય પણ વ્યવસ્થિત છે. અનેક વૈષ્ણવો લાભ લે છે.

આ શહેર ખાસ જોવા લાયક છે. જામટાવર, રાજકુમાર કૉલેજ, એક ભવ્ય બાગ અને તેની અંદરનું મ્યુઝીઅમ જોવા યોગ્ય છે. શાક માર્કીટનો દેખાવ પણ ઘણો સુંદર છે.

રાજકોટની યાત્રા કરી જામનગર તરફ જવું જામનગરની જે ગાડી બદલાય છે. તે જામનગર સ્ટેટ રેલ્વે તરીકે ઓળખાય છે. રાજકોટ મૂકયા બાદ પાંચમું સ્ટેશન જામનગરનું આવે છે. રાજકોટ અને જામનગર વચ્ચે લગભગ ૫૦ માઈલનું અંતર છે.

તીર્થક્ષેત્ર જામનગર

આ શહેર ઐતિહાસિક દૃષ્ટિએ જોવા લાયક છે, તેમજ વૈષ્ણવોની યાત્રાને માટે સુપ્રસિદ્ધ છે. જોવા લાયક સ્થળોમાં મુખ્ય જામ-

સરકારના બંગલાઓ તથા આખા નગરને પાણી પૂરૂં પાડતી વાવ તથા તેનું સંચા કામ ઘણા ઉચ્ચ પ્રકારનું છે. અગાઉ આ શહેર હુન્નર ઉદ્યોગમાં વખણાતું હતું. હાલમાં રંગાટનું કામ વખણાય છે. જામનગરના દરિયાની ખાડીમાંથી અગાઉના વખતમાં મોતી નીકળતાં હતાં. હાલમાં કંઈ નીકળતાં જણાતાં નથી. અહીંથી પગ રસ્તે ચાર દિવસમાં દ્વારિકા જવાય છે.

અહીંઆં રેલ્વે સ્ટેશને ઉતરી ગામમાં આવેલી ધર્મશાળામાં મુકામ કરવો. ઉતારાનો બંદોબસ્ત બરાબર કરી દર્શન કરવા જવું. પ્રથમ આ નગરમાં મોટી હવેલીમાં શ્રીગુસાંઈજીના સેવ્ય અને પરમ ભાગ્યવાન ભગવદીય બાદરાયણદાસના* ચિરંજીવી ભગવદીય હરજીવનદાસને માથે પધરાવેલા શ્રીમદનગોપાળ (શ્રી સ્વામીનીજી સહિત) બિરાજે છે. હાલમાં આ મંદિર ગોસ્વામી શ્રીઅનિરૂદ્ધલાલજી મહારાજના તાબામાં છે. આ સિવાય જામનગરના મોટા મંદિરમાં નીચેનાં સ્વરૂપ બિરાજે છે. (૧) શ્રીમદનમોહનજી (શ્રીસ્વામીનીજી સહિત) શ્રીમહાપ્રભુજીના સેવ્ય. ગદાધરદાસ કપિલ સારસ્વત બ્રાહ્મણના શ્રીઠાકોરજી. (૨) શ્રીનવનીતલાલજી, શ્રીગુસાંઈજીના સેવ્ય. વેમાનવાળી ડોકરીના ઠાકોરજી. (૩) શ્રીમુરલીધરજી. શ્રીગોકુલનાથજી (ચતુર્થલાલજી) ના સેવ્ય. તેમના પરદેશ પધારવા વખતના ઠાકોરજી (૪) શ્રીબહુલાલજી શ્રીગુસાંઈજીના સેવ્ય જામસાહેબ શ્રીઅજાજીનાં દીકરી દીપાંબાઈના ઠાકોરજી. (૫) શ્રીમદનગોપાળ, શ્રીસ્વામીનીજી સહિત,

* આ ભગવદ્ ભક્ત મોરબીના રહીશ હતા અને વૈષ્ણવોના સંગથીજ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજી નામ પામ્યા હતા, માર્ગનું રહસ્ય જાણવાનું સાધન ફક્ત વૈષ્ણવોના સંગથીજ છે. તો વૈષ્ણવોએ અવશ્ય સત્સંગનો લાભ લેવા ચૂકવું નહિ.

શ્રીગુસાંઈજીના સેવ્ય પુષ્કરણા બ્રાહ્મણ હરજીવનદાસના ઠાકોરજી. (૬) શ્રીબાલકૃષ્ણલાલજી ઉપનામ માખણચોર તે શ્રીમહાપ્રભુજીના સેવ્ય છે. એમ કહે છે. આ સિવાય શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર વગેરે બિરાજે છે.

વળી અહીંઆં શ્રીગુસાંઈજીની બેઠક પરમ ભગવદીય બાદરાયણદાસના વંશજ મુળજીભાઈના ઘરમાં છે. શ્રીગુસાંઈજીએ આ સ્થળે બિરાજી રાજા જામ તથા અનેક દૈવી જીવોનો અંગીકાર કર્યો છે. અને સપ્તાહ કરીને અપૂર્વ આનંદ કરાવ્યો છે.

વળી શહેર બહાર નાગમતી નદીના તીર ઉપર એક રમણીય સ્થળમાં છોકરની નીચે શ્રીમહાપ્રભુજીની બેઠક બિરાજે છે આ સ્થળે પોતે પધાર્યા ત્યારે શ્રીભાગવતનો પાઠ કરતા હતા. તે વખતે રાજાએ આવી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી શરણે લેવાની વિનંતી કરી. રાજાની આર્તિ દેખી શ્રીમહાપ્રભુજીએ સ્નાન કરી આવવાની આજ્ઞા કરી. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી નામ સંભળાવ્યું. પછી બ્રહ્મ સંબંધ કરાવ્યાં.

આ બેઠકે શ્રીમહાપ્રભુજીનાં ચરણસ્પર્શ કરવાને કંઈ ભેટનો નિયમ નહિ રાખેલો હોવાથી શહેરના ઘણા વૈષ્ણવો નિત્ય નિયમ પૂર્વક નાગમતી નદીમાં સ્નાન કરી શ્રીમહાપ્રભુજીના ચરણસ્પર્શ કરી શહેરમાં પાછા આવે છે. આ વ્યવસ્થા ઘણી ઉત્તમ છે. બેઠકના મકાનમાં ઉતારો કરવાની પણ ઘણી સારી વ્યવસ્થા છે.

અહીંઆંથી પગ રસ્તે દ્વારકાં જવાય છે. પરંતુ હાલ વેરાવળ, જુનાગઢ, પ્રભાસપાટણની યાત્રા કરવાની હોવાથી તે સ્થળોએ જઈશું.

જુનાગઢ—વેરાવળ જવા માટે ધોળા જન્કશનથી જેતલસર આવવું પડે છે અને ત્યાંથી વેરાવળ તરફની લાઈન બદલાય છે. બીજો રસ્તો રાજકોટ જન્કશનથી જેતલસર અને ત્યાંથી વેરાવળ જવાય છે. જેતલસરથી ત્રીજું સ્ટેશન જુનાગઢનું છે.

તીર્થક્ષેત્ર જુનાગઢ.

સ્ટેશનથી ઊતરી નજીકમાં આવેલી એક ભાટીઆની બંધાવેલી ધર્મશાળામાં ઊતારો કરવો અહીઆં મુકામ કરનારને પૈસા વિગેરે આપવા પડતા નથી. વળી શહેરમાં મરજાદી વૈષ્ણવો માટે પણ સવડ થઈ શકે તેવાં સ્થળ છે તથા મરજાદી વૈષ્ણવો પણ ઘણા છે. શ્રી ગોસ્વામી બાળકોને પણ ઊતરવાની જોગવાઈ થઈ શકે તેવી હવેલીઓ પણ આ ગામમાં બંધાવેલી છે. વળી શ્રીદામોદરજીના મંદિરમાં પણ વૈષ્ણવોનો ઉતારો થઈ શકે છે. અનુકુળ સ્થળે ઊતારાનો બંદોબસ્ત કરી લેવો.

નરસીંહ મહેતાની જન્મભૂમિનું સ્થાન જુનાગઢ કાઠીઆવાડનું પ્રાચીન શહેર છે. ગિરનાર પર્વતની શોભાથી શહેરની ખૂબી કંઈક ઓરજ જણાય છે. શહેરથી ગિરનાર પર્વત બે માઇલ દૂર આવેલો છે. પ્રથમ અહીંઆં હિંદુરાજાનું રાજ્ય હતું. પરંતુ હાલમાં મુસલમાન પાદશાહનો અમલ છે. બગીચાઓ, સંગ્રહસ્થાન તથા જાનવરનો સંગ્રહ–તળેટીકુંડ, દામોદર કુંડ, સુરજકુંડ વિગેરે મનુષ્યકૃત તથા કુદરતની ભુમિના રંગો જોવાથી મનને ઘણોજ આનંદ આપે એવું કાઠીઆવાડમાં સર્વ કરતાં શ્રેષ્ઠનગર છે, દામોદર કુંડ આગળ શ્રી કૃષ્ણભગવાન કાળયવન નામના રાક્ષસની બીકથી નાસતા હતા ત્યારે ત્યાં એક ઋષિને સુતા જોઈ પોતાનું કપડું ઋષિને ઓરાઢયું. રાક્ષસ આ ઋષિને શ્રીકૃષ્ણ સમજી લાતથી મારવા લાગ્યો ઋષિએ આંખ ઉઘાડી તે રાક્ષસ સામે જોયું કે તુરતજ તે બળીને ભસ્મ થઈ ગયો. આ ઠેકાણે ભસ્મનો રાખના ઢગલા માફક દેખાવ જોવામાં આવે છે. શહેરના એક ભાગને ઉપરકોટ તરીકે ઓળખવામાં આવે છે. ત્યાં ગામને પાણી પૂરૂ પાડવાની ટાંકીઓ છે.

આ શહેરમાં આવેલાં મંદિરો પૈકી મુખ્ય મંદિર શ્રી દામોદરજીનું શહેરના મધ્ય ભાગમાં આવેલું છે. આ મંદિરમાં શ્રીદામોદર કુંડમાંથી પ્રગટ થએલા શ્રી દામોદરજીનું સ્વરૂપ શ્રી સ્વામીનીજી સહિત બિરાજે છે. આ સ્વરૂપ શ્રી આચાર્યજી મહા પ્રભુજીએ સેવ્ય કરી પરમ ભાગ્યવાન વૈષ્ણવ ૧ સાસુ–વહુ બાઇ ગોરજા તથા સમરાઇને માથે પધરાવી આપ્યા હતા. તેમણે કેટલોક વખત સેવા કરી પછી જુનાગઢમાં એક ગિરનારા બ્રાહ્મણને ત્યાં બિરાજ્યા ત્યાંથી શ્રી માધવરાયજીનાં વહુજી શ્રી સુભદ્રા વહુજીને સ્વપ્નદ્વારા આજ્ઞા થવાથી ચિત્તલમાં પધરાવ્યા હતા. ત્યાં કેટલોક વખત બિરાજયા બાદ જુનાગઢના દિવાન બહાદૂર અમરજીભાઇને આ સ્વરૂપને જુનાગઢમાં પધરાવવાનો મનોરથ થવાથી તેમણે એક વિશાળ મંદિર કરાવી અહીં પધરાવ્યા. ત્યારથી અહીં બિરાજે છે. આ સિવાય આજ મંદિરમાં શ્રીમદનમોહનજી (શ્રી સ્વામીનીજી સહિત) બિરાજે છે. આ ઠાકોરજી શ્રી ગુસાંઇજીના પરમ ભાગ્યવાન અને કૃપાપાત્ર વૈષ્ણવ ૨ દયા ભવૈયાના છે. તે પણ પ્રથમ

---

૧ આ સાસુ વહુની ભક્તિભાવની વાર્તા વાંચતાંજ રૂવે રૂવાં ઊભાં થાય છે. આ કળિકાળમાં આવી ધાર્મિક વૃત્તિવાળાં સ્ત્રીઓ ભાગ્યેજ જણાશે. જો ભક્તિ માર્ગનું રહસ્ય જાણવાવાળા વૈષ્ણવો આવશ્યક પૂરતું માતૃભાષાનું જ્ઞાન આપી ધાર્મિક વૃત્તિમાં સ્ત્રીઓનું મન પરોવે તો આ અસાર સંસારના અંગે રહેલાં કષ્ટોનો સમૂળગો નાશ થાય. અને આર્યોનું ગૌરવ પ્રાચીન વખતના જેટલું જ વધે. અર્થાત્ સ્ત્રીઓ ધાર્મિક વૃત્તિમાં જોડાવાથી પતિ પરાયણ બની રહેતો સંસાર સુખરૂપ થાય અને અંતે મોક્ષ સુલભ થાય.

(વધુ માટે જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તા.)

૨ કેવળ વૈષ્ણવનો સ્વાંગ ધરવાથી યમ આદિ દેવો નિકટ

શિતલમાં જ બિરાજતા હતા. પછીથી આ મોટા મંદિરમાં પધરાવેલા છે. આ શ્રી ઠાકોરજી શ્રી ગુસાંઇજીના સેવ્ય છે. આવુંજ સ્વરૂપ શ્રી ગોકુળમાં પણ બિરાજે છે. અને આ બે સ્વરૂપો વિષે મતભેદ છે. ભાવુકોએ અવશ્ય ધ્યાન પૂર્વક ઝાંખી કરવી. આ સિવાય મંદિરમાં શ્રી ગોકુળનાથજીના ચતુર્થલાલજીના સેવ્ય શ્રી બાલકૃષ્ણજી તથા શ્રી નટવરજી જે કલકત્તામાં રાજા બાબુને ત્યાં બિરાજતા હતા, તેમને શ્રીવ્રજવલ્લભજી મહારાજ અહીં પધરાવી લાવ્યા હતા. આ પ્રમાણે આ મંદિરમાં ચાર મુખ્ય સ્વરૂપો બિરાજે છે. તદુપરાંત અત્રે શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષરથી* ગદ્યમંત્રનો શ્લોક લખેલો છે તે બિરાજે છે; તથા શ્રીમહાપ્રભુજીનાં પાદુકાજી જે શ્રીવ્રજવલ્લભજી મહારાજ સિંધના પ્રદેશમાંથી પધરાવી લાવ્યા હતા તે પણ અત્રે બિરાજે છે.

તદુપરાંત મર્યાદા રીતે સેવા કરવામાં આવતાં બીજાં પાંચ મંદિરો છે. (૧) શ્રી મોટા દામોદરજી (૨) શ્રી રૂગનાથજી (૩) શ્રી

આવી શકતા નથી તો પછી તેમની સત્તા કેવી રીતે ચાલી શકે? જ્યારે જુઠો વેષ ધરનાર પણ આવી પદવી ભોગવે છે. ત્યારે સાચો વેષ રાખનાર ભગવદ્ લીલામાં પ્રવેશ કરી શકે એમાં શું આશ્ચર્ય! માટે વૈષ્ણવોએ અહર્નિશ આવા ભગવદીય થવાને આતુરતા રાખવી એજ આ ભગવદીયની વાર્તાનો સાર છે.

(વધુ માટે જુઓ બસોબાવન વૈષ્ણવની વાર્તા.)

* આ ગદ્યમંત્ર તથા તે ઉપર શ્રીગોસ્વામી બાળકોએ કરેલી સંસ્કૃત અને વ્રજભાષામાં ટીકા રા. રા. રણછોડદાસ વરજીવનદાસ મુંબાઇવાળા તરફથી છપાઇને બહાર પડી છે. જીજ્ઞાસુઓએ તેમની પાસેથી મંગાવી અધ્યયન કરવા ભલામણ છે.

રણછોડજી અને બીજાં બે મંદિરો મળી પાંચ મંદિરો આવેલાં છે. તે મંદિરોમાં શ્રી મહાપ્રભુજીની પ્રણાલિકા પ્રમાણે સેવા કરવામાં આવે છે.

અહીંઆં દર્શનાદિ કરી વાઘેશ્વરી દરવાજે થઈ શ્રી ગિરનાર જતાં રસ્તામાં [1]અશોકનો શીલાલેખ આવેછે. ત્યાંથી આગળ જતાં દામોદર કુંડ નામનું તીર્થક્ષેત્ર આવેછે. આ દામોદર કુંડ ક્ષેત્ર ૨૭૫ ફુટ લાંબુ અને ૫૦ ફુટ પહોળુછે. આ કુંડના જળમાં અસ્થિ ગાળવાનો ગુણ છે. જેથી હજારો ગાઉથી હિંદુ લોકો ફુલ (હાડકાં) નાંખવા આ સ્થળે આવે છે. આ કુંડ ઉપર શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક છે. શ્રી બેઠકજી એક શેમલાનો વૃક્ષ નીચે આવેલાં છે. શ્રી મહાપ્રભુજીએ અહીંઆં સપ્તાહ કરી ત્યારે શ્રી ગિરનાર પર્વત, શ્રીરેવતાચળ અને ાચરંજીવી શ્રી અશ્વત્થામા બ્રાહ્મણોના વેષમાં સપ્તાહ શ્રવણ કરવા આવતા હતા શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને ઉક્ત પુરૂષોની ઓળખાણ કરાવી હતી.

અહીંઆં ઉતરવાની સગવડ સારી છે અને શ્રી ઝારીજી ચરણ સ્પર્શાદિની સેવા થઇ શકે છે. માટે વૈષ્ણવોએ સેવાનો લાભ લઈ યથા શક્તિ ભેટાદિ ધરવાં. (વિશેષ માટે શ્રી બેઠક ચરિત્રમાં જુવો.)

શ્રી દામોદર કુંડ ઉપર પ્રતિવર્ષે શ્રાવણ વદી ૦)) ના રોજ મોટો મેળો ભરાયછે. અને હજારો ગાઉથી યાત્રીઓ આવે છે.

બેઠકની બીજી બાજુએ શ્રી રેવતી કુંડ આવેલો છે. આ કુંડ ઇ૦ સ૦ ૧૪૧૭ માં બંધાવ્યાનું જણાયછે. કુંડની પાસે રેવતાચળપર્વતછે. પૂર્વે શ્રી બળદેવજીનું લગ્ન રૈવત રાજાની પુત્રી શ્રી રેવતીજી સાથે

---

૧ જુઓ ટૉડ રાજસ્થાન ભાગ. ૧ લો.

આ સ્થળે થયું હતું. એ રેવતીજીના નામથી બંધાવેલો આ કુંડ તે રેવતીકુંડ છે.

આ પર્વતની ગુફામાં ચિરંજીવી શ્રી અશ્વત્થામા રહે છે. અને કોઇ ભાગ્યવાનને કોઈક વખત તેમનાં દર્શન થાય છે.

તીર્થક્ષેત્ર શ્રી ગિરનાર.

શ્રી ગિરનાર પર્વત જવાને જૂનાગઢથી પાકી સડક બાંધવામાં આવેલી છે, અને ત્યાં જવાને ગાડી આદિ સાધનો મળે છે. દરવાજા આગળ યાત્રીઓ પાસે પૈસા—નાકુ—લેવામાં આવેછે. પર્વત તરફ જતાં શ્રી મહાપ્રભુજીની બેઠક અને ત્યાંથી આગળ ભરત ગુફા આવેછે. આ ગુફામાં કોઇને જવા દેવામાં આવતા નથી. ત્યાંથી આગળ ગિરનાર આવેછે પર્વતની તળેટીમાં પર્વત ઉપર ચઢવાને ડોળી વિગેરે સાધનો ત્યાં આગળ મળે છે. અને જૈનોને ઉતારવાને માટે ધર્મશાળા છે. પર્વત ઉપર ચઢવાને માટે જૂનાગઢના ભૂત પૂર્વ દિવાને લૉટરી કાઢી પાકો પગથીયાંનો રસ્તો બંધાવેલો છે.

અહીંઆં મુંબઇના વેપારી પ્રેમચંદ રાયચંદે બંધાવેલી ધર્મશાળા છે આ ગિરનાર પર્વતની સાત ટૂકો યા શિખરો છે. પહેલી ટુકે જૈનોના તિર્થંકર નેમિનાથનું મોટું ભવ્ય દેરાસર છે. તે શિવાય વસ્તુપાળ—તેજપાળ ભાઇઓએ બંધાવેલાં જૈનોનાં અન્ય દેરાસરો ઉત્તમ નકશી કામથી ભરપૂર આવેલાં છે. આ દેરાસરોમાં શ્રીમલ્લિનાથની મુર્તિ પધરાવેલી છે. આ દેરાસરો ઈ૦ સ૦ ૧૧૭૭ ના અરસામાં બંધાવેલાં હોવાનું જણાય છે. ત્યાંથી થોડેક ઊંચે પર્વત ઉપર ચઢતાં રાખેંગાર તથા રાણુકદેવીના મહેલો આવેછે. આ સ્થળે ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે રાખેંગારને હરાવ્યો હતો. ત્યાંથી આગળ જતાં બીજી

ટૂકે ગૌમુખ ગંગાનું સ્થળ આવેછે. અહીંઆં ગાયના મુખમાંથી પર્વતનું ઝરણુ આવેછે તે જળ એક કુંડમાં ભરાયછે ત્યાંથી આગળ ભીમકકુંડ તથીં રાજલની ગુફા આવેછે હિંદુ યાત્રીઓ ભીમક કુંડમાં સ્નાનાદિક કરેછે.

ગૌમુખ ગંગાથી એક માઇલ દૂર ત્રીજી ટૂકે શ્રી અંબાજીનું મોટું મંદિર આવે છે. ત્યાંથી આગળ જતાં ચોથી ટૂકે ગોરખનાથનું સ્થાન આવે છે. આ સ્થળને ગોરખ ટેકરી કહે છે. શ્રી મહાપ્રભુજી જ્યારે આ સ્થળે પધાર્યા ત્યારે કેટલાક ગોરખ શિષ્યોએ શ્રી મહાપ્રભુજી સાથે વિવાદ કર્યો હતો. ગોરખ શિષ્યોના પૂછવાથી શ્રી મહાપ્રભુજીએ તેમને કોટિ ગોરખનાથનાં સ્વરૂપોનો ભાસ કરાવ્યો હતો.

ગોરખ ટેકરીથી આગળ જતાં પાંચમી ટૂકે ગુરૂ દત્તાત્રયનું મંદિર આવે છે. આ વિષ્ણુના ૨૪ અવતારોમાંના એક છે, અહીંઆં ચઢવાને માટે પગથી બાંધેલી છે. તેથી ચઢવાનું સુગમ થયું છે. અહીં ગુરૂદત્તાત્રયનાં ચરણ ચિન્હ છે. છઠ્ઠી ટૂકે અનુસૂયા માતાનુ મંદિર છે. અને છેલ્લી ટૂકે કાળકાનું દેવળ છે. અહીંઆં ચઢાવ ઘણોજ વિકટ છે હિંસક પ્રાણીઓનો ત્રાસ પણ ઘણો છે. તેથી ત્યાં જવું ઘણુંજ મુશ્કેલ છે. આ ઉપરાંત પર્વત ઉપર ભર્તૃહરિની ગુફા,રામાનંદની પાદુકા, હાથી પગલુ, લાખાવન; શેષાવન, ભરતવન, વિગેરે જોવા લાયક સ્થળો છે. શેષાવનની અને ભરતવનની જગ્યાઓ વનસ્પતિથી ભરપુર છે અને અનેક કુદરતી પુષ્પોની સુવાસથી મનને શાન્તિ મળે છેઃ દેખાવ ઘણોજ ચિત્તાકર્ષક અને રમણીય છે. ગિરનાર ઉપર જનાર યાત્રીઓએ ઉપરોક્ત સ્થળોની મુલાકાત લેવા ચૂકવું નહિ. આ પહાડની બાજુમાં એક બીજો દાતારનો ડુંગર છે. અહીંઆં ખુણવાનું કામ ભારે ચાલે છે. તે ઉપરાંત બૌદ્ધ ધર્મની ગુફાઓ કેટલેક સ્થળે માલૂમ પડી આવે છે. ઇતિહાસના શોખીનોને માટે આ સ્થળ એક પ્રસિદ્ધ ક્ષેત્ર છે.

અહીંથી પાછા જુનાગઢ આવવું. જુનાગઢમાં બીજાં જોવા લાયક સ્થળોમાં ઉપર કોટ, નવઘણ કુવો, લીલમતોપ, મસ્જીદ, ભોંયરાં કડાનાળ તોપ; આલમ છજુ; વિગેરે છે. પ્રાચીન કાળથી "અડીચડીવાવ અને નવઘણ કુવો" વખણાય છે તેને માટે અત્યારે પણ કિંવદંતિ પ્રચલિત છે કે "અડીચડી વાવ ને નવઘણ કુવો જે ન જુવે તે જીવતો મુઓ" તે ઉપરાંત હોથલ પદ્મનીનાં ભોંયરાં, ખાપુતરી ખાણુ, ખાપરા કોડીઆનાં ભોંયરાં વિગેરે વિગેરે છે. અવેડાની વાવનું પાણી. રેશમ ધોવાને માટે તથા રેશમી કપડાં ઉપર ઓપ લાવવાને માટે વપરાય છે ને તે પાણીથી રેશમનું કામ ઘણું સારૂં થાય છે.

તિર્થક્ષેત્ર શ્રી માધવપુર.

જૂનાગઢથી ત્રીજું સ્ટેશન કેશોદ આવે છે, અહીંથી લગભગ દશ માઇલ દૂર માધવપુર આવેલું છે. દ્વારકાંની યાત્રા પ્રથમ કરી આવેલાઓને માટે આ રસ્તો અનુકુળ છે.

શ્રી માધવપુરમાં શ્રી મહાપ્રભુજીની બેઠક આવેલી છે. ત્યાં વૈષ્ણવોને ઉતરવાનો સગવડ સારો છે. પૂર્વે શ્રીકૃષ્ણભગવાને કુંદનપુરથી [1]ભીમક રાજાની તનયા શ્રીરૂકમણિજીનું હરણ કરી લાવી આ સ્થળે લગ્ન કર્યું હતું. તે સ્થાન અદ્યાપી મોજુદ છે. અહીંઆં શ્રી માધવરાયજી તથા શ્રીકૃષ્ણ બળદેવનું મંદિર છે. આ મંદિર એકજ ભાગમાં છે. તેની વચ્ચે શ્રી ગોપાળલાલજીનું સ્વરૂપ શ્રી રૂકમણિજી સહીત બિરાજે છે. શ્રીગોપાલલાલજી તથા શ્રી રૂકમણિજીનો લગ્ન પ્ર-

૧ પૂર્વે ભીમક રાજાની રાજ્યધાની કુંદનપુર હતી. પાછળથી આ નગરનું નામ કુંતલપુર પડયું હતું અને હાલમાં કુતીઆણા એ નામે પ્રસિદ્ધ છે. અને તે ભાદર નદી ઉપર આવેલું છે.

સંગના વખતે ચૈત્ર સુદી ૯ થી ૧૧ સુધી ફુલેકાનો વરઘોડો ચઢે છે. સુદી ૧૨ ના દિવસે ત્રણ વાગે શ્રીઠાકોરજી રૂપક વનમાં પધારે છે. અને કદંબ કુંડ ઉપર બિરાજે છે, રાત્રે લગ્ન થાય છે. આ મંદિરોની સેવા ત્યાંના ગિરનારા બ્રાહ્મણો કરે છે, લગ્ન વખતે મોટો મેળો ભરાય છે અને હજારો યાત્રીઓ દૂર દેશાવરથી આવે છે. કદંબ કુંડમાં શ્રીકૃષ્ણભગવાને શ્રીરૂકમણીજી સહીત છેડા ગાંઠી સ્નાન કર્યું હતું તેથી તેને કદંબકુંડ કહે છે. જ્યારે શ્રી આચાર્યજી અત્રે પધાર્યા ત્યારે શ્રીમાધવરાયજીને પાટ પધરાવ્યા અને સેવાનો પ્રબંધ કર્યો ત્યાંના ગિરનારા બ્રાહ્મણોને સેવા કરવાનું સોંપ્યું હતું.

અહીંઆં શ્રી આચાર્યજી શ્રીમહાપ્રભુજીની બેઠક [1]કદંબકુંડ ઉપર આવેલી છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ અહીંઆં સપ્તાહ કરી હતી. ત્યારે શ્રીમાધવરાયજી કથા શ્રવણ કરવા પધારતા હતા. શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને અહીંયાં શ્રીકૃષ્ણ રૂકમણિજીના લગ્નની ચોરી તથા માંડવારાનાં દર્શન કરાવી અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવ્યો હતો. શ્રીમાધવરાયજીએ શ્રીમહાપ્રભુજીને કહ્યું કે, અમો એક જીર્ણ મંદિરમાં બિરાજીએ છીએ અને એક ગિરનારો બ્રાહ્મણ જળની લોટી ચડાવે છે. તે સાંભળી શ્રીઆચાર્યજીએ ઉક્ત બ્રાહ્મણને બોલાવી શ્રીઠાકોરજીની સેવા વિધિ બતાવી ત્યારથી શ્રીમાધવરાયજીના મંદિરમાં શ્રીઠાકોરજીની સેવા શ્રીપુષ્ટિમાર્ગ રીત્યાનુસાર થાય છે, અહીંઆં શ્રીઝારીજી ચરણ સ્પર્શાદિની સેવા થઇ શકે છે. વૈષ્ણવોએ બને તેટલો લાભ લેવો. અહીંથી આગળ વેરાવળ જવું.

---

૧ આ કુંડના સંબંધમાં એક આખ્યાયિકા સાંભળવામાં આવે છે. આ કંદબકુંડના જળમાં ઋતુ ઋતુમાં ભિન્ન ભિન્ન પ્રકારના રંગો દેખાય છે એ દેખાવ જોવા લાયક હોય છે.

તિર્થક્ષેત્ર વેરાવળ.

શ્રીમાધવપુરથી પાછા કેશાદે આવી રેલ્વે દ્વારા વેરાવળ જવું. વેરાવલનાં જુનાં નામો વેલાવન, વેલાપુર, અને વિલાસ સ્થળ છે. અહીંઆં ઉતરવાને માટે મુંબઇવાળા શ્રીગોવર્દ્ધનલાલજી મહારાજનું મંદિર છે ત્યાં સગવડ થઇ શકે છે તથા શ્રીસાતસ્વરૂપની હવેલીમાં પણ વૈષ્ણવોથી ઉતરી શકાય છે.

વેરાવલ કાઠીઆવાડમાં એક મોટું બંદર છે. અહીં દરિયો ઘણો જ પાસે આવેલા છે. અને દેખાવ પણ ઘણોજ મનોહર છે. વસ્તી બહુધા મુસલમાનની છે. અહીંઆં તારઓફીસ, તથા પોષ્ટ ઓફીસ છે. હાલમાં રાજકોટથી વેરાવળ અને પોરબંદર સુધી ટેલીફોન બંધાવવાનું કામ ચાલે છે.

વેરાવળમાં શ્રી લાડિલેશજીનું મોટું મંદિર છે. આ સ્વરૂપ મહાવનમાં રહેતાં શ્રીમહાપ્રભુજીનાં પરમકૃપાપાત્ર ભગવદીય બાઈ ક્ષત્રાણીને[1] શ્રીયમુનાજીમાંથી પ્રાપ્ત થયું હતું. શ્રીમહાપ્રભુજીએ શ્રીલાડિલેશજી ઠાકોરજીને પોતાના કૃપાપાત્ર વૈષ્ણવ જીવદાસ ક્ષત્રીને માથે સેવા કરવા પધરાવી આપ્યા હતા. જ્યારે જીવદાસ ક્ષત્રી લીલામાં પધાર્યા ત્યારે તેમના ચિરંજીવીઓએ ભાવ પૂર્વક સેવા કરી હતી. તેમના મરણ પછી એમના મામા કૃષ્ણદાસ ચોપડાએ તથા તેમના મિત્ર હરજીભાઇએ લાંબો વખત સેવા કરી ત્યાર બાદ શ્રીઠાકોરજી* બુરાનપુરમાં કાંકરોલીવાળા મહારાજના મંદિરમાં

---

૧ જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તા ૧૫ મી.

*આ સ્વરૂપના સંબંધમાં બુરાનપુરવાળા વૈષ્ણવો કહે છે કે તે અહીંઆંજ બિરાજે છે.

બિરાજતા હતા. ત્યાંથી શ્રીગોકુલનાથજી મહારાજે (હાલના શ્રી ગોવર્દ્ધનલાલજીના પિતા શ્રીનૃસિંહલાલજી, તેમના પિતાશ્રી મગનલાલજી ને તેમના પિતા શ્રીગોકુલનાથજી તે) મંદિરમાંથી શીતકાળના વખતમાં એક ખંભાલીઆના ભાટાયા વૈષ્ણવને તસ્કર વિદ્યાથી પધરાવી આપ્યા. પછી મહારાજ શ્રી ત્યાંથી આવી તરતજ ખંભાલીઆથી પધરાવી લાવી વેરાવળમાં પધરાવ્યા જે હાલ પણ અહીંજ બિરાજે છે. શ્રીલાડિલેશજીનું મંદિર શહેર વચ્ચે આવેલું છે, અને ઘણું ભવ્ય છે. નેક ભોગ ઘણો સારો છે. પ્રભુ બડી પ્રસન્નતાથી બિરાજે છે. ઉક્ત મહાવનની ભગવદીય ક્ષત્રાણી બાઇની વાર્તા ઘણીજ મનન કરવા યોગ્ય છે. આખી વાર્તાનો સાર,* એ છે કે:—

જેને શ્રી વિઠ્ઠલનાથ વિચારે, તેને પ્રગટ પદાર્થ ચારે;
ઉપરાંત ભજન ફળ આપે રે, વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે.

જીયદાસ[1] પણ એવાજ ભગવદીય હતા. જીયદાસને નિજ લીલામાં લેવાના હતા તો અંતિમનો વખત ચાર પહોર પણ સેવા કરાવી ભુલી ગએલા સંબંધને તાજો કરી આપ્યો ને તે દ્વારા પોને નિજ લીલામાં અંગીકાર કર્યો હતો.

આ સિવાય–શ્રીમદનમોહનજી શ્રીગુસાંઇજીના સેવ્ય અને પટેલ વૈષ્ણવ (૨૫૨ પૈકી એક) ના શ્રી ઠાકોરજી અહીંઆં બિરાજે છે, અહીંઆં શ્રીસાત સ્વરૂપની હવેલી શ્રીગોસ્વામી બાળકોને ઉતરવાને માટે બંધાવેલી છે. ત્યાં પણ વૈષ્ણવો ઉતરી શકે છે. અહીંના મંદિરના અધિકારી પણ દેવરામજીભાઇ વૈષ્ણવોનું સારૂં સન્માન કરે છે અને શ્રીઠાકોરજીની સેવા ભાવપૂર્વક કરે છે ગામમાં મરજાદી વૈષ્ણવો પણ છે. ત્યાં મરજાદી વૈષ્ણવોનું સન્માન ઉત્તમ પ્રકારે થાય છે.

---

*જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તા ૧૫ મી.

૧ જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તા ૧૬ મી.

તીર્થક્ષેત્ર પ્રભાસપાટણ.

વેરાવળથી પ્રભાસપાટણ જવા સારૂ ટ્રામ ગાડી મળે છે. તે દ્વારા પ્રભાસ જવું આ ક્ષેત્ર ઘણુંજ પ્રાચીન છે, પૂર્વકાળમાં આ નગર અદ્વિતીય ગણાતું હતું; પ્રસિદ્ધ યાદવાસ્થળી આ ક્ષેત્રમાંજ થઇ હતી. શ્રીમદ્ ભાગવતમાં યાદવાસ્થળીનું વર્ણન નીચે પ્રમાણે આપેલું છેઃ–

યાદવો પોતાના બળથી મદોન્મત્ત થઇ પોતાના એક સાથીને સ્ત્રીનો સ્વાંગ ધરાવી તેના પેટ ઉપર એક લોખંડની લોઢી બાંધી કોઇ એક ઋષિ પાસે લઇ ગયા અને ઋષિને પૂછ્યું કે આ સ્ત્રીને શું અવતરશે ? યાદવોને આવી મસ્કરી કરતા જોઇ ઋષિએ ક્રોધિત થઇ શ્રાપ આપ્યો કે આ સ્ત્રીને જે પ્રસવશે તે તમારો સમુળો નાશ કરશે. યાદવો આ શ્રાપથી ભયભીત થયા. અને શ્રાપમાંથી બચવાને તથા ઋષિનું કથન અસત્ય કરવા સારૂ લોઢીને ઘસીને ઝીણો ભૂકો કર્યો ને તે ભૂકો સમુદ્રમાં નાંખીદીધો. પરંતુ ઋષિનું કહેવું કદાપિ અસત્ય નીવડેજ નહિ. તે ભૂકામાંથી પાણુ નામનું ઘાસ થયું અને યાદવો દારૂ પી મસ્ત બની તોફાન કરતા કરતા આ પાણુથી પરસ્પર કપાઇ મુઆ હતા. આ સ્થાનમાં યાદવોનો મોક્ષ થયો તેથી આ ક્ષેત્રને મોક્ષપુરી પણ કહે છે.

ગામ ઓળંગી સામી બાજુએ સોરઠી સોમનાથ મહાદેવનું મોટું દેવળ છે. આ સોમનાથ શ્રી દ્વાદશ જ્યોતિર્લીંગ માંહેના એક છે. અને પ્રાચીન કાળથી આ ક્ષેત્રમાંજ વસેલા છે. સોરઠી સોમનાથને એક મોટો જબરદસ્ત કિલ્લો બાંધેલો છે. મુસલમાન રાજાઓના વખતમાં આ દેવળનો નાશ કરવામાં આવ્યો હતો. મહમદ ગીઝનવીએ હિંદુસ્તાન ઉપર બાર વખત સ્વારી કરી હતી. અને દરેક વખતે રસ્તે આવતાં

તથા જતાં હિંદુ દેવળોનો નાશ કરતો હતો. છેલ્લી લડાઇ પ્રભાસ ઉપર કરી અને હિંદુઓને હરાવી સોમનાથની મુર્તિના કટકા કરી કાબુલ લઇ ગયો. મંદિરનાં કમાડ પણ પોતાને દેશ લઇ જઇ મસજીદમાં જડાવ્યાનું ઇતિહાસ ઉપરથી જણાય છે. તે ઉપરાંત અખુટ દ્રવ્ય હીરા માણેક, રત્નો વિગેરે મંદિરમાંથી લુંટી ગયાનું ઇતિહાસ સાક્ષી પૂરે છે.

અધાવાધ સોમનાથની પ્રાચીન ગૌરવતાનાં કંઈ કંઈ ચિન્હો દૃષ્ટિ ગોચર થાય છે. મહમદ ગીઝનવીએ પ્રભાસના દેવળને છિન્નભિન્ન કરી નાંખ્યું હતું અને એક મસજીદના આકારમાં ફેરવી નાંખ્યું હતું. આ વખતે ધર્માંધ મુસલમાનોએ હિંદુ ધર્મનો નાશ કરવા જે જે અત્યાચારો કર્યા હતા. તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. સાથે એટલું પણ જાણવું આવશ્યક છે તે હિંદુઓએ પણ સ્વધર્મનું રક્ષણ કરવા પોતાના પ્રાણની પણ દરકાર કરી નહોતી. એક બ્રાહ્મણે મુસલમાની ધર્મ અંગિકાર કરી મહમદ ગીઝનવી પાસે તેના ચુસ્ત અનુયાયી બની કચ્છનારણમાં તેને ભૂલો પાડી વેરનો બદલો લીધો હતો ગીઝનવીનાં ઘણા માણસો ઘોડા ઊંટ વિગેરે આ અરણ્યમાં ભૂખ તરસ અને તાપથી હેરાન થઈ મરણ પામ્યાં હતાં.

પ્રભાસપાટણમાં ત્રિવેણી સંગમ થાય છે—(૧) હિરણ્યા નદી એ ગિરમાં આશાના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. (૨) સરસ્વતિ ગિરમાં કાંટા સોળીયા તથા મથુરાના માલ નામના ડુંગરમાંથી નીકળી પ્રભાસ પાસે હિરણ્યાને મળે છે અને ત્રીજી કપીલા નદી ગીરમાંથું સીઆ ગામ પાસેથી નીકળી આજ સ્થળે હિરણ્યા નદીને મળે છે. આ ત્રણ નદીઓનો અહીંઆં સંગમ થાય છે. તેથી તે પ્રાચીન ત્રિવેણી કહેવાય છે. કારતક શુદી ૧૧ થી ૧૫ સુધી ને

ચૈત્ર શુદી ૧૧ થી ૧૫ સુધી વરસમાં બે વખત મોટા મેળા ભરાય છે. અને હજારો યાત્રીઓ ભેગા થાય છે. અહીંઆં એક પીપળાનું વૃક્ષ છે. શ્રી કૃષ્ણ ભગવાન પારધીના બાણથી આજ વૃક્ષ નીચે દેહ મુક્ત થયા હતા. તેથી તે મોક્ષ પીપળો અથવા દેહોત્સર્ગ પીપળો કહેવાય છે. આ પીપળાના વૃક્ષને બે ત્રણ વાર ધર્માંધ મુસલમાનો તરફથી કાપી નાંખવામાં આવ્યો હતો પરંતુ દરેક વખતે આપોઆપ સજીવન થાય છે. આ વૃક્ષનું આવું માહાત્મ્ય હોવાથી સરકાર તરફથી હાલમાં તેનું રક્ષણ કરવામાં આવે છે. શ્રી કૃષ્ણના વડીલ બંધુ શ્રી બળદેવજી અંતર્ધાન થયાનું સ્થાન ભોંયરા જેવું આ ભાગમાં દૃષ્ટિ ગોચર થાય છે.

ત્રિવેણીના સંગમ ઉપર શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક આવેલી છે. વૈષ્ણવોને અહીં ઉતરવાનો સગવડ સારો છે બેઠક ભોંયરામાં છે, ત્યાં ગુફામાં એક ઝાડ છે તેનું મૂળ બિલકુલ જણાતું નથી અહીંઆં શ્રી મહાપ્રભુજીએ સપ્તાહ કરી હતી ત્યારે શ્રી સોમનાથ મહાદેવ કથા શ્રવણ કરવા પધારતા હતા. અત્રે શ્રી મહાદેવનો અનુયાયી એક બ્રાહ્મણ પોતાના ઇષ્ટદેવ શ્રી સોમનાથની આજ્ઞાથી શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યો હતો. અહીંઆં શ્રી ઝારીજી ચરણસ્પર્શ વગેરે સેવાનો લાભ લઈ અહીંથી ગુપ્ત પ્રયાગ જવું.

પ્રભાસથી દરિયા કિનારે જતાં ઊના પાસે તુલશી શ્યામનું સ્થાન આવે છે. ત્યાં ઉના પાણીના કુંડ છે. અહીંથી થોડેક દૂર ગહૂલામાં ગોપનાથનાં સ્થાન છે.

શ્રીનૃસિંહ મહેતા ભોજાઈના વચનથી રિસાઇ અહીં આવેલા હતા. અને અહીંઆં શ્રી શંકરને પ્રસન્ન કરી શ્રી કૃષ્ણ ભગવાનની રાસ લીલાનાં દર્શન કરવા ભાગ્યશાળી થયા હતા. આ ઉપરાંત ખડકપરમાં

ખારી મીઠી વીરડી દરિયામાં આવેલી છે. સમુદ્રનું ખારૂં પાણી ફરી વળવા છતાં આ વીરડાનું પાણી મીઠું રહે છે એ આ સ્થળનું માહાત્મ્ય છે.

તીર્થક્ષેત્ર ગુપ્તપ્રયાગ,

પ્રભાસપાટણની યાત્રા કરી વૈષ્ણવોએ કોડીનાર જવું. અહીંથી એકાદ દિવસને રસ્તે ગુપ્તપ્રયાગ આવેછે. આ સ્થળે શ્રીમહાપ્રભુજીની બેઠક છે. વૈષ્ણવે અહીં ઉતરવું.

શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક પ્રયાગ કુંડ ઉપર છોંકરાના વૃક્ષ નીચે આવેલીછે. સારસ્વત કલ્પમાં પ્રયાગરાજ અહીંઆં હતું એમ પુરાણો ઉપરથી જણાયછે. અહીંઆં ગંગા યમુના કુંડ છે. આચાર્ય શ્રીએ સ્વમુખે ભગવદીયોને કહ્યું કે આ સ્થળમાં ત્રિવેણી (ગંગા, યમુના, સરસ્વતિ) પૂર્વે સારસ્વત કલ્પમાં બિરાજતાં હતાં તેથી આ સ્થળને પ્રયાગરાજ કહેતા હતા. અહીંઆં શ્રી આચાર્યજીએ સપ્તાહ કરી હતી. એક દિવસ એક બ્રાહ્મણે આવી પ્રાર્થના કરી કે હું દક્ષિણ દેશનો રહીશ છું અને પહેલાં પંઢરપુરમાં શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં દૂધનો આહાર કરી ભાગવતનો પાઠ કરતો હતો. તેથી શ્રી વિઠ્ઠલનાથજી મારા ઉપર પ્રસન્ન થયા અને વર માગવા કહ્યું. આ ઉપરથી મેં વ્રજની લીલાનાં દર્શનની યાચના કરી. શ્રી વિઠ્ઠલનાથજીએ મને આ સ્થળમાં રહેવાની આજ્ઞા આપી કહ્યું હતું કે શ્રી આચાર્યજી મહાપ્રભુજી તારો મનોરથ પૂર્ણ કરશે, આપ શ્રી અહીંઆં પધારેલા છો એમ જાણી આપની પાસે આવ્યોછું. આચાર્યશ્રીએ તે બ્રાહ્મણને શરણે લીધો અને શ્રીમુખથી વધા કે તારો વ્રજભૂમીમાં અવતાર થશે. અને તું ગોપીનાથ ગ્વાલ કહેવાઇશ. અને ત્હારી સાથે શ્રી ગોવર્દ્ધનનાથજી ક્રીડા કરશે. અહીંથી શ્રીમહાપ્રભુજી પોરબંદર પધાર્યા હતા. અહીંઆં શ્રી ઝારીજી ચરણ સ્પર્શાદિ સેવાનો લાભ લઇ યથાશક્તિ ભેટાદિ ધરી પોરબંદર જવું.

તીર્થક્ષેત્ર પોરબંદર.

ગુપ્તપ્રયાગથી તેજ રસ્તે કેશોદ પાછા આવી જુનાગઢ જવું. અને ત્યાંથી જેતલસર જંકશન થઈ પોરબંદર જવું. વચ્ચમાં મુખ્ય સ્ટેશનો ધોરાજી, ઉપલેટા, ભાયાવદર, વાંસજાલીઆ અને છેલ્લું પોરબંદર આવેછે. જેતલસરમાં શ્રીસ્વામીનારાયણના ધર્મની ગાદીછે.

હાલનું પોરબંદર કાઠીઆવાડનું મુંબઇ ગણાય છે. દરિયા કિનારે એક સુંદર ડક્કો બાંધેલાછે. અને તે હવાખાવાના સ્થળ તરીકે જાણીતો છે. અહિંઆં સ્ટીમર મારફતે દ્વારકાં, કરાંચી અને બીજી બાજુએ મુંબઇ સાથે વેપાર ચાલે છે. શહેર સુંદર બાંધણીનું હોઇ જોવા લાયક છે. દરિયાને લીધે દેખાવ પણ આલ્હાદક છે. પોરબંદરને સુદામાપુરી પણ કહેછે. શ્રી કૃષ્ણ ભગવાન અને સુદામાજી બન્ને ઉજ્જનમાં સાંદિપની ઋષિને ત્યાં રહી સાથે વિદ્યાભાસ કરતા હતા. ત્યારથી શ્રીકૃષ્ણ સુદામાજીને પોતાના સહોદર બંધુની માફક ગણતા હતા. વિદ્યાભ્યાસ પુરો કર્યા પછી શ્રીકૃષ્ણ દ્વારિકાં ગયા. ને સુદામાજી પોતાના દેશ પોરબંદરમાં રહ્યા. સુદામાજી ઘણુાજ ગરીબ અવસ્થામાં હતા. પરંતુ શ્રીપ્રભુ ઉપર તેમની આસ્થા અચલ હોવાને લીધે હમેશાં પ્રભુની ભક્તિમાં જ લીન રહેતા હતા. એક વખત શ્રી સુદામાજીનાં પત્નિએ દરિદ્રતાથી ઘણાજ દુઃખી થઇ નિજપતિને વિનંતિ કરી કે હે પ્રભો ! આપના સખા શ્રી કૃષ્ણ દ્વારિકાંમાં રાજ્ય કરે છે. તે આપના બાળસ્નેહી છે. માટે આપ તેઓશ્રીની પાસે જઇ યાચના કરો તો આપણી દરિદ્રાવસ્થા નાશ પામે. પત્નિની ઇચ્છાથી કચવાતે મને ભક્તરાજ શ્રીકૃષ્ણ પાસે ભીક્ષા માગવા દ્વારિકાં ગયા. સાધ્વી સ્ત્રીએ શ્રીકૃષ્ણને ભેટ ધરવાને થોડાક ડાંગરના પઉંઆ એક ફાટેલા વસ્ત્રે બાંધી આપ્યા ભક્તરાજ દ્વારિકાં જઈ નિજસખા શ્રીકૃષ્ણને મળ્યા પરંતુ શ્રીકૃષ્ણ

ભૂવનનો વૈભવ જોઇ સુદામાજીએ શરમને લીધે પઉંઆની પોટલી સંતાડી દીધી. પરંતુ શ્રી કૃષ્ણે સહર્ષ એ પોટલી ઝૂંટવી લેઇ પઉંઆ આનંદ પૂર્વક આરોગ્યા.

ખરેખર! પ્રભુની અકળ માયાનું વર્ણન થઇ શકવુંજ દુર્લભ છે વિદુરજીની ભાજીમાં પણ–અમૃતરસ મુકી અપૂર્વ સ્વાદ ચખાડયો હતો. શ્રીરૂકમણીજીએ શ્રીકૃષ્ણની આજ્ઞાથી ભક્ત સુદામાજીની ભાવપૂર્વક સેવા કરી. સુદામાજી થોડા દિવસ રહી શ્રીકૃષ્ણ પાસે રજા માગી પોરબંદર આવવા નીકળ્યા. શ્રીકૃષ્ણે સન્માનપૂર્વક વિદાય કર્યા પરંતુ કંઈ આપ્યું નહિ. * ભક્ત નિરાશ થયા. ને વિચાર કરતા કરતા નિજનગરમાં પાછા આવ્યા.અહીંઆં પોતાની ઝુંપડીની જગાએ એક ભવ્ય પ્રાસાદ જોઈ આશ્ચર્ય પામ્યા. પરંતુ પાછળથી તેમનાં પત્નિના કહેવાથી પોતાનોજ મહેલ છે, અને પ્રભુએ પોતાનું દારિદ્ર નાશ કર્યું છે એવું જાણી મહેલમાં પ્રવેશ કર્યો.

---

*ભક્ત સુદામાજીને ભગવાને કંઇ આપ્યું નહિ એ વીષે શ્રી આચાર્યજી મહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં દર્શાવે છે કે ભક્તને સ્વતઃ કંઇ ફલની ઇચ્છા ન્હોતી,(તેમનાં પત્નીની ઇચ્છા હતી તો તેમને ભગવાને આપ્યું) તેમજ ફલની ઇચ્છાથી આવ્યા છે એમ પણ ન્હોતું, વળી ભગવાન્ ભક્તનું હીત કરે છે એમ ધારી તેમને કંઇ આપ્યું નથી, ખરો ભક્ત પ્રભુ પાસે કદાપિ માગણી કરતો નથી, વળી ભક્ત માગે શું ને પ્રભુને આપવાની ઇચ્છા પણ શું હોય છે તે સમજી શકાય નહી તેથી પણ ભક્તે પ્રભુ પાસે યાચના કરવી જોઇતી નથી, વળી ભગવાને આપ્યું હોત તો તેમનાથી લઈ શકાત પણ નહીં. દૃષ્ટાન્ત કે એક રાજાનો એક ખવાસ કે જેણે પોતાની આખી જીંદગી સુધી રાજાની ખવાસી–

હાલમાં રાણા સાહેબના બાગમાં "ભૂલભૂલૈયાં એ નામનું સ્થળ છે. અને તે ચક્રવ્યૂહના આકારનાં રચેલું છે તે સ્થળે શ્રી સુદામાજીનો મહેલ હતો એવું કહેવાય છે.

પોરબંદરમાં શ્રીસુદામાજીનુ મોટું મંદિર છે ત્યાં સુદામાજી તથા તેમનાં પત્નિની મુર્તિઓ છે. અહીંઆં દર્શન કરવાથી દારિદ્ર નાશ પામે છે. એવી માન્યતા છે.

પોરબંદરમાં શ્રીમદ્ ગોસ્વામી શ્રીજીવણલાલજી મહારાજશ્રીનું મોટું મંદિર છે.આ મંદિરમાં શ્રી મહાપ્રભુજીના સેવ્ય અને નગરઠઠ્ઠા (સિંધ)ના વૈષ્ણવ [1]નારાયણદાસ દીવાનના શ્રી ઠાકોરજી શ્રીમદનમોહનલાલજી

તાબેદારી કરી છતાં રાજાએ તેને કંઇ આપ્યું નહી પણ મનમાં હમેશાં વિચાર કરતો કે મારે તેને શું આપવું કે જેથી હું તેના ઋણમાંથી મુક્ત થાઉં, મારૂં આખું રાજ્ય આપું તો પણ ઓછું છે. એક તરફ રાજા આવો વિચાર કરે છે બીજી બાજુ ખવાસ અકળાયો તે વિચાર કરે છે કે અદ્યાવધિ મેં રાજા પાસે કંઈ માગણી કરી નહિ થોડું થોડું માગ્યું હોત ને લીધું હોત તો આપણે ન્યાલ થઈ જાત માટે હવે તો માગણી કર્યા શીવાય છુટકો નથી એમ ધારી એક દિવસ માગણી કરી રાજાએ તેને મ્હોં માગ્યું દ્રવ્ય આપ્યું આથી માગણી કરવાથી તેને ઉલટું નુકશાન થયું માટે અલૌકિકમાં પણ તેમ જ માનવું પ્રભુ સ્વતઃજે આપે તેનાથીજ સંતોષ માનવો એ વગેરે ઘણો ભાવ શ્રીસુબોધિનીજીમાં જણાવ્યો છે.

(વધુ માટે વાંચો શ્રીસુબોધિનીજી)

૧ આ નારાયણદાસ દીવાનની વાર્તા અવસ્ય વૈષ્ણવોએ મનન કરવા ને તદનુસાર વર્તન કરવા યોગ્ય છે. [વધુ માટે વાંચો ચોરાશી વૈષ્ણવની વાર્તામાં વાર્તા ૫૯ મી]

બિરાજે છે. તથા શ્રી ગુસાંઇજીના સેવક ભગવદીય રેંડા (કપડવણજ નિવાસી) ના શ્રી ઠાકોરજી પણ અહીંજ બીરાજે છે તથા શ્રી ગુસાંઇજીના સેવક અને [1]જેમલસંગ રાજાના શ્રી ઠાકોરજી શ્રીમદનમોહનલાલજી પણ અહીં બિરાજેછે. તથા શ્રીમહાપ્રભુજીનાં શ્રીપાદુકાજી વગેરે પણ બિરાજે છે, આ સ્થળે વૈષ્ણવોએ અવસ્ય દર્શન કરવાં હાલ આ મંદિર શ્રીમદ્ ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રીને માથે બિરાજેછે. [આ મહારાજશ્રી હાલમાં મુંબાઇમાં શ્રી ઘનસ્યામ લાલજી મહારાજશ્રીની ગોદપધાર્યા છે. તેથી ત્યાં બિરાજે છે.] અહીં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક પણ છે. (આ બેઠક ૮૪ બેઠકના લેખની નથી પણ ભાવનાથી બિરાજેછે) અહીં સેવાનો પ્રબંધ સારો છે. અહીંઆં કેટલાક ભાવિક ને મર્યાદિ વૈષ્ણવો સત્સંગ કરવા લાયક બિરાજે છે,અવકાશ હોય તો સતસંગનો લાભ લેવા ચુકવું નહિ.

પોરબંદરથી સ્ટીમર મારફતે દ્વારિકાં જવાય છે ને બીજે રસ્તે જામનગરથી પગરસ્તે જવાય છે. દ્વારિકાંથી યાત્રા કરી સ્ટીમર મારફતે પોરબંદર આવી કાઠીઆવાડનાં બીજાં તીર્થક્ષેત્રોની મુલાકાત લઇ ઉચિત સ્થળે જઈ શકાય છે. પરંતુ આપણે હજુ કાઠીઆવાડમાં અન્યક્ષેત્રોમાં જવાનું હોવાથી પોરબંદરથી જામનગર આવવું અને ત્યાંથી દ્વારકા તરફ પ્રયાણ કરીશું પગરસ્તે જવાથી શારિરિક કષ્ટને લીધે ભગવત્ સ્મરણમાં વિશેષ મન રહે છે. અને અન્ય કુદરતી લીલાઓનાં દર્શન સહજ મળી શકે છે તેથી આપણે પગરસ્તે દ્વારકાં જઇશું.

---

૧ આ રાજા જેમલસંગની વાર્તા ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં હરિદાસ બનિયા મેરતાવાલાની વાર્તામાં છે ત્યાં જોવું. આ રાજા હરિદાસના સંગથી, પરમ વૈષ્ણવ થયો અને શ્રીઠાકોરજી પધરાવી સેવા કરવા લાગ્યો તે શ્રીઠાકોરજી અહીં બિરાજે છે.

તીર્થક્ષેત્ર ભાવનગર.

જૂનાગઢથી રેલ્વેદ્વારા ભાવનગર જવાય છે. આ સ્થળ કાઠીઆવાડનું મુંબઇ ગણાય છે, અત્રે જોવાલાયક સ્થળોમાં દરબારી મુકામો, અદાલતો; શાળા, પાઠશાળા, વિગેરે આવેલાં છે તે ઉપરાંત મોતીબાગ તથા સાર્વજનીક બાગ પણ મનોહર છે. અહીંઆં ભાવુક વૈષ્ણવો ઘણા છે. અને પોતાને ઘેર શ્રીઠાકોરજી પધરાવી સેવા કરે છે.

અહીંઆં પુષ્ટિમાર્ગીય બે મંદિરો છે. એક મંદિર શ્રીદાઉજીનું છે, તેમાં શ્રીદાઉજીનું સ્વરૂપ બિરાજે છે આ મંદિર શ્રી અમરેલીવાળા શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજના તાબે છે. બીજું મંદિર શ્રીછબીલાજીની હવેલી નામે છે. આ મંદિરમાં શ્રીછબીલાજી શ્રીઠાકોરજી બિરાજે છે આ મંદિર શ્રીકામવનવાળા શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીને તાબે છે આ મંદિરમાં એક શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય (લાયબ્રેરી) છે. તેમાં ઘણાં પુસ્તકો બિરાજે છે અને વૈષ્ણવોને મફત વાંચવા મળે છે. વળી અહીંઆંથી જ એક માસિક રા. બ. રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારીના સંચાલકપણા નીચે "પુષ્ટિસુધા" નામે નીકળે છે. જેમાં ઉત્તમ લેખો આવે છે. વૈષ્ણવોને તે વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.

અહીંથી પાછા જેતલસર જંકશન આવી ત્યાંથી જેતપુર અને ગોંડળ[1] રેલ્વેદ્વારા રાજકોટ જવાય છે. આપણે વઢવાણ જંકશનથી

---

૧ ગોંડલ સ્ટેટના હાલના દીવાન રા. બ. રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારી એક ચૂસ્ત વૈષ્ણવ છે, અને એતન્માર્ગ-સંપ્રદાયમાં ઘણો આગળ પડતો ભાગ લેછે. છઠ્ઠી વૈષ્ણવ પરિષદ જે ડઠ્ઠામાં મળી હતી તેમાં તેઓશ્રીએ શ્રીપુષ્ટિમાર્ગના રહસ્ય ઉપર ઉત્તમ બોધદાયક વચનો કહ્યાં હતાં. તેઓ શ્રી પરિષદના એક નેતા ગણાય છે.

રાજકોટ આવ્યા છીએ. એટલે હવે અહીં નહિ રોકાતાં સીધા જામનગર જઇશું. અહીંઆંથી પણ આપણે મોરબી થઇ આવ્યા છીએ. તેથી હવે દ્વારિકાં તરફજ જવાનું છે. જામનગરથી દ્વારિકાં જતાં ખંભાલીયા. અને ગુરગઢમાં શ્રીમહાપ્રભુજીની બેઠકો આવેલી છે. તે લાભ મળી શકશે. ભાવનગર જવાની ઇચ્છા નહિ રાખનારાઓએ પોરબંદરથી સીધા જામનગર આવવું. અને ત્યાંથી દ્વારિકાં જવું. [જામનગરનું વર્ણન અગાઉ આવી ગયું છે].

જામનગરથી દ્વારકાંનો રસ્તો ત્રણ દિવસનો છે બળદગાડી તથા અન્ય પ્રકારનાં સાધનો મળે છે. તેથી પગરસ્તે જવાને બિલકુલ હરકત પડતી નથી.રસ્તામાં ધર્મશાળાઓ તથા સ્થળે સ્થળે કુવા વિગેરેનાં સાધનો પુષ્કળ હોવાથી યાત્રીઓને આ રસ્તો અનુકુળ છે રસ્તો ધોરી હોઈ તેમજ દ્વારિકાં સાથે વેપાર ચાલુ હોવાથી કોઇ પણ જાતનો ભય નથી.

તીર્થક્ષેત્ર ખંભાલિયા.

જામનગરથી જતાં પ્રથમ ખંભાલીઆ આવે છે, અહીંઆં શ્રી મહાપ્રભુજીની બેઠક છે ત્યાં દર્શન કરવા જવું. શ્રીબેઠકજી કુંડ ઉપર શમલાના વૃક્ષ નીચે આવેલાં છે. અહીંઆં શ્રી મહાપ્રભુજીએ સમાહ કરી એક પ્રેતનો ચરણોદકથી ઉદ્ધાર કર્યો હતો. આજે પણ ભગવદીયો ગાય છે કેઃ—

" ચરણોદક લેત પ્રેત તતક્ષણુતેં મુક્તિ ભયે,
કરૂણામય નાથ સદા આનંદ નિધિ કંદે. "

અહીંઆં શ્રી ઝારીજી ચરણ સ્પર્શાદિની સેવા થઇ શકે છે,
અહીંથી શ્રી મહાપ્રભુજી પિંડતારક પધાર્યા હતા.

તીર્થક્ષેત્ર શ્રી પિંડતારક.

ખંભાલીયાથી પગરસ્તે શ્રી પિંડતારક આવવું. શ્રી પિંડતારક તે હાલનું પીંડારા ગામ છે. અહીંઆં શ્રીમહાપ્રભુજીની બેઠક પિંડતારક

કુંડ ઉપર શમલાના વૃક્ષ નીચે આવેલી છે. શ્રી આચાર્યજી જ્યારે આ સ્થળે સપ્તાહ કરતા હતા ત્યારે તીર્થરાજ કથા શ્રવણ કરવા આવતા હતા. શ્રી મહાપ્રભુજીએ તીર્થરાજ પુરોહિતને વરદાન આપ્યું કે તારે હાથે પિંડ તરશે. અહીંઆં સેવા વિધિનો લાભ લઇ મૂલ ગોમતી જવું. આ કુંડમાં અદ્યાપિ પણ પીંડ તરે છે. એવું માહાત્મ્ય છે.

તીર્થક્ષેત્ર શ્રી મુલ ગોમતી.

શ્રી મહાપ્રભુજી શ્રીપિંડતારકથી શ્રીમૂલ ગોમતી પધાર્યાં હતા. કૃષ્ણદાસ મેઘનના પૂછવાથી આપશ્રીએ સ્વમુખે જણાવ્યું કે મૂલ ગોમતી એક રાજાની પુત્રી હતી. તેણે નિજ ઇચ્છાથી શ્રીકૃષ્ણચંદ્રને વરવાની લાલસાથી પિતાની આજ્ઞા લઇ જળરૂપ થઇ સમુદ્ર મારફતે દ્વારકામાં શ્રીકૃષ્ણપ્રભુને વરી હતી. અહીંઆં શ્રી મહાપ્રભુજીની બેઠક કિનારા ઉપર એક શેમળાના વૃક્ષ નીચે આવેલી છે. બેઠક ઘણીજ મનોહર અને સુંદર છે. વૈષ્ણવોને રહેવાનો બંદોબસ્ત થઈ શકે છે. અહીંઆં શ્રીએ સપ્તાહ કરી અલૌકિક આનંદ કરાવ્યો હતો. વળી દક્ષિણ દેશના એક સંન્યાસીને શરણે લીધો હતો જે બીજા અવતારમાં શ્રીગિરિરાજમાં વ્રજવાસીના ઘરમાં હરજીગ્વાલ નામથી જન્મ્યો હતો અને તેનો શ્રીગુસાંઇજીએ ઉદ્ધાર કર્યો હતો. અહીંથી શ્રીમહાપ્રભુજી શ્રી દ્વારકાં પધાર્યાં હતા. વૈષ્ણવોએ શ્રીઝારીજી આદિ સેવા ભાવપૂર્વક કરી ગુરગઢ શ્રી ગુંસાઇજીની બેઠકે દર્શન કરવા જવું.

તીર્થક્ષેત્ર શ્રીગુરગઢ.

અહીંઆં શ્રી ગુસાંઇજીની બેઠક છે. આ સ્થળને ગંગાગુરગઢ કહેતા હતા. અહીંઆં શ્રી ગુંસાઇજીએ ત્રણ દિવસ બિરાજી કથાવાર્તા કરી અનિર્વચનીય આનંદ કરાવ્યો હતો. શ્રીગુસાંઇજીના પરમ

કૃપાપાત્ર બસો બાવન વૈષ્ણવમાંના એક યાદવેંદ્રદાસ[1] આજ ગામના રહીશ હતા. તેઓની શ્રી પ્રભુજીમાં અચળ શ્રદ્ધા હતી હાલમાં ઉક્ત ભગવદીયના વંશજ આનંદદાસ હયાત છે. સાંભળ્યું છે કે તેમને ત્યાં પુર્વજોની રીત્યાનુસાર શ્રી ઠાકોરજીની સેવા બિરાજે છે. અહીં સેવા વિધિનો લાભ લઇ દ્વારકાં જવું.

તીર્થક્ષેત્ર દ્વારકાં.

દ્વારકાં એ પશ્ચિમ હિંદુસ્તાનનું સર્વોત્તમ ધામ છે. પૂર્વકાળમાં શ્રી કૃષ્ણભગવાનની આ સ્થળે રાજ્યધાની હતી. અને તે વખતની દ્વારકાં તે સુવર્ણની હતી એમ પુરાણો ઉપરથી માલૂમ પડે છે. શ્રી કૃષ્ણના તથા યાદવોના નાશની સાથે આ સુવર્ણની નગરી દરિયામાં ડૂબી ગઇ છે. અને તે વિષે એવું કહેવાય છે કે આકાશમાં દૂરથી સમુદ્રમાં દેવ દ્વારકાં અથવા સુવર્ણ દ્વારકાં દિવાળીથી દેવદિવાળીની વચ્ચમાં કોઇ કોઇ ભાગ્યશાળીઓને દેખાય છે. હાલનું દ્વારકાં શ્રીમત ગાયકવાડ સરકારના તાબામાં છે.

---

(૧) આ ભગવદીય શ્રી ગુસાંઇજીના સેવક હતા. તેમણે શ્રી ગુસાંઇજીની ઇચ્છાથી શ્રી ગોકુળમાં એક પહોરમાં મંદિરનો પાયો ખોદ્યો હતો. જેના ઉપર શ્રી ગુસાંઇજીએ મોટું વિશાળ મંદિર બંધાવેલું છે. જ્યાં સુધી સાત સ્વરૂપની વહેંચણી થઇ નહોતી ત્યાં સુધી આજ મંદિરમાં બધાં સ્વરૂપો બિરાજતાં હતાં હાલ પણ તે મંદિર શ્રીગોકુળમાં છે. ને સાત સ્વરૂપના મંદિરના નામથી ઓળખાય છે. તેમાં શ્રી ગુસાંઇજીના વખતની કેટલીક પ્રાચીન વસ્તુઓ બિરાજે છે. વધુ માટે જુઓ ૮૪ વૈષ્ણવની વાર્તા ૨૫) હાલ આ મંદિરમાં શ્રી રાજા ઠાકોર બિરાજે છે. ને તે ટીકેત શ્રીગોવર્ધનલાલજી મહારાજના તાબામાં છે.

હિંદુસ્તાનમાં આવેલી સાતપુરી પૈકી આ એક પુરી છે હિંદુ ધર્મનું સહજ જ્ઞાન ધરાવનારા કહી શકશે કે આપણો આર્યાવર્ત્ત ચારે બાજુએથી શ્રીપૂર્ણ પુરૂષોત્તમથી રક્ષાએલો છે. ઉત્તરમાં અભેદ્ય હિમાલય પર્વત ઉપર વસતા દેવોમાં શ્રી બદ્રિનારાયણ–શ્રી બદ્રિનાથ, દક્ષિણમાં શ્રીરંગનાથ, પૂર્વમાં શ્રી જગન્નાથજી અને પશ્ચિમમાં શ્રી રણ-છોડરાયજી–શ્રી દ્વારિકાનાથજી એ ચાર ભારતભૂમીમાં વસતા પ્રાણીજ-નોની નિરંતર રક્ષા કરવાનેજ ચાર દિશાએ વાસ કરી રહ્યા હોય એવો ભાવ સહજ ઉત્પન્ન થાય છે આ માન્યતા પ્રભુપ્રેમી ભગવદીયોના હૃદયમાં તો રહેલીજ છે પરંતુ સુધારકો તેમજ સંશોધકો આ મતને કોઈ કોઈ વાર મળતા થાય તો તેમાં કંઈ નવાઇ જેવું નથી. આર્યા-વર્ત્તની અંદર પ્રતિ સ્થળે દશ્યમાન થતાં અપૂર્વ માહાત્મ્યવાળાં આવાં તીર્થ ક્ષેત્રો, અનેક ઔષધાદિ વનસ્પતિથી ભરપુર પહાડો તથા પર્વતો, અને ટૂંકમાં અષ્ટસિદ્ધિ અને નવેનિધિવાળો આ ભારત જેવો પૃથિવિમાં બીજો કોઈ દેશ નથી.

દ્વારકામાં ઠક્કર. માવજી મેઘજીની ધર્મશાળા, જે રામરામૈયાની ધર્મશાળા તરીકે ઓળખાય છે. તેમાં ઉતરવાનો બંદોબસ્ત થઈ શકે છે માટે ત્યાં ઉતરવું. બીજી ધર્મશાળા ગોમતીજી ઉપર ઠક્કર દ્વારકાદાસ વિશ્રામની છે ત્યાં પણ ઉતરવાનો બંદોબસ્ત થઇ શકે છે. તે શી-વાય પણ ઉતારાનાં ઘણાં સ્થળો છે ત્યાં ઉતારાનો બંદોબસ્ત કર્યા પછી પોતાના ગોરની સાથે ગોમતીજીમાં સ્નાન કરવા જવું. ગોમ-તીજી ઉપર ઘણા ઘાટો આવેલા છે. મુખ્ય ઘાટોમાં સંગમ ઘાટ, નારાયણઘાટ, વાસુદેવ ઘાટ, ગૌઘ ટ, પાર્વતીઘાટ, પાણ્ડવઘાટ, બ્રહ્મા-ઘાટ, સુરધનઘાટ અને સરકારીઘાટ વિગેરે છે. આમાંના કેટલાક ઘાટો શેઠ સુંદરજી શિવજીએ બંધાવેલા છે, અહીંઆં સ્નાનાદિ ક્રિયા કર્યા પછી આજુબાજુ આવેલાં મંદિરોમાં દર્શન કરવા જવું. મુખ્ય મં-

દિર શ્રી દ્વારિકાનાથજી શ્રી રણછોડજીનું છે તેને સાત માળ છે મં-દિર વિશાળ ને ઘણું ઉંચું છે. મંદિરની દીવાલ બેવડી છે અને બન્ને દિવાલની વચ્ચમાં પરિક્રમા કરવાની જગ્યા છે. મંદિરની અંદર ચાંદીનાં પતરાં જડેલાં છે અને સિંહાસન ઉપર શ્રી રણછોડજી બિ-રાજે છે શ્રી રણછોડજીને દ્વારિકાંનાથ–દ્વારિકાધિશ પણ કહે છે. શ્રી રણછોડજીની મુર્તિ ઊંચી અને શ્યામ પણ સહેજ ગૌરવર્ણની છે.

શ્રી રણછોડજીની અસલ મુર્તિ ભક્ત બોડાણાએ દ્વારકામાંથી ડાકોરક્ષેત્રમાં પ્રભુની ઇચ્છાથીજ પધરાવેલી છે અને બોડાણાએ પો-તાના ઘરમાં વેદી કરી સંવત ૧૨૨૧ ના કારતક શુદી ૧૫ ને ગુરુ-વારે શ્રી પ્રભુને પધરાવ્યા હતા જે અદ્યાવધિ ત્યાંજ બિરાજે છે. આ બોડાણાના ભક્તિરૂપી ઋણમાંથી છુટ્યા માટે શ્રી રણછોડજી કહે-વાયા છે. બીજી કથા એવી છેકે પ્રભુ કાલયવન નામના રાક્ષસના ભયથી રણ સંગ્રામભૂમિ છોડી નશી ગયા તેથી રણછોડજી રણ છોડ ક-હેવાય છે. ગુગલી લોકો શ્રી દ્વારિકાનાથજીને દ્વારિકાંમાં પાછા પધ-રાવી લાવવા સારૂ ડાકોરમાં આવ્યા હતા તે વખતે કેટલાક દિવસ યુદ્ધ થયું ને ભક્ત બોડાણાએ એક ગુગલીના તીરથી ઘવાઇ પ્રભુ લીલામાં પ્રવેશ કર્યો હતો. ત્યાર પછી ગુગલી લોકોને શ્રી રણછો-ડજીએ આજ્ઞા આપી કે સાવિત્રિ વાવમાં મારી પુરાણી મુર્તિ છે તેને આજથી દશ મહિના પછી શરદ પૂનમની રાત્રે તેમાંથી કાઢી પધરાવજો તે પણ મારીજ મુર્તિ છે ગુગલી લોકો દ્વારકાં પાછા ગયા. પરંતુ ભગવાનના વચન પ્રમાણે શ્રદ્ધા નહિ રહેવાથી નિર્ણિત દિવસ આવતા પહેલાં મૂર્તિ ખોદી કાઢી આથી આ સ્વરૂપ નીચેથી ખડ-બચડું અને સહેજ નાનું તથા ગૌર વર્ણનું છે.

મંદિરમાં ચરણસ્પર્શ કરવાનો લાગો–કર લેવામાં આવે છે.

શ્રીરણછોડજીનાં મંદિરની બાજુએ શ્રીત્રિવિક્રમજીનું અને બીજી બાજુએ શ્રી કલ્યાણરાયજીનાં મંદિરો છે. અહીંઆં પણ ચરણસ્પર્શનો લાગો લેવાય છે. દ્વારિકાંનાથની જોડે દુર્વાસા ઋષિનું મંદિર છે. દુર્વાસા ઋષિના સંબંધમાં એવી આખ્યાયિક છે કે દુર્વાસા ઋષિ પોતે યાત્રા કરી ગોમતીમાં સ્નાન કરવા આવ્યા. ત્યારે દ્વારિકામાં કુશેશર દૈત્ય રાજ્ય કરતો હતો. અને તેણે ગોમતી નદી પત્રોથી ઢાંકી દઇ કાંઠા ઉપર રાક્ષસોને બેસાડયા હતા. જેમણે ઋષિને સ્નાન કરવા દીધું નહિ તેથી તેમણે મથુરામાંથી કૃષ્ણને બોલાવ્યા શ્રીકૃષ્ણે કુશેશર સાથે યુદ્ધ કરી દૈત્યોને મારી ઠાર કર્યા. કુશશરે શ્રીપ્રભુને યાચના કરી કે યાત્રી સર્વ યાત્રા કરી ઘૃતનો દીવો મગજનો લાડુ અને એક પૈસો મને ચડાવે. જો ન ચડાવે તો તેની યાત્રાનું અર્ધું ફળ મને મળે. પ્રભુએ આ યાચના સ્વીકારી. તેથી યાત્રીઓ કુશેશરે લાડુ વિગેરે ધરે છે.

શ્રીરણછોડજીના મંદિરમાં શ્રીકૃષ્ણ, શ્રીગોમતીજી સાક્ષી ગોપાળ, પ્રદ્યુમ્નજી, બલદેવજી, નાં દર્શનીય સ્થળો છે. તે સિવાય કુશેશ્વર મહાદેવ, શ્રીપુરૂષોત્તમજી, ગુરૂ દત્તાત્રય, દેવકીજી, લક્ષ્મીનારાયણ, માધવજી, કોલાભક્ત, શ્રી સત્યભામા, શ્રીરૂક્ષ્મણિજી, રાધિકાજી, વિગેરેનાં મંદિરો છે.

શ્રી રણછોડજીના મંદિરમાં ત્રિવિક્રમજીની મૂર્તિની પાસે બલિરાજાની તથા બ્રહ્માજીના ચાર પુત્રો—સનક, સનન્દન, સનાતન, અને સનત્કુમારની મૂર્તિઓ પધરાવેલી છે. દક્ષિણ બાજુએ ગરૂડની મુર્તિ છે. પુરાણમાં એવી આખ્યાયિકા છે કે દુર્વાસા ઋષિ પાતાળમાંથી બલીરાજા પાસેથી કુશેશરનો નાશ કરવા સારૂ ત્રિવિક્રમજીને માગી લાવ્યા હતા.

મંદિરની એક બાજુએ શ્રી રણછોડજીનો ભંડાર ગૃહ છે.

અહીંયાં દર્શનાદિથી નિવૃત્તથઇ દ્વારિકાની પરિક્રમાએ જવું

દ્વારકાંની પરિક્રમા લગભગ બે ગાઉની છે. ગોમતીજીના કિનારે એક શમડાના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીની બેઠક છે. અહીં શ્રી મહાપ્રભુજીએ સપ્તાહ કરી ચાતુર્માસ પર્યંત બિરાજ્યા હતા. એક વખતે કથા પ્રસંગે વરસાદ વરસતો હતો તેથી કથામાં પ્રતિબંધ થશે એવી શ્રી આચાર્યજીની ઇચ્છા જાણી. શેષનાગે પોતાની સહસ્ત્રફેણા વડે છાયા કરી. જેથી બેઠક જેટલી જગ્યામાં વરસાદનો એક છાંટો પણ પડયો નહિ. શ્રી મહાપ્રભુજીનો આવો પ્રભાવ જોઇ ઘણા જીવો શરણે આવ્યા હતા. વળી શ્રી આચાર્યજી જ્યાં સુધી અહિંયાં બિરાજ્યા ત્યાં સુધી શ્રી દ્વારિકાનાથજીને શ્રૃણગાર સ્વહસ્તે ધરતા હતા તેથી અનિર્વચનીય આનંદ પ્રાપ્ત થતો હતો.

અહીંઆં શારદામઠના દંડી સંન્યાસીઓ સાથે શ્રીમદ્‌ભાગવતના પ્રમાણ વિષે વિવાદ થયો હતો. શ્રી આચાર્યજીએ સ્વમુખે જણાવ્યું કે વેદ અને ઉપનિષદોના સારરૂપ શ્રીમદ્‌ભાગવતની કથા છે. અને તેથી ઝાડ કરતાં ઝાડનું ફળ વધારે ઉપયોગી છે તેમ વેદ અને ઉપનિષદો કરતાં ભાગવત એ વધારે ઉપયોગી છે. આ સ્થળે રામ નામના સાચોરા બ્રાહ્મણના છોકરાને આચાર્યશ્રીએ શરણે લઈ પોતાની સાથે રાખી લીધો હતો.

શ્રી મહાપ્રભુજીની બેઠકે શ્રી ઝારીજી ચરણસ્પર્શાદીની સેવાનો લાભ લઇ આગળ જતાં પાંડવઘાટ, ગોઘાટ, અને સંગમઘાટ આવે છે. સંગમઘાટ આગળ ગોમતીજી સમુદ્રને મળે છે. અને તેથી આ ઘાટ ઉપર સ્નાન કરી દાન કરવાનું માહાત્મ્ય ગણેલું છે. ત્યાં સંગમ નારાયણનું મંદીર છે. સંગમઘાટની ઉત્તરે આવેલા ઘાટને ચક્રતીર્થ કહે છે. આ તરફ દરિયાના એક ભાગને રૂપણકુંડ કહે છે. ચક્રતીર્થની ઉત્તરે રત્નેશ્વર મહાદેવનું મંદીર છે. તે પછી આગળ જતાં સિદ્ધના-

થ મહાદેવનું મંદીર છે. ત્યાંથી આગળ જ્ઞાનકુંડ નામની વાવ આવેછે અહીંથી આગળ જતાં રામવાડી આવે છે ત્યાં આગળ મંદીરમાં રામ લક્ષ્મણની મૂર્તિઓ છે, અહીંઆં મંદિરની નજીક શ્રી ગુસાંઇજીની બેઠક છે. જ્યારે શ્રી ગુસાંઇજી આ સ્થળે બિરાજતા હતા ત્યારે એક વખત નીજકૃપાપાત્ર ભગવદીય ધોળકાવાળા નાગજીભાઇ આમ્ર-કેરીઓના ટોપલા લાવેલા તે જોઇ શ્રી ગુસાંઇજી એ સ્વમુખે શ્રી દ્વારકાનાથજીને રાજભોગમાં મોકલી આપવા આજ્ઞા કરી. ભગવદીય નાગજીભાઇએ શ્રીની આજ્ઞા શિરોવંદ્ય માની શ્રી દ્વારકાનાથજીના મંદિરમાં મોકલાવી દીધી. પછી ત્યાં દર્શન કરવા ગયા તો તેમને સાક્ષાત્ શ્રી ગુસાંઇજી શ્રી દ્વારકાનાથજીને બીડાં આરોગાવતા હોય એવાં દર્શન થયાં. નાગજીભાઇને આશ્ચર્ય થયું કે શ્રી ગુસાંઇજીતો બેઠકે છે ! તેથી ત્યાં દર્શન કરી બેઠકે ગયા તો શ્રી ગુસાંઇજીને બેઠકમાં ભોજન કરી ચોકી ઉપર બેસી આરોગતા જોયા. આ લીલા જોઈ નાગજી ભાઇએ શ્રી ગુસાંઇજીને સર્વે હકીકત નિવેદન કરી શ્રી ગુસાંઇજીએ સ્વમુખે જણાવ્યું કે શ્રી મહાપ્રભુજીએ શરણ લીધેલા જીવોનો શ્રી દ્વારકાનાથજીએ પણ અંગીકાર કરેલો છે. શ્રી ગુસાંઇજીએ પોતાના કૃપાપાત્ર ભગવદીયને આવી ઉત્તમ લીલાનું રહસ્ય આ સ્થળે દર્શાવ્યું હતું. અહીંઆં શ્રી ઝારીજી ચરણસ્પર્શાદિની સેવા કરી આગળ જવું અહીં શ્રી ગોવર્ધનનાથજીનું મંદિર છે. આ મંદિર શ્રી કમળા બેટીજીની હવેલીએ નામથી ઓળખાય છે.તથા માધવદાસની હવેલી તથા વ્યાસની હવેલી નામે ઓળખાતાં બીજાં બે મંદિરો છે એ મંદિરોમાં દર્શનાદિ કરી આગળ જવું. અહીંથી આગળ જતાં સાવિત્રીકૂપ જેમાંથી હાલની શ્રી ભગવાનની મૂર્તિ નીકળી હતી તે આવે છે ત્યાંથી આગળ દામોદરકૂપ આવે છે. આ કૂપ ઉપર બેસીને શ્રી પ્રભુએ શામળશા શેઠના વેશમાં નરસીંહ મહેતાની હુંડી સ્વીકારી હતી. જ્ઞાનવાવ

સાવિત્રિ કુવો અને દામોદર કુંડ આ ત્રણ વિષે એવી કિંવદંતિ ચાલે છે કે "જ્ઞાનવાવ, દામોદર કુંડ અને સાવિત્રિ કુવો તેનું આચમન ન કરે તે જીવતો મુએો." જ્ઞાન વાવમાં મોઢું જોવાનું માહાત્મ્ય છે. ત્યાંથી આગળ જતાં અક્ષય વટ વૃક્ષ આવે છે ત્યાંથી આગળ કૈલાસ કુંડ છે. આગળ જતાં ભાગીરથી ગંગાનું મંદિર આવે છે. આ સંબંધે એવી આખ્યાયિકા છે કે શ્રી રૂક્ષમણિજીનું હરણ કરી શ્રી કૃષ્ણ લઇ જતા હતા તે વખતે તેમણે દુર્વાસા ઋષિને તેમનું લગ્ન કરી આપવા કહ્યું, ઋષિએ કહ્યું કે તમારે બન્નેએ જોવું નહિ. આ શરત કબૂલ કરી શ્રી ભગવાન તથા રૂકમણિજી દ્વારકાં તરફ જવા નીકળ્યાં રસ્તામાં રૂકમણિજીએ તૃષાતુર થવાથી શ્રી પ્રભુને ઇસારત કરી જેથી પ્રભુએ ચરણથી ગંગા ઉત્પન્ન કરી અને રૂકમણિજીની તૃષા છીપાવી. ઋષિને આ જોઇ ક્રોધ આવ્યો ને શ્રાપ આપ્યો કે "તું વનમાં રહેજે" પછી ત્યાં લગ્ન થયાં આ સ્થળે હાલમાં ચોતરો, ચોરી, નવગૃહ વિગેરે દૃષ્ટિગોચર થાય છે. રૂકમણિજીનું મંદિર પણ ત્યાં છે. ભગવાન દરરાત્રિએ ત્યાં રૂકમણિજીની પાસે જતા અને આનંદમાં દિવસો નિર્ગમન કરતા ત્યાં આગળ ગંગાના પ્રવાહથી સુંદર બાગ થયો હતો. ઋષિને આવી ખબર પડવાથી ગુસ્સે થઇ શ્રાપ દીધો તેથી ગંગાજી સુકાઇ ગયાં ને બગીચો પણ સુકાઇ ગયો. હાલમાં ત્યાં ખેરીઆ લાકડાનાં ઝાડ નજરે પડે છે. અહીંથી આગળ જતાં સૂર્યનારાયણનું મંદિર આવે છે. ત્યાંથી આગળ પૂર્વ તરફના દરવાજા તરફ જતાં જય વિજય નામની ધ્વજાનાં દર્શન થાય છે અને તે પછી નિષ્પાપ કુંડ આવે છે. ત્યાંથી શ્રી રણછોડજીના મંદિરની વચ્ચમાં દેવતાઓનાં દર્શન કરી ગોમતીજી અવાય છે. અહીં આચમન કરી પરિક્રમા પુરી કરવી.

આ સિવાય શ્રી ગુસાંઇજીની બીજી બેઠક દ્વારકામાં જગત દ-

હેરાની નજીક શ્રી દાઉજીના મંદિરની પાસે છે. અહીંઆં શ્રી ગુસાંઈજી કથા કરતા હતા અને વૈષ્ણવોને ઉત્તમ રહસ્ય સમજાવી અનિર્વચનીય આનંદ ઉપજાવતા હતા.

દ્વારકાંથી લગભગ બે ગાઉ સીતાવાડી છે. જેમાં એક નાની પાપ પુણ્યની બારી છે. એવું કહેવાય છે કે જેણે પાપ કર્યા હોય તે તેમાં જઇ શકતો નથી.

તીર્થક્ષેત્ર બેટ દ્વારકાં.

દ્વારકાંથી યાત્રીઓ બેટ દ્વારકાં જાય છે. ગોમતી દ્વારકાંથી ક સડક વરવાળા ગામ થઈ આરંભડા તરફ ગઇ છે અને બીજી નાગેશ્વર ગામ થઇ ગોપીતલાવ પાસે બેટ દ્વારકાંની ખાડી સુધી ગએલી છે. ઘણા યાત્રીઓ આરંભડા થઇ બેટ દ્વારકાં જાય છે અને ત્યાંથી દર્શનાદિ કરી ગોપી તલાવ થઇ દ્વારકાંમાં પાછા આવે છે, આપણે આજ રસ્તે બેટ દ્વારકાં જઇશું. દ્વારકાં અને બેટની વચ્ચે લગભગ ૨૦ માઇલનું અંતર છે બેલગાડી આદિ સાધનો દ્વારકાંમાંથી મળે છે તેમાં પોતાનો સરસામાન લઇ આરંભડા સુધી આવવું ને ત્યાંથી મછવામાં બેસી બેટમાં જવું.

દ્વારકાંથી એક ગાઉ રૂકમણીજીનું નાનું મંદિર છે ત્યાંથી આગળ એક ગાઉ દૂર કચ્છીગઢ છે. ત્યાં કચ્છ દરબારનો કામદાર તથા સિપાઇ રહે છે કચ્છીગઢની જોડે બોડખત્રી ગામ આવે છે. ત્યાંથી આગળ વરવાળુ ગામ આવે છે. અહીં એક ધર્મશાળા છે આગળ જતાં મકનપર, મોજપુર, ભીમરાણુ, સુરજકરાડી, અને આરંભડુ ગામ આવે છે. આરંભડા ગામમાં શેઠ વસનજી નંદજીની ધર્મશાળા છે. અહીંઆં બાવાઓ ધગધગતી છાપો મરાવે છે. કેટલાક યાત્રીઓ પણ છાપો લે છે. અહીંઆં બોલતા શંખ સારા મળે છે. અહીંથી

મછવામાં બેસી બેટ દ્વારકાંમાં જવાય છે. મછવાવાળા તરફથી માણસદીઠ દોઢઆનો અને સરકાર તરફથી બે આનાનો કર લેવાય છે. સાધારણ રીતે એકથી બે કલાકમાં બેટ દ્વારકાંમાં પહોંચાય છે.

અહીંઆં મુંબઇ નિવાસી ધનીક ગૃહસ્થ રા. સા. મગનલાલ દલપતરામ ખખ્ખર જે. પી. ની ધર્મશાળા દરિયા કિનારે આવેલી છે. બીજી ધર્મશાળા રા. રા. હરગોવન ચતુની છે તે ઉપરાંત બીજી ત્રણ ચાર ધર્મશાળાઓ પણ અહીંઆં છે. યાત્રીએ અનુકૂળ ધર્મશાળામાં ઉતારાનો બંદોબસ્ત કરવો અને પછી બેટમાં આવેલા મંદિરોમાં દર્શન કરવા જવું.

બેટ દ્વારકામાં ઠક્કર નારણદાસ મૂળજીનું પુસ્તકાલય છે. તે સિવાય યાત્રીઓને ઉપયોગી ચીજો પણ મળે છે. મીઠાના ડુંગરના ડુંગર નજરે પડે છે. બેટ દ્વારકાં શ્રીકૃષ્ણનું વિહાર સ્થળ ગણાય છે મુખ્ય દર્શનીય સ્થળોમાં શ્રીકૃષ્ણભગવાનનો મહેલ છે. આ મહેલમાં શ્રી રણછોડજીની મુર્તિ બિરાજે છે. મંદિરમાં પ્રવેશ કરવાના તથા ચરણસ્પર્શ કરવાનો કર યાત્રી પાસેથી લેવામાં આવે છે. શ્રી ઠાકોરજીને સ્નાન કરાવવા બદલ અને મહાપૂજાનો પણ કર લેવાય છે. સઘળા કરો સરકાર શ્રીદ્વારકાનાથના તરફથી લેવાય છે અને આવક સરકારમાં જાય છે. મંદિરમાં સમય સમયનાં દર્શન થાય છે. સાંજના શયન આરતિ વખતે શ્રી લક્ષ્મીજીને ત્યાંથી પગલાં જાય છે એટલે શ્રી લક્ષ્મીજી શ્રી દ્વારકાંનાથજીના મંદિરે પધારે છે. શ્રી રણછોડરાયની જમણી બાજુએ શ્રી કલ્યાણરાયજી તથા ડાબી બાજુએ શ્રી ત્રિકમજીનું મંદિર છે. તે સિવાય ગરૂડજી, માધવરાયજી દેવકીજી, અને, શ્રી પુરૂષોતમજીની મૂર્તિઓ એક મંદિરમાં બિરાજે છે. મુખ્ય મંદિરની નજીકમાં એક બાજુએ શ્રી લક્ષ્મીજીનું તથા તેની પાસે શ્રી ગોવરધ-

નનાથજીનાં મંદિરો છે. બીજી બાજુએ શ્રીલક્ષ્મીનારાયણ. શ્રી જાંબુવંતીજી શ્રી સત્યભામાજીનાં મંદિરો છે. લક્ષ્મીજી, રાધિકાજી, જાંબુવન્તીજી, અને સત્યભામાજી એ મંદિરોના મળી ચાર બ્રહ્મચારી તથા ચાર અધિકારી છે. અને તેવા ચાર ભંડારગૃહો છે. જેમાંથી શ્રી ઠાકોરજીને સામગ્રી વિગેરે મોકલવામાં આવે છે અહીંથી આશરે ૦-પા માઇલ દૂર શ્રી ગો. શ્રીમુરલીધરલાલજી મહારાજશ્રીની હવેલી છે. ત્યાંથી થોડેક દૂર ધીન્ગેશ્વર મહાદેવ પાસેના કુવાનું પાણી મીઠું છે. ત્યાંથી લગભગ દોઢ એ માઇલ દૂર હનુમાન દાંડીની જગ્યા છે અહીંઆં મોટા હનુમાન બિરાજે છે ત્યાંથી આગળ ૮૪ આસનનું સ્થાનક છે. હાલમાં આ સ્થળે ફક્ત સાત આઠ અગ્નિકુંડ માલૂમ પડે છે.

શંખોદ્ધાર.

કૃષ્ણમહેલથી લગભગ ૧½ માઇલ દૂર શંખનારાયણ તથા આદિ કેશવનાં દર્શનીય સ્થળો છે. શંખનારાયણના સંબંધમાં એવી આખ્યાયિકા છે કે શંખાસુર દૈત્યે બ્રહ્માના ચાર વેદો ચોર્યા હતા. બ્રહ્માએ દ્વારકાનાથને વિનંતિ કરી તે ઉપરથી ભગવાને મચ્છાવતાર ધારણ કરી દૈત્યને માર્યો. વેદ પાછા લાવ્યા, અને શંખનારાયણની મૂર્તિ સ્થાપી. શંખનારાયણની મૂર્તિના અંગમાં શ્રીપ્રભુના દશ અવતાર છે. હાથમાં શંખ છે. આ તીર્થને શંખોદ્ધાર કહે છે. કૃષ્ણમહેલ અને શંખોદ્ધારની વચ્ચે રણછોડ સાગર નામનું મોટું તલાવ છે. આ તલાવને ઉત્તમ ઘાટો બાંધેલા છે. અને બેટમાં આ સરોવર ઘણુંજ મોટું છે.

શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક શંખ સરોવર ઉપર શેમળાના વૃક્ષ નીચે છે. શ્રી આચાર્યજીએ અહીંઆં સપ્તાહ કરી છે. વળી શ્રી શંખનારાયણની ઇચ્છાથી શ્રી સુબોધિનીજીમાંથી વેણુગીતના એક શ્લોકનું વ્યાખ્યાન ત્રણ દિવસ સુધી શ્રવણ કરાવ્યા અપૂર્વ આનંદ

ઉપજાવ્યો હતો. અહીંઆં શ્રી ઝારીજી ચરણ સ્પર્શાદિ સેવાનો લાભ લઇ યથાશક્તિ ભેટાદિ મુકવું.

બેટ શંખોદ્ધારમાં શ્રી પુષ્ટિમાર્ગનાં બે સ્વરૂપો બિરાજે છે. (૧) શ્રી બાળકૃષ્ણજીનું સ્વરૂપ તે શ્રી મહાપ્રભુજીનું સેવ્ય છે, અને તે શ્રી ગુસાંઇજીના પરમ કૃપાપાત્ર ભગવદીય બાઇ મુસા બિલાઇવાળી ડોસીને માથે બિરાજતા હતા. આ ડોશીના નિજલીલામાં પ્રવેશ સમયે શ્રી ગુસાંઇજીએ પોતાને ત્યાં પધરાવ્યા હતા. ત્યાર પછી હાલમાં આ સ્થળમાં શ્રી પ્રદ્યુમ્ન લાલજી મહારાજને માથે બિરાજે છે. (૨) બીજું સ્વરૂપ શ્રી વ્રજનાથજીનું છે. તે પણ શ્રી ગુસાંઇજીના સેવ્ય છે. અને હાલમાં ઉપરોક્ત શ્રી પ્રદ્યુમ્નલાલજીને માથે બિરાજે છે.

અહીંઆં દર્શનાદિથી નિવૃત્ત થઇ મુકામે જવું અને બીજે દિવસે શ્રી રણછોડજીની પરિક્રમા કરવા જવું. પરિક્રમા લગભગ છ માઇલની છે. યાત્રીઓ મછવામાં બેસી પરિક્રમા કરવા જાય છે. દરિયાકાંઠાનો કેટલોક ભાગ ચરણ ગોમતી કહેવાય છે. ત્યાંથી નવ ગૃહ, ચરણ, પદ્મતીર્થ, પાંચકુવા કલ્પવૃક્ષ અને કાળી નાગનાં દર્શનીય સ્થળો આવે છે. આ પ્રમાણે પરિક્રમા કરી મુકામે આવવું.

બેટ દ્વારકાંની યાત્રા કરી યાત્રીઓએ પાછા ફરવું. અને મછવામાં બેસી દરિયાકાંઠે મેંદરડા ગામ ઉતરવું. અહીંથી એક ગાઉ ઉપર શામળાસર અને તેની નજીક ગોપી તળાઇ છે. અહીંઆં મુકામ કરવો. ઉતરવાને માટે ઠા૦ ગોકળદાસ માધવજીની ધર્મશાળા ઘણી સગવડવાળી છે. મુકામનો બંદોબસ્ત કરી શ્રી મહાપ્રભુજીની બેઠકે જવું.

ગોપી તળાઇ.

શ્રી આચાર્યજીની બેઠક શેમળાના વૃક્ષ નીચે છે. અહીંઆં કૃષ્ણદાસ મેઘને શ્રી મહાપ્રભુજીને પ્રશ્ન પૂછ્યો કે ગોપીજન તો વ્રજમાં

વાસ કરી રહેલાં છે. અને ગોપીચંદન અહીંથી નીકળે છે તેનું કારણ શું છે, તે આપ કૃપા કરી સમજાવો. શ્રી આચાર્યજીએ સ્વમુખે જણાવ્યું કે એક વખત પૂર્વકાળમાં શ્રી દ્વારકાનાથે શ્રી રૂકમણિજીની આગળ વ્રજભક્તોની અને ગોપીજનોની અત્યંત પ્રંશસા કરી અને કહ્યું કે વ્રજભક્તોની તૂલના કોઇથી થઇ શકે તેમ નથી. શ્રી રૂકમણિજીએ કહ્યું કે હું તો રાજાની તનયા છું અને વળી આપશ્રીની અર્ધાંગના છું અને આપશ્રીની આજ્ઞામાં હમેશાં તત્પર છું તો પછી વ્રજ ભક્તોની બરાબર કોઇ ન થઇ શકે એમ કેમ વદો છો ! શ્રી ઠાકુરજીએ સ્વમુખે કહ્યું કે હું વેણુનાદ કરૂં તો સકળ વ્રજભક્તો આવશે પણ આપનાથી આવી શકાશે નહિ. શ્રી રૂકમણિજીએ એ વાતનો અસ્વિકાર કર્યો. ત્યાર પછી શ્રી ઠાકોરજીએ ગોપી તળાવ ઉપર બેસી વેણુનાદ કર્યો તે સાંભળી શ્રી રૂકમણિજી આદી સોળ સહસ્ત્ર રાણીઓ વસ્ત્રાભૂષણ સજી ત્યાં જવા નીકળ્યાં પરંતુ ઉગ્રસેન અને યાદવોના સમૂહને જોઇ સંકોચ પામી બધી રાણીઓ પોતપોતાના આવાસમાં જતાં રહ્યાં. જ્યારે વ્રજમાંથી વેણુનાદ સૂણી ગોપીજનનાં યુથેયુથ ત્યાં પ્રગટ થયાં અને પછી ત્યાંજ લીલામાં પ્રવેશ કરી ગયાં અર્થાત્ વ્રજભક્ત તો સદૈવ સાથેજ રહે છે અને તેમની તૂલના કોઇથી થઇ શકે તેમ નથી. આ રહસ્ય સાંભળી કૃષ્ણદાસે વિનંતિ કરી કે આ લીલાનાં સાક્ષાત્ દર્શન કરાવો તે ઉપરથી શ્રી આચાર્યજીએ દિવ્ય ચક્ષુ આપી અલૌકિક લીલાનાં દર્શન કરાવ્યાં હતાં. અહીંઆં શ્રીઝારીજી ચરણ સ્પર્શની સેવા કરવી.

ગોપીતળાવની માટી ગોપીચંદન તરીકે બધા લઇ જાય છે. અહીંઆં તળાવ આગળ ગોપીનાથ મહાદેવ તથા શ્રી રાધાકૃષ્ણજીનાં બે મંદિરો છે. ત્યાંથી આગળ જ્યોતિર્લિંગ નાગનાથ મહાદેવનું દર્શનીય

સ્થળ છે. અહીંથી લગભગ ત્રણ કે ચાર ગાઉ દૂર મૂળ ગોમતી તથા જૂનું ભાવડુ ગામ આવે છે અહીંઆં શ્રી મહાપ્રભુજીની બેઠક છે.

મૂળ ગોમતી.

મૂળ ગોમતી સંબંધે એવી કથા છે કે પૂર્વકાળમાં એક વખત વસિષ્ઠ મુનિ પોતાની પુત્રી ગોમતી સાથે જતા હતા ત્યારે ગોમતીજીના પગના નૂપુરના અવાજથી ચોરની ધાસ્તી લાગી. પણ જ્યારે નૂપુરનો ઝણકાર બંધ થઇ ગયો ત્યારે વસિષ્ઠ મુનિએ પાછું ફરી જોયું તો ગોમતીજી જળરૂપ થઈ ગયાં ને ત્યાંથી જળપ્રવાહ થઈ ગયો, આગળ તેનો દ્વારકા થઇને સમુદ્ર સાથે વસિષ્ઠ મુનિએ સંગમ કરાવ્યો. તેથી આ સ્થળને મૂળ ગોમતી કહે છે. અહીંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક એક શેમળાના વૃક્ષ નીચે છે. શ્રી આચાર્યજીએ મૂળ ગોમતીનું રહસ્ય સ્વમુખે વર્ણવ્યું હતું. જ્યારે શ્રીપ્રભુ અહીંઆં બિરાજતા હતા તે વખતે આપશ્રીની પાસે એક દક્ષિણ દેશનો રહેવાસી, વિષ્ણુ સ્વામીના સંપ્રદાયનો બિલ્વમંગળનો શિષ્ય આવ્યો હતો. આ સંન્યાસીએ દ્વારકામાં રહી સાતસેં વર્ષ સુધી એકાંતમાં ભાગવતનો પાઠ કર્યો હતો. અને ચાર વાર કાળને રોકી રાખ્યો હતો. સંન્યાસીએ શ્રી મહાપ્રભુજીને કહ્યું કે મારી શ્રી હરિની બાળલીલાનાં દર્શન કરવાની અભિલાષા આપશ્રી પૂર્ણ કરશો. એવી પ્રભુની આજ્ઞા મને થઇ છે. તો આપ મારી એ મનોકામના સિદ્ધ કરશો. શ્રી આચાર્યજીએ જણાવ્યું કે તમો સાધનમાં પડી ગયા છો. જો શ્રીમદ્ ભાગવતના પાઠને હરિલીલા જોવાના સાધન તરીકે ઉપયોગ ન કર્યો હોત તો અને ફક્ત હરિનું સ્મરણ માત્રજ કર્યું હોત તો તમારી અભિલાષા ક્યારની પૂર્ણ થઈ હોત. ત્યાર પછી આચાર્યશ્રીએ શ્રીમદ્ ભાગવતની કથા સંભળાવી. તેથી તે સંન્યાસીને શ્રીહરિને ભજવાની બુદ્ધિ

થઇ. શ્રી આચાર્યજીએ પાછી તેને શરણે લીધો અને કહ્યું કે તું બીજા ભવમાં કોઇ વ્રજવાસીને ત્યાં જન્મ લેશે ત્યાં તને આ કથાનું સ્મરણ રહેશે તથા શ્રીહરિની લીલાનાં સાક્ષાત્ દર્શન થશે.[1]

અહીંઆં શ્રી ઝારીજી ચરણસ્પર્શાદિ સેવા કરી યથાવિધિ ભેટ મૂકી દ્વારકા જવું. મૂળ ગોમતીથી દ્વારકાં જતાં રસ્તામાં ચોટીલાનો ટીંબો, ધોળા તળાવ, ભોજાઇ તળાવ અને જોદ્ધા માણકનો પાળીઓ આવે છે. પછીથી દ્વારકાં આવે છે. અહીંથી યાત્રીઓએ નિવૃત્ત થઇ કચ્છમાંડવી જવું.

માંડવી (કચ્છ.)

દ્વારકાથી આગબોટ મારફતે કચ્છ પ્રદેશના માંડવી બંદરે ઉતરાય છે. અહીંઆં ઉતરવાને સારૂ ગામમાં શ્રીમદ્ ગોસ્વામીશ્રી પન્નાલાલજી મહારાજની હવેલી છે ત્યાં બંદોબસ્ત થઇ શકે છે માટે સીધા ત્યાં જવું. માંડવી બંદર વેપારને માટે શ્રેષ્ઠ ગણાય છે. કચ્છનો પ્રદેશ રેતાળ હોવાથી તેમજ રેલ્વે વિગેરે સાધનનો અભાવ હોવાથી ઘણો ખરો વેપાર ઊંટ ઉપર ચાલે છે. કચ્છની રાજ્યધાની ભૂજ અને માંડવી એ બે નગરો આ પ્રદેશમાં જોવા લાયક છે.

માંડવીમાં મુખ્ય મંદિર શ્રી મદનમોહનજીનું છે. આ શ્રી ઠાકોરજી શ્રી ગુસાંઇજીના સેવ્ય છે. અને તે બસેં બાવન વૈષ્ણવ પૈકીના રૂપ મુરારીદાસ વૈષ્ણવને માથે બિરાજતા હતા. હાલમાં આ સ્વરૂપ

---

૧ શ્રી પુષ્ટિમાર્ગમાં ફક્ત નિષ્કામ ભક્તિજ ફળદાયી છે. અમુક કરવાથી અમુક ફળની પ્રાપ્તિ થશે. એવા પ્રકારની ભક્તિ આ માર્ગને વિષે અયોગ્યજ છે. વૈષ્ણવોએ હર હમેશાં કંઇપણ ફળની આશા વિના નિષ્કામભક્તિ કરવી જેથી શ્રીહરિ તેની મનોકામના સ્વતઃ પૂર્ણ કરશે.

અહીંઆં શ્રીપન્નાલાલજી મહારાજને માથે બિરાજે છે. ભગવદીય રૂપ-મુરારીદાસ એવા કૃપાપાત્ર હતા કે તેમને શ્રી હરિનીલીલાનાં સાક્ષાત્ દર્શન થતાં હતાં તથા શ્રી ઠાકોરજી તેમની પાસેથી જે જોઇએ તે માગી લેતા હતા. એમના સંગથી ગોડ દેશનિવાસી નારાયણદાસ સહ કુટુંબ શ્રી ગુસાંઇજીને શરણે ગયા હતા. બીજું સ્વરૂપ **શ્રી મદનમો-હનજીનું** છે તે પણ શ્રી ગુસાંઇજીનું સેવ્ય છે. ત્રીજું સ્વરૂપ શ્રી નટવરલાલજીનું શ્રી ગિરિધરજીને ખેલવાના ઠાકોરજી શ્રી ગુસાંઇજીના સેવ્ય છે. આ બંન્ને સ્વરૂપો શ્રીપન્નાલાલજી મહારાજને માથે આજ સ્થળમાં બિરાજે છે. અહીંઆં દર્શન કરી ભૂજ જવું.

તીર્થક્ષેત્ર ભુજ.

માંડવીથી ભૂજ આશરે ૨૦ માઇલ દૂર છે. ભૂજમાં મુખ્ય મંદિર **શ્રી બાળકૃષ્ણજીનું** છે. આ મંદિરમાં શ્રી બાળકૃષ્ણજી ઠાકોરજીનું સ્વરૂપ બિરાજે છે. આ શ્રી ઠાકોરજી શ્રી મહાપ્રભુજીના સેવ્ય છે. અને મહાનુભાવી ૮૪ વૈષ્ણવો પૈકીના એક બાદરાયણદાસ પુષ્કરણા બ્રાહ્મણને માથે પધરાવ્યા હતા. આ ભગવદીયના વંશજો તેમનાથી ૧૩ મી પેઢીએ મુળજીભાઇ કરીને છે તે હાલમાં જામનગરમાં રહે છે. તે ઉપરાંત શ્રી આચાર્યજીનાં ચંદનનાં શ્રી પાદુકાજી પણ તમને માથે બિરાજતાં હતાં બાદરાયણદાસના હરિલીલામાં પ્રવેશ થયા પછી તેમના દિકરા હરજીવનદાસ સેવા કરતા હતા. અને જામનગરમ રહેતા હતા. શ્રી ગુસાંઇજીએ જામનગરમાં તમને ત્યાં છ માસ પર્યંત બિરાજી સમાહ કરી હતી. આ હરજીવનદાસ ૫૦ વર્ષના થયા ત્યાંસુધી તમને કંઇ સંતતિ હતી નહિ. તેમજ તેઓ અંધ હતા. શ્રી મહાપ્રભુજીના સેવકની આ સ્થિતિ જોઇ શ્રી ગુસાંઇજીને લાગણી થઇ અને તેથી તેઓ શ્રી તેમને દ્વારકાં સાથે લઇ ગયા. અને રસ્તામાં જેસ-

લમેરથી તેમને ૧૭ વર્ષની કન્યા સાથે લગ્ન કરાવ્યું હતું શ્રી ગુસાં-ઈજીની કૃપાથી હરજીવનદાસ ૨૫ વર્ષની વયના થયા હતા. તે પછી તેમને બે દિકરા અને એક દિકરી થઈ તે દિકરી શ્રી બાળકૃષ્ણજી ઠાકોરજી તથા ચંદનનાં ચરણ પાદુકાજી પધરાવી ગયાં તેમના વંશજ હાલ અહીંઆં રહે છે. અને તે સ્વરૂપ પણ અહીંજ બિરાજે છે. અને મંજુ જોશી નામે તેના વંશજો સેવા કરે છે.

અહીંઆં દર્શનાદિથી નિવૃત્ત થઇ નગર જોવા જવું. મુખ્ય જોવા લાયક સ્થળોમાં દવાખાનાં. સરકારી હાઇસ્કુલ, તુરંગ, વિગરે છે.

કચ્છમાં મુખ્ય વેપાર રૂ. ફટકડી, રંગીન સુતરાઉ કાપડ, ચાંદીનાં વાસણો વિગેરેનો છે. અહીંથી નારાયણ સર જવું.

તીર્થક્ષેત્ર નારાયણ સર.

ભૂજથી માંડવી પાછા આવવું અને ત્યાંથી ચાર દિવસને રસ્તે નારાયણસર આવે છે. કચ્છમાં આ એક મોટું સરોવર છે. આ સ-રોવરના સંબંધમાં શ્રીમદ્ ભાગવતમાં એવી કથા છે કે; દક્ષ પ્રજા-પતિના દશહજાર પુત્રો પિતાના વચનથી સૃષ્ટિ ઉત્પન્ન કરવા સારૂ પ્રગટયા હતા પરંતુ નારદમુનિના ઉપદેશથી સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કાર્ય છોડી દઇ આ સ્થળે મોક્ષમાર્ગે પ્રવૃત્ત થયા. ફરીથી દક્ષ પ્રજાપતિએ બીજા દશ હજાર પુત્રોને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કાર્ય સોંપ્યું જેઓ પણ નારદમુનિના ઉપદેશથી આજ સ્થળે મોક્ષમાર્ગે પ્રવૃત્ત થયા. આ ઉપરથી આ મોક્ષધામ ગણાય છે.

અહીંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક સરોવર ઉપર માર્કંડેય ઋષિના આશ્રમમાં છોંકરના વૃક્ષનીચે છે. અ-હીં આચાર્યશ્રીએ સપ્તાહ કરી ભગવદીયોને સ્વમુખે જણાવ્યું કે શ્રી

આદિ નારાયણનું પ્રાકટ્ય આ સ્થળમાં થયું હતું. જ્યારે શ્રી મહાપ્રભુજી સપ્તાહ કરતા હતા ત્યારે શ્રીકોટીશ્વર મહાદેવ કથા શ્રવણ કરવા પધારતા હતા. ત્યાર પછી કોટીશ્વર મહાદેવની ઇચ્છાથી તેમના શિષ્યોને શ્રી આચાર્યજીએ શરણે લીધા હતા. અહીંઆં શ્રી ઝારીજી ચરણસ્પર્શાદિ સેવા કરી. માંડવી પાછા આવવું અને અહીંથી સ્ટીમર મારફતે કરાંચી જવું. અથવા જેને જ્યાં જવું હોય ત્યાં જઇ શકાય છે. આ સ્થળનું માહાત્મ્ય પુરાણોમાં ઘણું વર્ણવેલું છે. હીંદુસ્તાનનાં મોટામાં મોટાં પાંચ સરોવર પૈકીનું આ એક છે.

પ્રકરણ ૧૩ મું.

ઉજજન, બુંદી, કોટા, જોધપુર, બિકાનેર, જેસલમેર, સિંધ, પંજાબ ને હરદ્વાર.

વૈષ્ણવ બંધુઓ ! ગત પ્રકરણ ૮ માં પૃષ્ટ ૧૨૯ માં જણાવ્યા પ્રમાણે રતલામથી નાગડા થઈ ઉજ્જૈન જવાય છે. હવે આ સ્થળે રતલામથી નાગડા મથુરા રેલ્વે મારફત મથુરા સુધીની યાત્રા પુરી કરીશું અને ત્યાર બાદ ઉત્તર હિંદુસ્તાનમાં પ્રવાસાર્થે જઇશું. ઉજ્જૈન યાત્રા કરી આગળનો પ્રદેશ જોવાની ઇચ્છા હોય નહિ અને ચકાવો લેવાની જરૂર ન હોય તો નાગડા પાછા આવી કોટા થઇ મથુરા જવું. રતલામથી નાગડા જવું અને નાગડાથી ઉજ્જન ઉતરવું. નાગડા અને ઉજ્જન વચ્ચે ફકત ૩૪ માઇલનું અંતર છે. વચ્ચમાં બે સ્ટેશનો મુક્યા પછી ઉજ્જૈન આવે છે. ઉજ્જૈન અને મુંબઇ વચ્ચે ૪૭૯ માઇલનું અંતર છે.

તીર્થક્ષેત્ર ઉજ્જન.

ઉજ્જન હાલમાં મહારાજા સિંધીઆ સરકારના તાબામાં છે અને તે મહારાજા વિક્રમાદિત્યની રાજ્યધાનીના શહેર તરીકે ઘણા લાંબા કાળથી પ્રસિદ્ધ છે. હિંદુસ્તાનમાં આવેલી સાતપુરી પૈકી આ એક પુરી છે અને મોક્ષદાતા તરીકે ઓળખાય છે. શહેર જોવા લાયક છે. તેમજ વૈષ્ણવોને માટે દર્શનીય સ્થળ છે. શહેરમાં પ્રેસ, જીનીંગ ફેક્ટરીઓ વિગેરે હોવાથી વેપાર રોજગાર સારો ચાલે છે.

અહીંઆં ઉતરવાને સારૂ સ્ટેશનની સામે એક ધર્મશાળા મહારાજા સિંધીઆ સરકારે ઘણા ખર્ચે બંધાવેલી છે. ધર્મશાળા ઘણીજ ઉત્તમ સગવડતાવાળી અને ગૃહસ્થોને રહેવા લાયક છે અંદર ઇલેક્ટ્રીક લાઈટ (વીજળીક રોશની-દીવાબત્તી) તથા જુદી જુદી ઓરડીઓ વાળી છે, રહેવાને સારૂ કંઇ પણ આપવું પડતું નથી. બીજી ઉતરવાની જગ્યા શ્રી મહાપ્રભુજીની બેઠક છે. પરંતુ ઘણું દૂર હોવાથી ફક્ત શ્રીમંત સિંધીઆ સરકારનીજ ધર્મશાળામાં ઉતરવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ.

ઉતારાનો બંદોબસ્ત કરી શહેર જોવા જવું. અહીંઆં દર્શનીય સ્થળોમાં શ્રી મહેંકાળેશ્વર મહાદેવ કે જે બાર જ્યોતિર્લિંગ માંહેના એક મહાદેવ છે તે તથા પવિત્ર ક્ષિપ્રા, નદી, સિદ્ધવડ, ભર્તૃહરીની ગુફા, હરસિદ્ધમાતા વિગેરે આવેલાં છે. ઉજ્જનમાં સ્નાન દાન જપ તપ અને બ્રહ્મભોજનનું ઘણું મોટું માહાત્મ્ય ગણાય છે.

સિદ્ધવડના સંબંધમાં એવું કહેવાય છે કે આ વડનું વૃક્ષ વધતું નથી. જે સ્થિતિમાં અસલથી છે તેની તેજ સ્થિતિમાં અત્યારે જોવામાં આવે છે. આ વૃક્ષનું મૂળ પણ જણાતું નથી ઘણા સંત સાધુઓ વંદન કરવા યોગ્ય આ વૃક્ષ તળે નિવાસ કરી રહેલા જો-

વામાં આવે છે. સિદ્ધવડના સંબંધમાં માનતાઓ પણ સાંભળવામાં આવે છે. આ વડ મોટો વિશાળ છે.

અહીંથી આગળ જતાં ગોપીચંદ અને ત્યારબાદ સાંદિપનિ ઋષિનું સ્થાન આવે છે. શ્રી મહાભારતમાં વર્ણવેલા આજ ઋષિ હતા કે જેમને ત્યાં શ્રીકૃષ્ણ ભગવાન તથા નીજસખા શ્રી સુદામાજીએ સાથે રહી વિદ્યાભ્યાસ કર્યો હતો શ્રી આચાર્ય ચક્રચૂડામણી શ્રી મહાપ્રભુજીની બેઠક આ સ્થળેજ આવેલી છે.

શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક ગોમતી કુંડ ઉપર અને હાલમાં જ્યાં સાંદિપનિ ઋષિનો આશ્રમ છે ત્યાં એક પીપળાના વૃક્ષ નીચે આવેલી છે. અહીંઆં ઉતરવાનો બંદોબસ્ત થઇ શકે છે.

જ્યારે શ્રી મહાપ્રભુજી આ સ્થાને પધાર્યા ત્યારે અહીંઆં એક પણ વૃક્ષ હતું નહિ તેથી છાયાને માટે વિચાર કરવા લાગ્યા. એટલામાં અકસ્માત એક પીંપળાનું પાંદડું ત્યાં ઉડતું ઉડતું આવ્યું શ્રી મહાપ્રભુજીએ સ્વહસ્તે તે પાંદડાને જમીનમાં દાટયું અને તેના ઉપર સંધ્યાનું જળ સિંચન કર્યું તે પાંદડામાંથી માત્ર એક રાત્રિમાંજ મોટું વિશાળ પીપળાનું વૃક્ષ તૈયાર થઈ ગયું. આ ચમત્કાર જોઈ નગરજનો અત્યંત વિસ્મય પામ્યા. આ પીપળાનું વૃક્ષ થોડા વરસ ઉપર સુકાઈ ગયું તેથી ગામના વૈષ્ણવોએ મળી કોઇ એક મહાનુભાવી વૈષ્ણવ પંડિતને બોલાવી. એક સપ્તાહ–પારાયણ કરાવ્યું એટલે પ્રભુ ઇચ્છાથી એ શુષ્ક વૃક્ષના થડમાંથી ત્રણ ફણગા ફુટી નીકળ્યા ને પીપળો નવપલ્લવ થઈ ગયો જે અદ્યાપિ પણ તેવોજ ઘટા ટોપ જેવો છે ને પ્રભુ શીતળ છાયામાં બિરાજે છે. ભાવપૂર્વક કરેલી ભક્તિનું ઉપરોક્ત દૃષ્ટાંત છે. શ્રી મહાપ્રભુજીએ અહીંઆં પારાયણ કર્યું હતું. અનેક માયાવાદીઓનું ખંડન કરી બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. બધા માયાવાદી પંડિતોએ

મળી આચાર્યશ્રીને વિનંતિ કરી કે અમને શરણે લ્યો તેથી આપશ્રીએ તેમને રૂદ્રાક્ષ ઉતારી સ્નાન કરી આવવા આજ્ઞા દીધી તેથી સઘળા પંડિતો ગોમતી કુંડમાં સ્નાન કરી રૂદ્રાક્ષ ઉતારી શ્રીની સન્મુખ આવ્યા. પછી શ્રી આચાર્યજીએ તેમને ગદ્ય મંત્રનો શ્લોક આપી શરણે લીધા. અહીંઆં ઝારીજી ચરણસ્પર્શાદિની સેવા થઇ શકે છે. સેવાનો લાભ લેઇ યથાશક્તિ ભેટ વિગેરે કરવી.

બેઠકેથી પાછા ગામમાં આવી શ્રી વલ્લભી સંપ્રદાયનાં બીજાં મંદિરો છે ત્યાં અવશ્ય દર્શન કરવા જવું (૧) [૧]શ્રીનાથજીનું મંદિર આ શ્રીનાથજીનું સ્વરૂપ શ્રીનાથજી મેવાડમાં બિરાજે છે તેઓશ્રીના જેવડુંજ મોટું સ્વરૂપ છે (૨) શ્રી ગોવર્ધનનાથજી આ સ્વરૂપ પદ્મનાભદાસજીના વંશજને માથે બિરાજે છે (૩) શ્રી મદનમોહનજી આ મંદિર કોટાવાળા શ્રીરણછોડલાલજીના માથે બિરાજે છે (૪) શ્રી પુરૂષોત્તમલાલજીનું મંદિર અને (૫) શ્રીનાથજીનું બીજું મંદિર સરાફામાં છે અહીં બધે દર્શન કરવાં.

શ્રીમહાપ્રભુજીના પરમકૃપાપાત્ર ચોરાશી વૈષ્ણવોમાંના પદ્મરાવળ[૨] સાચોરા બ્રાહ્મણ આજ ગામના રહીશ હતા. શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીઅષ્ટભુજાજી ઠાકોરજી પધરાવી આપેલા હતા. જે હાલ વિરમગામમાં શ્રીજયદેવલાલજી મહારાજને માથે બિરાજે છે. તે સિવાય આ શહેરમાં એક નારાયણદાસ (ઝહાઝવાળા) વૈષ્ણવ રહે છે તેમને ઘેર પણ શ્રીઠાકોરજી બિરાજે છે. લાખોની સમૃદ્ધિ છતાં આ ભાવુક વૈષ્ણવનું

---

૧ શ્રીનાથજીનાં ત્રણ સ્વરૂપ પૈકી ઇંદ્રિદમન વ્રજમાં શ્રીગિરિરાજ ઉપર બિરાજતા તે હાલમાં મેવાડ–સિંહાડમાં બિરાજે છે. દેવદમન અહીંઆં બિરાજે છે અને નાગદમન વડોદરામાં બિરાજે છે.

૨ વધુ માટે જુઓ ૮૪ વૈષ્ણવની વાર્તા.

મન પ્રભુ સેવા ને સ્મરણમાં લાગી રહેલું છે. યાત્રાળુ વૈષ્ણવોએ આવા કૃપાપાત્ર વૈષ્ણવનો સત્સંગ કરવા ચુકવું નહિ.

ઉજ્જનમાં વિષ્ણુસાગર, ગોવર્દ્ધન સાગર, રુદ્રસાગર, પુરૂષોત્તમ સાગર, ક્ષીરસાગર, પુષ્કરસર, રત્નાકર સાગર, નામનાં સાત તળાવો પ્રસિદ્ધ છે. જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ પણ આ ક્ષેત્ર અગત્યનું છે. આ સ્થળે જયપુરના મહારાજાની એક વેધશાળા છે જેવી રીતે યુરોપના જ્યોતિષોએ ગ્રીનીચને સમાન્તર માન્યું છે તેવીજ રીતે આર્ય જ્યોતિષોએ આ સ્થળને સમાન્તર ગણ્યું છે. અને સારણી વખતે આ નગરના અંશોને ગ્રહિત તરીકે ગણુવામાં આવે છે. વિક્રમાબ્દ સંવત તે આ નગરના રાજા વિક્રમાદિત્યના નામ ઉપરથીજ ચાલે છે. આ શહેરમાં પ્રતિ કાર્તિકી પૂર્ણિમાને દિવસે મોટો મેળો ભરાય છે. જ્યારે વૃશ્ચિક રાશીના બ્રહસ્પતિ થાય છે ત્યારે અહીંઆં મોટી યાત્રા ભરાય છે. અને લક્ષાવધિ યાત્રાળુઓ દેશ પરદેશથી આવે છે. વૃશ્ચિકના બ્રહસ્પતિમાં ઉજ્જેનમાં કુંભ યોગ થાય છે. કુંભના બ્રહસ્પતિ હરદ્વારમાં, વૃષભના પ્રયાગમાં અને સિંહના બ્રહસ્પતિ નાશિક ક્ષેત્રમાં થાય છે. આ કુંભયોગમાં સર્વતીર્થો આ સ્થાનોમાં પધારે છે અને તેથી પ્રતિ તેર વર્ષે આ ક્ષેત્રોમાં મોટી યાત્રા ભરાય છે અને હિંદુસ્તાનમાંથી તેમ ઠેક ઠેકાણેથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ, સંત–સાધુ, મહાત્માઓ આવે છે.

ઉજ્જેનથી ભોપાલની લાઇન જાય છે તે લાઇનદ્વારા ભોપાલથી માણેકપુર થઈ ચિત્રકુટ જવાય છે. પરંતુ આપણે બીજે રસ્તે થઈ આ સ્થળે આવવાનું હોવાથી ચિત્રકુટ સંબંધી ઉલ્લેખ આગળ ઉપર કરવામાં આવશે. વૈષ્ણવોએ અહીંથી પાછા નાગડા આવવું અને નાગડા મથુરા રેલ્વેદ્વારા કોટા તથા બુંદી જવું.

તીર્થક્ષેત્ર કોટા.

નાગડા મથુરા રેલ્વેદ્વારા જતાં વચ્ચે કોટાનું જંકશન આવે છે. નાગડાથી થોડાં સ્ટેશનો મુકયા પછી કોટાસીટી અને કોટા જંકશન સ્ટેશનો આવે છે. નાગડા અને કોટાની વચ્ચે ૧૪૦ માઇલનું અતર છે. આ રેલ્વે મુંબઇથી નાગડા, કોટા, મથુરા ઉપર થઇ દીલ્હી જાયછે. આપણે કોટાસીટીના સ્ટેશને નહિ ઉતરતાં કોટા જંકશન ઉતરવું. સ્ટેશનથી શહેર લગભગ બે માઇલ દૂર છે. ઉતરવાને માટે શ્રીમથુરેશજીના મંદિરની પાસે એક ધર્મશાળામાં બધી સગવડ થઈ શકે તેમ છે માટે ત્યાં જવું.

(મારવાડનો રજપુતાનાનો મુલક તેની પૂર્વની ગૌરવતાનું સહજ ભાન કરાવે છે. રજપુતોએ સ્વદેશ માટે આત્મભોગ આપ્યાની વાતો ઇતિહાસમાં મોજુદ છે. યાત્રાળુઓએ આવા ચીર સ્મરણીય નગરોની મુલાકાત લેતાં કેટલીક ઐતિહાસ ઘટનાઓ પણ જાણવા પ્રયત્ન કરવો વૈષ્ણવોને કદાચ આ ઉપદેશ અરૂચિ કર્તા થઇ પડશે એમ મને શંકા છે. ધાર્મીક દૃષ્ટિએ લખાયલા આ ગ્રંથને આવી હકીકતોની જરૂર ઝાઝી હોય નહિ છતાં સાધારણ ઉલ્લેખજ આપ્યો છે.)

કોટા શહેર ચંબલ (ચરણગંગા) નદીના કિનારા ઉપર છે. નદીનું જળ ઉત્તમ હોઈ તથા નદી ઉપર ઘાટ બાંધેલા હોવાથી શહેરની રમણીયતામાં ઓર વધારો થાય છે. શ્રી મથુરાંનાથજીનું મંદિર પણ ચંબલ નદીના કિનારે આવેલું છે. આ શ્રીમથુરાનાથજીનું સ્વરૂપ મહાનુભાવી કોટયાવધિમાં વિરલા એક એવા ભગવદીય પદ્મનાભદાસને માથે શ્રીમહાપ્રભુજીએ પધરાવી આપ્યું હતું શ્રીમહાપ્રભુજીને આ સ્વરૂપ કરણાવલમાં શ્રીયમુનાજીના કિનારા આગળ એક ધસ તુટી પડ-

વાથી પ્રાપ્ત થયું હતું. હાલમાં આ સ્વરૂપ આજ સ્થળે ગોસ્વામીશ્રી રણછોડલાલજી મહારાજને માથે બિરાજે છે. જ્યારે ભગવદીય પદ્મનાભદાસજી શરીરે અશક્ત થયા ત્યારે શ્રીમથુરાનાથજી નિજ ઇચ્છાથી શ્રીમહાપ્રભુજીને ત્યાં પધાર્યા હતા. અને ત્યાર પછીથી સદા સર્વદા શ્રીવલ્લભકુળના બાળકોને માથે બિરાજે છે.

પદ્મનાભદાસ ભગવદીય ઘણાજ ભાવુક વૈષ્ણવ હતા. તેમની શ્રીઠાકોરજી ઉપર અથાગ પ્રીતિ હતી. શ્રીપંચામૃત ગ્રન્થમાં એમના સંબંધમાં લખે છે કેઃ—

હરિજન હરિપદમેં રતિ, છિનુ છિનુ નવ અનુરાગ;
કોટિનમેં વિરલાજના, પદ્મનાભ મહાભાગ.
વિલંબહોત ભોજન સમે, વ્યાપારી દીએ દામ;
સુતા સગાઈ જ્યાં કરી, તહાં વર વૈષ્ણવ નામ.
એક સમે સુખ સેજમેં, અનુભવ આજ્ઞા પાય;
કીયે સંયોગી યુગલરસ મહાલક્ષ્મી પધરાય.

(શ્રી પંચામૃત. પૃષ્ઠ ૫૫)

હાલમાં શ્રીરણછોડલાલજી મહારાજ લીલામાં પધાર્યા હોવાથી શ્રીમથુરાનાથજીના ટીકેત તરીકે શ્રીજીદ્વારવાળા શ્રીગોસ્વામી તિલકાયિત શ્રીદામોદરલાલજીને ગોદ લીધા છે એમ સાંભળવામાં આવ્યું છે. વળી એમ પણ સંભળાય છે કે મુંબઇવાળા શ્રીદ્વારકેશલાલજીને ગોદ લીધા છે ગમે તેમ હો પણ હાલમાં ત્યાં શ્રીગોસ્વામી બાળક બિરાજે છે.

આ શિવાય અહીઆં બીજાં ઘણાં મંદિરો છે તે મંદિરોમાં શ્રીઠાકોરજીનાં સ્વરૂપો બિરાજે છે તેનું વર્ણન નીચે પ્રમાણે છેઃ—

(૧) શ્રીછોટામથુરેશજીનું સ્વરૂપ તે શ્રીમહાપ્રભુજીનું સેવ્ય છે

અને ભગવદીય પદ્મનાભદાસજીનાં દીકરી[1] તુળસાના શ્રીઠાકોરજી તરીકે ઓળખાય છે. હાલ આ સ્વરૂપ શ્રીમુરલીધરજી મહારાજને માથે બિરાજે છે.

(૨) શ્રીનવનીતપ્રિયાજીનું મંદિર છે. તેમાં શ્રીનવનીતપ્રિયાજી શ્રીમહાપ્રભુજીના સેવ્ય અને હરિવંશ પાઠકના ઠાકોરજી બિરાજે છે.

(૩) શ્રીમદનમોહનજી શ્રીગુસાંઇજીના સેવ્ય અને ખંભાતના વૈષ્ણવ બસોબાવન ભગવદીય પૈકી એક સહજપાળદોસીના ઠાકોરજી તે શ્રીમુરલીધરજી મહારાજને માથે બિરાજે છે.

(૪) શ્રીગોકુળનાથજી શ્રીગુસાંઇજીના સેવ્ય અને હરિદાસ ખવાસના ઠાકોરજી તે શ્રીગોપાળલાલજી મહારાજના માથે બિરાજે છે.

(૫) શ્રીવ્રજેશ્વરજી શ્રીસ્વામીનીજી સહિત શ્રીગુસાંઇજીના સેવ્ય સુરતના શાહુકારના બેટાની વહુ પાંજરાવાળાં શેઠાણીએ સેવેલા તેમના શ્રીઠાકોરજી અત્રે બિરાજે છે.

(૬) શ્રીમદનમોહનજી શ્રીગુસાંઇજીના સેવ્ય ભગવદીય ત્રિધરા કેશવજીભટ્ટના શ્રીઠાકોરજી હાલમાં શ્રીકમળાબેટીજીને માથે બિરાજે છે.

(૭) શ્રીબાળકૃષ્ણજી શ્રીગુસાંઇજીના સેવ્ય વાગરોધી કાશીભટ્ટના શ્રીઠાકોરજી તે ઉપાધીઆ વામનજી મગનજીને માથે બિરાજે છે.

(૮) શ્રીબાળકૃષ્ણજી શ્રીગુસાંઇજીના સેવ્ય અને હરિકૃષ્ણભટ્ટના શ્રી ઠાકોરજી શ્રીચંદ્રાબેટીજીને માથે બિરાજે છે.

(૯) શ્રીબાળકૃષ્ણજી શ્રીગુસાંઇજીના સેવ્ય અને કાશીબાઇના ઠાકોરજી તે શ્રી જમુનાબેટીજીના માથે બિરાજે છે.

---

૧ આ સ્થળે અમો વૈષ્ણવોને "૮૪વૈષ્ણવની વાર્તા" કે જે અમારા તરફથી પ્રકટ થઇ છે તેમાં આ પદ્મનાભદાસ તથા તેમના કુટુંબની વાર્તા વાંચવા આગ્રહપૂર્વક વિનંતી કરીએ છીએ.

(૧૦) શ્રીમદનમોહજીનું મંદિર-શ્રીગુસાંઇજીનાં બેટીજી શ્રીદેવકીબેટીજી-કમલાબેટીજીના સેવેલા શ્રીઠાકોરજીનું સ્વરૂપ છે.અહીંઆં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, તથા શ્રીગોકુળનાથજીનાં હસ્તાક્ષર તથા પાદુકાજી બિરાજેછે.

આ સિવાય શ્રીમહાપ્રભુજી તથા બડેશ્રીમહાપ્રભુજીનું મંદિર છે. તેમ દરબારગઢમાં પણ ચાર મંદિર છે. એકંદરે કોટામાં ૧૫ થી ૨૦ મંદિરો આવેલાં છે. ત્યાં દરેક સ્થળે દર્શન કરવા જવું.

આ દરેક મંદિરોમાં દરેક વૈષ્ણવોએ અવશ્ય દર્શન કરવા જવુ અહિંઆં સઘળા મંદિરોમાં શ્રીમહાપ્રભુજીનાં તથા શ્રીગુસાંઇજીનાં પાદુકાજી, વસ્ત્ર સેવા વિગેરે બિરાજે છે માટે ભગવદીયોએ યથાશક્તિ તનુજા, વિત્તજા સેવા કરવી આ સેવ્ય સ્વરૂપોના સંબંધમાં ચોરાશી વૈષ્ણવોની વાર્તાઓ વાંચવી.

સંવત ૧૯૬૪ ની સાલમાં શ્રીરણછોડલાલજી મહારાજે શ્રીમથુરાંધીશને શ્રીજીદ્વારમાં અને ત્યાંથી વ્રજમાં અને ત્યાંથી પાછા કોટામાં પધરાવી અપૂર્વઆનંદ કરાવ્યો હતો. આ કાર્યમાં કોટાનરેશ મહારાવજી ઉમેદસિંહજીએ શ્રીની સેવામાં જોઇતી સગવડો કરી આપવામાં ઘણીજ મદદ કરી હતી.

અહીંઆં આવેલાં મંદિરોમાં દર્શન સેવાનો લાભ લઇ પ્રથમ વૈષ્ણવો શેરગઢ જતા હતા. આ શેરગઢમાં પહેલાં શ્રી કલ્યાણરાયજી તથા શ્રી કર્પુરરાયજી જેઓ હાલ વડોદરાંમાં શ્રી દાઉજીના મંદિરમાં બિરાજે છે. તે અહીંઆં બિરાજતા હતા. (જુઓ વડોદરાની યાત્રા પાન ૮૮) અત્યારે અહીંઆં એક સ્વરૂપ મંદિરમાં બિરાજે છે. હાલમાં શ્રી કલ્યાણરાયજી વડોદરે બિરાજતા હોવાથી વૈષ્ણવોને આવા વિકટ પ્રદેશમાં જવાનું રહ્યું નથી.

તીર્થક્ષેત્ર બુંદી.

કોટામાં મુકામ કાયમ રાખી અહીંથી દશ ગાઉ દૂર બુંદી ગામમાં જવું ગામ બહાર દરવાજા આગળ ધર્મશાળા છે ત્યાં મુકામ કરવો. ત્યાર બાદ ગામમાં દર્શન કરવા જવું. બુંદીમાં મુખ્ય મંદિર શ્રીગોપાળલાલજીનું છે આ સ્વરૂપ શ્રી ગુસાંઇજીના કૃપાપાત્ર ભગવદીય વૈષ્ણવ લાડબાઇને માથે શ્રી ગુસાંઇજીએ પધરાવી આપ્યું હતું આ મંદિર કોટાવાળા શ્રી રણછોડલાલજીના તાબામાં છે અહિંઆં શ્રી ગુસાંઇજીનાં શ્રી પાદુકાજી બિરાજે છે. મંદિરના મુખ્યાજી મન્નાલાલજી ઘણા ભાવુક છે અને તેઓ રાત્રે તેમજ દિવસે પણ અવકાશે ભગવદ્વાર્તા કરી વૈષ્ણવોને આનંદ કરાવે છે. બુંદીથી કોટા પાછા ફરતાં આશરે પાંચ ગાઉની હદમાં " એક શ્રીકૃષ્ણવિલાસ " નામનો બાગ છે ત્યાં શ્રી નાથજીની ચર્ણચોકી બિરાજે છે. અહીંઆં વ્રજમાંથી શ્રી નાથજી મેવાડ પધાર્યા ત્યારે મુકામ કર્યો હતો તે સ્થળે ચરણ ચોકી છે માટે ત્યાં દર્શન કરી પાછા કોટા આવી મથુરા જવું.

વૈષ્ણવો ! આપણે યાત્રા કરતા કરતા એક રસ્તે બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વેદ્વારા અજમેર થઇ મથુરા સુધી પહોંચ્યા છીએ. બીજી બાજુએ વીરમગામ થઈ કાઠીઆવાડની યાત્રા પુરી કરી કરાંચી સુધી જઈ પહોંચ્યા છીએ. વચમાં નાગડા, મથુરા રેલ્વેદ્વારા એ ભાગની યાત્રા કરી મથુરા સુધી આવ્યા છીએ. વળી પ્રકરણ ૧૦ માં આપણે જોયું કે મારવાડ જંકશનથી એક લાઇન જોધપુર બીકાનેર જાય છે. અને તે દ્વારા સિંધ–હૈદ્રાબાદ ને કરાંચી જવાય છે. મથુરા તથા વ્રજની યાત્રાનું વર્ણન કરતા પહેલાં મારવાડ જંકશન થઇ જોધપુર, બિકાનેર, જેસલમિર વિગેરે સ્થળોએ યાત્રા કરી આ લાઇનને કરાંચી સાથે મેળવી દઇશું ને ત્યાંથી સિંધ પ્રદેશની મુસાફરી કરી હરદ્વાર જઇશું. ત્યારબાદ મથુરા તથા વ્રજની યાત્રા કરી દીલ્હી

થઇ હરદ્વારનો સંબંધ આગળ ઉપર જણાવીશ.

મારવાડ જંકશનથી ગાડી બદલાતાં લૂણીનું જંકશન આવે છે. અહીંથી એક લાઇન સિંધ-હૈદ્રાબાદ જાય છે જે દ્વારા કરાંચી જવાય છે. બીજી લાઇનમાં લૂણીથી આગળ જતાં જોધપુર આવે છે અહીંઆં ઉતરવું.

તીર્થક્ષેત્ર જોધપુર.

લૂણીથી જોધપુર ૨૦ માઇલ અને મારવાડ જંકશનથી ૬૫ માઇલ દૂર છે. જોધપુર એક ઐતિહાસિક અને પ્રસિદ્ધ શહેર છે. આ રાજ્ય રાઠોડ જાતના રજપુતોનું છે, અને તેઓ શ્રી રામચંદ્રજીના વંશના છે જોધપુરમાં નિવાસ સ્થાનો, દેવમંદિરો, અને તળાવોનો દેખાવ અતિ રમણિય છે, રાજ્યમહેલ, અને નવા આવાસ પણ ધ્યાન ખેંચે તેવા છે, નળદ્વારા શહેરને પાણી પુરૂં પાડવાની યોજના અહીં પણ કરવામાં આવેલી છે અહીં ઉતરવાને માટે ગામમાં ધર્મશાળામાં અથવા મંદિરમાં મુકામ કરવો,

આ પ્રદેશમાં લૂણી નદી વહે છે, ગુજરાતમાં જે નદી સાબરમતીના નામથી ઓળખાય છે તેજ લૂણી છે, ગોવિંદગઢ પાસે લુણી અને સાબરમતીનો સંગમ થાય છે. અને ત્યાંથી સાબરમતી તરીકે ઓળખાય છે. નદીના પ્રવાહને લીધે ઘઉં તથા જવનું વાવેતર સારૂ થાય છે. વળી આ પ્રદેશમાં મીઠું બનાવવા જેવાં સ્થળો આવેલાં છે. ખારો અને મુલતાની માટીની પેદાશ આ પ્રદેશનીજ છે. જોધપુરની પાસે ઓસાનગર છે તે ઓશવાળ જાતના વાણિયાનું ઉત્પત્તિ સ્થાન છે એમ કહેવાય છે.

જેમ મેવાડ પોતાની ટેક અને શુરવીરતાને માટે પ્રસિદ્ધ છે તેમ મારવાડનો પ્રદેશ પણ ટેક અને શુરવીરતામાં અદ્વિતિય છે મોગલ

પાદશાહો સામે આ પ્રદેશનાં રાજયોએ મજબુત ટક્કર ઝીલી હતી અને પોતાની ટેક જાળવી રાખી હતી મહાન્ મોગલ પાદશાહ અકબરશાહે આ પ્રદેશને જીતીને ખંડીઓ બનાવ્યો હતો પરંતુ તેમ કરતાં અકબરશાહ ને જે જે વિટમ્બણાઓ પડી હતી તેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

જોધપુર કિલ્લેબંધી શહેર છે. અહીંથી બે ગાઉ દૂર મંડાર નગર આ રાજયની જૂની રાજ્યધાનીનું શહેર છે અને ત્યાંથી થોડેક દૂર તેત્રીસ કરોડ દેવતાઓનું મોટું મંદિર આવેલું છે. જૈનોનાં દેરાસરો આ ભાગમાં ઘણાં જોવામાં આવે છે.

અહીંઆં મોટું મંદિર **શ્રી મદનમોહનજીનું** છે તેમાંશ્રી મદનમોહનજીનું સ્વરૂપ બિરાજે છે. આ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીને શ્રી ગંગાજીમાંથી સ્નાન કરતી વખતે પ્રાપ્ત થયું હતું. અને તે કાશી નિવાસી મહાન્ ભગવદીય [1]શેઠ પુરૂષોત્તમદાસને માથે પધરાવી આપ્યું હતું. આ સ્વરૂપ અત્રસ્થાને શ્રી ગિરધરલાલજી મહારાજ માથે બિરાજે છે. બીજુ મંદિર શ્રી બાળકૃષ્ણલાલજીનું છે અને તે શ્રી યમુનાજીમાંથી પ્રાપ્ત થએલા શ્રી મહાપ્રભુજીના સેવ્ય અને ભગવદીય [2]કટહરીઆ ક્ષત્રીના શ્રી ઠાકોરજી હાલમાં શ્રી વ્રજાધિશજી મહારાજને માથે બિરાજે છે. તે ઉપરાંત શ્રી મુરલીમનોહરજીનું સ્વરૂપ બિરાજે છે.

જોધપુરમાં શ્રી વલ્લભકુળના બાળકો બિરાજતા હતા. પરંતુ

---

૧ જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તા.

૨ આ ભગવદીય શ્રી ગુંસાઇજીના પરમ કૃપાપાત્ર હતા. અને તે બસોબાવન વૈષ્ણવમાંના એક છે. શ્રી ગુસાંઇજીની કૃપાથી ચોરી કરનાર મનુષ્યને મારનાર કટહરીયા ક્ષત્રી શ્રી નાથજીની અતુલ કૃપાને પ્રાપ્ત કરી ભગવદલીલાનું અવગાહન કરનાર થયા તેનું આ બોધક દૃષ્ટાંત છે તેમણે અનેક પદો બનાવ્યાં છે.

હાલમાં તે બાળકો જુનાગઢમાં અને મુંબઇમાં ગોદ પધારવાથી ત્યાં બિરાજે છે.

અહીંઆં વૈષ્ણવોએ દર્શન કરી બીકાનેર જવું.

જોધપુરથી મેરતારોડ અને ત્યાંથી બિકાનેર જવાય છે. બિકાનેરથી સીધા ભટીંડા જવાય છે. અને ત્યાંથી પંજાબના ભાગની મુસાફરી થઈ શકે છે. પરંતુ આપણે કરાંચી થઇ પંજાબ જવાનો ઉલ્લેખ આગળ ઉપર વાંચી ગયા છીએ એટલે બિકાનેર જવું. બિકાનેરથી પાછાજ ફરીશું. બિકાનેરમાં ધાર્મીક દૃષ્ટિએ કંઇ લખવા જેવું નથી. પરંતુ અહીંઆં પ્રથમ શ્રી ગોકુલચંદ્રમાજી તથા શ્રીમદનમોહનજી ઠાકોરજીનાં સ્વરૂપો જે હાલમાં કામવનમાં બિરાજે છે તે બિરાજતાં હતાં. ઉક્ત સ્વરૂપો તે પહેલાં જયપુરમાં બિરાજતાં હતાં પરંતુ જયપુરના રાજા તરફથી ઉપદ્રવ થયો ત્યારે કામવન પધારતાં રસ્તામાં આ સ્થળે સાંભળવા પ્રમાણે છ વરસ સુધી પધરાવેલાં હતાં તે વખતે ત્યાંના નરેશે શ્રી ઠાકોરજીને ત્યાંજ પધરાવવા આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરી હતી પરંતુ જળના સંકોચને લીધે તેમજ શ્રી ઠાકોરજીની ઇચ્છા તે સ્થળે બિરાજવાની નહિ હોવાથી કામવનમાં પધરાવેલા છે. જે અદ્યાવધિ ત્યાંજ બિરાજે છે. બિકાનેરના હાલના નરેશ વૈષ્ણવ ધર્મના અનુયાયી છે.

તીર્થક્ષેત્ર ચાપાસેની.

બિકાનેરથી પાછા જોધપુર આવવું અને અહીંથી પગરસ્તે સાત ગાઉ દૂર ચાપાસેની છે ત્યાં જવું.

ચાપાસેનીમાં શ્રી વલ્લભકુળના બાળકોમાં હાલ શ્રી વિઠ્ઠલનાથજી તથા તેમના બે લાલજી શ્રી દ્વારકેશલાલજી તથા શ્રી વ્રજનાથલાલજી બિરાજે છે. તે પહેલાં શ્રી દામોદરલાલજી બિરાજતા હતા, તેઓશ્રીના લીલામાં પધાર્યા પછી તેમના લાલજી શ્રી ગોકુલનાથજી બિરાજતા પણ

તે હાલમાં મુંબઇમાં મોટા મંદિરમાં ગોદ પધાર્યા છે.

અહીંઆં મુખ્ય મંદિર ૧ **શ્રી શ્યામમનોહરજીનું** છે. આ શ્રી ઠાકોરજી શ્રી મહાપ્રભુજીના સેવ્ય છે અને બડે સુરદાસજીના માથે પધરાવેલા હતા. આ સ્વરૂપે "સુરસ્યામ" એ સંજ્ઞાથી સુરદાસના સંકલ્પનાં અધુરાં પદ ગાયાં છે. સુરદાસજી પોતે પદ બનાવતા અને શ્રી ઠાકોરજી સન્મુખ ગાતા હતા. બીજું મંદિર **શ્રી બાળકૃષ્ણલાલજીનું** છે. તેમાં શ્રી ગુંસાઇજીના સેવ્ય અને શ્રી સત્યભામા બેટીજીએ સેવા કરેલા શ્રી મદનમોહનજીનું મંદિર છે. ચોથું સ્વરૂપ શ્રી મદનમોહનજીનું છે. અને તે જેમલસીંગ રાજાની બહેનના શ્રી ઠાકોરજી શ્રી ગુસાંઇજીના સેવ્ય છે.

ચાંપાસેનીમાં ઉપર દર્શાવેલાં મંદિરમાં દર્શનાદિ કરી જોધપુર પાછા આવવું ને ત્યાંથી રેલ્વેદ્વારા બારમેર જંકશન થઇ જેસલમેર જવું.

તીર્થક્ષેત્ર [1]જેસલમેર.

બારમેર જંકશનથી આશરે બાર માઇલ દૂર પગરસ્તે જેસલમેર જવાય છે. અહીંઆં **શ્રી હરિરાયજી મહાપ્રભુજીની** બેઠક છે. શ્રી હરિ-

૧. જેસલમેરમાં એક જૈન દેરાસરમાં અત્યારે તંત્ર વિદ્યાનું પુસ્તક મોજુદ છે. આ પુસ્તકને ઘણુંજ પવિત્ર માનવામાં આવે છે. અને તેથીજ આ હસ્ત લિખત ગ્રંથને જેસલમીરના ચિંતામણી મંદિરમાં સાંકળ સાથે બાંધીને અદ્ધર લટકાવી રાખવામાં આવે છે. અને જ્યારે તેમના નવા આચાર્ય ગાદી ઉપર આવે છે ત્યારે તમને સોંપવાની ખાતરજ ઉતારવામાં આવે છે. અથવા જ્યારે નવું પુંઠું ચઢાવવાનું હોય ત્યારે ઉતારવામાં આવે છે. એવું કહેવાય છે કે એક બાઇએ આ તંત્ર વિદ્યાનું પુસ્તક તસ્કર વિદ્યાથી લેવાનો વિચાર કર્યો પરંતુ આંધળી થઇ જવાથી બન્યું નહિ.

(ટૉડ રાજસ્થાન.)

રાયજી મહાપ્રભુજીએ આ સ્થળે સમાહ કરી ઘણા દૈવીજીવોને શરણે લેઇ ઉદ્ધાર કર્યો હતો. બેઠકમાં શ્રી ઝારીજી ચરણસ્પર્શાદિની સેવા થઇ શકે છે માટે વૈષ્ણવોએ સેવાનો લાભ લઇ પાછા બારમેર આવવું.

આ તરફ જૈનોનાં દેરાસરો ઘણાં જોવામાં આવે છે તેમજ જૂના લેખો તથા હસ્ત લિખિત જૈનોના અને અન્ય બાબતોના ગ્રંથો મળી આવે છે. મહાશય ટૉડ જ્યારે આ તરફ આવેલા ત્યારે તેમને કેટલાક પ્રાચીન લેખો તથા હસ્ત લિખિત ગ્રંથો ઘણા મળી આવ્યા હતા. તેજ તથા એવા બીજા અન્ય પ્રદેશમાંથી મળી આવેલા પ્રાચીન લેખો તથા ગ્રંથો તેઓએ બનાવેલું 'ટૉડ રાજસ્થાન' માં સાધનભૂત થયા હતા.

તીર્થક્ષેત્ર નગરઠઠ્ઠા.

બારમેર જંકશનથી છોર અને મીરપુરખાસ સ્ટેશનો મુકયા પછી સિંધ-હૈદ્રાબાદ આવે છે. અને ત્યાંથી કોટરી જંકશન આવે છે. કોટરીથી એક લાઇન ક્વેટા જાય છે. અને બીજી પંજાબ તરફ લંબાવેલી છે. આપણે અહીંથી ઠઠ્ઠા (નગરઠઠ્ઠા) તરફ જવાની જરૂર છે. માટે કોટરીથી જુંગશાહી સ્ટેશને ઉતરી ઠઠ્ઠા જવું. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પૃથ્વી પ્રદક્ષિણા કરતા કરતા આ સ્થળે પધાર્યા હતા અહીં શ્રીએ અત્રેના તે વખતના દીવાન [1]નારાયણદાસને ત્યાં પોતાનો મુકામ કર્યો હતો.

---

૧ શ્રી આચાર્યશ્રીએ આ ભગવદીયને નારાયણસર ઉપર શરણ મંત્ર આપ્યો હતો. આ ભગવદ્દાસનો વૈષ્ણવો ઉપર અનહદ પ્રેમ હતો. પોતે રાજાના કોપથી કેદમાં હોવા છતાં દંડની થેલીઓ રાજાને ત્યાં નહિ મોકલતાં વૈષ્ણવોને આપી અને પોતે પ્રાણાંત શિક્ષા ખમવા તૈયાર થયા હતા. ખરેખર વૈષ્ણવનું પૂર્ણ સ્વરૂપ નારાયણદાસેજ અનુભવ્યું હતું. આ સંબંધમાં મહાનુભાવી શ્રી હરિરાયજી

આ સ્થળે ચાલુ વર્ષની છઠ્ઠા વૈષ્ણવ પરિષદ્‌નું અધિવેશન ગોસ્વામી શ્રી રણછોડલાલજી (પોરબંદરવાળા) મહારાજશ્રીના પ્રમુખપણા નીચે થયું હતું. ગોંડલ સ્ટેટના દીવાન રા. બ. રણછોડદાસ પટવારીએ પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. મહારાજશ્રીએ સ્વધર્મનું રક્ષણ તથા ઉન્નતિના ઉપાયો સૂચવનારૂં ઘણુંજ વિદ્વતા ભરેલું ભાષણ આપ્યું હતું. (આ ભાષણ માટે જુઓ "વૈષ્ણવધર્મપતાકા" તથા "પુષ્ટિ સુધા" માસિક. અહીંયાં એક પુષ્કરણા બ્રાહ્મણને ત્યાં શ્રી મહાપ્રભુજીનાં પાદુકાજી બિરાજે છે. હાલ તે કાર્ય વશાત્ કરાચી રહે છે.

છઠ્ઠી વૈષ્ણવ પરિષદ્ સંમેલનમાં વૈ. સુંદરદાસ વીરભાણ તથા અન્ય વૈષ્ણવો તન મન ને ધનથી પરિષદ્‌ની સેવામાં કટિબદ્ધ થઈ રહ્યા હતા.

તીર્થક્ષેત્ર કરાંચી.

દફાથી પાછા જુંગશાહી સ્ટેશન થઈ કરાંચી આવવું. કરાંચી હાલનું વેપારનું મુખ્ય સ્થળ છે. બ્રિટિશ અમલના પહેલાં આ સ્થળે કલાચી નામનું બંદર હતું હાલ તે બ્રિટિશ અમલના વખતથી દિન પ્રતિદિન ઉન્નતિમાં આવતું ગયું છે. અત્યારે ત્યાં ઘણોજ સુધારો થયો છે. દવાખાનાં, નિશાળો, સંગ્રહસ્થાન, મ્યુઝીયમ વિગેરે જોવા લાયક સ્થળો આવેલાં છે. અહીંથી સ્ટીમરો મારફતે કાઠીઆવાડનાં કેટલાંક બંદરો તથા મુંબાઈ બંદર સાથે વેપાર ચાલે છે.

પણ કહે છે કેઃ—"હોં વારી ઇન વલ્લભીયન પર; મેરે તનકો કરોં બિછોના, શિશધરોં ઇનકે ચરણનતર."

વૈષ્ણવોના સંગથી કેટલો બધો લાભ થાય છે તે આ ભગવદીયની વાર્તામાંથી મળી છે.

વધુ વિગત માટે જુઓ "૮૪ વૈષ્ણવની વાર્તા."

અહીં શ્રી મદનમોહનજીનું મંદિર છે, આ મંદિરમાં પાઠશાળા છે, અહીંના વૈષ્ણવો ઘણા ભાવિક છે, સં. ૧૯૭૮ ની વૈષ્ણવ પરિષદ્‌ને તેમણે આમંત્રણ કર્યું છે.

દ્વારકાથી સીધા સ્ટીમરદ્વારા કરાંચી આવી શકાય છે. વૈષ્ણવ યાત્રીઓને કચ્છમાં ન જવું હોય તો દ્વારકાંથી કરાંચી આવી ત્યાંથી મારવાડમાં મુસાફરી કરી અન્ય સ્થળોએ જવું. પંજાબ નહિ જવાની ઇચ્છા રાખનારાઓએ કરાંચીથી મારવાડમાં ફરી ત્યાંથી હરદ્વાર તરફ પ્રયાણ કરવું.

કરાંચીથી રેલ્વેદ્વારા સીકારપુર થઇ ક્વેટા જવાય છે. ક્વેટામાં ઇંગ્રેજી લશ્કરની છાવણી રહે છે.

રોહરી.

કરાંચીથી રેલ્વેદ્વારા કોટરી–કોટડા આવવું કોટડાથી એક લાઇન નોર્થવેસ્ટર્ન રેલ્વે રોહરી સુધી આવેલી છે. આપણે તે દ્વારા રોહરી જવું કોટરીથી લગભગ ૨૦૦ માઇલ દૂર રોહરી આવેલું છે. રુહુગણ રાજાના નામ ઉપરથી આ સ્થળનું નામ રોહરી પડ્યું હશે એમ અનુમાન થાય છે, શ્રી આચાર્યજી મહાપ્રભુજી નગરઠઠ્ઠાથી આ સ્થળે પધાર્યા હતા. અહીંથી એક રસ્તે હીંગલાજ જવાય છે. આ તરફ શ્રી મહાપ્રભુજી પધાર્યા ત્યારે તેઓશ્રીની સામે યવન સેના ચઢી આવી પરંતુ યવન સેનાધિપતિ તથા સૈનીકોએ શ્રી આચાર્યજીને તેજપુંજ રૂપ તથા અનુયાયીઓને વાઘરૂપ જોયા તેથી ભયભીત થઇ નાશી ગયા હતા. આ ઉપરથી યવનોના ઉપરી શકસરદારે અનુમાન કર્યું કે દશે દિશામાં દિગ્વિજય કરનાર શ્રી વલ્લભાચાર્યજી જ હોવા જોઇએ અને તે બાબતની ખાત્રી કરી માગધ બૌદ્ધને સાથે લઇ ધર્મ નિર્ણય કરવા શ્રી વલ્લભાધિશની પાસે આવ્યા. અને હિંસા અહિંસા

વિષે પ્રશ્ન પૂછ્યો શક સરદારની વિનંતિ ઉપરથી આચાર્યશ્રીએ જણાવ્યું કે ધર્મશાસ્ત્રને અનુસરીને ચાલે તો બન્નેમાં ધર્મ છે. જો ધર્મ શાસ્ત્ર વિરૂદ્ધ ચાલે તો બન્નેમાં અધર્મ છે. વળી સ્વમુખે આજ્ઞા કરીકેઃ—

क्वचिद्गुणोऽपि दोषः स्याद्दोषोऽपि विधिना गुणः ।
गुण दोषार्थनियमस्तद्भिदामेत बाधते ॥

(શ્રીમદ્ ભાગવત)

અર્થાત્ કોઇ વખત ગુણ હોય છે તે દોષરૂપ થઇ જાયછે અને દોષ પણ વિધિવડે ગુણ થાયછે આ પ્રમાણે ગુણ દોષના નિયમ ગુણ દોષને બાધ કરેછે.

વળી સ્વમુખે જણાવ્યું કે તમારા આ પ્રશ્નનો નિર્ણય સામેના વૃક્ષ ઉપર કાક તથા હોલો બેઠા છે તે કરી શકશે. શક સરદાર તે પ્રમાણે સિદ્ધાંતનો નિર્ણય કરી આવ્યો અને આ અનુભવની વાર્તા સાંભળી યવન સરદાર તથા માગધ બૌદ્ધ પોતપોતાના ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ છે એમ સમજી આચાર્યશ્રીને શરણે આવ્યા. યવન સરદાર ત્યાર પછી આર્યખાન એ નામ ધારણ કરી ગાય બ્રાહ્મણ અતિથિ વિગેરેની ભાવપૂર્વક સેવા કરવા લાગ્યો અને દ્વારકામાં રહ્યો. (વધુ વિગત માટે જુઓ શ્રી વલ્લભ ચરિત્ર.)

પંજાબ.

સિંધ–પંજાબનો ભાગ ધાર્મિક દૃષ્ટિએ ઝાઝી અગત્યતા ધરાવતો નથી તેથી વૈષ્ણવોને આ પ્રદેશમાં જવાની જરૂર નથી ફક્ત પંજાબનાં મુખ્ય શહેરોની મુલાકાત લેવાના ઇરાદાથી જવું હોય તો જવું વળી ઉત્તર હિંદુસ્તાનની યાત્રાએ મથુરાથી આગ્રા દીલ્હી વિગેરે સ્થળોએ થઇ જવાય છે તેથી આ ભાગનો ફક્ત સાધારણ ઉલ્લેખ જ આપી પ્રકરણ સમાપ્ત કરીશ.

કોટરીથી એક લાઇન ૩ક જાય છે. રોહરીથી એક લાઇન નીકળે છે તેનો અહીંઆં સંબધમાં મળેલો છે. રોહરીથી આગળ સમારટા જંકશને જવાય છે અહીંથી એક લાઇનિ ભટીંડા તરફ જાયછે જેનો દીલ્હી સાથે સંબંધ છે. બીજો રસ્તો લોધ્રન થઇ લાહોર તરફ જાયછે. ત્રીજો રસ્તો શેરશાહ જંકશનથી પેશાવર તરપ જાયછે ત્યાં થઈ પાછા ફરી લાલમુસા જંકશનથી લાહોર અમૃતસર વિગેરે સ્થળોએ અવાય છે. સમાસ્ટાથી લોધ્રન જંકશન થઇ ખાનેવાલ જવાય છે. આ લાઇનને શેરશાહ જંકશનથી આવતી ગાડી સાથે સબંધ છે. ખાનેવાલથી કાસુર થઇ લાહોર અવાય છે અને અમૃતસર ફરી અંબાલા વિગેરે સ્થળે જવાય છે. રોહરી અને લાહોર વચ્ચે ૪૮૮ માઇલિનું અંતર છે. સમાસ્ટા ભટીંડાની લાઇનિ વચ્ચે ૨૧૭ માઇલનું અંતર છે. આ લાઇનમાં મુખ્ય સ્ટેશનો હીમાયતી, અસરાની, ટમવેલ, બાલુઆના વિગેરે છે. આપણે ઉત્તર હિંદુસ્તાનમાં જવાનું હોવાથી આ બધી લાઇનોની વિગત આપવાની આવસ્યકતા જણાતી નથી. માટે શેરશાહથી પરભાર્યા લાહોરનો રસ્તો લેવો. વચ્ચમાં મુલતાન આવેછે.

મુલતાન.

મુલતાન અથવા તેની આસપાસનો મુલક પૂર્વે હિરણ્યાકસ્યપની રાજ્યધાની હશે એમ અનુમાન થાયછે. હાલનું મુલતાન કસ્યપઋષિએ વસાવેલું કસ્યપપુર હતું. કસ્યપુત્ર હિરણ્યાકસ્યપ જે ભક્તરાજ પ્રલ્હાદજીના પિતા અને જેમને શ્રી વિષ્ણુ ભગવાને નૃસિંહાવતાર ધારણ કરી નખવડે ઉમરા વચ્ચે ચીરી મારી નાંખેલા તે હિરણ્યા કસ્યપની રાજયધાની આ કસ્યપપુરી અથવા હાલનું મુલતાન હશે એમ ચિન્હો ઉપરથી જણાય છે.

અત્યારે મુલતાનમાં એક મંદિર છે તેમાં શ્રી નૃસિંહજી ભગવાને

જેવી રીતે હિરણ્યાકશ્યપને ચીરી નાંખેલા હતા. તેવી રીતની શ્રી નૃસિંહજીની મૂર્તિનાં દર્શન થાય છે. પ્રતિવર્ષે નૃસિંહ ચતુર્દશીના દિવસે મોટી યાત્રા ભરાય છે. આચાર્ય શ્રી મહાપ્રભુજી યાત્રા કરતા આ સ્થળે પધાર્યા હતા. અહીંઆં શ્રીએ પધારી પંચ નદીમાં સ્નાન કરી ત્યાંના કેટલાક જીવોને શરણે લીધા હતા. અહીંઆં પ્રલ્હાદપુરી હતી. એવું અનુમાન નૃસિંહજીના મંદિરની કોઇ કોઇ નિશાનીઓથી થાયછે.

હાલમાં મુલતાન પંજાબનું મુખ્ય નગર ગણાયછે અત્રેનું સુતરાઉ અને રેશમી વણાટ કામ વખણાયછે. અહીંઆંથી ખાંડ રૂ અનાજ વગેરે પરદેશ ચઢેછે. સરકારી ઓફીસો કૅમ્પ વિગેરે આવેલાં છે.

લાહોર.

મુલતાનથી આગળ એજ રેલ્વે દ્વારા લાહોર જવું. વાંચનારાઓને યાદ હશે કે બાંદીકૂઇથી એક લાઇન રેવારી જાયછે. અને ત્યાંથી ભટીંડા સુધી જઇ આગળ લાહોરને મળેછે. બાંદીકૂઇ અને રેવારીની વચ્ચે ૩૬ માઇલનું અંતર છે. ભટીંડા અને દીલ્હીની વચ્ચે ૧૮૫ માઇલનું અને ભટીંડા અને લાહોરની વચ્ચે ૨૩૦ માઇલનું અંતર છે. સુલતાનથી પરભાર્યા લાહોર આવવું.

રાવી નદીને કિનારે આ શહેર આવેલું છે. લગભગ ૨ લાખ ઉપરાંત માણસની વસ્તીવાળું લાહોર કિલ્લેબંધી શહેર છે. અને જોવા લાયક સ્થળો પણ ઘણાં છે. સ્ટેશન ઉપર કોઇ ક્ષત્રી ગ્રહસ્થની ધર્મશાળા આવેલી છે. ત્યાં રહી શકાય છે. પાણીના માટે નળ વિગેરેની પણ સગવડ કરી છે. ટ્રામ ગાડીઘોડા આદિ વાહનો પણ જોઇએ ત્યારે મળી શકે છે. અનારકલબાંડ, લોરેન્સ બાગ, સાલમાર બાગ, સંગ્રહસ્થાન વિગેરે જોવા લાયક છે. વળી અનારકલનો આરસનો મકરૂબો પણ જોવા લાયક છે. અકબર પાદશાહની બેગમ બાદિરા યા

સરિફુ નિશાના સ્મરણાર્થે જહાંગીર પાદશાહે તેની દાટવાની જગ્યાએ મકરબો બંધાવ્યો હતો. કારણ કે જહાંગીર પાદશાહનો આ બેગમ વચ્ચે કંઇક ખોટો સંબંધ હોવાનો વહેમ આવતાં અકબરશાહે જીવતી દટાવી હતી. રાણા રણજીતસિંહનું સમાધી મંદિર પણ આ સ્થળમાં છે. ઔરંગજેબ પાદશાહની બંધાવેલી જુમામસીદ પણ જોવાલાયક છે.

અત્રે વેપારમાં રેશમી અને જરીનું કામ સારૂં થાય છે લાહોરની શીખ પ્રજા પ્રથમ રણજીતસિંહના હાથ નીચે ઘણી બળવાન હતી અત્યારે પણ શીખ લડવૈયાનો જુસ્સો અને શૌર્યતા વખાણવા જેવાં છે. તે રજપૂતોના જેવા ટેકીલા અને બહાદુર છે.

હવે અહીંથી આપણે રાવલપીંડી થઇ શ્રી નગરમાં યાત્રા કરી પાછા ફરી તેજ રસ્તેથી આઉધએન્ડ રોહીલખંડ રેલ્વે દ્વારા દીલ્હી કાળકા રેલ્વે મારફતે હરદ્વાર જઇશું.

શ્રીનગર.

લાહોરથી વઝીરાબાદ અને ત્યાંથી રાવળપીંડી છે. શ્રીનગર આવવાને માટે મુખ્ય પાંચ રસ્તા છે. ૧ જંબુથી. ૨ ગુજરાત ઉપર થઇ બીવર અને પીપરપંજર થઇ. ૩ જેલમ કસ્બામાં પંચ ઉપર થઇને. ૪ રાવળપીંડીથી મરી થઇને અને ૫ હસન અબદલથી અબાટાબાદ થઇને જવાયછે. સરળ રસ્તો રાવળપીંડીથી મરી અને મરીથી બારામુલ થઇ શ્રીનગર જવાનો છે. રાવલપીંડીથી બારામુલાં સુધી ડાકના ટાંગા અથવા બીજા સાધનો દ્વારા જઇ શકાય છે. અને ત્યાંથી આગળ હોડીમાં શ્રીનગર જવાય છે.

શ્રીનગર અથવા કાશ્મીર ભૂલોકનું સ્વર્ગ સ્થળ છે. હિમાલયના બરફમય, રૂપેરી શૃંગો, ફીણવાળા પાણીના વહેતા ધોધ, સર્વત્ર લીલી વનસ્પતિ, જમીન જળ બંબાકાર, મેવા અને વિવિધ પ્રકારના ફળોથી

ભરપૂર અને કુદરતી શોભાઓથી શ્રીનગર મનને આનંદ આપે છે. હિંદુસ્તાનની ઘણી ખરી ભૂમિ આવા કુદરતના પ્રભાવથી રચેલી છે. અને તેથી જ હિંદુસ્તાન અષ્ટ સિદ્ધિ અને નવનિધિને પૂરૂ પાડનાર તરીકે ગણવામાં આવે છે.

શ્રીનગરમાં વસ્તીનું પ્રમાણ લગભગ એક લાખ ઉપરાંત છે. અહીંની શાલો સારી વખણાય છે. કાસ્મીરના બાગ બગીચામાં અનેક પ્રકારના ફલ ફૂલાદિ ભરપૂર રહે છે. દ્રાક્ષ, સફરજન, અખોડ, જરદાલુ. બદામ વિગેરે જાતનાં ફળ અને મેવા ઘણા પાકે છે. તે સિવાય ઊન, રેશમ, સોના રૂપા અને ત્રાંબાનું કામ સર્વોત્તમ થાય છે. અનાજમાં ઘઉં, જવ, વટાણા વિગેરે થાય છે. લોઢું, ત્રાંબુ અને ગંધકની ખાણો પણ મળી આવે છે.

કાસ્મીર સુધી રેલ્વે નથી પરંતુ રસ્તામાં ધર્મશાળા અને બંદોબસ્ત ઘણો સારો છે. તેથી ત્યાં જનારાઓને અગવડો પડતી નથી.

શ્રીનગરથી આશરે ૨૦ માઇલ અમરનાથનું પ્રાચીન શિવાલય છે. આ શિવાલયને વિષે એવો મહિમા છે કે દરેક માસની સુદી ૧ થી શ્રીશંકરનું બરફનું લિંગ બંધાવા માંડે છે. તે ચંદ્રની કળાની માફક વધતાં વધતાં સુદી ૧૫ પૂર્ણ બંધાઇ રહે છે. ત્યારપછી વદી ૧ થી ક્ષીણ થતું થતું અમાવાસ્યા સુધીમાં તદ્દન ઓગળી જાય છે. આ એક અદ્ભુત લીલા છે. ઇશ્વરની ગહનગતિને પાર પામવાને કોઇ પણ શકિતમાન થયો નથી છે, નહિ, અને થશે પણ નહિ. એ નિર્વિવાદ છે. અહીંઆં શિવ ધર્માનુયાયી વિશેષ છે. આ નગર કશ્યપ મુનિએ વસાવ્યાનો ઉલ્લેખ રાજ્ય તરંગણી નામના ગ્રંથમાંથી મળી આવેછે. આ પ્રમાણે શ્રીનગરની શોભા જોઇ આપણે અંબાલા આવવું.

અમૃતસર, જલંધર અને અંબાલા.

લાહોર પછી અમૃતસર આવે છે. આ શહેર રાવી અને બ્યાસ નદીની વચ્ચે આવેલું છે અને શીખ લોકોનું અત્યંત પ્રિય સ્થળ છે અમૃતસર સરોવર શહેરના મધ્ય ભાગમાં આવેલું છે ગામમાં શ્રી સત્યનારાયણનું મંદિર આવેલુંછે. અહિંઆં બ્રિટિશ લશ્કરનો કેમ્પ રહેછે.

જલંદર.

બીજુ પ્રસિદ્ધ શહેર જળંદર સીટી છે. જાલંધર નામના રાક્ષસના નામ ઉપરથી આ શહેરનું નામ જળંદર પડયું હશે એમ અનુમાન થાય છે. જાળંધર રાક્ષસને શ્રીશંકરે વરદાન આપ્યું હતું કે જ્યારે તારી સ્ત્રીનું સતીત્વ નષ્ટ થશે ત્યારે તારૂં મરણ થશે. જાળંધરની સ્ત્રી પરમ સતી હતી. જાળંધરે વર પામ્યા પછી ઇંદ્રાદિ વિગરે દેવોને અત્યંત કષ્ટ આપવા માંડયું તેથી શ્રી વિષ્ણુ ભગવાને માયાવી જાળંધરનું રૂપ લઇ સતીનું સતીત્વ નષ્ટ કર્યું અને જાળંધરને માર્યો હતો.

અંબાલા.

અંબાલા નામનું ત્રીજું શહેર પંજાબમાં પ્રસિદ્ધ છે. અને તે અંબા નામના રાજાએ વસાવેલું છે એમ કહેવાય છે. અહીંઆં રૂ, તેલનાં બીઆં, શેત્રંજી, કાપડ અનાજ વિગેરેનો વેપાર ચાલે છે.

સીમલા.

અંબાલાથી સીમલા જવાય છે. સીમલા હવા ખાવાનું ઉત્તમ સ્થાન છે. ગરમીની મોસમમાં હિંદના પ્રધાન નામદાર વૉઇસરાય અને તેમના સલાહકારોનો મુકામ અહીં રહે છે. આજ કારણને લીધે આ શહેર ઘણું જ પ્રસિદ્ધ છે. સરકારી બંગલા, બાગો, વગેરે સાધનો ઘણાં છે,

સીમલાથી પાછા અંબાલા આવી ત્યાંથી સહરાનપુર થઇ લકસર

આવવું અને અહીંથી હરદ્વારનો રસ્તો લેવો. આ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે આપણે સિંધ-પંજાબની મુસાફરી પુરી કરી હવે અહીંથ હરદ્વાર જવું ઘણા લોકો યાત્રાએ જાય છે તે મથુરાં-વ્રજયાત્રા, સોર મથાટ થઇ હરદ્વાર જાયછે વધુ સારો રસ્તો આ છે તેમ આપણ યાત્રાનો સંબંધ મથુરાથી અધુરો છે માટે હવે પછી મથુરા-વ્રજય યાત્રાનું વર્ણન કરશું.

પ્રકરણ ૧૪ મું.

તીર્થક્ષેત્ર મથુરા અને શ્રી વ્રજપરિક્રમા.

વૈષ્ણવો ! મનુષ્ય દેહના આખા જીવનમાં સાંસારિક અડચણે દ્રવ્ય સંકોચ, અને શારિરિક સંપત્તિના અભાવે મનુષ્ય માત્રથી સમર ભારતવર્ષની યાત્રા ન બની શકે એ અસંભવિત નથી. કોઇને દ્રવ્ય લાલસા હોય છે, તો કોઇને પુત્ર પરિવારની અભિલાષા સહેજ હો છે, આ માયાવી સંસારમાં મરણ પર્યંત હૃદયની આભિલાષાઓ ર કરી આ અસાર સંસારની વાસનાઓ છોડી દઈ પ્રભુ પરાયણ જીવ ગાળનાર પુરૂષ તો કોઇકજ હશે. આ કળિકાળમાં તો વળી દુ યાની મોહમાયામાં ફસાઇ ગએલા જીવોને યાત્રા નામમાત્ર ર પડી છે. અનેક વ્યવસાયમાં રોકાએલા મનુષ્યોથી તિર્થાટન પુરે ભાગ્યેજ થઇ શકે છે તદપિ કોઇ પણ પ્રયત્ને જીવનમાં એકધા " વ્રજયાત્રા " પરિક્રમા કરવા માટે વૈષ્ણવોએ ઉત્કટ ઇચ્છા ખવી જોઇએ. શ્રી વ્રજપરિક્રમણની યાત્રા સે માત્ર યાત્રા નથી પર શ્રીપૂર્ણ પુરૂષોત્તમ-શ્રીકૃષ્ણચંદ્ર ભગવાનની અનેક લીલાઓનું યથા

ભાન આસ્થળમાંજ થાય છે. આ શ્રીવ્રજપરિક્રમામાં સપ્તપુરી, પંચ સરોવર, ચાર ધામ, અડસઠ તીર્થ વિગેરે આધિ દૈવીક સ્વરૂપે બિરાજે છે. અને જો અંતર્ચક્ષુથી નિરિક્ષણ કરીશું તો સહજ માલૂમ પડશે કે આખી ભારતભૂમિમાં આવેલાં તીર્થો અહીંઆંજ બિરાજે છે. અને તેટલાજ કારણથી શ્રાવલ્લભીયસૃષ્ટિને માટે શ્રી વ્રજયાત્રાનું અપૂર્વ મા. હાત્મ્ય મનાએલું છે. વનલીલામાં બાર મુખ્ય વન, ચોવીસ ઉપવન, અને શ્રીકૃષ્ણ પરમાત્માએ કરેલીઅનેક લીલ.નાં સ્થળો આવે છે. અને આ સ્થળો શ્રીકૃષ્ણચંદ્રની અદ્ભુત લીલાનું, સ્થળોનાં માહાત્મ્યનું અને એશ્વર્યતાનું દિગ્દર્શન કરાવે છે.

ખરેખર! આવાં અલૌકિક સ્થળની ખૂબી પણ ઓરજ છે. એકજ સ્થળેથી આ વ્રજભૂમિનો ચિતાર આબેહુબ ખડો થાય છે. એકજ ભૂમિકા તેની આસપાસ આવેલી બીજી ભૂમિકાઓનું ચિત્ર શ્રી પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુ તરફ વધારે ને વધારે ઉંડા વિચારમાં દોરે છે અને જેમ શ્રીનાથજીની યાત્રામાં જતાં પ્રભુ તરફ વધારે ને વધારે આતુરતા થાય છે, તેમજ આ સ્થળમાં શ્રીપ્રભુનાં ચારિત્રો જોઇ તથા ભિન્ન ભિન્ન લીલાનાં સ્થળોનું માહાત્મ્ય જાણી કેટલીક વખત જાણે સંસાર ત્યાગી અને સાધુ જીવન ગાળનાર હોઇએ એવો અલૌકિક આનંદ અનુભવાય છે.

આ વ્રજપરિક્રમાની અંતમાં એકાએક આખી વનયાત્રાનો તાદશ ચિતાર મારા હૃદયમાં ખડો થયો તેનું યત્કિંચિત્ વર્ણન કરૂંછું:—

આ કુદરતી લીલા, આ મધુવન, આ સાથે ધ્રુવઘાટ, ત્યાંથી આગળ આવેલી નીલ દૂધવર્ણી, શાન્ત અને ગંભીર પ્રવાહથી વહેતી શ્રી યમુના મૈયા, સૂર્યના રમણિય કિરણોથી ચકચકિત સહસ્ત્ર વિધા પુષ્પો તથા છોડવાળુ કુમુદવન, ડગલે ને પગલે કુંડ વૃક્ષ ને સરિતા

તટ ઉપર શ્રીઆચાર્ય ચક્રચૂડામણી શ્રી મહાપ્રભુજીની બેઠકો. બીજી બાજુએ શ્રીગુસાંઇજીની શ્રીગોકુળનાથજીની બેઠકો એક બાજુએ બહુ-લાવન ત્યાંથી આગળ સર્વ પાપનાશક શ્રી રાધાકુંડ, અહીંઆં બિરા-જતા શ્રી ગિરિરાજ અને તે તરફ ઊંડી દૃષ્ટિથી જોતાં નિકુંજ લી-લાનાં અનેક રમણીય સ્થળોનો ભાસ થવા લાગ્યો. બીજી બાજુએ પશ્ચિમ દિશાએ અનેક સજોડે ઊંચે ને ઊંચે ગગનમાં જતાં તાડ-વૃક્ષથી ભરપુર તાલવન દેખાય છે. ઉત્તર દિશામાં દૃષ્ટિપાત નાંખતાં અનેક મયુર પક્ષીના નાદથી રમણીય લાગતું કોકિલાવન નજરે પડે છે. મયુર પક્ષીઓ શ્રીકૃષ્ણચંદ્રનું સ્મરણ કરતાં હોય અને જાણે પો-તાના પિચ્છનો મુકુટ અર્પણ કરવાને વારંવાર 'ટૂહુ ટૂહુ' અવાજથી કહેતાં હોય તેવો ભાવ હૃદયમાં ઉત્પન્ન થયો. કોટવન, લોહવન, શ્રીકૃષ્ણ ગોપિઓનો રાસ અને મનની અનેક સાંસારિક લાગણીઓને ભુલાવનાર, અલૌકિક શોભાયુક્ત અનિર્વચનીય આનંદ આપનાર શ્રી વૃન્દાવન જેની અંદર આવેલાં વૃક્ષે વૃક્ષે તથા પત્રે પત્રે આરૂઢ થએલાં પક્ષીઓ પોતાના કલરવનાદથી જાણે શ્રીપૂર્ણ પુરૂષોત્તમને "ખમા, ઘણી ખમા" "ગોકુલચંદ્ર, ગોકુલચંદ" એવો અવાજ કરતા હોય એમ અંતઃકરણે ધાર્યું. અનેક વૃક્ષ ઘટાઓ, સ્વાદિષ્ટ ફળો, પત્રો પુષ્પો આ પ્રભુમય ભૂમિમાં જન્મધારણ કરવાથી જાણે તેમની દેહ સાફલ્ય થઈ હોય એવો દેખાવ આપે છે. વિશેષમાં જાણે ગૌલોકની શોભા અને સુખ આ શ્રીવ્રજમાં હોય એમ લાગે છે. આટલાજ કારણથી ભગ-વદીયોએ ગાયું છે કેઃ—

"વ્રજવહાલુંરે વૈકુંઠ નહિ આવું."

(જુઓ વિવિધ ધોળ પદસંગ્રહ ભાગ ૧ લો.)

વૈષ્ણવોએ નીચેનાં ધોળ મુખ પાઠ કરવાં કારણ કે તે વ્રજનું સ્વરૂપ દર્શાવે છે.

પદ ૧ લું.

તેનું ધન્ય ભાગ્ય આ ભવમાં, જેણે વ્રજ મંડળ જોયું,
જેણે વ્રજ રજમાં તન લોટયું, તેણે જન્મ મરણ ખોયું.
શ્રી વૃન્દાવન રાસ રમણ સ્થળ, જેણે નયણે નીરખ્યું;
તેના ભાગ્યમાં કેટલુંજ સુખ છે, તે કોઇએ ન જાએ પરખ્યું.
શ્રી યમુના જળ પાન સહેજે, તેને નૂતન તનુ મળીયું;
કદપિ કુત્શિત કર્મ બને તોયે, જમપુરી જાવું ટળીયું.
ચોરાશી કોષની પરિક્રમા કીધી, તેને ચોરાશી નથી ભમવું,
વન ઉપવન જોઇ આનંદ આવે, તેને હરિસંગ ઠરી રમવું.
શ્રી ગોવર્દ્ધન શ્રી મહારાણી, જેણે પ્રેમ ધરીને પૂજ્યા;
તેની ઇકોતેર શત પેઢી પ્રાણી, તેને હરિનાં ચરણ સૂઝયાં.
સેવ્યા સમર્યા શ્રી નંદનંદન, શ્રી ગોકુળ વાસ વસીને;
દયાનો પ્રીતમ તેહને પ્રેમે પોતાનો, કરી હાથ ગ્રહે હસીને. ૨

પદ ૨ જું.

મોહની મેં તો જાણી વ્રજભૂમિ,
મોહન કાન્હ મોહન શ્રી વૃન્દાવન, મોહન શ્રી યમુના મહારાણી.
મોહની નાર સકળ ગોકુલકી, બોલત અમૃત વાણી;
મોહન સુરદાસકો ઠાકુર મોહની રાધા રાણી.

આપણે ઘરના વ્યવસાયમાં આસક્ત હોવાથી મહાન્ ભગવદીઓનો સંગ, શ્રી મહાપ્રભુજીનું સ્મરણ, શ્રી ઠાકોરજીની તનુજા, વિત્તજા, અને માનસિ સેવા, અને ભક્તિથી મળતો આનંદ અનુભવતા નથી, આ અનુભવ લેવા માટે, ભગવદીય વૈષ્ણવોનો સત્સંગ કરવા માટે, શ્રીઠાકોરજીનું માહાત્મ્ય-જ્ઞાન ભક્તિ મેળવી તેમાંજ પ્રીતિ કરી શ્રીમહાપ્રભુજીએ બતાવેલી પ્રણાલિકા પ્રમાણે ઉપરોક્ત ત્રિવિધ સેવાનો અનુભવ કરવા સારૂજ યાત્રા કરવા જવાનું છે. દ્રવ્યોપાર્જન કે કોઇ

પણ જાતનો વ્યવસાય અને અન્ય ચિન્તાઓનો અભાવ રાખી ગૃહસ્થાશ્રમનું પાલન કરીને શ્રી મહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખી તેઓશ્રીનો ઉપાદષ્ટ કરેલો મહામંત્ર ॥ **श्रीकृष्णः शरणं मम** ॥ એનું નિરંતર હરતાં ફરતાં સ્મરણ કરીને ભગવદીયોના સંગમાં ગુણ ગાન કરતા કરતા, ભક્તિરસાનંદનો અનુભવ લેતા લેતા, શ્રીમદાચાર્યજીના બેઠકાએ તેમજ અન્ય સેવ્ય સ્વરૂપો બિરાજતાં હોય ત્યાં સ્નાન કરી શુદ્ધ મનથી શ્રીઝારીજી ચરણસ્પર્શ ભોગાદિ ધરી તેઓશ્રીની સન્મુખ ગદ્યમંત્ર તથા શ્રી સર્વોત્તમજીનો જપ કરતા કરતા આ વ્રજપરિક્રમા કરવી. બધા અલૌકિક આનંદોમાં હરકત કર્તા એક બહિર્મુખતા છે જે દોષ ટાળવાને માટે મહાનુભાવી અને શ્રી મહાપ્રભુજીના કૃપા પાત્ર ભગવદીય કૃષ્ણદાસે શ્રીની પાસે ત્રણ વાર યાચના કરી હતી. ભાક્તમાર્ગમાં અંતરાય રૂપી મહાન્ દોષ આજ હોવાથી કેવી રીતે વર્તીએ તો બહિર્મુખ થવાય છે અને કેવી રીતે તેમાંથી મુક્ત થવાય છે તે માટે શ્રી હરિરાયચરણ બતાવે છે અને તેને અનુસરવાથી બહિર્મુખતા નાશ થાય છે.

॥ बहिर्मुखत्वनिरूपणम् ॥

धन गृहे यदासक्ताः सेवकाः सम्भवन्ति हि ।
लाभपूजार्थयत्नाश्च तदा स्यात् कुपितो हरिः ॥ १ ॥
भक्तिमार्गं परित्यज्य शिश्नोदरकृतोद्यमाः ।
आसुरावेशिनो दासास्तदौदास्यं भवेद्धरेः ॥ २ ॥
अहङ्कारेण कुर्वन्ति यथामहदतिक्रमम् ।
निजा अपि तदा कृष्णः कुप्यति स्वजनप्रियः ॥ ३ ॥

यदा महत्कुलोद्भूताः त्यजन्ति कुलगां गतिम् ।
तदा तु तत्कुलस्वामी क्रोधमेति न संशयः ॥ ४ ॥
अन्विष्यतां हि सर्वत्र न क्वापि सुपथस्थितिः ।
न वा निजाचार्यनिष्ठा न वा दैन्यं हरेः परम् ॥ ५ ॥
न वा तद्वाक्यपरता न वैराग्यं तथाविधम् ।
न यथा लाभसन्तोषः कथं कृष्णः प्रसीदति ॥ ६ ॥

इति श्रीहरिदासोदितं बहिर्मुखत्व निरूपणं सम्पूर्णम् ॥

ભાવાર્થ—ધનમાં અને ઘરમાં જ્યારે સેવકો આસક્ત થઈ જાય, લાભ અને સ્વપૂજાર્થે પ્રયત્નો કરે, ત્યારે શ્રીહરિ કોપે છે. સેવકોના મુખ્ય ફરજ એ છે કે, પોતાના સ્વામીને રીઝવવા દરેક પ્રયત્ન કરવો, તેની આજ્ઞામાંજ તત્પર રહેવું, તેની ઇચ્છાને સદા અનુકુળ બનવું, એવીજ રીતે જીવો પણ પ્રભુના સેવક છે, તેઓનું મુખ્ય કર્તવ્ય પ્રભુની સેવા છે. સેવામાં લેશ પણ ન્યુનતા ન આવે, તેમજ જે પ્રભુની સેવાનો અધિકાર પોતાને પ્રાપ્ત થએલો છે, તે પ્રભુ કોટી-બ્રહ્માંડ નાયક, પરાત્પર, પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ છે, તેનો ખ્યાલ નિરંતર મનમાં રહેવો જોઇએ, જ્યારે સકળ દુખ હરતા પ્રભુને પોતાનું જે કાંઈ કહેવાતું તે સર્વે સમર્પી દીધું. અને દાસ્યધર્મનો સ્વીકાર કર્યો, ત્યારે તેનો પોતાના સ્વામીને દરેક રીતે પ્રસન્ન કર્યા સિવાય બીજો ધર્મ શું હોઇ શકે? વાસ્તવીક સ્થિતિ તેવીજ છે. છતાં સેવકો જો ધનમાં-ધન એકઠું કરવામાં કે ઘરબાર કે પુત્રપરિવારમાં આસક્તિવાળા બની જાય, પોતાના દાસ્યધર્મને તિલાંજલિ આપી દે, પ્રભુની મહત્તા વિસરી જાય સ્વકર્તવ્યને સ્વાર્થવેદી ઉપર હોમી દે તો પ્રભુ તેના ઉપર કોપે તેમાં શું આશ્ચર્ય? જીવ સ્વતઃ અનેક દોષોથી

દુષ્ટ છે, પ્રભુએ તેના દોષોનો વિચાર ન કરતાં તેને પોતાનો સેવક બનાવ્યો, તેને ઊચ્ચ અધિકાર આપ્યો, પરંતુ પ્રભુની તે દયાળુતા અને પોતાની પહેલાંની સ્થિતિ વગેરે બધુ ભુલી જઇને પોતાના લાભનો અને પોતે પૂજાવવાનો પ્રયાસ કરેતો, પ્રભુ એના ઉપર કોપ કરે તો તે કાંઈ આશ્ચર્યકારક ગણાય નહિ. શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે, **जीव ज्यारे एवी रीते प्रभु तरफ बेवफा–निमक-हराम बने छे त्यारे प्रभु तेना उपर कोपायमान थाय छे.** १

ભક્તિમાર્ગનો પરિત્યાગ કરીને માત્ર જનનેંદ્રિય અને ઉદરની તૃપ્તી માટેનાજ ઉદ્યમને આદરનારા, આસુરાવેશી દાસો બને છે, ત્યારે શ્રીહરિ ઉદાસીન થાય છે. જ્યારે દાસો પ્રથમ શ્લોકમાં વર્ણવેલી કક્ષાથી પણ હીન કક્ષામાં જાય છે, ત્યારે તો પ્રભુ તે તરફ જોતા પણ નથી, અને જ્યારે ભક્તિમાર્ગમાં પણ રહે નહિ, તેનો સર્વાંશે ત્યાગ કરે, માત્ર "**आहारनिद्राभय मैथुनं च**" એ ઉક્તિ પ્રમાણે માત્ર પશુવૃત્તિનેજ પોષે છે ત્યારે તો પ્રભુ તેના ઉપર કોપ કરીને તેને ઠેકાણે લાવવાનું પણ કાર્ય કરતા નથી, તેનાથી તદ્દન બેદરકાર રહે છે. તે સેવક જેવી રીતે વર્તવા ઇચ્છતો હોય તે પ્રમાણે તેને વર્તવા દે છે. કેમકે તેણે માર્ગની મર્યાદા મુદ્દલે જાળવી નથી, બલ્કે તેનો ત્યાગ કર્યો અને આસુર સંગમાં અભિરૂચિ થવાથી તેને આસુરાવેશ થયો. તેવા તદ્દન વંઠી ગએલા નોકરની તરફ ઉદાસીન વૃત્તિ વિના બીજું પ્રભુ શું કરે ? ૨

જ્યારે અહંકારથી મહાન્ પુરૂષોનો અપરાધ કરે છે, (તે પણ પોતાના થઇને,) ત્યારે સ્વજન વત્સલ પ્રભુ કોપે છે. પ્રભુના દાસ્ય જેવો ઉત્તમ પદાર્થ યોગ્યતાના અભાવે મળી ગયો અને પછીથી થયો અહંકાર, અને તેમાં આંધળા બનીને મહાન્ ભગવદીયોને પણ ગણ્યા

નહિ તો શું પ્રભુ તેના ઉપર રાજી રહેશે? કદાપિ નહિ. પ્રભુનો અપરાધ તો કોઈ પણ ઉપાયે નિવૃત્ત થઇ શકે છે. પરંતુ મહાનુભાવી ભગવદીયોનો અપરાધ કદાપિ નિવૃત્ત થતો નથી મર્યાદામાર્ગમાં પણ નળકુબેરાદિકે સ્વાધિકારના ગર્વથી નારદાદિકનું કરેલું અપમાન અને તેનું પરિણામ પુરાણોમાં પ્રસિદ્ધ છે. તેવીજ રીતે ભક્તિમાર્ગમાં પણ ભગવદીયોનો અપરાધ મહા ભયંકર ગણવામાં આવ્યો છે ને તે અપરાધ કરનારાના ઉપર પ્રભુ કોપે છે. પોતાનાજ દાસ થઇને પોતેજ જેમને અનુગ્રહ માર્ગમાં ઉચ્ચ અવસ્થામાં સ્થાપિત કર્યા છે. એવા મહાન્ ભક્તોનું અપમાન કરે તો પોતાના જન જેને અત્યંત પ્રિય છે એવા પ્રભુ ગસ્સે થયા વિના રહેતા નથી. એક તો એ દાસ પણ પોતાનો છે. અને માટેજ તે પ્રિય હોવોજ જોઇએ અને મહાનુભાવી ભગવદીયો પણ સ્વદાસ પ્રિય હોવાથી, તેથી । બન્નેના શ્રેયની ક્ષતિ ન થાય માટે પ્રભુ સ્વકોપથી દાસને અપરાધની શિક્ષા દે છે. ૩)

જ્યારે મોટા કુલમાં પ્રકટ થએલા પણ પોતાના કુલને યોગ્ય ગતિ ત્યજી દે છે. ત્યારે તે કુલના સ્વામી ક્રોધ કરે છે. એમાં કાંઇ પણ સંશય નથી. જ્યારે પ્રભુએ જે કુળનો ઉત્તમોત્તમ અધિકાર સ્થાપન કર્યો, અને તે કુળમાં પ્રકટ થઇને જો પછી તે કુળના મહાન્ દરજ્જાને ન છાજતો વર્તણુંક ચલાવે તો તે કુળનું સર્વસ્વ-તેનાથી તે કુળમાં પ્રકટ થએલા ઉપર કોપે તેમાં સંશય શો? ૪

બધાં ઠેકાણાં શોધી વળો. કોઈ પણ સ્થળે સન્માર્ગની ઝાંખી પણ હવે થવી મુસ્કેલ છે. કલીના દોષમય વાતાવરણથી આવૃત્ત થએલા હૃદયોથી વ્યાપી સ્થળોમાં સારા ઉત્તમ માર્ગની સ્થિતિ કેમ હોઇ શકે? જ્યારે તેવા માર્ગનાં દર્શન દુર્લભ થઇ ગયાં તો પછી તે માર્ગના પ્રકાશક શ્રીમદાચાર્ય ચરણના ચરણારવિંદમાં નિષ્ઠા-ભાવભક્તિ ક્યાંથી?

તેના વિના પ્રભુને પ્રસન્ન કરવાનું એક જ સાધન, તે દૈન્ય, ક્યાંથી આવવાનું ? શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે (આ સમયમાં તો નથી સન્માર્ગની મર્યાદા, કે નથી શ્રીમહાચાર્ય ચરણમાં નિષ્ઠા કે નથી દીનતા. ૫.)

શ્રીમદાચાર્યો ચરણે જે જે હિતાર્થ વચનો આજ્ઞા કરેલાં છે, તેમાં તત્પરતા, તેમજ તેવુંપરમ વૈરાગ્ય, પણ નથી રહ્યું, પ્રભુના ગુરૂનાં, ભગવદીયોના મુખથી પ્રકટ થયેલાં વાક્યોને લશ પણ સંશય યુકત થવા વિના અનુસરવું. તે પ્રમાણે જ ચાલવામા તત્પર થવું એવો પરમદાસ ધર્મ કયે ઠેકાણે અસ્તિત્વ ધરાવે છે ? પ્રભુ પૃથક્ પદાર્થોમાંથી રહેલી આસકિતનો સંપૂર્ણ ત્યાગ કરવો, પ્રભુ સેવામાં જ પ્રવીણ થવું, એવું વૈરાગ્ય કયા હૃદયને શોભાવે છે ? દાસનો ધર્મ છે કે, સ્વામીની ઇચ્છાથી જે કાંઈ મળે, તેમાં સંતોષ માની લેવો, પરંતુ તેવો સંતોષ કયા દાસમાં દીઠો છે ! કોઈ સ્થળે નહિ. જ્યારે કાંઇ નથી છતાં પણ કહો છો કે પ્રભુ પ્રસન્ન થતા નથી, પ્રભુ રાજી રહેતા નથી, તો એ સદાનંદ ઘન પ્રભુ કેમ પ્રસન્ન થાય ? એ પ્રસન્ન થાય તેવું શું છે ! કાંઇ નથી માગતા દ્રવ્ય કે નથી માગતા સાધનો માત્ર **एटलुंज इच्छे छे के तमे दासत्व धर्मनुं परिपालन करता रहो. तेटलुं पण ज्यारे थतुं नथी त्यारे श्रीकृष्ण केम प्रसन्न थशे !**) ૬.

હવે શ્રીમદ્ હરિરાયજી પ્રભુ આ બહિર્મુખતાથી નિવૃત્તિ કેમ થવાય તે જીવને કહેછે. (૮)

॥ बहिर्मुखत्वनिवृत्तिः ॥

निजाचार्यपदाम्भोजं स्थाप्यतां सततं हृदि ।
तत एव तदीयानां सकलं सिद्ध मेति हिः ॥ १ ॥

सङ्गः सतामेव सदा विधेयो नासतां क्वचित् ।
सत्सङ्गता हरौ बुद्धिरसत्सङ्गाद् गृहादिषु ॥ २ ॥

असन्तस्तु विजातीया मतिमन्तो निजा अपि ।
सन्तो हरौ रतियुता उदासीनास्तदाश्रिताः ॥ ३ ॥

स्वमार्गीयः परो धर्मो हरिसेवा निरन्तरम् ।
फलरूपतया ज्ञात्वा विधेया मन आदिभिः ॥ ४ ॥

सदानुसंहतिः कार्या निवेदनकृतेरपि ।
सद्भिः सह ततः कृष्णः क्षणान्तं हृदयं विशेत् ॥ ५ ॥

श्रीभागवतभावार्थं श्रवणं कीर्तनं तथा ।
स्मरणं वा सदा कार्यं बाहिर्मुख्यनिवृत्तये ॥ ६ ॥

इति श्री हरिदासोदिता बहिर्मुख्यनिवृत्तिः समाप्तः ॥

ભાવાર્થ—બહિરમુખતાથી બચવું હોય, દાસ્યધર્મને સહજ પણ આંચ આવવા દીધા સિવાય પ્રભુને પ્રસન્ન કરવા હોય તો આપણા આચાર્ય ચરણ કમલને હૃદયમાં સ્થાપો. આપણા ગમે તેવા દોષ કોષનું દહન કરીને પ્રભુની સાથે મજબુત ગાંઠ–સંબંધ બાંધી દેનાર આપણા ગુરૂ શ્રી મહાપ્રભુજીના ચરણ કમલને હૃદયમાં પધરાવો. અને તે કાર્ય જો થયું તો પછી બીજું કાંઈ કરવાનું રહેતું નથી. જે તદીય છે તેને તો શ્રીમદાચાર્યચરણના દૃઢ આશ્રયથી સર્વ સિદ્ધ થાય છે. બીજાં કાંઈ સાધનો તેને કરવાં પડતાં નથી. કવીવર દયારામભાઈ

કહે છે કે "શ્રી મહાપ્રભુજીનો ભગ્ન ભરોસો એજ અન્યાશ્રય" એટલા માટે જ (**શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ રાખવો એ તદીયનો મુખ્ય ધર્મ છે.**) ?

સંગ કરવો તો સત્પુરૂષોનો જ કરવો. સંગ પણ સત્પુરૂષોનો જ થાય એવી પ્રાર્થના કરવી કેમકે સત્પુરૂષો સંગ દોષને હરનારા છે. અસત્પુરૂષોનો સમાગમ કદાપી ન કરવો. સત્પુરૂષોના સંગથી પ્રભુમાં બુદ્ધિ થાય છે. દુષ્ટ પુરૂષોના સંગથી ગૃહાદિમાં આસક્તિ થાય છે. વસ્તુતઃ તો શ્રીમદાચાર્યચરણમાં રતિ રાખવી એ જ મુખ્ય કર્તવ્ય છે. છતાં તે કાલ બળથી ન્યુન થાય તો શ્રીમદાચાર્ય ચરણની આજ્ઞા પ્રમાણે તાદૃશ ભગવદીયો સાથે સત્સંગ કરવો. એવા તાદૃશ ભગવદીયોના સંગથી એ ભગવદીયોના પરમ પ્રેષ્ઠ પ્રભુમાં પ્રેમ થાય છે. ભીંજાયલા હોય તે જ ભીંજાવે છે. રંગાયલા હૃદયોનોજ રંગ અન્ય અરક્ત હૃદયને રંગે છે. પ્રભુપ્રેમ સુવાસિતના જ સંગથી હરિરતિ રૂપ સુગંધને પાસ લાગે. ખલ પુરૂષોનો, આસુરાવેશીનો સંગ કરવાથી તેવી જ બુદ્ધિ થાય છે. તેઓ માત્ર શિશ્નોદર પરાયણ હોવાથી તેમનો તે સમાગમ કેવો ફળદ રૂપ (?) નિવડે? **એ જ કે આપણે પણ તેવા જ પ્રપંચાસકત બની જઇએ.**

અસત્ પુરૂષો વિજાતીય છે. તેનો આશ્રય ભલભલા સત્પુરૂષોને પણ ડોલાવી દે છે. તો સાધારણનો હિસાબ શો? સત્પુરૂષો નિજ–પ્રભુના છે, બુદ્ધિમાન્ છે. તેઓ પ્રભુમાં પ્રીતિ ધરાવનારા છે તો પણ તેઓ જો વિજાતીય–જુદી જાતના ખલ પુરૂષોના સમાગમમાં આવી જાય તો અવશ્ય તેઓ પ્રભુ પ્રેમથી, પ્રભુ સેવાથી ઉદાસીન બની જાય. સિંહના સહવાસથી વિખુટું પડેલું સિંહનું બચ્ચું શિયાળવાના ટોળા-

માં ભળીને જેમ પોતાનું સ્વરૂપ ભુલી જાય છે. તેમ સારા સમાગમનો પાસ જલદી બેસતો નથી. **પરતુ ખરાબ દુઃસંગની અસરતો મોટા મોટાઓને પણ જલદી થઇ જાય છે, માટે તેથી સાવધાન રહેવું. ૩.**

સ્વમાર્ગનો—શ્રી મહાપ્રભુએ દૈવી સૃષ્ટી ઉપર પરમ અનુગ્રહ કરીને પ્રકટ કરેલા માર્ગનો મુખ્ય ધર્મપ્રભુ સેવાજ છે. તે પણ નિરંતર કર્યા કરવી શરૂઆતમાં તનુજા અને વિત્તજા સેવા, દ્રવ્યથી અને દેહથી નિરંતર કરવી. એ સેવા જ પરમ ફલ રૂપ છે. એમ માનવું. દૃઢ નિશ્ચય રાખવો કે આ સેવા સિવાય બીજું કાંઈ ઉત્તમ ફળ છે જ નહિ. મોક્ષાદિક પણ તુચ્છ છે. એ સેવા કરતી સ્થીતિમાં જે અખંદ આનંદ પ્રાપ્ત થાય છે. તેવો અન્યત્ર નથી. માટે તેજ સ્થિતિમાં રહેવું એજ પરમ ફળ રૂપ છે. તે સેવા મન વિગેરેથી કરવી. માનસિક સેવા કરવી, મન વિગેરે સર્વ ઇંદ્રિયગણ અને દેહ વિગેરે પરિકર સેવોપયોગી બનાવવો. પ્રભુની સેવા વિના તેનો બીજે કંઇ વિનિયોગ ન થાય. તેની ખાસ સંભાલ રાખવી. તનુજા વિત્તજા સેવા કરતાં કરતાં માનસિ સેવા જે પરમ ફલ રૂપ છે તે સિદ્ધ થાય છે. પહેલાં બન્ને સેવા વેળાએ સેવોપયોગી પદાર્થોનાં સ્વરૂપોનો સાક્ષાત્ અનુભવ થતો નથી. માનસી સેવા સિદ્ધ થતાં દૃષ્ટિ જ બદલાઇ જાય છે. પ્રભુને પધરાવવાના સિંહાસનમાં કે ગાદીમાં ભૌતિક પદાર્થો દૃષ્ટિગોચર થતા નથી, પરંતુ તે સ્થળે સાક્ષાત્ શ્રીયશોદાજીનાં ઉત્સંગનાં દર્શન થાય છે. એવી રીતે સર્વત્ર સમજી લેવું. **આવા અલૌકિક અનુભવથી આધક ફલ શું હોઇ શકે? ૪.**

શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર ભગવદીયોની સાથે સદા સર્વદા નિવેદનનું અનુસંધાન રાખવું એ આજ્ઞા આપે નવરત્ન ગ્રંથમાં કરી છે.

એવા કોઇ વિરલ ભગવદીયોનો સુભાગ્યે કરીને સમાગમ થઇ જાય તો તેમની સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું. પોતાનું કહેવાતું સર્વસ્વ તુલસીદલ લઇને શ્રીમદગ્નિસ્વરૂપના જ કૃપા બલથી પ્રભુને અર્પણ કરેલું છે. અને તેનો વિનીયોગ પ્રભુમાં જ થવો જોઇએ. તેમજ સ્વામી સેવકનો બંધાયેલો નાતો સદા નભે તેમ વર્તવું જોઇએ. વિગેરે અનુસંધાન નિવેદિતાત્મા ભગવદીયોના સમાગમથી જ રહે છે, માટે તેવાઓ સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું તેમ કરવાથી **તેજ ક્ષણે, તેજ પળે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હૃદયમાં બિરાજેછે. ૫**

વળી બહિર્મુખતા ટાળવા માટે એવા જ ભગવત્ સેવા પરાયણ ભગવદીયોના જ મુખાર્વિંદથી શ્રીમદ્ ભાગવતનો ભાવાર્થ શ્રવણ કરવો. દશલીલા વિશિષ્ટ પ્રભુની નિત્ય નુતન લીલા રસનો અનુભવ તેવા ભગવદીયોના હૃદયમાં પ્રગટ થએલી વાણીથી જ થાય છે. ભગવલ્લીલાનો સાક્ષાત્કાર કરીને ગાએલાં અષ્ટસખાદિ મહાનુભાવીઓના રસમય પદોનું કીર્તન કરવું અને શ્રવણ કરેલી શ્રીમદ્ ભાગવતોક્ત ભગવલ્લીલા અને કિર્તન કરેલી પરમ ભગવદીયોની વાણીનું અહરનિશ સ્મરણ કરવું **બહિર્મુખતાની નિવૃત્તિ એથી જ થાય છે આ સિવાય બહિર્મુખતાથી બચવાનો બીજો એકે ઉપાય નથી. ૬**

વૈષ્ણવોએ આ બહિર્મુખ નિરૂપણના સ્તોત્રોનું ખુબ હરહમેશાં મનન કરવું તેમ થવાથી શુદ્ધ હૃદય થઇ પ્રભુની લીલાનાં દર્શન થાય. હવે આપણે વ્રજયાત્રા કરવા જવાની તૈયારી કરવી જોઇએ.

---

૧ પુષ્ટિ ભક્તિ સુધા વર્ષ ૬ ઠ્ઠું. અંક ૧૦-૧૧.

શ્રી વ્રજયાત્રાના અંગે વૈષ્ણવોને જરૂરીયાત ચીજોની યાદી.

ચોરાશી કોશની પરિક્રમા માટે નીચેના સાહિત્યની ખાસ જરૂર પડે છે તો તે મથુરામાંથી જ લઈ લેવાં.

૧ પોતાના સાથને ખપપુરતાં રસોઇનાં વાસણો.

૨ બે ત્રણ દિવસ સુધી ચાલે તેટલો ખોરાક. ચોખા, દાળ, લોટ, ઘી, મસાલો વિગેરે.

૩ મહારાજશ્રીની સાથે મોદી, કંદોઇ, વિગેરે હરહમેશ સાથે હોય છે છતાં તાત્કાલીક અડચણો દૂર કરવા સારૂ બે ત્રણ દિવસ ચાલે તેટલી પાકી સામગ્રી સિદ્ધ કરી રાખવી.

૪ સરસામાન ઉપાડવા સારૂ ખપપુરતા મજુરો.

૫ રહેવા સારૂ તંબુ અથવા શમીઆણા.

૬ શ્રી ઠાકોરજીને ભોગ ધરવા સારૂ મેવો મિસરી-(સુકો મેવો.) વિશેષ પ્રમાણમાં રાખવો કે જેથી શ્રી ઠાકોરજીને રસ્તામાં શ્રમ પડે નહિ.

૭ કોરાં ધોતીઆં તથા રેશમી મુગટા શ્રી બેઠકોએ શ્રી ઝારીજી આદિની સેવા કરવામાં જરૂર પડે છે માટે રાખવાં.

૮ આ ઉપરાંત પોતાને જે જે ચીજની જરૂર જણાય તે તે ચીજો જો પાસે ન હોય તો મથુરામાંથી ખરીદી લેવી.

આ વ્રજપરિક્રમા સૌથી પ્રથમ ને પહેલી જ વાર શ્રી ગુસાંઇજીએ સંવત ૧૬૦૦ ના ભાદરવા સુદી ૧૨ કરી હતી. તેથી પ્રતિ વર્ષે તેજ તિથિએ પરિક્રમા નીકળે છે. ભાદરવા શુદી ૧૦-૧૧ શ્રી વિશ્રાંત ઘાટ ઉપર નિયમ લીધા પછી મથુરાની અંતર્ગૃહી પરિક્રમા કરવામાં આવેછે.

શ્રી યમુનાજીના કિનારા ઉપર રમણીય હવેલીમાં બિરાજતા શ્રી ગોપાલલાલજી મહારાજ પ્રતિવર્ષે ઉક્ત તીથિએ પરિક્રમામાં નીકળતા હતા. મહારાજશ્રીને શ્રી વ્રજ પરિક્રમાને માટે ઘણી જ તીવ્ર આકાંક્ષા હતી અને તે એટલે સુધી કે તે વખતે મહારાજ શ્રી પોતે ક્યાંયે તે સ્થળે બિરાજતા હોય પણ આ તીથિએ પધારી વૈષ્ણવોના સંઘને સાથે લઈ પરિક્રમામાં પધારતા હતા. દરેક અલૌકિક સ્થળોનું દર્શન કરાવતા, માહાત્મ્ય સમજાવતા, પરિક્રમા પુરી કરતા હતા. હાલમાં એ મહારાજ શ્રી લીલામાં પધારી ગયા હોવાથી અન્ય ગોસ્વામી બાળકો યાત્રામાં પધારે છે.

વિશ્રાન્ત ઘાટ ઉપર શ્રી ગોસ્વામી બાળકોની સન્મુખ વનયાત્રા પરિક્રમણમાં નિયમાદિ લેવાની સમજુતઃ—

શ્રી વ્રજયાત્રા કરવાને સારૂ પ્રથમ શ્રીયમુના મૈયાના પવિત્ર વિશ્રાન્ત ઘાટ ઉપર શુદ્ધ જળમાં એક કોરે વસ્ત્રે સ્નાન કરી પોતાના ગોર–ચોબાના ચરણ ધોઇ તેમના આશીર્વાદ લઈ નીચેના નિયમો ગૃહણ કરવામાં આવે છે.

(૧) યાત્રામાં તેલ અને તેલ મિશ્રિત પદાર્થોનું સેવન કરવું નહિ સાત્વિક વૃત્તિ ઉત્પન્ન થાય તેવા પદાર્થો લેવા. (૨) ક્ષૌર કર્મ કરાવવું નહિ. (૩) પગમાં જોડા–ઉપાન પહેરવાં નહિ. (૪) બનતા પ્રયત્ને પગે ચાલીને યાત્રા કરવી. સશક્ત શરીર હોય તો ગાડી આદિ વાહન વાપરવાં નહિ. (૪) લીલા વૃક્ષનાં પત્રો–પુષ્પો તોડવાં નહિ. (૫) અસભ્યતાથી વર્તવું નહિ. (૬) વીષયી ભાવનાનો ત્યાગ કરવો. ધોબીનાં ધોએલાં વસ્ત્ર પહેરવાં નહિ. (૭) મહારાજ શ્રીની આજ્ઞાનું કદી પણ ઉલ્લંઘન કરવું નહિ.

આવા નિયમો–વ્રત લેવરાવવાનું ખાસ કારણ એવું છે કે યા-

ત્રામાં યાત્રાળુઓના રજસ્ અને તામસ્ ગુણો નાશ પામી તેમના હૃદયમાં સાત્વિક ભાવ ઉત્પન્ન થાય. તદુપરાંત આ પરિક્રમામાં દેહ-દમન, ઇન્દ્રિય દમન વિગેરે પ્રકારની તપશ્ચર્યાઓનો સમાવેશ થઈ જાય છે. પગે ચાલવાથી દેહને કષ્ટ પડે છે. એકવાર અહાર કરવાથી અને તેમાંય વળી, સાત્વિક પદાર્થોના સેવનથી ઇંદ્રિયોનો નિગ્રહ પુરેપુરો થાય છે વળી અહરનિશ પ્રભુના ગુણગાનમાં વખત જવાથી લૌકિક ચિંતાઓના નાશ થઇ પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. મોટા મોટા યોગીઓ દેહદમનાદિ તપશ્ચર્યાઓ કરે છે. પરંતુ તેમને પ્રભુ પ્રાપ્તિમાં વિલંબ થાય છે એવું આપણે ઘણી વખત સાંભળ્યું છે. અને જાણીએ છીએ અને આ શ્રી પુષ્ટિમાર્ગ એવો છે કે જેમાં પ્રભુ પ્રાપ્તિ તથા પ્રભુની અનેક લીલાઓનું રહસ્ય જાણવાનું સાધન ફક્ત પ્રભુ પ્રત્યેનો નિષ્કામ પ્રેમજ છે અને એ નિષ્કામ પ્રેમભક્તિમાં આપણા આત્માને જોડવાને ઉપરના નિયમો ગૃહણ કરવાની ખાસ આવશ્યકતા છે. માદક પદાર્થોના સેવનાર મનુષ્યનો તમો ગુણ વધે છે.

तमस्त्व ज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्य निद्राभिस्तन्निबध्नाति भारत ॥

[શ્રી. ભ. ગી. અ ૧૪ શ્લો. ૮]

ભાવાર્થ:—શ્રીકૃષ્ણભગવાન અર્જુનને કહે છે કે સર્વ દેહીઓને મોહ ઉત્પન્ન કરનાર તમોગુણને અજ્ઞાનથી ઉત્પન્ન થએલો જાણ. તે પ્રમાદ, આલસ્ય, અને નિદ્રાથી બંધન કરે છે, તે મોહ ઉત્પન્ન કરે છે કારણ કે વિરૂદ્ધ જ્ઞાનથી ઉત્પન્ન થએલો છે. અને તે જ્ઞાનને ઢાંકી દઈ પ્રમાદમાં આશક્તિ કરાવે છે. માટે તમોગુણ નાશ પામે અને સાત્વિક ગુણ ઉત્પન્ન થાય એટલા માટે માદક પદાર્થોનું સેવન નહિ કરવાનું જણાવ્યું છે. રજસ ગુણ લૌકિક આકાંક્ષાઓ વધારે ઉત્પન્ન

કરે છે અને મનને અશાંત રાખે છે. માટે રજસ અને તમસ આ બે ગુણોનો નાશ કરવાવાળો સાત્વિક ગુણ આ પરિક્રમામાં રહે તેટલા માટે આચાર્યશ્રીએ જે જે નિયમો લેવરાવ્યા હોય તેનું યથાર્થ પાલન કરવું.

વળી આગળ જણાવ્યું તેમ આ વનનાં દરેક વૃક્ષો અને તે ઉપર આવેલાં પત્રો ઉપર શ્રીકૃષ્ણ ભગવાન અદૃશ્ય રૂપે રહેલા છે અને તેથીજ લીલાં પત્રો નહિ તોડવાની આજ્ઞા કરેલી છે. શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે કેઃ—

वृक्षे वृक्षे वेणुधारी पत्रे पत्रे चतुर्भुजः ।
यत्र वनावनं तत्र लक्ष्यालक्ष्य कथा कुतः ॥

શ્રી ગુસાંઇજીના કૃપાપાત્ર અને ૨૫૨ ભગવદીયો પૈકી એક અલીખાંન પઠાણે વ્રજનું પાંદડું તોડનારને તેના હાથ પગ કાપવાની શિક્ષા કરવામાં આવશે એવો ઢંઢેરો પીટાવ્યો હતો. ઉક્ત ભગવદીય તથા તેમની પુત્રી શ્રી ગુસાંઇજીની કૃપાથી શ્રી પ્રભુમાંજ આસક્ત રહેતાં હતાં અને તેમના ઉપર શ્રી ગુસાંઇજીની એટલી બધી કૃપા હતી કે પોતાનાં વચનામૃત અક્ષરશઃ સ્મરણમાં રાખી શકતાં હતાં. માટે દરેક વૈષ્ણવોએ નિયમોનું દૃઢ પાલન કરવાનું વ્રત લઇ શ્રી ગોસ્વામી બાળકોની સાથે પરિક્રમામાં નીકળવું.

મથુરાંની અંતર્ગૃહિ પરિક્રમા.

મહારાજશ્રીની સાથે સર્વ વૈષ્ણવો વિશ્રાન્ત ઘાટ ઉપર વનયાત્રામાં પાળવાના યથાશક્તિ નિયમો, તે પોતાના ગોર–ચોબાના ચરણ ધોઇ તેમના આશીર્વાદ લઇ શ્રીયમુનાજીનું જળપાન કરી તેમને દંડવત કરી ભેટ ધરી મથુરની અંતર્ગૃહી પરિક્રમા કરવા નીકળે છે.

વિશ્રાન્ત ઘાટ ઉપર પ્રથમ શ્રીદાઉજી, શ્રીમદનમોહનજી, શ્રીગોકુળ નાથજી, શ્રીમથુરાંનાથજી, શ્રીદ્વારકાંનાથજી, શ્રીનવનીતલાલજી વિગેરે મંદિરોમાં દર્શન કરવાં. વળી ત્યાંથી શ્રી સતઘરામાં શ્રીગુસાંઇજીના ઘરમાં દિવસ ૨૮ સુધી બિરાજેલા શ્રીનાથજીનું મંદિર છે ત્યાં દર્શન કરવાં.[1] આ સ્થળે શ્રીનાથજી સં. ૧૬૨૩ ફાલ્ગુન કૃષ્ણ ૭ ને દિવસે પધાર્યા હતા.

ત્યાંથી ગતશ્રમ નારાયણનું મંદિર, આધવગાદજી, શ્રીપદ્મનાભજી મથુરાદેવી; દિર્ઘવિષ્ણુ, વિગેરે તથા અન્ય મંદિરોનાં દર્શન કરીને ત્યાંથી વૈષ્ણવો શ્રીગોસ્વામી બાળકો સાથે મધુવનમાં પ્રવેશ કરે છે. અને કૃષ્ણકુંડ ઉપર યાત્રાળુઓનો મુકામ થાય છે.

મથુરાંથી નીકળી શીવસ્થળ—શીવતાલકુંડ આવે છે ત્યાંથી મધુ-વન મુકામ થાય છે.

મધુવન.

અહીંઆં મધુકુંડ (કૃષ્ણ કુંડ) છે. આ મધુવનમાં શ્રીઠાકોરજીએ ગોચારન લીલા કરી હતી અને ગોપ બાળકોની સાથે અપૂર્વ આનંદ કર્યો હતો. આજ વનમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ મધુનામના દૈત્યનો નાશ કર્યો હતો. આ સ્થળે શ્રીમધુવનીઆ ઠાકોરજી શ્રીચતુર્ભુજ સ્વરૂપનું મંદિર આવેલું છે. આ શ્રી ઠાકોરજી શ્રીકૃષ્ણ ભગવાનના પૌત્ર વજ્રનાભ-જીના સેવ્ય છે. અહીંઆં રાસધારીઓ ગોચારન લીલા તથા મધુદૈ-ત્યના નાશની લીલાનો રાસ કરે છે. આવી રાસલીલાનું નિરક્ષણ કરવાથી શ્રીઠાકોરજીની લીલાનું જ્ઞાન થાય છે માટે યાત્રાળુઓએ પરિક્રમામાં જ્યાં જ્યાં રાસાદિ લીલાઓ થતી હોય. ત્યાં અવશ્ય દર્શને

---

૧ વધુ માટે "શ્રી ગોવર્ધનનાથજીના પ્રાટયની વાર્તા" જુઓ.

જવું. આ સ્થળે બીજું એક શ્રીદાઉજીનું મંદિર છે. આ સ્વરૂપ શ્રી વજ્રનાભજીના સેવ્ય છે. અહીં શ્રીકૃષ્ણકુંડ ઉપર કદમના વૃક્ષ નીચે આચાર્યશ્રીની બેઠક છે. આ સ્થળે શ્રી મહાપ્રભુજીએ સાત દિવસ સુધી શ્રીમદ્ભાગવતનું પારાયણ કર્યું હતું. શ્રીમધુવનીઆ ઠાકોરજી પોતે સપ્તાહ શ્રવણ કરવા પધારતા હતા. આટલેથીજ શ્રીમહાપ્રભુજીની કથા-વાણીમાં કેટલું અમૃત-રસ હશે. તેમજ શ્રી મહાપ્રભુજી શ્રીપૂર્ણ પુરૂષોત્તમજ હોવા સબંધીનો વિચાર કરવાનું વાચકવૃંદને સોંપુંછું.

અહીંઆં મુકામ કાયમ રાખી મહારાજશ્રી તથા યાત્રીઓ શ્રી ધ્રુવજી જાય છે. અહીંઆં પાંચ વરસના બાળ ધ્રુવજીનાં દર્શન થાય છે. મંદિર ઉંચા ટેકરા ઉપર છે. આજ સ્થળે ધ્રુવજીએ તપશ્ચર્યા કરી હતી. અને આજ સ્થળે તેમને પ્રભુએ અચળ રાજ્ય-પ્રાપ્તિનો વર આપ્યો હતો. બીજું મંદિર જે સ્વરૂપે શ્રીઠાકોરજીએ ધ્રુવજીને દર્શન આપ્યાં હતાં તે શ્રીનારાયણ પ્રભુનું છે. અહીંથી દર્શન કરી યાત્રીઓનો સંઘ તાલવનમાં પ્રવેશ કરે છે.

તાલવન.

અહીંઆં શ્રીકૃષ્ણચંદ્રના વડીલ બંધુ શ્રીબળદેવજીનું મંદિર છે. આ સ્થળે શ્રીબળદેવજીએ ધેનુકાસુર નામના રાક્ષસને જેવી રીતે એક વૃક્ષને ઊભા ચીરી બે ભાગ કરવામાં આવે છે. તેવી રીતે મારી નાંખ્યો હતો. તેનાં દર્શન થાય છે. કંસે પ્રતિ સ્થળે શ્રીકૃષ્ણનો નાશ કરવાને અનેક રાક્ષસો યોજી રાખ્યા હતા. તેમાંનો એક ઉપરોક્ત ધેનકાસુર રાક્ષસ ગર્દભના રૂપમાં વ્રજવાસીઓને અનેક જાતની પીડાઓ ઉત્પન્ન કરતો હતો. શ્રીબળદેવજીએ તેનો નાશ કર્યો અને સર્વત્ર આનંદ ફેલાવ્યો. દેવતાઓએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી બળદેવજીને અભિનંદન આપ્યું. અહીં શ્રીદાઉજીનું મંદિર છે. તથા બળભદ્ર કુંડ

છે. અહીં રાસ થાય છે. અહીં ગ્વાલબાલ સહિત તાળફળ શ્રીદાઉજી તથા શ્રી ઠાકોરજી આરોગ્યા છે. અહીંથી યાત્રીઓ શ્રીકૃષ્ણનું રટન કરતા કુમુદવનમાં પ્રવેશ કરે છે.

કુમુદવન.

તાલવનથી કુમુદવન એકાદ કોશ દૂર આવેલું છે. સૂર્યના આછા કિરણોથી ચકચકિત, મદમન્દ પવનના ઝપાટાથી ડોલાયમાન થતાં પત્રો તથા પુષ્પોવાળું આ સુંદર વન મનુષ્ય માત્રને આનંદ પમાડે છે. એવું કહેવાય છે કે આ સ્થળે ઘણા વર્ષ પૂર્વે એક મોટો કુંડ હતો. તે હાલ પૃથ્વીમાં અદસ્ય થઇ ગયો છે તદપિ તે કુંડનાં કેટલાંક ચિન્હો અદ્યાવધિ દૃષ્ટિગોચર થાય છે તેથી તે સ્થળે કોઇ કુંડ હશે એમ માનવાને સબળ કારણો મળે છે. તેમજ ગામના વયોવૃદ્ધ માણસો આ સ્થળે કુંડ હોવાની સાક્ષી પણ આપે છે. હાલમાં તેની પાસે બીજો એક નાનો કુંડ છે તે શ્રી કૃષ્ણ કુંડ નામે ઓળખાય છે.

અહીંઆં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક શ્યામતમાલ વૃક્ષની નીચે આવેલીછે. શ્રીમહાપ્રભુજીએ આ સ્થળે પારાયણ કર્યું હતું. પરમ ભગવદીય કૃષ્ણદાસે આપશ્રીને પ્રશ્ન પૂછ્યો કે આ વનનું નામ કુમુદવન શી રીતે પડયું હશે? આચાર્યશ્રીએ સ્વમુખથી મધુર વાણી વડે સમજાવ્યું કે એક સમયે શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામીનીજી આ વનની અંદર પધાર્યાં હતાં અને તે વખતે કુમુદિની પૂર્ણપણે ખીલી રહી હતી તે વખતે શ્રી સ્વામીનીજી જે સ્થળમાં પોતે ઉભાં હતાં તે સ્થળમાં કુમુદ તથા કુમુદિનીનું વન થાય એવી નીજ ઇચ્છા શ્રી ઠાકોરજીને જણાવી. શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામીનીજીની આ ઇચ્છા પરિપૂર્ણ કરવા સારૂ, કુમુદ તથા કુમુદિની બન્ને સખીઓને આજ્ઞા કરી કે અહીંઆં એ કુંડ તૈયાર કરો ને ઉપરથી કુમુદ

કુમુદિનીએ એ કુંડ તૈયાર કર્યાં અને તે કુંડોની રક્ષાર્થે બીજા કુમુદોને આજ્ઞા કરી તે ઉપરથી આ કુમુદવન તરીકે ઓળખાય છે. આવી કથા સાંભળી સર્વે વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીને કુમુદ કુમુદિનીનાં દર્શન કરવાની અભિલાષા દર્શાવી શ્રીમહાપ્રભુજીએ દિવ્ય ચક્ષુ આપી કુમુદ કુમુદિની સહીત જળ વિહારની લીલાનાં દર્શન કરાવ્યાં હતાં. બેઠકનું વનની અંદર, એક અલૌકિક સ્થળ છે. શ્રીઝારીજી ચર્ણસ્પર્શાદિના સેવા થઈ શકે છે બેઠકની પાછળના ભાગમાં છાકલીલાની ઠારેછે.

આ વનમાં શ્રીકૃષ્ણે છાકલીલા કરી શ્રી વ્રજભક્તો પાસેથી છાક આરોગતા હતા. આ લીલાનાં મહાનુભાવી ભગવદીયોને દર્શન થયાં હતાં તેમજ આ લીલા નિત્ય સિદ્ધ હોવાથી કૃપાપાત્ર ભગવદીયોને હાલ પણ દર્શન થાય છે. તેથી જ મહાનુભાવી ભગવદીયોએ ગાયું છે કે:—

कुमुदवन भली पहोंचो आय ॥
सुफल भइ यह छाक तिहारो लाल कदम तर पाय ॥१॥
तहांतें उठ चले मानसरोवर संग सखा सब लाय ।
बेठे तहां ठोर गिरि उपर चरत चहुं दिश गाय ॥ २ ॥
खेलत खात हसत परस्पर वातें करत बनाय ।
रामदास बलबल बूजत हें कहा कहा विंजन लाय. ॥३॥

અહીં કુંડ ઉપર શ્રીકપિલ મુનિનું મંદિર છે ત્યાં દર્શન કરવાં

અહીંથી થોડે દૂર એક કદંબખંડી છે ત્યાં દર્શન કરવાં. આ વનમાં શ્રીઠાકોરજીએ વેણુનાદ કરી વ્રજભક્તોને બોલાવ્યા હતા. તે સ્થળનાં દર્શન થાય છે. અહીંથી દર્શન કરી યાત્રાળુઓ પાછા મધુ

વનમાં આવે છે. બીજે દિવસે સવારમાં પરિક્રમા ઉપડી શાન્તનું કુંડ આવે છે. ત્યાં મુકામ થાય છે.

શાન્તનું કુંડ.

અહીંઆં મુંબઇ નગરના એક મારવાડી ગૃહસ્થે એક સુંદર બગીચો તથા થોડીક નાની નાની ઓરડાઓ બંધાવેલી છે તેમાં અથવા તો યાત્રાળુઓના સંઘમાંજ મુકામ કરવો અને પછી શાંન્તનુંકુંડમાં સ્નાન કરવા જવું. શાન્તનુંકુંડ શાન્તનું રાજાના નામ ઉપરથી પડેલો છે, આ કુંડના માહાત્મ્ય વિષે એવું કહેવાય છે કે જેને પુત્ર ન થતો હોય. અથવા પુત્ર થતો હોય પણ જીવતો ન હોય તે આ કુંડમાં શુદ્ધ મનથી સ્નાન કરે અને એક માસ સુધી કીડીઆરૂં પુરે તો તેની ઇચ્છા પરિપૂર્ણ થાય છે. ત્યાં આગળ શાન્તનબિહારી-શ્રીગિરિધારીજીનું મંદિર કુંડના મધ્ય ભાગમાં પૂલ ઉપર થઇ જતાં એક ઉંચા ટેકરા ઉપર બાંધેલુ છે ત્યાં દર્શન કરવાં. આ મંદિરની પરિક્રમામાં મંદિરની પાછળ મંદિરના દેહરાને લગતો ચોતરો છે. તે ચોતરા ઉપર તેમ દહેરાની પાછળ ગોબર-ગાયના છાણથી પુત્રની કામનાવાળી સ્ત્રીઓ સાથીઓ કરે છે. તે સિવાય શાંતનકુંડ ઉપર શ્રીઠાકોરજી સાત વરસના હતા ત્યારે સતવાનો ભોગ આરોગ્યા હતા. તે બેઠક ઘાટ ઉપર છે ત્યાં દર્શન ચરણસ્પર્શ તિલક કરવું ને દંડવત્ કરી આગળ જવું. અહીંયાં ચાંદીનો સાથીયો, ચોખા, દુધ, નું દાન કરવાનું માહાત્મ્ય છે. અને યાત્રાળુઓએ પોતાના ગોર-ચોબાને એ દાન આપવું જોઇએ. અહીંથી મુકામ બહુલાવન થાય છે.

બહુલાવન.

શાન્તન કુંડથી નીકળી આગળ જતાં ગણેસરા ગામ અને

ગાંધર્વ કુંડ આવે છે. ત્યાં સ્નાન-પાન કરવાં. ત્યાંથી આગળ જતાં ખચેરા ગામ આવે છે. શ્રીઠાકોરજી માશીપુતનાને આ સ્થળે ખેંચી લાવ્યા તેથી ખચેરા નામ પડયું છે ત્યાં આગળ ખચેરા કુંડ છે અહીંથી આગળ બહુલાવન આવે છે.

બહુલાવનમાં શ્રીકૃષ્ણ કુંડ છે કુંડના ઘાટ ઉપર શ્રીબહુલાબિહારી શ્રી ઠાકોરજીનું મંદિર છે. ત્યાં દર્શન કરવાં તથા બીજું એક મંદિર છે તેમાં એક ગાય તથા એક સિંહ સામસામે ઉભેલાં તથા પાસે શ્રીઠાકોરજી બિરાજે છે. તેનાં દર્શન થાય છે. આ સંબંધમાં એવી આખ્યાયિકા છે કે:—એક વખત આ વનમાં અનેક ગાયો ચરતી હતી તે વખતે સિંહના ભયથી બધી ગાયો નાશી ગઇ પરંતુ એક ગાયથી નાશી શકાયું નહિ તેથી શ્રીપ્રભુએ તે ગાયની રક્ષા કરી અને સિંહ આ ગાયને ઇજા કર્યા શિવાય ત્યાંથી ચાલ્યો ગયો. આ વાત ગામના લોકોના જાણવામાં આવતાં એ ગાયનું માહાત્મ્ય વધ્યું અને ગામના સર્વ લોકો આ ગાયને દૈવી ગાય જાણી પૂજવા લાગ્યા. કાળાંતરે એ ગાય મરી ગઇ ત્યારે તેની યાદગીરીમાં ગામ લોકોએ એક નાનું મંદિર બંધાવી એક પાષાણની ગાય કરાવી પ્રતિષ્ઠા સહિત તે મંદિરમાં પધરાવી. એજ ભાવાનારૂપે આ મંદિરમાં ગાયનું, સામે સિંહનું અને ગૌ રક્ષણ કર્ત્તા શ્રીઠાકોરજીનું સ્વરૂપ બિરાજે છે. લોકો આ ગાયનું માહાત્મ્ય ગણી તેને ઘાસ પાણી વિગેરે નિરતા-નાંખતા હતા. સમય જતાં એક યવન હાકેમે આ હકીકત સાંભળી, ગાયનું પૂજન કરવાની ના પાડી. અને કહ્યું કે જો એ ગાય હોય તો ઘાસ ખાય અને પાણી પીએ. તે વખતે શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા હતા. અને હાકેમને આ ચમત્કાર બતાવ્યો ત્યારથી આ ગાયનું માહાત્મ્ય ઘણું વધેલું છે. પ્રતિ શ્રાવણ શુદી ૧૨ ના રોજ અત્રે મોટો મેળો ભરાય છે તથા આ સ્થળમાં એક ગાયનું દાન કરનારને સહસ્ર ગૌદાન

કર્યાનું ફળ મળે છે. આ ગાયને "બહુલા ગાય" એ નામથી ઓળખવામાં આવે છે. આ સિવાય બીજાં પણ દિવ્ય સ્થળો ઘણાં છે. ત્યાં દર્શન નિમિત્તે અવશ્ય જવું.

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક શ્રીકૃષ્ણ કુંડ ઉપર એક ગજાંવર વડના વૃક્ષ નીચે આવેલી છે. આ વડનું વૃક્ષ ઘણુંજ સૈકાં પૂર્વનું હોવાનું દૃષ્ટિથી લાગે છે. અહીં શ્રી ઝારીજી ચરણસ્પર્શાદિ સેવા કરી યથાશક્તિ ભેટ ધરવી.

અહીંઆં જે હાકમે બહુલા ગૌ પૂજનની બંધી કરી હતી. તે હાકેમ આ દોષને લીધે બીજા જન્મમાં ગોપાળપુર ગામમાં એક ઢીમરને ત્યાં જન્મ પામ્યો હતો. અને તે ભવમાં શ્રીગુસાંઈજી દ્વારા તેનો ઉદ્ધાર થયો હતો. તે [1]મેહાઢીમર નામથી ૨૫૨ વૈષ્ણવોમાં પ્રસિદ્ધ છે. તેમણે ઘણાં પદ બનાવ્યાં છે. શ્રીગોવર્ધન લીલાનું ઉત્તમ પદ આ ભગવદીયે ગાયું છે.

રાગ બિલાવલ.

હમારો દેવ ગોવર્ધન પર્વત, ગોધન જહાં સુખારો
મઘવાકો બલિ ભાગ ન દીજે સબીએ મતો હમારો ॥ ૧ ॥
(જુઓ વિવિધ ભોગ પદ ભાગ. ૧)

આ સિવાય શ્રીકૃષ્ણ જન્મોત્સવની વધાઈ વગેરે કીર્તનો આ ભગવદીએ ગાયાં છે.

રાગ સારંગ.

આંગન નંદકે દધિ કાદો,
છીરકત ગોપી ગ્વાલ પરસ્પર, પ્રગટે જગમેં જાદો. ॥ ૧ ॥

---

1. જુઓ ૨૫૨ વૈષ્ણવની વાર્તા.

દૂધ લિઓ, દધિ લિઓ, લિઓ ઘૃત માખન માટ સંયુત,
ઘર ઘરતેં સબ આવત આવત, ભયો મહરકે પૂત ॥ ૨ ॥
બાજત તુર કરત કોલાહલ વારીવારી દે દાન,
જીઓ જસોદા પુત તિહારો યહધર સદા કલ્યાણ ॥ ૩ ॥
છોરકે લોક રંગીલે દીસે હરદી પીત સુવાસ,
મેહા આનંદ પુંજ સુમંગલ યહ વ્રજ સદા વિલાસ. ॥ ૪ ॥

શ્રીપૂર્ણ પુરૂષોત્તમની કૃપા જેના ઉપર થાય તેનામાં જે શક્તિનો અભાવ હોય તે આપોઆપ આવી મળે છે. ઢીમર જેવી જ્ઞાતિમાં જન્મ પામેલા મનુષ્યને આવાં ઉત્તમ પદ બનાવતાં આવડયાં તે શ્રીગુસાંઇજીની કૃપાનુંજ ફળ છે.

અહીંથી મુકામ ઉપડી રાધાકૃષ્ણકુંડ ઉપર અથવા કુસુમ સરોવર ઉપર મુકામ થાય છે.

શ્રી રાધાકૃષ્ણકુંડ.

બહુલાવનથી આગળ જતાં રસ્તામાં જસોંતી ગામમાં બળભદ્ર કુંડ આવે છે. શ્રીમથુરામાં શ્રીગોપાલલાલજી મહારાજને માથે જે શ્રી દાઉજીનું સ્વરૂપ બિરાજે છે તે આ કુંડમાંથી પ્રગટ થયું છે અને તે શ્રીદાઉજીને શ્રીપુરૂષોત્તમજી મહારાજે મથુરામાં પધરાવ્યા છે તે અદ્યાવધિ ત્યાંજ બિરાજે છે. ત્યાંથી આગળ જીખીન ગામમાં રેવતી કુંડ તથા શ્રીદાઉજીનું મંદિર આવેલાં છે ત્યાંથી આગળ જતાં રાર ગામ આવે છે. ત્યાંથી ભાવાત્મક સ્વરૂપે વ્રજમાં બિરાજતી નિકુંજોમાંની શ્રીયમુનાજીની કુંજ શરૂ થાય છે એવી ભાવના મનાય છે. પછી આગળ જતાં વિશાખા કુંડ આવે છે. આગળ જતાં તોષ ગામ આવે છે. ત્યાં તોષકુંડ છે. અહીંઆં શ્રીઠાકુરજીએ ગાયો ચરાવી છે. આગળ જતાં શ્રીગિરિરાજની જીવ્હાનાં દર્શન થાય છે. ત્યાંથી આગળ

રાધાકૃષ્ણ કુંડ આવે છે. અહીંઆં પોષ્ટ ઓફીસ છે માટે યાત્રાળુઓએ અહીંથી ટપાલનો બંદોબસ્ત કરી લેવો.

આ રાધાકૃષ્ણ કુંડ તેમજ કુસુમ સરોવરાદિ વ્રજમાં ઘણાં સ્થળો, તદ્દન પત્થરથી તેમજ પ્રાચીન કારીગરીથી ભરપુર ભરતપુરના રાજાએ ઘણા મોટે ખરચે બંધાવેલાં છે.

અહીંઆં શ્રીઠાકોરજીના શ્રીચરણ ચિન્હનાં દર્શન થાય છે. તથા શ્રીગિરિરાજને ભોગ ધરાય છે. રાધાકુંડ, કૃષ્ણકુંડ તથા બીજા અષ્ટ સખીઓના ભાવમય આઠ કુંડો આ સ્થળમાં આવેલા છે. શ્રીકૃષ્ણ કુંડ શ્રીઠાકોરજીએ વેણુથી ખોદ્યો છે. અને શ્રીરાધા કુંડ શ્રીસ્વામીનીજીએ નખથી ખોદ્યો છે. શ્રીરાધા કુંડની અંદર ભીતમાં શ્રીસ્વામીનીજીની નિકુંજમાં રત્નજડિત મહેલ છે. ત્યાં સદૈવ શ્રીરાધાકૃષ્ણ રમણ કરે છે. બીજા આઠ કુંડનાં નામ—ચંપકલતા કુંડ, ચંદ્રભાગા કુંડ, ચંદ્રાવલી કુંડ, વિશાખા કુંડ, બહુલાકુંડ, સંધ્યા વંદનકુંડ, મિત્રાકુંડ ને લલિતાકુંડ છે. આ અષ્ટ સખીના કુંડો ઉપર અષ્ટ સખીઓનાં મંદિરો આવેલાં છે. પ્રતિ આસો વદી ૮ (ગુજરાતી) ના રોજ અર્ધ રાત્રીએ જો આ શ્રીકૃષ્ણ કુંડ તથા શ્રીરાધા કુંડમાં સ્નાન કરવામાં આવે તો સર્વે તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. અને મન વાંછિત ફળ મળે છે. આ સ્થળે શ્રી કૃષ્ણને આભૂષણનું તથા શ્રીરાધિકાજીને વસ્ત્ર દાન કરવાનું ઘણું માહાત્મ્ય ગણેલું છે. રાધાકુંડમાં બંગાલીઓ ઘણા રહે છે અને તેઓ કેવળ ભગવત્ ભજન કરી દિવસ નિર્ગમન કરે છે. કહેવાય છે કે તેમણે દરેકે સવા લક્ષ જપ કરવાજ જોઇએ ;અને તે પ્રમાણે તેઓ કરે છે પણ ખરા. તેઓ પૈકી કેટલાક તો ગૃહસ્થ હોવા છતાં પણ કેવળ સંસાર ત્યાગી થઇ વ્રજમાં નિવાસ કરે છે અને દિવસ ઘણુંકરી

સ્તવનમાં કાઢે છે, રાત્રે ફક્ત ઉદર નિર્વાહ જેટલું માગી લાવે છે. વ્રજનો ભાવ, વ્રજવાસીઓનો ભાવ, શ્રીરાધારમણની વિહાર લીલાનું અવલોકન આ બંગાળીઓ પૂર્ણ પ્રેમમય હૃદયથી કરે છે. ભાવુકોએ આવા ભગવદીયોનું અનુકરણ કરવા જેવું છે.

લલિતાકુંડ ઉપર શ્યામતમાલ વૃક્ષ છે તેમાં એ વૃક્ષના થડમાં જે કુદરતી ગાંઠો છે. તે દરેક ગાંઠો એટલી બધી સુંવાળી અને શ્યામ છે કે જેથી પ્રત્યક્ષ શ્રી શાલિગ્રામ સ્વરૂપેજ દર્શન થાય છે. ત્યાંથી આગળ પાંચ પાંડવનું તથા છઠ્ઠા નારાયણનું વૃક્ષ છે. અહીંથી આગળ શ્રી રાધાકૃષ્ણનું મંદિર છે.

શ્રી રાધાકૃષ્ણ કુંડ ઉપર શ્રી મહાપ્રભુજીની બેઠક છે અને ત્યાં શ્રીએ એક માસ પર્યંત નિવાસ કરેલો છે શ્રી આચાર્યજીએ સર્વ વૈષ્ણવોને અષ્ટ સખીના કુંડોનું માહાત્મ્ય સમજાવેલું હતું.

શ્રી મહાપ્રભુજીની બેઠકની સાથેજ શ્રી ગુસાંઇજીની તથા શ્રી ગોકુળનાથજીના બેઠકો આવેલી છે. અહીંઆં શ્રી ઝારીજી, ચરણ સ્પર્શાદિની સેવા કરવી. તે ઉપરાંત શ્રી મહાપ્રભુજીની બીજી સંધ્યાવંદનની બેઠક છે ત્યાં દર્શન કરવાં.

કુસુમ સરોવર.

અહીંથી કુસુમ સરોવર ઉપર જવાય છે. ત્યાં મુકામ થાય છે. આ સરોવર ભરતપુર નરેશે બંધાવેલું છે. અને તેમાં જળમાં એક પ્રકારની છત્રી (પત્થરની) એવી ઉત્તમ કારીગરીથી બંધાવેલી છે કે તે પ્રાચીન કારીગરીનો એક અદ્ભુત નમુનો છે. આધુનિક સમયમાં તેવા કારીગરો અને નકશી કામ કરનારાઓનો તદ્દન અભાવજ છે. એમ હાલના મકાનો વિગરે જોતાં સમજાય છે.

આ સ્થળને શ્રી ઠાકોરજીની લીલાની ભાવનામાં સખી

સ્થળ તરીકે ગણેલું છે. અહીંઆં વનમાં પુષ્પલતા સારી ખીલેલી છે અને આ સ્થળને કુસુમવન પણ કહે છે. અહીંઆં શ્રી ઉદ્ધવ કુંડ આવેલો છે અને તે સ્થળે મંદિરમાં શ્રી ઉદ્ધવજીનાં દર્શન થાય છે. શ્રી ઉદ્ધવજી વ્રજભક્તોની પાસે આ સ્થળમાં આવ્યા હતા અને તેમના સત્સંગથી શ્રી ઉદ્ધવજીને અહીંઆં ગુલ્મ લતા રૂપે બિરાજવાની ભાવના થવાથી હાલમાં ત્યાં તેજ સ્વરૂપે બિરાજે છે. આ સિવાય બીજાં મંદિરોમાં નારદજીનાં દર્શન થાય છે. સાથે નારદ કુંડ આવેલો છે. અહીંઆં શ્રી કૃષ્ણ ચૈતન્યના સેવકો બંગાળીઓ અહર્નિશ શ્રી કૃષ્ણ સ્મરણ કરવાને નિવાસ કરી રહેલા જોવામાં આવે છે. તેઓને મળવાને ખાસ આતુરતા રાખવી. ત્યાં આગળ કદમનું વૃક્ષ છે. તેના પત્રોનાં પડીઆ-દોના રૂપે હાલ દર્શન થાય છે આ સંબંધી એવી ભાવના છે કે શ્રી ઠાકોરજીએ છાકલીલા વખતે પોતાને દહીં આરોગવા માટે આ કદમ વૃક્ષનાં પત્રો દોનારૂપે કરી નીજ સખાઓને આપ્યા હતા.

અહીંથી આગળ જતાં ગ્વાલ પોખરા આવે છે. જેને ગ્વાલીઆઓએ બંસીથી ખોદેલો કુંડ કહે છે. આ કુંડની નજીકમાં એક બંગાળી મુની-સાધુ રહે છે. વખત મળે ભાવુકોએ આ મુનીનાં દર્શનનો લાભ લેવા ચૂકવું નહિ આ મુની દિવસના પોતાની કોટડી જોડે આવેલી ગુફામાં રહે છે રાત્રે પોતાની ગુફામાં શ્રી ઠાકોરજીને પધરાવી પ્રેમ પૂર્વક સેવા કરે છે મુની પોતે મૌન વ્રત ધારી છે. અહીંથી આગળ જતાં રત્ન સિંહાસન આવે છે અને ત્યાંથી આગળ કલોલ કુંડ આવે છે સાથે શ્રી કલોલબિહારીનું મંદિર અને શ્રી રાસ ચોતરો આવેલાં છે. કુસુમ સરોવરથી શ્રી ગિરિરાજનાં દર્શન થાય છે. માટે વૈષ્ણવોએ શ્રી ગિરિરાજનો અપરાધ ન પડે તેમ વર્તવું.

કુસુમ સરોવરથી કદંબ વૃક્ષનાં દર્શન કરી આગળ જતાં શ્રી ગિરિરાજ દેખાય છે. આ શ્રી ગિરિરાજ રાતા અને શ્યામ વર્ણના તથા પત્થરના ચોસલા જેવા દેખાય છે આ શ્રી ગિરિરાજના પત્થરોમાંથી જો કોઇ પણ માણસ એકાદ નાનો સરખો પત્થર ચોરીથી છુપાવી રાખે છે તેને કંઇ પણ દુઃખ થયા શિવાય રહેતું નથી માટે વૈષ્ણવોએ તેવો અપરાધ ન થાય તેથી ડરતા રહેવું. અહીંથી આગળ માનસી ગંગા આવે છે.

આ પવિત્ર માનસી ગંગાના માહાત્મ્ય વિષે પુરાણોમાં ઘણી સારી રીતે વર્ણન કરેલું જોવામાં આવે છે. શ્રી કૃષ્ણ ભગવાને જ્યારે વત્સાસુર દૈત્યને માર્યો ત્યારે ગોવાળીઆઓએ શ્રીભગવાનને કહ્યું કે તમારે આ દોષથી શુદ્ધ થવા સારૂ શ્રી ગંગાજીમાં સ્નાન કરવું પડશે. આ ઉપરથી શ્રી કૃષ્ણે પોતાના મગજમાંથી આ માનસી ગંગા ઉત્પન્ન કરી સ્નાન કરી દોષ નિવૃત્ત થયા. તેથી આ માનસીગંગા એ નામથી ઓળખાય છે. કેટલાક માનસી ગંગાને બ્રહ્માજીએ પોતાના મગજમાંથી ઉત્પન્ન કરી છે. એવું કહે છે. હાવે તેમ હો પરંતુ આ સ્થળ ઘણુંજ પવિત્ર છે. તેમજ તેનું જળ દૂધમય છે. આ બાબતની પરિક્ષા કરવા સારૂ કૃષ્ણદેવ રાજાએ પોતાના પુરોહીતને મોકલી શ્રી માનસી ગંગાનું જળ મંગાવી પરિક્ષા કરી હતી (વધુ વિગત માટે જુઓ ભાવસિન્ધુ.)

શ્રી માનસી ગંગા ઉપર ભરતપુરના રાજાએ એક મોટું વિશાળ મકાન બંધાવેલું છે જેને ભરતપુરના રાજાની છત્રી કહે છે આ છત્રીમાં પત્થરમાં નકસી તથા કોતર કામ અને ચિત્ર કામ જે જોવામાં આવે છે તે હિંદુસ્તાનની પ્રાચીન કારીગરીનો ઉત્તમોત્તમ નમુનો છે. આધુનીક સમયમાં એવું ઊંચું નકશી કામ કરનારા કારીગરોની

ખોટ કોઇ પણ રીતે પૂરી પડી શકે તેમ નથી. નદી ઉપર ઘાટ પણ સારા સુંદર બાંધેલા છે. તે ઠેઠ નીચે જળ સુધી પહોંચેલા છે.

શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક વલ્લભ ઘાટ ઉપર છોંકરના વૃક્ષ નીચે છે. શ્રી મહાપ્રભુજીએ આ સ્થળે શ્રી કૃષ્ણ ચૈતન્યના સેવકોને તથા અન્ય ભાવુક વૈષ્ણવોને દિવ્ય ચક્ષુ આપી માનસી ગંગાના જળનાં દૂધમય સ્વરૂપે દર્શન કરાવ્યાં હતાં. જ્યારે શ્રી આચાર્યજી સમાધ કરતા હતા ત્યારે ચક્રેશ્વર મહાદેવ શ્રી મહાપ્રભુજીની અમૃતમય વાણીનું પાન કરવા પધારતા હતા.

બીજી બેઠક સામેના બીજા ઘાટ ઉપર છે. તે શ્રીગુસાંઇજીની છે આ શિવાય અહીં બીજાં દર્શનીય સ્થળોમાં ચક્રતીર્થ અને ચક્રેશ્વર મહાદેવ વિગેરે છે. અને દાન ઘાટી ઉપર શ્રી દાનીરાયજીનું મંદિર આવેલું છે. અહીંઆં શ્રી હરદેવજીનું મંદિર, મનસાદેવી તથા બ્રહ્મકુંડ છે.

દાનઘાટી—ગોવર્દ્ધન.

અહીંઆં પોષ્ટ અને તાર ઓફિસ છે તથા એક જીનીંગ ફેક્ટરી પણ છે. શ્રીમાનસીગંગાના મધ્ય ભાગમાંથી શ્રીગિરિરાજજી પ્રગટ થાય છે. ત્યાં એક નાનું મંદિર છે ત્યાં શ્રી ગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવવામાં આવે છે તથા ભોગધરાય છે. આ શ્રી ગિરિરાજ જતીપુરા અને ત્યાંથી પૂછરી સુધી બિરાજે છે વચ્ચે દાનઘાટી આવે છે. દાનઘાટીથી મથુરા જવા સારૂ પાકી સડક સરકાર તરફથી બાંધવામાં આવેલી છે આ સંબંધમાં એવું સાંભળવામાં આવ્યું કે અહીંઆં આ પાકી સડક કરવાને સારૂ શ્રી ગિરિરાજની પ્રત્યક્ષ આજ્ઞા થઇ ત્યારેજ બંધાઇ હતી. સરકાર અને વ્રજવાસીઓ વચ્ચે

કેટલીક સમજુત થઇ હતી. અને દાનઘાટી નામ કાયમ રાખવાનું સરકારે વચન આપ્યું ત્યારેજ સડકનું કામ આગળ ચાલ્યું હતું. અહીંઆં પરિક્રમા વખતે દાનનો મહા રાસ થાય છે આ રાસનાં દર્શન કર્યા શિવાય વૈષ્ણવોએ આગળ વધવું નહિ ત્યાં આગળ દાન બિહારીનું મંદિર છે." ગોવર્ધનગિરિ શિખરતેં, મોહન દીની ટેર " એ દાનનાં કીર્તન થતાં રાસલીલા થાય છે.

શ્રી માનસી ગંગા ઉપર દીવાળીનો મેળો.

શ્રીમાનસીગંગા ઉપર પ્રતિવર્ષે દિવાળી ઉપર લક્ષાવધિ માણસોનો મોટો મેળો ભરાય છે. એવી માન્યતા ચાલે છે કે પ્રતિવર્ષ દિવાળીને દિવસે મધ્ય રાત્રીએ માનસીગંગાના જળનાં દુધમય સ્વરૂપે દર્શન થાય છે. અને તેજ ભાવનાથી મોટો મેળો ભરાય છે.

આ વખતે હાથરસ, આગ્રા, મથુરા તેમજ પૂર્વના ભાગના લાખો માણસો મેળામા આવે છે. તે ઉપરાંત રાસધારીઓ, દુકાનદારો, સંતો, મહંતો, અને મંડળીઓવાળા ઘણા લોકો ભેગા થાય છે.

ઘાટ ઉપર થતા દીવાઓ.

માનસીગંગાના ઘાટ ઉપર અગણિત ઘીના દીવા કરવામાં આવે છે. ભરતપુરના રાજા તરફથી ઘણું ઘી દીવા કરવા સારુ મળે છે એવું કહેવાય છે. તે ઉપરાંત દર્શનીક વૈષ્ણવો તરફનું, માનસીગંગાની આજુબાજુ રહેનારા લોકો તરફથી માનતાનું, ગૃહસ્થ લોકો તરફથી પ્રતિસાલના લાગાનું, ઘણું ઘી આવે છે. અને દીવા એટલા બધા અગણિત કરવામાં આવે છે કે ઘાટ ઉપર એક તલ માત્ર જગ્યા રહેતી નથી બધી જગ્યા દીવાના

કોડીઆંથી ભરાઈ જાય છે. જો કોઈપણ માણસ એક પાઇ સરખી નાંખે તો કોડીઆમાંજ પડે છે. અત્યારે પણ આ પ્રથા ચાલુ છે. ને મેળો ભરાય છે. વૈષ્ણવોએ આવા પ્રસંગનો લાભ લેવા ચૂકવું નહિ.

માનસીગંગા ઉપર મધ્વસંપ્રદાયના આચાર્ય શ્રીકૃષ્ણચૈતન્યની બેઠક છે.

દાનઘાટીથી આગળ શ્રીહરદેવજીનું મંદિર આવેલું છે. આગળ ચાલતાં ઋણમોચન, પાપમોચન, ગોરોચન, અને ધર્મરોચન વિગેરે નાના કુંડો આવે છે. આ કુંડોમાં વિધિસર શુદ્ધ મને સ્નાનાદિક ક્રિયાઓ કરવી. અહીંથી આગળ જતાં શ્રીમહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર ભગવદીય કુંભનદાસજીનું યમનાવતા ગામ આવે છે. પરાસોલીમાં તેમનું ખેતર તથા કુવો અત્યારે પણ છે. પ્રથમ શ્રીયમુનાજી આ સ્થળે બીરાજતાં હતાં તેથી ગામનું નામ જમનાવતા અથવા યમનાવતા પડેલું છે. અહીં એક પ્રાચીન વડનું ઝાડ છે તે કુંભનદાસજીના વડ છે એમ કહેવાય છે. કુંભનદાસજી શ્રીમહાપ્રભુજીના અંતરંગ સેવક હતા. તેમણે ઘણાં પદ બનાવ્યાં છે. તથા તેમની પ્રભુ પ્રત્યે એટલી બધી પ્રીતિ હતી કે દેશાધિપતિ અકબર પાદશાહ તથા રાજા માનસીંગની ઇચ્છાનો અનાદર કર્યો હતો. આ ભગવદીયનું સંપુર્ણ વૃત્તાંત ચોરાશી વૈષ્ણવની વાર્તામાં આપેલુ છે. ભાવુકોએ ખાસ મનન કરવા જેવું છે. અહીંઆં કુંભનદાસજી રહેતા હતા તે સ્થળે ચોતરો છે. તથા શ્રીયમુનાજીનો ઘાટ છે.

અહીંથી આગળ ચંદ સરોવર તરફ જતાં પ્રથમ અડીંગ આવે છે. આ સ્થળે શ્રીભગવાને અડી અડીને દાન લીધાં હતાં. અહીંઆં

કલ્લોલ કુંડ છે. અહીંઆં શ્રીજી સાતસ્વરૂપ સહિત જળપાન બીડાં આરોગ્યા છે. શ્રીબળદેવજીનું મંદિર, માધુરીકુંડ તથા મોરવન આવેલાં છે. આ વન ઘણું સુંદર છે. નાના પ્રકારના પક્ષીઓ ગુંજાર કરે છે. અહીંથી આગળ જતાં ચંદ સરોવર આવે છે.

ચંદ સરોવર.

ચંદ સરોવરનું દ્વિતિય નામ પરાસોલી તરીકે જણાવેલું છે. અહીંઆં મુંબઇના રા. બ. શેઠ ખીમજી કુંવરજી જે. પી. એ એક સુંદર મકાન બંધાવેલું છે આ મકાનમાં ઉતરનાર યાત્રાળુઓને તે મકાનના વહીવટ કરનાર તરફથી રસોઇ કરવા સારૂ વાસણ વિગેરે સાધન પુરાં પાડવામાં આવે છે. પરિક્રમા વખતે તો યાત્રીઓ વાસણ વિગેરે સાધન પાસે રાખે છે. પરંતુ અન્ય સમયે આવા બાટીઆ બાઇઓ યાત્રાળુઓને જોઇતાં સાધનો પુરાં પાડી સ્વઉપાર્જીત દ્રવ્યથી જે સેવા કરે છે તે જોઇ તેમને ધન્યવાદ આપવો ઘટે છે પોતાનું ઉપાર્જીત કરેલું દ્રવ્ય આવા તીર્થક્ષેત્રોમાં યાત્રીઓને સાધન વગર પડતી અડચણો દૂર કરવામાં વાપરવું એજ તેમના દ્રવ્યની સાર્થકતા છે, વૈષ્ણવોની સેવા કરવી એજ પ્રભુ સેવા છે એવું સમજનારા આવા ઉચ્ચાશયવાળા, મેળવેલાં નાણાંનો વિનિયોગ કરનારા, આત્મશ્લાઘાની ખાતર નહિ પરંતુ આવા નિર્જન અરણ્યમાં જ્યાં અનેક પ્રકારની અડચણો રહેલી છે. ત્યાં ધર્મશાળાઓ બંધાવી યાત્રાળુઓને જે અમૂલ્ય લાભ કરી આપે છે. તે જોઇ મનની સ્વાભાવિક ગૃહસ્થોને આશીર્વચન આપ્યા શિવાય ચાલતું નથી. ધનવાન વૈષ્ણવોને અત્રે અમે પુનઃ પુનઃ વિનંતી કરીએ છીએ કે વ્રજમાં ઘણે સ્થળે આવી ધર્મશાળાઓની જરૂર છે. તે ખોટ પુરી પાડવા પ્રયત્ન કરશે અને યાત્રી-

એઓનો આશીર્વાદ મેળવવા ભાગ્યશાળી થશે.

વૈષ્ણવોને અત્રે ભલામણ કરીશું કે કેટલીક વખત દુષ્ટાશયવાળા આસુરી જીવો યાત્રીઓને ભોળવી ખોટે રસ્તે દોરી જાય છે તેથી તન ધન અને દેહની હાની થવાનો સંભવ છે. માટે તેઓએ બનતા સુધી સંઘમાંજ રહેવું. અને વિખૂટાં પડવું નહિ.

ચંદ્ર સરોવર ઉપરનો ઘાટ પણ ભરતપુર નરેશ તરફથી બંધાવેલા છે. ભરતપુરના રાજાએ આવા કુંડો તથા ઘાટો બંધાવવામાં જે દ્રવ્યનો ઉપયોગ કર્યો છે તે જોઇ રાજાની પ્રભુ પ્રત્યે કેવી શ્રદ્ધા તથા પ્રીતિ હશે તેનો વિચાર કરવાનું વાચક વૃંદનેજ સોંપું છું. ઉત્તમ કારીગરી અને નકશી કામથી ભરપુર આ મહાન્ નરેશ તરફથી વ્રજમાં સ્થળે સ્થળે જોવામાં આવતાં સ્થળો જોઇ વિચાર કરતાં મહારાજાનો ભક્તિભાવ કેટલો બધો હશે. તેમજ યાત્રીઓને માટે તેમને કેટલી બધી ઉંડી લાગણીઓ હશે તેનો ખ્યાલ કરવો મુસ્કેલ છે.

આ ચંદ્ર સરોવર ઉપર શ્રીકૃષ્ણ ભગવાને છ માસની એક રાત્રી નિર્માણ કરી ગોપીકાઓ સાથે રાસક્રીડા કરી હતી. અને આ સ્થળે મહારાસ થયો હતો. કુંડ આગળ એક ચોતરો આવેલો છે તે રાસમંડળનો ચોતરો એ નામથી ઓળખાય છે. આ કુંડની સામેની બાજુએ મહાનુભાવી ભગવદીય કુંભનદાસજીની બેઠક છે અને સાથે ચંદ્રબિહારીજી ઠાકોરનું મંદિર છે. પરિક્રમા વખતે અહીંઆં ખાસ કરીને રાસપંચધ્યાયીનો મહારાસ થાય છે.

ચંદ્ર સરોવર ઉપર શ્રીમહાપ્રભુજીની, શ્રીગુસાંઇજીની, શ્રીગોકુળનાથજીની બેઠકો છે. શ્રીમહાપ્રભુજીની બેઠક શમીવૃક્ષ નીચે આવેલી છે. અહીંઆં શ્રીમહાપ્રભુજીએ સમાજ કરી હતી. તથા ભગવદીયોને

રાસ લીલાનાં દર્શન કરાવ્યાં હતાં, તદુપરાંત એક વષ્ણુવે શ્રી ગિરિરાજનાં સાક્ષાત્ દર્શનની અભિલાષા જણાવી. તે ઉપરથી શ્રી આચાર્યજીએ કહ્યું કે જો કોઈ ભાવુક એક દિવસમાં શ્રીગિરિરાજની ત્રણ ચાર પ્રદક્ષિણા કરે તો સાક્ષાત્ દર્શન થાય તે ઉપરથી તેજ વૈષ્ણવે નિશ્ચયાત્મક ભાવથી શ્રીગિરિરાજની ત્રણે પરિક્રમા કરી પહેલાં તો તેણે એક સર્પ જોયો, છતાં આગળ ચાલ્યો ત્યારે પૂછરીની પાસે એક ગોવાળીઓ મળ્યો તેણે કહ્યું અરે વૈરાગી! તું આગળ જઈશ નહિ આગળ તો સિંહ ઉભો છે વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીનું ચિંત્વન કર્યું કે તરતજ સિંહ અંતર્ધાન થઇ ગયો પછી સુંદરશીલાની પાસે એક ગાય ઉભેલી દીઠી પછી પરિક્રમા કરીને તત્કાળ શ્રીમહાપ્રભુજીની પાસે આવીને ઉભો રહ્યો. અને કહ્યું કે મહારાજ? મને શ્રી ગિરિરાજનાં સાક્ષાત્ દર્શન થયાં પછી શ્રી મહાપ્રભુજીએ વેદમાં વર્ણન કરેલું શ્રીગિરિરાજનું સ્વરૂપ કહી બતાવ્યું કે (૧) ગૌર ભુજંગ સ્વરૂપ. (૨) ગ્વાલ સ્વરૂપ. (૩) સિંહસ્વરૂપ. (૪) ગોસ્વરૂપ. (૫) સ્થૂલ સ્વરૂપ. એવાં શ્રીગિરિરાજનાં પાંચ સ્વરૂપ છે. આ પાંચે પ્રકારના સ્વરૂપનાં દર્શન તે વૈષ્ણવને શ્રીમહાપ્રભુજીની કૃપાથી થયાં હતાં. છેલ્લુ સ્વરૂપ સર્વને દૃશ્યમાન છે.

અહીંઆં ઝારીજી ચર્ણસ્પર્શ વિગેરેની સેવાનો લાભ લઈ શ્રી ગુસાંઇજીની બેઠકે દર્શન કરવાં બેઠક જોડાજોડ હોવાથી અપૂર્વ આનંદ આવે છે.

જ્યારે પરમ ભગવદીય કૃષ્ણદાસ અધિકારીએ શ્રી ગુસાંઇજીને શ્રીનાથજીનાં દર્શન બંધ કરાવ્યાં ત્યારે આપશ્રી આ ચંદ સરોવર ઉપર ૭ માસ સુધી બિરાજી શ્રી નાથજીના વિપ્રયોગ સહન કર્યો. શ્રી ગુસાંઇજીને પ્રથમ શ્રીનાથજી નીજ મંદિરની બારી દ્વારા દર્શન આ-

પતા હતા પરંતુ તે દ્વારા શ્રી ગુસાંઇજીને શ્રી નાથજીનાં દર્શન થાય છે એવું જ્યારે કૃષ્ણદાસના જાણવામાં આવ્યું ત્યારે તે બારી બંધ કરાવી અને તે બારી બંધ થયા પછી શ્રી ગુસાંઇજી શ્રીનાથજીની ધ્વજાની સન્મુખ જોઇ વિજ્ઞપ્તિ કરતા હતા. શ્રી ગિરિરાજ ઉપર શ્રી નાથજીનું મંદિર અને ચંદ સરોવર ઉપર પોતાને રહેવાનું મકાન સામ-સામે છે શ્રીનાથજીની કેટલીક સેવા આ ચંદ સરોવર ઉપરના ગૃહમાં જ થતી અને ત્યાંથી શ્રી ગિરિરાજ ઉપર મોકલવામાં આવતી. રામદાસ ભીતરીઆ હમેશાં શ્રી ગુસાંઇજીનાં દર્શન કરવા પરાસોલી આવતા હતા. તેમની સાથે શ્રી ગુસાંઇજી શ્રી નાથજીને એક વિજ્ઞપ્તિપત્ર લખી મોકલતા. તે રામદાસજી શ્રી નાથજીને પહોંચાડતા હતા. શ્રી નાથજી આ વિજ્ઞપ્તિનો જે પ્રત્યુત્તર આપતા તે શ્રી ગુસાંઇજી જળમાં ઘોળી પી જતા હતા. આ પ્રમાણે નવ વિજ્ઞપ્તિઓ લખી છે[1] આ વિજ્ઞપ્તિ પત્રો વાંચવાથી ભક્ત પ્રેમી બને છે. અને દૈન્યતાનું ખરૂં સ્વરૂપ સ્ફુરવાથી પ્રભુનો કૃપાપાત્ર બને છે.

કૃષ્ણદાસ અધિકારીએ શ્રી ગુસાંઇજીને શ્રી નાથજીનો વિયોગ કરાવ્યો તેથી તેમનો લૌકિક જીવ અને શરીર અધોગતિને પામ્યાં. વૈષ્ણવોએ શ્રી ગુસાંઇજીના બાળકોની ભૂલે ચૂકે પણ અવજ્ઞા કરવી નહિ. " **स्ववंशे स्थापिताशेष स्वमाहात्म्यं स्मयापह** " એ મહદ્ વાક્ય અહરનિશ સ્મરણમાં રાખવું.

તે ઉપરાંત પ્રભુ બાંહ્ય ગૃહ્યાની લાજ રાખેછે. અર્થાત્ જેનો અનુ-

---

૧ શ્રી ગુસાંઇજીએ શ્રી નાથજીને લખેલા વિજ્ઞપ્તિ પત્રો નવ રહેલા તે પ્રગટ થયેલા છે ને તેનું ગુજરાતીમાં ભાષાન્તર પણ થયેલું છે તે અમારે ત્યાંથી મળશે. કીંમત ૦-૫-૦.

ગ્રહ કર્યો છે તેને કદી પણ છોડતા નથી એ આખી વાર્તાનું રહસ્ય છે. વાર્તા ખાસ મનન કરવા લાયક છે.

આ સિવાય શ્રી ગુસાંઇજીની બીજી બેઠક જે ફુલ ઘરની બેઠક તરીકે ઓળખાય છે. તે પણ અહીંઆંજ આવેલી છે. આ બેઠકમાં શ્રી ગુસાંઇજી વિપ્રયોગના છ માસમાં શ્રી નાથજીની ફુલઘરની સેવા કરતા હતા, ફુલઘરમાં શ્રી ગુસાંઇજી શ્રી નાથજીની માળા સિદ્ધ કરીને શ્રી નાથજીના મંદિરમાં પહોંચાડતા. શ્રીનાથજીમાં રાજભોગ સરવાનો વખત થાય એટલે ત્યાંથી એક હેલો પાડતા. અર્થાત્ મોટા સાદથી કહેવામાં આવતું કે "માળા બોલી હે" એ ઉપરથી શ્રી ગુસાંઇજી સમજતા કે હવે માળાની જરૂર છે તે તત્કાળ પધરાવતા તે ઉપરથી હાલ પણ શ્રીજીદ્વારમાં માળા બોલે છે. હાલના અજ્ઞાન લોકો તેનો જુદો અર્થ કરે છે તે ખોટું છે.

આ પ્રમાણે શ્રી ગુસાંઇજીની ફુલ ઘરની બેઠકનું ચરિત્ર છે. અહીંઆં ઝારીજી ચર્ણસ્પર્શ વિગેરે સેવા થઈ શકે છે. આ બેઠકની સાથે શ્રી ગોકુળનાથજીની બેઠક છે. શ્રી ગોકુળનાથજીએ રાસના મનોરથની શરૂઆત પ્રથમ અહીંઆંથીજ કરી હતી. આ વખતે મહાનુભાવી ભગવદીય અને શ્રી ગુસાંઇજીના પરમ કૃપાપાત્ર ચત્રુભુજદાસે અત્યુત્તમ પદ ગાયાં હતાં. વળી શ્રી ગોકુળનાથજીએ આ બેઠકમાં શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત શ્રી સર્વોત્તમ સ્તોત્રની ટીકા કરી હતી અને એક માસ સુધી ભાવુકોને અપૂર્વ આનંદ કરાવ્યો હતો.

શ્રી બડેલાલજીની બેઠક શ્રી ગુસાંઇજીની ફુલઘરની બેઠક જોડે છે. અહીં બીજી શ્રી ગિરિશજીની બેઠક છે. ત્યાં દર્શનાદિ કરવાં.

અહીંઆં શ્રી નાથજીનો જળઘરો છે. નજીકમાં મહાનુભાવી

અને શ્રી મહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર ભગવદીય સૂરદાસજીને રહેવાની જગ્યા છે. તેમજ સૂરદાસજીના અવસાનનું સ્થળ પણ અહીંયાંજ છે તે એક ચોતરા જેવું છે. એવું કહેવાય છે કે આ સ્થળેજ સૂરદાસજીએ પોતાના સ્થૂળ દેહનો ત્યાગ કરી નિજલીલામાં પ્રવેશ કર્યો હતો. ભાવાત્મક શ્રી ગિરિરાજમાં પ્રવેશ કરવાનાં અષ્ટસખાનાં આઠ દ્વાર પૈકી સૂરદાસજીનું દ્વાર અહીંઆંજ છે.

આ ચંદ સરોવર ઉપર પહેલાં આશરે ૨૫-૩૦ વર્ષ ઉપર ૪૦-૫૦ વૈષ્ણવો વ્રજવાસ કરવાની અભિલાષા વાળા રહેતા હતા. દરેકને રહેવાની ઓરડીઓ શ્રી નાથજીના જળઘરા તરફ છે. હાલમાં તો કોઇ વૈષ્ણવ રહેતા જણાતા નથી. માત્ર થોડા વખતથીજ કૃષ્ણગઢ **નિવાસી પરમ ભગવદીય. જેકીસનદાસ** (જયકૃષ્ણદાસ, પોતાની હજારોની સમૃદ્ધિ, કીસનગઢ રાજ્ય-નરેશનું અપૂર્વ માન, ઘરબાર, ઊંચા હોદાની અને સુખશાન્તિની કીસનગઢના રાજાની નોકરી, અને કીસનગઢ નરેશના ખાસ માનીતા હોવા છતાં સર્વેનો ત્યાગ કરી પ્રભુલીલા અવલોકન કરવાની ખાસ અભિલાષાથીજ વ્રજમાં આ સ્થળે વાસ કરી રહ્યા છે. તેઓશ્રીના દર્શનનો ને બને તો સત્સંગનો લાભ લેવા ચૂકવું નહિ. એવી વૈષ્ણવો પ્રત્યે મારી નમ્ર યાચના છે. નીજ કૃપાપાત્ર ૮૪ અને ૨૫૨ ભગવદીયોનો હજુ પણ ભૂતળમાં વાસ છે તે આવા મહાનુભાવીના દર્શનથી જણાય છે.

આ ચંદ સરોવરનું સ્થળ સારસ્વત કલ્પનું આદ્ય વૃન્દાવન ગણાય છે. માટે આ સ્થળની ભાવના ઘણી ઉચ્ચ છે. પરમ ભાગ્યવાન ગોપીજનોને અપૂર્વ ભક્તિનું દાન અહીંજ થયું હતું, મહાનુભાવી કુંભનદાસજી પણ આ સ્થળેજ રહેતા હતા. સૂરદાસજી પણ અહીંજ રહેતા હતા.

ચંદ સરોવરથી મુકામ ઉપડી ગોવીંદકુંડ જાય છે. અહીંથી આગળ જતાં મોહનકુંડ અને પેઠો ગામ તથા એઠો કદમ આવે છે.

એઠો કદમ અને પેઠો ગામનું એવું માહાત્મ્ય છે કે પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ઈંદ્રનું માન ભંગ કરી ઇંદ્રિના કોપથી વ્રજવાસીઓની રક્ષા કરી ત્યારે આપશ્રી વ્રજજનો સમેત આ સ્થળે આવી પ્રથમ પોતે પોતાનું બળ વ્રજવાસીઓને જણાવવા એક કદમના વૃક્ષને સ્વહસ્તે આંબળી વાળી દીધું એટલે એંઠયું–વળ ચઢાવીને આમળવું તે–હાલ પણ આ કદમનું વૃક્ષ એવું આમળેલું હોય તેવું દેખાય છે. તેથી તેને એઠો કદમ કહે છે. વ્રજમાં તેમજ અન્ય સ્થળોએ પણ કદમના વૃક્ષો તો ઘણાં જોવામાં આવે છે. પણ આવા દોરડાના વળની માફક આ મળેલું વૃક્ષ તો આ સ્થળ શિવાય બીજે કોઇ પણ સ્થળે જોવામાં આવતું નથી એજ આ ભૂમિની અલૌકિકતા સિદ્ધ કરી બતાવે છે.

બીજાં કેટલાંક કદમનાં વૃક્ષ વળ દઈ આમળો ચઢાવેલાં હોય એવાં અત્યારે જોવામાં આવે છે અને તે બધાં એઠો કદમના નામથી ઓળખાય છે.[1] ત્યાં એક શંખકદમ છે તે કદમના થડમાં જે ગાંઠો હોય છે તે શંખાકૃતિ જેવી હોય છે તેથી આ વૃક્ષને શંખ કદમ કહે છે. વળી ત્યાં આગળ આજુબાજુ ઘણાં કદમનાં વૃક્ષો એક ચોતરાની માફક જણાય છે તેથી આ સ્થળ રાસની જગ્યા હોય એવી ભાવના થાય છે. અહીંઆં નજીકમાં એક કુવો છે તેને લક્ષ્મી કુપ કહે છે.

---

૧ જુઓ "શ્રીગિરિરાજ ભૂષણ ગ્રન્થ" આ પુસ્તક અમારા તરફથી હાલમાં છપાઇ બહાર પડયું છે. કીંમત. ૦–૧૦–૦ છે.

અહીંથીજ શ્રીકૃષ્ણ ભગવાને શ્રીગિરિરાજને ઉંચો કરી વ્રજવાસીઓ સમેત શ્રીગિરિરાજની અંદર પેઠા. તેથી આ ગામને પેંઠો ગામ કહે છે.

આપણી આર્યભૂમિમાં આજ સુધીમાં કાળાંતરે કેટલાંય ગામોનો નાશ થઈ ગયો હશે. અને કેટલાંય નવાં વસ્યાં હશે. રાજાના જૂલમથી, કાળના બળથી, કુદરતના કોપથી,–અગ્નિ, જળપ્રવાહ, વિગેરે કારણોથી જે જે ગામોનો નાશ થઇ ગયો છે. તેનું અત્યારે નામનિશાન પણ ભાગ્યેજ જોવામાં આવતું હશે. તેમનું અસ્તિત્વપણું તો તેમના નાશની સાથેજ હટાઇ ગયું છે–ભૂંસાઇ ગયું છે. પરંતુ વ્રજમાં–શ્રીકૃષ્ણચંદ્રની ભૂમિમાં–અત્યારે જે જે સ્થળો, દશ્યમાન થાય છે તે પૂર્વકાળથીજ અસ્તિત્વપણું ધરાવે છે અને તેમનો નાશ કરવાને, કોઈ પણ શક્તિમાન થયું નથી એજ આ સ્થળની અલૌકિકતાની, તેના અપૂર્વ માહાત્મ્યની અને શ્રીપૂર્ણ પુરૂષોત્તમના નીજસ્થળની સાબીતી પુરવાર કરે છે.

પેંઠો ગામમાં નારાયણ સરોવર છે. શ્રી મહાપ્રભુજી જ્યારે ચંદ સરોવર ઉપર બિરાજતા હતા ત્યારે આ સરોવરમાં હમેશાં સ્નાન કરતા હતા. અહીંથી આગળ જતાં શ્રી બળદેવજી તથા શ્રીચત્રુભુજ રાયજીનાં મંદિરો છે. ત્યાં આગળ કૃષ્ણકુંડ છે. આ કુંડ વિષે એવું કહેવાય છે કે જેને કોઢ થયો હોય તે જો આ કુંડમાં આસ્થાપૂર્વક સ્નાન કરે તો તે મટી જાય છે. એવું આ કુંડનું માહાત્મ્ય છે. આ કુંડની પાસે સાક્ષી ગોપાળનું મંદિર છે. આ મંદિરમાં દર્શન કરી આગળ જતાં આન્યોર ગામ આવે છે. ત્યાં આગળ દહીં કટોરો છે. અહીંથી શ્રી આચાર્યજી મહાપ્રભુજી શ્રી ગિરિરાજ ઉપર પ્રથમ શ્રીનાથજીને મળવા પધાર્યા હતા તેથી આ સ્થળે શ્રી મહાપ્રભુજીનાં

ચરણચિન્હ છે તેનાં દર્શન થાય છે. પરમ ભગવદીય ગોપાળદાસે આ લીલાનું વર્ણન કરતાં વલ્લભાખ્યાનમાં ગાયું છે કેઃ—

ગિરિરાજને આશ્વાસ દીધો ધરી કોમળ ચર્ણ,
હરખે તે સામા આવીઆ શ્રી ગોવર્દ્ધન ઉદ્ધરણ.

આ વખતે શ્રીનાથજી શ્રીમહાપ્રભુજીની સામા પધાર્યા છે ને ઉભય સ્વરૂપ પરસ્પર ભેટીને જાણે ઘણા દિવસનો વિરહ—તાપ—શાન્ત કરતા હોય એમ જણાવ્યું છે.

ત્યાં આગળ શ્રી આચાર્ય ચક્રચૂડામણી અને અનેક દૈવી જીવોનો ઉદ્ધાર કરનાર શ્રી મહાપ્રભુજીની બેઠક સદુપાંડેના ઘરમાં છે આ બેઠકે હાલમાં સેવા કરનાર સદુપાંડેના વંશજ નાનજીભાઇ વૈષ્ણવ છે તે અતિભાર્વ પૂર્વક સેવા કરે છે. તે સ્વભાવે શાન્ત અને પ્રેમાળ હોઈ પ્રભુની અને વૈષ્ણવોની ઘણા ભાવપૂર્વક સેવા કરે છે. શ્રી મહાપ્રભુજીએ આ બેઠકે સપ્તાહ કરી અનેક દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો હતો. અહીંઆં ઝારીજી ચર્ણસ્પર્શાદિની સેવાનો લાભ લેવો.

શ્રી મહાપ્રભુજીએ શ્રીનાથજીને ગાય અત્યન્ત પ્રિય છે એમ જાણી નીજ હસ્તેથી છલ્લો (વીંટી) વેચાવી ગાયો અર્પણ કરી હતી અને શ્રીનાથજીનું નામ ગોપાળ પ્રગટ કર્યું. પછીથી શ્રી ગુસાંઇજીએ ગોપાળ નામથી "ગોપાળપુર" ગામ વસાવ્યું. તેમ ભગવદીય સુરદાસજીએ પણ પોતાના પદોમાં "ગોપાળ" નામથી વર્ણન કરેલું છે. અહીંથી આગળ પરિક્રમાનો મુકામ ગોવિંદકુંડ ઉપર થાય છે.

ગોવિંદકુંડ.

ગોવિંદ કુંડ આગળ શ્રીદાઉજી તથા શ્રી ગોવિંદજીનાં મંદિરો આવેલાં છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક એક કદમના વૃક્ષ

નીચે છે આ બેઠકમાં શ્રી મહાપ્રભુજીએ પરમ ભગવદીય કૃષ્ણદાસ મેઘનને શ્રી ગિરિરાજની કંદરામાં વ્યાપી વૈકુંઠ તથા લીલા સામગ્રીનાં દર્શન કરાવ્યાં હતાં. તદુપરાંત એક પક્ષી માધુરી કુંડ આગળ માધુરી વૃક્ષ ઉપર શ્રીકૃષ્ણનું સ્મરણ કરતું હતું તે ભગવદીય કૃષ્ણદાસના જોવામાં આવ્યું. આ પક્ષી શ્રી ઠાકોરજીના સ્મરણમાંથી ચિત્ત ચલાયમાન ન થાય તેમજ એક પળ પણ વ્યર્થ જાય નહિ તેટલા સારૂ જળપ્રાશન પણ કરતું નહોતું. કૃષ્ણદાસે જ્યારે શ્રીકૃષ્ણ સ્મરણ કરવા માંડ્યું તે વખતે તેટલીજ વારમાં આ પક્ષીએ ત્રણ વાર ચંચુકાવતી જળ પ્રાશન કરી લીધું. આ વખતે આ પક્ષીની દેહ છૂટી ગઈ અને પ્રભુ લીલામાં પ્રવેશ કર્યો. શ્રી મહાપ્રભુજીએ સ્વમુખે જણાવ્યું કે આ પક્ષી સારસ્વતકલ્પમાં એક સૂઆ હતો અને તે શ્રીઠાકોરજીનું ગુણગાન કરતો હતો. આજ તેની દેહ પ્રભુસ્મરણ કરતાં છૂટી ગઈ અને પ્રભુ લીલામાં પ્રવેશ કર્યો છે.

અહીંઆં બંગાળીઓ ઠેકઠેકાણે જોવામાં આવે છે. અને ફક્ત પ્રભુ સ્મરણમાં તથા શ્રીઠાકોરજીની લીલામાંજ નિમગ્ન રહે છે. આ ગોવિંદકુંડનું જળ દૂધમય છે અને શ્રી ગિરિરાજ રત્નધાતુમય છે. [વધુ માટે " ભાવસિન્ધુ " જુઓ.]

અહીંઆં ચતુરાનાગાની સમાધિનું સ્થળ છે અને ગોવિંદ કુંડથી સામે શ્રી ગિરિરાજ ઉપર ચઢતાં શ્રીનાથજીની ટોપીનાં દર્શન, શ્રી ઠાકોરજીના શ્રી હસ્તાક્ષર, શ્રી નાથજીની ૧૪ લાકડી–છડી, નાં દર્શન થાય છે. આગળ જતાં વાજની શીલા દૃશ્યમાન થાય છે. જે ઘડીઆળ માફક અવાજ કરે છે. અહીંઆં બંગાળીઓના શ્રી નાથજીનું મંદિર છે. આ સ્વરૂપ બરાબર શ્રી નાથજીના જેવુંજ છે અને બંગાળીઓ ભાવપૂર્વક શ્રીનાથજી માનીને સેવા કરે છે.

આન્યોર ગામની બધી ગાયો ગોવિંદ કુંડ આગળ બેસી રહે છે તેથી જાણે આ સ્થળે શ્રીનાથજીની ગૌશાળા હોય તેવો ભાસ થાય છે.

અહીંથી મુકામ ઉપડી પૂછરી જાય છે. રસ્તામાં નવલકુંડ અને તેની ઉપર નવલ બિહારીનું મંદિર આવેલું છે અહીં આગળ અપ્સરા કુંડ છે. આ કુંડની બાંધણી સારી છે તેમજ કુંડ વિશાળ અને જળ પણ ઘણું સ્વચ્છ છે. આ કુંડ આગળ અપ્સરા બિહારીનું મંદિર છે તેમાં અપ્સરા બિહારીનાં દર્શન થાય છે. ત્યાં આગળ રામદાસની ગુફા છે. સામે શ્રી ઠાકોરજીના મુગટનાં દર્શનનું સ્થળ છે. ગુફાની આગળ પૂછરીનો લોઢા છે. અહીં આગળ શ્રી ઠાકોરજીએ નાના પ્રકારની લીલા કરી છે.

અહીંથી પરિક્રમાનો મુકામ ઉપડી શ્રી ગિરિરાજમાં શ્રી સુરભી કુંડ ઉપર મુકામ થાય છે. પૂછરીથી નીકળતાં રસ્તામાં હરજી કુંડ આવે છે. અહીં આગળ શ્રી ગુસાંઇજીનું સમાધિ સ્થળ છે ત્યાંથી આગળ સુરભી કુંડ આવે છે.

શ્રીગિરિરાજ–સુરભી કુંડ.

અહીંઆં પરિક્રમાનો મુકામ લગભગ ૫ થી ૭ દિવસ સુધી રહે છે. કારણ કે આખી વનયાત્રામાં આ મુખ્ય સ્થળ છે.

અહીંઆં મુકામ રાખી યાત્રાનો સંઘ એક દિવસ શ્યામઢાક, એક દિવસ વિલછૂકુંડ, એક દિવસ ગુલાલકુંડ, એક દિવસ શ્રીગિરિરાજ ઉપર દર્શન કરવા, વળી કોઇ વખત આન્યોર, જાન અજાન વૃક્ષ, વળી એક દિવસ શ્રીગિરિરાજના શણગાર, એક દિવસ શ્રીગિરિરાજને દૂધ સ્નાન–ગોવર્દ્ધનપૂજા ને કુનવારો થાય છે. એમ અનેક સ્થળોનાં દર્શન–ભાવ વિચારતાં દિવસો નિર્ગમન થાય છે.

શ્રીશ્યામઢાક.

શ્રી સુરભીકુંડથી બે ગાઉ દૂર શ્યામઢાક આવે છે અહીં શ્યામતલાઇ અને ગોપાલસાગર નામે બે કુંડ છે. અને શ્રીનાથજીનો જળઘરો છે. ત્યાં શ્રીનાથજીની બેઠક છે. ત્યાં શ્રીનાથજી હમેશાં ગ્વાલબાલની સાથે ખેલવા પધારતા હતા અહીં શ્રીજીબાવા કોઇક વખત આંખમીંચામણીની લીલા, કોઇ વખત છાકલીલા, ગોચારનલીલા વિગેરે વિવિધ પ્રકારની રમતો ગ્વાલબાલની સાથે કરતા હતા. વળી મહાનુભાવી કુંભનદાસજી તથા ગોવિંદસ્વામી સાથે વારંવાર આ સ્થળે અનેક પ્રકારની લીલાઓ કરતા હતા. એક વખત શ્રીનાથજી શ્યામઢાક ઉપર ગોવિંદસ્વામીની સાથે ખેલતા હતા તે વખતે ઉત્થાપનનો સમય થયો હતો. અને શ્રીગુસાંઇજી સ્નાન કરી શ્રીગિરિરાજ ઉપર પધાર્યા તે જોઇ શ્રીનાથજી એકદમ શ્યામઢાક ઉપરથી કુદ્યા તેથી વાઘો ફાટયો ને ચીંદરડું વૃક્ષમાં ભરાઇ રહ્યું. શ્રીગુસાંઇજીને આ વાતની ખબર પડવાથી આજ્ઞા કરી કે ત્રણ વાર ઘંટાનાદ કરવા અને ત્રણવાર શંખનાદ કરવા ત્યાર પછી ૨૦ મીનીટે મંદિરનાં કમાડ ખોલવાં.

ગોવિંદસ્વામી ઉપર શ્રીઠાકોરજીનો અપૂર્વ સ્નેહ હતો તે આ વાર્તાથી જણાઇ આવે છે.

આ સ્થળ શ્રીજીબાવાને અત્યન્ત પ્રિય હતું. પરિક્રમા વખતે અહીં આંખમીંચામણી તથા છાક લીલાનો રાસ થાય છે. શ્રીનાથજી અહીંઆ છાક બહુ આરોગ્યા છે તેથી ખાસ કરીને પરિક્રમાના વૈષ્ણવો શ્રી ગોપ બાળકોને તથા શ્રીગોસ્વામી બાળકોને છાક-મેવો-દૂધગર વિગેરે સામગ્રી આરોગાવવાનો લાભ લેછે. અહીંઆં ગોપી તળાવ છે. નજીકમાં કૃષ્ણદાસ અધિકારીનો પ્રેત કુવો છે. આ કુવામાં કૃષ્ણદાસ અચાનક પડી ગયા હતા અને શ્રીગુસાંઇજીની અવજ્ઞા કરવાના દોષને

લીધે લૌકિક જીવ તથા શરીર પ્રેતયોનીને પામ્યું હતું. અને તેમાંથી શ્રીગુસાંઇજીએજ ઉદ્ધાર કર્યો હતો.

અહીંઆં દર્શનાદિ કરી વૈષ્ણવો સુરભીકુંડ ઉપર મુકામે આવે છે.

શ્રીસુરભીકુંડ.

સુરભીકુંડ ઉપર શ્રી બાલકૃષ્ણલાલજીનું મંદિર છે. મુંબઇમાં મોટા મંદિરમાં બિરાજતા શ્રી બાલકૃષ્ણજી પ્રથમ અહીંઆં બિરાજતા હતા. હાલમાં એક બીજું શ્રી બાલકૃષ્ણજીનું સ્વરૂપ અત્રે બિરાજે છે. પરિક્રમા વખતે કુનવારાની સામગ્રી આ મંદિરમાં થાય છે. અહીંથી આગળ જતીપુરા તરફ જતાં ઐરાવત કુંડ આવે છે આને હાથિઆપદ કુંડ પણ કહે છે. આ કુંડ પત્થરનો બાંધેલો છે અને ઘણો ઉંડો છે. એક બાજુથી હાથી પાણી પીવા આવી શકે તેવો છૂટો છે. જ્યારે ત્રણ બાજુ પાકા પત્થરથી બાંધેલો છે. ઇંદ્ર પોતાનો ઐરાવત હાથી લઈ આ સ્થળે આવ્યો હતો તેથી આ કુંડનું નામ ઐરાવત કુંડ પડેલું છે. આ કુંડની સાથેજ ગોવિંદસ્વામીની કદંબ ખંડી છે અહીંઆં ગોવિંદસ્વામીની ગુફા છે આ ગુફા હાલ પણ પ્રત્યક્ષ દેખાય છે પણ તેમાં કોઇથી જઈ શકાતું નથી અહીંઆં ગોવિંદ બિહારીનું મંદિર છે. આ કદંબ ખંડી સઘન વૃક્ષોથી ભરપુર છે અને લતાપતાથી સુંદર શોભાયમાન બની રહી છે. અહીંઆં કેટલાક બંગાળી-ગોડીઆ વૈષ્ણવો રહે છે. અહીંથી આગળ હરજી-કુંડ આવે છે, અહીં આગળ શ્રી ગુસાંઇજીનું સમાધિ સ્થળ છે. હરજી ગ્વાલના નામ ઉપરથી આ કુંડનું નામ હરજીકુંડ પડયું છે. અહીંથી આગળ શ્રી ગિરિરાજની તળેટી આવે છે. ત્યાં લીલાસ્થ શ્રી ગોસ્વામી બાળકોનું સમાધિ સ્થાનની નાની મોટી દેરીઓ છે. અહીંઆં દરેક શ્રીગોસ્વામી બાળકો, વહુ બેટીજી વિગેરેના અસ્થિ ગાડવામાં આવે છે.

અહીંથી આગળ શ્રી ગિરિરાજનું મુખારવિંદ આવે છે. ત્યાં વૈષ્ણવોએ દર્શન, દૂધથી સ્નાન, ચર્ણ સ્પર્શ, ભોગ ધરવો વિગેરે સેવા કરવી અહીં એક તુલસી ક્યારો છે. તથા એક વૃક્ષ છે. કહે છે કે આ દ્વાર શ્રી ગુસાંઇજીનું છે. અહીંથી શ્રી ગુસાંઇજીનિજલીલામાં પધાર્યા છે અહીંઆં મુખારવિંદ સામે શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક છોંકર ના વૃક્ષ નીચે છે. આ સ્થળે જ્યારે શ્રી મહાપ્રભુજી બિરાજતા હતા ત્યારે એક વખત શ્રી ઠાકોરજીને શણગાર ધરી બહાર ચોતરા ઉપર બિરાજ્યા કારણ કે તે વખતે શણગાર સામગ્રી સિદ્ધ થઇ .હોતી પરંતુ તેજ વખતે શ્રી સ્વામીનીજીને થાળ લઇને જતાં નુપુરના ઝણકારથી શ્રી મહાપ્રભુજીના જાણવામાં આવ્યું તેથી તેજ વખતે આપશ્રીએ આજ્ઞા કરી કે શ્રી ઠાકોરજીને શણગાર ધરાવ્યા પછી રાજભોગ ધરવા માટે ઘડીભર વિલંબ કરવો નહિ. શ્રી મહાપ્રભુજીની બેઠકે દર્શન કરી શ્રી ઝારીજી ચર્ણ સ્પર્શાદિની સેવા કરી યથાશક્તિ ભેટ ધરવી.

શ્રી મહાપ્રભુજીની બેઠકની જોડે બડે શ્રી દાઉજી મહારાજની બેઠક છે. આ બેઠકની પાછળ શ્રી મદુજી મહારાજનું મંદિર છે. આ [1]શ્રીમદુજીમહારાજ તે મૂળ પુરૂષના તથા સાત સ્વરૂપની ભાવનાનાં પદ અને અન્ય સાંપ્રદાયિક ગ્રંથોના કર્તા [2]શ્રીદ્વારકેશજી મહારાજના લાલજી છે અને તેમણે દ્વારકામાં, ડાકોરજીમાં, અને આ સ્થળે છપ્પન

---

૧ શ્રી મદુજી મહારાજે પોતે કરેલાં વચનામૃતનું પુસ્તક અમારા તરફથી પ્રગટ થયું છે. " **શ્રી મદુજી મહારાજનાં ૩૨ વચનામૃત.**" એ પુસ્તક જોવું.

૨ શ્રીદ્વારકેશજી મહારાજે કરેલા શ્રીગિરિરાજજીની નામાવલી, શ્રી ગિરિરાજઅષ્ટક વગેરે માટે જુઓ "**શ્રીગિરિરાજ ભૂષણગ્રંથ.**"

ભોગ કર્યા હતા. અને વૈષ્ણવોને અનિવર્ચનીય સુખનો અનુભવ કરાવ્યો હતો. તે શ્રી મદ્દુજી મહારાજનું મંદિર છે. આ મંદિરમાં શ્રી મદનમોહનલાલજીનું એક સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના સેવ્ય અને જગતાનંદ વૈષ્ણવના ઠાકોરજી બિરાજે છે. અને બીજું શ્રીમદનમોહનલાલજીનું સ્વરૂપ શ્રી ગુસાંઇજીનું સેવ્ય છે તે પણ આજ મંદિરમાં બિરાજે છે. તે ઉપરાંત શ્રી બાળકૃષ્ણજી, શ્રીદાઉજી, તથા શ્રી નંદરાયજીનાં સ્વરૂપો પણ અહીંઆં બિરાજે છે. તેમજ શ્રી મદ્દુજી મહારાજની બેઠક અને શ્રી પાદુકાજી બિરાજે છે. બીજું મંદિર શ્રીગોકુળચંદ્રમાજીનું છે આ મંદિર ત્યાંના વૈષ્ણવોના તાબામાં છે. અને મંદિરમાંથી નીર્મિત રકમ પ્રતિવર્ષે કામવનસ્થ શ્રીદેવકીનંદનજી મહારાજને ત્યાં મોકલવામાં આવે છે. ત્રીજું મંદિર શ્રીમદનમો હનજીનું છે. તેની વ્યવસ્થા પણ ઉંપર પ્રમાણેજ થાય છે. આ મંદિર કામવનવાળા શ્રીગોપાલલાલજી મહારાજનું કહેવાય છે. ચોથું મંદિર શ્રીગિરિધરજી તિલકાયિત શ્રીનાથદ્વારાવાળાનું છે. પણ સ્વરૂપ બિરાજતું નથી પરંતું મહારાજશ્રી તરફથી એક મુખ્યાજી રહે છે. તે શ્રીગિરિરાજ તથા શ્રીનાથજીના મોટા મંદિરમાં શ્રી ગાદીજીને તથા શ્રી મહાપ્રભુજીને હમેશાં મીશ્રીનો ભોગ ધરાવે છે. પાંચમું મંદિર શ્રી ગોકુળનાથજીનું છે. તે મંદિર શ્રી વલ્લભલાલજી શ્રીગોકુળવાળાનું કહેવાય છે આ મંદિરમાં શ્રી ગોકુળનાથજીની બેઠક છે ત્યાં શ્રીગોકુળનાથજીના ઘરના સેવકોથી જ શ્રી ઝારીજી ચર્ણ સ્પર્શાદિની સેવા થાય છે. શ્રીગોકુળમાં બિરાજતા શ્રીગોકુળનાથજી પ્રતિવર્ષે શ્રી ગોવર્દ્ધન પૂજા કરવા અહીંઆં પધારે છે. ત્યારે આ મંદિરમાં બિરાજે છે અને કારતક શુદી ૧ ના દિવસે શ્રી ગિરિરાજજીની શ્રીગોવર્દ્ધન પૂજા પ્રથમ એમના તરફથી થાય છે (ત્યાર પછીજ અન્ય શ્રી ગોસ્વામી બાળકો તરફથી થાય છે) અને પછી મંદિરમાં અન્નકૂટ આરોગે છે. છઠ્ઠું મંદિર શ્રી મથુરાનાથજીનું

છે. તે શ્રી કોટાવાળા શ્રી રણછોડલાલજીનું છે, તે મંદિરમાં શ્રીગુસાંઇજીની બેઠક છે. શ્રીગુસાંઇજીએ અહીંઆં શ્રીનાથજીને સવાશેર ભાતનો અન્નકૂટ આરોગાવ્યો હતો. શ્રીગોકુળનાથજી તથા શ્રી શોભા બેટીજીને અન્નકૂટનાં અલૌકિક દર્શન કરાવ્યાં હતાં. આ મંદિરમાં વૈષ્ણવોને રહેવાને સારૂ ઓરડીઓની સગવડ સારી છે. સાતમું મંદિર સુરભીકુંડ ઉપર શ્રી બાળકૃષ્ણલાલજીનું છે.

આ મંદિરોમાં દર્શન કરી સેવા વિગેરે લાભ લઇ મોતી મહેલ આગળ થઈ રૂદ્ર કુંડ જવું. આ કુંડ આગળ શ્રી ઠાકોરજીએ અંતર્ધાન લીલા કરી હતી તેથી વ્રજભક્તો વિરહાતુર થઇ અનેક પ્રકારના વિલાપ કરતા હતા તેથી આ કુંડનું નામ રૂદન કુંડ અથવા રૂદ્રકુંડ પડયું છે. ત્યાંથી આગળ ગુલાલ કુંડ આવે છે.

વિલછુકુંડ.

બીજે દિવસે પરિક્રમાનો સંઘ વિલછુકુંડ જાય છે. અહીંઆં બીલછુ કુંડ છે અને બીલછુ બિહારીનું મંદિર છે. અહીંઆં શ્રીઠાકોરજી તથા શ્રીસ્વામીનીજી બેઠક છે, આ સ્થળે શ્રીઠાકોરજી ગેંદ–દડો ખેલતા હતા તે ખોવાઇ ગયો હતો તથા શ્રી સ્વામીનીજીનો વિલછૂ ખોવાયો હતો તે ઉપરથી વિલછૂકુંડ નામ પડયું છે. આ સ્થળે ગેંદ ખેલનારાઓનો રાસ રાસધારીઓ કરે છે. અહીંથી આગળ જાન અજાન વૃક્ષ આવે છે.

જાન અજાન વૃક્ષ.

આ બે વૃક્ષો એક ચોતરા ઉપર સાથે સાથે છે શ્રી વ્રજ ભક્તોએ આ વૃક્ષોને પૂછ્યું કે તમે શ્રી ઠાકોરજીને કંઇ જોયા છે? તે ઉપરથી એકે હા કહી. એકે ના કહી. તેથી જાન અજાન નામ પડયું

છે. આ વૃક્ષો ઘણાંજ પ્રાચીન હોય એમ જણાય છે. અહીંઆં પરિક્રમા વખતે રાસ થાય છે. અહીંથી મુકામ ઉપર યાત્રીઓ પાછા જાય છે.

ગુલાલકુંડ.

બીજે દિવસે પરિક્રમા ગુલાલકુંડ જાય છે. અહીંઆં હોરીલીલાનો રાસ થાય છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ વ્રજ ભક્તો સાથે હોરી ખેલ કર્યો હતો. અહીંઆં કુંડ ઉપર શ્રી નાથજીની બેઠક છે. શ્રી ગિરિરાજથી ગુલાલકુંડ જતાં રસ્તાની રેતી પણ ગુલાલ ઉડવાથી ગુલાબી રંગના જેવો ભાસ થાય છે. અહીંથી આગળ ગાંઠોલી ગામ છે, ત્યાં આગળ ગાંઠોલીની કદંબ ખંડી છે. ત્યાં શ્રીવ્રજભકતોએ શ્રીઠાકોરજીનો વિવાહ કરી આનંદ કર્યો છે. અહીંથી પરિક્રમા મુકામે જાય છે.

શ્રીગિરિરાજમાં શ્રીનાથજીના પ્રાકટય સંબંધીનો ઉલ્લેખ શ્રી નાથજીની યાત્રાના હેવાલમાં આપ્યો છે. તેથી અત્ર સ્થાને તેની આવશ્યકતા નથી. ઔરંગઝેબ બાદશાહના હુમલાની ધાસ્તીથી શ્રીનાથજીને ઉદેપુરમાં પધરાવી લાવ્યા તે પહેલાં શ્રી નાથજી આ સ્થળે બિરાજતા હતા. લીલી પરિક્રમાની યાત્રામાં યાત્રીઓને આવાં સ્થળોમાં અનિર્વચનીય આનંદ થાય છે,

આ શ્રી ગિરિરાજજીમાંથી શ્રી નાથજીનું પ્રાકટય થયું છે- તેની ભાવનાનું ધોળ વૈષ્ણવોએ ખાસ મુખ પાઠ કરવું જોઇએ.

ગિરિ કંદરામાંથી પ્રગટ થયા પ્રભુ, આપ ગોવર્દ્ધન નાથરે
નંદ જસોમતિ કેરા લાલા, વ્રજ સૌ કીધું સનાથ."

ગોવર્દ્ધન રસિયારે.

શ્રી ગિરિરાજ ઉપરનું વર્ણન.

શ્રી મથુરેશજીના મંદિરની જોડે દરવાજો છે. તે નગારખાનાનો દરવાજો કહેવાય છે તે દરવાજેથી પેસતાં સામે દંડોતી

શીલા આવે છે. દરેક વૈષ્ણવોએ અહીંથી જતાં આવતાં આ શીલાએ દંડવત્ કરીને જવું જેથી કદાચ શ્રી ગિરિરાજજીનો અપરાધ થયો હોય તો તે નિવૃત્ત થઇ જાય છે. આ દંડોતી શીલા આગળ એક વૃક્ષ છે તેને એક ચોતરો છે. આ સ્થળે શ્રીમહાપ્રભુજીનું દ્વાર છે એટલે ભાવાત્મક સ્વરૂપે શ્રી મહાપ્રભુજીએ અહીંથી નિકુંજમાં પ્રવેશ કર્યો છે, વૈષ્ણવોએ અહીંઆં દંડવત્ કરી શ્રી ગિરિરાજ ઉપર ચઢવું. ઉપર શ્રી નાથજીનું નિજ મંદિર છે.

પ્રથમ શ્રી નાથજીનું મંદિર શ્રી મહાપ્રભુજીના પરમકૃપાપાત્ર ભગવદીય પૂર્ણમલ્લજીએ બંધાવેલું છે તે જ છે. આ મંદિર પૂર્ણમલ્લજીએ બંધાવ્યા પહેલાં શ્રી મહાપ્રભુજીના અનન્ય ભક્ત રામદાસ ચોહાણે ઈંટોનું નાનું મંદિર બનાવ્યું હતું તેમાં શ્રી નાથજી બિરાજતા હતા. આ ભગવદીય શ્રી ગિરિરાજના સામે અપસરાકુંડ આગળ એક ગુફામાં રહેતા હતા. શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ બીજી પરિક્રમા વખતે તેમનો અગિંકાર કરી શ્રી નાથજીની સેવા કરવાની આજ્ઞા આપી ત્યારે શ્રીનાથજીને માટે નાનું મંદિર રામદાસે બનાવ્યું ને તેમાં શ્રી મહાપ્રભુજીએ શ્રીને પાટે બેસાડી શ્રીહસ્તે ભોગ ધર્યો. તે દિવસથી શ્રી નાથજીને અન્નનો ભોગ ધરવો શરૂ થયો. વ્રજવાસીઓ પણ પોતાને ઘેરથી રોટલી, બાટી વિગેરે કરી લાવી શ્રી નાથજીને ભોગ ધરતા. ઉપરાંત માનતાનું દહીં, દૂધ, માખણ, વિગેરે પણ લાવતા હતા. અદ્યાપિ શ્રી ગિરિરાજજીની માનતા વ્રજમાં ઘણી ચાલે છે. આ રામદાસે બાંધેલા મંદિરના ચોકની નીશાની ત્યાંના વ્રજવાસીઓ બતાવે છે. રામદાસે મંદિર બાંધ્યું તે પહેલાં શ્રી નાથજી વ્રજવાસીઓએ બનાવેલી છાણ માટીની ઓટલી ઉપર બિરાજતા હતા, અને દહીં, દૂધ, માખણ વિગેરે ભોગ ધરતા તે આરોગતા હતા.

ભગવદીય પૂર્ણમલ્લજીએ લક્ષાવધિ રૂપિઆ ખરચી બંધાવેલું મંદિર પણ શ્રી ગિરિરાજ ઉપર પ્રગટ છે. તે મંદિરમાં જવા માટે શ્રી ગિરિરાજ ઉપર થોડે ઉંચે ગયા પછી સિંધપોર આવે છે. ત્યાંથી લગભગ ૫૦ પગથીઆં ચઢી એક પડી ગએલો મંદિરનો ભાગ આવે છે તેને ત્યાંના વ્રજવાસીઓ કૃષ્ણ ભંડાર છે એમ બતાવે છે. ત્યાંથી આગળ ચાલતાં મણિકોઠા, ડોલતી બારી, જગમોહન વિગેરે ચોક પણ છે. તેની નીચે ચાર ટાંકા જેવું છે તે અનાજ તેમજ ઘી તેલના ભંડાર છે, નિજ મંદિરમાં શ્રી નાથજીને બિરાજવાનું છે, તેની સાથે શૈયા મંદિરમાં એક ગુફા છે. આ ગુફામાં થોડે દૂર સુધી જવાય છે પણ પછી ગમ્ય પડતી નથી. કહેવાય છે કે તેમાં નિજ લીલાના જીવોનો વાસ છે. ને ત્યાં શ્રી ઠાકોરજીની સેવા સદા સર્વદા-નિત્ય છે.

શ્રી ઠાકોરજી દૈવી દ્રવ્યનોજ અંગીકાર કરે છે તે પૂર્ણમલ્લજીની વાર્તામાંથી સિદ્ધ થાય છે.

ત્યાંથી દર્શન કરી આગળ જતાં સીંદુરી શીલા આવે છે. એક વખત શ્રી સ્વામીનીજીએ શ્રી ઠાકોરજી પાસે સિંદુર માગ્યું ત્યારે શ્રી ઠાકોરજીએ આ શીલામાંથી પ્રગટ કરી આપ્યું. તેથી તે સિંદુરીશીલા કહેવાય છે. અને તેના ઉપર હાથ ઘસવાથી હાથ રાતા થાય છે. આગળ જતાં શ્રી ઠાકોરજીએ માખણ ખાઇને પોતાના શ્રીહસ્ત એક શીલા ઉપર ઘસવાથી શીલા માખણ જેવી સુંવાળી, લીસી તથા તેના ઉપર આંગળીના આકાર જણાય છે. ત્યાંથી આગળ જતાં એક જુનું મંદિર છે, જેમાં શ્રીનાથજીની બીરાજવાની ઇચ્છા નહિ થવાથી તે એક ખંડેર માફક પડયું છે. આ સ્થળે નરોની દહીં વલોવવાની પત્થરની મોટી ગોળી છે. અહીંથી આગળ જતાં કેસરી ઘોડાની ખરી, સુરભી ગાયનાં ચર્ણ, તથા ઐરાવત હાથીનાં ચર્ણ, ચિન્હો દેખાય છે.

ત્યાંથી આગળ શ્રી દાઉજીના શ્રીહસ્ત ચિન્હ છે. વળી ત્યાંજ વ્રજભક્તોએ શ્રીગિરિરાજ ઉપર વસ્ત્ર સુકાવ્યાનાં, તથા શ્રી ઠાકોરજીના મુગટના અને છડી વિગેરેનાં ચિન્હો દૃષ્ટિગોચર થાય છે. નજીકમાં શ્રી ઝોકાદાઉજીનું મંદિર છે. આ વિષે એવી આખ્યાયીકા છે કે શ્રી દાઉજી આ સ્થળે બિરાજતા હતા ત્યારે પર્વતમાં તેમણે છાનામાના સંતાઇ રહી નીચા નમીને ડોક ઊંચી કરીને શ્રીકૃષ્ણભગવાનની લીલાનાં દર્શન કર્યાં હતાં તે ઉપરથી ઝોકા–ઢોકા–ઢુંકા–બલદેવજી એમ નામ પડયું છે તે મંદિર છે. ત્યાંથી આગળ ૧૪ કંદરા દેખાય છે. તે ઘણી દૂર લાંબે સુધી નજરે પડે છે. વળી નજીકમાં શ્રીનાથજીના શ્રીહસ્તાક્ષર વિગેરે ઘણાં ચિન્હો છે. દર્શનની ભાવના વાળાએ ત્યાંના કોઈ વૃદ્ધ વ્રજવાસી ગ્વાલ–બાલને સાથે લઇને જવાથી આવાં ચિન્હનાં દર્શન થાય છે.

ઘણા ભાવુક વૈષ્ણવો શ્રીગિરિરાજ ઉપર પગ મુકતા નથી. કારણકે તે વરૂપાત્મક છે, લીલા સ્થાન છે, ધાતુ રત્નમય છે, પ્રભુની લીલાનું ખાસ અંગ છે, દિવ્ય દૃષ્ટિવાળાઓને ઘણા અનુભવ થયા છે અને થાય છે. આથી કેટલાક ઉપર જતા નથી. અને તે ભાવના સર્વાંશે સત્ય છે. છતાં પણ એકાદ વખત દર્શનની ખાતર જઇ આવાં ચિન્હોનાં ભાવના પૂર્વક દર્શન કરી નીચે ઉતરી દંડોતી શીલાએ દંડવત્ કરી શ્રીગિરિરાજ ઉપર જવાથી થએલા અપરાધની માફી માગી વિજ્ઞપ્તિ કરવી જેથી દોષ નિવૃત્ત થાય છે. અહીંથી આગળ શ્રી મુખારવીંદ તરફ જતાં રસ્તામાં નાભી કમળનું ચિન્હ કમળ જેવું આવે છે.

એક શીલામાં ચિન્હ જણાય છે તેને ડુંટી છે એમ કહે છે. અહીંથી શ્રી મુખારવીંદનાં દર્શન આવે છે. અહીં આગળ પરિક્રમા વખતે શ્રી ગોવર્દ્ધન પૂજા થાય છે. તથા શ્રી ગોસ્વામી બાળકો કુંનવારો કરે છે,

શ્રી ગિરિરાજના વ્રજમાં પધારવા સંબંધી તથા તેમના શ્રીઅંગમાં ક્યાં ક્યાં તીર્થો બિરાજે છે તે સંબંધી નીચે પ્રમાણે લેખ છે.

એક સમયે શ્રીપુલસ્ત ઋષિ પૃથ્વિ પર્યટન કરતા કરતા. અતુલિત પ્રતાપશાળી શાલ્મલી દ્વીપમાં દ્રોણાચાર્યને ત્યાં આવ્યા. અને ત્યાં ઋષિએ સુંદર રત્નમયી શિખરો, સુંગધી વૃક્ષો, દિવ્ય પુષ્પો, કંદરાઓ, ઋષિમુનિઓને માટે તપશ્ચર્યા કરવાનાં સ્થાનવાળા તથા અનેક પશુપક્ષીથી ભરપુર તેમના પુત્ર શ્રીગોવર્દ્ધનને જોઇ કાશીપુરીમાં લઇ જવાની યાચના કરી, શ્રીગોવર્દ્ધને માર્ગમાં નીચે ન મુકવા અને મુકવાથી ત્યાંજ રોકાઇ જવાના કરારથી કાશીપુરી જવા સ્વિકાર્યું પછીથી ઋષિએ ઉપરની સરતે શ્રી વ્રજ ઉપર થઇ કાશી તરફ જવા પ્રયાણ કર્યું. પરંતુ શ્રીગિરિરાજની ઇચ્છા વ્રજમાંજ રહી શ્રીકૃષ્ણને લીલામાં સાહ્યભુત થવાની હોવાથી પોતાનામાં ભાર વધાર્યો. ઋષિ પણ પ્રભુની માયામાં દોરવાઈ જઈ આપેલા વચનને ભૂલી ગયા અને શ્રમિત થવાથી શ્રીગિરિરાજજીને નીચે પધરાવ્યા. ફરીથી ઉપાડવા જતાં શ્રીગોવર્દ્ધન બોલી ઉઠ્યા કે આપણો કરાર પૂર્ણ થયો છે. માટે હું અહિંજ રહીશ. આથી શ્રીપુલસ્ત ઋષિએ પોતાની મનોવાંચ્છના પરિપૂર્ણ ન થવાથી શ્રાપ દીધો કે તું નિત્યપ્રતિ તલભર ઘટજે અને પરિપૂર્ણ કલિયુગ આવતાં તારો સમૂળો નાશ થશે. શ્રીગિરિરાજજીના શ્રીઅંગમાં ક્યાં ક્યાં તિર્થો બિરાજે છે તેનું વર્ણન શ્રીગિરિરાજ ભૂષણ ગ્રંથમાં નીચે પ્રમાણે વર્ણન કરેલું છે:—

"જ્યાં વ્રજભક્તોએ અન્નકુટનો ઉત્સવ ઉજવી શ્રી ગોવર્દ્ધન પૂજા કરી તે શ્રીગિરિરાજનું મુખારવિંદ છે. આ સ્થળ ગોપાળપુરમાં છે. અહીંઆં શ્રી ગોસ્વામી બાળકો કુનવારો કરે છે.

માનસી ગંગા	નેત્ર રૂપ છે,
ચંદ સરોવર	નાસિકા રૂપ છે,
કૃષ્ણ કુંડ	દાઢિ રૂપ છે,
ગોવિંદ કુંડ	અધર-ઓષ્ઠ રૂપ છે,
રાધાકુંડ	સુંદર જીભ્હા રૂપ છે,
લલિતા કુંડ	કપોલ રૂપ છે,
કુસુમસરોવર	કર્ણ પ્રદેશ–કાન પાસેનો ભાગ છે.
ગોપ કુંડ	કર્ણ રૂપ છે,
મુકુટનું ચિન્હ	શ્રી ગિરિરાજનો મુકુટ છે,
વાજની શીલા	કંઠ રૂપ છે,
ચિત્રની શીલા	મસ્તક રૂપ છે,
કંદુક તીર્થ	કુખ રૂપ છે,
ચીર ઘાટ	કમર રૂપ છે,
દ્રોણ તીર્થ	પીઠ રૂપ છે,
કોકિલા વન	ઉદર રૂપ છે,
કદમ ખંડી	હૃદય રૂપ છે,
ઐરાવત કુંડ	મન રૂપ છે,
શૃંગાર શિલા	જીવાત્મારૂપ છે,
સુરભી ગૌનાં ચરણ	એ પક્ષ રૂપ છે,
ઐરાવતનાં ચરણ	શ્રી ગિરિરાજના ચરણ રૂપ છે,
પૂછરી ગામ	„ નું પૂચ્છ રૂપ છે,

આ વગેરે ઘણી પ્રાચીન હકીકત અમારા તરફથી પ્રકટ થયેલા "શ્રી ગિરિરાજ ભૂષણ ગ્રન્થ" એ પુસ્તકમાં છે જીજ્ઞાસુએ ત્યાં જોઇ લેવું.

શ્રી ગિરિરાજજીની પરિક્રમા.

કેટલાક વૈષ્ણવો શ્રી. ગિરિરાજની પરિક્રમા પગે ચાલીને કરે છે તે પરિક્રમાનો ક્રમ નીચે પ્રમાણે છે:—

પ્રથમ દંડોતી શીલાએ દંડવત્ કરી નીકળવું ત્યાંથી આગળ એક હનુમાનજી આવે છે, ત્યાંથી આગળ જાન અજાનં વૃક્ષ અને શ્રી ગોકુળનાથજીનો બગીચો આવે છે. અહીંઆં શ્રી ગોકુળનાથજી શ્રી ગોકુળથી પધારતાં મુકામ કરે છે પછી આગળ જતાં ગોવર્ધન ગામ તથા માનસીગગંગા, આવે છે. અહીંથી માનસીગંગાની પરિક્રમા કરી આગળ જતાં શ્રી ગુસાંઇજીની તથા શ્રી મહાપ્રભુજીની બેઠકો વલ્લભ ઘાટ ઉપર આવેલી છે ત્યાં દર્શન કરવાં, તથા માનસીગંગામાં સ્નાન-પાન કરી ઉદ્ધવ કુંડ, શ્રી ઉદ્ધવજીની બેઠક ગુલ્મ લતા—અહીંઆં વનલીલાની શોભા અપુર્વ છે. એમ કહ્યા શિવાય ચાલતું નથી. અહીં વૃક્ષો સદા સર્વદા નવપલ્લવ રહે છે. અને જાણે આ પર્વત ઉપર શ્રી ઠાકોરજીની સાથે રહેવાનું મળવાથી પ્રફુલ્લ થતાં હોય તેમજ શ્રી ઠાકોરજીની રાસ લીલામાંજ નિમગ્ન રહેવાનો લાભ મળવાને લીધે પોતાનું ધન્ય ભાગ્ય માનતાં હોય તેમ પોતાનો ગુલાબી રંગ પ્રકાશીત કરે છે દૂરથી દર્શન કરવાથી આ વૃક્ષો ઉપર જાણે ગુલાબ જ ખીલી રહ્યાં હોય તેમ જણાય છે. કળીયુગમાં નાસ્તિકને પણ આસ્થા આવે એવી ઇચ્છાથી શ્રી પ્રભુએ આજ પર્વત ઉપર આવી શોભા નિર્માણ કરી હશે. એમ સમજાય છે. બીજા પર્વતો ઉપર આવો દેખાવ ક્વચિત્ જ દેખાય છે. એજ આ સ્થળની અલૌકિકતા દર્શાવી આપે છે.

અહીંથી આગળ રાધાકુંડ ગામ, શ્રી યમુનાજીની નહેર, શ્રીગિરિરાજની જીવ્હા, પાંચ પાંડવ ને છઠ્ઠા નારાયણનું વૃક્ષ; અષ્ટ સખીના કુંડ; શ્યામ તમાલ વૃક્ષમાં શાલિગ્રામ, ગોપકુવો, રાધાકૃષ્ણ કુંડ, શ્રીમહાપ્રભુજીની, શ્રીગુસાંઇજીની બેઠકો; કુસુમસરોવર, દાનઘાટી, આન્યોર ગામ, શ્રીભગવદીય સદુપાંડેના ઘરમાં શ્રીમહાપ્રભુજીની બેઠક, ગોવિંદકુંડ, શ્રીમહાપ્રભુજીની બેઠક, પૂછરી ગામ, અપસરા કુંડ, રામદાસની ગુફા, સુરભીકુંડ, એરાવત કુંડ, ગોવિંદસ્વામીની કદંબખંડી અનેરૂદ્રકુંડ થઇ દંડોતીશીલા એ દંડત્ કરવા.

ઉપર પ્રમાણે શ્રીગિરિરાજની પરિક્રમાનો ક્રમ છે. વૈષ્ણવોએ બનતા પ્રયત્ને પગે ચાલીનેજ આ ક્રમ પુરો કરવો.

આ પરિક્રમાનું માહાત્મ્ય પણ અપૂર્વ છે. શ્રીગિરિરાજની પરિક્રમાની બાધાઓ-માનતાઓ ઘણા વૈષ્ણવો તેમજ ત્યાંના વ્રજવાસીઓ રાખે છે. અને તેમની મનોકામના પૂર્ણ થાય છે. શ્રીગિરિરાજની પરિક્રમામાં હમેશાં વ્રજનાં લગભગ ૧૦૦ માણસો હાલ પણ જતાં હશે.

શ્રીગિરિરાજપૂજન અને કુંનવારો.

શ્રી ગોસ્વામી બાળકો નીર્મિત કરેલા દિવસે સવારે શ્રીગિરિરાજના મુખારવિંદને દૂધથી સ્નાન કરાવવા માટે આજુબાજુના ગામોમાંથી દૂધ મંગાવે છે. ત્યાંના વ્રજવાસીઓ દૂધ વેચવા સારૂ પણ ત્યાં આવે છે. કેટલાક માનતાનું દૂધ લાવે છે, તે ઉપરાંત યાત્રીઓ સેવાના ભાવથી દૂધ લઇ ત્યાં આવે છે. સાધારણ રીતે બધું દુધ આશરે સોથી સવાસોમણ થાય છે. અને તે દૂધવડે શ્રીગોસ્વામી બાલકો શ્રીગિરિરાજજીને સ્નાન કરાવે છે તે દૂધનો પ્રવાહ લગભગ ૨૦૦ કદમ દૂર ઠેઠ તળેટી સુધી પહોંચે છે. આ પ્રવાહનું દૂધ ઘણા વ્રજવાસીઓ પીએ

છે. કેટલાક લોટા ભરી લઇ જાય છે. અસંખ્ય માંકડાં, કુતરાં પણ આ દુધ ઉપર નિર્વાહ કરે છે. દૂધથી સ્નાન કરાવ્યા પછી શ્રીમાન-શ્રીગંગાના જળથી સ્નાન કરાવવામાં આવે છે. ત્યારપછી શ્રીમુખાર-વિંદને અંગવસ્ત્ર કરી શૃંગાર ધરાવાય છે. શૃંગાર એવા સુંદર ધરા-વાય છે કે તેનું વર્ણન કરવુંજ અશક્ય છે. અને તે વખતે જાણે શ્રી નાથજી સાક્ષાત્ ત્યાં બિરાજ્યા હોય તેમ દર્શન થાય છે. ત્યાર પછી કુનવારાની સામગ્રીનો ભોગ ધરાવાય છે. વિવિધ પ્રકારની માત્ર અન-સખડી ને દૂધગરનીજ સામગ્રી ભોગ ધરાય છે દર્શન રાતના લગભગ ૮ થી ૧૨ વાગ્યા સુધી થાય છે. આ વખતે આખા વ્રજના તેમજ આજુબાજુના ગામના વૈષ્ણવો તથા ઠેઠ મથુરા તથા હાથરસ સુધીના લોકો અને યાત્રીઓની ભીડ ઘણીજ થાય છે. લોક એટલા બધા ભેગા થાય છે કે એક તલમાત્ર જગ્યા ખાલી રહેતી નથી. પરંતુ શ્રી ગોસ્વામી બાળકો તરફથી બંદોબસ્ત પાકો હોવાથી આવી અથાગ મેદનીમાં પણ દરેકને સંતોષ પૂર્વક દર્શન થાય છે અને ખરેખર આ દર્શનના સમયે ભાવુકોની દરશનની ઝાંખી કરવાની આતુરતા તથા શ્રીગોસ્વામી બાળકોની અમૃતમય વાણીની પાન કરવાની અભિલાષા એટલી બધી ઊભરાએલ જોવામાં આવે છે કે તેને માટે શું લખવું અથવા કેમ વર્ણન કરવું તે મ્હારી શક્તિ બહાર છે.

બીજે દીવસે શ્રીગોસ્વામી બાળકો તરફથી સઘળા વૈષ્ણવોને શ્રી ગિરિરાજજીના કુનવારાનો મહાપ્રસાદ પોતાના તરફથી લેવરાવવામાં આવે છે અને સુરભી કુંડ ઉપર શ્રીગિરિરાજની તળેટીમાં સઘળા વૈષ્ણવો સ્ત્રીપુરૂષો એક સાથેજ પ્રસાદ લેવા બેસે છે અને ભીતરીઆઓ વિગેરે પીરસે છે. મહારાજશ્રી પોતે પણ આ વખતે વૈષ્ણવોની પંગતીમાં

પધારે છે. અને તે દ્વારા વૈષ્ણવોને અલૌકિક સુખનો અનુભવ કરાવે છે. પોતાના તરફથી વૈષ્ણવોને પ્રસાદ લેવરાવવાનો શિષ્ટાચાર એ વૈષ્ણવો પ્રત્યેનો સર્વોત્તમ ભાવ તેમજ સ્થળનું અને મહાપ્રસાદનું માહાત્મ્ય અને ભાવ દર્શાવે છે આ વખતે કેટલાક અજ્ઞ વૈષ્ણવો ચોરીના સંભાવનાથી મહાપ્રસાદ ઘેર લઇ જાય છે તે ઇષ્ટ નથી.

આ કુનવારામાં વૈષ્ણવે પોતાના તરફથી શ્રીગોસ્વામી બાળકો દ્વારા શ્રીગિરિરાજજીને યથાશક્તિ સામગ્રી અંગીકાર કરાવવા કુનવારાની સેવા કરવી એવો ભાવ છે. તેને કેટલાક અજ્ઞાત્ વૈષ્ણવો એમ કહે છે કે દ્રવ્ય આવી મહાપ્રસાદ લઇએ છીએ પરંતુ આ તેમનું સમજવું ભૂલ ભરેલું છે કારણ કે આ ગ્રન્થમાં અન્યત્ર જણાવ્યું છે કે રાજા, દેવ અને ગુરૂ યા બ્રાહ્મણને ઘેર ખાલી હાથે કદી જવું નહિ, યથાશક્તિ ભેટ મુકવાનો શિષ્ટાચાર મૂળથીજ ચાલતો આવેલો છે. શ્રીવલ્લભી સૃષ્ટીમાં તો દરેક વસ્તુ શ્રીઠાકોરજીના વિનિયોગમાંજ વપરાય છે અને મહારાજશ્રી આપણને અધરામૃતનું પાન કરાવે તે આપણા ધન્યભાગ્ય સમજવાનાં છે. મહાપ્રસાદ એક અલૌકિક વસ્તુ છે. તે વૈષ્ણવોની જાણ બહાર નજ હોવું જોઇએ. ભેટનો શિષ્ટાચાર આપણો પ્રભુ પ્રત્યેનો સ્નેહ તથા ભક્તિભાવ બતાવે છે ત્યારે વ્રજ જેવા સ્થળની અંદર પરિક્રમા વખતે તેમાંય વળી શ્રીગોસ્વામી બાળકો તરફનું ભોજન (શ્રી મહાપ્રસાદ રૂપે) એમને એમ લેવું તે યોગ્ય કહેવાય નહિ પરંતુ એવી ભાવના રાખવી કે શ્રીગોસ્વામી બાળકોદ્વારા આપણી યત્કિંચિત્ સેવા શ્રીગિરિરાજજી અંગીકાર કરે છે—બાળકો અંગિકાર કરાવે છે એજ આપણા અહોભાગ્ય—દ્રવ્યની સાર્થકતા છે. શ્રીગુસાંઇજીએ વળી નીજકૃપાપાત્ર માધવદાસને પણ શીક્ષા દીધી છે કે ગુરૂ, દેવ અને બ્રાહ્-

ણનું દ્રવ્ય લેવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે અથાત્ મલીનતા આવવાથી પૂજ્ય અને માનની લાગણીઓ ભૂલી જવાય છે.

સૂરભીકુંડથી મુકામ ઉપડી રસ્તામાં રૂદ્રકુંડનાં દર્શન કરી ગુલાલકુંડ જાય છે કોઇ કોઈ વખત યાત્રાનો મુકામ ગુલાલકુંડ ઉપર પણ થાય છે તેમ દીગ પણ થાય છે.

ગુલાલકુંડથી પરિક્રમા નીકળી દીગ જતાં રસ્તામાં ટોડનોધનો આવે છે. જ્યારે શ્રીગિરિરાજ ઉપર મલેચ્છનો ઉપદ્રવ થયો ત્યારે શ્રી નાથજી સ્વેચ્છાથી આ સ્થળે પધાર્યા હતા અહીંઆં શ્રીનાથજીની બેઠક છે. પરમ ભગવદીય કુંભનદાસજીએ આ વખતે ગાયું છે કેઃ-

બાવતહે તોહી ટોડકો ધનો,
કાંટા લાગે ગોખરૂ બુડે ફાટયો જાત યહ તનો. ૧
સિંધે કહા લોકડીકો ડર, યહ બાનિક કહા બન્યો,
કુંભનદાસ તુમ ગોવર્ધનધર યહકોન રાંડ ઢેઢનીકો જન્યો. ૨

વિશેષ માટે ચોરાશી વૈષ્ણવની વાર્તા વાંચવી. અહીંઆં દર્શન કરી આગળ જતાં સુરજકુંડ, બળભદ્રકુંડ, રાધાકૃષ્ણ તથા શ્રીદાઉજીનું મંદિર અને રેવતીકુંડ આવે છે, ત્યાંથી દીગ મુકામ થાય છે.

દીગ ચોરાશીકોશ પરિક્રમામાં ગણાતું નથી પરંતુ અહીંઆં થઇ આગળ જવાય છે. અને મુકામ કરવાનું અન્ય સ્થળ દૂર પડવાથી આ સ્થળે પરિક્રમાનો મુકામ થાય છે.

દીગ.

ગુલાલકુંડથી દીગભવન ૪ ગાઉ અને મથુરાથી લગભગ ૨૪ ગાઉ દૂર આવેલું છે. અહીંઆં જવાને પાકી સડક છે. અહીં રૂપસરોવર તથા સુરજ સરોવર નામનાં બે મોટાં તળાવ છે ભરતપુરનો

રાજા જ્યારે દીલ્હીના પાદશાહની સાથે લડાઇમાં મરાયો ત્યારે તેના નાના દિકરા જવાહીરસંગે દીલ્હીના પાદશાહને કેદ પકડી ભરતપુર લાવ્યો તથા અખૂટ દ્રવ્ય પણ લાવ્યો હતો જવાહીરસંગની માતુશ્રીએ મલેચ્છનું દ્રવ્ય લઇ નગરમાં પેસવાની મના કરી અને કહ્યું કે આસુરી દ્રવ્યની મારે ઇચ્છા નથી. પણ તું લાવ્યો છું તો વ્રજમાં જઇને કુંડ, સરોવર, મંદિર વિગેરેમાં ખરચી દે. માતુશ્રીની આજ્ઞા માથે ચઢાવી તે દ્રવ્ય વ્રજમાં કુંડ વિગેરે બંધાવવામાં ખરચ્યું હતું. અહીંઆં વધારે જોવા લાયક એક ફુવારો છે. આ ફુવારામાંથી નીકળતી ધારાઓ જાણે શ્રાવણ ભાદરવાનો વરસાદજ હોય એવો દેખાવ આપે છે. અત્રે મોટા મોટા કિલ્લાઓ તથા સુશોભિત બગીચાઓ છે યાત્રાળુઓએ અવકાશે આ સ્થળની મુલાકાત લેવી.

દીગથી યાત્રાનો મુકામ ધાટા થાય છે. રસ્તામાં પરમંદરા ગામ આવે છે આને સુદામાપુરી કહે છે. સુદામાજીનું મૂળ ગામ પોરબંદર કાઠીઆવાડમાં છે પરંતુ શ્રીવ્રજમાં બધા તીર્થો આધિદૈવિકરૂપે આવેલાં છે તેથી આને સુદામાપુરી કહે છે. અહીંઆં કૃષ્ણકુંડ છે તથા શ્રીસુદામાજી નાની ઝુંપડીમાં બિરાજે છે. પરમંદરાથી આગળ આદ્યંબદ્રી ને અલકગંગા નામે કુંડ આવે છે. આ અલકગંગા કુંડનું જળ દુધ જેવું છે તેમજ અતીશય ઠંડું છે. અહીંઆં ગંગાસ્નાન કરવા ચૂકવું નહિ તેથી ગંગાસ્નાનવત્ ફળ પ્રાપ્ત થાય છે. કુંડ ઉપર આદ્યબદ્રી નાથનું દેહેરૂં છે ત્યાં દર્શન કરવાથી બદ્રીનાથનાં સાક્ષાત્ દર્શનનું ફળ મળે છે. એવું માહાત્મ્ય છે. ઇચ્છા થાય તો ચરણ સ્પર્શ પણ કરવાં. અહીંથી આગળ જતાં ધાટા આવે છે. અહીંઆં પરિક્રમાનો મુકામ થાય છે.

ધાટા.

અહીંઆં શ્રીવલ્લભલાલજી મહારાજનો મોટો મહેલ છે. ત્યાં આગળ ચિકિત્સાલય-દવાખાનું છે અને તેમાં ખાસ આયુર્વેદીક ગ્રંથોના આધારે ઔષધીઓ તૈયાર કરવામાં આવે છે. દરદીઓને રહેવાને માટે પણ સગવડ ઘણીજ સારી કરેલી છે. મહારાજશ્રીએ અહીં એક બાગ બંધાવેલો છે. આ બગીચો વ્રજમાં ઘણો ઉત્તમ ગણાય છે. બગીચાને લગતો એક કુવો કરાવ્યો છે. અહીંથી આગળ ઇંદ્રિ કુંડ આવે છે. ત્યાં આગળ ઇંદ્રિકુપ આવેલો છે, એવું કહેવાય છે કે ઇંદ્રે આ કૂપ ઉપર ચઢી શ્રી ગિરિરાજ ઉપર ચઢાઈ કરી હતી.

અહીંથી યાત્રાનો મુકામ ઉપડી કામવનમાં વિમળકુંડ ઉપર થાય છે. આ સ્થળે પરિક્રમા ૩ થી ૪ દીવસ સુધી રહે છે. અહીંઆં મુકામ રાખી એક દિવસ ચરણ પહાડી, એક દિવસ સુરભી કુંડ-શ્રી કુંડ, એક દિવસ ભોજન થાળી-ભોગ કટોરો વિગેરે દર્શનીક સ્થળોએ જઈ આવે છે.

શ્રી કામવન--વિમળ કુંડ.

અહીંઆં શ્રી ગોકુલચંદ્રમાજીનું મંદિર છે. આ મંદિરમાં બીજું શ્રી બાળકૃષ્ણલાલજીનું સ્વરૂપ બિરાજે છે. બીજું મંદિર શ્રી મદનમોહનજીનું છે. શ્રી ગોકુળચંદ્રમાજી શ્રી યમુનાજીમાંથી પ્રગટ થયા હતા. અને નારાયણદાસ બ્રહ્મચારીના શ્રી ઠાકોરજી શ્રી મહાપ્રભુજીના સેવ્ય છે. હાલમાં પંચમ પિઠાધીશ્વર શ્રી વલ્લભલાલજી મહારાજને માથે અહીંઆંજ બિરાજે છે. બીજું મંદિર શ્રી મદનમોહનજીનું છે અને તેમાં શ્રી મદનમોહનજી ઠાકોરજી શ્રી અગ્નિકુંડમાંથી પ્રકટ થયા હતા. તે

શ્રી મહાપ્રભુજીના સેવ્ય છે અને શ્રી ગોપાળલાલજી મહારાજને માથે બિરાજે છે. આ મંદિરોમાં દર્શન કરવાં.

વિમળ સરોવરથી પરિક્રમા નીકળી ચરણ પહાડી તરફ જતાં મધુસુદન કુંડ આવે છે. ત્યાંથી આગળ યશોદા કુંડ છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો હતો. તથા છપ્પનભોગની લીલા કરી હતી. અહીંથી આગળ લંકા કુંડ છે. અહીંઆં વીર હનુમાન છે. શ્રી ઠાકોરજીએ અહીંઆં સેતુ બાંધ્યો છે. ત્યાં શ્વેતબંધુ રામેશ્વર છે. આ સ્થળે શ્રી પ્રભુએ રામાવતારની લીલા પ્રગટ કરી છે. અહીંઆં રામેશ્વર મહાદેવ છે. અહીંઆં લંકા કુંડ અને પ્રલંકા કુંડના વચ્ચે સેતુ બાંધેલી છે. આગળ લુકલુક કુંડ છે. આ સ્થળે શ્રી ઠાકોરજી વ્રજ ભક્તો સાથે આંખ મીચામણીની રમતો ખેલતા હતા. અહીંથી પરિક્રમા ચરણપહાડી જાય છે.

શ્રીચરણપહાડી.

આ સ્થળ પર્વત ઉપર ઊંચે પગથીયાં ચઢ્યા પછી આવે છે. અહીંઆં શ્રી ઠાકોરજીનો એક ચરણ આખો અને એક અર્ધો છે ત્યાં દર્શન ચરણસ્પર્શાદિ કરવા. અહીંઆં પાસે એક ગુફા છે ત્યાંના વ્રજવાસીઓ આ ગુફાના સંબંધમાં કહે છે કે લુક લુક કુંડ ઉપર શ્રી ઠાકોરજી જ્યારે આંખમીંચામણીની રમત ખેલતા હતા ત્યારે અહીંઆં ગુફામાં સંતાઇ જતા હતા અને આ ચરણ પહાડી ઉપર ઊભા રહી વેણુનાદ કરી વ્રજભક્તોને જે છાકલઇ આવતા તેમને મોહિત કરતા હતા. અહીંથી પાછળની બાજુએ થઇ મુકામ ઉપર જવાય છે. પાછળની બાજુએ ઉતરી આગળ ચાલતાં મહોદધી કુંડનાં દર્શન કરવાં શ્રી ઠાકોરજીએ અહીંઆં દધી આરોગી મુખ

ધોયું તેથી મહોદધી નામ પડ્યું છે. આ સ્થળે શ્રી ઠાકોરજીની છટંકી પંશેરી (અધોળ ને પાંચ શેરી) શીલા છે. તેનાં દર્શન કરવાં ત્યાંથી આગળ નંદકુપ, નંદજીની બેઠક, આગળ દેવી કુંડ, ગયા કુંડ, કાશી કુંડ, પ્રયાગ કુંડ, શ્રી ગોપીનાથજી, શ્રી જગન્નાથજી વિગેરેનાં મોટાં અને ભવ્ય મંદિરો આવેલાં છે ત્યાં દર્શન કરવાં. અચ ૮૪ પત્થરના સ્થંભનું સ્થાન આવે છે. ત્યાંથી આગળ શ્રી મદનમોહનજી તથા શ્રી રાધાકૃષ્ણનાં દર્શનીય સ્થળ છે. પછી પરિક્રમા મુકામ ઉપર આવે છે.

શ્રી સુરભીકુંડ.

બીજે દિવસે સંઘ સુરભી કુંડ તરફ જાય છે. રસ્તામાં શ્રી વરાહજીનું મંદિર આવે છે, ત્યાં આગળ શીતલા કુંડ તથા શીતલાદેવીનું મંદિર છે. આગળ સુરજ કુંડ, ગોપાળ કુંડ, ને પછી સુરભી કુંડ આવે છે આને શ્રીકુંડ પણ કહે છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક શ્રી કુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે છે. અહીઆં એક બ્રહ્મ પિશાચ રહેતો હતો તે રાત્રે કુંડ ઉપર જે કોઈ સુઇ રહે તેનું ભક્ષણ કરતો હતો. શ્રી મહાપ્રભુજીએ આજ સ્થળે અન્ય અનુયાયીઓના ના કહેવા છતાં વિશ્રામ કર્યો, રાત્રે પિશાચ આવ્યો તે વખતે એક વૈષ્ણવ શ્રી ઠાકોરજીના અસ્પર્શના વાઘા ધોતા હતા તે વસ્ત્રના છાંટા પિશાચ ઉપર પડવાથી તેની મુક્તિ થઈ. શ્રી મહાપ્રભુજીએ સ્વમુખે કહ્યું કે આ પિશાચ પૂર્વજન્મમાં એક બ્રાહ્મણ હતો. અને કામવનનો રાજા હતો. તેણે બ્રાહ્મણોને પૃથ્વિ દાનમાં આપેલી હતી. પરંતુ પાછળથી તેની મતી ફરવાથી આપેલું દાન પાછુ લીધું આથી બ્રાહ્મણો દુઃખી થયા અને શ્રાપ આપ્યો તેથી તે આજ વનમાં બ્રહ્મપિચાશ થયો.

વૈષ્ણવો ! વ્રજની રજથી મુક્તિ ન થઈ તે શ્રી મહાપ્રભુજીના વસ્ત્રના છાંટાથી તત્ક્ષણ મુક્તિ થઇ એવો શ્રી આચાર્યજીનો પ્રભાવ છે. શ્રી મહાપ્રભુજી દ્વિતિય સ્વરૂપે શ્રીપૂર્ણ પુરૂષોત્તમજ છે એની આથી બીજી વધુ શાક્ષી શું હોઇ શકે ?

બીજી બેઠક શ્રી ગુસાંઇજીની છે. આ બેઠકના સંબંધમાં બેઠક ચરિત્રમાં જણાવે છે કે, શ્રીગુસાંઇજીના પરમ કૃપાપાત્ર ભગવદીય મહાનુભાવી મધુસુદનદાસ શ્રી મહાપ્રભુજીની સેવા કરતા ફક્ત દૂધ ઉપરજ રહેતા. અને અહરનિશ શ્રી સર્વોત્તમ સ્તોત્રનો જપ કરતા હતા. એક માસ પર્યંત આ પ્રમાણે વ્રત ધારણ કર્યા પછી દઢ સંકલ્પ કર્યો કે જ્યારે શ્રી મહાપ્રભુજી પ્રત્યક્ષ દર્શન દે ત્યારેજ આ વ્રત છોડવું. શ્રી ગુસાંઇજી એક વખત આ ભગવદીય સન્મુખ પધાર્યા પરંતુ વ્રત છોડયું નહિ પછી ૭ માસે શ્રી મહાપ્રભુજીએ કોટી કંદર્પ લાવણ્યના રૂપમાં દર્શન દીધાં શ્રી મહાપ્રભુજીએ સ્વમુખે જણાવ્યું કે. **"મેરે વંશકે બાલક જહાં બિરાજતે હોય તહાં જાયકે દર્શન કરોગે તો હમારેહી દર્શન હોયગે"** વૈષ્ણવોએ આ બાબત ખાસ ધ્યાનમાં રાખવી. કારણ કે શ્રીમહાપ્રભુજી તથા શ્રીગોસ્વામી બાળકોમાં ભેદ રાખવાથી દર્શનનો વિલંબ થાય છે.

ત્રીજી શ્રી ગોકુળનાથજીની તથા ચોથી શ્રી ગિરિધરજીની પણ બેઠકો અહીઆં આવેલ છે. દરેક બેઠકે ઝારીજી ચરણ સ્પર્શાદિની સેવાનો બને તેટલો લાભ લેવો.

આ ચાર બેઠકો ઉપરાંત શ્રી મહાપ્રભુજીની બીજી બેઠક પણ અહીંઆંજ આવેલી છે. જ્યાં પોતે સંધ્યાવંદન કરતા હતા. આ પ્રમાણે પાંચે બેઠકો આ કુંડ ઉપર સાથે સાથે આવેલી છે. કુંડનું જલ

સ્વચ્છ ને શીતળ છે તથા બેઠકોને લીધે દેખાવ ઘણો સુંદર લાગે છે આ કુંડમાં જે મૃતિકા-રજ-નીકળે છે તે માખણ જેવી કોમળ અને સફેદ છે તેથી વ્રજની બધી બેઠકોએ આ રજ અહીંથી જાય છે. અહીંઆં શ્રી ગોવિંદ પ્રભુ-શ્રી ગોવિંદલાલજી (શ્રી દેવકીનંદનજીના પિતા) ની પણ બેઠક છે આ સ્થળે અનેક પ્રકારનાં નવપલ્લવ ઝાડોની લતાપતા સુંદર છે તેથી આ સ્થળ બહુજ રળીયામણું લાગે છે. અહીંથી આગળ ઘસની-ખસલની શીલા આવે છે, ત્યાંથી વ્યોમાસુરની ગુફા આવે છે. આ અસુરે વ્રજ ભક્તો, ગાયો તથા વાછરડાંનો નાશ કરવા માંડ્યો હતો તેથી તે સંકટમાંથી બચવાને વ્રજ બાળકોએ શ્રી કૃષ્ણ પ્રભુને વિનંતિ કરી જેથી પ્રભુએ રાક્ષસનો નાશ કર્યો. આ ગુફા પર્વતમાં ઉંચે છે. અને ઘણી લાંબી છે. ત્યાં પર્વત ઉપર શ્રી દાઉજીનાં શ્રી હસ્તનાં તથા ચરણનાં ચિન્હ છે.

ભોજન થાળી.

એક દિવસ પરિક્રમા ભોજન થાળી તરફ જાય છે. ત્યાં કૃષ્ણકુંડ, ભોજનથાળી. ને ભોગ કટોરો છે આ સ્થળે ત્રાંબા પીતળની કે રૂપાની થાળી વાડકી વિગેરેનું દાન આપવાનું માહાત્મ્ય ગણેલું છે. અહીંઆં દહીં મેવાનો ભોગ ધરવો. અહીંઆં રાસ થાય છે. શ્રી ઠાકોરજી અત્રે છાક આરોગ્યા છે. અહીંથી આગળ જતાં યજ્ઞ કુંડ, સૂર્ય કુંડ, ચરણ કુંડ, શીવ કુંડ, ગરૂડ કુંડ, ગરૂડજીનાં દર્શન, ચંદ્રભાગા કુંડ, શ્રી દાઉજી, શ્રી રામેશ્વર મહાદેવ અને શ્રી ધર્મરાયનાં મંદિરો આવેલાં છે. શ્રી ઠાકોરજીએ ધર્મરાયને આજ્ઞા કરી છે કે-" મારા ભક્ત તથા વૈષ્ણવો ઉપર તમારો પ્રભાવ ચાલશે નહિ "

વૈષ્ણવો ! આપણા ઉપર શ્રી ઠાકોરજીની કેટલી બધી કૃપા છે !

વૈષ્ણવોથી ભૂત, પિશાચ, અને છેવટે યમદૂત પણ ત્રાસ પામે છે. આ શ્રી વલ્લભી સૃષ્ટિના જીવોને માટે ઓછું છે? જ્ઞાનીઓ! આપણા ઉપર કૃપા કરીને શ્રી મહાપ્રભુજીએ નામ નિવેદન કરાવી હમેશને માટે શ્રી પૂર્ણ પુરૂષોત્તમનો સંબંધ કરી આપ્યો છે તેથી આપણે નિશ્ચયાત્મક થવું કે અન્ય અશરણ જીવોની માફક આપણી કદી પણ અધોગતિ થવાની નથીજ. બ્રહ્મ સંબંધ અને તે ઉપરની ટીકાનું પુસ્તક [1]બ્રહ્મસંબધકાવ્ય અને તે ઉપરાંત શ્રીમદ્ આચાર્યજી વિરચિત અન્ય માર્ગીય ગ્રંથોનું ભાવપૂર્વક અધ્યયન કરવાથી સહજ જણાશે કે શ્રી મહાપ્રભુજીએ પોતાના જીવો ઉપર જેવી કૃપા કરી છે તેવી કોઇ પણ માર્ગમાં જણાતી નથી, આ ભયંકર કળીકાળને વિષે ભવ સાગર તરવાને માટે તથા પ્રપંચના સ્મરણથી હમેશાં થતા નિરોધપણામાં વિરોધપણું અટકાવવાને શ્રી મહાપ્રભુજીનો આશ્રય કરવો. અને શ્રી મહાપ્રભુજીના આશ્રિત, વૈષ્ણવોએ સર્વદા અનન્ય ભાવથી તેઓશ્રીની સેવા કરવી. સેવા એજ ફળ છે. સેવા પ્રથમ તનુજા અને વિત્તજા કરવી એ બે સેવાનું ફળ માનસિ સેવા.છે. તે જ્યારે આ બે પ્રકારની સેવા પરિપૂર્ણ થાય છે ત્યારેજ પ્રાપ્ત થાય છે. જ્યારે માનસિ સેવાનું ઉત્તમોત્તમ ફળ પ્રાપ્ત થાય છે. ત્યારે જીવને—આત્માને સ્વમાર્ગનું અપૂર્વ જ્ઞાન, પ્રભુની નૂતન લીલા, અને શ્રી ઠાકોરજીના સ્વરૂપની પ્રાપ્તિ આપોઆપ થાય છે. જ્યારે શ્રી ઠાકોરજીના સ્વરૂપની દર્શનની ઝાંખી થાય છે. ત્યારે જીવ દેહનું અનુસંધાન ભૂલી જાય છે. અને તેમ થતાં ભગવદ લીલામાં પ્રવેશ કરવાને વિલંબ થતો નથી.

---

૧ આ તથા અન્ય શ્રી પુષ્ટિમાર્ગના ઘણા ગ્રંથો અમારે ત્યાં મળે છે.

અને અંતે આ દુઃખમય અસાર સંસારમાંથી છૂટી ઉત્તમોત્તમ સ્થાનને પામે છે. માટે શ્રીમદાચાર્ય ચરણના વચનામૃતોમાં શ્રદ્ધા રાખી ભાવ પૂર્વક શ્રીપુષ્ટિ માર્ગનું અવલંબન કરવું. અને એકજ શ્રી પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુ, સર્વ વ્યાપક, પરથીપર, ગોપેશ, પ્રાણવલ્લભ શ્રી કૃષ્ણચંદ્રને પોતાનું કહેવાતું સર્વસ્વ અર્પણ કરી તેમનીજ ભક્તિ કરવી. અસ્તુ!

ધર્મરાયનું મંદિર મુકી આગળ જતાં પાંચ પાંડવ તથા પંચતીર્થ, મનોકામના કુંડ અને વરાહ ભગવાનના દર્શનનું સ્થળ આવે છે. અને આગળ કામેશ્વર મહાદેવનાં દર્શન થાય છે. આ કામેશ્વર મહાદેવ કામવનની રક્ષા કરવાને બિરાજે છે. ત્યાંથી દર્શન કરી પરિક્રમા મુકામે જાય છે. અત્રે કામવનની યાત્રા પુરી થાય છે તોપણ કહેવાય છે કે કામવનની આજુબાજુ ૮૪ કુંડો આવેલા છે તે ઉપરાંત અન્ય દર્શનીય સ્થળો પણ ઘણા છે. ભાવુકોએ કોઇ અનુભવી વૃદ્ધ વ્રજવાસીને સાથે લઈ દર્શન કરવા જવું.

અહીંથી પરિક્રમાનો મુકામ ઉપડી બરસાના થાય છે. બરસાના જતા રસ્તામાં કનવારો ગામ આવે છે ત્યાં કાન્હગ્વાલનાં દર્શન છે. ત્યાં કરણ કુંડ છે. અહીંઆં શ્રી ઠાકોરજીના કરણ છેદયા હતા અને કરણ છેદનની લીલા અહીં થઈ હતી. તે સ્થળ છે. આ કનવારો ગામ મુકી પર્વત ઉતરી સુન્હેરાની કદમ ખંડી આવે છે.

સુન્હેરાની કદમખંડી.

અહીં કૃષ્ણકુંડ છે ત્યાં આગળ શ્રી ઠાકોરજીની બેઠક છે તથા હીંડોળા ઝુલનની ઠોર છે. હીંડોળા ઝૂલન આગળ મોટા પત્થરના બે સ્તંભો ઉભા કરેલા છે અને મોટો વિશાળ ચોતરો છોંકરના વૃક્ષ નીચે છે ત્યાં ગોપાળ મંદિર છે. બીજા ચાર ચોતરા અને

અનેક પ્રકારની લીલાનાં સ્થળો છે. કદમખંડીમાં મોર ઘણા રહે છે. વૃક્ષોની ઘટા, સુંદર સુવાસિત પુષ્પો, કુંડનું શીતળ જળ, પવનની મંદ મંદ શીતળ લહરી, અનેક ચોતરા, પક્ષીઓનો કલરવ નાદ અને અસંખ્ય મોર શ્રી ઠાકોરજીના વિરહથી આતુર થઇ ટુહુકાર કરતા જોઇ, શ્રી ઠાકોરજીનું આ રમણ સ્થળ છે એવો ભાસ થાય છે. હાલમાં પણ સુગંધ સરસ આવે છે. અર્થાત્ આ સુન્હેરાની કદમ ખંડીમાં પ્રવેશ કરતાં પ્રભુની અનેક લીલાઓનો તાદશ ચિતારનો આભાસ થાય છે. આ સ્થળે નિત્ય લીલા ને જળ વિહારીની ઠોર છે. કુંડનું જળ પણ જાણે શ્રી ઠાકોરજીના આરોગવાથી પોતાને કૃત્ય કૃત્ય માની શીત અને શાન્ત પ્રકૃતિ ધારણ કરી રહ્યું હોય એમ જણાય છે. અહીં આગળ રાસ રમણના બીજા ચોતરા છે તેથી જાણે આ સ્થળ રાસનુંજ હોય એમ જણાય છે. આ કદંબખંડીમાં સુન્હેરા સખીના મનોરથ પરિપૂર્ણ કર્યા છે. અહીંથી આગળ પોંછોલ ગામ આવે છે, ત્યાંથી સુન્હેરા ગામ અને ત્યાંથી ચિત્રવિચિત્ર શીલા આવે છે. આ સ્થળે શ્રી સ્વામીનીજી માનકરી બિરાજ્યાં તે વખતે આ શીલા ઉપર શ્રી હસ્તથી નાના પ્રકારનાં વ્રજના વૃક્ષોનાં ચિત્ર મેંદી રંગથી ચિતર્યાં છે. તેવીજ રીતે શ્રી ઠાકોરજીએ વિચિત્ર શીલા જે ચિત્ર શીલાથી આશરે ૫-૧૦ કદમ દૂર છે તેના ઉપર ચિત્રો કાઢયાં છે. હાલમાં પણ એવીજ રીતનાં દર્શન થાય છે. ચિત્ર વિચિત્ર શીલા એક છત્રી નીચે બિરાજે છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ વિવિધ પ્રકારની લીલા કરી છે. ત્યાંથી આગળ દેહકુંડ આવે છે. ત્યાં આગળ શ્રી સ્વામીનીજીનાં ચરણ ચિન્હ છે તથા એક મોરલી છે. દેહ કુંડના સંબંધમાં એવી આખ્યાયિકા છે કે, એક વખત શ્રી ઠાકોરજી શ્રી સ્વામીનીજી સહિત આ સ્થળેથી જતા હતા તે વખતે એક

ભિક્ષુક બ્રાહ્મણે યાચના કરી કે મહારાજ મને કંઇ આપો. શ્રી ઠાકોરજીએ કહ્યું કે મારી પાસે કંઇ નથી પરંતુ આ સ્ત્રીને લઇજા. બ્રાહ્મણ કહે છે કે મારૂં તો પુરૂં થતું નથી. તો હું વળી આ રાધિકાજીને લઇ જઇ શું કરૂં ! ત્યારે શ્રી ઠાકોરજીએ રાધિકાજીને કહ્યું કે શું કરવું. શ્રી સ્વામીનીજીએ પ્રત્યુત્તર આપ્યો કે આપશ્રીની ઇચ્છામાં આવે તે પ્રમાણે કરો તેથી શ્રી ઠાકોરજીએ બ્રાહ્મણને રાધિકાજી બરાબર સોનું તોળી આપ્યું. આ ઉપરથી આ કુંડનું નામ દેહ કુંડ પડયું છે. વૈષ્ણવો અહીંઆં કૂંડમાં સ્નાન કરી યથાશક્તિ પોતાના ગોર—ચોબાને સુવર્ણનું દાન આપે છે. કોઇ કંઠી, કડુ, મોહનમાળા વિગેરે સુવર્ણ ધાતુના દાગીનાના દાન આપે છે. સુવર્ણના દાનનું અહીંઆં ઘણું મહાત્મ્ય છે. પર્વત ઉપર કુંડ છે તેને પોખર કહે છે તેમાં શ્રી ઠાકોરજીએ વસ્ત્ર ધોયાં છે. ત્યાંથી ઉતરી આગળ જતાં ઊંચો ગામ આવે છે. અહીંઆ શ્રી બળદેવજીનું મંદિર છે તથા શ્રી ઠાકોરજીની સુક્ષ્મ સેયા છે: ત્યાં રાસ ચોતરો છે ચોતરા ઉપર એક છત્રી છે અહીંઆં શ્રી બળદેવજીએ સર્વ સખામંડળ સાથે રાસ કર્યો છે. આગળ ગેંદોખર કુંડ આવે છે. તેમાં પાન કરી બરસાના જવાય છે. અહીંથી રસ્તામાં રેત ઘણી આવે છે તેથી બળદ કેમે કરી ચાલી શકતા નથી તેથી યાત્રાળુઓએ વ્યવહારની ચીજો ઘણી થોડી લેવી અથવા તો બીજું ગાડું ભાડે કરવું જેથી અબાચક પ્રાણીને રેતાળ મુલકમાં ચાલવાને ઝાઝી મુશ્કેલ પડે નહિ. ત્યાંથી બરસાનામાં ભાનોખર કુંડ ઉપર પરિક્રમાનો મુકામ થાયછે. આ કુંડની બાંધણી ઘણી સારી તેમજ કુંડ પણ મોટો વિશાળ હોવાથી પરિક્રમાનો મુકામ અહીંજ થાય છે. તે ઉપરાંત વૃક્ષોની ઘટામાં તંબુ વિગેરે નાંખવાને પણ સ્થળ અનુકુળ છે. ભાનોખરમાં કીર્તીજી,

શ્રી વ્રષભાનજી સ્નાન કરતાં તેથી ભાનોખર નામ પડ્યું છે. સાથે જ. સોદા કુંડ છે અહીઆં શ્રી ઠાકોરજી, બળદેવજી, નંદ, જસોદા સર્વેએ શ્રી વ્રષભાનજીને ત્યાં છપ્પન ભોગ આરોગવા પધાર્યા ત્યારે આ સ્થળે મુકામ કર્યો હતો.

બરસાના.

આ શ્રી સ્વામીનીજી—શ્રી રાધીકાજીના પિતા, શ્રી વ્રષભાનજીનું ગામ છે.

વ્રજચોરાશી કોશમાં ચાર ધામ નિજધામ,
વૃન્દાવન ઓર મધુપુરી, બરસાનો નંદગામ.

બરસાના ચાર ધામ પૈકીનું એક ધામ છે. પર્વત ઉપર ઉંચે ચઢતાં શ્રીસ્વામીનીજીનું મુખ્ય દર્શનીય સ્થળ છે. શ્રીરાધાજી—શ્રીલાડીલીજીનું મંદિર ડુંગર ઉપર બાંધેલું છે, ત્યાં જવાને ૨૦૦ પગથીયાં ચઢવાં પડે છે એ મંદિરને લગતી આરસપહાણની છત્રી ગ્વાલીઅરના મહારાજાએ બંધાવેલી છે. પ્રતિ કાર્તક શુદી ૧૫ ના રોજ આ છત્રી ઉપર શ્રીરાધાકૃષ્ણ હીડોરે ઝુલે છે. જયપુરનરેશે અઢળક દ્રવ્ય ખરચી એક ભવ્ય અને સુશોભિત તથા જયપુરી કારીગરીથી ભરપુર સુંદર મંદીર બંધાવ્યું, અને તેમાં શ્રી સ્વામીનીજીને પધરાવવા નિશ્ચય કર્યો. પરંતુ શ્રીસ્વામીનીજીનીજ જાણે અનિચ્છા હોય તેમ જયપુરનરેશની મનોકામના સિદ્ધ થઈ નહિ તેથી આ મંદિરમાં હાલમાં બીજું સ્વરૂપ પધરાવ્યું છે. આ સ્થળે શ્રીઠાકોરજીએ નૂતનલીલાનો વરસાદ વરસાવ્યો છે. અને રાસલીલા કરી છે. અહીંથી આગળ જતાં રાવળકુંડ આવે છે આને કેટલાક રબડીકુંડ પણ કહે છે. ત્યાં શ્રી ઠાકોરજીની બેઠક તથા શ્રીજીનું મંદિર છે આગળ જતાં

રસ્તામાં શ્રીજમુનાજીની બે નહેરો આવે છે ત્યાં આગળ પાડરકુંડ તથા પાડરવન આવે છે. ત્યાંના વ્રજવાસીઓ કહે છે કે અહીંઆં શ્રીજીએ પાડા ચરાવ્યા હતા. અહીંઆં શ્રીજીની બેઠક છે તથા શ્રીજીની ગુફા છે. આગળ જતાં તીલકકુંડ, લલીતાકુંડ, વિશાખાકુંડ, વિહારકુંડ દોહનીકુંડ વિગરે આવેલા છે. અહીંઆં એક સમયે શ્રીયશોદાજી દોહની ધોવા પધાર્યાં હતાં તે વખતે શ્રીસ્વામીનીજી મળ્યાં શ્રીયશોદાજીએ શ્રી સ્વામીનીજીને શણગાર ધર્યો શ્રી ઠાકોરજી આ સમયે ત્યાં પધાર્યા અને બન્નેની શોભા જોઇ શ્રીયશોદાજી આનંદ પામ્યાં.

અહીંઆં પોતાના ગોર–ચોબાને ત્રાંબાપતળની દોહની–લોટા દાન આપવાનું માહાત્મ્ય ઘણું છે. અહીંથી આગળ મોર કુંડ આવે છે. બીજી બાજુ થોડે દૂર નોવારી–ચોવારી સખીનું સ્થળ છે. અહીં તેમનાં મંદિરો છે. આ બન્ને સખીઓ શ્રી નંદરાયજીની ગૌશાળાની ગોબરહારી ગૌશાળાની દેખરેખ રાખી ગૌશાળા સ્વચ્છ રાખનારી સખીઓ હતી. તેમનાં દર્શન કરવાં અહીંઆં રતનકુંડ તથા રતન સીંહાસન છે. અહીંઆં કુંડ ઉપર રાસરમણનું સ્થળ હોય તેમ કદમના વૃક્ષનો મોટો ચોક પડે છે તેથી રાસમંડળનું સ્થળ છે એવો આભાસ થાય છે. અહીંથી આગળ વિશાખા સખીનું ગામ ડભારો આવે છે ત્યાંથી આગળ સુરજ કુંડ ને જળ વિહારકુંડ આવે છે. અહીંથી આગળ ગહવરવન જવાય છે આ વન બરસાનાના પર્વત પર છે પર્વતની તળેટીમાં એક કુવો છે ત્યાંથી પર્વત ઉપર ચઢતાં ગહવર વન આવે છે રસ્તામાં પર્વતમા ભગવાનના શંખનું ચિન્હ છે પછીથી કૃષ્ણકુંડ આવે છે. કુંડ ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠક છે. આં- ચાર્યશ્રીએ અહીંઆં સપ્તાહ કરી છે. અહીંઆં એક અજગર જેના ઉપર અસંખ્ય કીડીયો ચટકા મારતી હતી તે જોવામાં આવ્યો. શ્રી

આચાર્યજીએ સ્વમુખે ભગવદીય દામોદરદાસને કહ્યું કે આ અજગર તેના પાછલા ભવમાં એક મહંત હતો અને વૃંદાવનમાં રહેતો હતો. અને પોતાના સેવકો પાસેથી ધન-દ્રવ્ય લઇ પોતાની વિષયલાલસા પૂરી કરવામાં વિનિયોગ કરતો હતો તેથી આ ભવમાં અજગર રૂપે જન્મ્યો છે અને આ અગણિત કીડીયો તેના પૂર્વભવમાં સેવકો હતા. તેમને ખોટે રસ્તે દોરવાથી આ ભવમાં તેનો બદલો લેછે. વળી જણાવ્યું કે વૃન્દાવનના અને વ્રજમંડળના જીવો પોતાના પાપનું પ્રાયશ્ચિત ભોગવવાને આ સ્થળની બહાર નહિ જતાં આ અલૌકિક સ્થળમાંજ જન્મ ધારણ કરે છે. પછીથી શ્રીમહાપ્રભુજીએ સ્વચરણોદકથી અજગરનો મોક્ષ કર્યો છે. અહીંઆં સેવા વિગેરે કરી આગળ પ્રયાણ કરવું. આગળ પર્વત ઉપર મોરકુટીનાં દર્શન થાય છે. ત્યાં શ્રીમોરબિહારી ઠાકોરજી બિરાજે છે. અહીંઆં મોરકુટીનો રાસ થાય છે અહીંઆં શ્રીઠાકોરજીએ મોરનું રૂપ ધરી નૃત્ય કર્યું હતું.

અહીંથી ઉત્તર દિશામાં સામે બીજી બાજુ ગઢ ઉપર માનગઢ છે, ત્યાં માનવિહારીનું મંદિર છે. અહીંઆં માનનો રાસ થાય છે વળી આ સ્થળે માનલીલા થાય છે. ત્યાં હિંડોળાની જગ્યા છે ત્યાં આગળ રાસ ચોતરો છે સામે દાનગઢ છે ત્યાં શ્રી દાનબિહારીનું મંદિર છે તથા રાસનો ચોતરો છે અહીંઆં હીંડોળાની ઠોર છે તથા દાનગંગા કુંડ છે. અહીંઆં દાનનો રાસ થાય છે. શ્રીઠાકોરજીએ આ સ્થળે દહીં માટે નૃત્ય કર્યું હતું. અહીંથી આગળ જયપુરનરેશ તરફથી બંધાવેલું શ્રીલાડીલીજીનું મંદિર આવે છે. અહીંથી આગળ જઇ પર્વત ઉપરથી નીચે ઉતરતાં શ્રીરાધિકાજીના પિતામહ શ્રીમહીભાનદાદા અને સુકમાદાદીનું મંદિર છે. ત્યાં રાસબિહારી ઠાકોરજીનાં દર્શન કરી આગળ જતાં શ્રીરાધિકાજીના ભાઇ શ્રીદામાજીનું

મંદિર છે ત્યાંથી નીચે ઉતરી રહ્યા કે અષ્ટસખીનાં, શ્રીવષભાનજી અને શ્રીકીર્તીજીનાં મંદિરો આવે છે.

સાંકરીખોર.

અહીંથી આગળ જતાં સાંકરી ખોર આવે છે. આજુબાજુ પર્વતના બે ભાગ છે તેમાં એક બાજુ દાનગઢ, માનગઢ અને બરસાના આવે છે. બીજી બાજુએ નંદગામના પર્વતનો ભાગ આવે છે વચમાં સાંકરી ખોર આવેલી છે. આ સ્થળ ઘણુંજ અલૌકિક છે રસ્તો ફક્ત એકજ માણસ જઇ શકે તેટલો પહોળો છે. રસ નાયક પ્રભુ શ્રી કૃષ્ણે શ્રીસ્વામીનીજી પાસેથી દહીંનું દાન સૌથી પહેલું આ સ્થળેજ લીધું હતું અહીંઆં રાસ થાય છે. અને દાનલીલા ગવાય છે. બરસાનાથી આ સ્થળ સુધી દાન લીધાનાં ઘણાં સ્થળો આવે છે. પ્રભુની દાનલીલા એ એક અલૌકિક લીલા છે તેથી ત્યાં દાનલીલાનાં પદો વારંવાર ગાય છે આ દાનલીલાનાં પદ "વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૨"માં આપેલાં છે તે જોવાં.

ફાગણ માસમાં હોળીના દિવસોમાં વૈષ્ણવોએ બને તો અવશ્ય આ સ્થળની હોળીની લીલાનાં દર્શનનો લાભ લેવો. ખાસ કરીને બરસાના, નંદગામ અને બઠેનમાં હોળીની લીલા ઉત્તમ પ્રકારે થાય છે.

બરસાના ગામ મોટું અને સારૂં છે. એવી કિંવદન્તી છે કે,

"બરસાનો માખન મિસરીકો ખાનો
રાધા તેરો ભલો બન્યો બરસાનો"
પીરીપોખર, પ્રેમ સરોવર, બાનોંખરકે ન્હાનો.
રાધા તેરો ભલો બન્યો બરસાનો"

પીરીપોખર.

બરસાનેથી પરિક્રમા ઉપડી સંકેત મુકામ થાય છે. રસ્તામાં પીરી પોખર આવે છે આ સ્થળે શ્રી સ્વામીનીજીએ ઉપટનો ચોપડી સખીઓ સહીત સ્નાન કરતાં બધાના હાથ પીળા થયા તેથી આ પીરી પોખર કહેવાય છે. અહીંથી આગળ પ્રેમ સરોવર આવે છે. અહીંઆં શ્રી ઠાકોરજીને વ્રજ ભક્ત–ગોપીજન સાથે પ્રથમ પ્રીત થઇ છે. તેથી વ્રજ ભક્તોએ શ્રીઠાકોરજીને પીતાંબર ઓરાઢયું છે. ત્યાં આગળ કદંબ નીચે ચોતરા ઉપર શ્રી ઠાકોરજી બિરાજ્યા અને શ્રી ઠાકોરજીને વ્રજભક્તોએ રક્ષા બાંધી છે તથા રાસ કર્યો છે. પરિક્રમા વખતે અહીં વિવાહ ખેલનો રાસ થાય છે.

અહીં શ્રી મહાપ્રભુજીની બેઠક એક વૃક્ષ નીચે છે, ત્યાં શ્રીઝારીજી, ચરણ સ્પર્શાદિની સેવા કરવી.

પ્રેમ સરોવર એક મોટું વિશાળ તળાવ છે, અને ચારે બાજુથી બાંધેલું છે, સરોવરમાં નાવ ચાલે છે. કોઇ કોઇ વખત શ્રી ગોસ્વામી બાળકો નાવમાં શ્રીઠાકોરજી તથા શ્રીસ્વામીનીજીને પધરાવી નાવ ચલાવે છે. તે વખતની લીલાનો અનુભવ તો પ્રત્યક્ષ જોવાથીજ સમજાય.

" બેઠે ઘનસ્યામ સુંદર ખેવતહેં નાવ " એ પદ અનુસાર લીલા દૃશ્યમાન થાય છે. અહીંથી દર્શન કરી પરિક્રમા આગળ જાય છે રસ્તામાં વિમળ કુંડ તથા વિમળાદેવી આવે છે, પછી સંકેતવન આવે છે. પરિક્રમાનો મુકામ અહીંઆં થાય છે.

સંકેત વન.

સંકેત વનમાં પ્રવેશ કરતાંજ શ્રી ગુસાંઇજીની બેઠક છે. અહીંઆં શ્રી ગુસાંઇજીએ પોતાના કૃપાપાત્ર અને બસોબાવન પૈકીના એક વૈ.

ભગવદીય રેંડાને શ્રી ઠાકોરજીનાં અલૌકિક દર્શન કરાવ્યાં હતાં. એ રેંડા ભગવદીય મૂળ કપડવણજના રહીશ હતા અને ન્નાતે ઉદંબર બ્રાહ્મણ હતા. [તેમની અટક સોત્રીની હતી તે ઉપરથી કપડવણજમાં આજે પણ તેમનું નામ અમર રાખવાને એક મોહલ્લાનું નામ સોત્રીવાડો રાખેલું છે.] શ્રીગુસાંઇજી જ્યારે ગુજરાતમાં પધાર્યા ત્યારે આ ભગવદીય તેઓશ્રીના સેવક થયા. અને શ્રી ગુ૦ એ શ્રી ઠાકોરજીનું સ્વરૂપ પધરાવી આપ્યું તેની ભાવપૂર્વક સેવા કરતા હતા. આ સ્વરૂપ ઉક્ત ભગવદીયના વંશમાં ૧૧ પેઢી સુધી બિરાજ્યું. છેલ્લી દામોદરદાસ પુરાણીએ સેવા કરી. હાલમાં આ સ્વરૂપ પોરબંદરમાં શ્રીરણછોડલાલજી મહારાજને માથે બિરાજેછે. રેંડા ભગવદીય શ્રીગોકુળમાં ગયા ત્યાં પણ હમેશાં રમણરેતીમાં આનંદ કરતા હતા. શ્રી ગુ૦ એ પ્રસાદી ફુલની માળા ભગવદીયને આપી તે પણ તેમને ઘેર બિરાજતાં હતાં. રેંડાને શ્રીચરણોદક ઉપર એટલી બધી શ્રદ્ધા હતી કે એક બ્રાહ્મણ તનયાને સર્પ કરડયો હતો તેનું ઝેર ફક્ત ચરણોદકથીજ ઉતાર્યું હતું. (આ બ્રાહ્મણ તનયા સાથે શ્રી ગુ૦ ની આજ્ઞાનુસાર પોતે લગ્ન કર્યું હતું.) શું ચરણોદકનો પ્રભાવ!

અહા! ચરણોદક! ચરણોદક! તેનો કેટલો બધો પ્રભાવ, દેશી યા વિદેશી દવાઓમાં જે ચમત્કાર જોવામાં આવતો નથી, વૈદ્યો અને હકીમોની જેમાં બુદ્ધિ કામ કરી શકતી નથી, વનસ્પતિના રસમાં પણ જે પ્રભાવ જણાતો નથી, તે ચમત્કાર,–પ્રભાવ ચરણોદકમાંથીજ મળી આવે છે. ચમત્કાર, શક્તિ, માહુર્યતા, પ્રભાવ ફાવે તે કહો પરંતુ શ્રીના ચરણોદકની તૂલના કોઇપણ વસ્તુ સાથે થઇ શકે નહિ. તદપિ આ દવા, આ ચમત્કાર, આ પ્રભાવ, અને આ ગુણ તો ફક્ત શ્રીના ચરણમાં શ્રદ્ધા રાખનાર ભગવદીયોનેજ સમજાય છે બાકી આજ-

કાલના નવયુવાન પુરૂષો જેણે પુરાણો અને શાસ્ત્રોને ફક્ત નવરા રૂષિઓના ગપાટાજ માન્યા છે પ્રભુનું સ્મરણ જેમને મન એક સાદું નામજ છે તેવાઓને માટે તે શ્રીચરણોદક નથી તેમજ તેની મહત્વતા–ભાવના પણ જાણવી દુર્લભ છે. અમારા જોવામાં એવા ભગવદીયો આવેલા છે કે કોઇપણ રોગ ઉપર દવાઓનો ઉપચાર કર્યા શિવાય ફક્ત શ્રી ચરણોદકથીજ રોગનો નાશ કરે છે. તે ઉપરાંત આ ગ્રન્થમાં અનેક સ્થળે જણાવવામાં આવ્યું છે કે ભૂત, પિશાચ, વિગેરે જીવો ફક્ત શ્રી ચરણોદકથીજ મોક્ષ પામ્યા છે. આ રહસ્ય એટલું બધું ઊંડું છે કે તેનું આવા નાના ગ્રંથમાં વર્ણન થઇ શકે તેમ નથી માટે વૈષ્ણવોએ શ્રદ્ધા રાખી ભાવપૂર્વક આચમન કરવું.

રેંડાના કપડવણજ ગયા પછી શ્રીગોકુળનાથજી ત્યાં પધાર્યા ત્યારે તેમણે પોતાની જ્ઞાતીના લોકોને તથા પોતાના યજમાન વણીકોને શ્રી ગોકુળનાથજીના સેવક કરાવ્યા હતા. તે અદ્યાવધિ આ ગામમાં જે વૈષ્ણવો છે. તે બધા શ્રી ગોકુલેશ પ્રભુનીજ સૃષ્ટિના જીવો છે.

શ્રી ગુસાંઇજીની બેઠકે દર્શનાદિ કરી શ્રી ઝારીજી ચરણ સ્પર્શના સેવા કરી આગળ જતાં શ્રી રાધિકાજીનાં સંકેત લગ્ન થયાં હતાં તે સ્થળ આવે છે. હાલમાં પણ આ સ્થળે લગ્નનો ચોતરો જોવામાં આવે છે. આ સંકેત વનમાં કુંજ નિકુંજ ઘણી જોવા લાયક છે ને તે સુંદર હોઇ એકાંત નિવાસનો ભાસ થતો હોય તેમ જણાય છે બહારથી આ સ્થળ વિકટ અને બિહામણું લાગે છે. પરંતુ શ્રદ્ધા પૂર્વક અંદર જઇ જોતાં વૃક્ષોની ઘાટી ઘટા વચ્ચે આવેલી આ ભૂમિકા, સ્વચ્છ સુંદર અને રળીયામણી લાગે છે. તે ઉપરથી આ સ્થળ સંકેત–ગુપ્ત–છાના વિચારોનું છે. એમ પ્રતિત થાય છે. ને તેથીજ શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામીનીજીનાં સંકેત–ગુપ્ત લગ્ન અહીં થયાં છે.

આ સંકેતવનમાં શ્રી ઠાકોરજીની સુખશૈયા બિરાજે છે.

ત્યાંથી આગળ સંકેત દેવીનું મંદિર છે. અને મંદિર આગળ શ્રીઠાકોરજીના હીંડોળા ઝુલનનું સ્થળ છે. અહીંઆં શ્રી સંકેત બિહારીનું મંદિર છે. શ્રી સંકેત બિહારીનું સ્વરૂપ મહાન્ અલૌકિક અને તેજસ્વી છે. અને જાણે પારસમણીનું આ સ્વરૂપ હોય એમ જણાય છે. અર્થાત્ પ્રભુ પૂર્ણ સ્નેહ અને પૂર્ણ પ્રેમથી શ્રી સ્વામીનીજી સાથે વ્યાહ કરવાને પધાર્યા હોય એવાં દર્શન થાય છે. અહીંઆંથી દર્શન કરી આગળ જતાં કૃષ્ણકુંડ આવે છે. આ કુંડમાં અથાગ જળ રહે છે. આ કુંડના ઘાટ ઉપર નીચે જળ છે અને ઉપર શ્રી આચાર્યજીની બેઠક છે. શ્રી મહાપ્રભુજી જ્યારે આ સ્થળે બિરાજી સમાહ કરતા હતા ત્યારે સંકેત દેવી સેવા કરવાની ઇચ્છાથી શ્રીને ચમર ઢાળતી અને અન્ય પ્રકારની સેવા કરતી હતી. આ સ્થળે સંકેતના વ્યાહનો રાસ થાય છે. શ્રીઠાકોરજીનો વરઘોડો શ્રી મ૦જીની બેઠકેથી ચઢે છે. પરિક્રમાના સઘળા વૈષ્ણવો એમાં બરાતી—જાનૈયા—સાજન તરીકે આવે છે. વરઘોડો રાસના સ્થળે ઉતરે છે પછી શ્રી રાધિકાજી સાથે ઘણી ધામધૂમથી વ્યાહ-લગ્ન થાય છે. અહીંથી પરિક્રમા ઉપડી નંદગામ મુકામ થાય છે.

સંકેતથી નીકળી નંદગામ જતાં રસ્તામાં રીઠોરા ગામ આવે છે.

રીઠોરા.

ચંદ્રભાન ગોપનું આ ગામ છે. તેમને ત્યાં શ્રી ચંદ્રાવલીજીનું પ્રાગટ્ય થયું હતું તેથી શ્રીચંદ્રાવલીજીનું ગામ પણ ગણાય છે. વળી શ્રી ચંદ્રાવલીજીની કુંજ પણ અહીં છે. અહીં કદમવૃક્ષ નીચે શ્રી ચંદ્રાવલીજીની તથા શ્રી ગુસાંઇજીની બેઠકો સાથે સાથે છે શ્રીગુ. નું લીલાંતર સ્વરૂપ શ્રી ચંદ્રાવલીજીનું છે. શ્રી ગુસાંઇજીએ અહીંઆં

દાનલીલાનો ગ્રન્થ રચ્યો છે. શ્રીએ સપ્તાહ પારાયણ કરી ભગવદીયોને અપૂર્વ આનંદ કરાવ્યો હતો. અહીંઆં શ્રીઝારીજી ચરણસ્પર્શની સેવા કરવી. અહીં ગંદ્રાવલી કુંડ છે. આ કુંડમાંથી એક સ્વરૂપ પ્રગટ થયું છે તે અત્રે બિરાજે છે આ સ્વરૂપ ઘનસ્યામ હોઈ ઘણુંજ પ્રાચીન છે વૈષ્ણવોએ અવસ્ય દર્શન કરવાં. આગળ વેલકુંડ છે. અહીંઆં શ્રી ભગવાને આશીર્વચન આપ્યું કે તારી વેલવાડી વધો તે ઉપરથી આ વેલકુંડ કહેવાય છે. અહીંથી આગળ કૃષ્ણકુંડ છે ત્યાં શ્રી યશોદાજીનું મંદિર છે આ કુંડમાં શ્રી ઠાકોરજી વાછરડાંને જળપાન કરાવતા હતા. ત્યાંથી આગળ શ્રી લલીતાજીનું મંદિર છે ત્યાં લલીતા કુંડ છે આ સ્થળે લલીતાજીની નીકુંજ છે ત્યાં રાસનો ચોતરો, હીંડોળા ઝુલન વિગેરે છે. તેની પાસે વિશાખા કુંડ છે આ સ્થળે શ્રી વિશાખાજીની કુંજભવન છે. અહીંઆં શ્રી ઠાકોરજી નિત્ય પધારતા હતા. આગળ વિલાસ કુંડ છે અહીં કદમવૃક્ષની ભિન્ન ભિન્ન નિકુંજો દસ્યમાન થાય છે. ત્યાંથી દોનાકદમ અને ટેડો કદમ આવે છે, આ સ્થળે શ્રી ઠાકોરજીએ ટેડા થઇને બંસી બજાવી હતી અને દહીં આરોગ્યા હતા. ત્યાંથી આગળ નંદગામની ચરણ પહાડી ઉપર ચરણનું ચિન્હ છત્રી નીચે છે ત્યાં રત્ન સીંહાસન છે; શ્રી ઠાકોરજીને છાક આરોગવાનું સ્થળ પત્થરની કુંડીરૂપ છે. ત્યાંથી આગળ પનહારી કુંડ છે શ્રી ઠાકોરજી પનહારીનું સ્વરૂપ ધરી જળ ભરવા આવ્યા હતા. ત્યાંથી આગળ ચાંડોખર સ્થળ છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ ચાર સ્વરૂપ ધર્યા હતાં. ત્યાંથી રોહીણીકુંડ, મોહનકુંડ વિગેરે આવે છે. મોહનકુંડ આગળ શ્રી ઠાકોરજીએ મોહીની રૂપ ધર્યું હતું. અહીં રામદાસની ધાનક્યારી-ખેતર છે અહીંઆં શ્રી ઠાકોરજી ચીડવાનો ભોગ આરોગ્યા છે. ત્યાંથી આગળ નંદરાયજીની ગાયો બાંધવાના ખુંટા પત્થરના જમીનમાં દાટેલા છે. અહીં આગળ ગાયો પ્રત્યક્ષ બાંધી હોય એવો ભાવ

ઉત્પન્ન થાય છે અહીંઆં નંદગામ—પાનસરોવર ઉપર પરિક્રમાનો મુકામ થાય છે.

નંદગામ-પાનસરોવર.

અહીંઆં પરિક્રમા ત્રણ દિવસ રહે છે એક દિવસ ટેર-ટેડ કદમ, એક દિવસ ઉદ્ધવકયારી, એક દિવસ શ્રી નંદરાયજીનું મંદિર ને નંદમહોત્સવ, માટે એમ ત્રણ દિવસ અહીં મુકામ રહે છે.

ટેડકદમ જવા પરિક્રમા પાનસરોવરથી નીકળે છે. કુંડ ઘણોજ મોટો છે બાંધણી પણ ઉત્તમ છે. અહીંઆં સ્નાન કરી ગોરને શાલ, પામરી વિગેરેનું દાન કરવાનું માહાત્મ્ય છે. ઘાટ ઉપર શ્રી મહાપ્રભુજીની બેઠક છે. શ્રી મહાપ્રભુજીએ અત્રે બિરાજી છ માસ પર્યંત પારાયણ કર્યું છે એક પ્રસંગે કોઇ એક મોગલ સરદાર અશ્વારૂઢ થઇ પાન સરોવરમાં અશ્વને જળ પીવરાવવા આવ્યો, તે અશ્વને જળ પાઇ પાછા ફરતાં તે હયની દૃષ્ટિ શ્રી મહાપ્રભુજી ઉપર પડતાં હય વૈકુંઠમાં ગયો. ઉપરોક્ત ચમત્કાર શ્રી મહાપ્રભુજીએ વૈષ્ણવોને દિવ્ય ચક્ષુ આપી બતાવ્યો હતો. અશ્વનું આવી રીતે વૈકુંઠ ગમન થવાથી મોગલ સરદાર શ્રી આચાર્યજીને શરણે આવ્યો પરંતુ શ્રીએ સ્વમુખે આજ્ઞા કરી કે ત્હારો અંગીકાર ત્હારા બીજા જન્મમાં થશે. આવાં વચન સાંભળી સરદાર શ્રી પ્રભુજીનું સ્મરણ કરતો કરતો કેટલેક દિવસે મૃત્યુ પામ્યો તે બીજા જન્મમાં એક મોચીને ત્યાં જન્મ પામ્યો. આ જન્મમાં ઘણી મલીન વિદ્યાઓ જેવી કે—ભૂત, વીર, પિશાચ વિગેરેની સાધનાના મંત્રો શીખ્યો. અને એક વૈષ્ણવ બ્રાહ્મણને રંજાડવા સારૂ પોતાની સાધનાના બળે એક વીરને તે બ્રાહ્મણને ઘેર મોકલ્યો પરંતુ વૈષ્ણવને ઘેર વીરનું કંઈ ચાલ્યું નહિ એટલુંજ નહિ પરંતુ તેના ઘરમાં પણ પ્રવેશ કરી શકયો નહિ. આવું જાણી આ વૈષ્ણવને તેણે વિનંતિ

કરી અને તે દ્વારા શ્રી ગુસાંઇજીનો સેવક થયો અને બ્રાહ્મણની પેઠેજ વર્તવા લાગ્યો, અર્થાત્ બ્રાહ્મણનાંજ આચરણ—સંધ્યા, જપ વગેરે કરવા લાગ્યો. આ બાબત તે દેશના રાજાના જાણવામાં આવવાથી મોચીને બોલાવી પૂછ્યું તો તેણે પ્રત્યુત્તર આપ્યો કે શ્રી ગુસાંઇજીએ મને બ્રાહ્મણ બનાવ્યો છે. રાજા આ સાંભળી આશ્ચર્ય પામ્યો ને વિચાર કરવા લાગ્યો કે બ્રાહ્મણ શુદ્ર થાય તે બનવા જોગ છે પરંતુ શુદ્ર બ્રાહ્મણ થાય એ તદ્દન અસંભવિત છે. મોચીએ રાજાને જણાવ્યું કે જો છાશનું દૂધ થઇ જાય તો આપ આ મારી બાબતને અસંભવિત ન માનશો. સંભવિત માનજો. આ ઉપરથી રાજાએ છાશનાં માટલાં ભરાવ્યાં, મોચી શ્રી ગુસાંઇજીનું ધ્યાન ધરી બોલ્યો કે જો શ્રી ગુસાંઇજીએ મને બ્રહ્મસંબંધી કરાવી પુનર્જન્મ આપ્યો હોય તો આ "છાશનું દૂધ બની જાઓ." શ્રીપ્રભુની ઇચ્છાથી છાશનું દૂધ થએલું રાજાના જોવામાં આવ્યું અને તેથી રાજા પોતે પણ શ્રી ગુસાંઇજીનો સેવક થયો. અહીંઆં શ્રી ઝારીજી ચરણસ્પર્શની સેવા કરવી.

અહીંથી આગળ મોતીકુંડ આવે છે અહીંઆં શ્રીઠાકોરજીએ મોતી વાવ્યાં હતાં તેથી આનું નામ મોતીકુંડ [1] પડયું છે.

આ કુંડનું જળ મોતી સમાન નિર્મળ છે. અહીઆં મોતીનું દાન અપાય છે. કુંડ ઉપર શ્રીભગવાનની બેઠક છે. અહીંથી ફુલવારી કુંડ આવે છે અહીઆં શ્રી ઠાકોરજીની બેઠક છે અહીઆં શ્રીઠાકોરજીએ ફુલ વીણવા માટે સખી સ્વરૂપ લીધું હતું.

ભગવાન આ સ્થળે ફુલથી શણગાર્યા હતા. અહીંથી આગળ ઉસાસ કુંડ આવે છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ પરિશ્રમથી થાક—વિશ્રામ

---

૧ મોતીકુંડની ઉત્પત્તિ માટે "શ્રી ગિરિરાજભૂષણ ગ્રંથ"માં જોવું. આ પુસ્તક અમારે ત્યાં મળે છે.

તથા શ્વાસ લીધો હતો તેથી આ કુંડનું નામ ઉશ્વાસ કુંડ પડયું છે. અહીંથી આગળ ટેડ–ટેર કદમ આવે છે.

અહીંઆં કૃષ્ણકુંડ છે. કુંડ ઉપર શ્રી ઠાકોરજીની બેઠક છે અહીંઆ સાત વૃક્ષો એકઠાં રહે છે નીચે રાસમંડળનો ચોતરો છે. શ્રી ઠાકોરજીએ વેણુનાદ કરી ગાયોને બોલાવી છે તથા વૃક્ષ ઉપર ચઢી ગાયોને લાડવા ખવરાવ્યા છે. અને વ્રજભક્તો છાક લઇ આવે છે તેથી આ સ્થળે ગાયોને લાડુ ખવરાવ્યાનું માહાત્મ્ય છે. અહીંઆં રાસ થાય છે. ત્યાંથી આગળ આશકુંડ છે તથા આશેશ્વર મહાદેવ છે. આ આશેશ્વર મહાદેવ શ્રી ઠાકોરજીનાં દર્શન કરવાની આશાએ અહીં આવ્યા હતા. તેથી આશાકુંડ નામ પડયું છે. શ્રીઠાકોરજીની બાળ લીલામાં જે શ્રી મહાદેવ લીલા આવે છે તે મહાદેવજી શ્રી યશોદાજીને ઘેર શ્રી ઠાકોરજીનાં દર્શન કરવા આવે છે (જુઓ શ્રી મહાદેવ લીલાની વધાઈ) ને શ્રીયશોદાજીએ દર્શન કરાવ્યાં નથી તેથી મહાદેવજી પાછા ગયા ને એક ઠેકાણે બિરાજ્યા. તેજ આ સ્થળ હોવું જોઇએ. અહીંઆં સાક્ષી ગોપાળનું તથા રાધાકૃષ્ણનાં મંદિરો છે અને શ્રી ઠાકોરજીનાં ચરણ ચિન્હ છે ત્યાંથી આગળ જળવિહાર કુંડ છે શ્રી ઠાકોરજીએ અહીંઆં ગાયોને જળપાન કરાવ્યું છે તેથી જળ વિહાર નામ પડયું છે. અહીંઆં શ્રી ઠાકોરજીની બેઠક છે. ત્યાંથી આગળ સૂરજકુંડ, છાશ કુંડ આવે છે. શ્રી યશોદાજીએ છાશનાં માટલાં ધોયાં તેથી છાશકુંડ નામ પડયું છે. ત્યાં આગળ શ્રી યશોદાજીનાં છાશનાં માટ છે. જમીનમાં એક મોટું માટલું દાટેલું છે તેનાં દર્શન થાય છે. ત્યાં આગળ છછીઆરી દેવીનાં દર્શન છે. ત્યાંથી આગળ લલીતાકુંડ તથા મોહનકુંડ છે અહીંઆં શ્રી ઠાકોરજીનું સ્વરૂપ જોઈ વ્રજભક્તો મોહિત થઇ ગયા અને દેહનું અનુસંધાન ભૂલી ગયા. તેથી શ્રી ઠાકોરજીએ વેણુનાદ કરી સર્વેને શુદ્ધિમાં લાવ્યા હતા. વ્રજભક્તોએ શ્રી ઠાકોરજીનું મોહન

નામ રાખ્યું તેથી આ મોહનકુંડ કહેવાય છે. અહીંથી આગળ વસ્ત્ર વન, વસ્ત્રકુંડ તથા નારદ કુંડ આવે છે.

પરિક્રમા એક દિવસ નંદગામ ગામમાં જાય છે. ગામમાં ઉંચે પર્વત ઉપર શ્રી નંદરાયજી, શ્રી યશોદાજીનું મંદિર છે. મંદિર મોટું વિશાળ છે. આ મંદિરમાં શ્રીનંદ, યશોદા, કૃષ્ણ, બળદેવનાં સ્વરૂપો બિરાજે છે અહીંઆં શ્રી ગોસ્વામી બાળકો પરિક્રમા વખતે નંદ મહોત્સવ કરે છે આ વખતે બેશુમાર દહીં ઉડે છે. અને—

" નંદકે આનંદ ભયો જે કન્હૈયા લાલકી,
નંદ મહરઘર ઢોટા જાયો બારસાનેતેં ટીકો આયો. "

એમ ગાતા, ગાતા, શ્રીગોસ્વામી બાળકો સાથે આ અલૌકિક રસમાં ભાગ લેવા ઉત્સુક વૈષ્ણવો ગાય છે, નાચે છે, કૂદે છે. અને દહીં ઉરાડે છે અને આનંદ કરે છે. આ દૃશ્યમાં એવો ઉત્તમ ભાવ રહેલો છે કે અન્ય માર્ગીય પણ પ્રભુની સાક્ષાત્ લીલાનાં દર્શન થાય છે એમ જાણે છે. પરિક્રમા આવેલી છે, તથા નંદ મહોત્સવ થવાનો છે, એમ જાણી તેનાં દર્શન કરવા નંદગામની આજુબાજુના ગામોમાંથી સંખ્યા બંધ લોકો દર્શનને માટે આવે છે આશરે પાંચથી છ હજાર માણસો ભેગા થાય છે. અને સર્વે આ નંદ મહોત્સવમાં ઉત્સાહપૂર્વક નાચતા, કૂદતા દહીં ઉરાડતા મંદિરની પારક્રમા કરે છે. અહીંથી મુકામે પાછા ફરે છે.

પરિક્રમા એક દિવસ ઉદ્ધવકયારીમાં રાસનાં દર્શન માટે જાય છે. રસ્તામાં જોગીઆકુંડ ઝઘડાકુંડ વિગેરે આવે છે અહીંઆં ભગવાન તથા ગ્વાલબાલો સાથે ઝઘડો થયો હતો તેથી ઝઘડાકુંડ કહેવાય છે. ત્યાંથી આગળ સેવકા કુંડ આવે છે આગળ અક્રુરજીની બેઠક છે ત્યાંથી આગળ ઉદ્ધવ કુંડ, ઉદ્ધવ કયારી તથા ઉદ્ધવ કદમખંડી

આવે છે. 'આ સ્થળ અલૌકિક છે. જુદા જુદા કદમના વિશાળચોક છે એક એક ચોક એવા તો મોટા છે કે તેમાં આશરે પાંચહજાર માણુસ બેશી શકે છે વચ્ચે વચ્ચે કુંડો પણ આવેલા છે. હજારો શ્રીગોપીજનોના યૂથને શ્રી ઉદ્ધવજી જ્ઞાન આપવા આવેલા તે બધાં ગોપીજનો પોતાનાં ન્યારાં ન્યારાં યુથો લેઇને બિરાજ્યાં તેથી ચોક જૂદા જૂદા પડેલા છે. એવી ભાવના દૃશ્યમાન થાય છે.

મહાન્‌જ્ઞાની ભક્ત ઉદ્ધવજીને પોતાના જ્ઞાનનું અભિમાન થયું છે એમ શ્રીપ્રભુને જણાયું તેથી પોતે શ્રીગોપીજનોને પોતાના તરફના સમાચાર તથા વિયોગથી આશ્વાસન આપવા ઉદ્ધવજીને મથુરાથી મોકલ્યા હતા તેઓ ગોકુળ આવી નંદ, યશોદા તથા ગોપીજનોને જ્ઞાનની વાતો સમજાવવા લાગ્યા પણ જ્ઞાનથી પણ પર વ્રજાંગનાઓ આ શુષ્ક બ્રહ્મજ્ઞાનને શું કરે! ગોપીઓને પ્રેમ વિરહ હતો અને ઉદ્ધવજી જ્ઞાની હતા પ્રેમ અને જ્ઞાન એ બેને સંબંધ હોયજ નહિ. પ્રેમ આંધળો કહેવાય છે જ્ઞાનને ચક્ષુ છે. પ્રભુના પ્રેમમાં આસકત થએલાં ગોપીજનોને જ્ઞાનની શી દરકાર હોય.? પ્રભુના વિરહથી પીડાતાં ગોપીજનોને પ્રભુના દર્શન શિવાય અન્ય ઇચ્છા શી હોઈ શકે? જ્ઞાન તો પ્રેમનો અંતરાય કરાવે છે. ત્યારે આ પ્રભુ પ્રેમ વિરહાસકત ગોપીજનોને ઉદ્ધવજીનું બ્રહ્મ જ્ઞાન–ક્વારે તેટલું સંપૂર્ણ હોય છતાંય શુષ્ક લાગે તો તેમાં કંઇ અતિશયોક્તી નથી. આથીજ "ભ્રમરગીત" રચાયું અને ઉદ્ધવજીનું પોતાના જ્ઞાનનુ અભિમાન જતું રહ્યું. પુષ્ટિમાર્ગ ફકત પ્રેમ અને નિષ્કામ ભકિતનોજ માર્ગ છે અને શ્રી મહાપ્રભુજીએ એટલા માટેજ વારંવાર ઉપદેશ કરેલો છે કે આ માર્ગ ફક્ત વિશુદ્ધ પ્રેમનોજ છે. પ્રભુના દર્શનની ઝાંખી ન થાય તો મન ઉદ્વેગમાં રહે, અને બીજું કંઇ પણ

વાંચવું, લખવું વિગેરે ઉપર મન રહેજ નહિ. જેવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિનાં દર્શન થતાં નથી અથવા તો થવામાં ઘડીભર વિલંબ થાય છે તો તેની જેવી દશા થાય છે તેવીજ સ્થિતિ આ પુષ્ટિમાર્ગને વિષે સમજવી. સર્વ વિશ્વના નાયક અને ગોપીજનોના પ્રાણ પતિ શ્રીકૃષ્ણચંદ્રના વિરહથી આકુળ વ્યાકુળ થએલ, ગોપીજનોને ઉદ્ધવજીનું જ્ઞાન શુષ્ક થઈ પડ્યું. તેથી પ્રભુએ ઉપદેશ કર્યો કે:—

तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रति चोदनाम् ।
प्रवृत्तं च निवृत्तं च श्रोतव्यं श्रुतमेव च ॥
मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् ।
याहि सर्वात्मभावेन मया स्या ह्यकुतोभयः॥

[શ્રી ભા. સ્કં. ૧૧. અ. ૧૨. શ્લો. ૧૪-૧૫]

ભાવાર્થ:—હે ઉદ્ધવ! તમે શ્રુતિ, સ્મૃતિ, વિધિ, નિષેધ, પ્રવૃત્તિવાળું કર્મ નિવૃત્તિવાળું કર્મ, સાંભળવા યોગ્ય તથા સાંભળેલું, એ સર્વનો ત્યાગ કરીને હું કે જે સર્વ પ્રાણીઓમાં એક આત્મારૂપ છું, તેને આખું વિશ્વ પરમાત્મા રૂપ છે આવા ભાવથી શરણે આવો અને મને પ્રાપ્ત થઇને સંસારના સર્વ ભયમાંથી મુક્ત થાઓ.

ભગવાનને પ્રાપ્ત કરવાનું સાધન ફક્ત ભકિત અને સત્સંગજ છે. આ વિષે પણ ભગવાને જે ઉપદેશ કર્યો છે તેનું સવિસ્તર વર્ણન શ્રીમદ્ ભાગવતમાં આપેલું છે જીજ્ઞાસુઓએ ખાસ કરીને એકાદશ સ્કંધનું મનન કરવું.

શ્રી પ્રભુનાં વચનો સાંભળી ઉદ્ધવજીએ અહરનીશ વ્રજમાં રહેવા તથા અલૌકિક લીલાનાં દર્શન કરવા ગુલ્મલતા રૂપે રહેવાની પ્રભુ પાસે યાચના કરી છે પ્રભુએ તેમની મનોકામના પૂર્ણ કરી અને

ત્યારથી ઉદ્ધવજી આ કદંબખંડીમાં વૃક્ષલતા રૂપે બિરાજ્યા છે. તે ઉપરથી આ સ્થળનું નામ ઉદ્ધવજીની કદંબખંડી એવું નામ પડયું છે અહીંઆં રાસ થાય છે અને રાસમાં પ્રભુપ્રેમમાં આસક્ત ગોપીજનોનો વિરહ એવા ભાવથી ભજવાય છે કે રૂવેરૂવાં ઉભાં થાય છે આ લીલા ઘણીજ ઉત્તમ છે.

અહીંથી આગળ નંદબાવાની બેઠક છે ત્યાંથી આગળ જસોદા કુંડ, મધુસુદન કુંડ, તથા 'હાઉ'નું મંદિર છે.

"દુરી ખેલન જીન જાઉ લલા મેરે આયે હે હાઉ."

એમ શ્રીઠાકોરજીને શ્રીયશોદાજીએ કહ્યું હતું તે 'હાઉ'નું મંદિર છે. ચોદ લોકના નાથ, દૈત્ય નિકંદન, દેવરક્ષક, પ્રભુ ફકત એક માતૃ ચરણના બાલ્યભાવને માન આપી હાઉથી ડરી જઇ શ્રીયશોદાજીની ગોદમાં ભરાઈ ગયા હતા. અને માતાને પૂછવા લાગ્યા કે માતાજી મેં 'હાઉ' કદી જોયો નથી 'હાઉ' કેવો હોય તે મને બતાવો. આવી રીતે કાલાં વચનોથી માતાને પણ આનંદ પમાડતા હતા. શ્રીપ્રભુની બાલલીલાનો ઉત્તમોત્તમ નમૂનો આથી બીજો કયો હોઈ શકે? અહીંઆં શ્રીયશોદાજીનું મંદિર છે. નંદગામની આજુબાજુ ઘણા નાના મોટા કુંડો આવેલા છે કોઇ વૃદ્ધ વ્રજવાસીને ભોમીયા તરીકે સાથે લઈ અવશ્ય જવું.

અહીંથી પરિક્રમાનો મુકામ કરહલા ઉપવનમાં થાય છે.

નંદગામ—પાનસરોવરથી પરિક્રમા કરહલા જતાં રસ્તામાં રાધાકૃષ્ણ કુંડ, નંદજીનું મંદિર વિગેરે આવે છે. ત્યાં દર્શન કરી આગળ જતાં સુરજ કુંડ, પુર્ણમાસીજીનું મંદિર, રોહિણી કુંડ, ઝુનકીકુંડ ઝુનકી સખીની બેઠક છે. અહીંઆં શ્રીઠાકોરજીએ ઝુનકી સખીનો શણગાર ધારણ કર્યો છે. ત્યાંથી આગળ રતાકી કુંડ,—દોમન કંદમખંડી આવે છે. આને દોઉમીલકી કદંમખંડી પણ કહે છે. અહીંઆં વૃક્ષ-

લતા ઘણી છે. અહીંઆં ઉધોમાધોનો મીલાપ થાય છે તેથી દોઉ મીલકી કદમખંડી પણ કહેવાય છે. અહીંઆં મધુહારી કુંડ છે અહીંથી આગળ અંજનવન ગામ અને આંજનોખર કુંડ આવે છે. ત્યાં આગળ અંજન બિહારી ઠાકોરજીનું મંદિર, શ્રી ઠાકોરજીની બેઠક કદમ વૃક્ષ નીચે ચોતરા ઉપર છે. આ સ્થળે શ્રીઠાકોરજીએ શ્રી સ્વામીનીજીની આંખમાં અંજન આંજ્યું છે. અહીં શ્રી ઠાકોરજી ગ્વાલમંડળ સાથે છાક આરોગ્યા છે. અહીં હીંડોળા—ઝુલનનું સ્થળ ને અંજનીશીલા છે. આજે પણ આશીલા ઉપર હાથ—આંગળી ઘસી આંખમાં અંજન કરવાનું માહાત્મ્ય છે અહીથી કરહલા ગામ આવે છે અને કૃષ્ણ કુંડ ઉપર મુકામ થાય છે.

કરહલા.

અહીંઆં કૃષ્ણકુંડ છે આ શ્રી વૃષભાનજીનું ઉપવન છે. અહીંઆં દધિલીલા કરી છે. ત્યાં આગળ કરહલાની કદંમખંડી છે. શ્રી ઠાકોરજી આ સ્થળે વિહાર કરતા હતા.

કૃષ્ણ કુંડ ઉપર શ્રી આચાર્યશ્રી, શ્રી ગુસાંઇજી અને શ્રી ગોકુળનાથજીની બેઠકો છે. શ્રી ગુસાંઇજીએ આ બેઠકે રાસ પંચાધ્યાયીની શ્રી સુબોધિનીજી ઉપર ટીપ્પણીજી નામે ગ્રંથ લખી પ્રગટ કર્યો છે. એક વખતે શ્રી ગુસાંઇજી, રાસોલીમાં શ્રી લલીતાજીનું સ્વરૂપ છે. તેમને એક પુષ્પની માળા પહેરાવવા લઇ ગયા પરંતુ તે માળા શ્રી લલિતાજીએ પહેરી નહિ ને સાયંકાળે જ્યારે શ્રી ગુસાંઇજી દર્શન કરવા પધાર્યા. ત્યારે એ માળા પાછી આપી કહ્યું કે આપશ્રીની માળા શ્રી સ્વામીનીજીને પહેરાવી હતી. તે તેમણે અંગીકાર કરી આપને પાછી આપવા કહ્યું હતું અને સ્વમુખે આજ્ઞા કરી છે કે આ માળા પ્રસાદી છે માટે તેનો સ્વીકાર કરજો. શ્રી ગુસાંઇજીએ પ્રસાદી માળા લઇ એક શ્લોક રચી આનંદ કર્યો છે.

અહીં શ્રી ગોકુળનાથજીની બેઠક છે. શ્રી ગોકુળનાથજીએ આ સ્થળે શ્રીસુબોધિનીજીમાંનો વેણુગીતનો પ્રસંગ વર્ણવી નિજભક્તોને અપૂર્વ આનંદ કરાવ્યો છે. આ આખ્યાનમાં ભગવદીયો પોતાના દેહનું અનુસંધાન ભૂલી ગયા તેથી તેઓશ્રીએ શ્રી ચરણોદકથી સાવધાન કર્યા હતા.

કૃષ્ણકુંડ ઉપર શ્રી દ્વારકાંધિશનું મંદિર છે ત્યાં શ્રી ઠાકોરજીનું હિંડોળા ઝુલનનું સ્થળ તથા શ્રી ઠાકોરજીની બેઠક છે ત્યાં આગળ શ્રી નાથજીનો જળધરો છે અને જળધરા કુંડ છે. ત્યાં હવેલીવાળા રાસધારીને ત્યાં શ્રી નાથજીનો ઘણો પ્રાચીન મોર પીચ્છનો મુગટ બિરાજે છે. તે સિવાય બીજા પાંચ સાત મુગટ ગામમાં શ્રી નાથજીના બિરાજે છે. તેનાં દર્શન કરવા અવશ્ય જવું. અહીં કંકણ કુંડ છે. અહીંઆં વ્રજ ભક્તોએ શ્રી ઠાકોરજીને કંકણ પહેરાવ્યાં હતાં અહીંઆં રાસ ચોતરો છે. અહીંઆં મહા રાસ થાય છે. વ્રજમાં રાસધારીઓ જોવામાં આવે છે તે બધા કરહલા ગામના રહીશો છે તેમના ઉપર શ્રી ઠાકોરજીની પૂર્ણ કૃપા જણાય છે. તેઓ અહરનિશ શ્રીઠાકોરજીની નૂતન લીલાઓનું પાન કરતા આનંદમાં દિવસ નિર્ગમન કરે છે. પરિક્રમા વખતે જ્યારે અહીંઆં મહારાસ થાય છે ત્યારે ગામમાં જેટલા રાસધારીઓનાં મંડળ હોય છે તે બધા પોતપોતાનું મંડળ લઇને પરિક્રમાના પડાવના સ્થળે આવે છે અને રાત્રે મહારાસની લીલા કરે છે. પ્રથમ તો ૨૦-૨૫ મંડળો હતાં હાલમાં તો ફક્ત પાંચ સાત મંડળીઓ છે અને જ્યારે આ મંડળીયો રાસ કરે છે ત્યારે "દૂ દૂ ગોપી બીચ બીચ માધો" એ લીલા તાદશ દૃશ્યમાન થાય એવો ઉત્તમ મહારાસ આ સ્થળે થાય છે.

અહીંથી મુકામ જાવ થાય છે તેમ કેટલીક વખત ખિદ્રવન પણ થાય છે.

જાવ જતાં રસ્તામાં કીશોરી કુંડ આવે છે ત્યાંથી પીસાયાની કદંબખંડી આવે છે. મહાન્ ઘાડુ જંગલ અને વિશાળ વૃક્ષોની ઘટાવાળી એકાંત સ્થળ જેવી આ કદંબખંડી શીતળ અને આનંદ દાયક છે. અહીં આગળ શ્રી ઠાકોરજીને પ્યાસ લાગી હતી તેથી શ્રી સ્વામીનીજી સર્વ સખીઓ સહીત જળ લઇ પધાર્યા ને જળ પી શ્રી ઠાકોરજીએ પ્યાસ છીપાવી હતી શ્રી ઠાકોરજીએ અહીંઆં વેણુનાદ કરી જળ પ્રકટ કર્યું હતું. અહીંઆં કદમ વૃક્ષ નીચે શ્રી સ્વામીનીજીની બેઠક છે. અહીં આગળ પ્યાસ કુંડ છે. અહીંઆં સ્થળે સ્થળે કદમના ચોક છે તેથી રાસ સ્થળ હોય એમ જણાય છે. ત્યાં બળભદ્ર કુંડ છે. અહીં એક મહાત્મા સાધુ રહે છે અહીં શ્રીદાઉજીનું મંદિર છે અને રાસનો ચોતરો છે. અહીંથી આગળ લલિતા કુંડ છે અહીં શ્રી લલિતા સખીનું ગામ લઘોલી છે, અહીં હીંડોળાની ઠોર છે તથા લલીતા બિહારીનું મંદિર છે ત્યાં આગળ સ્યામકુંડ છે અહીંથી આગળ ખાયરા ગામ આવે છે અને ત્યાંથી જાવ આવે છે.

જાવ—કોકીલાવન.

અહીંઆં કુંડ ઉપર પરિક્રમાનો મુકામ થાય છે. અહીં મુકામ રાખી પરિક્રમા કોકિલાવન જાય છે. રસ્તામાં ભમ્રરકુંડ આવે છે, ત્યાંથી પાંચ પાંડવ ને છઠ્ઠા નારાયણનાં વૃક્ષ છે. ત્યાંથી કોકીલાવન આવે છે. આ સ્થળે મોર ઘણા છે. અને તેથી આ વનને કોકીલાવન કહે છે. અહીંઆં હાલમાં પણ મોર ઘણા જોવામાં આવે છે. વનમાં દ્રૂમલતા પણ સારી હોવાથી વનની શોભામાં વધારો થાય છે. આ વનમાં પેસતાં મોરના 'ટૂહુ' 'ટૂહુ' રવકાર, અને યાત્રીઓના પળે પળે શ્રી પ્રભુ સ્મરણના જય ઘોષથી અપૂર્વ આનંદ છવાઈ રહે છે. આગળ જતાં કોકીલાકુંડ ઉપર કમલ—કુમુદીનીનાં પુષ્પો ખીલી રહેલાં દ્દશ્યમાન

થાય છે અને અસંખ્ય ભમરો ગુંજાર કરે છે. ત્યાં આગળ શ્રી સ્વામીનીજીની નિકુંજ આવેલી છે અહીંઆં શ્રીસ્વામીનીજીએ હોળી ખેલી વિહાર કર્યો છે. અહીંઆં કૃષ્ણકુંડ, પાવનકુંડ, કીશોરીકુંડ, નટકુંડ, કુંડલવન, ચીરતલાઈ, લક્ષ્મીકુંડ વિગરે આ વનમાં આવેલાં છે.

કૃષ્ણકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠક છે. આ સ્થળે આપશ્રીએ એક માસ પર્યંત બિરાજી પારાયણ કર્યું હતું આ સ્થળમાં નિંબાર્ક સંપ્રદાયના સેવકો ચતુરાનાગાને તથા અન્ય નાગાઓને માત્ર પાંચશેર દૂધની ખીરમાં સઘળા નાગાઓના સંઘને જમાડી તે ઉપરાંત વનમાં રહેતાં અનેક પશુ પક્ષીઓને પણ ખીરનું ભોજન આપી અદ્ભુત ચમત્કાર બતાવ્યો હતો. શ્રીમહાપ્રભુજીનો આવો પ્રભાવ જોઇ નિંબાર્ક સંપ્રદાયના અનુયાયીઓ શરણે આવ્યા પણ શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી કે અમારા પૌત્ર શ્રી ગોકુળનાથજી તમને શરણે લેશે તેથી આ ચતુરાનાગા શ્રી ગોકુળનાથજીના સેવક થયા ત્યારથી પુષ્ટિમાર્ગ વિષે તેમનામાં એટલી બધી શ્રદ્ધા આવી કે જ્યારે જહાંગીર પાદશાહના દરબારમાં માળાપ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે તેઓ પોતાના શિષ્યો સહિત માળાતિલકનું રક્ષણ કરવા માટે તેમજ માળાતિલક એ શ્રીપ્રભુપ્રત્યેના પ્રેમનું મુખ્ય ચિન્હ છે એ સાબીત કરવાને શ્રીગોકુલનાથજીની સાથે કાશ્મીર ગયા હતા.

[વિશેષ માટે જુઓ "શ્રી ગોકુલેશજીનું જીવન ચરિત્ર."]

અહીં શ્રી ઝારીજી, ચરણ સ્પર્શાદિની સેવા થઇ શકે છે માટે વૈષ્ણવોએ આ લાભ લેવા ચૂકવું નહિ. અહીંઆં હોરીનો તથા પનહારીનો રાસ થાય છે. અહીંઆં નજીકમાં શ્રી કોકીલબિહારીનું મંદિર છે. આ મંદિર ચતુરા નાગાનું છે હાલમાં આ મંદિરમાં કોઇ એક મહંત રહે છે. અહીંથી જાવ મુકામે પરિક્રમા આવે છે.

ખિદ્રવન.

જાવ મુકામ રાખી યાત્રીઓ ખિદ્રવન જાય છે આ વનમાં ખીદ્દડાનાં વૃક્ષો અસંખ્ય છે. આ વનમાં શ્રી કૃષ્ણભગવાને બકાસુર રાક્ષસનો વધ કર્યો છે. ત્યાં આગળ બલભદ્ર કુંડ છે અહીંઆં શ્રી ઠાકોરજીને શ્રમ થવાથી શ્રી સ્વામીનીજી ચરણ ચંપી કરે છે. અહીંથી આગળ રાસમંડળનો ચોતરો છે. અહીંઆં શ્રી ઠાકોરજી નાના પ્રકારની સામગ્રીનો ભોગ આરોગ્યા છે. ત્યાંથી આગળ સૂર્યકુંડ છે અહીંઆં શ્રી સ્વામીનીજી ફુલ વિણવા આવેલાં છે ત્યાં આગળ શ્રી ઠાકોરજીએ મોરનું સ્વરૂપ ધરી શ્રી સ્વામીનીજીની ફૂલમાળા તોડી નાંખી છે પછીથી શ્રી ઠાકોરજીએ નિજસ્વરૂપે દર્શન દીધાં તે વખતે શ્રી સ્વામીનીજી દેહભાન ભૂલી જઇ બેશુદ્ધ થઇ ગયાં હતાં. શ્રીલલિતાજીએ શ્રીકીરતીજીને સમાચાર કહ્યા કે તમારી રાધાને સર્પે ડંશ માર્યો છે. તેથી કીરતીજી અનેક વૈદ્યોને બોલાવી ઉપચાર કરાવવા લાગ્યાં પણ કોઇથી રાધાજીને શુદ્ધિ આવી નહિ. શ્રી ઠાકોરજીએ પછી ગારૂડીનું સ્વરૂપ લઇ રાધાજીને શુદ્ધિમાં લાવી સારૂ કર્યું છે. શ્રી રાધિકાજીની આવી વિરહ વ્યથા માટે રસખાનજી કહે છે કેઃ—

કાહેકો વૈદ બુલાવતહો મોહિ રોગ લગાય જીન નાડી ગહો રે ।
વો મધુઆ મધુરી મુસકાન નિહારે વિના કહો કૈસે જીયોરે ॥
ચંદન લાય કપુર મિલાય ગુલાબ છિપાય દુરાય ધરોરે ।
ઓર ઇલાજ કછૂ ન બને વ્રજરાજ મિલે સો ઇલાજ કરોરે ॥

અહીંથી આગળ પાંડવ કુપ તથા જાવક ગામ છે. આ સ્થળમાં પ્રભુને અત્યંત પ્રિય કદમવૃક્ષો આવેલાં છે. અહીંથી આગળ કુમરવન આવે છે. અહીંઆં વ્રજભક્તોએ શ્રી ઠાકોરજીનું કુમાર નામ

પાડયું છે. અહીંઆં ચાર કુંડો છે. રાસ વિલાસ તથા જળ બિહાર છે. ત્યાંથી આગળ જાવક ઉપવન છે. અહીંઆં શ્રી ઠાકોરજી શ્રી સ્વામીનીજીને માન મનાવે છે. ત્યાંથી આગળ જાવકવટ, રાસમંડળનો ચોતરો, હિંડોળા ઝૂલનની ઠોર તથા જળશૈયા વિહાર છે. ત્યાંથી આગળ રાસલીલા કુંજ છે તથા રાસવિહારની ઠોર છે. આને કોકિલાવન કહે છે. અહીંથી મુકાવ જાવ પાછો ફરે છે.

જાવથી મુકામ કોટવન થાય છે. કોટવન જતાં રસ્તામાં કૌરવ વન તથા કૃષ્ણકુંડ આવે છે. ત્યાંથી આગળ છોટી બઠેન આવે છે. ત્યાં આગળ બલભદ્ર કુંડ, શ્રી દાઉજીનું મંદિર, ગાયોની ખિરક આવે છે. અહીંઆં ગાયો ઘણી બેસે છે. ત્યાંથી આગળ રેવતીકુંડ તથા બડી બઠેન આવે છે ત્યાં આગળ ગોપાલ કુંડ છે ત્યાંથી આગળ પાંડવગંગા આવે છે. એવું કહેવાય છે કે પાંડવોએ અત્રે તીર મારી ગંગાજી ઉત્પન્ન કર્યાં હતાં. અહીંઆં સ્નાન કરવાનું માહાત્મ્ય છે. અહીં પાંડવગુફા આવે છે તેમાં પાંડવોની બેઠક છે. તથા તેમનાં સ્વરૂપ બિરાજે છે. ત્યાંથી આગળ જતાં જયકુંડ, વિજયકુંડ, અને સનત્કુમાર કુંડ આવે છે. ત્યાંથી આગળ ચરણગંગા આવે છે. ત્યાં ચરણ પહાડી ઉપર શ્રી દાઉજીનાં ચરણ, શ્રી ઠાકોરજીનાં ચરણ, ગાયનાં ચરણ, શ્રી સ્વામીનીજીનાં ચરણ, અને હાથીનાં ચરણ ચિન્હ વિગેરેનાં દર્શન થાય છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ ગાયો ચરાવી છે. અહીંઆં એક સાધુનો બગીચો ઘણો જોવા લાયક છે. ત્યાંથી આગળ રાસોલ ગામ આવે છે. ત્યાં રાસ કુંડ, રાસ ચોતરો, લછમન ઝુલો શ્રી ગોકુળનાથજીની બેઠક તથા કદમ વૃક્ષની નીચે શ્રી નાથજીની બેઠક વિગેરેનાં દર્શન થાય છે. શ્રી ગોકુળનાથજીએ આ બેઠકે સપ્તાહ કરી

હતી. તથા કલ્યાણભટ્ટને શ્રી સુબોધિનીજીમાંથી ભ્રમરગીતનો પ્રસંગ શ્રવણ કરાવી અનિર્વચનીય આનંદ ઉપજાવ્યો હતો. ત્યાંથી આગળ જતાં એક શ્યામ તમાલ વૃક્ષ નીચે ઝાડના મૂળમાં શ્રી નાથજીનાં ચરણચિન્હ બિરાજે છે. તથા શ્રી નાથજીનો જળગરો છે. તેને શીતળકુંડ કહે છે. શ્રી યશોદાજીએ શ્રમિત થવાથી શ્રી ઠાકોરજીની આજ્ઞાથી આ કુંડમાં સ્નાન કર્યું હતું તેથી શ્રમ દૂર થયો અને શિતળ થવાથી આ કુંડને શિતળ કુંડ કહે છે.

કોટવન.

કોટવનમાં મુખ્ય વૃક્ષોમાં ખીજડો, કદંબ, નાની બોરડી વિગેરે છે. શીતલ કુંડ ઉપર એક છોંકરના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીની બેઠક છે. આ વૃક્ષ ઘણુંજ પ્રાચીન હોવાનું જણાય છે. બેઠકનું મકાન પણ ઘણુંજ વિશાળ અને ઉત્તમ છે. અને નવેસરથી બંધાવેલું છે. અહીંઆં ઝારીજી ચરણસ્પર્શની સેવા કરવી. આગળ શ્યામ તમાલ વૃક્ષ નીચે શ્રી ઠાકોરજીની બેઠક છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ યશોદાજીને રાસ લીલાનાં દર્શન કરાવ્યાં છે. આ સ્થળે જુદા જુદા ચોક ભાવાત્મક રૂપ છે. અહીંઆં રાસ ચોતરો છે. શ્રી ઠાકોરજીએ અહીંઆં વ્રજભક્તો સાથે રાસલીલા કરી છે. અહીંથી આગળ નંદન વન તથા ચંદનવન આવે છે. અહીંથી યાત્રાનો મુકામ કોશી થાય છે.

કોટવનથી કોશી જતાં સુરજ કુંડ આવે છે. ત્યાંથી આગળ જી. આઇ. પી. રેલ્વેની દિલ્હી જવાની સડક આવે છે તે સડકે સડકે આગળ જતાં ચંબેલી વન આવે છે.

ચંબેલીવન.

આ ચંબેલીવનની શોભા ઘણી મનોહર છે. અહીં આવેલાં નાના પ્રકારનાં અસંખ્ય વૃક્ષો-કદમ, ખીજડો, છોંકર, શ્યામતમાલ,

ઢાંક, પોતાની ઘટાથી જાણે શ્રી ઠાકોરજીને તથા વ્રજભકતોને, પોતાની શીતળ છાયાનું સુખ આપતા હોય. અને તે દ્વારા પોતાના જીવાત્માને તૃપ્તિ કરતા હોય તેવો ભાસ થાય છે. વૃક્ષો ઉપર લતાઓ કુદરતી રીતે એવી તો ગુંથાઇ રહેલી જોવામાં આવે છે કે જાણે શ્રી ઠાકોરજીને ઝુલવાને માટે બે વૃક્ષોની વચ્ચે લતારૂપી હિંડોળાની દોરી રૂપે થઇ રહી હોય એવો ભાસ થાય છે. અથવા જાણે શ્રી ઠાકોરજીએ અહીંઆં આ સુગંધયુક્ત નવ પલ્લવ વૃક્ષો અને પુષ્પલતાઓવાળા ચંએલીવનમાંજ વિહાર સ્થળ કરી વ્રજભક્તોને અપૂર્વ આનંદ કરાવ્યો હોય તેવો ભાસ થાય છે. આ વનમાં આવી વેલીઓ ઘણે સ્થળે દશ્યમાન થાય છે. વળી કદમના વૃક્ષના પણ એવા ચોક પડેલા જણાય છે કે રાસમંડળના ચોતરા રૂપ પ્રભુની સેવામાં સદાસર્વદા તત્પર હોયની શું! એવો ભાવ ઉત્પન્ન થાય છે. આવાં વૃક્ષોની નીચે શ્રી ઠાકોરજીની બેઠક હોય એમ દર્શન થાય છે. કેટલેક સ્થળે વિવિધ પ્રકારની સુગંધી ફેલાઈ રહેલી માલૂમ પડે છે. તો કેટલેક સ્થળે નાના પ્રકારના કુંડો દશ્યમાન થાય છે. આવા કુંડો આ વનમાં ઘણા છે. શ્યામકુંડ, રામકુંડ, ચંએલીકુંડ, ગોપાળકુંડ, લક્ષ્મીકુંડ, રાસકુંડ, સૂર્યકુંડ વિગેરે અહીંઆં છે. નાના પ્રકારની કુંજો નિકુંજો અને રાસચોતરાનાં દર્શન થાય છે. આવી કુંજોમાં જવાના રસ્તા પણ અનેક છે. તેથી એવો ભાસ થાય છે કે જાણે દરેક વ્રજભક્તોનાં યૂથ પોતપોતાની સહચરી સહીત પોતપોતાની ન્યારી કુંજો કરી શ્રી પ્રભુને પધારવાની રાહ જોતા બેઠાં હોય. તે ઉપરાંત આ વનમાં આવેલા રસ્તા, કુંજો, તથા વૃક્ષો અને વેલાઓ એટલા બધા ગુંચવણ ભરેલા અને ઘટાયુક્ત છે કે એકલો માણસ ૩-૪ દિવસ સુધી બહાર નીકળવાનો રસ્તો ખોળી શકે નહિ. માટે કોઇ વૃદ્ધ વ્રજવાસી અથવા ભોમીયાને સાથે લઇ આ વનની પરિક્રમા

કરવી વળી આ વનમાં કેટલાંક સ્થળો એવાં છે કે જાણે એક નિકુંજનો દરવાજો હોય તેમ લતાપતાનું સ્થળ જણાય. અને પછી નીચા નમી અરે! છેક પેટે ચાલી જઇએ એટલા બધા નીચા નમી જઇએ તો ભવ્ય નિકુંજ બિહામણી પરંતુ નિકુંજ તરીકે ઘણીજ રળીયામણી લાગે છે. અને તેમાં પ્રવેશ કર્યા પછી જાણે હમણાં થોડીજ વારમાં પ્રભુ અહીં પધારશે અને આપણે નાના પ્રકારની લીલા તેમની સાથે કરીશું એવી આશાથી જાણે વ્રજભક્તોએ સ્થળ અંદરથી વાળી ઝાડી સ્વચ્છ કર્યું હોય તેમ લાગે છે. અર્થાત્ એવો ભાવ આવાં સ્થળોમાં ઉત્પન્ન થાય છે. તે ઉપરાંત શ્રી ઠાકોરજીના હિંડોળા ઝૂલન સ્થળોનો ભાવ ઉત્પન્ન કરનારાં બીજાં રમણીય સ્થળો કુંજો નિકુંજો વિગેરે આ વનમાં પ્રતિ સ્થળે દ્રસ્યમાન થાય છે. આ અલૌકિક સ્થળની અલૌકિક વાતો તેમાં આવેલાં નવપલ્લવ વૃક્ષોથીજ જણાઇ આવે છે. કોઇ પણ વૃક્ષ શુષ્ક તો જણાતુંજ નથી. આથી વૈષ્ણવ બંધુઓને અમે વિનંતિ કરીએ છીએ કે પરિક્રમા શિવાય પણ બીજા અનુકૂળ વખતે બીજાં મોટાં તીર્થોની યાત્રા કરવા જતી વખતે આ અલૌકિક અને શ્રી ઠાકોરજીના વિહાર સ્થળ ચંબેલીવનની યાત્રા કરવા ખાસ જવું. ભાર દઇને કહીએ છીએ અને પુનઃ પુનઃ વિનંતિ કરીએ છીએ કે આ સ્થળમાં તો જ્યારે જ્યારે અનુકુળ વખત મળે ત્યારે ત્યારે ખાસ જવું અને શ્રી પ્રભુની લીલાનાં દર્શન કરવાં.

કોટવનથી કોશી આવતાં રસ્તામાં પાકી સડક મુકી જી. આઇ. પી. રેલ્વેની દિલ્હીવાળી સડક આવે છે. તે સડકે રેલ્વેના પાટે પાટે ચાલતાં એક ગરનાળુ આવે છે ત્યાં ઉતરી પડવું ત્યાંથી આશરે ૧૦૦ કદમ દૂર ગયા કે તરતજ આ વન આવે છે. દર્શનના અભિલાષીઓએ અહીંથી કોઈ વ્રજવાસી ભોમીઆને સાથે લઇ જવો.

વનમાંથી બહાર નીકળી શ્રી યમુનાજીની નહેર આવે છે ત્યાંથી આગળ જતાં અતાનો ગામ, ક્ષીરસાગર—શેષશાઇ-ભગવાનનાં દર્શન થાય છે. આ સ્વરૂપ ઘણું મોટું અને તેજોમય છે. અને પોતે શેષ-નાગ ઉપર પોઢેલા છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ શેષનાગ ઉપર પોઢી શ્રી હસ્તમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, ધારણ કરી અને નાભિ કમળમાં શ્રી બ્રહ્માજીને રાખી વ્રજભક્તોને દર્શન કરાવ્યાં. ગ્વાલબાલોને શ્રી ઠાકોરજીએ આજ સ્વરૂપે શ્રી સ્વામીનીજી ચરણચંપી કરતાં, તથા વ્રજભક્તો શ્રીને સનવારાનો ભોગ ધરાવતા તથા ખીરની સામગ્રી આરોગાવતા, હોય એ ભાવનામાં દર્શન દીધાં હતાં. અહીંઆં શ્રી ઠાકોરજીએ વ્રજભકતો સાથે રાસાદિક લીલા કરી છે અહીંઆં ચરણ સ્પર્શ કરવાં. આગળ જતાં શ્રી બળદેવજીએ ગાયો ચરાવી હતી તે સ્થળ આવે છે. અહીંથી આગળ કોશી આવવા માટે રસ્તામાં શ્રી યમુના-જીની મોટી નહેર આવે છે તે નહેરના કિનારે કિનારે કોશી જવાય છે. આ નહેર ઉપર જતાં એટલી બધી ઘાડી ઝાડી અને લતાપતા આવે છે કે જાણે બરસાનાનું ગેહરવન કે ચંબેલીવન સદૃશ જણાય છે. વિવિધ પ્રકારના પુષ્પોની સુગંધી ફેલાઇ રહેલી માલૂમ પડે છે અને શ્રી યમુના મૈયાના શીતળ જળને લીધે ઠંડી એટલી બધી લાગે છે કે જાણે હિમાલય પર્વતજ અહીંઆં પથરાએલો છે એમ જણાય છે. અહીંથી કોશી મુકામે અવાય છે.

કોશી.

આ સ્થળ પ્રભુની દ્વારકા લીલાનું સ્થાન છે. અહીંઆં ગોમતી તળાવ છે. ગોમતી કુંડ ઉપર શ્રી ગિરિરાજજી બિરાજે છે. ત્યાં દર્શન કરી ગામમાં શ્રી દાઉજીનું મંદિર છે ત્યાં દર્શન કરવાં બીજું સત્ય-

નારાયણ બિહારીનું મંદિર છે ત્યાં દર્શન કરવાં. અહીંથી યાત્રાનો મુકામ શેરગઢ થાય છે.

કોશીથી શેરગઢ આશરે દશ માઇલ દુર છે. કોશીથી આગળ જતાં રસ્તામાં ગોપાળ કુંડ અને ગોપીકુંડ આવે છે ત્યાંથી આગળ પેગામ-(પયગામ) આવે છે. (પય-દૂધ) અહીંઆં કદંબખંડી છે તેને પેગામની કદંબખંડી કહે છે. અહીંઆં શ્રી રાધાજીનું મંદિર છે. ગામમાં શ્રી ચત્રુભુજજી તથા શ્રી દાઉજીનું મંદિર છે. અહીંઆં પેકુંડ છે. આ સ્થળે શ્રી ઠાકોરજીને ક્ષુધા લાગવાથી પય-દૂધ પીધું છે તેથી અહીંઆ દૂધનું દાન કરવાનું માહાત્મ્ય છે. અહીંઆં—

" પી ગયો મોહન પય, પય, પય,
મોં મટકાય બાંકી ચાલ ચલાય
પી ગયો મોહન પય, પય, પય.

એ લીલાનો રાસ થાય છે. ત્યાંથી આગળ મોતીકુંડ, સવરવન અને ગોપાળકુંડ આવે છે અને ત્યાંથી શેરગઢ આવે છે અહીંઆં મુકામ થાય છે.

કોશીથી બે ગાઉ ઉપર બોખરાઇ ગામ છે. ત્યાં કૃષ્ણકુંડ તથા તથા શ્યામકુંડ છે ત્યાંથી આગળ બઠાગામ આવે છે. રસ્તામાં આ-જોગામ આગળ જમનાજીનો કાંઠો તથા બિહારીજીનું મંદિર આવે છે. ત્યાર પછી નાની જમુના, લાલનવન, અને ખેલનવન આવે છે શ્રી ઠાકોરજી અત્રે ખેલ્યા હતા તેથી અહીંઆં લોકો ચોપાટ શેત્રંજ દડા વિગેરે વેચવા આવે છે. અહીંથી પણ આગળ શેરગઢ અવાય છે.

શેરગઢ.

અહીંઆં યાત્રાનો મુકામ થાય છે. આ ગામ બડે ગોપનું

છે. અહીંઆં વ્રજભક્તોએ શ્રી ઠાકોરજીને સેહરાનો શ્રૃંગાર ધર્યો છે. તથા નાના પ્રકારની સામગ્રીનો ભોગ ધર્યો છે અને આરતિ કરી છે. અહીંઆં રેવતીકુંડ, બળભદ્રકુંડ, અને રાધાકુંડ છે. ગામમાં શ્રીદાઉજી શ્રી ધર્મરાયજી, શ્રીગોપીનાથજી, શ્રી રાધારમણજીનું, શ્રીરાધાકૃષ્ણ, શ્રીમદ-નમોહનજી, સાક્ષી ગોપાળજીનાં મંદિરો છે ત્યાં દર્શન કરવાં. અહીંઆં ઘોડાનાં જીન ઘણાં સારાં મળે છે તે ઉપરાંત કેટલીક બનાતની સુત-રાઉ કપડાની બનાવેલી ચીજો સારી મળે છે. અહીંથી પરિક્રમાનો મુકામ ચીરઘાટ થાય છે.

શેરગઢથી નીકળી આગળ જતાં રામઘાટ આવે છે. અહીંઆં શ્રી બળદેવજીનું ગૌર સ્વરૂપ બિરાજે છે. અહીઆં બળદેવજીએ આ સ્વરૂપે વ્રજભક્તો સાથે રાસલીલા કરી છે. અહીંઆં શ્રીયમુનાજીએ બળદેવજીને કહ્યું કે શ્રીકૃષ્ણ રાસના પતિ છે. તમે રાસના પતિ નથી. તેથી શ્રી ઠાકોરજીનો રાસ શોભે છે. તમારો શોભતો નથી તેથી બળ-દેવજીને ખોટું લાગવાથી પોતાનું હળ લઈ શ્રી યમુનાજીને પોતાના તરફ ખેંચ્યાં ત્યાંથી શ્રી યમુનાજીનો પ્રવાહ હાલ પણ વાંકોજ દેખાય છે પછી શ્રી બળદેવજી રાસમંડળમાંથી ચાલ્યા ગયા છે. અને શ્રી યમુ-નાજીથી દક્ષિણ દિશામાં પધારી ગયા હતા. ત્યાં આગળ પીંપળાનું વૃક્ષ છે ત્યાં શ્રી બળદેવજીનું મંદિર છે. ત્યાં સદાસર્વદા શ્રી બળદેવજી બિરાજે છે. એવું કહેવાય છે કે શ્રી યમુનાજી પ્રથમ આ સ્થળે બિરા-જતાં હતાં. પણ હાલતો તે સ્થળથી લગભગ ૩-૪ માઇલ દૂર બિરાજે છે.

અહીંથી આગળ જતાં વિહારવન આવે છે. અહીંઆં બિહારી કુંડ અને શ્રી બિહારીજીનું મંદિર છે. અહીં એક રાસ ચોતરો છે. અને શ્રી ઠાકોરજીની બેઠક છે. અહીંથી દર્શન કરી આગળ જતાં કાચરોટ ગામ આવે છે. આ ગામની પાસે એક અક્ષયવટ છે. વડ

સુકાઇ ગએલો છે. અહીંઆં શ્રી ઠાકોરજીને સર્વે ગોપીઓએ શૃંગાર ધારણ કર્યો છે. આ વડની અંદર એક ડાળ છે તેમાં શ્રી ઠાકોરજીનાં ચરણ ચિન્હ છે. તેમાં દર્શન કરી ચરણ સ્પર્શ કરવાં. અહીં આગળ શ્રી રાધાકૃષ્ણજીનું મંદિર છે. આ મંદિરમાં બડે શાલિગ્રામ બિરાજે છે. તેમાં એક શાલિગ્રામ શ્વેત છે એવું કહેવાય છે કે તેમાં ભૂતળ ઉપર ભગવાનના જેટલા અવતાર થયા છે. તેટલાં ચિન્હ છે તે સિવાય બીજા એક શાલિગ્રામ છે કે જે શ્રી ઠાકોરજીએ મુખમાં મુકયા હતા તે અહીં બિરાજે છે. તેમાં પણ ઘણાં ચિન્હ છે. ત્યાં આગળ ગોપી ગામ છે. અહીંઆં ગોપી તળાવ છે અહીંથી આગળ જતાં લલિતાકુંડ આવે છે અને ત્યાંથી આગળ ચિરઘાટ આવે છે. અહીંઆં યાત્રાનો મુકામ થાય છે.

ચિરઘાટ.

પ્રથમ શ્રી યમુનાજી આ સ્થળે બિરાજતાં હતાં હાલમાં આ સ્થળથી એક માઇલ દૂર બિરાજે છે. અહીંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક ચીરઘાટ–પીપળના વૃક્ષ નીચે છે. અહીંઆં ઝારીજી ચરણ સ્પર્શ કરવાં. આગળ જતાં ચિરબિહારી શ્રી ઠાકોરજીનું મંદિર આવે છે. અહીં કાત્યાયની દેવીનું મંદિર છે. અહીં ગોપીકાઓ હેમંત ઋતુમાં હમેશાં ઘાટ ઉપર વસ્ત્રો મુકી શ્રી યમુનાજીમાં સ્નાન કરી શ્રી કૃષ્ણને વરવાની ઇચ્છાથી દેવીની પૂજા–ધૂપ, દીપ, નૈવેદ્યથી કરતી હતી. એક વખત જ્યારે ગોપીકાઓ વસ્ત્ર મુકી સ્નાન કરતી હતી ત્યારે શ્રી ઠાકોરજી વસ્ત્ર હરણ કરી એક કદમના વૃક્ષ ઉપર સંતાઇ રહ્યા. પછી જ્યારે ગોપીકાઓએ વિનંતિ કરી ત્યારે વસ્ત્રો પાછાં આપ્યાં હતાં. અને ગોપીકાઓનો તાપ સમાવ્યો હતો. અહીંઆં ચીરહરણની લીલાનો રાસ થાય છે. અહીંઆં આ કદમના વૃક્ષનાં

દર્શન ચરણ સ્પર્શ કરવાં. અહીંથી પરિક્રમાનો મુકામ વૃન્દાવનમાં કાલીદહ આગળ થાય છે.

ચીરઘાટથી આગળ જતાં નંદઘાટ આવે છે. ત્યાં નંદબાવાનાં દર્શન કરવાં. મુર્તિ મોટી અને સુંદર હોઇ દૂરથી દર્શન થઈ શકે છે. એક વખત દ્વાદશીની પાછલી રાત્રે શ્રી નંદરાયજી શ્રી યમુનાજીમાં સ્નાન કરવા પધાર્યા હતા તે વખતે વરૂણનો દૂત શ્રી નંદરાયજીને વરૂણલોકમાં લઈ ગયો. તેથી શ્રી કૃષ્ણજળમાં થઈ વરૂણલોકમાં પધાર્યા ત્યાં વરૂણદેવે શ્રી ઠાકોરજીનું પૂજન અર્ચન વિગેરે કર્યું પછી શ્રી ઠાકોરજીએ વરૂણદેવને વરદાન આપ્યું કે તમો જળના રાજા તરીકે પૂજાશો. પછી શ્રી ઠાકોરજી નંદરાયજીને લઈ યમુના તીરે પધાર્યા. અહીઆં એક પીંપળાનું વૃક્ષ છે. અને શ્રી નંદબાવાને વરૂણદૂત લઇ ગયો હતો તેથી ત્યાં આગળ જે ગામ છે તેને ભયગામ કહે છે. કારણ કે સર્વે વ્રજવાસીઓને ભય ઉત્પન્ન થયો હતો. અહીંઆં શ્રી ઠાકોરજીએ નૂતન પ્રકારની લીલા કરી છે. ત્યાં આગળ નંદરાયજીનો બગીચો છે, અહીઆં શ્રી ઠાકોરજીએ શ્રી નંદરાયજીના શાલિગ્રામ મુખમાં મુકવાની લીલા કરી છે આ શ્રી શાલિગ્રામ આગળ જણાવ્યા મુજબ અક્ષયવટમાં બિરાજે છે. અહીંથી આગળ વચ્છવન આવે છે. અહીંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક છે. અહીઆં અલીખાં ગોરવા શ્રી આચાર્યજીને નંદગામમાંથી પધરાવી લાવ્યા હતા ને ખીરનો ભોગ શ્રીપ્રભુને આરોગાવ્યો હતો.

અહીઆં શ્રી વચ્છવિહારી ઠાકોરજીનું મંદિર, ગ્વાલમંડલીનો ઠોર, ગ્વાલ ચોતરો, તથા ગ્વાલકુંડ આવેલાં છે આ સ્થળેજ બ્રહ્માજી વાછડાં હરી ગયા હતા. તે લીલા અહીઆં કરી છે.

નંદઘાટથી શ્રીયમુનાજી ઉતરી સામે ભદ્રવન આવે છે ત્યાં શ્રી હનુમાનજી તથા એક મોટો વિશાળ પ્રાચીન વડ છે. તેનાં દર્શન થાય છે ત્યાંથી આગળ ભાંડીર વન આવે છે. ત્યાં આગળ ભાંડીરકુપ, શ્રી

દાઉજી, શ્રી બિહારીજી વિગેરેનાં દર્શન થાય છે. ભાંડીરકુપ આગળ શ્રી ઠાકોરજીનો મુગટ છે. ત્યાં મનોકામના વાળી સ્ત્રીઓ ગોબર-છાણનો સાથીઓ કરે છે. જેથી પુત્રની પ્રાપ્તી થાય છે. આ વનમાં શ્રીઠાકોરજીએ નૂતન પ્રકારની લીલા કરી છે. અહીઆં શ્રી બળદેવજીએ પ્રલંબ દૈત્યનો નાશ કર્યો હતો અહીઆં એક કુંડ છે. આ કુંડ ઉપર નાના પ્રકારની દ્રુમવેલ આવી રહેલી છે. તથા સુગંધીવાળાં કુમુદ કુમુદિનીનાં ફુલો વનની શોભામાં વધારો કરે છે. અહીંથી આગળ જતાં શ્યામવન આવે છે. ત્યાં આગળ શ્યામકુંડ છે. ત્યાં આગળ સીદામા સખાનું મંદિર છે. ત્યાંથી દર્શન કરી આગળ જતાં માટગામ આવે છે. માટ ગામમાં પોષ્ટ ઓફીસ છે. અહીંથી આગળ વેલવન આવેછે તેનું વર્ણન આગળ આવશે) અહીંથી શ્રીયમુનાજી ઉતરી સામે આરે શ્રી વૃન્દાવનમાં શ્રી કાલીદહના સ્થાન આગળ યાત્રાનો મુકામ છે.

વૃન્દાવન.

મન બસેતો વૃન્દાવન બસરે ટેક.
તીરથ વ્રત કાહેકુ ભટકે વૃન્દાવનનો જપ કરરે. મન બસેતો.
વૃન્દાવનકી કુંજ ગલનમે સંતનકો દર્શન કરરે. ,,
સુરદાસ પ્રભુ તીહારે મીલનકું હરિચરણે ચિત્ત ધરલેરે. ,,

બંસી બાજીરે કાન્હા તેરી મદન ગોપાળ,
મદન ગોપાળ નાગર નંદજીના લાલ. બંસી બાજીરે.
બંસી બાજી વૃન્દાવનમેં દોડી વ્રજકી બાલ;
લાજ કાજ છુટી વ્રજ જનની જઇ પહોંચી તત્કાલ. બંસી૦
દે દે ગોપી બીચ બીચ માધો નાચે દે દે તાલ,
રાસ મંડળ કે બીચમેં મોહન ગાવે રસીક રસાલ. બંસી૦

* * *

એક પલક જો રહીએ, વૃન્દાવન એક પલકજો રહીએ.
જન્મ જન્મકો પાપ કટત હેં, શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ મુખ કહીએ.
મહાપ્રસાદ અરૂ જલ જમુનાકો તનક તનક પુર લઇએ;
સુરદાસ વૈકુંઠ મધુપુરી ભાગ્ય વિના કહાંતેં પૈયે.

ધન્ય વ્રજભૂમિ! ધન્ય વૃન્દાવન! ધન્ય બંસીબટ! ઉપર આ. પેલાં મહાનુભાવી સુરદાસજીનાં પદો, આ વનની અપૂર્વ લીલાનું અને આખા વ્રજમંડળમાં તેની સર્વોત્કૃષ્ટતાનું સુંદર વર્ણન કરે છે. ભાવુકો પણ આજ વનની પ્રશંસા કરે છે અને જાણે બધું માહાત્મ્ય અને લીલાઓનું સ્થાન આજ વનમાં આવી રહેલું હોય એવો ભાસ થાય છે. અહીનાં વૃક્ષો, પત્રો, પુષ્પો જાણે પ્રભુની સેવામાંજ તત્પર હોય. અને અહરનિશ પ્રભુના ચરણમાં પોતાનું ચિત્ત લાગેલું છે એવો ભાસ આવે છે. તે ઉપરાંત, કુંડો, જળાશયો, પુષ્પલતાઓ મનને આનંદ આપે છે અને વનની શોભામાં વધારો કરે છે.

આ સ્થળે ઠેક ઠેકાણે મધ્વ સંપ્રદાયાનુયાયી વૈષ્ણવો બંગાળી ગોડીઆ ઘણાજ જોવામાં આવે છે. જ્યારે મહાનુભાવી કૃષ્ણદાસ અધિકારીજીએ ઉક્ત બંગાળીઓને શ્રી નાથજીની સેવામાંથી દૂર કર્યા ત્યારે શ્રી ગુસાંઇજીએ તેમના ઉપર કૃપાવંત થઇ શ્રી ગોપીનાથજી મહારાજના સેવ્ય શ્રી ઠાકોરજી શ્રી મદનમોહનજીને પધરાવી આપ્યા. તેથી તેઓ તે સ્વરૂપની અદ્યાવધિ સેવા કરે છે. આ બંગાળીઓમાંના ઘણાક ધનાઢ્ય છે. પરંતુ સંસાર ત્યાગ કરી આ સ્થળે નિવાસ કરી રહેલા છે. આમાંના ઘણા ભાવિકો દિવસે આખો દિવસ એકાંત સ્થળમાં શ્રીકૃષ્ણનું ચિન્તવન કર્યા કરે છે. અને માત્ર રાત્રેજ ભીક્ષા માગી લાવે છે અને તે પણ ફક્ત ઉદર નિર્વાહ પુરતી મળી કે

પાછા ફરે છે. યાત્રાળુઓ જો કંઇ રોકડ રકમ આપે તો તેનો પણ સ્વિકાર કરતા નથી. વળી કેટલાક એવા પણ છે કે હાથમાં માળા રાખી પાઈ પાઇ માટે યાત્રાળુઓની પાછળ ફર્યા કરે છે. વ્રજનો ભાવ, વ્રજવાસીઓનો ભાવ, શ્રીરાધા રમણની વિહાર લીલાનું અવલોકન આ બંગાળીઓ પૂર્ણ પ્રેમથી કરે છે અને તેથી અન્ય વૈષ્ણવોએ તેમનું અનુકરણ કરવા જેવું છે. મહાન્ અકબર પાદશાહ શ્રી ગુસાંઇજીનાં દર્શન કરવા આ વનમાં આવેલા હતા. તેમને અહીંથી નિધીવનમાં લઇ જઈ શ્રી ગુસાંઇજીએ એવો ચમત્કાર બતાવ્યો કે જેથી પાદશાહે આ ભૂમિને નમન કર્યું હતું અને બીજા હિંદુ રાજાઓને આ સ્થળે મંદિરો બંધાવવા રજા આપી હતી. આ સ્થળ એટલું બધું અલૌકિક છે કે આપણને અહીંથી જવું પણ ગમે તેમ નથી. આજ વનમાં શ્રીકૃષ્ણ ભગવાને કાળીનાગ નાથ્યાની લીલા કરી છે. આ વનમાં આવેલાં અનેક મંદિરો, શ્રીવલ્લભી સંપ્રદાય ઉપરાંત બીજાં રામાનુજ, રાધાવલ્લભી, મધ્વ ને નિંબાર્ક સંપ્રદાય વિગેરે પંથોનાં મહાન્ ભવ્ય અને વિશાળ મંદિરો તથા અનુયાયીઓ, વિદ્યાભ્યાસનાં સાધનો, વ્રજવાસીઓનો ભાવ, શ્રીકૃષ્ણલીલા સ્થાન અને કુદરતની શોભા અપૂર્વ આનંદ આપે છે.

વૃન્દાવનની પરિક્રમા.

અહીંઆં પરિક્રમામાં જતાં પ્રથમ કાલીયમર્દનનું સ્થળ આવે છે જેને કાલીદહ કહે છે. અહીંઆં ઘાટ ઉપર કાલીમર્દનની ડોર છે તથા કાલીમર્દન શ્રી ઠાકોરજીનું મંદિર છે. અહીંઆં પૂર્વે સહસ્ર ફેણાવાળો કાળીનાગ રહેતો હતો. આ નાગના ઝેરથી શ્રીયમુનાજીનું જળ ઝેરમય થઇ ગયું હતું. વળી આ નાગના ઝેરની જવાળા ઘણે ઉંચે સુધી પહોંચતી હતી તેથી કોઇ પક્ષીથી નીચે ઉતરી શકાતું નહિ

તેથી વ્રજમંડળને અતિશય ત્રાસ થવા લાગ્યો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને પોતાના ગ્વાલ બાલો સાથે ગેંદ-દડાની રમતમાં દડો શ્રીહસ્તે શ્રી યમુનાજીમાં ફેંકી દીધો એ દડો લેવાના મિષથી પરંતુ વસ્તુતઃ કાળી-નાગને વશ કરવા સારૂ શ્રીભગવાને પોતે શ્રીયમુનાજીના જળમાં ડુબકી મારી કાળીનાગના સ્થાનકે પધાર્યા. શ્રીકૃષ્ણ શ્રીયમુનાજીમાં ગયા છે એવું સાંભળવાથી માતા યશોદા તથા અન્ય સખામંડળ અત્યંત વિ-લાપ કરવા લાગ્યા. પરંતુ શ્રી બળદેવજીએ સર્વેનું શાંત્વન કર્યું શ્રીકૃષ્ણ પાતાળમાં પેશી કાળીનાગને નાથી ઉપર પાછા આવ્યા અને સર્વેને આનંદ કરાવ્યો. આ લીલાનાં અહીંઆં દર્શન થાય છે. શ્રીયમુનાજી પ્રથમ આ સ્થળે બિરાજતાં હતાં પણ હાલમાંતો મોટો બેટ પડી ગયો છે. અને લગભગ ૦॥ માઇલ દૂર બિરાજે છે. ત્યાંથી આગળ જુગલ કિશોરનું મંદિર તથા બાંકેવિહારીનું મંદિર છે. બાંકેબિહા-રીનું મંદિર ઘણુંજ સુંદર અને વિશાળ તથા પત્થરનું બાંધેલું છે. શ્રી બાંકેબિહારીજીનું સ્વરૂપ અત્રે આવેલી સેવાકુંજમાંથી પ્રાપ્ત થયું હતું આ સ્વરૂપ પારસમણી સમાન ઘણુંજ તેજોમય અને અલૌકિક હોઇ દર્શનથી અપૂર્વ આનંદ મળે છે. દર્શન સમયે ક્ષણે ક્ષણે ટેરા-પડદો આવતો જાય છે. તેનો ભાવ એવો હશેકે, શ્રીનાં દર્શન શિવાય શ્રી સ્વામીનીજીથી એક ક્ષણ પણ રહી શકાતું નહિ હોય. અહીં દર્શન કરી આગળ જતાં શ્રી રાધાવલ્લભજીનું મંદિર આવે છે. તેની પાસે સેવાકુંજ છે. આ સ્થળે બંગાળીઓ રહે છે. અહીંઆં માંકડાં ઘણાં હોય છે. અને યાત્રીઓ તેમને ચણા વિગેરે ખવડાવે છે. ત્યાં આગળ લલિતાકુંડ છે. તથા શ્યામ તમાલ વૃક્ષ છે તેમાં શ્રી શાલિગ્રામજીનાં દર્શન થાય છે. ત્યાં આગળ રંગમહેલ છે. અહીંઆં શ્રીઠાકોરજી શ્રી સ્વામીનીજી સાથે નિત્ય વિહાર કરે છે. ત્યાં આગળ નાના પ્રકારની દ્રુમવેલીની છાયા છવાઇ રહી છે. અહીંઆં પુષ્પની શૈયા કરાવવાના

મનોરથનું માહાત્મ્ય છે. ત્યાં એક ઘાડી કુંજમાં શ્રીઠાકોરજીની બેઠક છે ત્યાં માણસને જવું હોય તો સુઇ જઇ પેટેચાલી જવાય છે. આ સ્થળે રાત્રે કોઇ પણ માણસથી રહી શકાતું નથી.

રાત્રે વાસો કરનાર કાંતો મરી જાય છે અથવા તો ગાંડો થઇ જાય છે. એવું કહેવાય છે કે આ સ્થળે રાત્રે રાસ થાય છે. તેથી અનધિકારી જીવથી રહી શકાતું નથી.[1] અહીંથી આગળ શ્રૃંગાર વટ આવે છે. ત્યાં આગળ વાંસના વૃક્ષો આવેલાં છે. શ્રી ઠાકોરજીએ મુરલીવડે સામવેદ ગાયો છે. ત્યાં આગળ શ્રી સ્વામીનીજીની બેઠક તથા શ્રીચરણચિન્હ છે. અહીંઆં યુગલ સ્વરૂપ નિત્ય વિહાર કરે છે. અહીંથી આગળ શ્રીયમુનાજીને તીરે હિંડોળા ઝૂલનનો વટ આવે છે ત્યાંથી આગળ વેનઘાટ આવે છે. અહીંથી આગળ કેશીઘાટ આવે છે. અહીં એક કદમના વૃક્ષ નીચે શ્રીકૃષ્ણ ભગવાને કેશીનામના દાનવનો વધ કર્યો હતો. અહીં એક મંદિર છે. અહીં ઘોડાનું દાન કરવાનું માહાત્મ્ય છે. અહીં શ્રીઠાકોરજીની બેઠક છે. અહીંઆં વ્રજભક્તોએ શ્રીઠાકોરજીને નૂતન પ્રકારની સામગ્રીનો ભોગ આરોગાવ્યો છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ ઇન્દ્રનું માનભંગ કર્યું છે. અને વર્ષાઋતુમાં વિહાર કર્યો છે. ત્યાંથી આગળ બંસીબટ આવે છે. વૃન્દાવનમાં આ સ્થળ ઘણુંજ ઉત્તમ ગણાય છે અને આ સ્થળે આવતાંજ માયાનું આવરણ દૂર થઇ જાય છે. સ્થળની અલૌકિકતા એટલી બધી અપૂર્વ છે અને પ્રભુ પ્રત્યે એટલા બધા ઉંડા ભાવ ઉત્પન્ન થાય છે કે જાણે આ સ્થળે નિવાસ કરવાનું ભાગ્ય પ્રાપ્ત થાય તો જન્મ સફળ થયો ગણાય.

---

1 આ સ્વરૂપનાં દર્શનના અભિલાષીઓએ અમારૂં " સ્વરૂપ દર્શન " પુસ્તક જોવું.

અહીંઆં શ્રીરાધા કૃષ્ણનું મંદિર છે. ત્યાં આગળ બંસીવટનો ચોક છે ત્યાં હમેશાં સવારે ૧૦ વાગે રાસ થાય છે. અહીંઆં શ્રીગોસ્વામી બાળકો યાત્રા વખતે રાસ કરાવે છે. આવટ વિષે વૈષ્ણવો વારંવાર ગાય છે કે–

શ્રી વૃન્દાવનસો વન નહિ, નંદ ગામસો ગામ,
બંસી બટસો બટ નહિ, શ્રીકૃષ્ણ નામસો નામ.

અહીંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજી, શ્રી ગુસાંઇજી, શ્રી ગોકુળ-નાથજી તથા મહાનુભાવી દામોદરદાસ ભગવદીયની બેઠકો આવેલી છે. અહીંઆં યાત્રીઓએ બનતા સુધી ત્રણ કે પાંચ રાત્રી સુધી નિવાસ કરી બેઠકોની સેવાનો લાભ લેવો. શ્રી મહાપ્રભુજીએ અત્રે શ્રીસુબો-ધિનીજીની ટીકા શ્રવણ કરાવી હતી. અને તે ઉપરાંત પ્રભુદાસ જલો-ટાની સ્નાન કર્યા સિવાય આ સ્થળમાં પ્રસાદ લેવાની શંકાનું નિવા-રણ આપશ્રીએ કર્યું—

वृक्षे वृक्षे वेणुधारी, पत्रे पत्रे चतुर्भुजः
यत्र वृन्दावनं तत्र स्नानास्नान कथाकुतः ॥ १ ॥
रजसोऽपि जलं पुण्यं, जलादपि रजो वरं ।
यत्र वृन्दावनं तत्र लक्ष्यालक्ष्य कथा कुतः ॥ २ ॥

એ શ્લોક વર્ણવી શંકાનું સમાધાન કરી આ ભૂમિનું અપૂર્વ માહાત્મ્ય દર્શાવ્યું હતું. તે સિવાય કૃષ્ણ ચૈતન્યના સેવક ગોપાલદાસ ઓડિયાને પણ શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી શ્રીઠાકોરજીનાં દર્શન કરાવ્યાં હતાં. ભગવદીય પ્રભુદાસ જલોટાને માથે શ્રી મદનમોહનજી ઠાકોરજીનું સ્વરૂપ સેવ્ય કરી પધરાવી આપ્યું હતું. આ સ્વરૂપ વૃન્દાવનના એક વૃક્ષમાંથી પ્રકટ થયું હતું. અથવા બીજી આખ્યાયિકા પ્રમાણે કુરુક્ષે-ત્રમાં સરસ્વતિ નદીમાંથી શ્રીમહાપ્રભુજીને પ્રાપ્ત થયા હતા. અને જે

પૃથ્વિરાજ ચૌહાણુના ઠાકોરજી હતા. હાલમાં આ સ્વરૂપ શ્રીગોકુળમાં બિરાજે છે. અને તે મંદીર શ્રી કાકાજી મહારાજનું કહેવાય છે.

શ્રીગુસાંઇજીએ નિજબેઠકે એક મહંતને એતન્માર્ગીય સિદ્ધાન્તનું રહસ્ય સમજાવ્યું હતું.

શ્રીગોકુળનાથજીએ આ સ્થળે પધારી સમાહ કરી હતી તથા શ્રી વલ્લભાષ્ટકની ટીકા કરી અપૂર્વ આનંદ કરાવ્યો હતો.

ભગવદીય દામોદરદાસની બેઠક પણ આ બધી બેઠકો સાથે આવેલી છે. વૈષ્ણવોએ ભાવ અને દિનતા પૂર્વક શ્રીઝારીજી ચરણ સ્પર્શાદિની સેવા કરવી અને યથાશક્તિ ભેટ મુકવી.

કૃષ્ણગઢ નરેશ મહારાજા શ્રી સાવન્તસિંહજી ઉપનામ "શ્રીનાગરી દાસજી" જેમની શ્રી મહાપ્રભુજીમાં, તેઓશ્રીના વચનામૃતોમાં, અને શ્રીપુષ્ટિમાર્ગમાં અત્યંત પ્રીતિ હતી. તેમણે પોતાની રાજ્યગાદી, અખૂટ સંપત્તિ, અને સર્વ સુખ તથા વૈભવ ત્યજી સંવત ૧૮૧૪ ના બીજા આસો સુદી ૧૧ ને દિવસે આ સ્થળમાં નિવાસ કર્યો હતો. તેઓશ્રીના હૃદયનો ભાવ લોકિકમાંથી અલૌકિકમાં કેમ બદલાઇ ગયો તે વિષે પોતે કહે છે કેઃ—

છપ્પો.

"जहां कलह तहां सुख नहि, कलह सुखनको सूल ।
सबह कलह इक राजमैं, राज कलहको मूल ॥
मेरे या मन मूढतैं, डरत रहत हौं हाय ।
वृन्दावनकी ओरतैं, मति कबहूं फिरि जाय ॥
सेतन सुख हरिभक्तिकौ, सकल सुखनिको सार ।
कहा भयो नृपहू भए, ढोवत जग बेगार ॥

और भौन देखौं न अब, देखूं वृन्दा भौन ।
हरिसों सुधरी चाहिये, सबही बिगरै क्यौंन ॥
व्रजमैं व्है व्है कटत दिन, किते दिये लै खोय ।
अबकैं अबकैं कहत ही, वह अब कैं कब होय ॥
राज बडे बडे देत हरि, दिनमैं लाख करोर ।
पैंकाहूको नाहिं वै, खींचत अपनी ओर ॥

આ પ્રમાણે શ્રીનાગરીદાસજીનું મન બદલાઈ જવાથી સર્વ રિદ્ધિ સિદ્ધિ સગાં વહાલાં વિગેરેનો ત્યાગ કરી આ સ્થળમાં અને શ્રી ગોકુળમાં શ્રી ઠકરાણી ઘાટ ઉપર નિવાસ કરી શ્રી પ્રભુ ચરણમાંજ ચિત્ત રાખી રહેતા હતા. સંવત ૧૮૨૧ ના ભાદરવા શુદી ૩ ને દિવસે વૃન્દાવનમાં નિજલીલામાં પધાર્યા ત્યાં સુધી „અહીંઆંજ રહ્યા હતા.[૧] ક્યાં છે આવા ભગવદીયો ?

અહીંથી આગળ જતાં બ્રહ્મચારીનું મંદિર અને શ્રી નડીયાદ વાળા શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજનું મંદિર આવે છે. અહીંઆં દર્શન કરી આગળ જતાં લાલાબાબુનું મંદિર આવે છે અહીંથી આગળ જતાં તુલસીકુંજ આવે છે. અહીંઆં મહાન્ ભાવુક વૈષ્ણવ રાધીલાલ ડેપ્યુટી. (કેળવણી ખાતાના ઉપરિ અધિકારી) એક મરજાદી વૈષ્ણવ છે તેમને ત્યાં શ્રી ઠાકોરજી બિરાજે છે. ઊક્ત ભગવદીય શ્રી ઠાકોરજીની ઉત્તમ પ્રકારે અને પૂર્ણ પ્રેમથી, શુદ્ધ શ્રી પુષ્ટિમાર્ગ રીત્યાનુસાર સેવા કરે છે. વૈષ્ણવોએ ત્યાં અવસ્ય જવું. કારણ કે તેથી માલુમ પડે છે કે ગૃહસ્થાશ્રમાં રહી કેવળ ભગવદ્ ભક્તિમાંજ પ્રવૃત્ત થવું હોય તો આવા ભગવદીયોનું અનુકરણ કરવાથી મનોકામના

---

૧ જુઓ "નાગર સમુચ્ચય."

સિદ્ધ થાય છે. ઊક્ત ભગવદીય તેમની પૂર્વાવસ્થામાં કેળવણી ખાતાના વડા હતા. હાલમાં ઉપાર્જીત દ્રવ્ય સેવામાર્ગેજ વાપરે છે. ત્યાંથી આગળ શ્રી રંગજીનું મંદિર છે. આ મંદિર લખમીચંદ શેઠે બંધાવેલું છે. મંદિર ઘણુંજ વિશાળ. અને સુવર્ણના સ્તંભો વાળુ છે. ખર્ચનો અડસટ્ટો પણ નીકળી ન શકે તેવું ભવ્ય છે. બીજું મંદિર લાલા બાબુનું છે. આ મંદિર તદ્દન આરસના પત્થરથી બાંધેલુ છે. આ મંદિરમાં જમીન ઉપર બાબુએ પોતાની છબી ચીતરાવી છે. જેના ઉપર યાત્રીઓની ચરણ રજ પડે છે એ અભિલાષાથીજ આ છબી ચીતરાવી છે. બીજી છબીઓ તેમના નાનાભાઇની તથા પુત્રની પણ જમીન ઉપર ચીતરાવેલી દશ્યમાન થાય છે. આ છબીઓમાં એવો ભાવ દર્શાવવામાં આવ્યો છેકે, નાનાભાઇને મોટાભાઇ પુછેછે કે આ મંદિર કોણે બંધાવ્યું છે. ત્યારે બિહારીલાલ છબીમાંથી આંગળી કરી પોતાના પુત્ર તરફ દૃષ્ટિ બતાવે છે. જ્યારે પુત્રની છબીમાં જોતાં જણાય છે કે, જાણે પુત્ર બે હસ્ત જોડી જણાવે છે કે મેં બાંધ્યું નથી શ્રી ભગવાને બાંધ્યું છે. વળી બાબુના મુનીમની છબીમાં મુનીમને આંધળો ચીતરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ એવો છેકે—મંદિર બંધાવવાના કામમાં જે અગણિત દ્રવ્ય ખરચાયું તેમાંથી ઘણી રકમ પોતે ઉચાપત કરી ગયો હતો. તેમ આટલુ બધું દ્રવ્ય ખરચી મંદિર બંધાવવાની સલાહ પણ આપતો નહોતો. આવા ભાવમય ચિત્રો જોવાથી મન ઉપર જેટલી અસર થાય તેટલી ઓછીજ સમજવી. બીજું મંદિર ભરતપુરના રાજાનું છે. ત્યાં પણ શ્રી ઠાકોરજી બિરાજે છે. ત્યાંથી આગળ બ્રહ્મકુંડ આવે છે. ત્યાં આગળ ગ્વાલ મંડળીની ઠોર છે. ત્યાં આગળ શ્રી ઠાકોરજીએ છાક આરોગ્યો છે. અને શ્રીહસ્તે સર્વ વ્રજ મંડળને મહાપ્રસાદ આપ્યો છે. અહીંઆં બ્રહ્માજીએ વચ્છહરણના અપરાધની ક્ષમા માગી છે, શ્રીકૃષ્ણે બ્રહ્માજીને સુપનામાં અનેક બ્રહ્માજી

દેખાડયા હતા. આ માહાત્મ્ય જોઈ બ્રહ્માજીએ શ્રી કૃષ્ણભગવાનની બહુ સ્તુતિ કરી છે. અહીંઆં બીજુ મંદિર ગોવિંદદાસજીનું છે તેની પાસે શ્રી ગોપીનાથજીનું મંદિર છે. ત્યાં આગળ શ્રી રાધા રમણનું મંદિર છે. અહીંથી આગળ જતાં શ્રી દ્વારકાંનાથનો બગીચો તથા શ્રી ગોવર્દ્ધન નાથજીનો બગીચો છે. તે સ્થળ મુકી આગળ જતાં બથરોડ ગામમાં શ્રી બથરોડ બિહારીજીનું મંદિર છે. ત્યાં આગળ અક્રુર ઘાટ છે ત્યાં આગળ દાવાનળ કુંડ છે. દાવાનળ—અગ્નિ આખુ ગામ બાળતો બાળતો આવે છે, ત્યારે વ્રજવાસીઓ શ્રીકૃષ્ણને વિનંતિ કરે છે તેથી શ્રી પ્રભુ દાવાનળનું પાન કરી જાય છે. ત્યાં આગળ શ્રીદાવાનળ બિહારીનું મંદિર છે અહીંથી આગળ નિધિવન આવે છે. અહીંઆં શ્રીઠાકોરજીનું નિત્ય વિહારનું સ્થળ છે. અહીંઆં શ્રી [1]વિહારીજી શ્રીઠાકોરજી બિરાજે છે. ત્યાં આગળ રાસમંડળની ઠોર છે. ત્યાં શૃંગાર મંદિર છે ત્યાં આગળ રાધાબાગ છે ત્યાં શ્રીસ્વામીનીજીનું નિકુંજ મંદિર છે. ત્યાંથી આગળ ગોવિંદકુંડ છે. તેની પાસે વેણુકુંડ છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ વેણુનાદ કરી જળ પ્રકટાવ્યું હતું. આ વનમાં શ્રી રાધાવલ્લભીય સંપ્રદાયના મહાત્મા શ્રી હરિદાસ સ્વામીની બેઠક વિશાખાકુંડ ઉપર છે. ઉક્ત હરિદાસજીએ,

"હરિદાસકે સ્વામી સ્યામા કુંજબિહારી" એ છાપથી ઘણું કિર્તન ગાયાં છે.

માનસરોવર.

શ્રી યમુનાજી ઉતરી આગળ જતાં માનસરોવર આવે છે. માનસરોવર કુંડનું જળ બરફ સમાન શીતળ છે ત્યાં આસપાસ વૃક્ષોની ઘટા સારી છે. અહીં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક છે. અહીંઆં શ્રી

---

૧ નિધિવનમાં બિરાજતા શ્રી ઠાકોરજીનાં દર્શન માટે "સ્વરૂપ દર્શન" નું પુસ્તક જુઓ.

મહાપ્રભુજીએ નંદયશોદાને સોનાના પારણામાં ઝૂલાવ્યા છે. મહાનુભાવી દામોદરદાસજીને આલીલાનાં તથા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમનાં દર્શન કરાવ્યાં હતાં. અહીંઆં શ્રી ઠાકોરજીએ પ્રગટ થઈ શ્રી આચાર્યજીને સ્વમુખે જણાવ્યું છે કે જ્યાં જ્યાં આપ મારી લીલા પ્રગટ કરશો. ત્યાં ત્યાં અમો સાક્ષાત્ પધારીશું. શ્રી મહાપ્રભુજીની બેઠકની સાથે શ્રી ગુસાંઇજીની બેઠક છે. અહીંઆં શ્રીઝારીજી ચરણસ્પર્શની સેવા કરવી. માનસરોવર ઉપર શ્રી સ્વામીનીજીને માન મનાવ્યું છે. ત્યાં શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામીનીજીની બેઠકો છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ જળ શૈયાવિહાર કર્યો છે. અહીંઆં કમળ તથા કુમુદિનીનાં પુષ્પો ખીલી રહેલાં જોવામાં આવે છે. આ સ્થળનિરાવરણ સ્થાન છે અને તો બેથી ચાર દિવસ નિવાસ કરવો. અહીંથી વેલવન શ્રી ગુસાંઇજીની બેઠકે જવાય છે. કેટલાક યાત્રીઓ બીજે રસ્તે થઇ માનસરોવર ઉપર આવે છે. અને પછી અહીંથી લોહવન જાય છે. ત્યાં પરિક્રમાનો મુકામ થાય છે. શ્રી ગુસાંઇજીની બીજી બેઠકો. વેલવન તથા વચ્છવનમાં આવેલી છે. વેલવનની બેઠકે શ્રીએ પુરૂષોત્તમ હુલ્લાસ નામનો ગ્રન્થ પ્રકટ કર્યો છે. આવનમાં બીજી શ્રી સ્વામીનીજીની બેઠક છે. અહીંઆં વ્રજ ભક્તોએ શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામીનીજીને ફુલનો શૃંગાર ધરાવ્યો હતો. શ્રી સ્વામીનીજીની બેઠક ઘણાજ રમણીય સ્થાનમાં છે. સ્થળ નિર્જન વસ્તી વગરનું હોઇ નાના પ્રકારની કુંજો લતાઓ અને વૃક્ષોથી ભરપુર છે. અને તેથી ચિત્તને ઘણોજ આનંદ મળે છે. અહીંઆં વૈષ્ણવોએ શ્રીઝારીજી વિગેરેની સેવા કરવી. પરિક્રમા વખતે એક ભગવદીય વૈ. કહાનદાસભાઇ કરીને વ્રજમાં રહે છે. તેમના દ્વારા પરિક્રમાના વૈષ્ણવોને આ સ્થળે પ્રસાદ લેવા માટે ખીચડી અને દહીંની ગોઠવણ કરવામાં આવે છે.

વેલવનથી એક બાજુ માટ ગામ આવે છે અહીંઆં શ્રી ઠા-

ઠાકોરજીને દહીં છાંટેલું છે. શ્રી ઠાકોરજી ઉપવનમાં સંતાઇ જાય છે ત્યાંથી શ્રી યશોદાજી શોધી લાવે છે શ્રી ઠાકોરજીની આખી દેહ ઉપર દહીં ભરાઇ રહેલું છે. તેથી શ્રી યશોદાજી સ્નાન કરાવે છે. ત્યાં આગળ શ્રી ઠાકોરજીને નૂતન આભૂષણનો શૃંગાર ધરાવે છે. અહીંઆં શ્રી દાઉજીનું મંદિર છે. આ સ્વરૂપ ગૌર વર્ણનું છે તેમનાં દર્શન કરવાં.

અહીંના તસ્કરો ચોરી કરવામાં ઘણાજ ચાલાક જણાય છે. કોઇથી પકડાય તેવા નથી. આ વિષે એવી કહેવત ચાલે છે કે, "ધન્ય ધન્ય માટ ગામ કે ચોર."

વચ્છવનમાં શ્રી ગુસાંઇજીની બેઠક છે ત્યાં વૈષ્ણવોએ વૃન્દાવન મુકામ રાખી દર્શનાર્થે જવું.

અહીંથી પરિક્રમાનો લોહવન મુકામ થાય છે.

લોહવન.

અહીંઆં લોહકુંડ છે ત્યાં આગળ લોહાસુર દૈત્યની ગુફા છે. ત્યાં આગળ શ્રી બિહારીજીનાં દર્શન છે. અહીંઆં લોઢાના દાનનું માહાત્મ્ય છે. માટે લોઢાનું દાન કરવું. શ્રી કૃષ્ણ ભગવાને આ વનમાં લોહાસુર દૈત્યનો નાશ કર્યો હતો. તે લીલાનો અત્રે રાસ થાય છે. અહીંઆં કૃષ્ણ કુંડ છે. અહીં બ્રહ્માજીના પુત્ર સનકાદિની તપશ્ચર્યાની ઠોર છે. ત્યાં આગળ કૃષ્ણ કુપ છે. અહીંઆં શ્રી યશોદાજીએ શ્રી ઠાકોરજીને સ્નાન કરાવ્યું છે. અહીંથી મુકામ ઉપડી શ્રી દાઉજી થાય છે.

લોહવનથી નીકળતાં રસ્તામાં બંદી દેવી તથા અનંદી દેવીનાં દર્શન થાય છે. બંદી અને અનંદી બે બહેનો હતી. અને શ્રી નંદરાયજીના ઘરની ગાયો ચરાવતી હતી. તથા ગોબર-છાણ વીણતી હતી. આ બે બહેનોની શ્રી ઠાકોરજી ઉપર એટલી બધી પ્રીતિ હતી કે તેમના દર્શન વિના એક દિવસ રહી શકાતું નહિ. અહીંઆં બંદી અનંદી કુંડ છે.

શ્રી ઠાકોરજીએ અહીં ગાય વાછરડાંને જળપાન કરાવ્યું છે. અહીંથી આગળ ગોપાલપુર ગામ છે અહીં વ્રજ ભક્તોએ શ્રી ઠાકોરજીનું ગોપાળ નામ ધારણ કર્યું હતું તેથી ગોપાલપુર કહેવાય છે. શ્રી રાધાજીનું પ્રાકટ્ય અહીં થયું હતું. ત્યાં નનસારમાં શ્રી કીરતિજી રહેતાં હતાં ત્યાં જન્મ થયો હતો. અહીંયી શ્રી કીરતિજી બેટી–રાધિકાને લઇ બરસાને ગયાં હતાં અને શ્રી નંદરાયજી શ્રી ઠાકોરજીને લઇ નંદગામ પધાર્યા હતા. અહીંથી આગળ રતિકાનગર આવે છે ત્યાં પ્રીત બિહારીનું મંદિર છે. ત્યાં આનંદ કુંડ છે. અહીંથી આગળ બુઢીયાનો ખેરો આવે છે. અહીંથી આગળ શ્રી રાધિકાજીના પિતાજીનું ગામ આવે છે. ત્યાં શ્રી લાડીલીજીનું મંદિર છે. અહીંથી શ્રી યમુનાજી ઉતરી મથુરાં જઈ શકાય છે. અહીંથી પરિક્રમાનો મુકામ શ્રી દાઉજી થાયછે.

શ્રી દાઉજી.

લોહવનથી શ્રી દાઊજી આશરે ૫–૬ ગાઉ દૂર છે. રસ્તે વૃક્ષોની ઘટા સારી હોવાથી સૂર્યનો તાપ બહુ સહન કરવો પડતો નથી ગામમાં પેસતાં શ્રી દાન બિહારીનું મંદિર આવે છે. ત્યાં દર્શન કરી ગામમાં જવું.

આ સ્થળે શ્રી દાઉજીના ગોર, ક્ષીરસાગરના ગોર તથા મંદિરના પંડયાઓ યાત્રાળુઓને વારંવાર હેરાન કરે છે તેથી સાવધ રહેવું.

અહીંઆં ક્ષીરસાગર છે. શ્રી દાઉજી આ ક્ષીરસાગરમાંથી પ્રગટ થયા હતા. મંદિરમાં શ્રી દાઉજીનો હાંડો થાય છે દરેક વૈષ્ણવોએ હાંડો–ખીરપુરી અથવા માખણ મીસરી જે કાંઇ બને તે કર્યા સિવાય રહેવું નહિ ત્યાં ઇચ્છાનુસાર શ્રી ઠાકોરજીને ભોગ સમર્પી, શ્રી દાઉજી, શ્રી રેવતીજીના દર્શન ચરણ સ્પર્શ કરી ભોગ સરાવી બહાર આવી વૈષ્ણવોને પ્રસાદ આપવો. અહીંઆં પરિક્રમા વખતે ચોખાનો હાંડો થાય છે. (ચોખા જમાડે છે.) શ્રી દાઉજીની મુર્તિ પ્રાચીન અને ભવ્ય

છે. અને એટલી બધી સુંદર છે કે વારંવાર દર્શન કરવા છતાં મન તૃપ્ત થતું નથી. કામનાવાળા પુરૂષો શ્રદ્ધાપૂર્વક શ્રી દાઉજીનું મનન કરે તો તેમની મનોકામના શ્રી દાઉદયાળ પૂર્ણ કરે છે. અહીંથી પરિક્રમાનો મુકામ શ્રી ગોકુળ થાય છે.

શ્રી દાઉજીથી નીકળી આગળ જતાં હયોરા ગામ આવે છે. અહીંઆં શ્રી ઠાકોરજીએ શ્રી નંદરાયજીની ગોદમાં બેસી બાળ લીલા કરી છે. ત્યાંથી આગળ ચીંતાહરણ ઘાટ આવે છે. શ્રી ઠાકોરજીએ વ્રજભક્તોની ચિંતાઓનો સમૂળગો નાશ કર્યો હતો. ત્યાં આગળ ચીંતાહરણ બિહારીનું મંદિર છે. તથા ચીંતેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાંથી આગળ બ્રહ્માંડ ઘાટ આવે છે. અહીં શ્રી ઠાકોરજીએ મૃતિકા ખાઇ માતા યશોદાને સ્વમુખમાં અખિલ બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં હતાં અહીંઆં બ્રહ્માંડ બિહારી અને સાક્ષીગોપાળના મંદિરો છે. અહીંની રજનું ચરણામૃત અવસ્ય લેવું.

અહીંથી સામે ઓવારે કરણાવલ ગામ છે. આ સ્થળે શ્રી મથુરેશજીનું પ્રાકટય થયું હતું અહીંઆં શ્રી મથુરેશજીની બેઠક છે. (જુઓ મહાનુભાવી પદ્મનાભદાસજીની વાર્તા) સંવત્ ૧૯૬૫ માં શ્રી કોટાસ્થ શ્રી ગોવાસ્મી શ્રીરણછોડલાલજી મહારાજે શ્રી મથુરાધીશજીને આ સ્થળે પધરાવ્યા હતા. વૈષ્ણવોએ સમયોચિત દર્શનનો લાભ અવસ્ય લેવો.

અહીંથી આગળ કર્ણવેધ કુપ આવે છે. અહીંઆં શ્રી ઠાકોરજીના કાન વીંધાવ્યા હતા. અહીંથી મહાવન આવે છે. આ શ્રી નંદરાયજીનું ગામ છે. અહીં શ્રી ઠાકોરજીની નાના પ્રકારની લીલાનાં સ્થાન છે. આને કેટલાક જુનું ગોકુળ કહે છે પણ તેમ નથી ખરૂં જુનું ગોકુળ તો હાલના ગોકુળની બીજી બાજુ છે.

અહીં ઉખલ બંધનનું સ્થળ છે. ત્યાં ઉલુખલુ—ખાંયણીયો છે આ વિષે એવી કથા છે કે એક દિવસ માતા યશોદાજી દુધ ગરમ

કરવા મૂકી દધીમંથન કરવાનો વિચાર કરતાં હતાં ત્યારે શ્રી ઠાકોરજીએ સ્તનપાન કરવાની ઇચ્છા દર્શાવી. તે ઉપરથી શ્રી યશોદાજીએ સ્તનપાન કરાવ્યું પરંતુ દૂધ ઉભરાઈ જતુ હોવાથી શ્રી પ્રભુને મૂકી દૂધ લેવા પધાર્યા એટલે શ્રીપ્રભુએ ત્યાંથી ખસી જઈ દહીંનાં માટલાં ફોડી અન્ય ગોપસખાઓને દહીં વહેંચવા માંડયું. આ જોઈ માતાજી શ્રીકૃષ્ણને પકડવા દોડયાં પરંતુ પ્રભુ પોતે પકડાયા નહિ. અંતે પ્રભુ પકડાયા ત્યારે માતા યશોદાજીએ દામણે બાંધવા માંડયા. અહીંઆં પણ પ્રભુએ લીલા બતાવી. અને ઘણાં દામણાં મંગાવ્યાં પણ બંધાયા નહિ. છેવટે માતાજી શ્રમિત થયાં જાણી પ્રભુ આપોઆપ બંધાયા માતાજીએ આ ખાંયણીયા સાથે બાંધ્યા. અહીં યમલા અર્જુનનો ઉદ્ધાર કર્યો હતો. કુબેર ભંડારીના દીકરા નલ અને કુબેર હતા, તેઓ ગંગાતીરે મદીરા પીને ઉન્મત્ત થઇ અપ્સરાઓ સાથે નગ્ન સ્વરૂપે નૃત્ય તથા ક્રીડા કરતા હતા. એવામાં શ્રી નારદજી ત્યાં આવ્યા તેમણે આ બન્નેની આવી સ્થિતિ જોઈ શ્રાપ આપ્યો કે તમે બન્ને યમલા અર્જુન નામનાં વૃક્ષો થશો. અને શ્રીકૃષ્ણ તમારો ઉદ્ધાર કરશે. પ્રભુને ખાંયણીઆ સાથે બાંધી માતા યશોદા ઘર કામ કરવા લાગ્યાં. તે પ્રસંગનો લાભ લઇ પ્રભુ ધીરે ધીરે ખસતા ખસતા થોડે દૂર ઉપરોક્ત યમલા અર્જુનના વૃક્ષો પાસે આવ્યા અને બે વૃક્ષોની વચ્ચે ખાંયણીઓ ભરાવી વૃક્ષોને ખેંચ્યાં જેથી તે પડી ગયાં તેમાંથી બે દેવતાઓ નીકળ્યા. તેજ નલકુબેર હતા. અને ઉલુખલુથી મોક્ષ પામી સ્વધામે ગયા. અહીંઆં શ્રીકૃષ્ણને પારણે ઝુલાવવાનું સ્થાન છે. ત્યાંથી આગળ સકટાસુર અને તૃણાવર્તનાં વધસ્થાન આવે છે. અહીંથી આગળ નંદભૂવન આવે છે. ત્યાંથી આગળ રાધા દામોદરનું મંદિર છે. ત્યાં આગળ નંદકુપ છે શ્રી યશોદાજીએ શ્રીકૃષ્ણને ગોદમાં લઇ આ કુપનું પૂજન કરેલું છે ત્યાં આગળ શ્રીનંદરાયજીના શ્રીઠાકો-

રજી શ્રી મથુરાનાથજી તથા શ્રી દ્વારકાનાથજીનું મંદિર છે. ત્યાં આગળ મહામલ્લરાયજી ઠાકોરજી છે. તેની પાસે પૂતનાખાડ છે અહીંઆં શ્રીઠાકોરજીએ પૂતનાને મારી છે. તે લીલાનાં દર્શન થાય છે. કંસની માશી પૂતના શ્રીકૃષ્ણનો નાશ કરવા સારૂ દેવાંગના રૂપ લઈ યશોદાજી પાસે આવી. બ્હેનની સગાઇ બતાવી બાલકૃષ્ણને સ્તનપાન કરાવવા માંડ્યું. સ્તનપાન કરાવતાં પ્રભુને લઈ ઊંચે આકાશમાં ઊડી. જેથી પ્રભુએ પોતાનું અંગ વધારી ગાશીને ઊંચેથી નીચે નાખી પ્રાણ લીધા હતા. ત્યાંથી આગળ શ્રી કેશવદેવનું મંદિર આવે છે. ત્યાં આગળ એક ઊંચા ટેકરા ઉપર ૮૪ ખંભાનું સ્થાન છે. ત્યાં આગળ ચાર યુગના ચાર સ્તંભો છે. તેને નમન કરી ભેટીને આગળ જતાં શ્રી ઠાકોરજીનું જન્મ સ્થાન આવે છે. ત્યાંથી આગળ નંદ યશોદાનું ઘર છે. અહીં શ્રીભગવાન પલને ઝૂલ્યા છે. તે સ્થાન છે. કહે છે કે—

"મથુરા લીયો અવતાર, ગોકુલ ઝૂલે પાલને"

અહીંથી આગળ શ્રી નંદરાયજીની ગાયોનો ગોબરનો ટીલો છે. આગળ જતાં પારસ પીપળો જેને રાતાં પીળાં ફુલ આવે છે. ત્યાંથી આગળ ખેલન વન અને કુવો આવે છે ત્યાંથી આગળ શ્રીરમણ રેતીનું સ્થાન આવે છે. પહેલાં તો ઘણી મોટી જગામાં શ્રીરમણરેતી હતાં. પણ હાલ તો થોડી નાની જગામાં છે. તે પણ કળીયુગમાં અંતર્ધાન થશે એમ કહેવાય છે. અહીંની રેતી અબરખ જેવી ચળકાટ મારતી સુંદર અને લીસી છે. આ સ્થળે ભગવાન પોતે ધુંઢુરન ખેલતા આળોટયા હતા. તેથી અહીંઆં આળોટવાનો મહિમા છે. શ્રી ઠાકોરજીએ અહીંઆં વ્રજભક્તો સાથે ધુંઢુરન લીલા કરી છે. ત્યાં આગળ ગોપીજનનાં જૂદાં જૂદાં રમણ મંડલ છે. અહીંઆં શ્રી રમણ બિહારીનું મંદિર છે. અહીંઆં રાત્રે કોઇથી રહી શકાતું નથી જે રહે છે તે મૂંગો થઇ જાય છે અથવા તો મરી જાય છે ત્યાંથી આગળ ગોકુળ

તરફ જતાં ચાર રસ્તા આવે છે. તે સ્થળે નરવરગઢ નરેશ મહાનુભાવી રાજા આશકરણજીને શ્રી ઠાકોરજીનાં વ્રજભક્તો સાથે હોળી ખેલનાં દર્શન થયેલાં તે ઉપરથી,

યા ગોકુલકે ચોહટે, રંગ રાચી ગ્વાલ;
મોહન ખેલત ફાગ, નેન સલોનરી રંગ રાચી ગ્વાલ.

\+ \+ \+ \+

એ ધમાર ગાઈ હતી તે આસ્થળ છે. અહીંથી નજીકમાં પરમ ભગવદીય અલખાંન પઠાણની સમાધી સ્થાનની છત્રી છે. તથા બીજી એક છત્રી છે. તે તેમની દિકરીની છે એવું કહેવાય છે. અહીથી ગોપકુપ આવે છે અહીં એક વૃક્ષમાં " **राधाकृष्ण** " કુદરતી રીતે અક્ષરો લખેલા વાંચવામાં આવે છે. તે વૃક્ષની છાલ ઉખેડીએ છીએ તો અંદર પણ કૃષ્ણ નામ લખેલું જોવામાં આવે છે. આ વૃક્ષમાં બધે આવુંજ લખેલું જણાય છે. અહીંઆં વંદન કરવું. અહીં એક વૈષ્ણવ રહે છે જે એક વખત શ્રી રમણ રેતીમાં શ્રી પ્રભુની ઈચ્છા વિરૂદ્ધ દર્શનની લાલસાથી રાત્રે રહ્યો હતો તેને દર્શન થયાં નહિ પરંતુ શબ્દ સંભાળાયા હતા. આ વૈષ્ણવ બીજે દિવસે મુગો થઈ ગયો જે અત્રે રહે છે. અહીંથી આગળ ગોપકુપ આવે છે. અહીં સોમવતી અમાસને દિવસે સ્નાન કરવાનું માહાત્મ્ય છે. ત્યાંથી આગળ નારદનો ટીલો આવે છે ત્યાં નારદજી બિરાજે છે. અહીંઆં નારદજીએ છ માસ પર્યંત તપશ્ચર્યા કરી છે. ત્યાંથી આગળ ગોવિંદ સ્વામીનો ટીલો આવે છે. અહીંઆં તેમને શ્રી ઠાકોરજીની જે લીલાનો અનુભવ થતો હતો તે પ્રમાણે કીર્તન ગાતા હતા. ત્યાંથી આગળ કોયલા ઘાટ આવે છે. પૂતનાને મુવેલી જોઈ આ સ્થળે અગ્નિદાહ કર્યો તેના કોલસા ત્યાં પડયા રહ્યા તેથી આ કોયલા ઘાટ કહેવાય છે, વળી એવું પણ કહેવાય છે કે જ્યારે મથુરામાંથી શ્રી કૃષ્ણ ભગવાનને લઈ શ્રી વસુદેવજી ગોકુળ પધારતા હતા

ત્યારે શ્રી યમુનાજીનું જળ વધારેચઢેલું જોઈ " કોઈ લ્યો " " કોઈ લ્યો " આવાશબ્દો ઊચ્ચાર્યા હતા તેથી આ સ્થળને કોયલા ઘાટ કહે છે. ત્યાંથી આગળ વલ્લભ ઘાટ આવે છે. અહીં શ્રી ગોકુળનાથજી નિત્ય સંધ્યાવંદન કરતા હતા. અહીં ઘાટ ઉપર શ્રી ગોકુલનાથજીના અંત રંગ ભક્તો જેઓ ભરૂચી વૈષ્ણુવોને નામે ઓળખાય છે.તેવા કેટલાક રહે છે. અહીંથી આગળ ઊતલેશ્વર ઘાટ છે અહીં શ્રી વસુદેવજી શ્રી ઠાકોરજીને શ્રી યશોદાજીને સોંપી કન્યાને મથુરા લઈ ગયા છે. તે સ્થાન છે. અહીં આગળ ઊતલેશ્વર મહાદેવની ચોકી છે. ત્યાંથી આગળ શ્રી વીઠ્ઠલનાથજીનો બાગ આવે છે. ત્યાં આગળ ગોપાલ ઘાટ છે. શ્રી ઠાકોરજીએ અહીંઆંગૌચારન લીલા કરી છે. આગળ શ્રી ગોકુળ નાથજીનો બગીચો આવે છે. આ બાગમાં પાંચ સાત વૃક્ષો છે તે ઘણું પ્રાચીન અને શ્રી ગોકુળનાથજીના વખતનાં છે. તે વૃક્ષોને શ્રીગોકુળનાથજીનાં ચરણુસ્પર્શ થયાં હતાં. અહીંથી આગળ જતાં બાજનો ટીલો આવે છે. અહીંઆં દેવતાઓએ દુદુંભી નાદ કરી શ્રી ઠાકોરજી ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી હતી. અહીં શ્રી મદનમોહનજીનો બગીચો છે અહીંથી આગળ જતાં શ્રી યશોદાઘાટ આવે છે. અહીં શ્રી ઠાકોરજીએ ઘુટુરૂન લીલા કરી છે. અહીં શ્રી યશોદાજી નિત્ય જળ લેવા પધારતાં હતાં અને તે જળનું શ્રી ઠાકોરજીને પાન કરાવતાં હતાં. શ્રી ગોકુળના આ ભાગને જૂનું ગોકુળ કહે છે.

અહીં પરિક્રમાનો મુકામ થાય છે.

શ્રીગોકુળ.

શ્રી ગોકુળનું માહાત્મ્ય અને સ્થળની અલૌકિકતા એટલી બધી અનિર્વચનિય છે કે તેનું પુરેપુરૂં વર્ણન કરવું અશક્યજ છે. વૈષ્ણવો-ભગવદીયો પણ આ સ્થળને વિષે ઘણા શ્રી ગોકુળ વાસ કરીને રહેતા જણાય છે. શ્રી ગોકુળનું માહાત્મ્ય-ભાવના નીચેનાં ધોળથી જણાશે.

સાચા સંબંધીડા શ્રી ગોકુળ કયારે જઇશું;
આપણ બે બેલડીએ વળગી, શ્રી યમુનાજીમાં નાહીશું. સાચા૦
શ્રી ગોકુળીઆની ગલીએ ગલીએ, ગુણ ગોવિંદના ગાઇશું;
શ્રી ગિરિધારી અલબેલા જોઇ, મન ચિંતવ્યાં લાડ લડીશું. સાચા૦

× × × ×

શ્રી ગોકુલીયું મૂકીને કંઇ જઇએ નહિ,
વાસો વસીએ ચરણ કમળની છાંય જો.
શ્રી યમુનાજીનાં સુંદિર તટ રંગીઆમણાં,
ત્યાં માહારા વાહાલાજીના પરમ રમણ સુખ ધામ જો.
શ્રી ગોકુળ.

× × × ×

સદા મન શ્રી ગોકુળમાં રહીએ.
ગોવિંદ ઘાટ છોંકરકી છૈયાં બેઠક દર્શન પૈયે.

× × × ×

શ્રી ગોકુલમાં લગભગ ૨૫ થી ૨૭ મંદિરો છે. તે ઉપરાંત શ્રી આચાર્યજી મહાપ્રભુજી, શ્રીમત્પ્રભુચરણ—શ્રીગુસાંઇજી, શ્રી બડે ગિરિધારીજી, શ્રી ગોકુળનાથજી, શ્રી રઘુનાથજી મહારાજ, શ્રી હરિરાયજી મહાપ્રભુજીની અને પરમ ભગવદીય દામોદરદાસજીની બેઠકો આવેલી છે. વળી શ્રીગોસ્વામી બાળકોને બિરાજવાની હવેલીઓ પણ છે. આટલા જ કારણથી શ્રીગોકુળ જાણે નિજલીલાનું સ્થળ હોય અને છે પણ તેમજ. દર્શનીય વૈષ્ણવો ગલીએ ગલીએ આવેલાં મંદિરોમાં શ્રીઠાકોરજીની ઝાંખી કરવા સારૂ દોડાદોડ કરી મૂકતા જોવામાં આવે છે, અને 'જય' 'જય' એ શબ્દોના ઘોંઘાટથી મંદિરના મુખ્યાજીને સૂચવે છે કે અમોને શ્રીની ઝાંખી થઇ નથી માટે કૃપા કરો ! કેટલીક વખત તો દોડી દોડીને

થાકી ગયેલા ભગવદીયો અમુક સમયનાં દર્શન કરવામાં રહી જાય તો અત્યંત શોકાતુર થઇ જાય છે.

બધા મંદિરોમાં એકજ દિવસે સમય સમયનાં દર્શન થઇ શકે નહિ તેથી યાત્રીઓએ અહીંઆં વધુ વખત રહેવું અને બને તેટલો લાભ લેવા ચૂકવું નહિ.

શ્રીગોકુળનાં મંદિરો.

૧ શ્રી ગોસ્વામી શ્રી ગોકુલનાથબાવાનું મંદિર છે. આ મંદિરમાં શ્રીમદનમોહનજીનું સ્વરૂપ શ્રી સ્વામીનીજી સહીત બિરાજે છે. આ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીનું સેવ્ય છે અને તે પ્રથમ વાંસવાડાના ગોપાળદાસના શ્રી ઠાકોરજી હતા. આ મંદિર હાલ શ્રી રમણલાલજી મહારાજ (કામવન) ના તાબામાં છે.

૨ માંડવીવાળા શ્રીપન્નાલાલજીમહારાજનું છે. તેમાં શ્રી ગુસાંઇજીના સેવ્ય અને વૈ. કાનબાઇના શ્રીઠાકોરજી શ્રીનટવરજી બિરાજે છે.

૩ શ્રીવજેશ્વરજીનું મંદિર. આ મંદિર ઈંદોરવાળા શ્રીબચુબાવાના તાબામાં છે. અહીં શ્રીગુસાંઇજીના સેવ્ય અને ભગવદીય હરજીભાઇ કોઠારીના શ્રીઠાકોરજી શ્રીમદનમોહનજીનું સ્વરૂપ બિરાજે છે, તે ઉપરાંત શ્રી કૃષ્ણરાયજીનું બીજું સ્વરૂપ બિરાજે છે. આ મંદિરમાં આગ્રાવાસી વિરક્ત વૈષ્ણવ (જે વર્ષાદમાં ભીંજતા ને સેવા કરતા તે) ને માથે બિરાજતા શ્રી મહાપ્રભુજીના શ્રી હસ્તાક્ષર શ્રી સુબોધીનીજી તથા શ્રી પાદુકાજી પણ બિરાજે છે.

૪ મુંબઇવાળા શ્રીચીમનલાલજી મહારાજનું મંદિર છે. આ મંદિરમાં શ્રી હરિરાયજી મહાપ્રભુજીના સેવ્ય શ્રી નવનીતલાલજી, શ્રી ગોવર્ધનનાથજી અને શ્રી નટવરલાલજીનાં સ્વરૂપો બિરાજે છે.

૫ શ્રી બહેની બેટીજી—શ્રી ગોપાળલાલજી મથુરાવાળાનું મંદિર

છે. અહિં શ્રીમુરલીધરજી મહારાજના સેવ્ય ઠાકોર શ્રી બાલકૃષ્ણલાલજી તથા શ્રી નવનીતલાલજીનાં સ્વરૂપો બિરાજે છે.

૬ શ્રીગોપાલલાલજી મહારાજ ગોકુળવાળાનું મંદિર છે. આ મંદિરમાં શ્રીમહાપ્રભુજીના સેવ્ય અને રાણાવ્યાસના ઠાકોરજી શ્રીનવનીતપ્રિયાજીનુ તથા શ્રીગુંસાઇજીના સેવ્ય શ્રીમથુરાધીશનાં સ્વરૂપો બિરાજે છે. આ મંદિર પોરબંદરવાળા શ્રીજીવણલાલજી મહારાજના તાબામાંછે.

૭ શ્રી નત્થુજીનું મંદિર છે. અહીં શ્રી મદનમોહનજીનું સ્વરૂપ બિરાજે છે. વૈષ્ણવને અહીં મુકામ થઇ શકે તેવું છે.

૮ શ્રી ગોવર્દ્ધનનાથજીનું મંદિર છે. અહીંઆં શ્રી ગોવર્દ્ધનનાથજી બિરાજે છે. આ મંદિર મુંબઇવાળા શ્રી ગોકુલનાથબાવાના તાબામાં છે.

૯ શ્રીકાકાજીનું મંદિર છે. તેમાં શ્રીમહાપ્રભુજીના સેવ્ય ઠાકોરજી શ્રી મદનમોહનજી (આહીરને દહીંને બદલે મુક્તિ આપી તે) બિરાજે છે. આ મંદિર અમદાવાદવાળા શ્રીરણછોડલાલજી શ્રીમધુસુદનલાલજીના તાબામાં છે. અહીં બીજું સ્વરૂપ શ્રીગોપાલલાલજીનું બિરાજે છે.

૧૦. શ્રીમથુરેશજી કોટાવાળાનું જૂનું મંદિર છે તેમાં શ્રીમથુરેશજીનું સ્વરૂપ બિરાજે છે.

૧૧. જામનગરવાળાં શ્રી રાધાવહુજીનું મંદિર છે, તેમાં શ્રીમહાપ્રભુજીના સેવ્ય અને એક ક્ષત્રાણી ડોકરીના શ્રી ઠાકોરજી શ્રી બાલકૃષ્ણલાલજી તથા બીજા શ્રી ઠાકોરજી શ્રી મદનમોહનજી બિરાજે છે.

૧૨ શ્રી પારવતી વહુજીનું મંદિર, અહીં શ્રી ગિરિધરજી મહારાજના સેવ્ય શ્રી નવનીતલાલજીનું સ્વરૂપ બિરાજે છે.

૧૩-૧૪ કામવનવાળા શ્રી વલ્લભલાલજી મહારાજનું છે તેમાં શ્રી મહાપ્રભુજીનાં ચિત્રજી તથા શ્રી ચંદ્રમાજીના ચિત્રજી બિરાજે છે.

૧૫ મુંબઇવાળા શ્રી ગોવર્ધનલાલજીનાં વહુજી શ્રી ભામીનીજી વહુજીનું મંદિર છે તેમાં શ્રી બાળકૃષ્ણજીનું સ્વરૂપ બિરાજે છે.

૧૬ તિલકાયિત શ્રી ગોવર્દ્ધનલાલજીનું છે. તેમાં શ્રી મહાપ્રભુજીના સેવ્ય અને રામદાસ વૈષ્ણવના શ્રી ઠાકોરજી શ્રી નવનીતલાલજી જે રાજાઠાકોરને નામે ઓળખાય છે તે બિરાજે છે. બીજું સ્વરૂપ શ્રી બાળકૃષ્ણલાલજીનું છે જે શ્રી ગુસાંઇજીનું સેવ્ય છે અને ધાણી પૂણી વાળી બાઇના શ્રી ઠાકોરજી છે. તે સિવાય આ મંદિરમાં શ્રી હરિજીની બેઠક પણ છે. આ મંદિર શ્રી ગુસાંઇજીના વખતમાં યાદવેંદ્ર દાસ કુંભારે નીમ ખોદી હતી તે છે.

૧૭ શ્રી ગોકુલનાથજીનું મોટું મંદિર છે. આ મંદિરમાં સાત સ્વરૂપની નિધિના ઠાકોર શ્રી ગોકુલનાથજી શ્રી મહાપ્રભુજીના સેવ્ય બિરાજે છે. તથા શ્રી મહાપ્રભુજીનાં શ્રી પાદુકાજી, શ્રી માલાજી, શ્રી ઉપરણા, શ્રી હસ્તાક્ષર વગેરે બિરાજે છે. તેમજ આ મંદિરમાં શ્રી ગુસાંઇજીની બેઠક અને તેઓશ્રીનાં શ્રી પાદુકાજી તથા શ્રી હસ્તાક્ષર અને સંપુટમાં શ્રી સાત સ્વરૂપનાં વસ્ત્રજી બિરાજે છે. તેમજ શ્રી ગોકુળનાથજીની બેઠક પણ છે. આ બેઠકે તેમના ઘરના સેવકો અમુક વધારે ભેટ આપી ચરણ સ્પર્શ કરવાનો ખાસ આગ્રહ રાખે છે.

૧૮ શ્રી જેગોપાલજીનું મંદિર છે આ મંદિરમાં ભાવનગર પાસેના વૈષ્ણવો ઉઘરાણું કરી અમુક રકમ મોકલે છે. તેથી ખર્ચ ચાલે છે અને તે શ્રી કામવનવાળા શ્રી વલ્લભલાલજીના માગે છે. આ મંદિરના સેવકો–અનુયાયીઓ બીજા કોઈ શ્રીઠાકોરજીને માનતા નથી.

૧૯ શ્રી કાંકરોલીવાળા શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજનું મંદિર છે, તેમાં શ્રી દ્વારકાનાથજીની સ્વરૂપ સેવા બિરાજે છે તથા શ્રી મહાપ્રભુજીની ગુપ્ત બેઠક અહીંઆં

૨૦ શ્રી બડેદાઉજી મહારાજની બેઠક જે શ્રી રાજા ઠાકોરના મંદિરમાં છે તે,

૨૧ શ્રી સાતસ્વરૂપની હવેલી જેમાં રાજાઠાકોરનું મંદિર છે.

૨૨ શ્રી વિઠ્ઠલનાથજીનું મંદિર જુના ગોકુળમાં છે.

૨૩ શ્રી મદનમોહનજીનું મંદિર જુના ગોકુળમાં છે.

૨૪ શ્રી ચીંતામણી માધવનું મંદિર છે. અને ૨૫ શેરગઢવાળા શ્રી ગિરિધરલાલજી મહારાજનું મંદિર છે જેમાં શ્રી કલ્યાણરાયજીનું સ્વરૂપ બિરાજે છે. આ સિવાય શ્રી ગોકુળનાથજીના તિલકાયિત શ્રી કન્હૈયાલાલજી મહારાજને રમણરેતીમાંથી શ્રી નાથજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું હતું તે સ્વરૂપ શ્રી કન્હૈયાલાલજી મહારાજના વખતમાં ગુપ્તપણે બિરાજતું હતું. હાલમાં એક વ્રજવાસીને ત્યાં આ શ્રી ઠાકોરજીનાં દર્શન થાય છે. આ સ્વરૂપ ઘણુંજ ભવ્ય અને માણસપુર ઊંચું છે. દર્શન કરવાથી આતુરતા તથા ભાવ વૃદ્ધિ થાય એવું સ્વરૂપ છે. વૈષ્ણવોએ અહીંઆં દર્શન કરવા ભુલવું નહિ.

આ મંદિરોમાં દર્શનાદિ કરી અત્રે આવેલી બેઠકોએ દર્શન કરવા જવું.

શ્રી ગોકુળમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની ત્રણ બેઠકો છે. એક બેઠક ગોવિંદઘાટ ઉપર એક છોંકરના વૃક્ષ નીચે છે. શ્રી મહાપ્રભુજીએ અહીંઆં પ્રથમ બેઠક કરી છે. જ્યારે શ્રી આચાર્યજી મહાપ્રભુજી અહીંઆં બિરાજતા હતા ત્યારે શ્રી નાથજીએ પ્રત્યક્ષ પ્રકટ થઇ શ્રી મહાપ્રભુજીને સ્વમુખે જણાવ્યું કે જેને આપશ્રી અષ્ટાક્ષર મંત્રનો અધિકાર આપશો તેના સર્વ દોષ નિવારણ થઇ, શ્રી ઠાકોરજીની સેવાને માટે યોગ્ય થશે.—

सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृताः

અને વળી આજ્ઞા કરી કે

शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्य म्

વળી શ્રી ગોવર્દ્ધનનાથજીએ શ્રી મહાપ્રભુજીને સ્વમુખે આજ્ઞા કરી કે જેને આપશ્રી બ્રહ્મસંબંધ કરાવશો તેને હું અવશ્ય અંગિકાર કરીશ. અર્થાત્ બ્રહ્મસંબંધ થવાથી લૌકિક જીવને ઉત્તમોત્તમ સ્થાન પ્રાપ્ત થશે. ત્યાર પછી શ્રી મહાપ્રભુજીએ દ્વાદશીને દિવસે ભગવદીય દામોદરદાસ હરસાનીને સ્નાન કરાવી આજ બેઠકે બ્રહ્મસંબંધ કરાવ્યો અને શ્રીમુખે માર્ગનું રહસ્ય સમજાવી વધા કે "હે દમલા! તારે માટે આ માર્ગ પ્રગટ કર્યો છે"

શ્રી આચાર્યજીની બીજી બેઠક જે બડી બેઠક એ નામથી ઓળખાય છે તે શ્રી દ્વારકાંનાથજીના મંદિર બહાર આવેલી છે. અહીંઆં શ્રી મહાપ્રભુજી નિત્ય ભોજન કરતા તથા કથા વાર્તા કરતા હતા. અહીંઆં કૃષ્ણ ચૈતન્યના સેવકોએ શ્રી નાથજીની સેવા કરવા વિચાર કર્યો પરંતુ શ્રી નાથજીએ આજ્ઞા કરી કે મારી સેવા તો શ્રી આચાર્યજી મહાપ્રભુજી કરશે. તમારે તો ફક્ત મારા ગુણગાન અને ભજન કરવું અને તેથીજ તમારો મોક્ષ થશે. આ વખતે એક શ્યામાનંદ નામનો વૈષ્ણવ શ્રી મહાપ્રભુજીની પરિક્ષા કરવા સારૂ ત્યાં આવ્યો. શ્રી આચાર્યજીએ આ વૈષ્ણવને એકના અનેક વાટવા બતાવી સ્વપ્રભાવ બતાવ્યો હતો.

ત્રીજી બેઠક શ્રી દ્વારકાનાથજીના શૈયા મંદિરમાં છે. જ્યારે શ્રી મહાપ્રભુજી શ્રીગોકુળમાં બિરાજતા હતા ત્યારે નીજ શૈયામંદિરમાં આપશ્રી પોઢતા હતા. તે વખતે ત્યાં શ્રી દ્વારકાંનાથજીનું મંદિર હતું નહિ. પરંતુ ત્યાં એક યોગેશ્વર દ્વાપર યુગના સમયથી તપશ્ચર્યા કરતો હતો. જેની ઝુંપડી આ બેઠકના સ્થળની ભીતરમાં હતી. જ્યારે શ્રી આચાર્યજી અહીંઆં બિરાજતા હતા ત્યારે ઉક્ત યોગેશ્વરે શ્રી મહાપ્રભુજીને દંડવત્ કરી કહ્યું કે, મારી તપશ્ચર્યાનું ફળ આપશ્રીના દર્શનથી પ્રાપ્ત થયું છે તે ભવિષ્ય જણાવ્યું કે આ સ્થળે સાત મંદિરો બંધાશે.

અને ગોકુળ ફરી વસશે. માટે મારૂં આ સ્થળ કાયમ રહે એટલી કૃપા કરો. શ્રીએ સ્વમુખે આજ્ઞા કરી કે તમોને આ સ્થળેથી કોઇપણ ખસેડી શકશે નહિ. કેટલાક સમય પછી જ્યારે શ્રી દ્વારકાંનાથજીનું મંદિર બાંધવામાં આવ્યું ત્યારે યોગેશ્વરની પૂર્ણકૃતિ શ્રીદ્વારકાંનાથજીની ઈચ્છાથી તે સ્થળથી સોળ હાથ જમીનમાં ઉંડી ઉતરી ગઈ. અને તે ઉપર શ્રી દ્વારકાંનાથજીનું મંદિર બંધાવ્યું. અને શ્રી ઠાકોરજી પધરાવ્યા. અહીંઆં શ્રી ગુસાંઇજીની બે બેઠકો છે. એક બેઠક શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બડી બેઠકની સામે છે. જ્યારે શ્રી પ્રભુચરણ આ સ્થળે બિરાજતા હતા ત્યારે શ્રીનવનિતપ્રિયાજીને પલને ઝુલાવ્યા અને સર્વ ભગવદીયોને શ્રીનંદ મહોત્સવનાં દર્શન કરાવી અનિર્વર્ણનિય આનંદ કરાવ્યો હતો. આ વખતે શ્રીનવનિતપ્રિયાજીનું મંદિર બંધાયું નહોતું. તેથી આપ શ્રી મહાપ્રભુજીની બેઠકમાં બિરાજતા હતા. એક દિવસ દોઢ પહોર રાત્રી વીત્યા પછી આપશ્રીએ વિચાર કર્યો કે જો આ પળે કોઈ નીમ (પાયો) ખોદે તો બહુજ સુંદર મંદિર થાય. એવો સુયોગ છે. શ્રીગુસાંઇજીના મનનું હાર્દ-ભાવ જાણે એવા શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીય યાદવેન્દ્રદાસ કુંભાર હતા તેમણે જે કામ ૧૦-૧૫ માણસ એક મહિના સુધી કરે તો પણ ખોદાઈ ન શકે એવી નીમ-પાયો એક રાત્રીમાં ખોદી. આ સ્થળે એક વિશાળ મંદિર બંધાવ્યું છે જે શ્રી સાત સ્વરૂપની હવેલી એ નામથી ઓળખાય છે. આ મંદિરમાં શ્રી ગુસાંઇજીના વખતની કેટલીક પ્રાચીન ચીજો પણ બિરાજેછે.

અહીં આ મંદિરમાં શ્રી બડે દાઉજી મહારાજશ્રીની બેઠક પણ છે. આપશ્રીને હમેશાં શ્રીહસ્તમાં લાકડી રાખવાનો શોખ હતો તે પ્રાચીન લાકડી પણ અહીં બિરાજે છે.

બીજી બેઠક. શ્રી ગોકુળનાથજીના મંદિરમાં છે. અહીંઆં શ્રી ગિરિધરજી તથા શ્રી ગોકુળનાથજીને શ્રી ગુસાંઇજીનાં સાક્ષાત્ દર્શન

થયાં હતાં. જે વખતે આપ શ્રી ગુસાંઇજી સંધ્યાવદન કરતા હતા. જેથી ભગવદીયોયે ગાયું છે કે,—

" માનિકચંદ પ્રભુ સર્વદા, શ્રી ગોકુળ કરત વિહાર."

" સદા વ્રજહીમેં કરત વિહાર."

" યુગ યુગ રાજ કરો શ્રી ગોકુળ "

" યહ સુખ ભજન પ્રતાપ તેજતેં છીન ઇત ઉત ન ટરો."

આ શિવાય શ્રી ઠકરાણી ઘાટ ઉપર શ્રી મહાપ્રભુજીની બેઠકની જોડે પણ શ્રી ગુસાંઇજીની બેઠક છે તથા શ્રી ગોવિંદઘાટની નીચે તિબારીમાં એક શ્રી ગુસાંઇજીની બેઠક છે એમ ત્યાંના ભગવદીયો બતાવે છે ત્યાં પણ દર્શન કરવાં.

આ સિવાય અહીં શ્રી બડે ગિરિધરજીની બેઠક છે. આ બેઠકે શ્રી ગુસાંઇજી વિરચિત "વિદ્વન્મંડન ગ્રન્થ" ની ઉત્પત્તિ થઇ હતી.

શ્રી ગોકુળનાથજીની બેઠક શ્રી ગોકુળનાથજીના મંદિરમાં છે. અહીંઆં શ્રી ગોકુળનાથજી સર્વદા બિરાજતા હતા. શ્રી ગોકુળનાથજીના સેવકોને આ બેઠકે ચરણસ્પર્શ કરવાનો ભાવ ઘણોજ છે. ને આતુરતા એટલીબધી હોય છે કે ચરણસ્પર્શ માટે અમુક રકમની ભેટ ઠરાવેલી હોય છે તે આપે છે પણ ચરણસ્પર્શ કર્યા શિવાય રહેતા નથી. તેમજ બરૂચી વૈષ્ણવો પણ ભેટ આપી આ ગાદીએ ચરણ સ્પર્શ કરે છે.

અહીંથી આગળ પંચમલાલજી શ્રીરઘુનાથજી મહારાજની બેઠક છે. તથા સપ્તમલાલજી શ્રી ઘનશ્યામજીની બેઠક જુના ગોકુળમાં શ્રી મદનમોહનજીના મંદિરમાં છે. શ્રી ઘનશ્યામજીને તેમના ઠાકોર શ્રી મદનમોહનજીનો વિરહ થવાથી ભોંયરામાં બિરાજ્યા હતા અને વિરહાવસ્થામાંજ અંતર્ધાન થયા તે આ સ્થળ છે. આ બેઠક ભોંયરામાં છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુજીની બેઠક જુના ગોકુળમાં તેમના શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં છે.

પરમ ભગવદીય દામોદરદાસજી હરસાનીની બેઠક શ્રી ગોવિંદઘાટ ઉપર શ્રી મહાપ્રભુજીની બેઠકની પાછળ છે.

વૈષ્ણવોએ દરેક બેઠકોએ ઝારીજી ચરણસ્પર્શાદિની સેવા અવશ્ય કરવી. શ્રી ગોકુળમાં આવેલાં મંદિરો તથા બેઠકોનાં દર્શન સેવા કરી તથા કુંડમાં સ્નાન પાનાદિ કરી પરિક્રમા મથુરા જાય છે.

મથુરા તરફ પ્રયાણ કરતાં રસ્તામાં રાવળ ઉપવન આવે છે. આ ગામમાં શ્રી રાધિકાજીનું મોસાળ છે. અહીંયાં શ્રી રાધિકાજીનું પ્રાકટય થયું છે. તેથી ભગવદીઓએ ગાયું છે કે:—

" આજ રાવળમેં જયજયકાર.
પ્રકટ ભઇ વ્રષભાન ગોપકેં, શ્રીરાધા અવતાર. "

× × ×

રાવળમાં શ્રી લાડિલીજીનું મંદિર છે ત્યાં દર્શન કરી આગળ શ્રી યમુનાજી ઉતરી જતાં દુર્વાસાઋષિનો આશ્રમ આવે છે. અને ત્યાંથી આગળ મથુરા આવે છે. અહીં વિશ્રામઘાટ ઉપર શ્રી યમુનાજીને દંડવત્ કરી સ્નાન કરી વિનંતિ કરવી કે " આપની કૃપાથી વનયાત્રામાં પૂર્ણ આનંદ થયો છે. અને એવીજ રીતે ફરીથી આપ મારા ઉપર કૃપા કરી આવો પરિક્રમાનો આનંદ કરાવશો. આપની કૃપાથી મેં લીધેલા નિયમોનું યથાશક્તિ પાલન કર્યું છે. તે નિયમો હવે અહીં છોડું છું."

ત્યાર પછી યથાશક્તિ બ્રહ્મભોજન કરાવવું તથા પોતાના ગોર ચોબાને દક્ષિણા આપવી. ત્યાર પછી પોતાને મુકામે જવું અને બીજે દિવસે મથુરાની પંચકોશી પરિક્રમા કરવા નીકળવું. પરિક્રમામાં આવેલા સઘળા વૈષ્ણવોએ મથુરાની પંચકોશી યાત્રા કરવીજ જોઇએ.

મથુરાની પંચકોશી પરિક્રમા.

વૈષ્ણવો ! આપણે વનયાત્રા પરિક્રમામાં શ્રીવિશ્રાંત ઘાટ ઉપર શ્રી યમુનાજીમાં સ્નાન કરી નિયમાદિ ધારણ કરી નીકળ્યા હતા. આખી પરિક્રમા પુરી કરી મથુરા પાછા આવ્યા છીએ. અહિંઆં આપણે દેવદિવાળી સુધી રહેવાની આવશ્યકતા છે. માટે પોતપોતાના ગોરને ત્યાં ઉતારાનો બંદોબસ્ત કરવો. અને મથુરાની પંચકોશી પરિક્રમા કરવા જવું. પ્રથમ વિશ્રામ ઘાટથી પંચકોશી યાત્રાની શરૂઆત કરવી.

વિશ્રામઘાટ ઉપર શ્રીકૃષ્ણ ભગવાને કંસને મારી વિશ્રામ કર્યો તેથી આ ઘાટને વિશ્રામઘાટ કહે છે. અહીંથી આગળ યોગઘાટ, પ્રાગઘાટ, તથા શ્યામઘાટ આવે છે. ત્યાંથી આગળ રામઘાટ આવે છે. અહીંઆં કનખલક્ષેત્ર તથા આગળ તાંડુકક્ષેત્ર આવે છે. ત્યાંથી આગળ જતાં વલ્લભઘાટ તથા સૂર્યઘાટ આવે છે. આ સ્થળે ચાણુર–મુષ્ટિક મલ્લનો તથા કુવલયાપીડ હાથીનો નાશ કર્યો છે. કુવલયાપીડ હાથીને મારી તેના દાંતનાં હથિયાર બનાવી શ્રી કૃષ્ણ રાજસભામાં પધાર્યા હતા. આગળ ધ્રુવઘાટ આવે છે. ધ્રુવજીએ અહીંઆં તપશ્ચર્યા કરી પ્રભુ પાસેથી વરદાન મેળવ્યું હતું. અહીંઆં શ્રીધ્રુવજીનાં દર્શન કરી આગળ જતાં સાક્ષી ગોપાળ આવે છે. આ સ્થળે બુદ્ધતીર્થ તથા મોક્ષ તીર્થ આવેલાં છે. અહીંઆં ભારદ્વાજઋષિ, ગૌતમઋષિ, વસિષ્ટમુનિ આદિનાં દર્શન થાય છે. આગળ જતાં સપ્તઋષિનો ટીલો આવે છે. ત્યાંથી આગળ ગાર્ગેયઘાટ, સારંગઘાટ, ચક્રતીર્થઘાટ, આવે છે. અહીંઆં રાવણનો ટીલો છે. રાવણે આ સ્થળે તપશ્ચર્યા કરી બ્રહ્માજી પાસેથી વરદાન મેળવ્યું હતું. ત્યાંથી આગળ જતાં બળીરાજા, શુક્રાચાર્યજી તથા વામનજીનાં દર્શન આવે છે. ત્યાંથી આગળ કંસરાજાનો સભામંડપ

જે રંગભૂમિને નામે ઓળખાય છે, અને જ્યાં કંસની સભા બેસતી હતી, તે સ્થળ આવે છે. આજ સ્થળે શ્રીકૃષ્ણ ભગવાને કંસને માર્યો હતો. પ્રતિ કાતરક શુદી ૧૦ ના રોજ આ સ્થળે કંસ લીલા થાય છે. અને મોટો મેળો ભરાય છે.

અહીં આગળ રંગેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાંથી આગળ શ્રી બિહારીજીનું, શ્રી રાધાદામોદરજીનું, શ્રી જગન્નાથજીનું તથા બળભદ્રકુંડ ઉપર શ્રી બળદેવજીનું વિગેરે મંદિરો આવે છે. અહીંથી આગળ જતાં ગોપીકાઓ ઉદ્ધવજીનો છેડો પકડી શ્રી પ્રભુને સંદેશો કહેવરાવે છે તે સ્થળ આવે છે.

અહીંથી આગળ જતાં શ્રી કૃષ્ણ બળદેવ, શ્રીનૃસિંહજી, તથા શ્રી દાઉજીનાં દર્શન થાય છે. આગળ પોતરાકુંડ આવે છે. અહીં પોતરા દેવીનું સ્થાન જમીનમાં ઉંડું છે. ત્યાંથી આગળ કારાગૃહનું સ્થળ આવે છે. કંસે વસુદેવ દેવકીજીને અહીં કેદમાં પુરી રાખ્યાં હતાં. અહીંથી આગળ જતાં સરસ્વતીકુંડ તથા સરસ્વતીદેવીનું મંદિર આવે છે, ત્યાંથી આગળ જતાં અંબિકાવન આવે છે, આ વનમાં એક વિદ્યાધર કોઇ એક રૂષિના શ્રાપથી અજગર રૂપે પડયો હતો તેનો શ્રી પ્રભુએ ઉદ્ધાર કર્યો હતો. ત્યાંથી આગળ શંખચૂડ નામના રાક્ષસનું વધસ્થાન આવે છે. આગળ ગાર્ગી શારગી ઘાટ તથા ગણેશ ઘાટ આવે છે. ત્યાંથી આગળ ગોકર્ણેશ્વર મહાદેવ તથા ગૌતમરૂષિનું સમાધિ સ્થાન આવે છે. આગળ જતાં સરસ્વતી સંગમ ઘાટ છે ત્યાં આગળ અંબરિષ રાજાનો ટીલો છે. આગળ ચક્રતીર્થ ઘાટ ઉપર કંસનો મહેલ તથા કિલ્લો છે. અહીંથી આગળ જતાં કૃષ્ણ ગંગા ઘાટ આવે છે. અહીંયાં જો કોઇ શુદ્ધ બુદ્ધિથી સ્નાન કરે તો અલૌકિક બુદ્ધિને પામે એવું આઘાટનું માહાત્મ્ય છે. અહીંઆં કાલિંજર મહાદેવ છે તથા સોમઘાટ ઉપર સોમતીર્થ છે. ત્યાંથી આગળ ધારા

પતંગઘાટ આવે છે. આ ઘાટ ઉપર ઘંટાવર્ણ છે. ત્યાંથી આગળ વૈકુંઠઘાટ, વાસુદેવ ઘાટ અને ગૌઘાટ આવે છે. ગૌઘાટ ઉપર શ્રી ઠાકોરજી ગાયોને પાણી પીવડાવતા હતા. ત્યાંથી આગળ જતાં વરાહ ક્ષેત્ર ઘાટ આવે છે. ત્યાં વરાહજીનું મંદિર છે. અને ત્યાંથી વિશ્રામ ઘાટ આવે છે. અહીંઆં શ્રી ગોવર્ધનનાથજીનું મંદિર છે. તે સિવાય યમ અને યમુના (ભાઇ બ્હેન)નાં મંદિરો છે. અહીંઆં શ્રીયમુનાજીનો મુગટ બિરાજે છે. યમે પોતાની બ્હેન શ્રીયમુનાજીને વરદાન આપ્યું છે કે ભાઇબીજ (કારતક સુદી ૨) ને દિવસે જે કોઇ શ્રીયમુનાજીમાં સ્નાન કરશે. તેને યમનાદૂતો સ્પર્શ નહિ કરે. અર્થાત્ તેને યમદ્વારમાં નહિ જવું પડે. સ્વતઃ તેનો ઉદ્ધારજ થઇ જશે તેથી પ્રતિ કાર્તિક શુકલ ૨ (યમદ્વિતીયા)ને રોજ લક્ષાવધિ માણસો શ્રી યમુના સ્નાન કરવા માટે હજારો ગાઉથી આવે છે. અહીંઆં પંચકોશી યાત્રા પૂર્ણ થાય છે.

પરિક્રમા આસોવદી ૧૦-૧૧ મથુરાજીમાં આવી પહોંચે છે. પછી આસો વદી અમાસ-દિવાળીના દિવસે માનસીગંગાનો મોટો મેળો ભરાય છે ત્યાં જવું. કારણકે દિવાળીના દિવસે અર્ધ રાત્રીએ શ્રીમાનસીગંગાના જળનાં દૂધ રૂપે દર્શન થાય છે. (આ વર્ણન પ્રથમ આવી ગયું છે) તે દર્શન કરવા સારૂ તથા બીજે દિવસે શ્રીગિરિરાજનો અન્નકુટ થાય છે. તે દર્શન કરી પાછા મથુરાં આવી કારતક શુદી ૨ શ્રી યમુના સ્નાન કરવું. આ સ્નાનનું પુરાણોમાં ઘણું માહાત્મ્ય છે. માટે અવશ્ય મનુષ્ય દેહના આખા જીવનમાં એક વખત યમદ્વિતીયા સ્નાન તો કરવું જ. અહીંઆં તે દિવસે અસંખ્ય માણસોની મેદની થાય છે. તેથી સરકાર તરફથી ઘણોજ બંદોબસ્ત રાખવામાં આવે છે. સ્નાન કરવાની જગ્યાએ કિનારેથી થોડે દૂર વહાણો રાખવામાં આવે છે જેથી કોઇ તેથી વધારે

દૂર જાય નહિ. અહીંઆં સ્નાન કરી યાત્રીઓ મુકામે જાય છે. તે પછી કારતક શુદ-૮-ને દિવસે ગાયોને લાડવા ખવરાવે છે. અસંખ્ય ગાયો ભેગી થાય છે. તેમજ આસપાસના લોકો ગાયોને લાડુ ખવરાવવા સારૂ આવે છે. વૈષ્ણવોએ પોતાની શક્તિ પ્રમાણે આ દિવસે ગૌમાતાને લાડુનું ભોજન કરાવવું. શ્રી કૃષ્ણભગવાન પ્રથમ ગાયો ચરાવવા આજ દિવસે પધાર્યા હતા. તે ભાવનાથી આજે પણ ચોબા લોકો આ લીલા કરે છે. શ્રી કૃષ્ણબળદેવજીનાં સ્વરૂપો મોટા વરઘોડા સાથે હોળી દરવાજા બહાર પધારે છે. પોતે શ્રી હસ્તથી ગૌમાતાને લાડવા ખવરાવે છે, તે પછી અસંખ્ય લોકો ગાયોને લાડવા ખવરાવે છે, આ સ્થળે મોટો મેળો ભરાય છે.

ત્યાર પછી કારતક સુદી ૯ ના દિવસે મથુરાની પંચકોશી પરિક્રમા કરે છે. જે યાત્રાનું વર્ણન આગળ આવી ગયું છે. ત્યાર પછી સુદી ૧૦ કંસ લીલા થાય છે. શ્રીકૃષ્ણ-બળદેવનાં સ્વરૂપ મોટા દબદબા ભર્યા વરઘોડાથી હોળી દરવાજે થઇ કંસ રાજાની રંગભુમી તરફ પધારે છે, ત્યાં ઉંચા ટેકરા ઉપર કંસનું પુતળુ બેસાડયું હોય છે તેને એક લાકડી મારે છે. એટલે અસંખ્ય ચોબાઓ તે પુતળાને લાકડીઓ મારે છે. ત્યાં મોટો મેળો ભરાય છે તે પછી બધા ચોબાઓ " કંસ મારે મધુપુરી આયે " એમ ગાતા ગાતા વિશ્રાન્તઘાટ શ્રીકૃષ્ણ-બળદેવના સ્વરૂપ સહિત આવે છે. અહીં એ સ્વરૂપોની આરતિ ઉતારવામાં આવે છે. પૂર્વે શ્રીકૃષ્ણભગવાને કંસને મારી આ સ્થળે વિશ્રાન્ત લીધો હતો તેથી આને વિશ્રાન્ત ઘાટ કહે છે. આ પ્રમાણે કંસલીલાનાં દર્શન કરી કારતક સુદી ૧૧ દેવપ્રબોધિની એકાદશીના મંડપનાં દર્શન બધાં મંદિરોમાં કરી દરેક યાત્રાળુઓ અનુકુળ સ્થળે યાત્રા કરવા જાય છે. કેટલાંક અહિંથી સોરમઘાટ (શ્રીગંગાજી છે) થઇ હરિદ્વાર જાય છે, કેટલાક કાશી થઇ કલકત્તા થઇ શ્રી જગન્નાથરાયજી જાય છે. માટે યાત્રીઓએ અનુકૂળ સ્થળે જવું.

આ પરિક્રમામાં મુખ્ય બાબત એ જણાવવાની છે કે કદી કોઇ પણ બાબતની શંકા રાખવી નહિ. યાત્રામાં દરેક સ્થળે દેવ-દેવીનાં સ્વરૂપો બિરાજે છે. તે બધાં ભાવમય છે. શ્રી ભગવાને જેવી લીલાઓ કરી હતી તેવી લીલાઓ તાદૃશ થવા માટે બધાં સ્વરૂપો ત્યાં બિરાજે છે. શ્રીપૂર્ણ પુરૂષોત્તમની અકળિત લીલાઓનો પાર પામવાને મોટા મોટા મુનીવરો પણ સમર્થ થયા નથી તો સાધારણ મનુષ્યની શી ગણત્રી? માટે આચાર્યશ્રી જેજે બાબતો કહે તે બાબતમાં કોઇ પણ જાતનો સંશય રાખવો નહિ.

રાસ—આ સંબંધી વધુ લખવું ઉચિત નથી. રાસના સંબંધમાં શંકા રાખનાર ગૃહસ્થોએ રા. રા. નારણદાસ દલાલની મોટી ટીપણી વાંચવી. જેથી તેમની શંકાનું સહજ નિરાકરણ થશે. રાસ એ શ્રીપ્રભુ પ્રત્યેની પ્રેમમય ભક્તિનું સ્વરૂપ છે. અને શ્રી મહાપ્રભુજીએ શાસ્ત્રના આધારે રચેલી અને વર્ણવેલી રાસલીલા-પ્રેમમય ભક્તિરસ-શુદ્ધ ભાવના-નિષ્કામ સેવા એ એક અલૌકિક વસ્તુ છે અને એજ પ્રણાલિકા પ્રમાણે વૈષ્ણવોએ વ્રજમાં થતા રાસનાં દર્શન કરી પ્રેમ રસનું પાન કરવું.

આ પરિક્રમામાં બતાવેલો ક્રમ બનતા પ્રયત્ને શ્રીગોસ્વામી બાળકોની સાથેજ રહી અનુભવેલો લખવામાં આવેલો છે તેમ છતાંય કેટલાંક સ્થળો અપૂર્ણ છે એમ મને જણાય છે. કારણ કે વ્રજની ગલીયો-કુંજો-એટલી બધી છે કે યાત્રીઓ કેટલીક વખત સમયનો લાભ લેઇ અન્ય કુંજોમાં દર્શન કરવા જાય છે તેથી તેવાં કેટલાંક સ્થળો આ ગ્રંથમાં અપૂર્ણ હશે જો કે મારા બનતા પ્રયત્ને બીજા ભગવદીયોને પૂછીને ઉમેરાતો કર્યોજ છે. છતાં અપૂર્ણતાના દોષનું બીજી આવૃત્તિ વખતે નિવારણ કરીશ. અને એટલાજ માટે વૈષ્ણવોની હું ક્ષમા ચાહું છું.

પ્રકરણ ૧૫ મું.

ઉત્તર હિન્દુસ્તાનની યાત્રા.

વૈષ્ણવો ! આપણે ગત પ્ર. ૧૪ માં જણાવ્યા પ્રમાણે વ્રજયાત્રા કરી મથુરાં આવી અટકયા છીએ. અહીંથી દિલ્હી થઇ ત્યાંથી આગળ કુરૂક્ષેત્ર-સ્થાનેશ્વર થઇ ઉત્તર હિંદુસ્તાન તરફ જઇશું. પરંતુ ઘણા વૈષ્ણવો મથુરાંથી સોરમ થઈ દિલ્હી થઇ હરદ્વાર જાય છે.

તીર્થક્ષેત્ર સોરમ.

મથુરાથી રેલ્વેમાં બેસી સોરમ જવું. વચ્ચમાં કાસગંજ જંકશને ગાડી બદલાય છે. ત્યાંથી સોરાં (સોરમ) સ્ટેશને ઉતરવું. અહીંઆં મુંબઇના શેઠ રા. રા. જમનાદાસ પ્રેમજીની ધર્મશાળામાં અથવા અનુકુળ સ્થળે ઉતરવાનો બંદોબસ્ત કરવો.

સોરમને સુકરતીર્થ-ક્ષેત્ર-વરાહતીર્થ-ક્ષેત્ર પણ કહે છે. અહીંથી શ્રી ગંગાજીની ધારા બે ત્રણ ગાઉ દૂર વહે છે ત્યાં સ્નાન કરી ઘાટ ઉપર આવેલાં મંદિરોમાં દર્શન કરવાં. વારાહજીનું મંદિર મોટું અને ભવ્ય છે. તેમાં શુકલવર્ણની વારાહજીની ચતુર્ભુજ પ્રતિમા બિરાજે છે. પ્રતિમાના મુખ ઉપર પૃથિવિનું ચિન્હ તથા ડાબા ભાગ તરફ શ્રી લક્ષ્મીજી બિરાજે છે. સ્વરૂપ અલૌકિક હોઇ દર્શન કરવા યોગ્ય છે. આ સિવાય શ્રી ગંગાજીનું, શ્રી દ્વારકાધિશનું, શ્રી દાઉજીનું, શ્રી રામલક્ષ્મણ સીતાજી વિગેરેનાં મંદિરો આવેલાં છે. અહીંઆં દર્શનાદિ કાર્યથી નિવૃત્ત થઇ ગામની નજીકમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજી,

શ્રી ગુસાંઇજી તથા શ્રી ગોકુળનાથજીની બેઠકોએ દર્શન કરવા જવું. શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ અહીંઆં પધારી સપ્તાહ કરી હતી. શ્રી મહાપ્રભુજીના અનન્ય ભક્ત કૃષ્ણદાસ મેઘનના પૂર્વાશ્રમના ગુરૂ અહીંઆં રહેતા હતા કે જેમના દ્વારા[1] કૃષ્ણદાસ શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા હતા. ઉક્ત કૃષ્ણદાસ મેઘને પોતાના હાથમાં અગ્નિ લઇ શ્રી આચાર્યજી મહાપ્રભુજી સાક્ષાત્ અગ્નિ તેજઃ પુંજ રૂપ—શ્રીપૂર્ણ પુરૂષોત્તમ છે. એવો પ્રત્યક્ષ ચમત્કાર પોતાના ગુરૂ કેશવાનંદને આ સ્થળેજ બતાવ્યો હતો.

વળી શ્રી ગુસાંઇજીની બેઠક પણ અહીં છે. અહીં આપશ્રીએ પધારી સપ્તાહ કરી અનેક દૈવી જીવોને શરણે લીધા હતા. તદુપરાંત શ્રીએ સ્વમુખે જણાવ્યું કે શ્રી ગંગાજીને ભગીરથ રાજા સ્વર્ગમાંથી પધરાવી લાવ્યા. તેથી તે સર્વ દોષ નાશ કરવાવાળી છે. માટે તેમાં અવશ્ય સ્નાન કરવું.

વળી[2] શ્રી ગોકુળનાથજીની પણ બેઠક અહીં છે. આપશ્રી માળા પ્રસંગના કજીઆ વખતે શ્રી ગોકુળથી અહીંઆં પધારી કેટલોક વખત બિરાજ્યા હતા. અને તેમના બિરાજવા પછીથી આ સ્થળ અદ્યાવધિ 'શ્રી ગોકુળ' આ નામથી ઓળખાય છે.

અહીંઆં શ્રી ઝારીજી ચરણસ્પર્શાદિની સેવા કરી યથાશક્તિ ભેટ મુકી મુકામે પાછા ફરવું. અહીંથી દિલ્હી જવું. મથુરાં અને દિલ્હી વચ્ચે લગભગ ૯૦ માઇલનું અંતર છે.

---

૧ વધુ માટે જુઓ "ચોરાશી વૈષ્ણવની વાર્તા." તથા "બેઠક ચરિત્રનાં પુસ્તકો."

૨ શ્રી ગોકુળનાથજી ડાકોરજી પણ અહીં પધાર્યા હતા. વધુ માટે જુઓ "શ્રી ગોકુળનાથજીનું જીવન ચરિત્ર."

દિલ્હી.

સ્ટેશને ઉતરી ધર્મશાળામાં ઉતરવાનો બંદોબસ્ત કરવો. શહેરમાં ઘણી ધર્મશાળાઓ છે. પરંતુ ચુનામલ મારવાડીની ધર્મશાળા ઉત્તમ સગવડતા વાળી છે. માટે યાત્રાળુઓએ અહીંઆં ઉતરવાનો બંદોબસ્ત કરવો. દિલ્હી ભારતવર્ષની રાજધાનીનું મુખ્ય શહેર છે. બ્રિટિશ સલ્તનત પહેલાં પણ આજ સ્થળ પૌંડવ કૌરવથી તે ઠેઠ મોગલ બાદશાહના વખત સુધી રાજ્ય ગાદી તરીકે પ્રસિદ્ધ હતું. શરૂઆતના બ્રિટિશ અમલદારોએ આ સ્થળ બદલી હિંદુસ્તાનની ગાદી કલકત્તામાં રાખી હતી પરંતુ ઈસ. ૧૯૧૨ માં કલકત્તાથી ગાદી ફેરવી દિલ્હી રાખ્યું છે. અત્યારે આજ સ્થળ રાજ્ય ગાદી તરીકેજ ગણાય છે. આ જગાએ પ્રથમ હસ્તિનાપુર હતું તેજ જગાએ દિલીપ રાજાએ દિલ્હીનગર વસાવ્યાનું જણાય છે. આ પ્રાચિન દિલ્હી આધુનિક દિલ્હીથી લગભગ ૫૦ માઇલનાવિસ્તારમાં હોવાની નિશાનીઓ માલુમ પડે છે. હાલનું દિલ્હી મોગલ પાદશાહ શાહજહાને બંધાવેલું છે. મોગલાઈવારાની જાહોજલાલી અને ભવ્યતા દેશી કારીગરીના ઉત્તમોત્તમ નમુનાઓ અત્યારે પણ આ શહેરમાં માલુમ પડે છે. અને તેથી તે વખતની આર્થીક સ્થતિ સબંધી તથા હુનર કળાની મોટાઇનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી.

દિલ્હી શહેર કિલ્લે બંધી છે. તેમાં અનેક દરવાજાઓ છે. અને દરવાજાઓ વચ્ચે સુંદર સડકો આવેલી છે. શહેરનાં જોવા લાયક સ્થળોમાં આ કિલ્લો છે. કિલ્લો જોવા જનારને પાસ (પરવાનગીપત્ર) મેળવવાં પડે છે. કિલ્લો શ્રી યમુનાજી ઉપર બાંધેલો છે. જેની અંદર દિવાને આમ અને દિવાને ખાસ–દેશી કારીગરીના ઉત્તમ નમુનાથી બાંધેલા છે. દિવાને આમની જગ્યામાં આરસપહાણ અને બીજા ચકચકિત પથરના થાંભલાઓ છે. દિવાને ખાસમાં આરસપહાણનું

અને સોના ચાંદીનું જે અદ્દભૂત કામ કરવામાં આવ્યું છે તે જોઈ મોટા મોટા યુરોપીઅનો પણ આશ્ચર્યમાં ગરકાવ થાય છે. શાહજહાનનું મયુરાસન જે નાદિરશાહ લઈ ગયો હતો તે આ સ્થળે રહેતું હતું આ મયુરાસનની કીંમત લગભગ સાડા છ કરોડ રૂપિઆ હતી એમ કહેવાય છે. આ શિવાય રાણી બાગ, સંગ્રહસ્થાન, જુમા મસ્જીદ, હુમાયુનો મકરબો, કુતુબ મિનાર, લોહસ્તંભ, અશોક સ્તંભ વિગેરે ઘણાં જોવા લાયક સ્થળો છે. કુતુબ મિનાર ઘણો ઊંચો છે, તેને પત્થરના ગોળાકારમાં પાંચમાળ સુધી બાંધેલો છે. પ્રથમ સાત માળ હતા. પરંતુ પાછળથી વીજળી પડવાથી ઉપરના બે માળ પડી ગએલા છે. આ કુતુબ મિનાર પૃથિરાજે બંધાવેલો છે એમ કહેવાય છે. બીજી આખ્યાયિકા એવી છે કે, રાય પિઠોરાએ પોતાની દિકરીને શ્રી યમુનાજીનાં દર્શન કરવાની આતુરતા હોવાથી આ મિનારો બંધાવ્યો હતો અને તેના ઉપર ચઢી તે શ્રી યમુનાજીનાં દર્શન કરતી હતી. ત્રીજી આખ્યાયિકા પ્રમાણે ગુલામવંશના પાદશાહ કુતુબુદ્દીને આ મિનારો બંધાવ્યો હતો એમ કહેવાય છે. પ્રથમનાં બે નામ અસંભવિત જણાય છે કારણ કે હિંદુ રાજાઓ થઈ મુસલમાની નામ રાખવાનું શું પ્રયોજન હશે તે સમજાતું નથી. તેથી મુસલમાન પાદશાહે બંધાવ્યો હોય તેમ જણાય છે. ફાવે તેમ હો પરંતુ આ મિનારો દુનિયાની કારીગરીનો અદ્દભુત નમુનો છે. આ સિવાય બીજાં જોવા લાયક સ્થળો પણ ઘણાં છે.

વેપાર રોજગારની બાબતમાં પણ શહેર ચઢીઆતું છે. જરી, લેસ, કિનાર, ઝીક વિગેરેનું કામ ઘણુંજ સુંદર થાય છે. મુસાફરોએ અહીંના વેપારીઓથી ઘણા સાવચેત રહેવું. ઘણા મીઠાબોલા હોઈ ગ્રાહકને છેતરવામાં પ્રવીણ હોય છે. અહીંથી આગળ કુરૂક્ષેત્ર તથા સ્થાનેશ્વર તરફ જવું.

તીર્થક્ષેત્ર કુરૂક્ષેત્ર (સ્થાનેશ્વર)

સ્થાનેશ્વર દિલ્હીથી લગભગ ૯૬ માઇલ દૂર આવેલું છે. દિલ્હી મુકયા પછી કેટલાંક સ્ટેશનો બાદ સ્થાનેશ્વરનું સ્ટેશન આવે છે ત્યાં ઉતરવું. સ્ટેશન ઉપર એક ધર્મશાળા છે ત્યાં અથવા તો યોગ્ય સ્થળે મુકામ કરવો. અહીંઆં સરસ્વતિ નદી વહે છે. સ્થાનેશ્વરમાં સરોવર ઘણાં છે જેમાંનાં 'કુરૂક્ષેત્ર, સન્નિહિત અને સ્થાણુ એ ત્રણ મુખ્ય ગણાય છે. અહીંઆં પ્રતિ અમાસે સ્નાન, દાન, શ્રાદ્ધાદિક થાય અને આનું માહાત્મ્ય વિશેષ ગણેલું છે, કુરૂક્ષેત્ર અહીંથી બે માઇલ દૂર છે. અહીંઆં કુરૂક્ષેત્રની અંતરગૃહી પરિક્રમા કરવામાં આવે કુરૂક્ષેત્રનાં ૩૬૦ તીર્થ છે. વનયાત્રાની માફક અહીંની પણ પુરી પરિક્રમા કરવામાં ચાર કે પાંચ માસ થાય છે. આ ભૂમિકાનો વિસ્તાર લગભગ ૬૦ માઇલનો ગણાય છે. કુરૂક્ષેત્ર સરસ્વતિના જળથી ભરેલું છે તેમાં સ્નાન કરી સૂર્યઘાટ જવાય છે. ત્યાંથી ચંદ્રકુપ અને ત્યાર બાદ આગળ શ્રીકૃષ્ણ યુદ્ધિષ્ઠિરનાં દર્શન કરી નાભીકમળ સરોવર પર જવાય છે. ત્યાંથી સ્થાનેશ્વર અને ત્યાંથી દેવી કુપ આવે છે આ દેવી કુપ આગળ કુવામાં દેવીની પ્રતિમા દ્રશ્યમાન થાય છે, આગળ કુબેર ભંડારી, સરસ્વતિ, લક્ષ્મીનારાયણ આદીનાં મંદિરો આવેલાં છે. સ્થાનેશ્વરથી ૭ ગાઉ દૂર પોહવા નામનું પવિત્ર તીર્થ છે. મહાભારતમાં પુષ્કરસમિતિ નામથી પ્રસિદ્ધ તીર્થનું વર્ણન વાંચવામાં આવે છે તે આજ છે. આ સ્થળે પ્રતિ ચૈત્ર અને આસો માસમાં મેળો ભરાય છે. આ સ્થળે સ્ત્રીઓ પોતના ગતપતિના મોક્ષ માટે શ્રાદ્ધ કરે છે. હિંદુસ્તાનમાં ગયાજી, સિદ્ધપુર વિગેરે સ્થળોએ પિતૃશ્રાદ્ધ, માતૃશ્રાદ્ધ, ક્રિયા થાય છે. તેમ આ સ્થળે પણ સ્ત્રીઓને પોતાના મૃત પતિના મોક્ષને માટે ક્રિયાઓ કરવાનું શાસ્ત્રોમાં માહાત્મ્ય જણાવ્યું છે. શ્રીમદ્ભાગવત સ્કંધ ૧૦ અધ્યાય ૮૨ તથા ભારત–આદી પર્વ, વન

પર્વ, ઉદ્યાગ પર્વ, શાન્તિ પર્વ તથા લિંગપુરાણ, પદ્મપુરાણ વિગેરે પુરાણોમાં અપૂર્વ માહાત્મ્ય વર્ણવેલું છે. સ્થળ સંકોચને લીધે અત્રે આપી શકયા નથી,

અહિંઆં **શ્રી મહાપ્રભુજીની** બેઠક એક કુંડ ઉપર આવેલી છે. (આ બેઠક હાલમાં ગુપ્ત જણાય છે.) શ્રી આચાર્યજી મહાપ્રભુજી પૃથિવિ પ્રદક્ષિણા કરતા કરતા આ ક્ષેત્રને પાવન કરવાની ખાતર પધાર્યા હતા અને અહીં સપ્તાહ કરી હતી તથા યુગલ ગીતનો પ્રસંગ વર્ણવી અપૂર્વ આનંદ કરાવ્યો હતો. શ્રી મહાપ્રભુજીએ પરમ કૃપાપાત્ર ભગવદીય કૃષ્ણદાસ મેઘનને સ્વમુખે કહ્યું કે આજ ક્ષેત્રમાં પાંડવ કૌરવનું યુદ્ધ થયું હતું અને શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને વિરાટ્ સ્વરૂપ બતાવી શ્રીમદ્ભગવદ્ગીતાનો ઉપદેશ કર્યો હતો. અહીંઆં આ પ્રમાણે ભગવદ્ વાર્તા કરી અપૂર્વ આનંદ કરાવ્યો હતો અને પરમ ભગવદીય વૈ. પંડિત જગતાનંદને આચાર્યશ્રીએ આજ સ્થળે શરણે લીધા હતા.

આ ભૂમિકા ભ્રષ્ટ બુદ્ધિની ગણાય છે. આ સ્થળે આવનાર માણસની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ન કરવાનાં કાર્યો કરવા તત્પર થયાનાં દૃષ્ટાન્તો ઘણાં મળી આવે છે. પાંડવ કૌરવનું યુદ્ધ અહીંયાંજ થયું હતું. પિતૃભક્ત શ્રવણ માબાપને કાવડમાં લઇ તીર્થાટન કરતાં આ સ્થળે આવ્યો ત્યારે તેની બુદ્ધિમાં વિકાર થયો હતો. જમદગ્નિ પુત્ર પરશુરામે પોતાની માતાનું અપમાન થવાથી એકવીસવાર પૃથિવિ ન ક્ષત્રિય કરી હતી. અને તે તીર્થસ્થાન થાય એવું વરદાન માગેલું હોવાથી આ કુંડો તીર્થ સ્થાન થયા છે. (આદી પર્વ) આજ સ્થળે અનેક વાર શોણિતપાત થયો છે. કુરૂક્ષેત્રનું માહાત્મ્ય ઘણુંજ છે. કુરૂ રાજાએ તપશ્ચર્યા કરી ત્યાર પહેલાં આ સ્થળ સમન્તપંચક કહેવાતું, પરંતુ ત્યાર પછીથી આ સ્થળ કુરૂક્ષેત્ર નામથી પ્રસિદ્ધ છે, આ સ્થળે

કેટલાક યોગીઓ સંસાર ત્યાગી વાસ કરી રહેલા જોવામાં આવે છે. અહીંથી હરદ્વાર જવું,

મુંબઇ અને હરદ્વાર વચ્ચે ૧૦૨૬ માઇલનું અંતર છે. કુરૂક્ષેત્રથી આગળ જતાં કેટલાંક સ્ટેશનો મુકી અમ્બાલા અને અંબાલાથી લકસર જવું અહીંથી બીજી ગાડીમાં જતાં હરદ્વાર આવે છે. અહીં ઉતરવું પંજાબમાં થઈ યાત્રાળુઓ અંબાલા સુધી આવી પહોંચ્યા હતા તે હકીકત આગળ પાન ૨૪૮ માં આવી ગઇ છે. એટલે આ સ્થળે તેની અગત્યતા નથી.

તીર્થક્ષેત્ર હરદ્વાર.

હરદ્વાર ગામ સ્ટેશનથી લગભગ બે માઇલ દૂર છે. અને યાત્રાળુઓને ઉતરવા સારૂ ધર્મશાળાઓ પણ ઘણી છે. શેઠ સુરજમલની, કાશ્મીરના રાજાની, બિલાસપુરના રાજાની અને અન્ય મારવાડી ગૃહસ્થોની ધર્મશાળાઓ ઉત્તમ પ્રકારની સગવડવાળી બંધાવેલી છે. યાત્રાળુઓએ અનુકુળ ધર્મશાળામાં મુકામ કરવો.

હરદ્વાર પવિત્ર સ્થાન છે. હિંદુઓની પવિત્ર સપ્તપુરીઓ— ઉજ્જન, દ્વારિકાં, મથુરા, હરદ્વાર, અયોધ્યા, કાશી અને કાંચી એ છે તેમાં હરદ્વાર ઘણુંજ પવિત્ર અને પુરાણોમાં અપૂર્વ માહાત્મ્યવાળું પ્રાચિન તીર્થક્ષેત્ર છે. કપિલ ઋષીના શ્રાપથી સગર રાજાના પુત્રો બળી ગયા હતા. તેમનો મોક્ષ ગંગા નદીના જળથી થાય તેમ હોવાથી, ઇક્ષ્વાકુ વંશના અનેક રાજાઓએ ભગીરથ પ્રયત્ન કર્યો હતો સગરના પૌત્ર અંસુમાન, અને અંસુમાનનો પુત્ર દિલીપ બન્ને તપ કરતાં અવસાન પામ્યા પરંતુ ગંગાજીને લાવી શકયા નહિ ત્યારબાદ દિલીપના પુત્ર [1]ભગીરથે ઉગ્રતપ કરી શ્રી ગંગાજીને પ્રસન્ન કર્યાં પણ અન્તરિક્ષથી

---

૧ આપણામાં પ્રચલિત કહેવત છે કે:—અમુક કાર્ય કરવામાં "ભગીરથ પ્રયત્ન કરવો પડશે" એ કહેવત આ ભગીરથ રાજાના ઉગ્રતપ ઉપરથી થઈ હોય એમ જણાય છે.

અવનિ ઉપર પધારતાં શ્રી ગંગાજીને ઝીલવા સારૂ મહાદેવજીનું તપ કરી પ્રસન્ન કરવા પડયા હતા, શીવજીએ શ્રી ગંગાજીને પોતાના મસ્તકની જટામાં ઝીલી લીધાં અને ત્યાર પછી ગંગાજી હરદ્વાર આગળથીજ પૃથિવિ ઉપર વહેવા લાગ્યાં તેથી હરદ્વારને શ્રી ગંગાદ્વાર પણ કહે છે. વળી શ્રી ગંગાજીને ભગિરથી પણ કહે છે. ગંગાજીનું જળ હરદ્વાર આગળ નિર્મળ, પારદર્શક, અને અત્યંત સ્વચ્છ છે એક પાઇ સરખી જો તેમાં પડે તો પણ દેખાઈ આવે છે. જળ આરોગ્યકારક છે. હિમાલય પર્વતને લીધે અતિશય ઠંડું છે. તેથી આંગળી પણ બોળી શકાતી નથી. આ સ્થળે સ્નાનનું માહાત્મ્ય અપૂર્વ છે. યાત્રીઓ અતિશય ઠંડી હોવા છતાં પણ પોતાના પાતકના નાશ માટે આ સ્થળે સ્નાન કરે છે. અહીંથી હિમાલય ઉપર ચઢવાનો રસ્તો શરૂ થાય છે. વળી કુંભના બ્રહસ્પતિમાં ચઢાવ વખતે બાર વરસે અહીં મોટો મેળો ભરાય છે.

હરદ્વારમાં દર્શનીય સ્થળો ઘણાં છે. મુખ્ય ઘાટ હરિપીંડી આગળ શ્રી કૃષ્ણભગવાનની શ્રીચરણપાદુકાજી બિરાજે છે. ગંગાજીની પાસે બ્રહ્મકુંડ છે. અહીં નજીકમાં પિતૃભક્ત શ્રવણનું શ્રવણનાથનું મંદીર છે. અહીંથી અર્ધા ગાઉ ઉપર માયાપુરી આવે છે. અહીંઆં માયાદેવી, નારાયણ શીલા આદિનાં મંદીરો છે. આગળ નીલપર્વતની ઝાડીમાં ગૌરિશંકર, અને નિલેશ્વરનાં દર્શનીય સ્થળો આવેલાં છે. અહીંથી કનખલક્ષેત્ર જવું.

કનખલક્ષેત્ર.

અહીંથી બે ગાઉ દૂર કનખલક્ષેત્ર, કુશાવર્ત્ત, નીલદેવી, બીલ્વપર્વત વગેરે પવિત્ર ક્ષેત્રો આવેલાં છે. કુશાવર્ત્તમાં શ્રાદ્ધાદિક ક્રિયાઓ થાય છે કનખલગામ હરદ્વારથી મોટું છે. અને ધનાઢ્ય લોકો આ ગામમાં રહે છે. અહીં હરદ્વાર કરતાં દર્શનીય સ્થળો વિશેષ જોવામાં આવે છે

રાજા પતિના યજ્ઞનું દક્ષસ્થાન તથા દક્ષ પ્રજાપતિનું મંદીર પણ ીંઆં છે. શંકરની આજ્ઞા વગર ઉમીયાજી પિતાને ત્યાં ગયેલાં પણ અપમાન થયું તથા પોતાના પતિની સ્થાપના નહિ હોવાથી સતી ૈયાજી બળી ભસ્મ થયાં હતાં તેનો સતીકુંડ આ સ્થળે છે. વળી સ્થળે ઉમીયાજી શ્રી રામચંદ્રજીની પરિક્ષા કરવા સારૂ સીતાનું લેઇ ગયાં હતાં તે પકડાઇ જવાથી શંકરે પણ માતાતુલ્ય સીતું રૂપ લીધેલું જાણી ઉમીયાજીનો ત્યાગ કર્યો જેથી યજ્ઞકુંડમાં બળી ીં અને ફરી હીમાચળને ત્યાં જન્મ લીધો અને પાર્વતી નામ રી શંકરને પરણ્યાં હતાં. એ બધો બનાવ આ ક્ષેત્રને વિષે બતું કહેવાય છે. આ શિવાય અહીંયાં મોટેશ્વર, સીતારામ, રાધાકૃષ્ણ વ્યાસ, દક્ષેશ્વર, વિગેરે દર્શનીય સ્થળો છે. અહીંથી શ્રી આચાર્યજી હાપ્રભુજીની બેઠકે જવું.

હરદ્વારમાં કનખલક્ષેત્ર આગળ શ્રી આચાર્યજી મહાપ્રભુજી સં. ૧૫૭૬ માં પધાર્યા હતા. અને ત્યાં પોતાની બેઠક કરી છે. જે તે આચાર્ય શ્રી આ સ્થાને પધાર્યા હતા ત્યારે કુંભના પ્રહસ્પનું વર્ષ હતું તેથી લાખો યાત્રાળુઓ શ્રી ગંગાજીમાં સ્નાન કરવાને ેલા હતા. હવે તે દિવસે પાછલી ચાર ઘડી રાત્રીએ પર્વકાળ ા. તેથી શ્રી મહાપ્રભુજીએ નવીન ચમત્કાર દર્શાવવાની ઇચ્છાથી ગમાયાનું આવાહન કર્યું ને આજ્ઞા કરી કે અમો સ્નાન કરી કનક્ષેત્ર પાછા જઇએ ત્યાં સુધી પર્વકાળ સ્થિર રહે. જેથી યાત્રીને પર્વકાળમાં સ્નાન કરવાનો વખત મળે. કારણ કે આ ક્ષેત્રમાં ા રાખી દૂરથી યાત્રીઓ આવ્યા છે. તેમને તેમની શ્રદ્ધાનું ફળ તું જોઇએ એમ ન થાય તો તેમની તીર્થયાત્રા નિષ્ફળ નીમાટે ઉપર પ્રમાણે અમારી આજ્ઞાનુસાર કરવા તત્પર રહેશો. ારબાદ શ્રી આચાર્યજી મહાપ્રભુજી, તથા દામોદરદાસ હરસાની

કૃષ્ણદાસ મેઘન, વાસુદેવદાસ છકડા વિગેરે સહ પર્વકાળમાં સ્નાન કરવા ગયા ત્યાં સ્નાનાદિ કર્યાં પછી એક મુહુર્ત પર્યંત પંચાક્ષર મંત્રનો જપ કર્યા પછી કનખલક્ષેત્ર પધાર્યા. ત્યાર પછી યોગમાયાએ સર્વ યાત્રાળુઓની નિદ્રા ઉરાડી દીધી. ને તેમને પર્વકાળમાં સ્નાન કરવાનો વખત મળ્યો. આ ચમત્કાર જોઈ ઘણા દૈવીજીવ શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા હતા અહીંથી આચાર્ય શ્રી બદ્રિકાશ્રમ પધાર્યા હતા.

તીર્થક્ષેત્ર ઋષિકેશ.

હરદ્વારથી ડહેરાદુન જતાં ઋષિકેશનું પહેલું સ્ટેશન આવે છે હરદ્વારથી ઋષિકેશ ૧૨ ગાઉ દૂર છે. હરદ્વારથી પગરસ્તે ઋષિકેશ જતાં ભીમગોડા નામનું સ્થળ આવે છે ત્યાં ભીમેશ્વર મહાદેવ, ભીમકુંડ અને ભીમગંગા છે. અહીંઆં કુન્તિ પુત્ર ભીમે તપશ્ચર્યા કરી હતી ત્યાંથી આગળ સત્યનારાયણ નામનું ગામ આવે છે. ત્યાં સત્યનારાયણનું મંદિર છે. તેમાં સત્યનારાયણ, લક્ષ્મી અને મહાવીરની મૂર્તિઓ બિરાજે છે તે સિવાય શ્રી ગંગાજીને જમણે કિનારે શ્રીરામજાનકીજીનું મંદિર છે, તથા પાસે કુબ્જાવર નામનો કુંડ છે બીજું મુખ્ય મંદિર ભરતજીનું છે ભરતજીની શંખ, ચક્ર, ગદા, પદ્મ, સહિત ચતુર્ભુજ મુર્તિ પધરાવેલી છે. અહીંથી થોડેક દૂર શત્રુઘ્નનું મંદિર છે.

આ સ્થળના માહાત્મ્ય વિષે પુરાણોમાં એવો ઉલ્લેખ છે કે વિષ્ણુ ભગવાને ૧૭ મા મન્વંતરમાં મધુ અને કૈટભ રાક્ષસોને મારી. તેમના મેદથી પૃથિવિને બનાવી. અને પછીથી ગંગા દ્વાર આગળ રમ્ય મુનિને દર્શન આપ્યાં. તથા ઋષિની ઇચ્છાથી શ્રી ભગવાને ત્યાંજ નિવાસ કર્યો અને સ્થળનું નામ ઋષિકેશ રાખ્યું.

બદ્રિકાશ્રમની યાત્રાએ જનાર યાત્રાળુઓને ઋષીકેશમાંથીજ પોતાના ખપની વસ્તુઓનો બંદોબસ્ત કરી લેવાની જરૂર છે. ઋષીકેશમાં

સુરજમલની ધર્મશાળા છે. જે ઉતારાને માટે સર્વોત્તમ છે. રહેવાને સારૂ ઓરડા, વાસણાદિ ચીજો દરેક યાત્રાળુને મળે તેવો બંદોબસ્ત અહીંઆં કરેલો છે. બાવા કાળી કામળીવાળા રામનાથ નામના સાધુએ આ ધર્મશાળા ઉપરાંત બીજુ દરેક જાતનું સાહિત્ય રસ્તામાં પણ મળી શકે તેવો બંદોબસ્ત કરેલો છે. અને યાત્રીઓ આ હકીકત સાંભળી આવા માહાત્મા પ્રત્યે પૂજ્યભાવ બતાવે છે. બાવા કાળી કામળીવાળાએ ઉપદેશ કરી યાત્રીઓના લાભાર્થે ઉત્તમ પ્રકારની યોજના કરી છે. અને તેમને ત્યાં દેશ પરદેશથી દરેક જાતની ચીજો સાધુ વિગેરેને આપવા સારૂ ઉદાર ગૃહસ્થો મોકલી આપે છે. આ ઋષીકેશ ઘણુંજ પવિત્ર સ્થાન છે. સંસારની અહીંઆં ગંધ પણ આવતી નથી. અને જાણે નિરાવરણ સ્થાન હોય તેવો આ ભૂમિનો દેખાવજ કહી આપે છે. દરેકના મુખમાં રામનામ અને વેદાધ્યયન ચાલતુંજ જોવામાં આવે છે. ગંગાજીનો પ્રવાહ પણ કાંઠા ઉપરની વનસ્પતિને લીલીજ રાખે છે અને જાણે શાન્તિનિકેતન ન હોય એમ હૃદયમાં આભાસ થાય છે.

તીર્થક્ષેત્ર બદ્રિકાશ્રમ.

હરદ્વારથી ગંગોત્રી થઇ ત્યાંથી કેદારનાથ થઇ બદ્રિનાયરાયણ જનારને લગભગ ૪૫ દિવસની પગ રસ્તાની મુસાફરી કરવી પડે છે. અને બદ્રિનારાયણથી બાર ગાઉ પગે ચાલી જતાં કાઠગોદામ રેલવે સ્ટેશન આવે છે. ત્યાંથી રોહીલખંડ અને કુમોન રેલવે દ્વારા જવાનો રસ્તો મળે છે. હરદ્વારથી કેદારનાથ થઇ બદ્રિનારાયણ જનારને ૩૦ દિવસ લાગે છે. આ હિમાલય પર્વતની યાત્રા ઘણીજ કઠણ અને અગવડ ભરેલી છે. રસ્તો ખાડા ટેકરા વાળો, ઠંડી અતિશય અને બરફ તથા જંગલ ચીજ ભાવનો રસ્તામાં અભાવ વિગેરે અગવડો જોઇ આ તરહની યાત્રા કંટાળા રૂપ થઇ પડે છે. એટલે યાત્રાળુઓ

જઇ શકતા નથી. સશક્ત માણસોજ તથા જેને સુખ દુઃખ સહન કરવાની શક્તિ હોય છે. તેમનાથી આ સંકટ ભરેલી યાત્રા થઇ શકે છે. પૈસા ખરચતાં પણ અહીંઆં જોઇતી ચીજ મળતી નથી તો પછી દહીંને દુધમાંજ રમેલા, અને જેણે અગવડતાઓ ભોગવીજ નહોય તેનાથી આ મુસાફરી થવી અસંભવિત છે. વળી આ પર્વતની યાત્રામાં વધારે સરસામાન રાખવાથી પણ ઉપાધિ થઇ પડે છે. આવાં અનેક કારણોને લીધે કેટલાક ફકત ઋષિકેશથીજ પાછા ફરે છે અને આગળની યાત્રાને ઋષીકેશમાંજ રહી નમસ્કાર કરે છે. હરદ્વારથી કેદારનાથ આશરે ૧૫૦ માઇલ દૂર છે. અને ઋષિકેશથી બદ્રિનારાયણ લગભગ ૧૭૦ માઇલ દૂર છે.

ઋષીકેશથીજ પર્વત ઉપર ચઢવાનો ચઢાવ શરૂ થતો હોવાથી અહીંથી જંપાન અને કંડીનો બંદોબસ્ત કરી લેવો. જંપાન એટલે ચોખંડીમાંચી એને ચાર માણસો ઉંચકે છે. પરંતુ બેસનારને અક્કડ બેસવું પડતું હોવાથી પગ અકડાઇ જાય છે. કંડી એટલે કંડીઆ અથવા મોટા ટોપલા તેની અંદર પણ માણસ બેસી શકે છે. કંડી નીચેથી સાંકડી અને લગભગ ૧-૧ાા ગજ ઊંચી તથા ઉપરથી પહોળી હોય છે. ઉપરથી કેટલોક ભાગ કાપી કાઢેલો હોય છે. તેથી ખુરશીના આકારમાં હોઇ બેસનારના પગ બહાર પડે છે. અને પીઠ તથા વાંસો કંડીમાં રહે છે. પરંતુ આ ઘણીજ દુઃખ દાયક થઇ પડે છે. કંડીને એક જ માણસ ઉંચકે છે અને તે માણસ પોતાની પીઠ સાથે સખત બાંધી લે છે તેથી પડી જવાનો ભય રહેતો નથી. પણ જ્યારે ઉંચકનાર પડી જાય ત્યારેજ કંડી સાથે બેસનાર પડી જાય છે. જંપાનમાં કે કંડીઓમાં સર સામાન રાખી શકાતો નથી. સર સામાન સારૂ જુદીજ કંડી ભાડે કરવી પડે છે. કંડીમાં એક મણ બંગાળી વજન રહી શકે છે. જો વજન ઓછું હોયતો કેટલીક વખત અણ

ચાર યાત્રાળુઓ ભેગા થઇને એક મણ વજન પુરો કરી આખી કંડી ભાડે કરી શકે છે. જંપાન કે કંડીને ઉંચકનાર મજુરો બ્રાહ્મણ, ક્ષત્રિયો વિગેરે ઉંચ વર્ણના હિંદુઓ હોય છે. તેમજ શુદ્રોના હાથનું પાણી ખપતું ન હોવાથી ઉચ્ચ વર્ણના માણસોને રાખવાથી ફાયદો થાય છે. સરસામાનની કંડીઓ ઉપાડનાર મજુરો પહાડી અને ઠરેલ પગના હોય છે. અને એ કામથી હમેશાં એવા ટેવાઇ ગએલા હોય છે કે પહાડની ધાર ઉપર માત્ર એક પગ મુકાય એવી જગ્યાએ પણ એવા પગ ઠેરવીને મુકે છે કે યાત્રાળુઓને કદી પણ હરકત આવતી નથી. જંપાન—અને કંડીને લગતા દર તથા ભાવ તાલના કરાર રામપુર દરબાર થાણું જે હૃષીકેશથી બે માઇલથી દુર આવેલું છે. ત્યાં સરકારના નીમેલા માણસ તરફથી થાય છે. અને સઘળી બાબતની નોંધ રાખવામાં આવે છે. વાંધો પડતાં ફર્યાદ થાય છે. કંડી તથા જંપાનનું ભાડુ મેલચોરી સુધી જ ઠરાવેલું હોય છે મેલચોરીથી શ્રીબદ્રીનાથ ગામ સુધી નવા મજુર કરવા પડે છે. ને તે બાબતના કરાર મેલ-ચોરીમાં થાય છે. આ યાત્રા જેટલી કઠણ છે. તેટલાજ પ્રમાણમાં ખર્ચ થાય છે. કંડીનું ભાડું લગભગ. ૨૫ થી ૪૦ રૂપીઆ સુધી પડે છે. જપાનનું ખર્ચ ૧૦૦ થી ૧૨૫) રૂપીઆ સુધી પડે છે. કંડીમાં માણસ ઉપાડવાનું ખર્ચ પણ ૫૦ થી ૬૦) રૂપીઆ સુધી હોય છે. પગે ચાલનાર યાત્રીઓએ વાંસની લાકડી પણ પાસે રાખવી. અને તે આ મુસાફરીમાં ઢોળાણવાળા ભાગમાં આ લાકડીથી પગ ટેકવીને ચાલવાને ઘણી જ ઉપયોગી થઇ પડે છે. મુસાફરી હંમેશાં થોડી થોડી અને સંયમમાંજ કરવી. પહેરવાનાં કપડાં બનતાં સુધી ગરમ જ રાખવાં. ખાવાની ચીજો પહાડ ઉપર મળે છે પરંતુ જેમ જેમ ઊંચે જઇએ છીએ તેમ તેમ ચીજો ઘણી મોંઘી અને મન પસંદ મળતી નથી માટે સાધારણ પ્રમાણમાં ખોરાકની ચીજો રાખી લેવી, ઘણી

પહાડ ઉપરની ઠંડી હવાને લીધે શરીરની આરોગ્યતા બગડવાનો સંભવ વિશેષ હોવાથી-મરી, સુંઠ, પીપર, કવીનાઇનની ગોલીયો, વિગેરે પોતાની પ્રકૃતિને અનુસરતી દવાઓ સાથે રાખવી. જો કે આ પ્રમાણે કરવાથી સરસામાન વધી જાય અને કંડીનું ખર્ચ વિશેષ પડે પરંતુ તેથી આરોગ્યતા જળવાય છે અને યાત્રા નિર્વિઘ્ને થઈ શકે છે.

પહાડ ઉપર ચઢતાં કેટલીક ચટ્ટીઓ આવે છે. યાત્રાળુઓને માર્ગમાં મુકામ કરવો પડે છે તેમની સગવડ સાચવવા સારૂ તથા વેપારીઓ ધંધાર્થે યાત્રીઓના માર્ગથી દુર અને અનુકુળ જગ્યાએ દુકાનો માંડે છે આ દુકાનો ગામડામાં ઝુપડાં જેવી હોય છે. અને ઝુંપડામાં એક સીધા સામાનીની દુકાન હોય છે. ઝુંપડામાં યાત્રાળુઓનો સંઘ લગભગ ૨૦ થી માંડીને ૧૦૦ સુધી રહી શકે છે આ ચટ્ટીઓમાં રહેનારને ભાડું આપવું પડતું નથી પરંતુ તે બધા માણસોને તેજ દુકાનમાંથી જોઇતો સરસામાન લેવાનું બંધન હોય છે. વળી આવા દુકાનદારો માણસોના મોટા જથાને પોતાની મઢીમાં ઉતરવા દે છે કારણ કે તેથી તેને ત્યાં વેચાણ સારૂ થવાથી સારી કમાઇ કરી શકે છે. દુકાનો બરફથી અથવા પાંદડાંથી છાયેલી હોય છે. અને જમીન ઉપર વાંસની સાદડીઓ પાથરેલી હોય છે. આવી ચટ્ટીઓમાં યાત્રાળુ રસોઇ કરી જમે છે. ચહા, દુધ વિગેરે ચટ્ટીઓમાં દુકાનદારો રાખે છે. અને તેથી યાત્રાળુઓને એ યોજના આવકારદાયક થઇ પડે છે. પર્વત ઉપર લગભગ ૧૦૦ ઉપરાંત આવી ચટ્ટીઓ હશે.

આ ક્ષેત્રના માહાત્મ્યની કહેવત છે કે:—

જો જાય બદ્રી, તે ફરી ન આવે ઉદરી,
જો આવે ઉદરી, તો ન રહે દરિદ્રી.

ઉપર લખેલી જગત્ પ્રસિદ્ધ કિંવદંતિ સર્વથા સત્ય છે. આ સ્થળે પાંડવોએ તપશ્ચર્યા કરી દેહ ગાળી હતી. બ્રહ્માએ તપ

આજ પ્રદેશમાં કર્યું હતું. અને તેજ તપના ફળરૂપ સૃષ્ટિને ઉત્પન્ન કરવાનું વરદાન પામ્યા હતા. વિશ્વામિત્ર ઋષિ, નારદઋષિ, અગસ્તમુનિ વિગેરે ઋષીમુનીઓએ પ્રભુને પ્રસન્ન કરવા આજ પ્રદેશમાં તપશ્ચર્યા કરી હતી. પવિત્રમાં પવિત્ર ગણાતી અને ભગીરથ રાજાએ ઘણો કાળ ઉગ્ર તપશ્ચર્યા કરી સ્વર્ગમાંજ વહેતી શ્રી ગંગાનદીને મનુષ્યનાં પાપ ધોવાને પૃથ્વિની સપાટી ઉપર આજ પ્રદેશમાંથી વહેરાવી હતી. આજ ક્ષેત્રોમાં અલકનંદા અને મંદાકિનીનો સંગમ થાય છે. ગંગા અને ખાંડવ નદી આજ ભૂમિકાને વિષે એકઠી થઈ એકજ રૂપે વહે છે. શ્રાદ્ધાદિક ક્રિયાઓનું ફળ અહિંઆં પ્રાપ્ત થાય છે. પાપનો નાશ થાય એવાં ક્ષેત્રો, તેમાં આવેલાં દેવોનાં મંદિરો, અને અત્યારે પણ સંસાર ત્યાગી નિષ્કામી સાધુ વૃત્તિવાળા મહાત્માઓ આ પ્રદેશને વિષે રહી સર્વથા પ્રભુનાજ ભજન પ્રેમરસમાં ફરતા જોઇ આ ક્ષેત્રનું મહાત્મ્ય કેટલું હશે તેનો ખ્યાલ કરવાનું વાંચનારને સોંપું છું.

અહિંઆં મિત્રમંડળ સાધુ પુરૂષોનુંજ છે. વાર્તાલાપ, પ્રભુની અગાધ લીલામાં રહેલો છે, શ્રવણ ઇંદ્રિયો પ્રભુભજન સાંભળવામાંજ નિમગ્ન રહે છે; જીભ્હા ષટ્ પ્રકારના રસનો ત્યાગ કરી પ્રભુ પ્રેમરસનો સ્વાદ ચાખ્યાજ કરે છે; નાસિકા, અન્યપુષ્પોની સુગંધ ત્યજી દઈ પ્રભુના પ્રેમરસ રૂપી પુષ્પો સુંઘે છે; ઓષ્ઠ અન્ય ઉચ્ચાર ત્યજી દઈ ફક્ત 'રામ' 'રામ' શ્રી "બદ્રિનારાયણ" ના ધ્વનિથી ફરકે છે; ચક્ષુ પ્રભુના દર્શનની ઝાંખી કરવામાંજ ઉત્સુક રહે છે, હાથ પ્રભુના સ્વરૂપને નમસ્કાર કરવામાં, હૃદય આપ્ત જનની માફક પ્રભુના સ્વરૂપને ભેટવાને, કેડો પ્રભુને દંડવત્ કરવાને વાંકી વળેલીજ રહે છે. દેહની ઇન્દ્રિયો સ્તબ્ધ થઇ ફક્ત એકજ કાર્યમાં-શ્રીપૂર્ણ પુરૂષોત્તમની કૃતિ તરફ-જોવામાં, સાંભળવામાં, ઉચ્ચારમાં દોરાય છે; અને પગ પ્રભુ મંદિર તરફજ ચાલવામાં ઉતાવળા ને ઉતાવળા દોડે છે. વિદ્યા રામ-

નામની છે. અધ્યયન કુદરતી શોભાનું છે. પરિક્ષા કસોટીની છે. સુખ પ્રભુ ભજનનું છે. આનંદ ઇશ્વરી લીલા નિરક્ષણમાં, ખોરાક-ક્ષુધા દર્શનની ઉતાવળમાં છે, વસ્તી સત્પુરૂષોનીજ છે. પેઢી શ્રીકૃષ્ણની છે. નાણું પાપ ને પુણ્યનું છે. દાન સદાવ્રતનું છે તપ ભક્તિ છે. ફળ સંસાર સાગર તરી આત્માની મુક્તિનું છે.

અહિંની ભૂમિ તપોભૂમિ કહેવાય છે. ઋષિ-મુની, સંત, મહન્ત આદિ મહાત્માઓએ વાસ કરેલો અને તેઓશ્રીના શ્રીચરણ રજથી પવિત્ર થએલી આજ પૃથિવિ છે. માહાત્મા ધર્મે દક્ષની પુત્રી મૂર્તિદેવીથી પ્રસિદ્ધ અવતાર નરનારાયણને ઉત્પન્ન કર્યા હતા. સૂર્યના પુત્ર વૈવસ્વત મનુએ અહીંઆં દારૂણ તપશ્ચર્યા કરી હતી. પાંડવોની ગોત્રહત્યા, શિવજીની બ્રહ્મહત્યા આજ સ્થાનમાં નિવૃત્ત થઇ હતી. વળી કહ્યું છે કેઃ-

बहुनिसन्ति तीर्थानि दिवि भूमौ रसात ले
बदरी सदृशं तीर्थं न भूतं न भविष्यति ॥

આ ભૂમિમાં ઘણા યજ્ઞો થએલા છે. આ પવિત્ર ભૂમિનાં દર્શનથીજ પાપમુક્ત થવાય છે અને અંતઃકરણ શુદ્ધ થાય છે. આ ભૂમિની એકવાર યાત્રા કરવી. આવશ્યક છે. આ ભૂમિની યાત્રા કરવાથી મનુષ્ય દેહ સફળ થાય છે. અને જન્મમરણનો ફેરો ટળી જાય છે.

હિમાલય પહાડ ઉપર જવાના ચાર માર્ગો છે એક દહેરાદુન રેલ્વે સ્ટેશનથી, બીજો નઝીમાબાદ રેલ્વે સ્ટેશનથી, ત્રીજો હરદ્વાર રેલ્વે સ્ટેશનથી, અને ચોથો કાથોદ ગામ રેલ્વે સ્ટેશનથી છે. આ ચાર રસ્તા શિવાય પાંચમો કોઇપણ માર્ગ જાણવામાં નથી. આપણે હરદ્વાર થઇ આવ્યા છીએ અને આ તપોભૂમિની યાત્રા કરી કાથોદગામ થઇ પાછા ફરવાનું છે. અને ત્યાંથી કાંતો મથુરા પાછા ફરી, આગ્રા, કાશી વિગેરે સ્થળે જવાનું છે. અથવા આઉધરોહીલ ખંડ રેલ્વેદ્વારા અયો-

ધ્યા થઇ કાશી જઇશું. આ તપોભૂમિની શ્રી આચાર્યશ્રી મહાપ્રભુજીએ બેવાર યાત્રા કરી છે. અને શ્રીબદ્રિકાશ્રમ, શ્રી કેદારનાથ, શ્રી વ્યાસાશ્રમ, શ્રી વ્યાસગંગા, શ્રી હેમાચલ, અને શ્રીમુદ્રાચલ વિગેરે સ્થળોએ પોતાની બેઠકો સ્થાપી આ ભૂમિમાં અનેક દૈવીજીવોને શરણે લીધા હતા. આ બેઠકોનું વૃત્તાંત અનુક્રમે આપવામાં આવશે. વૈષ્ણવોએ આ બેઠકોનો લાભ લેવા ચુકવું નહિ.

તીર્થક્ષેત્ર લક્ષ્મણ ઝુલા.

ઋષિકેશથી આશરે એક માઇલ દૂર શત્રુઘ્નનું મંદિર આવે છે ત્યાંથી થોડેક દૂર શ્રી લક્ષ્મણજીની મુર્તિનાં દર્શન થાય છે. એવું કહેવાય છે કે, ઇંદ્રજીત રાક્ષસ હતો પરંતુ બ્રાહ્મણ કુળનો હોવાથી તેના વધથી લક્ષ્મણજીને બ્રહ્મહત્યા ચોંટી હતી તે પાપનું નિવારણ કરવા તેમણે આ સ્થળે તપશ્ચર્યા કરી હતી અને તેથી પાપની નિવૃત્તિ થઇ હતી. અહીં દર્શન કરી આગળ જતાં લક્ષ્મણ ઝુલા અથવા ઝુલતો પુલ આવે છે આ પુલ ગંગાનદીના બન્ને કિનારે સામસામી બાજુએ તારનાં દોરડાંથી મજબુત બાંધી લીધેલો હોય છે અને વચમાં તાર નાખી પાટીઆં મુકી ઉપર ચુના રેતીથી પાકો કરેલો હોય છે. આથી જંપાન કે કંડીમાં સહીસલામત જઇ શકાય છે. આ ઝુલા ઓળંગતાં પહાડનો રમણીય દેખાવ દૃષ્ટિગોચર થાય છે. અને વિવિધ લીલી વનસ્પતિના દેખાવોથી મન આનંદમાં ગરકાવ થઇ જાય છે. આગળ જતાં કેટલીક ચટ્ટીઓ મુક્યા પછી વ્યાસઘાટ આવે છે. અહીંઆ તુંવાર અને ભાગિરથીનો સંગમ થાય છે. વ્યાસમુનીએ આ સ્થળે અઢાર પુરાણો રચ્યાનું તથા વિદ્યાર્થીઓને ભણાવવાનું કહેવાય છે. અહીંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક આવેલી છે. અને આ સ્થળે શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને સર્વ સિદ્ધાંતનું રહસ્ય જાણવાનું તથા મુખરસ દોષ નિવારણના બે વરદાન આપ્યાં હતાં. અહીંઆં દર્શન

ફરી, આગળ જતાં દેવપ્રયાગ આવે છે. આ સ્થળે અલકનંદા અને ભાગીરથીનો સંગમ થાય છે અહીંઆ શ્રાદ્ધાદિક ક્રિયાઓ થાય છે. અહીંઆં શ્રીરામચંદ્રજી, શ્રીબદ્રિનાથ, શ્રી બીલ્વતીર્થ, શ્રીસૂર્યતીર્થ, વસિષ્ઠકુંડ, બ્રહ્મકુંડ વિગેરે ક્ષેત્રોનો લાભ લઇ ગંગોત્રી જવું.

સત્યયુગમાં અહીંઆં દેવશર્મા નામના બ્રાહ્મણે ભગવાનનું તપ કર્યું હતું. શ્રીભગવાને પ્રસન્ન થઇ તેની ઇચ્છાથી આસ્થળે નિવાસ કર્યાનું સ્કંધ પુરાણમાં જણાય છે. શ્રીરામલક્ષ્મણ સિતાજીએ રાવણનો નાશ કરી દેવશર્માને દર્શન આપી અહીં નિવાસ કર્યો ત્યારથી આ સ્થળનું નામ દેવપ્રયાગ પડયાનું જણાય છે.

તીર્થક્ષેત્ર ગંગોત્રી.

ગંગોત્રી—હરદ્વારથી દેહરાડુન થઇ મસુરી ઉપરથી ગંગોત્રી જવાય છે. પરંતુ આ તીર્થ રહી ન જાય એટલા માટે યાત્રીઓ દેવપ્રયાગ થઇ અહીંઆં આવે છે. રસ્તો વિકટ છે પરંતુ રસ્તે કાળીકામળીવાળા બાવાની ધર્મશાળાઓ હોવાથી લોકોને ઘણીજ સગવડ પડે છે. ગંગોત્રીને ગંગાનું મૂળ કહે છે આ જળ બહુ પવિત્ર ગણાય છે અને શંકરને આ જળ બહુજ પ્રિય છે. યાત્રાળુઓ અંહીંઆંથી ગંગાજળ ગાગરમાં ભરી લાવેછે. પવિત્ર વસ્તુનું માહાત્મ્ય પણ આપો આપજ જણાય છે. બધા જળમાં જીવજંતુ પડે છે, પરંતુ શ્રીગંગાજીનું અને શ્રીયમુનાજીનું જળ લાંબો વખત રહે તો પણ તેમાં જીવજંતુ પડતા નથી. એજ આ જળનું માહાત્મ્ય છે અને તેથીજ આપણી ધર્મપ્રત્યે શ્રદ્ધા વધે છે. અહિંઆં શ્રીગંગા, શ્રીયમુના, નરનારાયણ, કુબેર વિગેરે દર્શનીય સ્થળો છે. અહીંથી શ્રીનગર જવાય છે.

આ પવિત્ર સ્થળના માહાત્મ્ય વિષે સ્કંદપુરાણમાં લખે છે કે હિમાલયના વારણાવત શિખરની ઉપર ઉત્તરે વહેતી ભાગિરથી—ગં-

ગાના તટ ઉપર ઉત્તર કાશી છે. ત્યાં અસી અને વરૂણા નામની બે નદીઓનો સંગમ થાય છે. આ સ્થળે પરશુરામે તપ કર્યું હતું. શિવજીએ કહ્યું હતું કે કળીયુગમાં જ્યારે યવન લોકો આર્યાવર્ત્તમાં વ્યાપ્ત થશે ત્યારે હું આ સ્થળમાં નિવાસ કરીશ. અને કાશી અંતર્ધાન થઇ ત્યાંનાં સમસ્ત તિર્થો પણ અહીંજ વાસ કરશે. અને તેથીજ આ સ્થળ પવિત્ર છે.

માનસરોવર

ગંગોત્રીની આગળ મુચકુંડ નામના કુંડ આગળ થઇ માનસરોવર જવાય છે. રસ્તો વિકટ અને વસ્તી પણ નહિ હોવાથી યાત્રીઓ ગંગોત્રીથીજ પાછા ફરી શ્રી નગર જાય છે.

શ્રી નગર

દેવ પ્રયાગ અને શ્રી નગર વચ્ચે ત્રણ ચાર ચટ્ટીઓ આવે છે. અસલ શ્રી નગર ગંગાનદીના પુરથી તણાઇ ગયાનું જણાય છે. માત્ર કમળેશ્વર મહાદેવનું સ્થાન બચી ગએલું છે. અત્યારનું શ્રી નગર મૂળ નગરથી આશરે બે માઇલ દૂર નવું વસેલું છે. અહીંઆં પણ કાળી કામળીવાળા બાવાની ધર્મશાળા છે. વેપારીઓ ઘણા છે. અને દરેક ચીજ મળી શકે છે. અહીંઆં તાર ઓફીસ, પોષ્ટ ઓફીસ, સરકારી દવાખાનું, વિદ્યાલય તથા વેદિક પાઠશાળા આવેલાં છે. અહીંઆં શ્રી લક્ષ્મીજીનો સ્વયંવર થયો હતો, અહીંથી રૂદ્રપ્રયાગ જવાય છે.

આ સ્થળને વિષે સ્કંદપુરાણમાં જણાવે છે કે અહીંઆં દેવતા વસે છે. આ સ્થળે સત્યયુગમાં સત્યસંઘ રાજાએ ભગવતિ દેવીનું તપ કરી કોલાસુર નામના દૈત્યને મારવાનું વરદાન મેળવ્યું હતું અને તેમની ઇચ્છાથી ભગવતિ દેવી રાજ રાજેશ્વરી નામે આ સ્થળે બિરાજ્યાં છે. તે ઉપરાંત પૂર્વે બ્રહ્મદેવ નામના બ્રાહ્મણે, શિવનું તપ

કરવાથી આ સ્થળે શિવલીંગ પ્રગટ થયું હતું તે લીંગની શ્રી રામચંદ્રજી દરરોજ ૧૦૦ એ નામે કમળોથી પૂજા કરતા હતા. તે લીંગ શ્રી કમળેશ્વર મહાદેવ પ્રસિદ્ધ છે.

રૂદ્રપ્રયાગ.

શ્રી નગરથી અઢાર માઇલને છેટે શ્રીરૂદ્રપ્રયાગ આવે છે. વચ્ચે બટીસેરા કટંકરા, નરકોટા વિગેરે ચટ્ટીઓ આવે છે. હરદ્વારથી લગભગ ૯૨ માઇલ રૂદ્રપ્રયાગ છે. આ પ્રયાગ આગળ મંદાકિની અને અલકનંદાનો સંગમ થાય છે. રૂદ્રપ્રયાગથી કેદારનાથ ન જવું હોય અને બદ્રિનાથ જવું હોય તો રૂદ્રપ્રયાગથી કર્ણપ્રયાગ થઇ બદ્રિનાથ જવાય છે. પરંતુ અમો આ સ્થળે વૈષ્ણવોને અભ્યર્થના કરીશું કે આ ભૂમિમાં સર્વ તીર્થમાં પૂર્ણભાવથી યાત્રા કરવી. કેદારનાથ મહાદેવ જ્યોતીર્લીંગ છે તેથી અવશ્ય જવું જોઇએ. બીજો રસ્તો રૂદ્રપ્રયાગથી અગસ્તાશ્રમ અને ગુપ્ત કાશી થઇ કેદારનાથ જવાય છે. અને ત્યાંથી વિષ્ણુપ્રયાગ થઈ બદ્રિનાથ જવાય છે.

ગુપ્તકાશી.

રૂદ્રપ્રયાગથી આશરે દશ માઈલ દૂર અગસ્ત મુનિનો આશ્રમ આવે છે. અહીંઆં અગસ્ત મુનિનું મંદિર છે. ગુપ્તકાશી અહીંથી પંદર માઇલ દૂર છે. અહીંઆં ગુપ્ત દાનનું માહાત્મ્ય છે. નાળીએરમાં અથવા એવી બીજી કોઇ પણ વસ્તુમાં સોનું, રૂપું, જવાહિર વિગેરે જે કંઇ દાન કરવું હોય તે તેમાં ભરી ભેટ મુકે છે. ગુપ્ત કાશીમાં વિશ્વેશ્વર મહાદેવનું મંદિર તથા મણિકર્ણિકા કુંડ છે. બીજો કુંડ ગવરીકુંડ નામનો છે ત્યાં આગળ પાર્વતીજીનું મંદિર છે. નજીક પાંડવોનું મંદિર છે. ગવરીકુંડનું જળ ગરમ છે. અહિંઆં સ્નાનું માહાત્મ્ય ગણેલું છે. મણિકર્ણિકા કુંડમાંથી એક ગોમુખમાંથી.અને એક હાથીના મુખમાંથી પાણીની ધારા પડે છે. અહીંથી ત્રીજુગી નારાયણનું મંદિર

આવે છે. ત્રીજુગી નારાયણના મંદિર ઉપર ચઢવાનો રસ્તો ઘણો કઠણ છે. આ સ્થાન પ્રાચિન છે. ત્યાં આગળ શ્રી વિષ્ણુ, શ્રી બ્રહ્મા તથા શ્રી શીવજીના કુંડો આવેલા છે. અહીંઆં એક યજ્ઞકુંડ છે. આને માટે એવું કહેવાય છે કે, જ્યારથી શીવજી અને પાર્વતીજીના વિવાહ આ કુંડ પાસે થયા ત્યારથી એ કુંડનો અગ્નિ આજ પર્યંત પ્રજ્વલિત રહેલો છે. યાત્રીઓ અહીંઆં હોમ કરે છે અને અગ્નિ પ્રજ્વલિત રાખે છે. અહીંથી કેદારનાથ જવાય છે. ગુપ્ત કાશીથી આગળ નાળાચટ્ટીમાં યાત્રીઓ પોતાનો વધારાનો સર સામાન મુકી કેદારનાથ જાય છે. કારણ કે કેદારનાથથી બદ્રિનારાયણ જતાં પાછું એના એજ રસ્તે આવવું પડે છે. નાળાચટ્ટીથી આગળ જતાં વચ્ચમાં ત્રિજુગી નારાયણ, સોન પ્રયાગ, વાસુકી તળાવ, મુન્ડ કણ્ટાગણેશ, ગૌરીકુંડ અને કુબેર પર્વત ઉપર કુબેર ભંડાર આવે છે. અને ત્યાર પછી કેદારનાથ ક્ષેત્ર આવે છે.

તીર્થક્ષેત્ર કેદારનાથ.

આ સ્થાન સમુદ્રની સપાટીથી ૧૧,૬૦૦ ફીટ ઉંચે આવેલું છે. રામવાડાથી ચાર મૈલ છેટે મંદાકિની ગંગા ઉપર એક નાનો પૂલ આવે છે તે ઉતરી દશેક મીનીટના રસ્તે શ્રી કેદારેશ્વર મહાદેવનું મોટું ભવ્ય મંદિર આવે છે. આખો રસ્તો બરફથી ઢંકાએલો હોય જાણે પર્વત ઉપર સફેદ ચાદર પાથરી હોય એવો દેખાય છે, વૃક્ષોની ઘટાને લીધે સૂર્યરશ્મિનો પણ અભાવજ રહેલો છે. ઠંડી પણ એટલી બધી પડે છે કે આખો દિવસ અને રાત્રિ દેવતાની જરૂર પડે છે. શ્રીગંગાજીનો અદ્ભૂત પ્રવાહ, ઘોર ઘટાયુક્ત વન, ચાંદીના ઢાળ ચઢાવેલા હોય એવા બરફમય ડુંગરો, ઠંડો પવન, પક્ષિયોનો કિલકિલ આનંદિત સ્વર અને ઉંચે શ્રી કેદારેશ્વરનું દેવાલય કૈલાસપુરીનું સાક્ષાત્ સ્થાન હોવાનો ભાવ ઉત્પન્ન કરે છે. આ ક્ષેત્રની યાત્રા નાસ્તિકને આસ્તિક બનાવી દે છે.

આ સ્થળમાં ઘણી ધર્મશાળાઓ છે તેમજ બાવા કાળી કામળીવાળાની ધર્મશાળા પણ અહીંઆં બંધાવેલી છે. ગામમાં દુકાનો પણ દશ પંદર છે. કેદારેશ્વર મહાદેવનું દેવળ સુવર્ણ કળશથી જડિત હોવાથી રમણીય દેખાવ આપે છે કેદરનાથ એ મ્હાદેવનાં બાર જ્યોતિર્લિંગ માંહેના એક છે. અને સર્વોત્કૃષ્ટ છે. આ લિંગ એક નાના સરખા ડુંગરના આકારમાં છે. પાંડવોએ ગોત્રહનન કર્યું અને યુદ્ધમાં કૃપાચાર્ય, દ્રોણાચાર્ય વિગેરેની હત્યાથી બ્રહ્મહત્યાનું પાતક શીર ચોંટેલું તેની નિવૃત્તિ માટે શ્રી કેદારનાથનાં દર્શન કરવા અહીં આવેલા. પરંતું કેદારનાથ દર્શન નહિ દેવાની ઇચ્છાથી મહિષીનું રૂપ લઇ બીજી ભેંસોના ટોળામાં પેસી ગયા. અર્જુને આડો પગ રાખી ભેંસોને હાંકી લાવવા કહ્યું પરંતું કેદારનાથની કૃપા નહિ હોવાથી. પોતાનું મુખ નેપાળ તરફ મોકલ્યું ને પગ કાશ્મીરમાં મોકલ્યા. અહિંયાં જે ભાગનાં દર્શન થાય છે તે થડનો ભાગ છે. નેપાળમાં પાશુપતેશ્વર અને કાશ્મીરમાં અમરનાથ નામથી આ સ્વરૂપો ઓળખાય છે. આ શીવલિંગને ઘૃત ચોપડી, ભેટવાનું ફળ વિશેષ છે. કારણ કે એ લિંગ શંકરનું હૃદય છે. એવું કહેવાય છે કે બરફને લીધે જ્યારે કેદારનાથ છ માસ સુધી ઢંકાઇ રહે છે ત્યારે દેવતાઓ આની આ લિંગની પૂજા કરે છે. બરફ ઓગળ્યા પછી ગોર—બ્રાહ્મણો પૂજા કરે છે. એવી રીતે આ લિંગની બારે માસ પૂજા થાય છે. અહીંઆં પાંડવો, દ્રૌપદી, પાર્વતી, લક્ષ્મીજી વિગેરેની મુર્ત્તિઓ છે. કેદારેશ્વરની પાછળ અમૃતકુંડ છે. તે સિવાય હંસકુંડ તથા રેતકુંડ છે ઉદરકુંડ ઉપર બીજુ મંદિર છે. તેને પણ સોનાના કળશ છે. કેદારનાથ મહાદેવની પૂજા કમળથી થાય છે. અને તેથી મનવાંચ્છિત ફળ પ્રાપ્ત થાય છે.

અહીંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક કેદારકુંડ

ઉપર આવેલી છે. શ્રી મહાપ્રભુજીએ શ્રી ભાગવતનું પારાયણ કર્યું ત્યારે શ્રી કેદારનાથજી યોગેશ્વરનું રૂપ લઇ અનેક જીવો સાથે સપ્તાહ સાંભળવા પધારતા હતા, જ્યાં સુધી કથા થતી ત્યાં સુધી શ્રી આચાર્યજીના નિકટ બેસતા. અને કથા સંપુર્ણ થાય ત્યારે શ્રી મહાપ્રભુજીને નમસ્કાર કરી પાછા પધારતા. કૃષ્ણદાસમેઘને વિનંતિ કરી કે કૃપાનાથ ? આ યોગેશ્વર કોણ છે ? ત્યારે આપશ્રીએ સ્વમુખે જણાવ્યું કે શ્રી કેદારનાથજી પધારે છે. શ્રી મહાપ્રભુજીએ નિજ ચરણરજની સુગંધી ફેલાવી અનેક દૈવીજીવોનો ઉદ્ધાર કર્યો હતો. અહિંયાં શ્રી ઝારીજી ચરણ સ્પર્શ વિગેરેની સેવાનો લાભ લેવા કદી પણ ચુકવું નહિ.

ઉખીમઠ—કેદારનાથનાં દર્શન કરી યાત્રીઓ પાછા નાળાચટ્ટી આવી પોતાનો મુકેલો સરસામાન લઇ ઉખીમઠ આવે છે. ઉખીમઠ ગામ નાનુ પણ સુંદર છે. કેદારનાથથી ૧૮ માઇલ દૂર છે. ગામ મંદાકિનીના કિનારા ઉપર એક ઊંચા ડુંગર ઉપર આવેલું છે. અહીંઆં શંકરનું બીજુ લિંગ છે. જ્યારે શ્રી કેદારનાથ ઉપર જવાનો રસ્તો બરફથી ઢંકાઇ જાય છે. ત્યારે છમાસ આ લિંગનું પૂજન થાય છે. માંન્ધાતા રાજાએ આ સ્થળે તપશ્ચર્યા કરી હતી તેનું દર્શન થાય છે. બાણાસુરની પુત્રી ઓખાને ઉમીયાજીએ શ્રાપ દીધો હતો. અને તે શ્રાપનું નિવારણ કરવા સારૂ તેણે આ સ્થળે તપ કર્યું હતું અને તેથી આ સ્થાનને ઉખી (ઓખા) મઠ કહે છે. અહીંઆં ઓખા, અનિરૂદ્ધ, ચિત્રરેખાની મુર્તિઓ છે. કેદારનાથના પુજારીઓ અહીં રહે છે. વેપાર અત્રે ઠીક ચાલે છે.

તુંગનાથ—ઊખીમઠથી બાર માઇલ દૂર તુંગનાથનું સ્થાન આવે છે. પંચ કેદારેશ્વરમાં પહેલા કેદારેશ્વર, બીજા મધ્યમેશ્વર, ત્રીજા તુંગનાથ, ચોથા રૂદ્રનાથ અને પાંચમા કલ્પેશ્વર છે. તુંગનાથ તે ત્રીજા કેદારેશ્વર છે. અહીંઆં ચઢાવ ઘણોજ કઠણ છે. અને તેથી યાત્રીઓ નીચેથી જ દર્શન કરી નમસ્કાર કરી આગળ નવ માઇલ દૂર ગોપેશ્વર જાય છે. તુંગનાથ અને ગોપેશ્વરની વચ્ચે સ્વમ વન અથવા સઘનવન આવે

છે. અહીંઆં ઝાડી પુષ્કળ છે. વૃક્ષો ઘણાં ઉંચાં અને ખીચોખીચ આવેલાં છે. ગોપેશ્વરનું શિવાલય પ્રાચીન છે. અહીંઆં એક પીપળાનું ઝાડ છે તેના થડમાં નાનુ વેલાનું ઝાડ છે. આવેલાના વૃક્ષ ઉપર બારે માસ ચાર ફુલ આવ્યા કરે છે. કેદારખંડના ગ્રન્થમાં આ વૃક્ષને કલ્પવૃક્ષ તરીકે ઓળખાવવામાં આવે છે. ગોપેશ્વરમાં પરશુરામની ફરશી પડેલી છે આ ફરશી વજનમાં એટલી બધી ભારે છેકે દશ માણસોથી પણ ઉપડવી મુશ્કેલ છે. ફરશી ઉપર અદ્‌ભૂત સોનેરી કામ છે. તથા તેના ઉપર વિચિત્ર અક્ષરો કોતરેલા જણાય છે. આ અક્ષરો કોઇથી ઉકેલી શકાતા નથી. અહીંઆં એક ગોરથલ છે ત્યાં જો કોઈ સ્વસ્થ ચિત્તે પાંચ રાત્રિ ઉપાસના કરે તો દેવદુર્લભ સિદ્ધિ પ્રાપ્ત થાય એવું માહાત્મ્ય છે. અહીંથી આગળ લાલસાંગા અથવા ચંમોલીચટ્ટી આવે છે. યાત્રીઓ અહીંથી ગંગોત્રિનું જળ મૂલ્ય આપી લેછે. અને તેટલા માટે શ્રી નગરથી ખાસ જોઇતી શીશોઇ ખરીદ કરી પાસે રાખે છે. લાલસાંગામાં સરકારી દવાખાનું છે જ્યાં મફત દવા અપાય છે. પોષ્ટ ઑફીસ, ડેપ્યુટી કલેકટરની ઓફીસ વિગેરે આ સ્થાને આવેલાં છે. અહીંથી બદ્રિનારાયણ જનાર વધારાનો સામાન લાલસાંગામાં મુકે છે કારણ કે ફરી એજ રસ્તે પાછું આવવું થાય છે.

ગરૂડગંગા—અહીંથી પીપલચટ્ટી થઇ ગરૂડગંગા જવાય છે. ગરૂડગંગામાં ગરૂડજીનું નાનું મંદિર છે. ગરૂડજીએ શ્રી વિષ્ણુભગવાનના વાહન થવાની કામનાથી આ સ્થાને તપ કર્યું હતું. અહીંઆં ગરૂડગંગા તથા અલકનંદાનો સંગમ થાય છે.

પાતળગંગા—ગરૂડગંગાથી ત્રણ માઇલ દૂર પાતાલગંગા આવે છે, અહીંઆં ગણેશનું મંદિર છે. અહિંથી આગળ કુમારચટ્ટી આવે છે. અહિંથી ત્રણ માઇલ દૂર અલકનંદાને પેલેપાર પાંચમા કેદારેશ્વર-કલ્પેશ્વરનું સ્થાન આવે છે, અહિંઆં દુર્વાસાઋષિના શ્રાપથી મુક્ત થવા ઇંદ્રે તપશ્ચર્યા કરી શિવજીને પ્રસન્ન કરી કલ્પવૃક્ષ મેળવ્યું હતું.

આ ક્ષેત્ર મુકી આગળ જતાં વૃદ્ધ બદરી જવાય છે. અહીં બદ્રીનામા વિષ્ણુ ભગવાનની મુર્તિ છે. અહીંથી આગળ જોશીમઠ આવે છે અને શ્રી શંકરાચાર્યના જોશીમઠ તરીકે ઓળખાય છે–અહીંઆં પોલીસનું થાણું, દવાખાનું વિગેરે છે. જેમ કેદારનાથની પૂજા છમાસ ઉખીમઠમાં થાય છે, તેમજ બદ્રિનાથની પૂજા છ માસ આ સ્થાને થાય છે. આહઆં શ્રીનૃસિંહજીની ચમત્કારિક મૂર્તિ છે. બાદ્રનાથની સુંદર મૂર્તિનાં દર્શન પણ આ સ્થાને થાય છે. તે શિવાય શેષશાયી ભગવાનની મૂર્તિ, વાસુદેવની મૂર્તિ, ગરૂડ ભગવાનની મૂર્તિનાં દર્શન થાય છે આગળ જતાં દંડધારા આવે છે, જ્યાં સ્નાન કરવાનું માહાત્મ્ય ગણેલું છે. આગળ જોશીમઠ આવે છે, અને ત્યાં ભવિષ્ય બદ્રીના મૂર્તિ છે. જેમ કેદારનાથનાં પાંચ સ્વરૂપો છે તેવીજ રીતે બદ્રીનાથનાં પણ પાંચ સ્વરૂપો છે. જ્યારે નરનારાયણના પર્વતોના શિખરો આજુ બાજુના પર્વતો સાથે મળી જશે. ત્યારે આ ભવિષ્ય બદ્રિમાં બદ્રિનાથની પૂજા થશે, અને બદ્રિનાથ અહિં દરશન દેશે એવું પુરાણોમાં જણાવેલું છે. જોષીમઠથી દોઢ માઇલ દૂર વિષ્ણુ પ્રયાગ આવે છે. અહીંઆં વિષ્ણુ ગંગા અલકનંદાનો સંગમ થાય છે. આ સ્થળે વિષ્ણુનું મંદિર છે. વળી અહીંઆં વિષ્ણુકુંડ, બદરીનાથ વિગેરે આવેલાં છે. આ સ્થળે શુદ્ધ શિલાજીત મળે છે. ગંગાજીનો પ્રવાહ પૂર જોસમાં વહે છે અને વહેણ ઘણુંજ જોરમાં હોવાથી ડુબકી મારી સ્નાન થઇ શકે તેમ નથી લોટાવતી જળ લઇ ઓવારા ઉપર બેસી સ્નાન થઇ શકે છે. વિષ્ણુ પ્રયાગથી આગળ પાંચ માઇલ દૂર પાંડુકેશ્વરનું સ્થાન આવે છે, આને યોગબદ્રી કહે છે, અહીંઆં બદ્રીનારાયણની ધાતુની સુંદર ધ્યાન કરવા યોગ્ય મૂર્તિ છે. વાસુદેવની મૂર્તિ પણ અહિંઆં બિરાજે છે. અહીંઆં પાંડુ, કુંતિ અને માદ્રિએ તપશ્ચર્યા કરી હતી. મંત્રશક્તિવડે કુંતાજીએ પાંચ પાંડવોને આ સ્થાનમાં જન્મ આપ્યો હતો, પાંડુ રાજાએ અહીંઆં પોતાનો દેહ મુક્યો હતો. પાંચ પાંડવો આ સ્થળે એક

ડુંગરમાં ગળી ગયાનું જણાય છે. તે ઉપરાંત જુના લેખો પણ અહિંઆં દૃષ્ટિગોચર થાય છે. અહીંથી આગળ જતાં શેષધારા અને શેષની મૂર્તિ આવે છે. અને આગળ વૈખાનસ મુનિનો આશ્રમ તથા ધૃત-ગંગાનું સંગમ સ્થાન, કંચન ગંગા અને બદ્રિનાથ આવે છે.

તીર્થક્ષેત્ર બદ્રિનારાયણ

બદ્રિનારાયણ સમુદ્રની સપાટીથી ૧૦૫૦૦ ફુટ ઉંચે છે. બદ્રિ-નારાયણના ડુંગરો જ્યારે બે માઇલ દૂર હોય છે ત્યારે યાત્રીઓ અંને પગમાંથી જોડા કઢી પગે ચાલતાજ "બદ્રિ બિસાલકાન્ય" ના ધ્વનિ કરતા કરતા જાય છે. બદ્રિનાથપુરી ગઢવાલ જીલ્લામાં અલક-નંદા નદીના કિનારા ઉપર આવેલી છે. આ ગંગાજીના કિનારાના સામેના ડુંગરોને નરનારાયણના ડુંગરો કહે છે. એવું કહેવાય છે કે જ્યારે આ ડુંગરો ભેગા મળી જશે ત્યારે ગંગાજી સ્વર્ગે પધારશે. અને બદ્રિનાથનાં દર્શન અગાઉ જણાવ્યા મુજબ જોષીમઠમાં ભવિષ્ય-બદ્રિના રૂપે થશે. બદ્રિનારાયણનું મંદિર સુવર્ણના ઘુમટ વાળું છે, મુર્તિ પારસમણીની અને પદ્માસન ચતુર્ભુજ યુક્ત અલૌકિક છે. આ મૂર્તિને રત્ન જડિત મુકુટ તથા અનેક પ્રકારનાં વસ્ત્રાભૂષણોથી શણગારવામાં આવે છે. બદ્રિનારાયણનાં દર્શન બહાર દૂરથીજ કરવા દેવામાં આવે છે. અંદર સન્મુખ જવા દેવામાં આવતા નથી. એવું કહેવાય છે કે એક સોની યાત્રાળુએ પારસમણીને લોખંડનો સ્પર્શ કરવાથી સોનું થઇ જાય છે, એવું સમજી નારાયણની આંગળી કાપી લીધી, નારાયણે સ્વપ્નદ્વારા ત્યાંના પુજારીને ખબર આપી સોનીને પક-ડાવ્યો અને આંગળી પાછી લઇ બેસાડી દીધી છે. આ બનાવ બન્યા પછીથી મૂર્તિની સન્મુખ કોઇને જવા દેતા નથી. અહીંઆં યાત્રીઓ પાસેથી યથાશક્તિ ભેટ મુકાવવાનો રિવાજ છે. બદ્રિનારાયણની મૂર્તિ ઉપર હીરો છે. તે ઘણોજ ચકચકિત છે. આ મંદિરની જમણી બાજુએ શ્રીલક્ષ્મીજી, નરનારાયણ, નારદજી, ઉદ્ધવજી, ગણેશ, આદિ

મૂર્તિઓનાં દર્શન થાય છે. મંદિરના ચોગાનમાં ધર્મશાલા, ચર્ણોદક કુંડ, ગરૂડજી, શ્રીવિષ્ણુ, બ્રહ્મા તથા સૂર્યની મૂર્તિઓનાં દર્શન થાય છે. આ ચોગાનની આગળ શ્રીબદ્રિનારાયણનું રસોડુ છે. અને અહીં-આં શ્રીબદ્રિનાથના નૈવેદ્યની સામગ્રી થાય છે. શ્રીજગન્નાથપુરીની માફક અહિંઆં પણ શ્રી બદ્રિનારાયણના પ્રસાદનું માહાત્મ્ય છે.

બદ્રિનારાયણની નજીક બ્રહ્મકપાલી કરીને એક સ્થાન આવે છે અહિંઆં શ્રાદ્ધનો મહિમા છે. ત્યાં શ્રાદ્ધકરી બદ્રિનારાયણના પ્રસાદ વડે પિંડ આપવાથી પિતૃઓને અક્ષય મુક્તિ મળે છે અને ફરીથી શ્રાદ્ધકરવાની જરૂર રહેતી નથી એવું માહાત્મ્ય આ તીર્થને વિષે વર્ણવેલું છે. અહિંઆં કુંડો પણ ઘણા છે. અલકનંદા પાસે તપ્તકુંડ છે. આ કુંડનું જળ ગરમ છે. આવી ઠંડીમાં અને બરફવાળી જગ્યા-ઓમાં પણ ઉષ્ણજળ મળે છે એ એક પ્રભુનો ચમત્કારજ છે તે ઉપરાંત નારદકુંડ, ઋષિધારા, પ્રલ્હાદધારા છે તેમાં આગમન કરવાનું માહાત્મ્ય છે. આની સાથેજ નારદ શિલા, વરાહશિલા, નૃસિંહ શિલા, ગરૂડ શિલા અને માર્કંડ શિલા એવી પાંચ શિલાઓ ત્યાં આવલી છે તેનાં દર્શન કરવાં.

અહિંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક છે. જે દિવસે શ્રી આચાર્યજી આ સ્થળે બિરાજતા હતા ત્યારે વામનદ્વાદશી નો દિવસ હતો તેથી કૃષ્ણદાસ મેઘનને ફલાહાર લાવવાની આજ્ઞા કરી, તેઓ ફલાહાર શોધવા જતા હતા ત્યારે શ્રી બદ્રિનારાયણે બ્રાહ્મણના વેષમાં આવી કૃષ્ણદાસને કહ્યું કે અહીઆં ફળફળાદિ મળી શકશે નહિ તેથી કૃષ્ણદાસ પાછા આવ્યા ને શ્રીમહાપ્રભુજીને સર્વ વાત નિવેદન કરી શ્રી મહાપ્રભુજીને ચિંતા થઇ પરંતુ શ્રીબદ્રિનારાયણે પોતે પધારી આચાર્યશ્રીને કહ્યું કે **उत्सवांते च पारणम्** માટે આપ રસોઇ કરી ભોજન કરો શ્રી મહાપ્રભુજીએ ભગવત્આજ્ઞા સ્વિકારી રસોઇ કરી શ્રી ઠાકોરજીને ભોગધરી બાર વાગ્યા પછી ભોજન કર્યું.

ત્યારબાદ શ્રીબદ્રિનાથની આજ્ઞાનુસાર વિજય કર્યો. અહીંઆં શ્રીઝારીજી ચરણસ્પર્શની સેવા કરી આગળ જવું.

વસુંધરા

આગળ બદ્રિનારાયણથી સાત આઠ માઇલ દુર વસુંધરા નામનું તીર્થ છે, આ તીર્થનો એવો ચમત્કાર જોવામાં આવે છે કે અહીંની ધારા જે પહાડ ઉપરથી પડે છે તે પાપી માણસો ઉપર પડતીજ નથી જેણે પુણ્યકર્મ કર્યા હોય છે તેના ઉપરજ ધારા પડે છે. ઇશ્વરી લીલાનો અગાધ મહિમા આ સ્થળે જોવામાં આવે છે તેથી નાસ્તિક હૃદયના માણસોમાં પણ પ્રભુ પ્રત્યે કુદરતી ભાવ થયાવિના રહેજ નહિ. અહીંઆં આઠ વસુઓએ તપ કર્યું હતું. અહીંથી આગળ માણા-ગામ આવે છે. અહીં સત્યપથ અને સ્વર્ગારોહનની જગ્યાઓ આવેલી છે. માર્ગ વિકટ હોવાથી યાત્રીઓથી આલાભ લઇ શકાતો નથી.

અહિંઆં યાત્રા પૂર્ણ થાય છે. આગળ જવાનો રસ્તો નથી તેથી પાછા ફરી લાલસાંગા આવવું અને અહીંથી નંદપ્રયાગ જવું. ત્યાંથી આગળ જતાં એક રસ્તો રૂદ્રપ્રયાગ થઇ શ્રી નગર જાય છે, અને બીજો મૈલચોરીથી કાથગોદામ રેલ્વેસ્ટેશને જાય છે. આ પ્રક-રણની શરૂઆતમાં કાથગોદામ આવવાનું લખ્યું છે તે પ્રમાણે અહિંથી કાથગામ દામ આવવું.

ટીપઃ—શ્રીબેઠક ચરિત્રમાં શ્રી મહાપ્રભુજીએ ઉત્તર હિંદુસ્તાનમાં શ્રી વ્યાસગંગા, હેમાચલ તથા મુદ્રાચલ ઉપર બેઠકો કર્યાનું જણાવ્યું છે આ બેઠકો કયા ભાગમાં છે તે સમજી શકાતું નથી. વૈષ્ણવોને જેને આ બાબતની માહિતી હોય તે લખી જણાવવા કૃપા કરશે તો આ પુસ્તકની પુનરાવૃતિમાં સુધારો કરીશું. આ બેઠકો ગંગા ઉપર ભિન્ન ભિન્ન દિશામાં હોવી જોઇએ પરંતુ બરફમાં દટાઇ ગઇ હોવાથી પ્રસિદ્ધમાં નથી એમ અનુમાન થાય છે.

પ્રકરણ ૧૬ મું.

મથુરાથી કાશી, અયોધ્યા અને કલકત્તા.

વૈષ્ણવો! આપણે મથુરાંથી સોરમ થઇ દિલ્હી જઇ, ઉત્તર હિન્દુસ્તાનની યાત્રા પુરી કરી છે. પરંતુ હવે આગ્રા થઇ અયોધ્યામાં આવેલાં તીર્થક્ષેત્રોની યાત્રા કરી કાશી જવાનું છે. અને ત્યાંથી જગન્નાથપુરી જઇશું. આ સ્થળે મારે જણાવવું આવશ્યક છે કે યાત્રાળુઓ ઉત્તર હિન્દુસ્તાનમાં યાત્રા કરી, જાણે મથુરાંની યાત્રાથી તૃપ્ત ન થઇ હોય તેમ આજ સ્થળે પાછા ફરી, શ્રી યમુના પાન કરી અહીંથી આગ્રા વિગેરે સ્થળોએ થઇ જગન્નાથપુરી તરફ પ્રયાણ કરે છે. પરંતું બંગાળામાં રેલ્વેઓ એટલી બધી થઇ છે કે યાત્રાળુઓ એક રસ્તે જઇ બીજે રસ્તે થઇ પાછા આવી શકે છે. હરદ્વારથી લકસર આવી ત્યાંથી આઉધ રોહીલખંડ રેલ્વે મારફત અયોધ્યા થઇ તેમાં તથા તે ભાગમાં આવેલાં તીર્થક્ષેત્રોનો લાભ લઇ આગ્રા આવી, ત્યાંથી કાનપુર અને કલકત્તા થઇ જગન્નાથપુરી તરફ જાય છે. આ રસ્તો મને ઘણો લાંબો જણાય છે. અને તે યાત્રાળુઓને સુગમ પડે તેમ નથી એમ મારૂં સમજવું છે. તેથી યાત્રાળુઓએ મથુરા પાછા આવી. આગ્રા થઇ જગન્નાથપુરી જવાનો રસ્તો લેવાને અમો ભલામણ કરીશું. આ સ્થળે અમે મથુરા આગ્રાને રસ્તે થઇ વચમાં આવેલાં તીર્થક્ષેત્રોની યાત્રા કરી કાશી જઇ ત્યાંની યાત્રા કરી જગન્નાથપુરી જઇશું તેથી બીજી લાઇનોની હકીકત આપીશું નહિ.

આગ્રા.

મથુરાથી કાશી તરફ જતાં વચ્ચે આગ્રા આવે છે આ સ્થળે ઉતરવું. કારણ કે આ શહેર જોવા લાયક છે. મથુરાં અને આગ્રા વચ્ચે લગભગ ૩૦૦ માઇલનું અંતર છે. અહીંઆં સ્ટેશન ઉપરના મજુરો પોર્ટરો બહુજ લુચ્ચા હોય છે. માટે યાત્રીઓએ પોતપોતાના સરસામાનની કાળજી વિશેષ રાખવી. સ્ટેશનેથી ઉતરી નજીક જ આવેલી ૩–૪ ધર્મશાળા પૈકી અનુકુળ સ્થળે ઉતરવાનો બંદોબસ્ત કરવો.

આગ્રા શહેર મોગલનરેશ અકબર બાદશાહે ઇ૦ સ૦ ૧૫૬૬ માં બંધાવ્યાનું ઇતિહાસ ઉપરથી જણાય છે અને તે યમુના નદીના પશ્ચિમ કિનારા ઉપર આવેલું છે, પરંતુ તે પહેલાંનું આગ્રા યમુનાજી ના પૂર્વ કિનારા ઉપર હતું. પૂર્વ કિનારા ઉપર જણાતાં ખંડેરો ઉપરથી અત્યારના આગ્રા કરતાં પહેલાંનું આગ્રા મોટું હશે એમ અનુમાન થાય છે. મહાભારતમાં આવેલાં ઇંદ્રપ્રસ્થ અને હસ્તિનાપુર તે હાલનાં આગ્રા અને દિલ્હી હશે એમ જણાય છે પરંતુ અસલ હસ્તિનાપુરતો ગંગાજીમાં લોપ થયું છે એમ મહાભારત ઉપરથી સમજાય છે.

હિન્દુસ્તાનમાં મોગલાઇ રાજ્યના વખતમાં જેવી જાહોજલાલી જોવામાં આવતી હતી. તેવી જાહોજલાલી તો અત્યારે ક્યાંઇ પણ જોવામાં આવતી નથી. મુગલ બાદશાહોએ હિન્દુઓના પૈસાવડે હિન્દુસ્તાનને શણગાર્યું હતું એમ કહેવામાં કંઇ અતિશયોક્તિ નથી. જ્યાં જ્યાં મોગલ પાદશાહો રહેતા હતા ત્યાં ત્યાં દરેક સ્થળે પૈસાની રેલમ છેલજ થતી હતી. એટલી વાત પણ નિર્વિવાદ છે કે હિન્દુસ્તાનની લક્ષ્મી તે વખતે હિન્દુસ્તાનમાંજ રહેતી હોવાથી મોજીલા પાદશાહો પોતાના મોજશોખના સ્થળો શણગારવામાંજ ખર્ચતા હતા. અત્યારે હિન્દુસ્તાન દિવસે દિવસે ગરીબ થતું જાય છે, અને હજુ પણ કેટલી અધોગતિએ પહોંચશે એ બાબતોનો વિચાર કરતાં હૃદયમાં આઘાત

થયા શિવાય રહેતો નથી. આનાં મૂળ શોધવાની ખાસ આવશ્યકતા છે. અને હિન્દુસ્તાનને ગરીબાઇમાંથી બચાવવા પ્રયત્ન થશે તો હિંદવાસીઓની અત્યારની સ્થિતિમાં સારો સુધારો થશે.

આગ્રા દિલ્હી, વિગેરે સ્થળોએ જે જે કાંઇ દર્શનીય સ્થળો જોવામાં આવે છે, તે મોગલાઇ વારાનાં છે. ઇંગ્રેજ સરકારે તો માત્ર એ પ્રાચિન જાહોજલાલી જાળવી રાખવા બનતો પ્રયત્ન કર્યો છે. એવું આગ્રામાં કેટલાક કામો ઉપરથી સિદ્ધ થાય છે,

આગ્રામાં જોવા લાયક સ્થળોમાં "તાજ મહેલ છે." આ તાજમહેલ શાહજહાંન બાદશાહે પોતાની બેગમ મુમતાજમહેલના આરામગાહ માટે ઇ. સ. ૧૬૩૦ માં બંધાવા માંડયો તે ઇ૦ સ૦ ૧૬૪૮ માં પુરો થયો હતો એટલે લગભગ ૧૮ વરસ બંધાવતાં થયાં હતાં. આટલાં વરસ બંધાવતાં થયાં ત્યારે તેનો ખર્ચ કેટલો બધો થયો હશે અને તે ઉપરથી હિંદુસ્તાનની પૈસા સંબંધી આર્થિક સ્થિતિનો ખ્યાલ વાંચકવૃંદનેજ કરવાનું સોંપું છું. તાજમહેલમાં શાહજહાનની તથા તેની બેગમ મુમતાજમહાલની કૃત્રિમ કબરો આવેલી છે. અસલ કબરો નીચે ભોંયરામાં છે. આગ્રાનો કિલ્લો પણ જોવા લાયક છે. કિલ્લો જોવા માટે પરવાનગી મેળવવી પડે છે અને ભોમીયા માણસને લઇને જોવા જવાથી તેમાંની બાબતોની માહિતી મળે છે. કિલ્લામાં દિવાનેઆમ, દિવાનેખાસ, નિમાજની જગ્યા, રાણીઓને રહેવાના મહેલો, છૂપા રસ્તા, ઉત્તમ કારીગરી અને મનોરંજન નકશી કામ જોઇ તે વખતના કારીગરો માટે સહજ ઉંચો અભિપ્રાય બંધાય છે. આ શિવાય કિલ્લામાં મોતીમસીદ, મચ્છીભુવન, સમત બુર્જ, સોનેરી દિવાનખાનુ, કાચમહેલ. ખાસ મહેલ, જહાંગીર બાદશાહનો મહેલ, શીષમહેલ, વિગેરે ઘણું જોવા લાયક છે. શીષમહેલમાં ગરમ ઠંડા પાણીના હોજ છે.

આગ્રામાં બીજી જોવા લાયક જગાઓમાં સિંકદર તથા રામ બાગ છે. અહીંઆં અકબર પાદશાહની કબર, કોતરકામ, દરવાજા ઉપર ચારપાંચ માળની ભૂલવણીની જગ્યા તથા સોનરીકામ વિગેરે અદ્વિ-તીય છે. આગ્રાથી ૨૦ માઇલ દૂર ફતેહપુર શિક્રિ આવેલું છે.

અહીંઆં હિંદુઓનાં પ્રાચીન મંદીરો ઘણાં છે મુખ્ય દર્શનીય સ્થળ શ્રીયમુનાજીના કિનારા ઉપર આવેલું કૈલાસનું સ્થળ ઘણું મનોહર છે. આગ્રાથી ૧૮ ગાઉ દુર વટેશ્વરનું રમણીય સ્થાન આવેલું છે.

આગ્રામાં વેપાર સારો ચાલે છે. શેત્રંજી ગલીચા અને જરીકામ આ સ્થળે ઘણા ઉંચા પ્રકારનું બને છે.

આગ્રાથી જગન્નાથ પુરીની યાત્રાએ જનાર વૈષ્ણવો આગ્રાથી કાનપુર થઇ લખનૌ, કનોજ, સંડીલા (નેમીષ્યારણ) અયોધ્યા જાય છે. અયોધ્યાથી પાછા કાનપુર આવી ત્યાંથી અલ્હાબાદ, ચીત્રકુટ, અડેલ, ચરણાટ, કાશી; ગયાજી, ગાજીપુર, પટના, હરિહરક્ષેત્ર, જન-કપુર, ગયા, વૈજનાથ, કલકત્તા, ડાયમંડ બંદર થઇ ગંગાસાગર શ્રી મહાપ્રભુજીની બેઠકે દર્શન કરી પાછા કલકત્તા આવી ત્યાંથી ખુરદારોડ થઇને પુરીની યાત્રાએ જાય છે. અમોએ આ સ્થળે ઉપરનાજ અનુક્રમે વિગતવાર હકિકત આપી છે તેમ છતાંએ જેને જે રસ્તો સુગમ પડે તે લેવો.

કાનપુર.

મુંબઇથી કાનપુર ૮૪૦ માઇલ છે. અને હિન્દુસ્તાનમાં આ એક વેપારનું સ્થળ છે. ખાસ કરીને ઊન અને ચામડાનો વેપાર ઉત્તમ પ્રકારે થાય છે. ૧૮૫૭ ના બળવામાં આ શહેરમાં બળવા-ખોરોએ કેટલાક અંગ્રેજને મારી કુવામાં નાંખી દીધેલા હતા તે કુવો મેમોરીઅલ (Memorial Will) નામથી પ્રસિદ્ધ છે.

લખનૌ.

કાનપુરથી લખનૌ આવવું. ઐતિહાસિક દૃષ્ટીએ આ શહેર જોવા લાયક છે લખનૌ ગોમતી નદીના કિનારે છે. શહેરમાં ગણેશગંજમાં આવેલી ધર્મશાળામાં ઉતારાની ગોઠવણ થઇ શકે તેમ છે. અહીંઆં જોવા લાયક સ્થળોમાં મચ્છીભુવન જે ફક્ત પત્થરનુંજ બાંધેલું છે. લાકડાં કે લોખંડનો ઉપયોગ કરવામાં આવેલો નથી, અને માછલીના આકારમાં બાંધેલું હોવાથી મચ્છી ભુવન નામથી ઓળખાય છે. તે ઉપરાંત સંગ્રહસ્થાન, ઇમામવાડો સીકંદરાબાગ, સ્યાદત અલીખાનનો, મહમદ અલીશાહ વિગેરેના મકરબા જોવા લાયક છે. અહીંથી નૈમિષારણ્ય જવુ.

તીર્થક્ષેત્ર નૈમિષારણ્ય.

લખનૌની આસપાસના પ્રદેશને નૈમિષારણ્ય કહે છે લખનૌથી બારાબંકી જંક્શનની વચ્ચે સંડીલા સ્ટેશન આવે છે. વચમાં મુખ્ય સ્ટેશનો આલમનગર, દીલવારનગર, રહીમાબાદ અને સંડીલા છે. અહીંથી શ્રી મહાપ્રભુજીની બેઠકે જવું. શ્રી મહાપ્રભુજીની બેઠક ગોવિંદકુંડ ઉપર એક છોંકરના વૃક્ષ નીચે આવેલી છે, આચાર્યશ્રીએ અહીંઆં સમાહ કરી છે. શ્રી આચાર્યજી જ્યારે આ સ્થળે બિરાજતાં હતા ત્યારે એક દિવસ જપ પાઠ કરી નિવૃત્ત થઈ અઠયાસી હજાર સૌનકાદિક ઋષિ મંડળના યજ્ઞમાં ગુપ્ત પધાર્યા હતા. અને ત્યાં એક શ્લોકની વ્યાખ્યા ત્રણ પહોર સુધી કરી હતી. આ બેઠક અત્યારે ગુપ્ત હોય એમ જણાય છે. સુપ્રસિદ્ધ કવિ અને શ્રી મહાપ્રભુજીના અંતરંગ પરમ કૃપાપાત્ર ભક્ત સખા સુરદાસજી આ સ્થાનમાં રહેતા હતા એવું જણાય છે. વળી તેઓ ગૌઘાટ ઉપર રહેતા હતા. એવું બેઠક ચરિત્રમાંથી મળી આવે છે. પરંતુ ભક્ત કવિ અંધાવસ્થામાં પાછળથી આ ક્ષેત્રમાં આવી રહ્યા હોય એમ અનુમાન થાય છે આ ભક્તરાજે ઘણાં પદ-કીર્તન બનાવ્યાં છે જેમાંનું એક—

"રાગ કેદારો."

દેખો હરિજીકો એક સ્વભાવ;
અતિ ગંભીર ઉદાર ઉદધિ પ્રભુ, જાણી શીરોમણી રાય. ૧
રાઈ જીતની સેવાકો ફલ, માનત મેરૂ સમાન;
સમજી દાસ અપરાધ સિંધુ સમ, બુંદ ન એકો જાન. ૨
વદન પ્રસન્ન કમલ પદ સન્મુખ, દેખત હીં હે એસો;
વિમુખ ભયે કૃપા યા મુખથી, જબ દેખો તબ તેસો. ૩
ભક્ત વિરહ કાતર કરૂણામય, ડોલત પાછે લાગે;
સુરદાસ એસે પ્રભુકો કિત, દીજે પીઠ અભાગે. ૪

નૈમિષ્યારણ્ય પ્રાચીન તીર્થક્ષેત્ર છે. અને ઋષિમુનીઓ અહીંઆં તપશ્ચર્યા કરતા હતા. વ્રજયાત્રાની પરિક્રમાની માફક આ ક્ષેત્રની ૮૪ ગાઉની પરિક્રમા છે, મુખ્ય દર્શનીય સ્થળોમાં ચક્રતીર્થ છે, અહીં અઠયાસીહજાર ઋષિઓએ તપ કર્યું છે અને અત્યારે પણ તપ કરે છે પ્રભુના જેના ઉપર કૃપા હોય છે તેને એ દર્શન થાય છે. આ ઋષિઓને સુતપુરાણીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ આ સ્થાનેજ શ્રવણ કરાવી હતી. તેથી અહીંઆં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું ફળ અધિક છે. અહીંઆં સોમવતી અમાસે સ્નાન કરવાનું અપૂર્વ માહાત્મ્ય છે. અહીં પંચપ્રયાગ, અક્ષયવટ, ધર્મરાજ, શુકદેવજી, વ્યાસ, બ્રહ્માવતી, ગંગોત્રી, જગન્નાથજી, પુષ્કર, ગોમતી, દશાશ્વમેધ વિગેરે તીર્થો છે. તે ઉપરાંત જાનકીકુંડ, ગોવિંદ કુંડ, દધિચીકુંડ વિગેરે સ્નાન કરવાના અપૂર્વ માહાત્મ્ય વાળા કુંડો છે. દેવતાઓને વૃત્રાસુર દૈત્ય હેરાન કરતો હતો. અને તેથી દેવતાઓ અત્યંત કષ્ટ પામી તેનાંથી મુક્ત થવા અને રાક્ષસનો નાશ કરવા માટે દધિચી ઋષિનાં અસ્થિ શસ્ત્ર બનાવવા માગ્યાં હતાં. ઋષિએ સર્વ તીર્થમાં સ્નાન કરી હાડકાં આપવા કહ્યું તે ઉપરથી દેવતાઓએ સર્વ તીર્થો આ ભૂમિમાં ઉત્પન્ન કર્યાં તેમાં દધિચી ઋષિએ

સ્નાન કરી દેહ પાડી દેવતાઓને હાડકાં આપ્યાં હતાં, અને તેથીજ આ સ્થળ ઘણુંજ પવિત્ર ગણાય છે. અહીંઆં રસ્તો ખરાબ હોવાથી યાત્રીઓ વધારે લાભ લઇ શકતા નથી. તેથી શ્રી મહાપ્રભુજીની બેઠકે દરશન કરી નજીકમાં આવેલા કુંડમાં સ્નાન કરી પાછા ફરે છે. અહીંઆં આંબાનાં ઝાડો અસંખ્ય છે. તેથી યાત્રાળુઓ પોતાના ગોરને દક્ષિણામાં અમુક આંબા આપે છે. અહીંથી પાછા લખનૌ આવી અયોધ્યા જાય છે.

તીર્થક્ષેત્ર કનોજ.

કનોજ ઇતિહાસ પ્રસિદ્ધ શહેર છે. અહીંનું અત્તર વખણાય છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર ભગવદીય પરમાનંદદાસ કનોજના વતની હતા. અને એ પરમ ભાગ્યવાન ભગવદીયે પણ પણ મહાન્ ભક્તકવિ સુરદાસજીની માફક ઘણાં ઉત્તમ પદ બનાવ્યાં છે તેમનાં પદ–કીર્તનોના સંગ્રહનો "પરમાનન્દ સાગર" ગ્રન્થ છે. વળી સંભરવાળા દામોદરદાસ પણ અહીંના વતની હતા. કનોજને અશ્વતીર્થ પણ કહે છે કારણ કે રૂચીક ઋષીએ ગાધી રાજા પાસે પોતા માટે કન્યા માગી ત્યારે રાજાએ એક સહસ્ર સ્યામકર્ણ અશ્વ માગ્યા. ઋષીએ વરૂણને પ્રસન્ન કરી ઘોડાઓ લાવી રાજાને આપી કન્યા પરણ્યા હતા.

તીર્થક્ષેત્ર અયોધ્યા.

દેવતાઓને કષ્ટ દેનાર, દશ માથા અને વીસ ભૂજાવાળા રાવણને મારનાર, શ્રી વિષ્ણુ ભગવાનના અવતાર શ્રી રામચંદ્રજીનો જન્મ અયોધ્યામાં થયો હતો. આ નગર સર્યુ નદીને કિનારે આવેલું છે. અયોધ્યાની ગાદીએ પ્રતાપી ઇક્ષ્વાકુ વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. તેમના વંશમાં રાજા દશરથ પ્રતાપી રાજા થયા.

સાત પુરીઓમાંની આ એક પુરી છે, અત્યારની અયોધ્યા તો અસલ અયોધ્યાની પછીજ થએલી જણાય છે. શ્રી રામચંદ્રજીના સ્વદેહે સ્વર્ગે ગયાની સાથેજ આ પુરીના સમસ્ત નગરજનો સ્વર્ગે ગયા હતા. અહીંનાં પ્રાચિન સ્થળોમાં દશરથ રાજભુવન, હનુમાનગઢી; નંદિગ્રામ, વિગેરે છે. તે સિવાય આ ક્ષેત્રમાં દશરથે અશ્વમેધ અને પુત્રેષ્ટિ યજ્ઞ કર્યાનું સ્થાન પણ અહિંથી થોડું દૂર આવેલું છે. સર્યુ નદીના કિનારા ઉપર પણ કેટલાક ઘાટો લાંબા વખતના હોવાની નિશાનીઓ જણાય છે. અયોધ્યા પુરીમાં શ્રી રામચંદ્રજીનો જન્મ થયેલો હોવાથી તાર્થયાત્રાને માટે પ્રસિદ્ધ છે, અહીંઆં પ્રતિ ચૈત્ર શુદી નવમીને દીવસે મોટો મેળો ભરાય છે અને લાખો યાત્રાળુઓ આહીંઆં દર્શનાથે આવે છે. જેમ શ્રી જન્માષ્ટમીને દિવસે શ્રી પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનનું પ્રાગટ્ય શ્રી મથુરાપુરીમાં રાત્રીના બાર વાગ્યે થયું હતું તેમ શ્રી રામચંદ્રજીનું પ્રાગટ્ય ચૈત્ર શુદી ૯ નવમીને દિવસે બપોરે બાર વાગ્યે સતિ કૌશલ્યાના ઉદરથી થયું હતું. આ દિવસે અયોધ્યામાં ઘણી ધામધુમ થાય છે. અને પવિત્ર સર્યુના સ્વર્ગ દ્વાર ઘાટે યાત્રીઓ સ્નાન કરી પવિત્ર થાય છે. અહીંઆં દર્શનીય સ્થળોમાં સુરસરીનારાયણીનું મંદિર, હનુમાનગઢી, કનકભુવન શ્રી સીતાજીનું રસોડું, શ્રીરામ જન્મસ્થાન વિગેરે છે, તે ઉપરાંત, શ્રી સીતા કુંડ, કુબેરપર્વત, સુગ્રીવપર્વત, લક્ષ્મણઘાટ, રામઘાટ, વિગેરે સ્થળો દર્શનને માટે છે. હનુમાનગઢીમાં હનુમાનજીનું દિવ્ય સ્વરૂપ એક ઉંચી જગ્યા ઉપર મંદિરમાં છે. નંદિગ્રામમાં ભરતજીએ તપશ્ચર્યા કરી હતી. તે સ્થળ છે. અહીંયાં ભરતજીનું મંદિર છે. સર્યુ ઘાટ ઉપર સુર્યનારાયણનું મંદિર છે તથા બીજું શ્રી ગોવિંદદાસજીનું મંદિર છે—આ મંદિર વિષે એવું સાંભળ્યું છે કે હમેશાં હજાર બત્તીથી શ્રી ગોવિંદ પ્રભુની આરતી ઉતારાય છે. આ સ્થળોએ દર્શન કરી શ્રી

આચાર્યજી મહાપ્રભુજીની બેઠક સર્યુ નદીના ગુસાંઇઘાટ ઉપર આવેલી છે ત્યાં દર્શન કરવા જવું. આ બેઠકે શ્રી મહાપ્રભુજીએ રામભક્તરાજ હનુમાનજીને પોતાના સ્વરૂપનો ચમત્કાર બતાવ્યો હતો. શ્રી આચાર્યજી મહાપ્રભુજી એક દિવસ આ ક્ષેત્રમાં દર્શન કરી પાછા પધારતા હતા ત્યારે રસ્તામાં શ્રી રામાયણની કથા થતી હતી. તથા શ્રી હનુમાનજી કથા સાંભળવાને પધારેલા હતા. પરંતુ નગ્ન સ્વરૂપે બેઠેલા હોવાથી શ્રી મહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી કે હવેથી એક લંગોટ પહેરી કથા સાંભળવા જવું. ત્યારથી એવી પ્રથા ચાલે છે કે, જ્યાં જ્યાં રામાયણની કથા થતી હોય ત્યાં શ્રી હનુમાનજી સારૂ એક વસ્ત્ર પાથરવામાં આવે છે. ત્યાર પછી શ્રી મહાપ્રભુજી શ્રી રામચંદ્રજીનાં દર્શન કરવા પધાર્યા હતા. અને ત્યાં સ્વમુખે "**श्रीमर्यादा पुरुषोत्तमायनमः**" એમ વદ્યા. આ સાંભળી શ્રી હનુમાનજીને સંદેહ થયો. પરંતુ કંઇ બોલ્યા નહિ. પછી શ્રી રામચંદ્રજીએ શ્રી હનુમાનજીની એ શંકાનું નિવારણ કરવા કંઇ સામગ્રી આપી શ્રી મહાપ્રભુજી પાસે મોકલ્યા હનુમાનજી અહીં આવી જુએ છે તો શ્રી મહાપ્રભુજીનાં શ્રીરામચંદ્રના સ્વરૂપમાં દર્શન થયાં, હનુમાનજીએ પાછા ફરી શ્રી રામચંદ્રજીને સઘળી હકિકત નિવેદન કરી, શ્રી રામચંદ્રજીએ સ્વમુખે કહ્યું કે શ્રી મહાપ્રભુજી મ્હારૂં સ્વરૂપ ધરી શકે તેમ છે પરંતુ મારાથી તેઓશ્રીનું સ્વરૂપ લઇ શકાય તેમ નથી. આ સંવાદનો અર્થ એવો છેકે શ્રી રામચંદ્રજી તો પૂર્ણ પુરૂષોત્તમના હાસ્યનો અવતાર છે. અને હાસ્ય તો શ્રી મુખમાં રહેલું છે. જ્યારે શ્રી મહાપ્રભુજી શ્રી પૂર્ણ પુરૂષોત્તમના મુખારવિંદના અધિષ્ઠાતા અલૌકિક આનંદ સમયના અગ્નિરૂપ-તેજરૂપ છે અર્થાત્ શ્રી મહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ છે એટલે સ્વયં શ્રીપૂર્ણ પુરૂષોત્તમ છે. આ પ્રમાણે શ્રી હનુમાનજીનો સંદેહ મટાડયો હતો. અહીંઆં દર્શન કરી, શ્રી ઝારીજી ચરણસ્પર્શ વગેરે સેવાનો લાભ લઇ, આગળ અલ્હાબાદ-પ્રયાગ થઇ ચિત્રકુટ થઇ બનારસ-કાશી જવું.

તીર્થક્ષેત્ર પ્રયાગ-અલ્હાબાદ.

અલ્હાબાદનું હિંદુ નામ પ્રયાગ છે. હિમાલય પર્વતમાંથી નીકળતી ગંગા, અને યમુના નદીઓનો આ સ્થળે સંગમ થાય છે અને સરસ્વતિ ગુપ્ત રૂપે અહીંઆં મળે છે.

આ સંગમ સ્થાનને ત્રીવેણી કહે છે. પ્રયાગ હિંદુઓનું પવિત્ર તીર્થક્ષેત્ર છે. અહીં શેઠ ગોકળદાસ તેજપાળની ધર્મશાળા છે ત્યાં ઉતરવાની સવડ થઇ શકે તેમ છે માટે યાત્રીઓએ અહીંઆં મુકામ કરી, ત્રીવેણીમાં સ્નાન કરી, વેણી માધવનાં દર્શન કરવા જવું. અને જેઓએ ગંગોત્રીમાંથી જળ ન લીધું હોય તેમને આ સંગમ સ્થળેથી જળ લેવું, અહીંઆં જ્યારે વૃષભ રાશીના બ્રહસ્પતિ થાય છે. ત્યારે મોટો મેળો ભરાય છે. અને લાખો યાત્રીઓ ભેગા થાય છે.

આ સ્થળને વિષે પુરાણોમાં જણાવેલુ છે. કે દેવો અને રાક્ષસો વચ્ચે યુદ્ધ થયું તે વખતે દેવોના ગુરૂ બ્રહસ્પતિ સમુદ્ર મંથન કરવાથી અમૃત નીકળ્યું હતું. તે અમૃતનો ઘડો લઇ નાશી જતા હતા. રાક્ષસો તે લેવાને તેમની પાછળ પડયા તેથી ત્રિવેણી, ગોદાવરી અને ક્ષિપ્રાના તટ ઉપર ઘડામાંથી અમૃત છલકાઇને આ નદીઓના તટ ઉપર પડયું હતું. અને તેથીજ કુંભના ગુરૂ થતાં હરદ્વારમાં, વૃષભના બ્રહસ્પતિ થતાં પ્રયાગમાં, સિંહના બ્રહસ્પતિ થતાં નાસિકમાં, અને વૃશ્ચિકના બ્રહસ્પતિ થતાં ઉજ્જનમાં કુંભનો મેળો ભરાય છે. કાંઠા ઉપર એક નાના કુંડમાં હનુમાનજીની મૂર્તિ જળમાં સુતેલી છે. એવું સાંભળવામાં આવ્યું છે કે, અનેક પ્રયત્ન કરવા છતાં આ મૂર્તિ ઉભી થઇ શકતી નથી અને ઊંડી ઉતરતી જાય છે. દેવતાઓના માહાત્મ્યની કંઈ સીમા છે?

અહીં કિલ્લામાં એક પ્રાચીન વડનું વૃક્ષ છે જે પ્રાગવડ નામથી ઓળખાય છે આ વડને ફક્ત બેજ પાંદડાં આવે છે અને

તેમાં શ્રી ભગવાન પોઢયા હતા એવી પુરાણોક્ત કથા આ વડને વિષે ચાલે છે. અહીંથી શ્રી અડેલ જવું.

સૂર્ય સંપૂર્ણ જગતને ભસ્મ કરી શકે છે. પરંતુ અક્ષય વડના જડને ભસ્મ કરી શકતો નથી પ્રલય વખતે શ્રીવિષ્ણુ ભગવાન આ અક્ષયવડનું પૂજન કરતા હતા. પ્રતિષ્ઠાન પુર તિર્થમાં બ્રહ્મા સ્થિતિ છે. શ્રી વિષ્ણુ વેણી માધવ રૂપે અને શિવજી અક્ષય વડ રૂપે પ્રયાગમાં સ્થિતિ છે.

તીર્થક્ષેત્ર અડેલ.

અલ્હાબાદથી નૈનીનું સ્ટેશન આવેછે. અહીં ઉતરી ઘોડા ગાડી ભાડે કરી ત્યાંથી અડેલ જવું. અહીંયાં શ્રી આચાયજી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઇજીની બેઠકો આવેલી છે. આચાર્યશ્રી આ બેઠકે ઘણો વખત પધારેલા છે. આ સ્થળે શ્રી આચાર્યજી મહાપ્રભુજીનાં માતુશ્રી શ્રી ઇલ્માગારૂજીને શ્રી નવનિતપ્રિયાજીએ એક સ્વરૂપે બ્રહ્મ સંબંધ કરાવી, બીજે સ્વરૂપે શ્રી ઇલ્માગારૂજી પાસેથી મોતીની માળાની ભેટ લીધી હતી. અને સાક્ષાત્ લીલાનો અનુભવ કરાવ્યો હતો. શ્રી ગોપીનાથજી તથા શ્રી ગોકુળનાથજીનું પ્રાગટય આજ સ્થળમાં થયું હતું. અહિં શ્રી ગુંસાઇજીની તથા શ્રી ગોકુળનાથજીની બેઠકો આવેલી છે. આ બેઠકોએ ઝારીજી ચરણ સ્પર્શની સેવા થઇ શકેછે. વૈષ્ણવોએ ભાવ પૂર્વક સેવા કરી દર્શનનો લાભ લેવો. અહીંથી દર્શન કરી આગળ કાશી જવું. કાશી જતા પહેલાં વચમાં શ્રી ચિત્રકુટ જવું. અલ્હાબાદ (પ્રયાગ)થી ઝાંસી જંકસનથી માણેકપુરની લાઇન જુદી જાય છે. આ લાઇને જતાં ચિત્રકુટ આવે છે અથવા અલ્હાબાદથી નૈની આવી માણેકપુર લાઇનમાં પણ જઇ શકાય છે. માણેકપુરથી ત્રીજું સ્ટેશન ચિત્રકુટનું આવે છે.

તીર્થક્ષેત્ર ચિત્રકુટ.

આ સ્થળ ઘણુંજ પ્રાચીન છે. શ્રી રામચંદ્રજી, સીતા અને લક્ષ્મણજી સાથે વનવાસમાં આ સ્થળે રહ્યા હતા. અને તેથી તે ઘણુંજ પવિત્ર ગણાય છે. અયોધ્યાપુરીની યાત્રા કરનારને શ્રી રામચંદ્રજીના વનવાસની હકીકત જાણવી દુર્લભ નથી. અહીંથી બે માઇલ દુર પયાસ્વીનિ નદી વહે છે. અને સીતાપુરગામ ચિત્રકુટની તળેટીમાં આવેલું છે. સીતાપુર ગામમાંજ બધાં મંદિરો આવેલાં છે. અહીંઆં મથુરાની પંચકોશી પરિક્રમાના યાત્રાના માફક સીતાપુરની પંચકોશી યાત્રા થાય છે. અહીંઆં દર્શનીય સ્થળોમાં રામચોતરો, શ્રીરામચંદ્રજીના ચર્ણપાદુકાજી, લક્ષ્મીનારાયણનું મંદિર, વિગેરે છે. તે ઉપરાંત કોટીતીર્થમાં સ્નાન કરવાનું માહાત્મ્ય છે. સ્ફટિક શીલા જ્યાં આગળ ઇંદ્રના પુત્ર જયંતે કાગડાનું રૂપ લઈ સીતાજીને હાથમાં ચંચુકાના પ્રહાર કર્યા હતા તે સ્થળનાં તથા શિલાનાં દર્શન થાયછે. અહીં ભરતકુપ ઘણોજ પવિત્ર ગણાય છે. શ્રી રામચંદ્રજીએ ભરતજીને રાજ્યાભિષેક કરવા સારૂ સઘળાં તીર્થોમાંથી જળ એકઠું કર્યું પણ ભરતજીએ રાજ્યાભિષેકની ના પાડવાથી એજળને આ કુવામાં પધરાવ્યું હતું તેથી ભરત કુપ તીર્થસમાન ગણાય છે. અને પવિત્ર હોઇ સ્નાન કરવાનું અપૂર્વ માહાત્મ્ય છે. આગળ ગુપ્ત ગોદાવરી આવે છે. અહિંઆં સીતા કુંડ છે. અહીં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક કાન્તાનાથ પર્વત આગળ છે. અહીં શ્રી મહાપ્રભુજીએ સંમાહ કરી હતી. એક દિવસ કાંતાનાથ પર્વતે બ્રાહ્મણના વેષમાં આવી શ્રી મહાપ્રભુજીને કહ્યું કે શ્રી રામચંદ્રજી, શ્રી જાનકીજી તથા શેષનાગના અવતાર રૂપ શ્રી લક્ષ્મણવીર સહ અહીંઆં બિરાજે છે. અને તેઓ શ્રીની ઇચ્છા આપની સાથે ભોજન કરવાની છે. તેથી શ્રી આચાર્યજી એ ૫૦૦૦ દામોદ-

રદાસની પાસે કેળાંની સામગ્રી સિદ્ધ કરાવી તેમાં મિશ્રી ઇલાયચી ને ગુલાબજળ પધરાવી શ્રી રામચંદ્રજી પાસે પર્વત ઉપર પધાર્યા અને એક સાથે રત્ન જડિત શિલા ઉપર બેસી ભોજન કર્યું હતું. આ બેઠકે શ્રી મહાપ્રભુજીએ સોળ દિવસ સુધી રામાયણનો પાઠ કર્યો હતો. અહીંઆં શ્રી ઝારીજી ચરણ સ્પર્શની સેવાનો લાભ લેવો. આ બેઠકે શ્રી રામચંદ્રજીના સંબંધમાં શ્રી, આચાર્યજીએ નીચેની કારિકા લખી છે.

सेतु बंधनमात्रैक चरितं हरि संमतम् ।
दोषभावाय नारोणां लंकास्थानं निरुपितम् ॥

અહીંઆં દર્શનાદિ કાર્યથી નિવૃત્ત થઈ પ્રયાગ આવી કાશી જવું.

તીર્થક્ષેત્ર કાશી યા બનારસ.

કાશી અથવા બનારસ તીર્થક્ષેત્ર હિંદુપ્રજામાં ઘણાકાળથી ઉત્તમોત્તમ ક્ષેત્ર ગણાય છે. કાશીને ત્રણ સ્ટેશનો છે. ૧ કાશી, ૨ બનારસ કેમ્પ આ બે મોટી લાઇનનાં સ્ટેશનો છે અને ત્રીજી બનારસ સીટી નાની લાઇનનું છે ત્રણે સ્ટેશનો ગામથી દોઢથી બે માઇલ દૂર આવેલાં છે. યાત્રાળુઓએ મુખ્ય મથક કાશી ઉતરવું. સ્ટેશનથી ઉતરી ધર્મશાળામાં ઉતરવાનો બંદોબસ્ત કરવો. ,"રંગમહેલ" નામની ધર્મશાળા મુંબઈના એક ભાટીઆ ગૃહસ્થે બંધાવેલી છે. બીજી "ગોલઘર" નામની ધર્મશાળા છે તે શેઠ મોરારજી વસનજીએ બંધાવેલી છે. ત્રીજી ધર્મશાળા રેવાબાઇ ભાઈશંકર નાનાભાઇ સોલી-સીટરની બંધાવેલીછે. આ ત્રણમાંથી કોઇ એક ધર્મશાળામાં ઉતરવાનો બંદોબસ્ત કરવો. અથવાતો ગોર-પંડયાને ત્યાં ઉતરવું.

કાશીનું પ્રાચીન નામ વાણારસી છે. વારણા, અસિ નામની બે નદીઓ ગંગામાં મળે છે. અને તે બે નદીઓ વચ્ચેના પ્રદેશને

" વારણાસી " કહેવામાં આવે છે અને તેનો અપભ્રંશ વણારસ અથવા બનારસ થયું છે.

કાશીનું માહાત્મ્ય વેદ અને પુરાણોમાં ઘણું વર્ણવેલું છે. ઉપનિષતમાં, અત્રી ઋષીએ પ્રશ્ન કર્યો કે પરમાત્મા અવ્યક્ત અનંત છે તેને શી રીતે જાણી શકાય ? આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીયાજ્ઞવલ્કયે કહ્યું કે, અવિમુકતનું સેવન કરવાથી પરમાત્માને જાણી શકાય છે. અને અવ્યક્ત વરણા અને અસિની વચ્ચમાં છે. કાશીમાં અવિમુક્ત દેવતાઓનું યજ્ઞસ્થાન છે. શીવજીએ પરમ જ્યોતિર્લિંગરૂપ પોતાની શક્તિ ઉત્પન્ન કરી તેનું નામ કાશી રાખ્યું છે અને કાશીનો મંત્ર, જપ, તપ, ધ્યાન કરનાર મોક્ષ પામે છે આવો ઉલ્લેખ બ્રહ્મવૈવર્ત પુરાણમાંથી મળી આવે છે. સનત્કુમાર સંહિતામાં લખ્યું છે કે કાશીનો પ્રલય કાળમાં નાશ થતો નથી. કાશીમાં સર્વત્ર દેવતાઓજ છે. અને દેવતાઓથીજ કાશીનું રક્ષણ થાય છે. તદુપરાંત કાશી સંસ્કૃત વિદ્યા ભણવાના કેન્દ્રસ્થાન તરીકે પ્રસિદ્ધ હતું. અને છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીએ આ સ્થળેજ વિદ્યાભ્યાસ કર્યો હતો. શ્રીશંકરાચાર્યજી, શ્રી રામાનુજાચાર્ય વિગેરે ધર્માચાર્યો અને ધર્મના સ્થાપનાર આચાર્યશ્રીઓએ આ ક્ષેત્રને વિષે પોતાની વિદ્યાનો પ્રભાવ પ્રગટ કરેલો અને તેઓશ્રીએ આ સ્થાનમાં સ્વધર્મનું સ્થાપન વેદશાસ્ત્ર અનુસાર કરેલું હતું. અત્યારે જેમ વિશ્વવિદ્યાલયની પરિક્ષાઓ થાય છે. અને તેમાં પાસ થનારને ઉપાધિ ઉપમા અપાય છે તેવીજ રીતે પુરાતન કાળથી કાશી વિશ્વ વિદ્યાલયનું એક કેન્દ્રસ્થાન તરીકે ગણાતું હતું. ચાર વેદ, છ શાસ્ત્ર અને ઉપનીષદોનો અભ્યાસ આ ક્ષેત્રમાં અત્રેના પંડીતો પાસે રહી દૂર દેશાવરના વિદ્યાર્થીઓ કરતા હતા. બાર વરસ પર્યંત ગુરૂની પાસે રહી ગુરૂના ઘરનું કાર્ય કરી વિદ્યા શીખતા હતા. પરંતુ વિદ્યા પ્રાપ્તીને અર્થે ગુરૂને મુસારો આપવામાં આવતો નહોતો

શિષ્યો ગુરૂપ્રત્યે પિતૃભાવ અને ગુરૂપત્નિ પ્રત્યે માતૃભાવ ધરાવતા હતા. અખંડ બ્રહ્મચર્ય પાળતા હતા. ગુરૂપણ શિષ્યોને પોતાના પુત્ર તુલ્યજ ગણાતા હતા અને ઘણાજ હેતથી વિદ્યા શીખતા હતા. શિષ્યો ગામમાંથી ભિક્ષા માગી લાવતા, જંગલમાંથી લાકડાં વીણી લાવતા અને ગુરૂની જેટલી બને તેટલી વધારે સેવા કરવા હમેશાં તત્પર રહેતા હતા. સારાંશ કે પ્રાચીન કાળમાં કાશી બ્રહ્મચારી, સંન્યાસી અને ઇશ્વર પરાયણ બુદ્ધિવાળા વિદ્વાનોનું નિવાસ સ્થાન હતું. કાશીએ વિદ્યા ભણ્યા શિવાય ગૃહસ્થાશ્રમને લાયક થતો નહતો. બંધુઓ ! આપણી અત્યારની સ્થિતિ આ દીશામાં કેવી છે ?

અહો ! કાળની બલિહારી ! સર્વત્ર કાળનીજ વિચિત્રતા ભાસે છે. સર્વ દેશી કાળ સર્વને ભક્ષણ કર્યાજ કરે છે. કયાં છે એ પુરાતન કાળની કાશી ! કયાં છે ભગવત્ પરાયણ બુદ્ધિવાળા અને પુત્રવત્ ભાવ રાખનાર ગુરૂઓ ! કયાં છે ગુરૂની સાત્વીક ભાવથી સેવા કરનારા શિષ્યો ! કયાં પર્ણકુટી અને કયાં આધુનિક સગવડતાવાળી બોર્ડીંગો ! કયાં જમીન ઉપર બેસવાનું સ્થાન, અને કયાં આધુનિક ખુરશી ટેબલ ! કયાં એ વખતનું સંસ્કૃતજ્ઞાન, અને કયાં આધુનિક પશ્ચિમ દેશોની વિદ્યા, કયાં હાથે રસોઇ કરી ઉદરપૂર્તિ કરવાની પ્રથા અને કયાં ચીનાઇ પ્યાલા રકાબીમાં આપણી ચા પાણી અને ભજીઆં જમવાની હોટલો ! આજથી લગભગ પાંચસો વરસોનીજ વાત જોઇ શું તો જણાશેકે અત્યારે તે વખતનું કંઇપણ રહેલું નથી. એક વખતનું કાશી, તેમાં રહેના પંડીતો, વિદ્વાનો, ધર્મપરાયણ ગુરૂઓ, સદગુણી પ્રજા; વિદ્યોત્તેજકનું ક્ષેત્ર, વિશ્વવિદ્યાલયનુ કેન્દ્રસ્થાન, માતૃભાષાની રમણિય ભૂમિ, આર્યાવર્ત્તનું શિરોબિન્દુ, અત્યારે ભિન્ન પ્રકારે દૃષ્ટિ ગોચર થાય છે. ખરેખર ! સર્વ ભક્ષી અગ્નિની માફક કાળ ભક્ષજ કરી ગયો છે. અત્યારેતો શિષ્ય તે ગુરૂ અને ગુરૂ તે શિષ્ય, અને વળી પંતુજીનું અપમાન તે ગુરૂની સેવા, સુધારાની વિદ્યા તે વિદ્યા હોટ-

શોતે રસોઇ ખાવું, અને શાસ્ત્ર તે ગપ્પાં છે એવું સિદ્ધ કરવાનો અત્યારની વિશ્વવિદ્યાલયમાં ઉત્તીર્ણ થએલા પંડીતોનો વાદવિવાદ છે. વાંચક ! આ જોઇ તારા હૃદયમાં કંઇ આઘાત થાય છે !

અહીંઆં ઉતારાનો બંદોબસ્ત કરી શ્રીમુકુન્દરાયજી ના મંદિરમાં દર્શનાર્થ જવું અહીંઆં શ્રીમહાપ્રભુજીના સેવ્ય. શ્રીમુકુંદરાયજીનું સ્વરૂપ બિરાજે છે. આ સ્વરૂપ પ્રથમ શ્રીનાથજીની પાસે બિરાજતું હતું તે શ્રીગિરિધરજી મહારાજ અહીં પધરાવી લાવ્યા ત્યારથી આ સ્થળે બિરાજે છે. તે સિવાય આ મંદિરમાં શ્રી અનંતશેષજી, શ્રી ગિરિરાજજી શ્રી નાથજીના વેણુજી, શ્રી મહાપ્રભુજીના શ્રી હસ્તાક્ષર બિરાજે છે. બીજુ મંદિર **શ્રી ગોપાલલાલજી** નું છે. આ શ્રી ગોપાલલાલજીનું સ્વરૂપ શ્રી ગુંસાઇજીએ ભગવદીય બાઇઓ લાડી બાઇ તથા ધારબાઇને માથે સેવ્યા કરી પધરાવ્યા હતા. આ બે ભગવદીય બાઇઓ માણેકપુરમાં રહેતી હતી. આ શ્રી ઠાકોરજી પ્રથમ ઉદેપુરમાં બિરાજતા હતા. પણ હાલમાં આ ક્ષેત્રમાં શ્રી જીવણલાલજી મહારાજના લાલજી શ્રી ગિરિધરલાલજીને માથે બિરાજે છે. ત્રીજુ મંદિર **શ્રી-ગોપીનાથજી** નું છે. અને ત્યાં શ્રી ગુસાંઇજીના સેવ્ય શ્રી ગોપીનાથજી ઠાકોરજી શ્રી જીવણલાલજી મહારાજના લાલજી શ્રી ગિરિધરલાલજીને માથે બિરાજે છે આ સ્વરૂપની સાથે શ્રી મદનમોહનજીનું શ્રી ગોવર્ધનનાથજીનું, શ્રી બાલકૃષ્ણજીનું વિગેરે સ્વરૂપો બિરાજે છે. ચોથું મંદિર છે તેમાં શ્રી બાલકૃષ્ણજી તથા શ્રી દાઉજી નાં સ્વરૂપો મુંબાઇવાળા શ્રી રણછોડલાલજી મહારાજને માથે બિરાજે છે. આ સિવાય એક મંદિર મણિકર્ણિકાના ઘાટ ઉપર શ્રી દાઉજીનું છે તેમાં શ્રી દાઉજીનું સ્વરૂપ બિરાજે છે.

આ મંદિરોમાં દર્શન કરી શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠકે દર્શન કરવા જવું. કાશીમાં શ્રી મહાપ્રભુજીની બે બેઠકો છે. પહેલી

બેઠક પરમ ભાગ્યવાન ને શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીય શેઠ પુરૂષોત્તમ દાસના ઘરમાં છે. બીજી બેઠક શ્રી ગંગાજીને તીરે હનુમાન ઘાટ ઉપર આવેલી છે તે ઉપરાંત પંચગંગા ઘાટ ઉપર શ્રી મહાપ્રભુ; જીનાં લગ્ન થયાં હતાં તે સ્થળે ભાવમય બેઠક છે. આ સિવાય શ્રી ગુસાંઇજીની બેઠક પરમ ભગવદીય શેઠ પુરૂષોત્તમદાસના ઘરમાં શ્રી મહાપ્રભુજીની બેઠક સાથે છે.

આ સ્થળે આજ ભગવદીયના ઘરમાંથી પ્રથમ નંદમહોત્સવની શરૂઆત થઇ છે શ્રી આચાર્યજી મહાપ્રભુજી કે જે શ્રી પૂર્ણપુરૂષોત્તમ છે અને "**भक्त मनोरथ पुरकाय**" એ નામાનુસાર આ પરમ ભાગ્યવાન ભગવદીયને તેમનાજ ઘરમાં કુવામાંથી સાક્ષાત્ અલૌકિક સ્વરૂપે શ્રી નંદરાયજી, શ્રી યશોદાજી, શ્રી વ્રજભક્ત ગોપીજન ગાય, ગ્વાલ વિગેરે પ્રકટ થઇ નંદમહોત્સવનો આનંદ કરી શેઠને આનંદ મહોત્સવનાં દર્શન કરાવ્યાં હતાં. અત્યારે આ કુવો શ્રી યમુનાજીના ભાવથી મનાય છે. બીજી બેઠક **હનુમાન ઘાટ** ઉપર આવેલી છે આ સ્થળે જ શ્રી મહાપ્રભુજીએ અન્નજલ ત્યાગ કરી સંન્યાસ ગૃહણ કર્યો હતો અને સંન્યાસ નિર્ણય ગ્રંથ રચી માયાવાદી બ્રાહ્મણોનો સંશય મટાડ્યો હતો. તે ઉપરાંત ભાટ્ટ માર્ગના પંડિતો સાથે વાદ કર્યો છે. પૂર્વમિમાંસા અને ઉત્તરમિમાંસા અથવા કર્મકાણ્ડ અને જ્ઞાન કાણ્ડ એ બન્નેની જરૂર છે. અને એ બંન્નેની એક વાક્યતા છે. એમ સરળપણે સમજાવ્યું છે. અને માયાવાદ ખંડન કરી બ્રહ્મવાદ સિદ્ધ કરી ભક્તિમાર્ગનું પ્રતિપાદન કર્યું છે આ સિદ્ધાંત તેઓશ્રીના પત્રાવલંબન નામના ગ્રન્થમાં મળી આવે છે ભગવદીય ગોપાળદાસે ગાયું છે કે,

"પત્રાવલંબે પંડિત જીત્યા, માયિક મત માતંગ."

બીજીવાર આપશ્રીએ આ બ્રાહ્મણોને પોતાનું અગ્નિસ્વરૂપ રૂપ દેખાડી

મહાત્ કર્યા હતા. ત્યારપછી આચાર્યશ્રીએ ગંગાજીમાં પુષ્ય નક્ષત્રમાં સં. ૧૫૮૭ અશાડ સુદી ૨ ઉપર ૩ તૃતીયાને દિવસે કેડ સમાન જળમાં ઉતરી જ્વાળાપુંજ માર્ગથી નિજધામમાં પધાર્યા હતા. અને તે તેજનો પુંજ એક મહાન્ સ્થંભની માફક ગંગાજીના જળની સપાટીથી આકાશના શિરોબિંદુ સુધી લગભગ ત્રણ કલાક સુધી દેખાયો હતો આ વખતે કાશી નિવાસી નગરજનો આશ્ચર્ય સહીત શોકને પ્રાપ્ત થયા હતા. શ્રી આચાર્યજીએ આ વખતે જે બોધ શ્રી ગોપીનાથજી વિગેરેને આપેલો છે. તે સંબંધી હકિકત આ ગ્રંથના પાન ૬૨-૬૩ માં આપેલી છે ત્યાં જોવું. ત્રીજી બેઠક લગ્ન વેદીની છે તે બેઠક નથી પરંતુ વૈષ્ણવો બેઠકના ભાવથી માને છે. આ બેઠકોએ શ્રી ઝારીજી ચરણ સ્પર્શની સેવાનો લાભ લઇ કાશીની પરિક્રમા કરવા જવું.

કાશીની અંતર્ગૃહી અને બાહ્યપરિક્રમામાં ઘણા દેવાલયો અને શિવાલયો છે. કાશીમાં શંકરનાં શિવાલયો એટલાં બધાં છે કે. કાશીને માટે "કંકર એટલા શંકર" એમ કિવંદતિ સહજ થઇ પડી છે. મુખ્ય શિવાલય કાશી વિશ્વનાથનું દ્વાદશ જ્યોતિર્લિંગ માંહેનું આ. પ્રાચીન મંદિરછે આ વિશ્વનાથને કુવામાંથી પધરાવવામાં આવ્યા છે અને તે કુવો જ્ઞાનવાપી નામથી મશહુર છે. અહીંઆં આચમન, પુંજાનું માહાત્મ્ય છે, કાશીવિશ્વનાથના મંદિરને સુવર્ણનો કળશ છે. તે ઉપરાંત સિદ્ધવિનાયક, મણીકર્ણેશ્વર, વાસુકેશ્વર, સોમેશ્વર, હાટકેશ્વર, પશુપતેશ્વર, વિગેરે અસંખ્ય શિવાલયો છે. વળી ચંદ્રકુપ, ધર્મકૂપ (આ કૂપને વિષે એવું કહેવાય છે કે મૃત્યુ પહેલાં છ માસ આ કુપમાં પ્રતિબિંબ જણાતું નથી) વિગેરે છે. અન્નપુર્ણા દેવીનું મંદિર છે, આ મંદિરમાં ત્રણ વખત ભોજન અપાય છે. આ અન્નપૂર્ણાનું મંદિર પેશ્વાઇ રાજ્ય તરફથી બંધાવેલું છે, દશાશ્વમેધ ઘાટ ઉપર દશાશ્વમેધેશ્વરનું, રામઘાટ

ઉપર શ્રીરામચંદ્રજીનું, દુર્ગાઘાટ ઉપર શ્રીનૃસિંહજીનું, અને માન મંદિર વગેરે આવેલું છે. આ માન મંદિર આગળ જ્યોતિષ શાસ્ત્રને લગતી ગ્રહવેધની વ્યવસ્થા જોવામાં આવ છે.

કાશીમાં જેમ મંદિરો અસંખ્ય છે તેમ ઘાટ પણ ઘણા છે. મુખ્ય ઘાટોમાં રાજઘાટ, પ્રહલાદઘાટ, પિલપિલાતીર્થ, ત્રીલોચનાઘાટ ગૌઘાટ, બ્રહ્મઘાટ, દુર્ગાઘાટ, બાલાજીઘાટ. અશ્વઘાટ, યમેશ્વરઘાટ, મણિકર્ણિકાઘાટ[1] વિશ્વેશ્વરઘાટ, દશાશ્વમેધઘાટ, અહલ્યાઘાટ, અશ્વ-

૧ મણિકર્ણિકા ઘાટની ઉત્પાત્ત વિષે એવું કહેવાય છે કે શ્રી કૃષ્ણે પોતાના શત્રાજીત નામના એક પિતરાઈ પાસે સૂર્યનો આપેલો એક મણિ માગેલો, આ મણિમાં ખૂબી એ હતી કે તેનાથી રોજ સવાશેર સોનું નીકળતું હતું. શત્રાજીતે આ મણિ આપવા ના પાડી ને તે મણી હંમેશાં પોતાના ગળામાં બાંધી રાખતો હતો. એક વખત શત્રાજીતે આ મણિ પોતાના ભાઇને આપ્યો. શત્રાજીતનો ભાઇ જંગલમાં શિકાર કરવા ગએલો ત્યાં તેને વાઘે મારી નાંખ્યો. એ વાઘને જાંબુવાન રીંછે મારી નાંખી મણિ લઈ લીધો. આ ઉપરથી શ્રીકૃષ્ણ ઉપર આળ આવ્યું કે મણિ લેવાની ઇચ્છાથી પોતાના પીતરાઇને મારી નંખાવ્યો. આથી શ્રીકૃષ્ણે જાંબુવાનને હરાવી મણિ લાવી શત્રાજીતને પાછો આપ્યો. અને જાંબુવાનની દીકરી જાંબુવતીને પોતે પરણ્યા. શત્રાજીત ખોટું આળ ચઢાવવાથી ખીસીઆણો પડી ગયો તેથી તેણે પોતાની દીકરી સત્યભામા શ્રીકૃષ્ણને દીધી. અને પહેરામણીમાં મણિ આપવા માંડયો પણ શ્રીકૃષ્ણે લીધો નહિ. પાછળથી શત્રાજીતને મારી આ મણિ કોઇ ચોરી ગયું પણ ચોર શ્રી કૃષ્ણની બીકથી મણિ અક્રુરને આપી નાશી ગયો નાશી જનાર ચોરને શ્રીકૃષ્ણે માર્યો પણ મણિ જડયો નહિ. અક્રુરજી મણિ લઇ કાશી ગયા અને તેમાંથી નીકળતા સોનાવડે આ મણિકર્ણિકા ઘાટ બાંધ્યો હતો.

મેશ્વરઘાટ, કેદારઘાટ, તુલસીઘાટ, અસિસંગમઘાટ, રામનગર ઘાટ, એ મુખ્ય ઘાટો છે.

આમાંના ઘણા ઘાટો રાજામહારાજાઓ તરફથી બંધાવવામાં આવેલા છે. હોડીમાં બેસી ગંગાજીમાં સફર કરનાર આ રમણીય ઘાટો અને શિવાલયો જોઇ આનંદમાં ગરકાવ થયા સિવાય રહેતા નથી. હિંદુ ધમનો પાયો એવો તો સજ્જડ છે કે શ્રદ્ધા વગર પણ આવાં સ્થળોજ જોવાથી હિંદુ ધર્મના ઊંડા મૂળ અને શ્રી પ્રભુની લીલાનો આભાસ થાય છે.

અહીંઆં અમૃતકુંડ નામે કુંડ છે તેને વિષે એવું કહેવાય છે કે, આ કુંડનું પાણી રકતપીત જેવા રોગને વગર ઓષધે નાશ કરે છે. બીજો નાગકુંડ છે તેમાં સ્નાન કરનારને સર્પના ઝેરની અસર થતી નથી અગસ્તકુંડ પણ પવિત્ર કુંડ તરીકે પ્રસિદ્ધ છે,

કાશીમાં આ સિવાય બીજાં જોવા લાયક સ્થળોમાં સેંત્રલ હિંદુ કૅાલેજ છે. આ કૅાલેજ વિદુષીબાઇ એનીબીસેન્ટના સખત પ્રયાસથી બંધાઇ છે. અહિંઆં હિંદુ વિદ્યાર્થીઓને ધાર્મિક નૈતીક અને વિદ્યાનું જ્ઞાન અપાય છે. કૅાલેજનું મકાન અને તેની આસપાસ કૅાલેજના ઉપયોગમાં લેવાયલી જગ્યાનું ક્ષેત્રફળ આશરે દોઢથી બે માઇલ સુધીનું છે. આ શિવાય ધી હિન્દુ યુનિવરસીટી લાખો રૂપીઆના ખરચે પંડીત મદનમોહન માલવીયાજીના સતત્ પ્રયત્નથી સ્થપાઇ છે આ મકાન પણ ખાસ જોવા લાયક છે. અહિંના રસ્તા ઘણા સાંકડા તથા ગીચ છે. અને શેરીઓમાં ગંદકી વધારે રહે છે. સ્થાનીક વેપાર ત્રાંબા પીતળનાં નકસીકામનાં વાસણ, રેશમી વસ્ત્રો, જરી કામનું કાપડ, વિગેરેનો ઘણો સારો ચાલે છે. યાત્રાળુઓ કાશીના લોટા, પવાલાં જે સુંદર ચિત્રેલા હોય છે તે આ સ્થળેથી ખાસ વેચાતા લે છે. અહીંઆં દલાલ ઘણાજ લુચ્ચા હોય છે અને તેથી યાત્રીઓને

લુચ્ચાઇથી એક રકમની દોઢી બમણી કીંમત બતાવી ઠગી લે છે. યાત્રીઓએ આ સંબંધી ઘણા સાવધ રહેવું. અહીંઆં દરશનથી નિવૃત્ત થઇ મુકામ કાયમ રાખી શ્રી ચરણાટ જવું.

તીર્થક્ષેત્ર શ્રીચરણાટ.

કાશીથી ચુનાર સ્ટેશનની ટીકીટ લેવી અને ત્યાં ઉતરી ગામ બહાર આશરે એક માઇલ દૂર શ્રીઆચાર્યજી શ્રી મહાપ્રભુજીની બેઠકે જવું. અહીં શ્રીમહાપ્રભુજીની તથા શ્રી ગુસાંઇજીની બેઠકો આવેલી છે ત્યાં દરશન કરવા જવું. કાશીથી ચુનારનું ભાડું ૦-૬-૦ છે. અહિંઆં શ્રી મહા પ્રભુજીની બેઠક તલાવ ઉપર આવેલી છે. આ બેઠક " નિજધામ " તરીકે પ્રસિદ્ધ છે બેઠક બહુજ સુંદર અને રમણિય છે, આ અલૌકિકતા ત્યાં જાતેજ જવાથી ભાન થાય છે. આ બેઠકના સંબંધમાં એવી કથા છે કે એક બ્રાહ્મણ શ્રી ગંગાજીને તીરે શ્રીવિષ્ણુ સહસ્રનો પાઠ કરતો હતો. બાર વરસ પુરાં થયાં ત્યારે શ્રી ગંગાજીમાં આ બ્રાહ્મણને એક મહાન્ અલૌકીક, તેજઃપુંજ શ્રી ઠાકોરજીના સ્વરૂપનાં દરશન થયાં [1]શ્રી ઠાકોરજીની ઇચ્છાથી આ બ્રાહ્મણે એક માસ સુધી આ સ્વરૂપની સેવા કરી પછી તેઓશ્રીની આજ્ઞાથી શ્રી મહાપ્રભુજી જ્યાં શ્રી ચરણાટમાં બિરાજતા હતા ત્યાં પધરાવ્યા. આ વખતે શ્રી ગુસાંઇજીનો પ્રાદુર્ભાવ થયો હતો તેથી અનિર્વચનીય આનંદ થયો. શ્રી ગુસાંઇજીના જન્મ વખતે શ્રી યશોદાજી, શ્રી નંદરાયજી, શ્રી વૃષભાનજી, શ્રી કીર્તિજી, ગ્વાલ ગોપીજન સાથે ત્યાં પધાર્યા હતા. શ્રી ગુસાંઇજી શ્રી ઠાકોરજીનુંજ સ્વરૂપ છે. અને તેથી આ પ્રમાણે અલૌકિક લીલા દૃષ્ટિગોચર થઈ હતી. આ સ્થળે શ્રી ગુસાંઇજીના પ્રાગટયનાં ધોળતથા અનેક વધાઇઓનાં પદ ગવાયાં હતાં. ભગવદીયો ગાય છે કે—

---

૧ આ શ્રી ઠાકોરજી તે હાલ શ્રીજીદ્વારમાં બિરાજતા શ્રી વિઠ્ઠલનાથજી છે.

" પૌષ નિર્દોષ સુખ કોષ સુંદર માસ, કૃષ્ણ નોમી શુભ ઘડી દિન આજ;
શ્રી વલ્લભ સદન પ્રગટ ગિરિવરધરન ચારૂ વિધુવદન છબિ શ્રીય વિઠ્ઠલરાજ.
" શ્રી વિઠ્ઠલપ્રભુ પ્રગટ ભયે શ્રી ગોકુલ સુખદાઈ,
" વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભા. ૧ લા " માં જોવું.

આ પછી આ અલૌકિક ભગવદ્લીલા અંતર્ધાન થઇ ગઇ હતી. અહીંઆં શ્રી મહાપ્રભુજીએ પારાયણ કર્યું હતું અને અપૂર્વ આનંદ કરાવ્યો હતો અનેક દૈવીજીવને શરણે લીધા હતા.

આ સ્થળ શ્રી ગુસાંઇજીનું જન્મ સ્થાન હોવાથી આ ક્ષેત્ર " નિજધામ " તરીકે ઓળખાય છે. તેથી પરમભાગ્યવાન ગોપાળદાસભાઇએ શ્રી વલ્લભાખ્યાનમાં ગાયું છે કે,–હળીમળીને ચાલીયા ચરણાટ જ્યાં નિજધામ, નવરંગ નાગર પ્રગટીયા મન પુરવા બહુકામ " માટે વૈષ્ણવોએ આ બેઠકનો લાભ લેવા કદી પણ ચુકવું નહિ. ઝારીજી ચર્ણસ્પર્શની સેવા ભાવયુક્ત કરવી.

ખાસ સૂચના:—વૈષ્ણવ બંધુઓને આ સ્થળે સૂચના કરવાની આવશ્યકતા છે કે ચુનાર સ્ટેશને બેઠકે જવા સારૂ એક્કા વિગેરે ભાડે મળે છે પરંતુ આ એક્કાવાળાઓ ચુનારગામમાં યાત્રાળુઓને લઇ જઇ પગલાંનાં દર્શન કરાવે છે. પરંતુ શ્રી મહાપ્રભુજીનાં પાદુકાજી અહિંઆં બિરાજતાં નથી ગામ બહાર શ્રી આચાર્યજીના બેઠક આવેલી છે ત્યાં જવું. કારણ કે આ પગલાં નથી એટલુંજ નહિ પરંતુ તે એક મુસલમાનના કબજાના મકાનમાં છે. અને ત્યાં જે ભેટ આદિ મુકવામાં આવે છે તે એ મકાનવાળોજ લે છે આથી વૈષ્ણવો ઉલટા દોષમાં પડે છે. માટે આવા એક્કાવાળાઓથી ભોળવાઇ ખોટે રસ્તે જવું નહિ. અહીંથી ગયાજી જવું.

તીર્થક્ષેત્ર ગયાજી.

શ્રી ચરણાટથી પાછા આવવું અને ત્યાંથી મોગલસરાઇ થઇ ગયાજી જવું મોગલસરાઇથી ગયાજી વચ્ચે મુખ્ય સ્ટેશનો દુરગાવતી પુસૌલી, કુદ્રા, સાસર (જંકશન) સોનઇસ્ટએન્ક, ઇરમાઇલપુર, અને ગયા. આ પટના ગયા લાઇનનું અને ગ્રેન્ડ કોર્ડલાઇન જે હાઉરા સુધી જાય છે તેનું જંકશન છે. મોગલસરાઇ અને ગયા વચ્ચે ૧૨૭ માઇલનું અંતર છે. અને ભાડું રૂ. ૩-૦-૦ પડે છે. મુંબઇથી આ સ્થળ ૧૧૧૯ માઇલને અંતરે આવેલું છે. અને ભાડું ૧૫-૦-૦ પડે છે. યાત્રીઓને આ રસ્તો સુર્લભ થશે. કારણ કે અહીંથી પરભાર્યા પટનાથી હરિહરક્ષેત્ર જઇ શકાશે.

ગયાની ઉત્પત્તિ સંબંધે એવું કહેવાય છે કે ગયાસુર દૈત્યે તપ કરી વરદાન મેળવેલું. અને તે વરદાનના બળથી દેવતાઓનું તેજ નાશ પામ્યું, દેવો આથી વિષ્ણુ પાસે ગયા. અને દેવોની વિનંતિ ઉપરથી વિષ્ણુ ભગવાને અતિથિના વેષમાં ગયાસુર પાસે યજ્ઞ કરવા જગ્યા માગી. ગયાસુરે પોતાની દેહ અર્પણ કરી અને તેના ઉપર યજ્ઞ કરવા માંડયો. જ્યારે પૂર્ણાહુતિ વખતે દેહ સ્થીર રહી શકી નહિ ત્યારે તેના ઉપર શીલા મુકી યજ્ઞ કરવા માંડયો પરંતુ શીલા પણ અસ્થીર થઇ ત્યારે ગદાનો ભાર મુકી સ્થીર કરી આથી ગયા દેવલોકના યજ્ઞનું સ્થળ થયું, દૈત્યનો નાશ થયો, અને શીલા મોક્ષદાતા ગણાઇ.

ગયા ફલ્ગુ નદીને કાંઠે આવેલું છે. આ પિતૃશ્રાદ્ધની જગ્યા છે. આખા હિંદુસ્તાનમાંથી સઘળા હીંદુઓ આવી અહીં શ્રાદ્ધ કરે છે આ શ્રાદ્ધની વિધિ ઘણી છે. ફલ્ગુ નદી ઉપર, રામશીલા ઉપર, રામકુંડ ઉપર, વેદી ઉપર, સીતાકુંડ ઉપર, વિગેરે સ્થળોએ શ્રાદ્ધ કરાવવામાં

આવે છે. આ ક્ષેત્રમાં શ્રી રામચંદ્રજી અને સીતાજીએ આવી દશરથ રાજાનું શ્રાદ્ધ કર્યું હતું શ્રાદ્ધને દિવસે શ્રી રામચંદ્રજી બહાર ગએલા હોવાથી અને શ્રાદ્ધનો વખત જતો રહેતો હતો તેથી સીતાજીએ રેતીનો પીંડ કરી દશરથ રાજાને હાથોહાથ આપ્યો હતો અત્યાર સુધી પીતૃઓ હાથોહાથ પીંડ લેતા હતા તે શ્રી સીતાજીના આકૃત્યથી દશરથ રાજાએ શ્રાપ આપ્યો તેથી પ્રત્યક્ષ પીંડ લેતા પીતૃઓ બંધ થઇ ગયા. આ સ્થળે શ્રી ગોપાળજી, શ્રી જાનકીજી શ્રી રામ લક્ષ્મણજી, શ્રી જગન્નાથજી વિગેરેનાં દર્શન થાય છે. ગયાથી થોડે દૂર અક્ષયવટ છે. ત્યાં પણ શ્રાદ્ધની ક્રિયાઓ થાય છે. અક્ષયવટ એક મોટું વડનું ઝાડ છે તેમાં ત્રણ વૃક્ષ છે. અર્થાત્ સતયુગ, દ્વાપર અને ત્રેતા એમ ત્રણ ધર્મના વૃક્ષ તરીકે ઓળખાવવામાં આવે છે. ગયામાં વિષ્ણુપદમાં વિષ્ણુનું મંદિર છે. અહીંઆં સોલ વેદીનો મંડપ છે. મંદિરના દરવાજા ચાંદીના છે આ મંદિર સર્વોત્તમ ગણાય છે

અહીંથી બૌદ્ધ ગયા સાત માઇલ દૂર આવેલું છે. અને પગરસ્તે જવાય છે. અહીંથી પાછા ફરી પટના થઇ હાજીપુર જવું.

તીર્થક્ષેત્ર હરિહરક્ષેત્ર.

આ સ્થળને પહેલાં હરિહરક્ષેત્ર કહેતા હતા. અહીંઆં પટણાથી બપરા થઇ સોનપુર સ્ટેશનથી હાજીપુર જવું. અહીંઆં શ્રી મહાપ્રભુજીની બેઠક પરમ ભગવદીય ભગવાનદાસના ઘરમાં છે. બેઠક બહુજ અલૌકિક છે અને વૈષ્ણવોએ દર્શનનો લાભ અવશ્ય લેવો. ઉક્ત ભગવાનદાસ શ્રી મહાપ્રભુજીની સેવા ઘણાજ ભાવથી કરતા હતા તેથી શ્રી મહાપ્રભુજીએ પ્રસન્ન થઇ નિજશ્રીનાં પાદુકાજી પધરાવી આપ્યાં હતાં. અહીંઆં દર્શન કરી જાફરપુર જવું.

તીર્થક્ષેત્ર જનકપુર.

આ જનકવિદેહીનું પ્રાચીન રાજ્ય સ્થાન છે. હાજીપુરથી આ સ્થળ લગભગ ત્રણ માઈલ દૂર છે. અહીંઆં શ્રીઆચાર્યજીની બેઠક માણેક તલાવ ઉપર આવેલી છે. શ્રીઆચાર્યજીએ અહીંઆં સમાહ કરી અનેક દૈવી જીવોને શરણે લીધા હતા. આ સ્થળે વિષ્ણુસ્વામીના સેવક કેવલરામનાગા તથા તેમના અન્ય ૫૦૦ અનુયાયીઓ આ ક્ષેત્રમાં યાત્રાર્થે આવ્યા હતા તે સઘળાને શ્રી મહાપ્રભુજીએ શરણે લીધા હતા અને અનેક ચમત્કાર બતાવ્યા હતા. રામનવમીને બીજે દિવસે અલ્પ આસુદીમાં પાંસસો નાગાઓને તૃપ્ત કર્યા હતા. આવો અલૌકીક પ્રભાવ જોઈ આ નાગાઓ આશ્ચર્ય પામ્યા. અહીં ધનુષસાગર, હનુમાનજી, દશરથ તળાવ, અસીકુંડર, શ્રી રામજાનકીજી, શ્રી રામસાગર, વિગેરે દર્શનીય સ્થળો છે. અહીંથી થોડે દૂર અહલ્યાની મૂર્તિનાં દર્શન થાય છે. શ્રીરામના ચરણસ્પર્શથી અહલ્યાને મુક્તિ પ્રાપ્ત થઈ હતી. રામનવમીએ પણ અહીંઆં મોટો મેળો ભરાય છે તે સિવાય આસપાસ નજીકમાં શ્રી સીતાજીનું ઉત્પત્તિસ્થાન આવે છે ત્યાં એક તલાવ છે વખત અનુકુળ હોયતો ભાવુકોએ આવા ક્ષેત્રોનો લાભ લેવો.

તીર્થક્ષેત્ર વૈજનાથ.

જનકપુરથી પાછા હાજીપુર આવવું અને ત્યાંથી પટના જોઈ લકીસરાઈથી મુખ્ય લાઈનમાં જતાં વૈજનાથ જવાય છે. વૈજનાથ(ઝાડખંડી) આ પ્રાચીન તીર્થ સ્થાન છે. આ સ્થાનમાં બાર જ્યોતિર્લિંગ માંહેના એક જ્યોતિર્લિંગ છે. આ ક્ષેત્રની ઉત્પત્તિ વિષે એવું કહેવાય છે કે રાવણે કૈલાસમાં તપ કરી શંકરને પ્રસન્ન કર્યા, શંકરે પ્રસન્ન થઈ વરદાન માગવા કહયું તે ઉપરથી રાવણે શંકરને લંકામાં પધારવા કહ્યું શંકરે કહ્યું કે મને રસ્તામાં કોઈ પણ સ્થળે નહિ ઉતારતાં

સીધા લંકામાં લઇ જવા, રાવણે આ શરત કબુલ કરી. અને શંકરને ઉપાડી ચાલવા માંડયું, દેવ ઇંદ્રાદિને આથી ફીકર થઇ કે, રાવણ લંકામાં જઇ ભોળા શંભુને પ્રસન્ન કરી વારંવાર વરદાન લેશે અને દેવલોકોને હમેશાં કષ્ટ આપશે તેમ વિચારી સર્વે વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ દેવોની અરજ ધ્યાનમાં લઇ એક બ્રાહ્મણના રૂપમાં રસ્તામાં રાવણને મળ્યા, દશાનનને આ વખતે લઘુશંકા થવાથી માયાવી બ્રાહ્મણને શંકરને ઝાલી રાખવા કહ્યું, બ્રાહ્મણે એક કલાક સુધી ઝાલી રાખવાની શરતે હા પાડી પરંતુ રાવણને લઘુશંકા કરતાં સાત દિવસ ને સાત રાત્રી પસાર થઇ ગઈ તેથી બ્રાહ્મણ આ સ્થળે લિંગને પડતુ મુકી ચાલ્યો ગયો રાવણે પછી પાછા આવી ઘણી મહેનત કરી પરંતુ લિંગ ઉપડયું નહિ તેથી નિરૂપાય થઇ ચાલ્યો ગયો. ત્યારનું આ લિંગ આ સ્થળે બિરાજે છે.

બીજી આખ્યાયિકા એવી છે કે, વેજ નામનો ગોવાળ હતો તે હમેશાં રસ્તામાં ગાયો ચરાવી પાછા ફરતાં આ લિંગને એક લાકડી મારતો હતો તથા એક કળશ પાણી ઢોળતો હતો. આવા અપૂજ્ય સ્થાનમાં પણ શંકરની પૂજા થતી હોવાથી પોતે ઘણા પ્રસન્ન રહેતા હતા. એક વખત મુશળધાર વરસાદ વરસતો હતો ત્યારે આ ગોવાળ લાકડી મારવાનું તથા એક લોટો પાણી ઢોળવાનું ભૂલી ગયો તેથી ઘેર આવી યાદ આવતાં વરસાદમાં પણ તે સ્થળે ગયો આ જોઈ શંકર પ્રસન્ન થયા અને વર માગવાનું કહ્યું તેથી ગોવાળે ફક્ત એટલું જ માગ્યું કે મારૂં નામ તમારી સાથે જોડીને અમર રાખો. આ ઉપરથી વેજનાથ નામ પડયું હશે એમ કહેવાય છે.

વેજનાથમાં એક સરોવર છે તેને ગંગાસર કહે છે. અહિંયાં યાત્રાળુઓ સ્નાન દાન કરે છે. વેજનાથનું મંદિર વિશાળ છે. વેજનાથને ગંગાજળ યાને ગંગોત્રી ચઢાવવાનું મોટું માહાત્મ્ય છે. આ

મંદિરમાં એક કુવો છે આ કુવા વિષે એવું કહેવાય છે કે આ કુવા-ના જળથી રક્તપીત જેવા રોગ વગર ઔષધે મટી જાય છે. (આ-વીજ બીજી આખ્યાયિકા કાશીમાં પણ અમૃતકુંડ માટે આગળ લ-ખાઇ ગઇ છે) ઇશ્વરી લીલાના ચમત્કાર વિષે કશું અસંભવિત નથી એમ નિશ્ચયજાણવું; ભૂલે પણ શંકા કરવી નહિ.

વૈજનાથથી આગળ જતાં આસનસોલ જંકશન આવે છે ને ત્યાંથી કલકત્તા આવે છે. આસનસોલ અને કલકત્તા વચ્ચે ૧૩૨ માઇલનું અંતર છે. વચલાં મુખ્ય સ્ટેશનો ખાતન, બરદવાન, શક્તિગઢ, હૌવિરા અને કલકત્તા આવે છે. આસનસોલથી પુરી બારોબાર પણ જવાય છે. પરંતુ રસ્તો ઘણો લાંબો પડે છે વળી ભાડુ પણ વધારે પડે માટે કલકત્તા થઇનેજ જવું એ વધારે સારૂ છે. વૈજનાથની યાત્રા કરી લકીસરાઇ પાછા ફરી ત્યાંથી મોંગીર જે ઇતિહાસમાં પ્રસિદ્ધ સ્થાન છે ત્યાં થઈ ઇસ્ટર્ન બેંગાલ રેલ્વે મારફતે મુર્શીદાબાદ થઇ કલકત્તે અવાય છે; આ તરફના રસ્તે કાંઇ જાણવા જેવું નથી તેમજ તીર્થ ક્ષેત્ર પણ નથી તેથી આ રસ્તો આ સ્થળે લીધો નથી. નેપાલ ભુતાનમાં જનારને લકીસરાઇથી મોકામઘ આવવું ને ત્યાંથી સેગઉલી ઉતરવું. અહીંથી ખટમંડુ જવાય છે.

કલકત્તા.

વૈષ્ણવો ! આપણે યાત્રા કરતા કરતા કલકત્તા આવી પહોંચ્યા છીએ બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વેમાં મુંબઇ થઈ જી. આઇ. પી. રેલવેમાં જબલપુર જંકસને થઈ આવતાં ૧૩૫૦ માઇલનું અંતર છે. આ રસ્તે મુખ્ય જંક્શન સ્ટેશનો કલ્યાણ, ઇગતપુરી, ખંડાવા, ઇટાહર્સ્ત, જબલપુર, સુટના, અલ્હાબાદ, મોગલસરાઇ, પટના, બાંકીપુર, આસનસોલ અને બરદ્વાન આવે છે. બીજે રસ્તે બેંગાલ નાગપુર અને જી. આઇ. પી.

રેલ્વે દ્વારા આવતાં આશરે ૧૨૨૭ માઇલનું અંતર થાય છે. આ લાઇનમાં મુખ્ય જંકશન સ્ટેશનો મનમાડ જંકશન, ભુસાવળ, નાગપુર, બીલાસપુર, જારસુગડ, ચક્રધરપુર અને કલકત્તા આવે છે. કલકત્તાથી એક લાઇન સીધી પેશાવર જાય છે. અને બીજી દારજીલીંગ જાય છે. આ સિવાય બીજી લાઇનોનું પણ જોડાણ અહીંઆં થાય છે. પણ તે બધી સાથે આપણે સંબંધ નહિ હોવાથી ફક્ત મુખ્ય રસ્તાની લાઇનો દર્શાવી છે.

કલકત્તા હિંદુસ્તાનની રાજ્યધાનીનું શહેર છે. જો કે હાલમાં દિલ્હી પાટનગર તરીકે સ્થાપેલું છે. પરંતુ આજથી દશ વર્ષ પહેલાં આ સ્થળ બ્રિટિશ સરકારની રાજ્યધાની તરીકેજ વપરાતું હતું. અહીંઆં ઉતરવાને સારૂ મારવાડી. શિવબક્ષ બાગલાની સત્યનારાયણ નામની ધર્મશાળામાં ઉતરવાની સગવડ થઇ શકે છે. વૈષ્ણવ બંધુઓને આ ધર્મશાળામાં ઉતરવાનું વધારે સારૂં છે. કારણકે આ ધર્મશાળામાં કુવા વિગેરેની સગવડ હોવાથી મરજાદી વૈષ્ણવોને કોઇ જાતની હરકત પડતી નથી. આ ઉપરાંત બીજી ત્રણ ચાર ધર્મશાળાઓ છે ત્યાં મુકામ થઇ શકે છે. હેરીસન રોડ ઉપર વીનાયક મીસ્ત્રીની, બાબુલાલની, રામકૃષ્ણ શરાવગી અને શ્યામદેવ ભુતીયાની ધર્મશાળાઓ છે, મલેક સ્ટ્રીટમાં સુરજમલ બાબુની, શ્યામાગલીમાં મોતીચંદની, કાલીઘાટમાં ગંગાતટ ઉપર હરીરામ ગોપનકાની વિગેરે ધર્મશાળાઓ છે. આમાંથી જ્યાં અનુકૂળ પડે ત્યાં બંદોબસ્ત કરવો.

કલકત્તામાં કોઈ સેવ્ય સ્વરૂપ બિરાજતું નથી. પરંતુ શહેરમાં આશરે ૪૦૦૦ વૈષ્ણવોની વસ્તી છે. મુખ્ય ભાગ શ્રીનવનિતપ્રીયાજી, શ્રીગોકુળ ચંદ્રમાજી અને શ્રીમથુરાધીશના ઘરના સેવકો છે. શહેરમાં મુખ્ય મંદિરોમાં શ્રી હરિજીનું, શ્રી બલદેવજીનું, શ્રી ગોવરધનનાથજીનું અને ચોથું

શ્રીશામળીઆજીનું એ પ્રમાણે ચાર મંદિર છે. શ્રી લાલજીનું મંદિર સુખલાલ ઝવેરી લાઇનમાં છે. આ મંદિરમાં એક શ્રીગોવરધનનાથજીનું સ્વરૂપ શ્રી સ્વામીનીજી સહિત પધરાવેલું છે. આ મંદિરનો વહિવટ પણ તિલકાયીતશ્રીના હસ્તક જ છે. શ્રી બળદેવજીનું મંદિર બાંસતલા સ્ટ્રીટમાં આવેલું છે. અને તેમાં શ્રી બળદેવજીનું સ્વરૂપ બિરાજે છે. આ મંદિર ઇંદોરવાળા શ્રી કૃષ્ણરાયજીના તાબામાં છે. શ્રીગોવરધનનાથજીનું બીજું મંદિર હંસ પોખરીઆમાં આવેલું છે. આ મંદિર મથુરાવાળા શ્રીવ્રજપાલલાલજીના તાબામાં છે. ચોથુ મંદિર શ્રીશામળીયાજીનું છે અને તે કલાઇવ સ્ટ્રીટ તથા હેરીસનરોડના જંક્શન ઉપર છે. આ મંદિરમાં શ્રીશામળીયાજી યુગલ સ્વરૂપે બિરાજે છે. અને સ્વરૂપ ઘણુંજ પ્રાચીન તથા લાવણ્યમય છે. આ મંદિર અત્રેના વૈષ્ણવરાજા બાબુ દામોદરદાસજીને માથે બિરાજે છે.

મરજાદી વૈષ્ણવોનો બંદોબસ્ત ફક્ત ભગવદીય રાજા બાબુ દામોદરદાસજીને ત્યાં થઇ શકે છે. એમને ત્યાં રાત્રે ભગવદ્ કથા વાર્તા પણ થાય છે. વૈષ્ણવોનું સન્માન પણ સારૂ કરે છે. ભગવદીય દામોદરદાસજી ઘણાજ ભાવવાળા છે.

મુંબઇ શહેર જોનારને કલકત્તામાં વિશેષ જોવાનું મળતું નથી. સંગ્રહસ્થાન, હાવરાનો ઝુલતો બ્રીજ વિગેરે જોવા લાયક છે. આ જોઇ અહીંથી ગંગાસાગર શ્રી મહાપ્રભુજીની બેઠકે જવું. કલકત્તાથી ડાયમંડબંદર આવવું અને અહીંથી સ્ટીમરમાં બેસી શ્રી ગંગાસાગર જવું.

તીર્થક્ષેત્ર શ્રીગંગાસાગર.

અહીંઆં શ્રી મહાપ્રભુજીની બેઠક કપીલાવનમાં, કપિલ આશ્રમમાં, કપિલકુંડ ઉપર આવેલી છે. આ બેઠકની આસપાસ શીશવન આવેલું છે. જ્યારે શ્રીમહાપ્રભુજી આ સ્થળે બિરાજતા હતા ત્યારે આ

વનની અંદર અનેક હિંસક પ્રાણી રહેતાં હતાં. એક વખત આચાર્યશ્રી આ સ્થળે બિરાજતા હતા ત્યારે શ્રીને પોતાને લીલી ડાંગરના પઉંઆ આરોગવાની ઇચ્છા થઇ. ભગવદીય કૃષ્ણદાસ મેઘન તે વખતે શ્રીમહાપ્રભુજીની ચરણસેવા કરતા હતા. કૃષ્ણદાસે શ્રી મહાપ્રભુજીનો આ વિચાર સમજી જઈ રાતોરાત ગંગાનદી તરીને ખેતરમાંથી ડાંગર લઇ પઉંઆ ખાંડાવી લાવી શ્રી મહાપ્રભુજીને આરોગાવ્યા હતા. શ્રી મહાપ્રભુજીએ અહીંઆં હિંસક પ્રાણીઓના ઉદ્ધારને માટે પોતાશ્રીના ચરણારવિંદમાંથી વિધવિધ પ્રકારની સુગંધ પ્રસરાવી અને અનેક હિંસક પ્રાણીઓને તામસ યોનિમાંથી મુક્ત કરી ભગવદ્ ભજનના અધિકારી કર્યા હતા. આ સ્થળે શ્રીએ તૃતીયસ્કંધનાં શ્રીસુબોધિનીજી પૂર્ણ કર્યાં હતાં.

અહીંથી નિવૃત્ત થઇ સ્ટીમરમાં પુરી જવાય છે. તે રસ્તે જવું અથવા તો કલકત્તા પાછા ફરી ત્યાંથી આ પ્રકરણમાં બતાવેલી લાઇન દ્વારા જગન્નાથપુરી તરફ જવું.

પ્રકરણ ૧૭ મું.

મુંબાઇથી નાશીક, ત્ર્યંબક, શ્રીચંપારણ્ય થઇ જગન્નાથપુરી.

દક્ષિણ અને મુંબઇના યાત્રાળુઓ મુંબઇથી જી. આઇ. પી. રેલ્વે દ્વારા નાસીક, જલગામ જન્કશનથી ભુસાવળ, મોરતાજપુર, વર્ધા, નાગપુર, તુમસરરોડ, ગાંડીઆ, રાજનંદગામ, રાયપુર મુખ્ય સ્ટેશનો કરતા કરતા આવી પહોંચે છે. રાયપુરથી રાજમ જવાને ગાડી બદલાય છે. રાજમથી ચંપારણ્ય ૪ કોશ થાય છે.

વડોદરા, અમદાવાદ, કાઠીઆવાડ અને ગુજરાતના વૈષ્ણવો સુર-

તથી ટી. વી. (ટાપ્ટીવેલી) રેલ્વે મારફત નંદરબાર, અમલનેરથી જલગામ જન્કશન જ્યાં આગળ મુંબાઇથી નીકળેલી ટ્રેન એકઠી થાય છે અને ત્યાંથી ઉપર જણાવેલા રસ્તે ચંપારણ્ય જાય છે. આપણે બન્ને રસ્તાની માહીતિ આપીશું.

મુંબાઇથી નીકળનારને પ્રથમ સ્ટેશન વીકટોરીઆ ટર્મીનસ અથવા જુનું બોરીબંદર, બીજું મસ્જીદ, ત્રીજું મજગામ, ભાયખલા, દાદર, માટુંગા, સીવ, કુરલા, થાણા અને કલ્યાણી જન્કશન અનુક્રમે આવે છે. કલ્યાણી, જી. આઇ. પી. રેલ્વેનું જન્કશન સ્ટેશન છે. દક્ષિણ તરફની એટલે પુના-રાયચુર, બેંગલોર તરફની ગાડી અત્રે બદલાય છે. સોલંકીવંશની રાજધાની કલ્યાણીમાં હતી. અને તે એક કિલ્લાબંધ શહેર હતું. કલ્યાણીથી આગળ જતાં આટગામ, કસારા, ઇગતપુરી, ઘોટી, અસાવલી-દેવલાલી. (તંદુરસ્તીને માટે વખણાતુંસ્થાન) અને પછી નાશીક આવે છે.

તીર્થક્ષેત્ર નાશીક. માઇલ ૧૧૭

નાશક આખા હિંદુસ્તાનની હિંદુ પ્રજાનું તીર્થનું સ્થાન છે. સ્ટેશનથી શહેર સુધી ટ્રામ ચાલે છે. ટાંગાઓ પણ જ્યારે જોઇએ ત્યારે મળે છે. રસ્તામાં મ્યુનીસીપાલ કરના દર જાત્રાળુ દીઠ ૦-૪-૦ લેવામાં આવે છે.

નાસિક-ગોદાવરીના આ કિનારાના ભાગને કહે છે અને સામા કિનારાના ભાગને પંચવટી કહે છે. યાત્રાળુઓ પંચવટીમાં ઉતરે છે અહીં મુંબાઇના શ્રીમંત ગ્રહસ્થોએ ઘણી ધર્મશાળાઓ પંચવટીમાં બંધાવી છે. તે ઉપરાંત નાશકમાં બ્રાહ્મણ-ગોરનાં ઘણાં ઘર છે. જાત્રાળુઓ ગોરને ત્યાંજ ઉતરે છે.

આ જગા આગળ સુર્પનખાનું નાક લક્ષ્મણજીએ ક્રોધમાં કાપી

નાખ્યું હતું તે ઉપરથી નાશક નામ પડયું છે. નાસિકનું તીર્થ તરીકેનું માહાત્મ્ય પણ ઘણુંજ પ્રાચીન છે. પંચવટી તીર્થ સ્વર્ગદાતા કહેવાય છે. ગોદાવરી સ્નાન-તેમાં પણ ગોદાવરી અને વેણુના સંગમનું સ્નાન પુણ્યકારક માન્યું છે. નાસિકના ભાગમાં બાલાજી, સુંદર નારાયણ, રામમંદિર વિગેરે મંદિરો છે. પંચવટીમાં કાળારામ—મુરલીધર—કપાલેશ્વર, સીતા ગુફા તથા શ્રી મહાપ્રભુજીની બેઠક વિગેરે છે.

પંચવટીનું અત્યારનું સ્થાન ગોદાવરીથી અડધા કલાકના રસ્તા ઉપર છે. અહીંઆં પાંચ વડનું એક દસ્ય જોવામાં આવે છે. પંચવટીમાં સીતા ગુફા છે. આ ગુફામાં અંધારૂં છે, અને તેથી માણસ બત્તી લઈ સાથે આવે છે. આ પંચવટીમાંથી સીતાજીનું હરણ થયું હતું. કયા કારણથી અને શી રીતે રાવણ હરણ કરી ગયો હતો તે આપણે રામાયણના પ્રસંગથી જાણીએ છીએ.

ગોદાવરીપર પૂલ બાંધવામાં આવેલો હોવાથી પંચવટી નાશકનો સળંગ વ્યવહાર ચાલુ છે. પંચવટીમાં નિત્ય સવારમાં બજાર ભરાય છે, શાકભાજી વિગેરે સર્વ ચીજો મળે છે.

શ્રીમહાપ્રભુજીની બેઠક—પંચવટીમાં છે. બેઠકનું સ્થળ ઘણુંજ રમણીય અને મોહ ઉપજાવે તેવું છે. આખા હિંદુસ્તાનમાં દરેક તીર્થના સ્થળોએ શ્રી મહાપ્રભુજીની બેઠક છે. શ્રી રામચંદ્રજીએ અહીંઆં તપ કર્યું હતું તથા સીતાજીનું હરણ અહીં થએલું હતું. શ્રી આચાર્ય શ્રીએ આજ્ઞા કરી કે અહીં શ્રીમદ્ ભાગવતની સમાહ કરીશું તદુપરાંત આ સ્થળમાં અનેક માયાવાદીઓ છે તેથી માયામતનું ખંડન કરી ભક્તિ માર્ગનું સ્થાપન કરીશું. દક્ષિણમાં તથા કાશીમાં માયામતનું ખંડન કરી ભક્તિ માર્ગનું સ્થાપન કરનાર, વિષ્ણુ સંપ્રદાયનો અંગીકાર કરનાર, આકાશમાંથી પ્રાદુર્ભૂત થનાર શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું

આગાગમન સાંભળીને અનેક પંડિતો ચર્ચા કરવા આવવા લાગ્યા. વેદ, શ્રુતિ, સ્મૃતિ અને ગીતાના પ્રમાણોથી સઘળા પંડિતો નિરૂત્તર થતા તેમાંથી દૈવીજીવો શ્રીમહાપ્રભુજીને શરણે આવતા. વૈષ્ણવ સંપ્રદાયમાં તુલસીમાળાની આવશ્યકતા હોવાથી રૂદ્રાક્ષ ઉતારી કેટલાક પંડિતો શ્રી મહાપ્રભુજીને શરણે થયા. આચાર્યશ્રીએ અહીંઆં કેટલાક દિવસ બિરાજી બીજા અનેક તામસી જીવોનો ઉદ્ધાર કરી અહીંથી આગળ વિજય કર્યો હતો.

દરેક બેઠકે અસ્પર્શમાં ન્હાઇ શ્રી સર્વોત્તમજીના પાઠ-ઝારીજી, ચર્ણ સ્પર્શની ટહેલ કરવા વૈષ્ણવે ખાસ આગ્રહ રાખવો. અનુભવથી યાત્રાળુઓને માલુમ પડશે કે યાત્રાનું સાર્થકજ આ જ છે.

તપોવન—પંચવટીમાં ગોદાવરીથી બે ત્રણ માઇલપર છે. આ તપોવનમાં ગૌતમ ઋષિનો આશ્રમ હતો. ગોદાવરીના કિનારાપરનો આ પ્રદેશ દંડકારણ્ય કહેવાય છે. પંચવટીથી આગળ સડકપર થોડુંક ચાલ્યા પછી હનુમાનજીનું મંદિર આવે છે. પછી તપોવન આવે છે. અહીંઆં ગોદાવરી અને વેણુનો સંગમ છે. અહીં પાપ-પુણ્યની કોઠીઓ છે. ખરી રીતે તો આ પંચ તીર્થ છે. બ્રહ્મયોની, વિષ્ણુયોની, રૂદ્રયોની, મુક્તિયોની અને અગ્નિયોની આ તેનાં નામ છે. આ પાંચ તીર્થમાં સૌભાગ્ય તીર્થ, કપિલા સંગમ અને સુર્પનખા તીર્થ મળી આઠ તીર્થ પણ થાય છે. અહીંઆં સુર્પનખાની મૂર્તિ છે.

ગંગાપુર—નાશકથી પાંચ માઇલપર છે. અહીંઆં ગોદાવરી પર કેટલાંક મંદિરો છે. અહીંઆંથી પાણીનો ધોધ પડે છે. અને દૂધ જેવું સફેદ પાણી જણાય છે. પાણીનો સુસવાટ ઘણોજ ભારે થાય છે.

રામશૈયા—રામચંદ્રજીને સુવાની જગ્યા નાશકથી આઠ માઇલ પર છે. એક ડુંગર ઉપર આ સ્થાન છે.

સીતા સરોવર—નાશકથી ચાર માઇલપર છે. અહીંઆં એક

બાજુ નદી વહે છે. બીજી તરફ ત્રણ ચાર કુંડો છે. અહીંઆં વરસમાં એકવાર યાત્રા ભરાય છે.

ટાકળીના હનુમાન—નાશકથી ત્રણ માઇલ દૂર છે. રામદાસ સ્વામીના સ્થાપિત આ હનુમાન કહેવાય છે. આ સ્થાનમાં એક કુવો છે આ બહુજ પવિત્ર ગણાય છે. ભૂપ્રદેશ બહુજ રમણીય છે.

ગોદાવરીમાં રામકુંડ–બ્રહ્મકુંડ, રૂદ્રકુંડ આવા કુંડો બાંધેલા છે રામકુંડ ઉપર શ્રાદ્ધ–સ્નાન–દાન વિગેરે કરાય છે.

પાંડવગુફા—નાશકથી પાંચેક માઇલ દૂર છે. આ ખાસ જોવા જેવી છે. તલાટી સુધી સડક છે. નાની મોટી ૨૧ ગુફાઓ કોતરી કાઢેલી છે. આ ગુફાઓમાં પાંડવોની, વિશ્વકર્માની અને ગૌતમ મુનિની મૂર્તિઓ છે. ઉપર પાણીના કુંડ છે. શંકરપાર્વતી અને કૃષ્ણની મૂર્તિઓ પણછે.

નાશકમાં સિંહના બૃહસ્પતિ થાય છે ત્યારે મોટી જાત્રા ભરાય છે. રામકુંડ ઉપર ગોદાવરીનું જે મંદિર છે તે ઉઘડે છે તેપર ધ્વજા ચડે છે તે વખતે ભારે ભીડ થાય છે. નાશકમાં અત્યારે વેદ અને સંસ્કૃત પાઠશાળા છે. આ પાઠશાળામાં સારૂ શિક્ષણ અપાય છે.

તીર્થક્ષેત્ર ત્ર્યંબક.

નાશીકથી ત્ર્યંબક આશરે ૨૦ માઇલ દૂર છે ત્યાં જવાને માટે નાશીકથી ટ્રામ ગાડાં અથવા ટાંગાઓ મળે છે. ત્ર્યંબક નાનું ગામડું છે અને વસ્તી મોટે ભાગે બ્રાહ્મણોની છે. તેમનો નિર્વાહ યાત્રીઓ ઉપરજ ચાલે છે. નાશીક કરતાં ત્ર્યંબક તીર્થક્ષેત્રનું માહાત્મ્ય વધારે છે. ત્ર્યંબકમાં મુખ્ય દેવ ત્ર્યંબકેશ્વર બાર જ્યોતિર્લિંગ માંહેના એક છે. સર્વ આર્યધર્માભિમાનીઓ બાર જ્યોતિર્લિંગ પ્રત્યે ઘણીજ શ્રદ્ધા રાખે છે. અહીંઆં ઉતરવાને સારૂ ગામ બહાર શેઠ જેઠા ધનજી લુવાણાની ધર્મશાળા છે ત્યાં અથવા પોતાના ગોરને ત્યાં ઉતરવાનો બંદોબસ્ત કરવો. ત્ર્યંબકનો કિલ્લો બ્રહ્મગીરી ડુંગર ઉપર છે. આ

ડુંગર ઉપર ચઢવાને પગથીઓ કરેલી છે. ટેકરી ઉપર એક બાજુએ મોટું તળાવ આવેલું છે. તેની પશ્ચિમ બાજુએ શ્રી ત્ર્યંબકેશ્વરનું સુવર્ણમય શિખરવાળું દેવળ આવેલું છે. શ્રી ત્ર્યંબકેશ્વરના દેવળની આસપાસ ઊંચો પત્થરનો કોટ છે. અને તેને ચાર દિશાએ ચાર દરવાજા છે. પૂર્વ દરવાજા ઉપર ઘડીઆળ મુકેલું છે. અને દક્ષિણ દરવાજે નગારખાનું આવેલું છે. પશ્ચિમ દરવાજે દેવનાં આભુષણાદિ મુકવાને એક કોઠી મુકેલી છે. બાજુમાં ભોજનગૃહ બાંધેલું છે. અહીંઆં દેવને સારૂ પાક–સામગ્રી સિદ્ધ થાય છે. કોટની અંદરની બાજુએ નાનાં મોટાં આશરે ત્રીસ દેવળો આવેલાં છે. શ્રી ત્ર્યંબકેશ્વરના દેવળની બાજુમાં એક નાનું દેવળ બાંધેલું છે તેમાં આરસપહાણનો મોટો નંદી સ્થાપિત કરેલો છે.

શ્રી ત્ર્યંબકેશ્વરને બે મુખારવિંદ છે. એક સુવર્ણનુ પંચમુખી તથા દ્વિતીય રૂપાનું છે. રૂપાના મુખારવિંદને ભોગવિલાસ વિગેરે પૂજા કરે છે, સંધ્યા આરતી થયા પછી દેવને નજીકમાં બાંધેલા આરસ પહાણના મહેલમાં શયન કરાવે છે.

શ્રી ત્ર્યંબકેશ્વરની પાલખી પ્રતિ સોમવારે નીકળે છે. અને ધાતુ મય મૂર્તિને કુશાવર્તમાં સ્નાન કરાવવામાં આવે છે. કુશાવર્ત્ત એટલે દર્ભથી કરીને આવર્ત્તન થએલું તે. એવું કહેવાય છે કે ગોદાવરી બ્રહ્મગીરી ઉપર જ અટકી રહ્યાં અને આગળ ન ચાલ્યાં ત્યારે ગૌતમ ઋષિએ દર્ભથી આવર્ત્તન કરીને ગંગાજી ચલાવ્યાં તે ઉપરથી આ કુશાવર્ત્ત કહેવાય છે. બીજો મોટો મેળો પ્રતિ દશરાના દિવસે નીકળે છે. અને કુશાવર્ત ઉપર આવી કેદારેશ્વરને પોષાક આપી પ્રયાગ તીર્થ તરફ જાય છે. ત્યાં દશરાપૂજન થાય છે.

કુશાવર્તની પાસેજ કનખલ તીર્થ કરીને એક વાવ છે, આ વાવનું જળ સ્વચ્છ ન હોવાથી યાત્રીઓ સ્નાન નહિ કરતાં આચમન,

માર્જન કરીને સંતોષ માને છે.

ત્ર્યંબકથી એક માઇલથી સહેજ વધુ દૂર બીલ પર્વત છે આ બીલ પર્વતપર નીલદેવીનું મંદિર છે. આ નીલદેવી જતાં રસ્તામાં એક તળાવ આવે છે આ તળાવમાં સ્નાન કરી નીલદેવીનાં દર્શન કરવા યાત્રાળુઓ આગળ જાય છે. કુશાવર્તથી આગળ ચાલતાં એક તળાવ આવે છે અને તળાવથી જરા દૂર ગયા એટલે બ્રહ્મગીરીનો ચઢાવ શરૂ થાય છે આ ચડાવનો રસ્તો મજબુત પથ્થરથી સારી રીતે બાંધેલો છે અને તે ઠેઠ ગંગાદ્વાર સુધી છે.

બ્રહ્મગીરી પર શંકરે જટા પછાડેલી તેનો આબેહુબ દેખાવ દૃષ્ટિ ગોચર થાય છે. આ સ્થાનથી થોડે દૂર એક જગ્યામાં ગૌતમકુંડ છે. ગંગાદ્વારથી બાંધેલ રસ્તે નીચે આવવું વધારે અનુકુળ છે. બ્રહ્મગીરીના પરિક્રમામાં પ્રથમ કુશાવર્તમાં સ્નાન કરવામાં આવે છે. ત્યારબાદ શ્રી ત્ર્યંબકેશ્વરનાં દર્શન કરી પ્રયાગતીર્થ, સરસ્વતીબારી, રામતીર્થ આણગંગા તીર્થ, નિર્મલ તીર્થ, વૈતરણા, ગૌતમખીંડ, ગણેશખીંડ બીલ્વ તીર્થ, નીલાંબિકા વિગેરે સ્થળે ફરી કુશાવર્ત પાછા અવાય છે.

ત્ર્યંબકથી આઠ માઇલ પર ચક્રતીર્થ છે. શ્રી રામચંદ્રજીએ ચક્ર મારી અહીંઆંથી ગંગાને માર્ગ આપી કરેલ છે. ચક્રતીર્થ જવાનો રસ્તો બહુ સારો નથી; ડુંગરની બખોલમાં એક મોટા કુવા જેવું આ ચક્રતીર્થનું સ્થાન છે. ચક્રતીર્થ જનારને ઠેઠ ગાડી લઇ જવાની સગવડ કરવી અને સવારના દશ વાગ્યા પછી જવું અને ત્રણ ચાર વાગે પાછું આવવું એજ સહીસલામત છે.

ત્ર્યંબકથી નાશિક પાછું આવવું પડે છે જે લોકો ગંગાજળ નથી લાવતા તેઓ નાશકથી પણ ગંગાજળ ભરી શકે છે. નાશકથી ચાલો હવે રેલ્વેમાં આગળ વધીએ.

નાશકથી આગળ મુખ્ય સ્ટેશનો દેવલાલીગામ, મનમાડ, નાંદગામ,

ચાળીશગામ, કાંજગામ, પાચોરા, માહેજી, અને જળગામ આવે છે. જળગામ ગુજરાત અને ખાનદેશને જોડનાર ગામ છે. જળગામથી એક અમલનેર બ્રેન્ચ જાય છે. આથી જળગામથી સુરત કે સુરતથી જળગામ મુંબાઇ સિવાય બારોબાર જઇ શકાય છે. જળગામનો મુખ્ય વેપાર રૂનો ગણાય છે. અનાજનો પણ પુષ્કળ વેપાર ચાલે છે. સુરતથી ચંપારણ્ય વિષેના ઉલ્લેખમાં સુરતથી અમલનેર સુધીની હકીકત આપીશું. હવે આપણે અહીંઆંથી ચંપારણ્ય તરફ જવાના જ માર્ગની માહીતિ આપીશું.

ભુસાવળ. માઇલ, ૨૭૬.

જળગામ ને ભુસાવલ વચ્ચે ભાડલીનું સ્ટેશન આવે છે. ભુસાવલ જી. આઇ. પી. રેલ્વેનું મોટું સ્ટેશન છે. ચંપારણ્ય જવા માટે નાગપુર જવાની ટ્રેન અહીંઆંથી બદલવી પડે છે. સ્ટેશનથી થોડે દૂર ધર્મશાળા છે. ગામ સ્ટેશનથી બહુ દૂર નથી. ગામમાં દુકાનો ઘણીજ છે. ભુસાવળથી ૩ માઇલ ઉપર તાપી નદી વહે છે. આ તાપી ઉપર રેલ્વેનો મોટો ગંજાવર પૂલ આવી રહ્યો છે. ભુસાવળ આધુનિક સમયમાં જોવા લાયક શહેર બન્યું છે. યુરોપીઅનની વસ્તી ઘણી જોવામાં આવે છે, અહીંથી નાગપુર જવું.

નાગપુર.

સુરતથી નાગપુર લગભગ ૬૭૪ માઇલ દૂર છે. નાગપુર ઇતિહાસ પ્રસિદ્ધ શહેર છે, શહેરની બાંધણી કંઇક અંશે જુની શૈલીની છે. અત્યારે ત્યાં જોવા લાયક સ્થળોમાં સંગ્રહસ્થાન, બગીચાઓ વિગેરે છે, ભાષા મરાઠી અને હિંદી છે, અહીંથી આગળ જતાં તુમસરરોડ, ગાંડીઆ અને રાયપુર આવે છે. અહીં ઉતરવું.

રાયપુર.

અહીંઆં જંક્શન છે. ચંપારણ્ય જવા માટે અહીંઆં ઉત-

રવું અને ગામમાં મહાનુભાવી, ભગવદ્ સ્નેહી, વૈષ્ણવ શીરોમણી, મુનીમજી નત્થમલજી કરીને રહે છે તેમને અવશ્ય મળી ભગવત્સ્મરણ કર્યા શીવાય જવું નહીજ એમ વિનંતિ છે. અને તો આ ભગવદીય પાસે બે ચાર દિવસ રહી સત્સંગ પણ કરવો. વળી એઓશ્રી દરેક વૈષ્ણવોને શ્રી ચંપારણ્ય સુધી પહોંચાડવાની સઘળી ગોઠવણ કરી આપે છે. તે દ્વારા જવું અથવા તો સ્વતઃ શ્રી ચંપારણ્ય જવું. રાયપુરથી ગાડીમાં બેસી રાજમ સ્ટેશને ઉતરવું. શ્રી ચંપારણ્ય શ્રીમહાપ્રભુજીની બેઠક અહીંથી ત્રણેક માઇલ દૂર છે ત્યાં વાહન મળી શકે છે. તે દ્વારા બેઠકે જવું.

તીર્થક્ષેત્ર શ્રીચંપારણ્ય.

(શ્રી આચાર્યજી મહાપ્રભુજનું પ્રાગટ્ય સ્થળ.)

ભાવુક વૈષ્ણવો ! જો તમે શ્રીમદ્વલ્લભાચાર્યનું જીવન વૃત્તાંત વાંચ્યુ હશે તો શ્રી ચંપારણ્યમાં શ્રીપૂર્ણ પુરૂષોત્તમ શ્રી મહાપ્રભુજીનું પ્રાગટ્ય થયું તથા તે વખતે જે અલૌકિક લીલાઓ શ્રી પ્રભુએ નિજજનને બતાવી હતી તેનો ખ્યાલ આવ્યા વગર રહેશે નહિ. તે ઉપરાંત આ ગ્રંથના પૃષ્ટ ૨૭-૨૮--થી ૨૯ સુધીમાં શ્રીમહાપ્રભુજીના જીવન વૃત્તાંતનો જે ભાગ આપ્યો છે. તે ખાસ કરીને ફરીથી વાંચી જવો. શ્રીમહાપ્રભુજીના પ્રાદુર્ભાવ સંબંધી તથા જે તિથિએ તથા ક્યા સ્થળમાં આ નિકુંજ નાયક પતિનો જન્મ થવાનો હતો તે સોરમ ગંગાની પાસે શ્રીનંદ ગામ નિવાસી શ્રીકાળજ્ઞાની પંડિત કેશવાનંદને પ્રથમથી ખબર પડી હતી અને તેથીજ પોતાના શિષ્ય કૃષ્ણદાસ મેઘનને તેમણે કહ્યું હતું (જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તા) પદ્મપુરાણમાં શ્રી ભગવાનને અર્જુનજીએ પૂછ્યું કેઃ—

विपरीतेषु कालेषु क्रियते यादवास्थली ॥
गच्छसि देव देवेश वैष्णवाः किं करिष्यति ॥ १ ॥

कलियुगे महाघोरे पाषंडो वर्तते बहु ॥
क स्थाने तिष्ठ तद्देव ब्रूहिमे तत् जगत्पते ॥ २ ॥

श्रीभगवानुवाचः

शृणु पार्थ प्रवक्ष्यामि मयाश्रयति भूतले ॥
द्विजकुले मे जन्मोति वल्लभो नाम धारकः ॥ १ ॥
अहं च वल्लभो देवो मम तुल्यज तेजसः ॥
तेषांऽववंदि त्पथेन मद्भक्तश्च मयाश्रितः ॥ २ ॥

ઉપરનું મહદ્વાક્ય બતાવી આપે છે કે શ્રીપૂર્ણ પુરૂષોત્તમે આ ભૂમિમાં જ્યારે પ્રપંચ, દગા વધારે થવા લાગ્યા અને તીર્થક્ષેત્રોનું માહાત્મ્ય ઓછું થવા માંડયું, ત્યારે શ્રીમદ્ વલ્લભાચાર્ય નામાભિધાન રાખી ફરી અવતાર ધારણ કર્યો હતો. અને આ શ્રી ચંપારણ્યની પવિત્ર ભૂમીમાં ઇલ્માગારૂજીની કુક્ષે. સંવત્ ૧૫૩૫ ના ચૈત્ર વદી ૧૧ ને દિવસે જનમ ધારણ કર્યો.

વૈષ્ણવોએ આટલાજ કારણથી શ્રી ચંપારણ્ય–શ્રી પૂર્ણપુરૂષોત્તમ નું પ્રાગટય સ્થળ–શ્રી આચાર્યચક્ર ચૂડામણી, શ્રીમદ્વલ્લભાચાર્ય નિકુંજ નાયક પતિ–ત્રૈલોક્યનાથ અને ભારતખંડને વિષે માયાવાદીઓનું ખંડન કરી " શુદ્ધાદ્વૈત–પુષ્ટિમાર્ગ " ની સ્થાપના કરનાર શ્રી આચાર્યજી મહાપ્રભુજીની પ્રાગટય ભૂમિમાં દર્શન કરવા અવશ્ય જવું. વળી, શ્રી ચંપારણ્ય શ્રી મહાપ્રભુજીનું નિજધામ ગણાય છે આ સ્થળે અનેક પ્રકારની લીલાનો અનુભવ થાય છે, માટે યાત્રાના પ્રસંગે આ ક્ષેત્રમાં જવાને ચુકવું નહિ. '

શ્રી મહાપ્રભુજીના પ્રાકટય સંબંધી નીચેની વધાઇઓ વૈષ્ણવોએ મનન કરવા જેવી છે.

राग सारंग.

कांकरवारे तैलंग तिलक द्विज वंदो श्रीमद् लक्ष्मणनंद ।
श्रीव्रजराज शिरोमणि सुंदर भूतल प्रगटे वल्लभचंद ॥ १ ॥
अवगाहत श्रीविष्णु स्वामीपथ नवधा भक्ति रत्न रसकंद ।
दर्शनही प्रसन्न होत मन प्रकटे पूरण परमानन्द ॥ २ ॥
कीर्ति विशद कहांलौं बरनौं गावत लीला श्रुति सुरछंद ।
प्रगुणदास प्रभु षट्गुण संपन्न कलिजन उद्धरण आनंदकंद॥३॥

राग सारंग.

तत्त्वगुण बाणभुवि माधवासित तरणि प्रथम भगवद् दिवस प्रकट लछ्मन सुवन ।

धन्य चंपारण्य मत्र त्रैलोकजन अन्य अवतार होय है न एसो भुवन ॥ १ ॥

लग्नवसु कुंभ गति केतु कवि इंदु सुख मीन बुद्ध उच्च रवि वैर नासें ।

मंद वृषकर्क गुरु भौमयुत तमसिंग योग ध्रुवकरण बव यश प्रकाशें ॥ २ ॥

ऋक्ष धनिष्ठा प्रतिष्ठा अधिष्ठान स्थित विरह वदनानलाकार हरिको ।

ऐसी लिखे द्वारकेश इनकी चरण ओर श्रीवल्लभाधीश सरको ॥ ३ ॥

શ્રી મહાપ્રભુજીની બેઠક આ ક્ષેત્રમાં ચંપારણ્ય કુંડ ઉપર એક ચંપાના વૃક્ષનીચે આવેલી છે. માધવાનંદ નામે બ્રહ્મચારી શ્રી ગંગાજીના તટ ઉપર તપ કરતા હતા તેમને શ્રીગંગાજીની આજ્ઞા થવાથી શ્રી વ્રજલીલાનાં દર્શન કરવા આ સ્થાને શ્રી મહાપ્રભુજીની ગાદીના પૂજનના દિવસે આવ્યા હતા. વળી બીજા મુકુન્દ સંન્યાસી પુષ્કર ક્ષેત્રમાંથી શ્રી વ્રજલીલાનાં દર્શન કરવા આવ્યા હતા. આ બન્ને સંન્યાસીઓને શ્રી ઇચ્છાગારૂજીની ગોદમાં કોટી કંદર્પલાવણ્યનારૂપમાં દર્શન દીધાં અને આ બન્નેની ઇચ્છા જાણી આપશ્રીએ કૃપા કરી બન્નેને શ્રી ગોપ, ગાય, સહિત શ્રી યમુનાજી અને વ્રજલીલાનાં અપૂર્વ દર્શન કરાવ્યાં આ પ્રમાણે બન્નેને ઇચ્છિત વસ્તુ આપી સંતોષ પમાડયા.

અહીંઆંથી દર્શન કરી પાછા ફરવું. રાજીમ સ્ટેશન થઇ રાયપુર આવવું અને ત્યાંથી બેંગાલ નાગપુર રેલવે દ્વારા આગળ બિલાસપુર થઈ, શકિત રાયગઢા ચક્રધરપુર અને સીની જંકશનથી ખરગપુર આવવું આ રસ્તેથી જગન્નાથપુરી ઉતરવું ગત પ્રકરણમાં આપણે આજ જંકશનથી જગન્નાથપુરી પહોંચ્યા છીએ, એટલે ખરગપુર અને પુરીના વચ્ચેની સઘળી માહિતિ અપાઇ ગઇ છે. માટે આ સ્થળે ફરી આપવાની આવશ્યકતા નથી.

તીર્થક્ષેત્ર શ્રીજગન્નાથરાયજી

શ્રી જગન્નાથપુરી સ્ટેશને ઉતરી ગામમાં મુંબઇના ભાટીઆ ગૃહસ્થ રા. કાનુ ખેતસીએ બંધાવેલી ધર્મશાળામાં અથવા બીજે સ્થળે કે પોતાના ગોરને ત્યાં ઉતરવાનો બંદોબસ્ત કરવો.

શ્રી જગન્નાથજીનું સ્થાન વેદ જેટલુંજ પ્રાચીન છે. આ ક્ષેત્રને પ્રસિદ્ધિમાં લાવનાર ઉજ્જયન નગરના રાજા ઇંદ્રદ્યુમ્ન છે. આ રાજા

વૈષ્ણવ ધર્મ પાળતા હતા અને તે બ્રહ્માની પાંચમી પેઢીએ થયા હતા. કોઇ એક મહાત્માના વચનાનુસાર આ રાજાએ આ સ્થળમાં તપશ્ચર્યા કરી યજ્ઞ કર્યો હતો. યજ્ઞ કરતી વખતે યજ્ઞ વેદીમાંથી શ્રી જગન્નાથજીની કાષ્ટની પ્રતિમા પ્રગટ થઈ અત્યારે જે પ્રતિમા જોવામાં આવે છે તે તેના યજ્ઞવેદીમાંથી પ્રગટ થએલી છે. અને તે જોતાંજ ખાત્રી થાય છે કે તે કુદરતી રીતેજ ઘડેલી છે. અર્થાત્ મનુષ્ય કારીગરની બનાવેલી નથી

શ્રી જગન્નાથજીનું દેવળ મોટું અને વિસ્તારવાળું છે. શ્રી જગદીશના મંદિરમાં પેસતાં શ્રી કાશીવિશ્વનાથ અને શ્રી જગદીશના ભોગ મંડપનાં દર્શન થાય છે. ત્યાંથી આગળ રોહિણી કુંડ આવે છે. પછી સુદર્શન ચક્રનાં દર્શન થાય છે આગળ જતા શ્રી જગદીશનાં દર્શન થાય છે. શ્રી જગન્નાથજી શ્રી બલદાઉજી તથા શ્રી સુભદ્રાજીના હાથ કાંડા સુધીજ છે. આ વિષે એવી કથા છે કે આ પુરીના કોઇ એક રાજાએ જ્યારે આ મંદિર બંધાવ્યું ત્યારે દેવતાઓના સુતાર વિશ્વકર્માએ એ મુર્તિઓ એકજ રાત્રિમાં તૈયાર કરી આપવા કહ્યું પરંતુ સરત એવી હતી કે રાજાએ કામ પુરૂ થયા સિવાય કંઇ પણ જોવું નહિ. જો જોશે તો હું અંતર્ધાન થઇશ. પરંતુ રાજાને શંકા આવવાથી બારણાની ફાટમાંથી જોવા માંડયું. પોતાની સરત ભંગ થવાથી વિશ્વકર્મા અંતર્ધાન થઇ ગયા. અને તેથીજ હાથનું કામ અધુરૂં જોવામાં આવે છે.

શ્રી જગદીશના દર્શનની નજીક ગરૂડ સ્થંભ, બલદાઉજી, કરમાબાઇ વિગેરેની મૂર્તિઓ પધરાવેલી છે. બીજી બાજુએ, ચતુર્ભુજ, બ્રહ્મા, તથા મહાદેવની મૂર્તિઓ બિરાજે છે. અહીંથી દર્શન કરી બહાર નીકળે એટલે, યાત્રીઓને ચોખા–ભાતની પ્રસાદી આપવામાં આવે છે. આ પ્રસાદ ઘુવાતો નથી. જેમ કૈલાસમાં બદ્રિનારાયણના

મંદિરમાં પ્રસાદ ન્યાત જાતના ભેદ વિના લેવામાં આવે છે. તેમ અહીંઆં પણ થાય છે. એવું કહેવાય છે કે સુદર્શન ચક્રનો છાયો જેટલી જગ્યામાં પડે તેટલી જગ્યામાં રહીને પ્રસાદ લેવામાં કોઇ પણ જાતનો વાંધો આવતો નથી. આ પ્રસાદ હજારો ગાઉ સુધી લઇ જવામાં આવે છે.

એ સિવાય પુરીમાં શ્રીમદ્ શંકરાચાર્યનો ગોવરધનમઠ, તથા શ્રી રામાનુજાચાર્યનું સ્થાન આવેલું છે. પ્રસિદ્ધ કરમાબાઇ જે ભાવુક વૈષ્ણવ હતાં તથા જેમની ખીચડી શ્રી પ્રભુએ સહર્ષ આરોગી હતી. તેમનું પણ મંદિર છે. ત્યાં દર્શન કરવાં.

શ્રી જગદીશમાં ડાકોરની પેઠે રથયાત્રાનો મોટો ઉત્સવ થાય છે. જે દિવસે રથયાત્રાનો મહોત્સવ હોય છે તે દિવસે શ્રી જગન્નાથજીમાં અલૌકિક સમારંભ થાય છે. ઘણીજ સારી રીતે શણગારેલા ત્રણ મહાન્ રથો તૈયાર રાખવામાં આવે છે. અને આ ત્રણે રથમાં શ્રી જગન્નાથજી, શ્રી બળદેવજી અને શ્રી સુભદ્રાજીના સ્વરૂપોને જુદાં જુદાં પધરાવવામાં આવે છે. આવી રીતે શ્રી ઠાકોરજીને રથમાં પધરાવી ભગવદ્ભક્તો રથ ખેંચે છે. નિજમંદિરમાંથી સ્વારી વિશ્રામવાટિકા જાય છે ત્યાં શ્રીને પધરાવવામાં આવે છે. આ વખતે રથમાં બિરાજેલા શ્રી જગદીશ પ્રભુનાં દર્શન કરવા માટે આર્યાવર્ત્તના અસંખ્ય શ્રદ્ધાળુ ભક્તજનો દર્શન કરવા સારૂ આ પુરીમાં આવે છે. અને તેમના અમંદ આનંદ અને ઉત્સાહભેર જયધ્વનિથી આખું શહેર ગાજી ઉઠે છે. શ્રીજગદીશની આ સ્વારી ઘણાજ ઠાઠપૂર્વક ઝાંઝ, પખાવજ, કીર્તનીયા, અને બીજી ભક્તજનોની મંડળીયો સહિત ભજન કિર્તન કરતી કરતી બે માઇલ દૂર જનકપુર વિશ્રામવાટિકાએ જાય છે. ત્યાં શ્રી ઠાકોરજી અશાડ શુદી ૨ થી દશમ સુધી બિરાજે છે. અશાડ શુદી એકાદશીને દિવસે ત્યાંથી નિજ મંદિરમાં પધરાવી લાવવામાં આવે છે.

રથયાત્રાના સંબંધમાં સાંપ્રદાયિક ભાવનાં વિષે એવું જણાવેલું છે કે શ્રીપૂર્ણ પુરૂષોત્તમ પ્રભુએ વ્રજમાં પ્રકટ થઇને પોતાના સ્વરૂપ સૌંદર્ય અને અદ્‌ભૂત બાળલીલાથી સર્વે વ્રજવાસીઓનું મન આકર્ષી લીધું હતું અને દિવસે દિવસે વ્રજભક્તોની પણ શ્રીપ્રભુમાં આસક્તિ એટલી બધી વધી ગઇ કે શ્રીનંદરાજ કુમારનાં દર્શન, એજ શ્રીગોકુલેશની સાથે ખેલવું, એજ શ્રીવ્રજેશપ્રભુની સેવા, એજ શ્રી યશોદોત્સંગ લાલિતનાં ગુણગાન એ એમનો અહરનિશનો કાર્યક્રમ બની રહ્યો હતો.

એક દિવસે કેટલાક વ્રજભક્તોને મનોરથ થયો કે એક નાનો સરખો સુંદર રથ હોય ને તેમાં શ્રીપ્રભુ બિરાજે તો કેવો આનંદ થાય? આ મનોરથ સિદ્ધ કરવાને સારૂ એક નાનો રથ બનાવી શ્રીયશોદાજીની પાસે લાવ્યા. શ્રી પ્રભુએ ભક્તોના મનોરથરૂપી એ નાના રથને જોઇ તેમાં બેસવાની નિજ ઇચ્છા માતાયશોદાજીને જણાવી. ત્યારપછી શ્રી યશોદા માતાની આજ્ઞાથી શ્રી પ્રભુએ એજ રથમાં બિરાજી **भक्त मनोरथ पूरकाय:** એ સુત્રાનુસાર વ્રજભક્તોની ઇચ્છા પુર્ણ કરી. તેમને અલોકિક સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. વ્રજભક્તોએ આનંદ અને ઉત્સાહમાં મગ્ન થઇ રથને આંગણામાં ફેરવ્યો. અને ફરીથી થોડે દૂર સુધી ચલાવ્યો. ભક્તોએ એ દિવસે અપૂર્વ ઉત્સાહ ભોગવ્યો. કોઇ કોઇ સુંદર પદ ગાવા લાગ્યા. તો કોઇ મૃદંગ આદિ બજાવવા લાગ્યા. એ પ્રમાણે તે દિવસે વ્રજની દરેક ગલીઓમાં આનંદ આનંદ થઇ રહ્યો.

બીજી ભાવના એવી છે કે એક વખત વર્ષાૠતુ આવવાના સમયમાં શ્રીનંદકુમાર વનમાં ગાયો ચરાવવા જતી વખતે મેઘ વૃષ્ટિથી હેરાન થાય નહિ તેટલા માટે શ્રીનંદરાયજીએ એક રથ તૈયાર કરાવરાવ્યો અને તેમાં બેસવાનું શુભમૂહુર્ત પુષ્ય નક્ષત્રના યોગવાળી અષાઢ શુદી ૨ નું નક્કી કર્યું અને એ મંગળકારી દિવસે શ્રી પ્રભુ રથમાં બિરાજ્યા. જ્યેષ્ઠાભિષેક રૂપી રાજ્યાભિષેક થયા પછી પણ

પ્રભુ પ્રથમજ રથમાં બિરાજતા હોવાથી વ્રજવાસીઓએ એ દિવસે મોટો ઉત્સવ માન્યો રથમાં ઘોડા જોડીને અથવાતો વ્રજભક્તો પોતેજ ભાવપૂર્વક એ રથને ચલાવતા અને અપૂર્વ આનંદ ભોગવતા હતા,

શ્રી રાવળ ગામમાં શ્રી વૃષભાનજીને ત્યાં પણ એજ દિવસે શ્રી પ્રભુને રથમાં પધરાવે છે.

આ વખતે ભક્તો મલ્હાર રાગ ગાય છે. અત્યારે પણ મલ્હાર રાગનાં કીર્તન અષાઢ શુદી ૨ થો શરૂ થાય છે. જેમ મેઘ જળવૃષ્ટિ કરીને સૃષ્ટિનો તાપ શાન્ત કરે છે. અને વૃક્ષોનું પોષણ કરે છે તેમ મલ્હાર રાગથી પ્રસન્ન થઇને ઘનશ્યામ શ્રીકૃષ્ણ કૃપારસની વૃષ્ટિ કરીને અમારા તાપ નિવારો અને ભાવ રૂપી વૃક્ષનું સદા પોષણ કરો એવા આશયથી વ્રજભક્તો મલ્હાર રાગ ગાય છે.

શાસ્ત્રમાં રથયાત્રા મહોત્સવનું વર્ણન નીચે પ્રમાણે છે:—

સૂત સંહિતામાં શ્રી જગન્નાથજીએ સ્વમુખે પોતાના બારેમાસના ઉત્સવોનું વર્ણન કર્યું છે તેમાં રથયાત્રાનું નિરૂપણ આ પ્રમાણે છે:

आषाढस्य च मासस्य सिते पक्षेऽथ भूपते ।
पुष्यर्क्षे च द्वितीयायां तत्र कुर्याद्रथोत्सवम् ॥

અર્થ—હે રાજન્! અષાઢ માસના શુક્લ પક્ષમાં પુષ્ય નક્ષત્ર અને દ્વિતીયા—બીજ હોય તે દિવસે રથયાત્રા ઉત્સવ કરવો.

સ્કંધ પુરાણમાં પણ શ્રી જગન્નાથજીએ આજ દિવસે રથયાત્રાનો ઉત્સવ કરવાનું કહેલું છે.

જનકપુર આગળ ઇંદ્રદમણ કુંડ છે. આ કુંડ વિષે એવું કહેવાય છે કે આ સ્થળે પ્રથમ ગાયો બંધાતી હતી. તેથી ગોમુત્ર તથા છાણનો ઢગલો થયો હતો. ઇંદ્રે તે વલોવ્યો તેથી આ ઇંદ્રદમણ કુંડ કહેવાય છે. તે સિવાય ત્યાં આગળ શ્રી જાનકીજીનો સ્વયંવર મંડપ

શ્રી સીતાજીનાં દર્શન થાય છે. તે ઉપરાંત શ્રી જગદીશની ગાદીનાં દર્શન પણ થાય છે.

શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક દક્ષિણ દરવાજે આવેલી છે. આ બેઠક શ્રી ગોસ્વામી તિલકાયીત શ્રી ગોવરધનલાલજી મહારાજે પ્રકટ કરી છે. અહીંઆં આચાર્ય શ્રી મહાપ્રભુજી એક વર્ષ પર્યંત બિરાજ્યા હતા. જે સમયે આપશ્રી અહીંઆં બિરાજતા હતા તે સમયે તે પુરીના રાજા વિષ્ણુદેવે પોતાના પંડીતોને નીચેના ચાર પ્રશ્નો પૂછ્યા. ૧. સઘળા દેવોમાં મુખ્ય દેવ કોણ? ૨. સઘળા મંત્રોમાં મુખ્ય મંત્ર કયો? ૩ બધા શાસ્ત્રોમાં મુખ્ય શાસ્ત્ર કયું? અને ૪ કર્મમાં મુખ્ય કર્મ કયું? આ પ્રશ્નોનો પંડિતોએ પોતપોતાની મરજી પ્રમાણે પ્રત્યુત્તર આપેલો આથી રાજાને સંતોષ થયો નહિ. શ્રીઆચાર્યશ્રીને આ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા આપશ્રીએ રાજાને પ્રત્યક્ષ ચમત્કાર દર્શાવવાની ઇચ્છાથી રાજાને એક કોરો કાગળ કલમ તથા ખડીઓ શ્રી જગન્નાથજીરાયના સન્મુખ મુકવા આજ્ઞા કરી રાજા આજ્ઞાનો અમલ કરી મંદિરને તાળુ મારી બહાર આવ્યા થોડી વાર પછી શ્રીની આજ્ઞાથી કમાડ ઉઘાડી કાગળ હાથમાં લીધો તો શ્રી જગન્નાથજીના શ્રીહસ્તે નીચે પ્રમાણે લખેલો શ્લોક નીકળ્યોઃ-

एकं शास्त्रं देवकी पुत्र गीतं, एको देवो देवकी पुत्र एव ।
मंत्रोऽप्येकस्तस्य नामानि यानि, कर्माऽप्येकं तस्य देवस्य सेवा ॥

અર્થ—સર્વ શાસ્ત્રોમાં દેવકીપુત્રનું ગીત અર્થાત્ શ્રીકૃષ્ણ ભગવાને કહેલી ગીતા શ્રેષ્ઠ છે, સર્વે દેવોમાં દેવકી પુત્ર એ સર્વોત્તમ દેવ છે, સર્વ મંત્રોમાં તેમના નામનું સ્મરણ ઉત્તમ છે અને સર્વ કર્મોમાં ભગવાન શ્રીકૃષ્ણની સેવા એજ ઉત્તમોત્તમ કર્મ છે.

આ પ્રત્યુત્તર સાંભળી રાજા શ્રી મહાપ્રભુજીને પગે પડયો અને શરણે આવ્યો પરંતુ એક પંડિતે કહ્યું કે શ્રી જગદીશને હાથ નથી તો લખી શકે કેમ એવી શંકા ઉઠાવી ફરીથી શ્રી મહાપ્રભુજીએ શ્રી જગદીશના મંદીરમાં પૂર્વવત્ કાગળ વિગેરે મુકાવી કમાડ બંધ કરાવ્યું થોડીવાર પછી શ્રીના સ્વહસ્તે લખેલો નીચેનો અર્ધો શ્લોક જોયો.

यःपूमान् भगवद्द्वेषी तंविद्या दन्यरेतषम्

આવો પ્રત્યક્ષ ચમત્કાર જોઇ શ્રી આચાર્યજીને પૂર્ણ પુરૂષોત્તમ જાણી ઘણા જીવો શરણે આવ્યા હતા.

એક દિવસ એકાદશીને દિવસે કોઇએ આચાર્યશ્રીના શ્રી હસ્તમાં શ્રી જગદીશનો પ્રસાદ આપ્યો. આચાર્યશ્રીએ શ્રી હસ્તમાં પ્રસાદ રહેવા દઇ આખી રાત્રિ મહાપ્રસાદનું માહાત્મ્ય વર્ણન કરી દ્વાદશીને દિવસેજ પ્રસાદ લીધો આ રીતે આ પ્રસાદની અવજ્ઞા કરી નહિ અને એકાદશીનું વ્રત પણ પૂર્ણ કર્યું હતું.

શ્રીજગન્નાથજીની પરિક્રમામાં શ્રીરણછોડજી, શ્રીબાંકેબિહારી, વિશ્વ-કર્મા, સત્યભામા, કરમાબાઇ, શેષશાયી ભગવાન, રોહિણીકુંડ, એકાદશી માતા, ગોકુલ મથુરાં, સાક્ષી ગોપાળ, ચંદનતલાવ વિગેરેનાં દર્શન થાય છે. આ ક્ષેત્રમાં કોઇ એકાદશીનું વ્રત કરતું નથી કારણ કે શ્રી જગદીશ કહે છે મારા ભકતો ભૂખ્યા રહે નહિ તેથી અહીં કોઇ એકાદશી વ્રત કરતું નથી.

જગન્નાથપુરીથી સાક્ષીગોપાળ આવવું. ખુરદારોડથી પુરીની બ્રેંચ લાઇનમાં આ મથક આવે છે. પરંતુ આપણે જગન્નાથપુરી આવ્યા છીએ તેથી પાછાં ફરતાં અહિંઆં ઉતરવું.

તીર્થક્ષેત્ર સાક્ષીગોપાળ.

જગન્નાથપુરીથી પાછા ફરતાં સાક્ષી ગોપાળ અને માલાટીપુર આવે છે આ દર્શનીય સ્થળો છે. ખુરદારોડથી પુરીની બ્રેંચ લાઇનમાંજ આ સ્ટેશનો છે માટે પાછા ફરતાં અવસ્ય આ સ્થળોએ ઉતરવું. સાક્ષી ગોપાળ અને પુરીની વચ્ચે ૫૧ માઇલનું અંતર છે. સાક્ષીગોપાળ તીર્થના સંબંધમાં એવી કિંવદંતિ છે કે કાશીપુરીના બે બ્રાહ્મણના પુત્રો યાત્રાએ ગયા હતા. રસ્તામાં મોટો છોકરો માંદો પડયો ત્યારે ન્હાનાને પોતાની કન્યા પરણાવવાની સરતે ચાકરી કરવા કહ્યું અને અને તે બાબતમાં " ગોપાળ " ને પોતે સાક્ષી રાખ્યા. ન્હાનાએ ચાકરી કરી અને મોટો સાજો થયો એટલે બન્ને ઘેર ગયા. પરંતુ મોટાની સ્ત્રીએ પોતાની કન્યા આપવાની ના પાડી તેથી ન્હાનાએ ફરીઆદ કરી. રાજાએ સાક્ષી લાવવા કહ્યું તે ઉપરથી ન્હાનો બ્રાહ્મણ પુત્ર ગોપાળ ભગવાન પાસે આવ્યો અને તપશ્ચર્યા કરી ગોપાળને પ્રસન્ન કર્યા ગોપાળે સાક્ષી તરીકે આવવા કહ્યું પરંતુ પોતાથી અકળાઇ દુર રહેવા કહ્યું. અને કહ્યું કે મારા નુપુરના અવાજથી તને સંભળાશે. આ પ્રમાણે આગળ બ્રાહ્મણ અને પાછળ ગોપાળ એ પ્રમાણે જતા હતા. રસ્તામાં રેતીમાં નુપુરનો અવાજ નહિ સંભળાવાથી ન્હાનાએ જાણ્યું કે ભગવાન જતા રહ્યા તેથી તે પાછો ફર્યો. ભગવાન આ સ્થળે અટકી ગયા તેથી રાજાને લઇ ત્યાં ગયો. રાજા ભગવાનને જોઇ આશ્ચર્ય પામ્યા. અને ત્યાં મંદિર બંધાવ્યું આ ઉપરથી આ સાક્ષી ગોપાળ કહેવાય છે. અહીંઆં શ્યામકુંડ તથા રાધાકુંડ છે તથા સાક્ષીગોપાળના મંદિરમાં સાક્ષીગોપાળની મૂર્તિ બિરાજે છે.

અહીંઆં દર્શનાદિ કરી પાછા ખુરદારોડ આવવું અને ત્યાંથી દક્ષિણમાં પ્રવાસ કરવો.

પ્રકરણ ૧૮ મું.

શ્રી જગન્નાથજીથી શ્રી રામેશ્વર.

વૈષ્ણવ બંધુઓ ! ગત પ્રકરણોમાં આપણે જગન્નાથપુરી સુધીની યાત્રા પુરી કરી છે. હવે અહીંથી આપણે શ્રી શ્વેતબિંદુ રામેશ્વર થઈ મુંબઈ પાછા ફરીશું. વાંચકોને યાદ હશેજ કે માત્ર યાત્રાનાં સ્થળોની જ માહીતીના અંગે અને તેને ખપ પુરતીજ બીજી સામાન્ય હકીકત દર્શાવવાનો પ્રયત્ન આ ગ્રન્થમાં કરવામાં આવ્યો છે.

ઐતિહાસિક દૃષ્ટિએ દક્ષિણ હિંદુસ્તાન ઉત્તર હિંદુસ્તાન કરતાં વેપાર વણજમાં તેમજ અન્ય પ્રમાણમાં ઘણો ઉતરતો છે. મુખ્ય પાક ચોખાનો છે. તે સિવાય બીજું અનાજ જાર બાજરી ઘઊં વિગેરેનો પાક ઘણોજ જૂજ જણાય છે, લોકો પણ ધનાઢય નથી. તેમના ઘરોની સ્થિતિ જોઇએ તો ખપ પુરતાં વાસણ કુસણ અને કેટલાક અમીરી ઘરમાં આધુનિક મોજશોખની ચીજો જોવામાં આવે છે. આ તરફ યાત્રા કરનાર વૈષ્ણવોએ પોતાની સાથે ખપ પુરતાં વાસણ તથા પાથરવા ઓઢવાનાં સાધનો રાખવાં એવી અમારી નમ્ર સલાહ છે.

દક્ષિણ હિંદુસ્તાનમાં બહુધા શ્રીરામાનુજાચાર્યના પંથના અનુયાયીઓ છે. શ્રીમહાપ્રભુજીએ આ વિભાગમાં પ્રતિસ્થળે પધારી માયાવાદીઓનું ખંડન કરી શ્રીપુષ્ટિમાર્ગ પ્રવર્તાવ્યો છે. જ્યાં જ્યાં આપશ્રી પધારતા હતા ત્યાં ત્યાં નિજબેઠક સ્થાપી સ્વધર્મની વિજયપતાકા ફરકાવી છે. અને ભારતવર્ષના દરેક માયાવાદિઓના મતનું ખંડન આ ભાગમાં આવેલા વિદ્યાનગર અથવા હાલના વિજયનગર નામના શહેરમાંજ કર્યું હતું. આ તરફ શ્રીપુષ્ટિમાર્ગના અનુયાયીઓની સંખ્યા

વિશેષ જણાતી નથી. અહીંઆં શ્રીમર્યાદાપુરૂષોત્તમનાં સ્વરૂપો પ્રતિસ્થ બિરાજતાં હોવાથી દર્શનનો લાભ અવશ્ય લેવો.

શ્રી રામચંદ્રજીએ દશાનનના નાશને સારૂ શ્રી સીતાજીના નિમિ આ પ્રદેશને નિજચરણ રજથી પવિત્ર કર્યો છે. શ્રી પંચવટી, કિષ્કીંધા પંઢરપુર, પક્ષીતીર્થ, તીણાવેલી વિગેરે ભાગમાં પર્યટન કરતા કરત શ્રી પુરૂષોત્તમ સ્વરૂપ શ્રીરામચંદ્રજી સેતુબાંધી લંકામાં પધાર્યા હત અને ત્યાં રાવણનો વધ કરી શ્રીસીતાજીને લઈ પાછા પધાર્યા હતા એટલે દક્ષિણ હિંદુસ્તાન પણ અલૌકિક રસથી–ભક્તિ ભાવથી પૂ જ છે. માટે વૈષ્ણવોએ પૂર્ણ ભાવથી દર્શન કરવાં.

અહીંઆં વપરાતી ભાષા તેલુંગ છે પરંતુ ઇંગ્રેજી વિદ્યાના પ્રચા રથી વેપારના અંગે અન્યભાગના માણસો આવી વસેલા હોવાથી તર નિત્યના સમાગમમાં આવનાર ગોર, પંડયા, મુખીયાજી–મંદિરના પુજા રીઓ હીંદીભાષામાં સાધારણ વાતચીત કરી શકતા હોવાથી તત્સંબંધ અડચણ પડતી નથી.

ખુરદારોડથી મદ્રાસ જતાં મુખ્ય સ્ટેશનો કાલીકોટા, છત્રપુર જગન્નાથપુર, બેરામપુર, મંડાસારોડ, નોપડી (જંકશન) વીજય નગરમ્, વૉલટર વિગેરે આવે છે. વોલ્ટર બેંગાલનાગપુર અને મદ્રા રેલવેનું જંકશન સ્ટેશન છે. વોલ્ટરથી ટુની. સમાલકોટ રાજમહેન્દ્ર ઇલોર, બેઝવાડા આ સધર્ન મરાઠા રેલવે, નીઝામ રેલવે, મદ્રા રેલવે, સાઉથ ઇંડીઅન રેલવેનું જંકશન સ્ટેશન છે. બેઝવાડા પાં બૌદ્ધની મૂર્તિઓ એક ડુંગર ઉપર આવેલી છે. ત્યાંથી એકમાઇલ દૂ ગુફામાં સીતાહરણ–સીતાશોધ વિગેરેનાં પ્રાચીન સ્થાન જોવામ આવે છે. બેઝવાડાથી નીઝામ હૈદ્રાબાદની લાઇન વાડી સ્ટેશન સુધ લંબાઈ છે. તેમાં સીકંદરાબાદ અને નિઝામ સરકારનું હૈદ્રાબાદ આવે

હૈદ્રાબાદ.

હૈદ્રાબાદમાં અવકાશ મળે તો ઉતરવું. શહેર જોવા લાયક છે. તથા ત્યાં સ્વમાર્ગનાં મંદિરો પણ છે. મુખ્ય મંદિરોમાં (૧) બેગમ બજારમાં શ્રી ગોસ્વામી શ્રી જીવણુલાલજી મહારાજનું મંદિર છે. આ મંદિરમાં શ્રી બાલકૃષ્ણજીનું સ્વરૂપ બિરાજે છે. મંદિર હાલ મુંબાઇવાળા શ્રીગોકુલનાથજી મહારાજના તાબામાં છે. તે ઉપરાંત કારવાન સાહુકારી નામનો મહેલો છે તેમાં ગુજરાતી લોકો રહે છે. અને ત્યાં રાજા ચત્રુભુજદાસ ગોરધનદાસના ઘરમાં (૨) શ્રી મદનમોહનજીનું સ્વરૂપ શ્રી સ્વામીનીજી સહિત બિરાજે છે. તે ઉપરાંત શ્રી ગોકુલનાથજીનાં પાદુકાજી બિરાજે છે. આ શ્રી પાદુકાજી ઉક્ત ભગવદીયના ઘરમાં લગભગ ૧૫૦ વરસથી બિરાજે છે. વળી શ્રી મહાપ્રભુજીનાં વસ્ત્ર સેવા આજ ઘરમાં બિરાજે છે. રાજા ચત્રુભુજદાસજી ઘણા ભાવુક ભગવદીય હતા. તેઓ મરજાદી વૈષ્ણવોને તથા અન્ય વૈષ્ણવોને ઘણા ભાવ પૂર્વક પોતાને ઘેર રાખતા હતા શ્રીપુષ્ટિમાર્ગના સંબંધમાં તેમનું જ્ઞાન પણ ઘણું હતું. આ પરમ ભગવદીયનો સંવત ૧૯૭૪ ના ભાદરવા શુદી ૧૧ ના દિવસે સ્વર્ગવાસ થવાથી ત્યાંના વૈષ્ણવોને ભારે ખોટ પડી છે.

આ સિવાય અહીંઆં રાજા ભગવાનદાસજી હરીદાસને ત્યાં (૩) શ્રી ગોવરધનનાથજીનું સ્વરૂપ તથા શ્રી આચાર્યજી મહાપ્રભુજીના શ્રીહસ્તાક્ષર બિરાજે છે. (૪) મંદિર શેઠજી ગુલાબદાસજી હરિદાસજીને ત્યાં છે તે મંદીરમાં શ્રી બાળકૃષ્ણજીનું સ્વરૂપ બિરાજે છે (૫) મંદિર શેઠજી વેંકટીદાસજી મોહનદાસજીના ઘરમાં છે. આ મંદિરમાં શ્રી બાળકૃષ્ણજીનું સ્વરૂપ તથા શ્રી ગુસાંઇજી તથા શ્રી ગોકુલનાથજીનાં શ્રીપાદુકાજી બિરાજે છે તે ઉપરાંત શ્રી ગુસાંઇજી તથા શ્રી હરિરાયજી મહાપ્રભુજીના શ્રી હસ્તાક્ષરો પણ બિરાજે છે. મંદિરમાં ઘણા ભાવ

પૂર્વક સેવા થાય છે. ભાવુક વૈષ્ણવોએ ઉપરોક્ત ભગવદીયનો સમાગમ કરવા જેવો છે.

હૈદ્રાબાદમાં આ સિવાય પણ બીજાં જોવા લાયક સ્થળમાં સંગ્રહસ્થાન, બાગ, જુમામસિદ, વિગેરે છે. અહીંથી આ લાઇન મારફતે વાડી થઇ ત્યાંથી બેલારી જંકશનથી મદ્રાસ આવી શકાય છે.

બેઝવાડાથી ગંટકુલા[1] લાઇનમાં જવાં બાજું સ્ટેશન મંગળગિરિનું છે. અહીંઆં ઉતરવું. કારણ કે આ સ્થાને શ્રીમહાપ્રભુજીની બેઠક તથા શ્રી પનાનૃસિંહજીનું મ્હોટું સ્થાન છે.

દક્ષિણ હિંદુસ્તાનમાં મંદિરોની રચના ઉત્તર હિંદુસ્તાન કરતાં જુદીજ હોય છે. મંદિર ઉપર ગુંબજો કરવામાં આવેલા હોય છે. અને તેમાં વાર તહેવારે રોશનાઇ કરી મંદિરમાં ઉત્તમ શોભા કરવામાં આવે છે. ગુંબજો ઉપર માણસો સહેલાઇથી રહી શકે છે. મંદિરની ભવ્યતાથી મનને ઘણોજ આનંદ થાય છે.

તીર્થક્ષેત્ર પનાનૃસિંહજી.

મંગળગીરીથી થોડેક દૂર શ્રીનૃસિંહજીની મૂર્તિ બિરાજે છે. ભક્ત પ્રલ્હાદનું રક્ષણ કરવા ભગવાને અર્ધો આકારમનુષ્યનો અને અર્ધો સિંહનો એવા રૂપમાં અવતાર લીધો હતો. પ્રલ્હાદના પિતા હિરણ્યકસ્યપુને વરદાન મળેલું હતું કે તે મનુષ્યથી કે પ્રાણીથી, દિવસે કે રાત્રે, હથીઆરથી ઘરમાં કે બહાર કોઇથી મરી શકે નહિ. શ્રી ભગવાને આટલાજ કારણથી તેનો નાશ કરવા નૃસિંહ અવતાર ધારણ કરી વાઘ નખવડે ઉમરા ઉપર મારી નાંખ્યો હતો. આ [2] શ્રી

૧ ગંટકુલા થઇ રાયચુર થઇ સીધા મુંબઇ જવાય છે.

૨ સિંધ-પંજાબની યાત્રામાં મુલતાનમાં નૃસિંહ અવતાર થયાનું જણાવેલું છે અને મુલતાન કસ્યપપુરની રાજ્યધાની છે. એવું

નૃસિંહજી મૂર્તિ ડુંગર ઉપર છે. ડુંગર ઉપર ચઢવાને પાયરીઓ હોય છે. આ શ્રીનૃસિંહજીની મૂર્તિને પના નૃસિંહજી કહે છે. પનો-પણો એટલે સરબત. કારણ કે નૃસિંહજીને અહીંઆં સરબત ચઢે છે. આ પનો સાકર કે ગોળનો થાય છે, ને તેની એટલી બધી મીઠાશ હોવા છતાં એક પણ કીડી કે મંકોડી દેખાતી નથી એ જ આ સ્થળનું માહાત્મ્ય છે. અહીંઆં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક છોંકરના વૃક્ષ નીચે આવેલી છે. શ્રી મહાપ્રભુજી પૃથિવિ પરિક્રમા કરતા કરતા આ સ્થાને પધાર્યા હતા. શ્રી પના નૃસિંહજીના મંદિરના પૂજારી શ્રી નૃસિંહજીની સ્વપ્નદ્વારા આજ્ઞા થવાથી શ્રીઆચાર્યજીને ઘણાજ ઠાઠથી પધરાવવા આવ્યા હતા. શ્રી મહાપ્રભુજીએ શ્રીનૃસિંહજીને મિશ્રી-સાકરનો પનો તૈયાર કરી આરોગાવ્યો હતો શ્રી મહાપ્રભુજીએ સ્વમુખે જણાવ્યું કે, હિરણ્યકશ્યપને માર્યા પછી પોતાને શ્રમ પડવાથી ભક્તો શ્રમ નિવારણાર્થે મિશ્રીનો પનો ધરાવે છે અહીંઆં આપશ્રી જ્યારે સમાધ કરતા હતા ત્યારે શ્રી નૃસિંહજી વચનામૃત સાંભળવા પધારતા હતા. ને શ્રીમહાપ્રભુજી શ્રીનૃસિંહજીને બિરાજવા માટે પોતાની પાસે વસ્ત્ર પાથરતા હતા. આ સ્થાને શ્રી ઝારીજી ચર્ણસ્પર્શાદિની સેવા કરવી. આ સ્થળે શ્રીમહાપ્રભુજીએ અનેક તામસી જીવોનો ઉદ્ધાર કરી વિજય કર્યો હતો.

અહીંઆં દર્શન કરી બેઝવાડા આવવું. બેઝવાડાથી મદ્રાસ જવું. બેઝવાડા અને મદ્રાસ વચ્ચે લગભગ ૨૭૦ માઇલનું અંતર છે. વચલાં

મુલતાનના સંબંધમાં ઉલ્લેખ કર્યો છે. મંગળગિરિમાં ઉપરની વાતને ટેકો મળતો નથી. અને નૃસિંહ અવતાર આજ સ્થાનમાં થયાનું જણાય છે. આથી અનુમાન એવું થાય છે કે શ્રીનૃસિંહ અવતાર આ સ્થાનમાં થયો હોય અને પ્રહ્લાદના પિતાનો નાશ તેની રાજ્યધાની મુલતાનમાં થયો હોવો જોઇએ.

સ્ટેશનોમાં તેનાલી, બાપટલા, ઓંગોલી, બીટ્રાગન્ટા, નેલોર, ગુડુર, (અહીંયાં એક લાઇન રેણીગુંટા જંકશન જાય છે જેને ગંટકલાની લાઇનનો સંગમ થાય છે) પોનેરી, ઇનર, રાયાપુરમ, મદ્રાસ છે. મુંબાઇ અને મદ્રાસ જે સીધી ગાડી જાય છે તે પુના, ધોન્ડ, વાડી, ગંટકલા, અને રેણીગુંટા થઇ મદ્રાસ આવે છે.

તીર્થક્ષેત્ર શ્રી લક્ષ્મણબાલાજી.

મદ્રાસ જતા પહેલાં યાત્રીઓએ રેણીગુંટા જંકશને ગાડી બદલી ગુડુર, કટપદી સેકશનની બ્રેંચ લાઇનમાં બેસી શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠકે તથા શ્રીલક્ષ્મણબાલાજીની યાત્રા કરવા સારૂ તીરૂપદી સ્ટેશને ઉતરવું.

સ્ટેશનની નજીક ધર્મશાળા આવેલી છે તેમાં ઉતરવાનો બંદોબસ્ત કરવો અથવા ગામમાં ગોર-બ્રાહ્મણને ત્યાં ઉતરવું.

તીરૂપદી ગામથી એક માઇલ દૂર સુવર્ણમુખી નદી વહે છે. તીરૂમલ પર્વતની તળેટી પાસેના ગામને નીચેની તીરૂપદી કહે છે અને પર્વત ઉપર આવેલા ગામને ઉપરની તીરૂપદી કહે છે. પર્વત ઉપર શ્રીબાલાજીનું ઉત્તમ મંદિર આવેલું છે, અને સાથે શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક પણ આવેલી છે.

નીચેની તીરૂપદીમાં ઘણી ધર્મશાળાઓ આવેલી છે. ત્યાં પણ રહેવાનો બંદોબસ્ત થઇ શકે છે. ગામમાં શ્રી રામચંદ્રજીનું મોટું મંદિર આવેલું છે. તેમાં શ્રી રામલક્ષ્મણ અને સીતાજીની લગભગ ૭ ફુટ ઊંચી મૂર્તિઓ પધરાવેલી છે. તે ઉપરાંત ગોવિંદરાજાનું અ-થવા શેષશાયી ભગવાનનું બીજું મોટું મંદિર આવેલું છે. આ મં-દિરમાં શેષનાગ ઉપર શયન કરેલા વિષ્ણુ ભગવાનની મોટી મૂર્તિનાં દર્શન થાય છે. તેમના ચરણ પાસે શ્રી લક્ષ્મીજી પોતાના પતિના

ચરણ ખોળામાં લઇ બેઠેલાં છે . અને જમણી બાજુએ શ્રી ભૂદેવી બેઠેલાં છે શ્રી ભગવાનની નાભીમાંથી કમળ નીકળેલું છે. અને તે કમળમાં શ્રી બ્રહ્માજી બેઠેલા છે દશ્યન બહુ ભવ્ય છે અને તેને નજરે જોયા વિના ખ્યાલ આવી શકતો નથી. તે સિવાય બીજું મંદિર શ્રી લક્ષ્મીજીનુ છે તે આશરે ચાર માઇલ દૂર ડુંગર નજીક આવેલું છે. અહીંઆં પ્રતિવર્ષ એકવાર મોટો ઉત્સવ થાય છે. તે નવ દિવસ સુધી ચાલે છે અને દશમે દિવસે તેની પૂર્ણાહુતિ થાય છે ઉત્સવના દિવસોમાં સવાર સાંજ બેવાર સ્વારી નીકળે છે. શ્રી લક્ષ્મીજીની સ્વારી સુવર્ણના ગરૂડ ઉપર નીકળે છે. કેટલીકવાર રથમાં પણ બિરાજે છે. ઉત્સવના દિવસોમાં આસપાસના ગામોના લાખો યાત્રાળુઓ ત્યાં ભેગા થાય છે.

અહીંથી થોડે દૂર રામલક્ષ્મણ કુંડ આવેલા છે તેમાંના રામકુંડનું પાણી લક્ષ્મણ કુંડમાં પડે છે અહીંથી નજીકમાં કપીલધારા નામનો જળધોધ આવે છે અહીંઆં શ્રાદ્ધાદિ ક્રિયાઓ કરવામાં આવેછે

તીરૂપદીથી એકાદ માઇલ દૂર તીરૂમલા પર્વત અથવા બાલાજીનો ડુંગર છે. આ ડુંગર ઉપર ચઢવાને સાત ટુંકો છે, સાતમી ટુંકને વેંકટાચલ કહે છે. અહીંથી વિષ્ણુદ્વાર સુધી ચઢવાનો ચઢાવ ઘણોજ કઠણ છે. પર્વત ઉપર શ્રીબાલાજીનું જૂના વખતનું પ્રખ્યાત મંદિર છે અહીંઆં પર્વત ઉપર ચઢવાને પગથીયાં બાંધેલાં છે તેમ ડોળીમાં બેસીને પણ જઇ શકાય છે. ઠેઠ મોટા વૈકુંઠ ગોપુર સુધી માણસ જઇ શકે છે. મોટા ગોપુર ઉપર સુવર્ણના સાત કળશ છે. અંદર બીજું નાનું ગોપુર છે. અને ત્યાં પણ કળશ છે. વચ્ચોવચ્ચ સુવર્ણનો બહુજ સુંદર ગરૂડ ધ્વજ સ્તંભ છે. અહીંઆં દર્શનને માટે દર ગુરૂ અને શુક્રવારે એક રૂપીઆની ટીકીટ-પાસ લેવો પડે છે.

બાલાજીનું મંદિર આશરે ૪૦ ફુટ લાંબું અને ૨૫૦ ફુટ પહોળું

છે. મંદિરનાં બારણાં સોના ચાંદીથી જડેલાં છે. અંદર શ્રી બાલાજીની પાષાણની મૂર્તિ સાત ફુટ ઉંચી, અને શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલી, પુર્વાભિમુખે બિરાજેલી છે. અંદર અંધારૂ હોવાથી દિવાની જરૂર પડે છે. મૂર્તિનાં વક્ષઃ સ્થળમાં શ્રી દેવી છે. દર્શન ઘણાં ઉત્તમ અને મનોહર છે. મંદિરની પાછળ કુંડ છે. ત્યાં આગળ વારાહજીનું મંદિર છે શ્રી ઠાકોરજીના મંદિરની પાસે ડાબી બાજુએ મંદિરના મહંતની હવેલી છે મંદિરમાં રાજભોગ વિગેરે પૂર્ણભાવથી અને પુષ્ટિમાર્ગ રીત્યાનુસાર કરવામાં આવે છે. શ્રી જગન્નાથજી તથા શ્રી બદ્રિનારાયણની માફક અહીંઆં પણ ન્યાત જાતના ભેદ વગર પ્રસાદ લેવામાં આવે છે.

અહીં શ્રી રામાનુજ સંપ્રદાયની ગાદી છે. પર્વત ઉપર ઠેકઠેકાણે ૧૯ ઝરણો છે. શ્રી બાલાજીથી ૩ માઇલ દૂર પાપનાશીની ગંગા આવે છે. બે પર્વતની વચ્ચે વહેતી નદીની આ ધારા પર્વત ઉપરથી નીચે પડે છે. નીચે સાંકળો બાંધેલી છે તે ઝાલીને યાત્રીઓ સ્નાન કરે છે. શ્રી બાલાજીની બીજી બાજુએ જમણી તરફ આકાશગંગાની ધારા મળે છે. ત્યાં પણ સ્નાનનું માહાત્મ્ય છે.

શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક પુષ્કર સરોવર ઉપર છોંકરના વૃક્ષ નીચે છે. શ્રી આચાર્યજી અહીં બિરાજતા હતા ત્યારે આપશ્રીના પિતાશ્રી શ્રી લક્ષ્મણ ભટ્ટજી તથા માતા શ્રીઇલ્લમાગારૂજી ત્યાં પધાર્યા હતાં. શ્રીઆચાર્યશ્રીએ સ્વપિતાને શ્રી બાલાજીની શૃંગાર સેવા કરવા કહ્યું. શૃંગાર સેવા કરતા શ્રીલક્ષ્મણભટ્ટજી શ્રી બાલાજીના સ્વરૂપમાં લીન થઇ ગયા હતા. માતા ઇલ્લમાગારૂજીના પૂછવાથી આપશ્રીએ સ્વમુખે જણાવ્યું કે શ્રી લક્ષ્મણ ભટ્ટજી અક્ષરબ્રહ્મ હતા અને તેથી તેમાંજ તાદૃશ થઈ ગયા છે. શ્રી આચાર્યજીએ અહીંઆં સમાસ કરી અનેક જીવોને શરણે લીધા છે.

શ્રી બાલાજીના માહાત્મ્ય વિષે એવું જણાય છે કે સુવર્ણમુખી-ના તીરે વેંકટાચલ પર્વત ઉપર પૂર્વકાળમાં સિદ્ધો તપ કરતા હતા તેથી તેના ઉપર યવનાદિ શુદ્રો ચઢી શકતા નહોતા. કારણ કે આ પર્વતને તેઓ શ્રીવિષ્ણુ ભગવાનના અંશરૂપ માનતા હતા. પર્વત ઉપર સ્વામી પુષ્કરણીના કિનારે શુકર–વારાહ ભગવાન સ્થિત છે. તે ઉપરાંત એવું કહેવાય છે કે ગરૂડે વૈકુંઠમાંથી વેંકટાચલને આ સ્થળે લાવી મુકયો છે અને પુષ્કરણીને પણ અહીં સ્થાપી છે.

દક્ષિણ દેશમાં શ્રી રામાનુજ સંપ્રદાયમાં ઉત્તરાદિ મહન્તજી 'હા-થીરામ'નું માહાત્મ્ય વિશેષ સાંભળવામાં આવે છે. આ મહંતજી બાળ બ્રહ્મચારી હતા અને પોતાના ગુરૂની સેવા ઘણાજ ભાવપૂર્વક કરતા હતા. ગુરૂના પ્રષ્ટ વચનને સત્ય માની પ્રભુદર્શનની ઇચ્છાથી મહંતજી આ પર્વત ઉપર એક ઝુંપડી બાંધી રહ્યા. અને તપ કરી પ્રભુને પામ્યા હતા. એટલે સુધી કહેવાય છે કે શ્રીપ્રભુ તેમની સાથે ચોપાટ ખેલતા હતા. કેટલાક સમય પછી ત્યાંના રાજાએ તેમને કંઇ કારણસર કેદ કર્યા હતા. અને તેમની કોટડીમાં હાથીને ખાવા લાયક બધો સામાન ભર્યો. પરંતુ થોડાજ વખતમાં મહંતજી કોટડીનાં કમાડ બંધ હોવા છતાં બહાર આવ્યા અને અંદરના ખોરાકની હદ થઇ ગયેલી જોવામાં આવી તેથી રાજાએ તેમનો અપરાધ ક્ષમા કરી શ્રી વેંકટેશજીના મંદિરના અધિકારી તરીકે અધિષ્ઠાતા કર્યા.

ગુજરાતમાં બાલાજીનાં મંદિર કોઇ કોઇ સ્થળે છે તેમ કોઇ વેંકટેશજી, બાલાજી અથવાતો શ્રીલક્ષ્મણબાલાજી કહે છે. અને શ્રી લક્ષ્મણજી અથવા શ્રી બલરામજીના ક્ષેત્ર તરીકે માને છે. પર્વતનું નામ શેષાચલ છે તેનો આકાર દૂરથી ફેણ ઊંચી રાખીને સુતેલા શેષ નાગ જેવો લાગે છે. વૈકુંઠ ગોપુર આગળ મુખ્યભાગ ઉન્નત છે ને

ઉત્તરોત્તર નીચો થતો છેવટે પૂચ્છાકાર જેવો દેખાય છે. ઘણી વાર દેવ ૠષિઓના તપ ધ્યાનના બદલામાં વિવિધ પ્રકારે તેમને સાક્ષાત-કાર-અનુભવ થયાની કથાઓ સાંભળવામાં આવે છે. આથી અહીંઆં માનતા-બાધા વિગેરે લોકો કરે છે. અહીંથી દર્શનાદિ કરી નિવૃત્ત થઇ પાછા રેણીગુંટા આવવું અને ત્યાંથી મદ્રાસ જવું.

મદ્રાસ.

મુંબાઈ અને કલકત્તાના પ્રવાસીઓને મદ્રાસમાં કંઈ વિશેષ જોવાનું મલતું નથી. વૈષ્ણવ યાત્રાળુઓને સેન્ટ્રલ સ્ટેશન પાસે રામસ્વામી મુદલીઅરની ધર્મશાળા જેને આ વિભાગમાં ક્ષેત્ર અથવા છત્ર કહે છે ત્યાં ઉતરવું. મરજાદી વૈષ્ણવોએ, શેઠજી ચત્રભુજદાસજી ખુશાલદાસજી સાહુકાર પેંઠમાં ઉતરવું ત્યાંતેમનો રહેવાનો બંદોબસ્ત ઉત્તમ રીતે થાય છે. અહીંઆં શ્રી વિઠ્ઠલનાથજીનું મંદિર છે આ મંદિર દ્વીતીયગૃહ તિલકાયિત શ્રીગોપેશ્વરલાલજીના તાબામાં છે. બીજુ મંદિર શ્રી મદનમોહનજીનું છે આ મંદિર મુંબઇવાળા શ્રી ગોકુળનાથજી મહારાજના તાબામાં છે. તે સિવાય શ્રી દામોદર લાલજી મહારાજનું પણ એક મંદિર છે ત્યાં શ્રી મદનમોહનજીનું સ્વરૂપ બિરાજે છે ત્રીજુ મંદિર શ્રી વલ્લુજી મહારાજનું કહેવાય છે. અહીંઆં શ્રીગોસ્વામી મહારાજશ્રી ઘણી વખત બિરાજે છે. તેમજ ભગવદીય શેઠ ચત્રભુજદાસજીના ઘરમાં પણ મંદિર છે. અહીંઆં પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય છે. તે દ્વારા સાંપ્રદાયિક વાંચનનો ફેલાવો થાય છે.

મદ્રાસમાં જોવા લાયક સ્થળોમાં સેંટજયોર્જનો કિલ્લો, ગવર્નમેન્ટ હાઉસ, સંગ્રહસ્થાન, રાણીબાગ, ઓબઝર વેટરી, કૉલેજ, પુસ્તકાલય વિગેરે છે. મુખ્ય વેપાર, જરીના વણાટનો, નાળીએર તથા ખાંડનો છે. અહીંથી ચીંગલપટ તરફ જવું. ચીંગલપટથી મદ્રાસ રાય-

ચુર રેલવેના આરકોનમ્ સ્ટેશન સાથે એક બ્રેંચ લાઇનથી જોડાણ થએલું છે. ચીંગલપટથી એક તરફ પક્ષીતીર્થ અને બીજી તરફ શીવકાંચી–વિષ્ણુકાંચી જવાય છે.

તીર્થક્ષેત્ર શિવકાંચી અને વિષ્ણુકાંચી.

મદ્રાસના એંગમોર સ્ટેશન થઇ શીવકાંચી પણ જવાય છે. મદ્રાસથી જનારે **કાંજીવરમ** ઉતરવું. અહીંથી પગ રસ્તે બે માઇલ દૂર શિવકાંચી જવાય છે. ગાડીઓ ભાડે મળે છે. અહીંઆં એક ધર્મશાળા છે તેમાં ઉતરવું. શિવકાંચીમાં શિવજી અથવા **શ્રીઆમ્રનાથ** મહાદેવનું મંદિર છે. અહીંઆં સર્વ તીર્થકુંડ તથા શીવગંગાકુંડ આવેલા છે. શીવકાંચીથી વિષ્ણુકાંચી લગભગ બે માઇલ દૂર આવેલું છે. અહીંઆં **શ્રીનૃસિંહજી**ની મૂર્તિનાં દર્શન થાય છે, સાથે શ્રી વિષ્ણુભગવાનની મૂર્તિનું બીજું મંદિર છે. વિષ્ણુભગવાનની મૂર્તિ ઘણી મોટી છે. અહીંથી થોડે દૂર **શ્રીઆચાર્યજી**મહાપ્રભુજીની બેઠક છે. બેઠક સુરભી નદી ઉપર એક વૃક્ષ નીચે આવેલી છે. અહીંઆં **શ્રીવરદરાજ** સ્વામીનું મંદિર છે તે મંદિર ઉપર ચઢવાના દરેક પગથીઆ ઉપર જયદેવ કવીએ દેવકૃત ૨૪ અષ્ટપદી લખેલી હોવાથી શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ આ મંદિરમાં ચરણ મુકી જવાનું યોગ્ય ધાર્યું નહિ તેથી શ્રીવરદરાજ સ્વામીએ પોતે પધારી શ્રી મહાપ્રભુજીને સાથે લઇ નિજ મંદિરમાં ગયા. અહીંઆં શ્રી મહાપ્રભુજીએ વરદરાજ સ્વામીને શ્રી ગોવરધનનાથજીના પ્રાકટ્યનો સર્વ પ્રકાર સ્વમુખે કહી સંભળાવ્યો હતો. વળી ઢોકલાની સામગ્રી સિદ્ધ કરી બન્ને સાથે આરોગ્યા હતા. મંદિરના મુખીઆજી વિગેરેએ આ પ્રકાર જોઇ ઘણોજ અલૌકિક આનંદ અનુભવ્યો હતો. આ શ્રીવરદરાજનું મંદિર ઘણું વિશાળ, ભવ્ય

તે જોવા લાયક છે, ત્યાં ૯૬ સ્થંભનો મોટો વિશાળ મંડપ છે અહીં કોઇ કોઇ વખત ભગવાનને પધરાવે છે. આ મંદિર વિદ્યાનગરના કૃષ્ણદેવરાજાએ બંધાવ્યાનું માલુમ પડે છે. અહિં શ્રી રામાનુજ સંપ્રદાયની મોટી ગાદી છે.

અહીંથી પાછા કાંજીવરમ આવવું અને ત્યાંથી ચીંગલપટ આવવું. અહીંથી પક્ષીતીર્થ ૯ માઇલ દૂર છે ત્યાં જવું.

તીર્થક્ષેત્ર પક્ષીતીર્થ.

ચીંગલપટમાં સ્ટેશન ઉપર ધર્મશાળામાં મુકામ કરી ગાડી ભાડે કરી પક્ષીતીર્થ જવું વધારે અનુકુળ થઇ પડશે. પક્ષીતીર્થ વિષે એવી કથા છે કે, કશ્યપઋષિને આઠ માનસિક પુત્રો હતા તે શારીરિક તથા સાંસારિક પદ્વીને માટે તપશ્ચર્યા કરતા હતા. શિવજીએ પ્રગટ થઈ તપશ્ચર્યા કરવાનું કારણ પૂછ્યું તો તેઓએ કહ્યું કે અમે સાયુજય પદ્વી અર્થાત્ મોક્ષને માટે તપ કરીએ છીએ એમ જુઠું કહ્યું. વળી તેમના ગળામાંથી કક: અવાજ નીકળ્યો. આથી શિવજીએ શ્રાપ આપ્યો કે તમો અસત્ય બોલોછો, વળી તમારા મોંઢામાંથી ક કઃ સ્વર નીકળે છે માટે પક્ષી થશો. આ શ્રાપથી ભયભિત થઇ આઠ પુત્રોએ પોતાના મોક્ષનો રસ્તો થવા વિનંતિ કરી. શિવજીએ કહ્યું કે તમે "કાશીમાં સ્નાન કરજો, રામેશ્વરમાં દર્શન કરજો, ચિત્રકુટમાં શયન કરજો, અને પક્ષી તીર્થમાં ભોજન કરજો અને દરેક યુગને અંતે બબે પક્ષીઓનો મોક્ષ થશે. આ પ્રમાણે આ કળીયુગમાં બાકી રહેલાં બે પક્ષીઓ અહીંઆં ભોજન કરે છે. તેથી આ પક્ષીતીર્થ કહેવાય છે. અહિંઆં મધ્યાહ્ન વખતે બગલાના જેવાં બે પક્ષીઓ ઉડતાં ઉડતાં આવી પૂજારીના હાથમાંથી પ્રસાદ વિગેરે ભોજન ખાય છે. એવું કહેવાય છે કે આ પક્ષીઓ ચિરકાળથી એકજ સ્થિતિમાં જોવામાં આવે છે. બીજી હકીકત એવી છે કે રાવણ સાથે લડતાં જટાયુ મરણ પામ્યો હતો તે

બર હનુમાનજીએ સીતાની શોધમાં જતાં આ સ્થળે જટાયુનાભા-
ને આપી હતી. અને ત્યારથી પક્ષીતીર્થ કહેવાય છે. ગમે તેમ હોય
રંતુ આ એક ઇશ્વિરી લીલાનો ચમત્કાર તો ખરોજ અહીંથી ચીં-
લપટ આવવું.

તીર્થક્ષેત્ર ચિદમ્બરમ્

ચીંગલપટથી સાઉથ ઇન્ડીઅન રેલ્વેમાં જતાં વીલપુરમ આવે
. વીલપુરમથી પાંડીચેરી સુધી એક લાઇન ગએલી છે. પાંડીચેરી ફ્રેંચ
રકારનું હિન્દુસ્તાનમાં થાણું છે. ત્યારબાદ કડલોર, પોર્ટોનોવો,
અને ચિદમ્બરમ્ આવે છે. ચીંગલપટથી ચિદમ્બરમ્ ૧૧૬ માઇલ
ર છે ચિદમ્બરમ્ એક તીર્થક્ષેત્ર છે પૂજારી સુદર તાંડીવ દિક્ષિત
ંડયાની હસ્તકની ધર્મશાળા ગામમાં આવેલી છે ત્યાં ઉતરવું. અહીં શેષ
ાઇ ભગવાનનું મંદિર, પાર્વતીજીનું મંદિર, શંકર ભગવાનની મૂર્તિનાં
ર્શન થાય છે. અહીંઆં શંકર પાર્વતીની મૂર્તિઓ મણીમાણેક યુક્ત
તે ઉપરાંત નટરાજનું મંદિર આવેલું છે. આ મંદિરને ચાર દર-
ાજા છે અને ચાર સભામંડપ છે. નટરાજની નૃત્યસભા, યજ્ઞસભા,
'જસભા વિગેરે મંદિરગૃહમાં આવેલાં છે. પાસે પરમાનન્દ કુંડ છે
થા નજીક કાર્તિક સ્વામીનું દેવળ છે. અહીંનો અધિકારી વર્ગ બ્રા-
ણ છે. મંદિરનો વહીવટ બ્રાહ્મણોજ કરે છે. સીપાઇ, દ્વારપાળ વિગે-
બ્રાહ્મણોજ છે.

કુંભકોનમ્.

ચીદમ્બરમથી આગળ જતાં માયાવરમ, મણીયાભ, વિગેરે સ્ટે-
નો મુકતાં કુમ્ભકોનમ્ આવે છે. અહીંઆં કુંભેશ્વર મહાદેવનાં
ર્નનું તથા કાવેરી નદીમાં સ્નાનનું માહાત્મ્ય ગણેલું છે. અહીંઆં
ગંગા કુંડ તથા મંગળ કુંડ આવેલા છે. અહીં વેપારનું આ
ભાગમાં સારૂ સ્થળ ગણાય છે. અહીંથી નિવૃત્ત થઇ આગળ નીકા

મંગળ થઇ મનારગુંડી અથવા દક્ષિણ દ્વારિકાં જવાય છે. નીલા મંગળ સ્ટેશનથી મનારગુંડી આશરે ૯-૧૦ માઇલ દૂર છે.

મનારગુંડી.

મનારગુંડીમાં ઉતરવાને માટે ધર્મશાળા છે. ત્યાં બંદોબસ્ત કરવો. આ ક્ષેત્રને વિષે એવું કહેવાય છે કે બે બ્રાહ્મણો તપશ્ચર્યા કરી શ્રી ભગવાનને પ્રસન્ન કરી એક સ્વરૂપે આ ભાગમાં બિરાજવાનું વરદાન મેળવ્યું તે ઉપરથી આ દક્ષિણ દ્વારિકાં કહેવાય છે. અને ઉત્તર દ્વારકાંના જેટલુંજ ફળ અહીંયાં મળે છે. બીજી કથા એવી છે કે ભૃગુઋષિનાં પત્નિ પોતાના પેટમાંથી રાતના અસુરોને બહાર કાઢતાં હતાં જે સુરલોકને કષ્ટ દેતા હતા. ભગવાને સુર લોકોની વિનંતિ ઉપરથી ભૃગુઋષિનાં પત્નિનો વધ કર્યો તેથી ભૃગુઋષિએ શ્રાપ આપ્યો કે મારી પત્નિના મારનારને સ્ત્રી વિયોગ થજો. પરંતુ પાછળથી ઉપરનું કૃત્ય શ્રી ભગવાનનું છે એમ જાણી ખેદ પામ્યા. અને ભગવાનને એક કન્યા આપવા વિનંતિ કરી કે જે કન્યાનાં લગ્ન ભગવાન સાથે કરાવી આપે. લક્ષ્મીજી ભૃગુઋષિને ત્યાં અવતર્યાં ને તે ફરીથી ભગવાન સાથે પરણ્યાં શ્રાપના ફળ રૂપ જાનકીજીનો વિયોગ થયો. અને ભૃગુઋષિની વિનંતિ ઉપરથી ભગવાન આ સ્થળે બિરાજ્યા છે. આ તીર્થનો મહિમા આ તરફ વિશેષ છે. શ્રી ભગવાનના મંદિરને રાજગોપાળનું મંદિર કહે છે. આ સ્થળે ગોપાલકુંડ, રૂક્મણી તીર્થકુંડ, કૃષ્ણ તીર્થકુંડ, હરિદ્રાકુંડ એ ચાર મુખ્ય કુંડ છે. તે ઉપરાંત, શેષશાયી ભગવાન, શ્રી રૂક્મણીજી, સત્યભામા વિગેરેનાં દર્શન થાય છે. અહીંઆં દર્શન કરી. તાંજોર આવવું નીલમંગળ અને તાંજોર વચ્ચે ૧૯ માઇલનું છેટું છે. તાંજોર-ઇતિહાસ પ્રસિદ્ધ મરાઠાઓનું શહેર છે. અહિંઆં સરસ્વતી ભુવન લાયબ્રેરીમાં ઘણાં

હસ્ત લિખિત પુસ્તકોનો સંગ્રહ જોવામાં આવે છે. તાંજોરથી ત્રીચીનાપલ્લી થઇ શ્રીરંગજી જવું. ત્રીચીનાપલ્લી ફોર્ટથી શ્રીરંગજી આશરે ત્રણ માઇલ દૂર છે. જવાને માટે ગાડીઓ મળે છે. અહીંઆં શ્રીરંગજીનું મંદિર બહુ મોટું છે. મંદીરમાં પેસતાં ગરૂડજીની મૂર્તિનાં દર્શન થાય છે. આગળ સુવર્ણસ્તંભ છે તથા શ્રીરંગજી ભોગ મૂર્તિનું સ્થાન છે. મુખ્ય મંદિરમાં શ્રીરંગજીનું સ્વરૂપ બિરાજે છે. શ્રીરંગજીનું મ્હોટું સ્વરૂપ શેષશાયી નાગ ઉપર પોઢેલું નજરે પડે છે. આજુબાજુ સીતાજી તથા લક્ષ્મીજીની મૂર્તિઓ છે. અહીંઆં પ્રતિ વરસે પોષ શુદી ૧૧ શ્રીરંગજીની મોટી સ્વારી ઠાઠબંધ વાજતેગાજતે નીકળે છે અને તે વખતે ઘણા યાત્રીઓ આવે છે. અહીંઆં દર્શન કરી શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠકે જવું. **શ્રી મહાપ્રભુજીની બેઠક** કાવેરી નદીના તટ ઉપર એક છોંકરના વૃક્ષ નીચે છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ આ સ્થળે આનંદરામ મુખીયાને શરણે લીધો હતો. તથા શ્રીરંગજીને શણગાર ધરાવી, ભોગ સમર્પી, અલૌકિક આનંદ કરાવ્યો હતો. અહીંઆં પણ ઘણા તામસી જીવોને શરણે લઈ ઉદ્ધાર કર્યો હતો. ઝારીજી, ચરણ સ્પર્શ વિગેરેની સેવાનો લાભ લઈ પાછા ત્રીચીનાપલ્લી થઈ તાંજોર આવવું.

મદુરા.

ત્રીચીનાપલ્લીથી ડીંડીગલ આવે છે. અને ત્યાંથી મદુરા શહેર જોઇ આગળ શ્રીરામેશ્વરનો રસ્તો લેવો.

ટ્રીચીજંકશનથી મદુરા લગભગ ૯૬ માઇલ દૂર છે.

મદુરા જોવા લાયક તથા વેપારનું ઉત્તમ સ્થળ છે ઉતરવાને માટે સ્ટેશને ધર્મશાળાઓ અથવા છત્રો હોય છે. તે સિવાય નદી કિનારે પણ એક ધર્મશાળા છે ત્યાં પણ બંદોબસ્ત થઈ શકે છે.

મદુરા કાપડના વેપારને માટે પ્રસિદ્ધ સ્થાન છે. રંગનું કામ પણ ઘણું સરસ થાય છે. બાંધણીની પાઘડીઓ, સેલાં વિગેરે વણાટનું કામ અને તે ઉપર રંગીન કામ ઘણું વખાણવા લાયક બને છે. અહીંઆં મીનાક્ષી દેવીનું દેવળ ઘણું વિશાળ છે અને તેનું માહાત્મ્ય આ ભાગમાં વધારે મનાય છે. મંદીરના પાસેનો રંગમંડપ પણ ઘણો મોટો છે. મંદીરના દરવાજા ઉપર રામાયણ મહાભારતના યુદ્ધોનો ચિત્રો જોવામાં આવે છે. અહીંથી રામેશ્વર જવું.

શ્રીરામેશ્વર.

મદુરાથી મંડાપમની ટીકીટ લેવી. મદુરા અને મંડાપમની વચ્ચે મુખ્ય સ્ટેશનો તીરૂપરનમ, માનામદુરાઇ, રામનાદ, મંડાપમ વિગેરે સ્ટેશનો છે. ૯૦ માઇલ લગભગ થાય છે. મંડાપમ સ્ટેશનથી આગબોટમાં બેસી પમ્બન જવાય છે. પમ્બનથી રેલ્વેમાં રામેશ્વર જવાય છે. કલકત્તાથી પણ સીધા રામેશ્વર અવાય છે. તેમાં બેંગાલ નાગપુર રેલ્વેનાં કલકત્તા, ખરગપુર, કટક, ખુરદારોડ, બરહામપોર, વીજયનગરમ, વોલ્ટર, મદ્રાસ સધર્ન મરાઠા રેલ્વેમાં સમાલકોટ, રાજમહેન્દ્રી, બેઝવાડા, નેલોર, ગદુર, મદ્રાસ, સાઉથ ઇન્ડીઅન રેલ્વેનાં વીલુપરમ, માયાવરમ, તાંજોર, ત્રીચીનાપલ્લી, મદુરા, અને રામેશ્વર એ મુખ્ય સ્ટેશનો છે.

મંડાપમથી રામેશ્વર જતાં રામનાદ સ્ટેશન આવે છે. આજ સ્થળે શ્રીરામચંદ્રજીએ સમુદ્રપર સેતુ-પુલ બાંધ્યો હતો અને પુલ બંધાઈ પુરો થયો ત્યારે આપશ્રીએ શ્રીરામેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી અત્યારે મંડાપમ સુધી રસ્તો થએલો છે. પમ્બન અને રામેશ્વર વચ્ચે ૯ માઇલનું અંતર છે અને ગાડીને લીધે રસ્તો સરળ થયો છે.

રામેશ્વરમાં ઉતરી ગોર અથવા પંડયાને ત્યાં કે તેમના હસ્તકમાં

ન્હેલી ધર્મશાળાઓમાં રહેવાનો બંદોબસ્ત કરવો. મુકામનો બંદોબસ્ત કરી રામેશ્વરનાં દર્શન કરવા જવું. શ્રીરામેશ્વરનું મંદિર દક્ષિણ હિંદુસ્તાનમાં મોટામાં મોટું ગણાય છે. અને આજ મંદિરનું અનુકરણ બાંધણીમાં તથા કારીગરીમાં આ વિભાગમાં ઘણી ખરી જગ્યાએ જોવામાં આવે છે. રામેશ્વરના મંદિરનો દરવાજો છ માળનો છે, દરવાજામાં અંદર ગયાબાદ પથ્થરનો મંડપ આવે છે. આજુબાજુ પત્થરના સ્તંભ મુકેલા હોય છે. જેના ઉપર અનેક દેવોની મૂર્તિઓ ગોઠવવામાં આવેલી દસ્યમાન થાય છે. ત્યારબાદ ગણુપતિની મૂર્તિનાં દર્શન થાય છે. ગણુપતિની મૂર્તિથી ડાબે હાથે ઊંચો દેવળનો રસ્તો આવે છે. અને આ દેવળના જમણા હાથ ઉપર દરવાજો આવે છે તેમાં પેસતાં ગરૂડ સ્તંભ તથા નન્દી આવે છે. આગળ જતાં શ્રીરામેશ્વરના મંદિરમાં જવાનો ચોક આવે છે. શ્રીરામેશ્વરની મૂર્તિવાળા ખંડમાં અંધારૂ પડે છે પરંતુ ત્યાં અહરનિશ દીવા બળ્યા કરે છે. શ્રીરામેશ્વરની મૂર્તિ એક હાથની છે. બ્રાહ્મણ વગર કોઇને અંદર જવા દેવામાં આવતા. નથી. શ્રીરામેશ્વરનું લીંગ રેતીનું છે. અને તેના ઉપર ગંગોત્રીનું જળ ચઢે છે. આ જળ હરદ્વારથી પગ રસ્તે કાવડપર અહીં સુધી લાવવવામાં આવે છે. રામેશ્વર મહાદેવના મંદિરની પાસે ગણુપતિ, સાક્ષી ગોપાળ વિગેરેનાં દર્શનીય મૂર્તિઓ છે. રામેશ્વરમાં ઘણા કુંડો છે, માધવ પુષ્કરણી, તીર્થ કુંડ, ગંગા કુંડ, ચક્રતીર્થ કુંડ, શંખતીર્થ કુંડ, રામ કુંડ વિગેરે છે. અહીંયાં શ્રદ્ધા પુર્વક સ્નાનાદિ ક્રિયાઓ કરવી. નજીકમાં કૈલાસનું મંદિર છે. આ મંદિરમાં પાર્વતિજીની સુવર્ણની મૂર્તિનાં દર્શન થાય છે. શ્રી શંકરની નાની સુવર્ણની મૂર્તિ દિવસે શ્રી રામેશ્વરના લીંગની પાસે રહે છે. શિવરાત્રી ઉપર અહીંઆં મોટો મેળો ભરાય છે. અહીંથી આઠ માઇલ દૂર ધનુષ્ય તીર્થ આવે છે. અહીંઆં શ્રાદ્ધ દાન વિગેરે થાય છે.

શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક એક છોંકરના વૃક્ષ નીચે છે. શ્રીએ અહીંઆં સપ્તાહ કરી, અનેક તામસી જીવોને શરણે લીધા હતા. શ્રી મહાપ્રભુજીએ સ્વમુખે કૃષ્ણદાસ મેઘનને કહ્યું કે શ્રીરામેશ્વર તે શ્રીરામચંદ્રજીનું સ્વરૂપ છે. અને ચાર મર્યાદા પુરૂષોત્તમના સ્વરૂપ પૈકી આ એક મર્યાદા પુરૂષોત્તમનું સ્વરૂપ છે. આ બેઠકે વૈષ્ણવોએ શ્રી ઝારીજી ચરણ સ્પર્શની સેવાનો લાભ અવસ્ય લેવો.

સીલોન—લંકા.

રામેશ્વરથી ધનુષ કોટી જઇ ત્યાંથી સ્ટીમરમાં બેસી. સીલોન લંકા, દ્વીપ. જવાય છે ધનુષ કોટીથી તલઈ મેનર સુધી સ્ટીમરમાં જવું અને ત્યાંથી રેલ્વે દ્વારા કોલંબો ઊતરવું.

કોલંબોમાં ઊતરવા. સારૂ ધર્મશાળા છે ત્યાં તથા શ્રી રામેશ્વરના મંદિરમાં પણ ઉતરી શકાય છે. સીલોનનું મુખ્ય સ્થાન કોલંબો છે અને તે વેપારને માટે પ્રસિદ્ધ છે.

સીલોન બૌદ્ધ ધર્મી છે, મુખ્ય પાક સોપારી, તજ, નાળીયેર વિગેરેનો છે. તે સિવાય અકીક, માણેક, પોખરાજ વિગેરે જવાહીરો ખાણમાંથી નીકળે છે. અહીંથીતુતુકોરીન જવું.

પ્રકરણ ૧૯ મું.

શ્રી રામેશ્વરથી મુંબઈ.

——:*:——

શ્રી રામેશ્વરથી પાછા મદુરા આવવું અને ત્યાંથી રેલવે દ્વારા મનયાચી જંકશને ઉતરવું. અથવા તો શ્રી રામેશ્વરથી પાનમ થઇ આગબોટમાં તુતુકોરીન આવવું અને ત્યાંથી મનયાચી આવવું. મદુરા અને મનયાચી વચ્ચે ૮૩ માઇલનું અંતર છે. મનયાચીથી ૧૮ મેલ દૂર ત્તિનેવલી આવે છે.

તીર્થક્ષેત્ર તામ્રપર્ણી.

તીનેવલી:—અહીં **તામ્રપર્ણી** નદી વહે છે તામપર્ણી નદી ઉપર **શ્રી આચાર્યજી મહાપ્રભુજીની** બેઠક છે. બેઠક નદીના કાંઠા ઉપર આવેલી છે. જ્યારે શ્રી આચાર્યજી આ સ્થળે બિરાજતા હતા ત્યારે આ સ્થળેથી લગભગ ત્રણ માઇલ દૂર આવેલા નગરનો રાજા મરણ પથારીએ હતો. રાજાને બધા પંડીતોએ પોતાના ભારોભાર સુવર્ણના પૂતળાનું દાન કરવા કહ્યું. પરંતુ આ સુવર્ણનું કોઇ દાન લેતું નથી. કારણ કે જે કોઇ બ્રાહ્મણ લેવા જાય છે તેને એ કાળ પુરૂષ એક આંગળી ઊંચી કરી ભય બતાવે છે. રાજાને ઘણો ખેદ ઉત્પન્ન થયો તેથી નદી કિનારે ગયો ત્યાં શ્રી મહાપ્રભુજીને જોઇ રાજાએ કહ્યું કે "**निर्विप्रभूर्वीतलं**" અર્થાત્ આ કાલમાં બ્રાહ્મણમાં બ્રહ્મતેજ રહ્યું નથી. શ્રી આચાર્યજીએ આ શબ્દો સાંભળી રાજાને સ્વમુખે કહ્યું કે જગતનાસ્તિક થયું નથી હું પોતે દાન લઇશ. બીજે દીવસે શ્રી આ-ચાર્યજી રાજમંદિર પધાર્યા. રાજાએ સન્માન આપી બેસાડયા. ત્યાર બાદ સુવર્ણ પુતળાનું દાન ધર્યું તે વખતે પ્રથમની માફક કાળ પુરૂષે

એક આંગળી ઊંચી કરી ત્યારે શ્રી મહાપ્રભુજીએ ત્રણ આંગળી ઊંચી કરી એ જોઈ કાળ પુરૂષ અદૃશ્ય થઈ ગયો. પછી શ્રી આચાર્યજીએ એ પુતળના નાના નાના કટકા કરી દરેકને દાન કર્યું અને તે દાન સર્વ બ્રાહ્મણોએ લીધું. રાજાએ પ્રશ્ન કર્યો કે પુતળાએ એક આંગળી ઊંચી કરી ત્યારે આપશ્રીએ ત્રણ ઊંચી કરી આનો અર્થ શો ? શ્રી મહાપ્રભુજીએ સ્વમુખે કહ્યું કે એક આંગળી ઊંચી કરી તેનો અર્થ એવો છે કે જેણે એક વખત ગાયત્રી જપ કર્યો હોય તે આ પુતળાનું દાન લઇ શકે અમે ત્રણ આંગળીઓ ઊંચી કરી જણાવ્યું કે અમોએ ત્રણ વખત ગાયત્રી જપ કર્યો છે વળી કહ્યું કે આખા પુતળાનું દાન એકજ જણને કરવાથી તમે બ્રહ્મહત્યાનું પાપ શિર લેતા હતા. દરેકને અંશ આપવાથી કોઇનો જીવ જાય નહિ પરંતુ સર્વેને થોડો થોડો ભાગ મળે. રાજા આ ચમત્કાર જોઇ શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યો, તથા બીજા અનેક જીવ પણ શરણે આવ્યા હતા.

તીર્થક્ષેત્ર તોતાદ્રિ.

તિનેવેલીથી તોતાદ્રિ ૪૦ મૈલ દૂર છે. અહિંઆં આવવાને બેલગાડીઓ મળે છે. આ બેલગાડીઓમાં સુવા બેસવાની તથા સરસામાન મુકવાની વ્યવસ્થા કરેલી હોય છે. તોતાદ્રિ શ્રી રામાનુજ સંપ્રદાયની મૂળ ગાદીનું સ્થાન છે. અહીંઆં એક સરકારી છત્ર છે તેમાં ઉતરવાનો બંદોબસ્ત થઇ શકે છે. માટે યાત્રાળુઓએ અહીં ઉતરવું.

તોતાદ્રિમાં ક્ષીરસાગર તળાવ બહુ મોટું છે. અહીંઆં ક્ષીરસાગરમાંથી કોઇ રાજાને નારાયણનું સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. તે નારાયણની પ્રતિષ્ઠા કરી તોતાનારાયણ મંદિરમાં પધરાવેલ છે. આ પ્રતિમાને તેલનો અભિષેક થાય છે. અહીંઆં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠક તોતા પર્વત ઉપર આવેલી છે. આ સ્થાનમાં જળ નહિ મળ-

ત્યાંથી કૃષ્ણદાસમેઘને આપશ્રીને વિનંતિ કરી, ત્યારે શ્રીએ કહ્યું કે કદમના વૃક્ષ નીચે એક શિલા છે તે ઉપાડવાથી જળ મળશે. ત્યાં આગળ શિલા ઉપાડવાથી એક કુંડ નીકળ્યો તે વલ્લભકુંડ નામથી પ્રસિદ્ધ છે. અહિંઆં પણ આચાર્યશ્રીએ માયાવાદી મતનું ખંડન કરી શ્રીપુષ્ટિમાર્ગનો વિજય ધ્વજ ફરકાવ્યો હતો.

લંબોનારાયણ—તોતાદ્રિથી આગળ ચાલતાં ૯ મૈલ દૂર લંબોનારાયણ આવે છે. આ બળીરાજાનું ગામ કહેવાય છે. અહીંઆં શ્રી લંબોનારાયણની મૂર્તિ માણસ કરતાં મોટી અને શ્યામ વર્ણની છે. બળીરાજાની પાસે શ્રી પ્રભુએ વામન સ્વરૂપે ત્રણ પગલાં જમીન લીધી હતી તેથી આ સ્થાનનું માહાત્મ્ય વિશેષ છે. અહીંથી એક માઇલ દુર શ્રી વિષ્ણુનું મંદિર છે. અહીંથી છોટાનારાયણ જવું. લંબોનારાયણ અને છોટાનારાયણની વચ્ચે ૯–૧૦ માઇલનું અંતર છે. આ બધી મુસાફરી બેલગાડી મારફતે થઇ શકે છે. આ ગામને પનાગુંડી કહે છે. અહીંઆં શીવગંગા કુંડ, મહેન્દ્ર પર્વત, હનમંત નદી, અને તાડિકા વધસ્થાન વિગેરે છે. અહીંથી પડલુર થઇ કન્યાકુમારિ અથવા કેપ કામોરીન જવાય છે. કન્યાકુમારીમાં પણ ઉતરવાને માટે છત્ર છે. આ સ્થાને પૂર્વ પશ્ચિમના દરિયાનો સંગમ થાય છે. માટે સ્નાન કરવાનું માહાત્મ્ય છે. કન્યા–કુમારી સંબંધી એવી આખ્યાયિકા છે કે બંડાસુર તથા મુખાસુર દૈત્યો દેવલોકોને કષ્ટ આપતા હતા. તેમનો નાશ કરવા ઇંદ્રે તપ કર્યું હતું. તપના પ્રભાવથી એક શક્તિ ઉત્પન્ન થઇ તેણે આ રાક્ષસોનો નાશ કર્યો. આ શક્તિ તે કન્યાકુમારી. કન્યાકુમારીએ મહાદેવને વરવા તપ કરવા માંડયું શિવજીએ પ્રસન્ન થઇ તેની સાથે પરણવાનું કબુલ કર્યું, પરંતુ લગ્નતિથીને દીવસે મહાદેવજી આવી શક્યા નહિ. તેથી કુર્ત વીતી જવાથી મહાદેવે કલિયુગના અંતે પરણવાનું

વરદાન આપ્યું હતું. આથી આ શક્તિદેવી કુમારી કન્યાના નામથી પૂજાય છે. આ મૂર્તિનું સ્વરૂપ ભવ્ય અને દર્શનીય છે. અહીંથી દર્શનનો લાભ લઈ આગળ શુચિન્દ્રમ અથવા સુંદર મહાદેવ આવે છે. ઈંદ્રે અહલ્યા સમાગમથી શ્રાપિત થવાથી આ મહાદેવનું તપ કર્યું હતું અને તેથી શ્રાપમુક્ત થયા હતા તેથી આ શુચિન્દ્રમ્ કહેવાય છે. અહિંથી આદિકેશવ આવવું. આદિકેશવ નારાયણ ભગવાનનું સ્વરૂપ છે. તામ્રપર્ણી નદી અહીંઆંથી વહે છે. આદિકેશવથી આગળ નીયાટેન્કરા આવે છે, અહીંઆં શ્રી કૃષ્ણનું મંદિર છે. આ તરફ સ્ત્રીપુરૂષોનો પહેરવેશ તદ્દન જુદોજ છે. અંગ ઉપર વસ્ત્ર પહેરતા નથી. શરીરે ઊઘાડા, માથું ખુલ્લુ, એક લંગોટ તથા બે હાથનો કટકો વિંટાળી બધે ફરે છે. સ્ત્રીઓ પણ છાતીથી પગ સુધી એક વસ્ત્ર પરિધાન કરે છે. આ તરફ કેળાં ઘણાં સસ્તાં મળે છે. લીલાં સોપારી, નાળીએર, ફણસ, તાડના ઝાડો વિશેષ છે. અહીંથી પદ્મનાભ જવું. આ ત્રિવેન્દ્રમના રાજ્યની હદ ગણાય છે.

તીર્થક્ષેત્ર પદ્મનાભ.

પદ્મનાભ-- તિનેવેલીથી પણ આવી શકાય છે. તિનેવેલી અને પદ્મનાભની વચ્ચે લગભગ ૧૫૦ માઇલનું અંતર છે અહીંઆં જવાને માટે બેલગાડીઓ મળે છે. અહીંઆં મુંબઇના ભાટીઆ મુળજી જેઠાની ધર્મશાળા છે તેમાં ઉતરવું. પદ્મનાભમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક છે. બેઠક એક છોંકરના વૃક્ષ નીચે છે શ્રીએ અહીંઆં સપ્તાહ કરી છે. શ્રીમુખે દામોદરદાસને કહ્યું કે શ્રી પદ્મનાભજીના નાભી કમળમાંથી બ્રહ્મા પ્રગટ થયા છે. તે પોદ્દાનાથનું સ્વરૂપ છે અને તેથી શેષનાગની ઉપર શયન કર્યું છે. અહીંઆં શ્રી પદ્મનાભજી કથા શ્રવણ કરવાને પધારતા હતા પછી શ્રી પદ્મનાભજીની

આજ્ઞાથી મંદિરના મુખિયા ભીતરીયાને શરણે લીધા હતા તથા અલૌકિક આનંદ કરાવ્યો હતો.

તે સિવાય અહીંઆં પદ્મનાભ કુંડ છે, તથા નૃસંહજી, લક્ષ્મીજી, અનંતસેન, સાક્ષીગોપાળ વિગેરેનાં દર્શન થાય છે. શ્રી પદ્મનાભનું સ્વરૂપ બહુજ મોટું છે. મંદિર વિશાળ અને ભવ્ય છે. આ તરફ શ્રી પદ્મનાભનું માહાત્મ્ય વધારે છે. આ એ ભગવાનનું સ્વરૂપ છે કે જે પ્રભુએ શંકરથી વર પામેલા ભસ્માસુર રાક્ષસનો વધ કરવા મોહનીનું રૂપ લીધું હતું. અને ભસ્માસુરને બાળીભસ્મ કર્યો હતો. પ્રભુની અકળ લીલા કેવા પ્રકારની છે. તે જોતાં મનુષ્યનું હૃદય કંઈ કહ્યું કરતું નથી.

તીર્થક્ષેત્ર જનાર્દન.

અહીંથી આગળ જનાર્દન જવું. પદ્મનાભથી જનાર્દન લગભગ ૨૦ માઇલનું અંતર છે. અને આગબોટમાં જવાય છે. અહીંઆં શ્રી **આચાર્યજી મહાપ્રભુજીની** બેઠક છે અહિં ઉતરવું જનાર્દન ગામમાં ડુંગરમાંથી પાપમોચની, ઋણમોચની, સાવિત્રી, સરસ્વતિ વિગેરે નદીઓ વહે છે. શ્રી જનાર્દન ભગવાનનું સ્વરૂપ પણ બહુ મોટું છે એક હાથમાં પાણીની અંજલી છે. બીજા હાથમાં શંખ, ત્રીજામાં ચક્ર અને ચોથામાં ગદા ધારણ કરી છે. આ શ્રી જનાર્દનના મંદિરની નજીક શ્રી મહાપ્રભુજીની બેઠક એક પીપળાના વૃક્ષ નીચે આવેલી છે. પાસે રામકુંડ આવેલો છે. અહીંઆં શ્રી મહાપ્રભુજીએ સમાહ કરી શ્રી જનાર્દન ભગવાનને ભોગ સામગ્રી ધરાવી. સાથે આરોગ્યા હતા પોતાના તેજના પ્રભાવથી અનેક તામસી જીવોનો ઉદ્ધાર કર્યો હતો. આ બેઠકે કોચીનના ધનાઢ્ય વેપારીઓની મદદથી મંદિરમાં સેવા કરવા એક ગુજરાતી બ્રાહ્મણ રહે છે.

અહીંઆં બ્રહ્માએ યજ્ઞ કર્યો હતો તે ડુંગરમાંથી નીકળતી કાલ-

સાની ખાણોથી જણાય છે. યજ્ઞકુંડના ઘડામાંથી એક ઘડો ફુટી ગયો હતો તેથી ત્યાં આગળથી મીઠા પાણીના ઝરા વહે છે એવું કહેવાય છે કે આ ઝરાનું પાણી સમુદ્રમાં જતું નથી પરંતુ જમીનમાંજ સોસાઇ જાય છે.

તીર્થક્ષેત્ર દ્રવસેન.

શ્રી જનાર્દનથી—કોઇવીન આવતાં ૧૬ માઇલની દરિયાઇ મુસાફરી કરવી પડે છે અને ત્યાંથી અલ્પઈ બંદરે અવાય છે. બંદર ઉપર એક ધર્મશાળા છે. તથા શ્રી **મહાપ્રભુજીની** બેઠક છે. શ્રી મહાપ્રભુજીની આ બેઠક **દ્રવસેનની** બેઠક તરીકે પ્રખ્યાત છે. અહીંઆં ઘણા તામસીજીવો રહેતા હતા—તથા રસ્તો પણ વિકટ હતો અહીંઆં શ્રી મહાપ્રભુજીએ સમાહ કરી ચર્ણરજ વડે અનેક તામસી જીવોનો ઉદ્ધાર કર્યો હતો. આ પ્રમાણે આ સ્થળોનો લાભ લઇ—અહીંથી સ્ટીમર મારફતે મદ્રાસ આવવું. અથવા તો પદ્મનાભ આવવું. અને અહીંથી તિનેવલી પાછા આવી મદુરા જવું. મદુરાથી મદ્રાસ આવનારે આરકોનમ. (મદ્રાસથી કાનાનોર અને રાયચુરલાઇન) થઇ બેંગલોર આવવું. મદુરા થઇ આવનારને ત્રીચીનાપલ્લી થઇ કાવેરી નદીના કાંઠા ઉપરનું ઇરોડ થઇ સેલમ, મોરાપુર, જાલસપેટ. થઇ બેંગલોર આવવું. બેંગલોરથી શ્રી રંગપટ્ટન જવું અને ત્યાંથી મલયાચલ શ્રી મહાપ્રભુજીની બેઠકે જવાય છે. મદ્રાસ અને બેંગલોર વચ્ચે ૨૧૯ માઇલનું અંતર છે અને વચલાં સ્ટેશનોમાં આરકોનમ્ કાટપડી, જાલરાપેટ, બાર્ંગપેટ સ્ટેશનો છે. છેલ્લું બેંગલોર આવે છે. ઇરોડથી પોડાનુર થઇ કાનાનોર જવાય છે અને ત્યાંથી ઉતાકામંડ **નિલગીરીમાં** હવા ખાવાનું સ્થળ છે ત્યાં જવાય છે, બેંગલોર મહેસુરના રાજાનું શહેર છે. શ્રીરંગપટ્ટણ-ટીપુ સુલતાનની રાજ્યધા-

નીનું શહેર છે. શ્રીરંગપટ્ટણથી ૨૪ ચોવીસ માઇલ દૂર કાવેરી અને કપીલાનો સંગમ થાય છે. ત્યાં આગળ શ્રીનૃસિંહજીનું મોટું મંદિર છે. બેંગલોર અને મ્હૈસુરની વચ્ચે લગભગ ૧૨૨ માઇલનું અંતર છે. મ્હૈસુરનો વેપાર પણ સારો છે. શેરડીનો પાક ઘણોજ થાય છે. સુખડ, નાળીએર, કાફી, તેલનાં બીઆં રૂ, પાન વિગેરે મુખ્ય વેપારની ચીજો છે. મ્હૈસુર પછી બીજુ સ્ટેશન ચમારજાપુરમ્ આવે છે. અહીંથી મલયાચલ પગરસ્તે દિવસ ત્રણમાં જવાય છે. મલયાચલમાં શ્રી મહાપ્રભુજીની બેઠક છે. મલયાચળ પર્વત ઉપર ચંદનનું વન આવેલું છે. ત્યાં એક ચંદનવૃક્ષનીચે શ્રી આચાર્યજીએ બેઠક કરી છે. અહીંઆં સપ્તાહ કરી છે. તથા શ્રી હેમગોપાળજી ઠાકોરજીને ભોગ ધરાવ્યો હતો. વળી અનેક તામસી પ્રકૃતિનાં મોટા પ્રાણીઓનો પોતાના પાદરજની સુગંધથી ઉદ્ધાર કર્યો હતો. અહીંઆં ઝારીજી વિગેરે સેવાનો લાભ લઈ મ્હૈસુરથી બેંગલોર પાછા આવવું બેંગલોરથી પાછા ગુંટકલ્લા જંકશને આવવું. આરકોનમથી રેણીગુંટાની લાઇનનો અહીંયાં સંબંધ થાય છે. ગુંટકલાથી એક લાઇન હુબલી સુધી ગઇ છે, અને બીજી વાડી સુધી છે. ત્યાં નિઝામ રેલ્વેનું જોડાણ થાય છે. બેંગલોર અને ગુંટકલા વચ્ચે ૧૭૪ માઇલનું અંતર છે. મુખ્ય સ્ટેશનો યશવંતપુરા જંકશન–હીંદુપુર, ધરમાવરમ જંકશન, અનંતપુર, અને ગુંટકલા છે. ગુંટકલાથી હુબલી સુધી ૧૫૯ માઇલની લાઇન ગએલી છે. તેમાં બેલારી, હોસપેટ, હુબલી મુખ્ય સ્થળો છે. આપણે હોસપેટથી કિષ્કિંધા જવું. હોસપેટથી હાપી જતાં અંજનીઘાટ ઉપર વિરૂપાક્ષ મહાદેવનું મંદિર જોવા લાયક છે. આ પુરાતન સ્થળ છે એમ કહેવાય છે. હેમકુટ, ઋષિમુખ, વિગેરે પહાડી, અત્રે જોવામાં આવે છે. ઋષ્યમુક પહાડ ઉપરથી સુગ્રીવે રામ લક્ષમણને આવતા જોયા. અને

તેની ચર્ચા જોવાને હનુમાનજીને મોકલેલા હતા. રાવણ સીતાજીને લઇ જતો હતો ત્યારે સીતાજીએ પોતાનાં આભુષણ આજ સ્થળે નાંખ્યાં હતાં. કે જેના નિશાની વડે શોધ થઇ શકે, માલ્યવાન પર્વત ઉપર સ્ફાટિક શિલાના સ્થાનમાં ગુફાની અંદર, રામ, લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન વિગેરેનાં દર્શન થાય છે. અહીંથી તુંગભદ્રા નદી ઓળંગી સામે તીરે જવાથી સુગ્રીવની રાજ્યધાનિ કિષ્કંધા આવે છે. અહીંથી પંપાસરોવર જવાય છે. પંપાસરોવર ઉપર **શ્રી મહાપ્રભુજીની બેઠક** આવેલી છે. અહીંઆં શ્રીએ સપ્તાહ કરી છે. અને રામાવતારના એક પક્ષીનો ઉદ્ધાર કર્યો હતો. શ્રી મહાપ્રભુજીએ સ્વમુખે કહ્યું કે એક ક્ષણપણ ભગવદ્ નામ ન લેવાય તો આસુરાવેશ ઉત્પન્ન થાય માટે ભગવદ્‌નામ કદી પણ મુકવું નહિ. અહીઆં તામસી પ્રકૃતિના જીવોનો ઉદ્ધાર કર્યો હતો. બેઠકમાં દર્શન કરી પાછા કિષ્કંધા આવવું અને ત્યાંથી ગંટકલા જવું ત્યાંથી રાયચુર જતી રેલવે દ્વારા **વિદ્યાનગર** હાલનું **વિજયનગર** છે ત્યાં આવવું.

તીર્થક્ષેત્ર વિદ્યાનગર-વિજયનગર.

વેલ્લુર પાસે વીજયનગ્રમ્ આવેછે તે અને આ સ્થળ બન્ને જુદાંજ છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ વિદ્યાનગરમાં કૃષ્ણદેવરાજાની સભામાં પંડીતોને નિરૂત્તર કરી શ્રી પુષ્ટિમાર્ગનો વિજય કર્યો હતો. યાત્રીઓએ આ ક્ષેત્રમાં અવશ્ય જવું. કૃષ્ણદેવરાજા ઘણો પ્રતાપી હતો. આ રાજાના દરબારમાં સમસ્ત પુરાણ, વેદ, [illegible] વિગેરે પુસ્તકોનો મહાન્ સરસ્વતિ ભંડાર હતો, અને આ સઘળા ગ્રંથોના રક્ષણાર્થે ૧૧ અગીઆર પંડિતોને રોક્યા હતા. આ રાજ્યના ઐતિહાસિક વૃત્તાંત માટે મેં ઘણી તપાસ કરી હતી. પણ મળી શકી નહિ. આનું પુરેપુરૂ વૃત્તાંત [illegible]માં બી. સુર્યનારાયણરાવકૃત. હીસ્ટ્રી ઑફ ધી નેવર ટુ બી

ફરગૉટન એમ્પાયરમાં આપેલું છે. આ પુસ્તક પણ મળીશક્યું નહિ તેથી નિરૂપાય છું. ભાવિક વૈષ્ણવો આ પુસ્તકને મેળવી ખાસ વાંચી જશે તો તેની મહેનત અફળ જશે નહિ.

આ રાજા દેશ દેશના પંડીતોને બોલાવી ધર્મસંબંધી વાદવિવાદ ચલાવતા હતા. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ આજ કૃષ્ણદેવ રાજાની સભામાં સઘળા ધર્માચાર્યો તથા પંડિતોની સાથે વાદ કરી વિજય મેળવ્યો હતો. (૧) અન્ય માર્ગીઓ સાથે મહાભારત વાદ (૨) અશ્વમેધ યજ્ઞ મારફત દેશદેશના પંડિતોને એકત્ર કરવા. (૩) સતમણ સુવર્ણનો સ્વયંવર આ ત્રણ બાબતો મુખ્ય મળી આવે છે.) વિજય મેળવ્યા પછી રાજા કૃષ્ણદેવે અભિષેક કરાવ્યો સ્નાનવત્ સુવર્ણનો ત્યાગ કરી આવેલા પંડિતોને સુવર્ણ આપી દીધું. આથી વૈરાગ્ય ગુણ દર્શાવ્યો, સમસ્ત પંડિતો અને ધર્માચાર્યોએ મળીને શ્રી વલ્લભાધિશને આચાર્યના પદવી આપી. કૃષ્ણદેવ રાજાએ સુવર્ણ મહોર થાળ ભરી આપી પરંતુ આપશ્રીએ ફક્ત સાતજ મહોર લીધી. ત્યાર પછીથી શ્રીવલ્લભાચાર્યજી, આચાય ચક્ર ચૂડામણી તરીકે સર્વત્ર પૂજાતા હતા. આ આચાર્યશ્રીનું માતુલ ગ્રહ છે, અહીંઆં શ્રી મહાપ્રભુજીની બેઠક વિદ્યાકુંડ ઉપર છે, શ્રી આચાર્યજીએ સ્વહસ્તે રસોઈ કરી ભોગસામગ્રિ સિદ્ધ કરી શ્રી ઠાકોરજીને ભોગ ધરાવી પોત આરોગ્યા હતા. પરંતુ પોતાના મામાશ્રીને ત્યાં ગયા નહિ. ત્યાર પછી એક દિવસ સવારમાં સ્નાનાદિ કરી કમંડળુને આજ્ઞા કરી, તે અંતરિક્ષથી રાજા કૃષ્ણદેવની સભામાં ગયું રાજાએ આ કમંડલનું તેજ જોઇ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીને રાજ્યસભામાં પધારવા વિનંતિ કરી, કમંડલુ શ્રીપ્રભુ પાસે આવી અવાજથી સર્વ હકિકત નિવેદન કરી પછી ત્યાં સર્વ ધર્મના આચાર્યો–મધ્વાચાર્ય, રામાનુજાચાર્ય, તથા માયાવાદિ પંડિતો સાથે ચર્ચા કરી ૨૮ દિવસના મહાન્ શ્રમને અન્તે દિગ્વિજય કરી બ્રહ્મવાદ સ્થાપન

કરી ભક્તિમાર્ગની સ્થાપના કરી અને વિજય પતાકા ફરકાવી અનેક દૈવી જીવોને શરણે લીધા, અને કેટલાક દિવસ અહીં રહી રાજાને શ્રીપુષ્ટિ પુરૂષોત્તમનું ગુહ્ય રહસ્ય સમજાવ્યું હતું. બેઠકે ઝારીજી ચરણ સ્પર્શ વિગેરે સેવા થઇ શકે છે. માટે વૈષ્ણવોએ અવશ્ય લાભ લેવો. બેટદ્વારિકા મુકી આગળ કૃષ્ણાનદી ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠકે જવું.

તીર્થક્ષેત્ર કૃષ્ણા નદી.

ગંટકલાથી હુબલી જતાં ગડગ જંકશનથી બિજાપુર જવાય છે. અથવા તો વાડી થઇ હોટગીથી બિજાપુર જવાય છે. બિજાપુર જોવા જનારે અહીંથી જવું અથવા બીજે રસ્તે બિજાપુર જોઇ કૃષ્ણાનદી ઉપર જવું. બેંગલોર સીટીથી હુબળી આવતાં બીરૂરનું સ્ટેશન આવે છે. ત્યાંથી શ્રીમદ્ શંકરાચાર્યની મૂળ ગાદી શૃંગેરીમઠ જવાય છે. ગંટકલાથી રાયચુર આગળ જી. આઇ. પી. રેલ્વેનું જોડાણ થાય છે. રાયચુરથી વાડીજંકશને નીઝામ રેલ્વે જોડાય છે ત્યાંથી સોલાપુર જવું. વાડી અને સોલાપુર, વચ્ચે લગભગ ૯૦ માઇલનું અંતર છે. સોલાપુરથી કૃષ્ણાનદીની બેઠકે જવાય છે. અહીંઆં એક પીપળાના વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીની બેઠક નદીના કાંઠા ઉપર છે. આ સ્થળે સપ્તાહ કરી અનેક માયાવાદીઓના મતનું ખંડન કર્યું હતું કૃષ્ણાનદીની બેઠકનો લાભલઇ સોલાપુર પાછા આવી કુરૂદવાડીથી બારસીલાઇટ રેલવેમાં પંઢરપુર જવાય છે. ત્યાં ઉતરવું. પંઢરપુરમાં મુંબઇના ભાટીયા ગૃહસ્થ મુલજી માધવજીએ એક સુંદર ધર્મશાળા બંધાવેલી છે, ત્યાં ઉતરવું અથવા શ્રી મહાપ્રભુજીની બેઠકે ઉતરવું. ધર્મશાળામાં જોઇતી સગવડ કરેલી હોવાથી યાત્રીઓને હરકત પડતી નથી. આ શિવાય બીજી પણ ધર્મશાળાઓ છે ત્યાં અથવા તો પોતાના ગોરને ત્યાં ઉતરવું.

તીર્થક્ષેત્ર પંઢરપુર.

પંઢરપુરમાં શ્રી વિઠ્ઠલનાથજીનું મંદિર ઘણાજ પુરાતન કાળનું છે. પિતૃભકત પુંડરીકને પોતાના માતાપિતાની સેવા કરવાથી સાક્ષાત્ ધનશ્યામ પીતાંબરધારીએ દર્શન દીધાં હતાં. પુંડરીક જ્યારે પ્રભુ પધાર્યા ત્યારે માતપિતાની સેવામાં નિમગ્ન હોવાથી ફકત મસ્તક નમાવી ભગવાનને બેસવા ઇંટ આપી. ભગવાને ભકિતથી પ્રસન્ન થઇ વર માગવાનું કહેતાં " જે રૂપમાં આપનું સ્વરૂપ હાલમાં મારા સન્મુખ છે તેજ રૂપથી અત્રે નિવાસ કરી અને અત્રેના મૂઢ લોકોને દર્શન દઇ તેમને મોક્ષ આપો. " ત્યારથી આ શ્રી વિઠ્ઠલનાથજી અહીં બિરાજે છે. મંદિર વિશાળ અને ભવ્ય છે.

અહીં અસાડી એકાદશીએ લાખો માણસોનો મેળો ભરાય છે. આ શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપને યાત્રીઓ ભેટે છે અને જે માણસ ભેટે તેવું સ્વરૂપ પોતાનું નાનું મોટું થાય છે. આ માહાત્મ્ય આ પ્રભુનું ઘણું છે જો કે હાલ એવી રીતે ભેટવાનો રિવાજ બંધ કર્યો છે તોપણ ઘણા ભાવિકભકતો પોતાનો મનોર્થ પૂર્ણ કરે છેજ.

આ સ્વરૂપને ભકતો પુંડરિક વિઠ્ઠલનાથ કહે છે અને દક્ષિણના ભકતોતો માત્ર વિઠોબા એ નામથીજ જે બોલે છે, ભજન કરે છે, નાચે છે, કુદે છે અને આનંદ કરે છે. દક્ષિણના મરાઠાઓ આ વિઠોબાની માનતા ઘણી કરે છે અને પૂર્ણભાવથી-પ્રેમથી સેવા કરે છે.

મંદિરના વિશાળ ચોકમાં ચાંદીથી મઢેલો એક સ્થંભ છે તેને યાત્રીઓ ભેટે છે. મંદિરની ભીંતોએ ચોરાશી દેવોની મૂર્તિઓ ચીતરેલી છે, તેમ ભકતરાજ ચખો તથા નામદેવની પણ મૂર્તિઓ છે. અહીં ચંદ્રભાગા નદી છે. નદીમાં સ્નાન કરવાનું માહાત્મ્ય અધિક

છે. સિંહસ્થના વર્ષમાં ઘણા યાત્રીઓ નાશિક, ત્ર્યંબક–ગોદાવરી થઇ અહીં આવે . એ વરસમાં અહીં સ્નાન–દાનનું માહાત્મ્ય વિશેષ છે. પ્રતિ વરસે કાર્તિક, ચૈત્ર ને અસાડ માસની શુકલ એકાદશીએ ઘણા યાત્રીઓ આવે છે. ગુજરાતમાં ડાકોરની મારફ અહીં પણ યાત્રાળું પાસેથી મ્યુનીસીપાલીટી તરફથી ૦–૪–૦ કર લેવાય છે. તેમ શ્રી વિઠ્ઠલનાથજીને ભેટવા માટે પણ સવા રૂપીઓ કર લેવાય છે. જેમ ડાકોરમાં ઘણા વૈષ્ણવો દરરોજ દર્શન કરવા આવે છે. તેમ દક્ષિણના ઘણા લોકો હમેશાં ચાલુ દર્શન કરવા આવે છે. કેટલાક ભક્તોની મંડળીઓ પણ આવે છે તેઓ " વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા, હરિહો વિઠ્ઠલા " એમ કહી ભજનની ધૂન મચાવે છે, પગે ઘુઘરા બાંધી નાચે છે. ને ભજન કરે છે. ભક્ત તુકારામ પણ આ વિઠોબાના અનન્ય ભક્ત હતા. વળી ભક્તરાજ નામદેવ પણ અહીં થઇ ગયા હતા કે જેમની ભક્તિભાવથી પ્રસન્ન થઇ વિઠોબાએ તેમના હાથનું દૂધ પીધું હતું તેમજ ભકતમાળમાં જણાવ્યા પ્રમાણે વિઠોબાએ આ ભક્તરાજના ઘરનું છાપરૂં છાયું હતું (અર્થાત્ નળીયાં–નેવાં ચઢાવ્યાં હતાં.)

કેટલાક યાત્રીઓ અહીંથી દક્ષિણના ધામોની યાત્રા કરવા જાય છે. રામેશ્વરના ગોરના માણસો અહીંથીજ યાત્રીઓની સાથે જાય છે ને દક્ષિણની યાત્રા કરાવી રામેશ્વર લેઇ જાય છે. (જેવી રીતે મથુરાંના ચોબાઓ યાત્રીઓને યાત્રા કરાવે છે તેમ.)

અહીંઆં જે ચંદ્રભાગા નદી છે તેને ભીમા કે ભીમરથી પણ કહે છે. અહીં નદીમાં સ્નાન કરી આવતાં બીજાં પણ ઘણાં મંદિરો છે ત્યાં દર્શન કરતા જવું.

અહીંથી નજીક ચંદ્રભાગા નદીને સામે કાંઠે શ્રી આચાર્યજી મહા-

પ્રભુજીની બેઠક આવેલી છે. અહીંઆં શ્રી વિઠ્ઠલનાથજીની આજ્ઞાથી ભક્ત પુંડરિકને વ્રજલીલાનાં દર્શન કરાવ્યાં હતાં, ત્યારબાદ શ્રીવિઠ્ઠલનાથજીએ કહ્યું કે આપ કાશીક્ષેત્રમાં જાઓ અને વિવાહ અંગિકાર કરો એટલે હું આપનો પુત્ર થઇ અવતરીશ. એટલું કહી ભગવાન અંતર્ધાન થઇ ગયા. અહીંઆં શ્રી મહાપ્રભુજીએ સમાહ કરી ઘણોજ અલૌકિક આનંદ કરાવ્યો છે. બેઠકમાં એક ભોંયરૂં છે અહીંથી દર્શન કરી પાછા બારસી લાઇટ સ્ટેશન આવી પુના જવું.

આ શ્રી વિઠ્ઠલનાથજીએ શ્રી મહાપ્રભુજીને ઘેર પોતાને પુત્રભાવે પ્રગટ થવાની ઇચ્છા જણાવી તે સંબંધમાં પ. ભ. ગોપાળદાસજીએ શ્રીવલ્લભાખ્યાનમાં ગાયું છે કે—

દક્ષિણ પ્રભુજી પાઉં ધારિયા, પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથ;
નેત્ર મલતાં વાત કીધી, વચન દીધું હાથ.
વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રી વલ્લભજી શું વાત;
અમને તો ઇચ્છા એહ છે જે, હું નંદન તમે તાત.
તે પુરૂષોત્તમ પ્રગટશે, શ્રી વિઠ્ઠલ રૂપ નિધાન;
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભક્તને સનમાન.

[શ્રી વલ્લભાખ્યાન ૨–૧૫–૧૭]

એથી આ શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી મહાપ્રભુજીને ઘેર, શ્રી ગુસાંઇજી સ્વરૂપે પ્રગટ થયા છે.

ભક્તરાજ પુંડરિકનું આખ્યાન વૈષ્ણવોની જાણ માટે આપીએ છીએ. આ પુંડરિક તેના માતાપિતાને ઘણુંજ દુઃખ દેતો હતો. એક વખત ગામના લોકો શ્રીગંગાજીમાં સ્નાન કરવા જતા હતા તેમની સાથે એ પણ ગયો, પરંતુ રસ્તામાં સંઘથી વિખુટો પડી ગયો ત્યાં આગળ રાત્રે શ્રીગંગા, યમુના સુવર્ણનો કલશ ભરી જતાં હતાં તે-

અને વિનંતિ કરી પૂછ્યું તો તેમણે કહ્યું કે અમો એક બ્રાહ્મણ પુત્ર માતાપિતાની સેવામાં તલ્લીન છે તેને શ્રીગંગાજીમાં સ્નાન કરવા જવાનો વખત મળતો નહિ હોવાથી અમો તેને ઘેર શ્રીગંગા સ્નાન કરાવવા જઇએ છીએ. વળી કહ્યું કે જે કોઈ માતાપિતાની સેવા કરે છે તેને ઘેર બેઠાં શ્રીગંગા સ્નાનું ફળ મળે છે કહ્યું છે કેઃ—

माता गंगा सर्व तीर्थं पिता पुष्करमेव च ॥
गुरुः केदार तीर्थं च माता तीर्थं पुनः पुनः

આટલું કહી બન્ને અંતર્ધાન થઈ ગયાં પુંડરિકને આથી જ્ઞાન થયું અને ઘેર આવી માતાપિતાની પોતાનાં પૂર્વ કૃત્યો માટે માફી માગી તનમનથી સેવા કરવા લાગ્યો. કેટલાંક વર્ષ પછી તેની સેવાથી પ્રસન્ન થઈ શ્રી પ્રભુ તેને દર્શન દેવા પધાર્યા તે વખતે પુંડરિકે ત્રણ વર–વરદાન માગ્યાં (૧) આપ મારે ઘેર સદા બિરાજો. (૨) આપશ્રીના નામ પહેલાં મારૂં નામ સદાકાળ જોડાએલું રહે (જેથી પુંડરિક વિઠ્ઠલનાથ નામ પડ્યું.) અને (૩) શ્રી ગિરિરાજ, તથા શ્રી ગોકુળ–ચોરાસી કોશ વ્રજમંડળની આપની બાળલીલાનાં મને દર્શન થાય. આ ત્રીજું વરદાન શ્રી મહાપ્રભુજીએ શ્રી વિઠ્ઠલનાથજીની ઇચ્છાથી પુંડરિકને વ્રજલીલાનાં દર્શન કરાવી પૂર્ણ કર્યું અને આજ્ઞા કરી કે શ્રી વિઠ્ઠલનાથજી આ સ્થળમાં છોંતેર ચોકડી બિરાજશે ત્યારપછી તું લીલામાં પ્રાપ્ત થઇશ.

પુના.

પુનામાં ઉતરવાને માટે સ્ટેશન ઉપર મોરારજી ગોકળદાસની ધર્મશાળા છે ત્યાં ઉતરવું. પુના શહેર અસલ પેશ્વા સરકારની રાજ્યધાની હતું. અને ત્યાં તે વખતે સાતવારના નામથી સાત પેંઠો

કરવામાં આવી હતી જે હાલ પણ એ નામથીજ ઓળખાય છે. અને ત્યાં દરવારે બજાર ભરાય છે. તે ઉપરાંત અધિકારી અથવા પ્રખ્યાત માણસના નામની પેઠો પણ હતી. જે અત્યારે પણ હસ્તી ધરાવે છે ફક્ત તેના કરનારા આ વખતે નથી પરંતુ અંતારક્ષ રહ્યા રહ્યા પણ પોતાના તે વખતની જાહોજલાલીનું ભાન કરાવે છે. અત્યારે જુના મુકામમાં તો શનીવાર પેઠમાં ફક્ત પેશ્વાનો વાડો છે. બાકીનાં કેટલાંક તો ઋતુની સ્વભાવને લીધે તેજ વખતમાં પરાધિનમાં પડતા મનુષ્યોએ નાશ કરેલો છે. અહિંઆં દર્શનીય સ્થળમાં વીશ્રામ બાગ, તુલસી બાગ, એંડ ગારડન, એન્જીનીયરીંગ કૉલેજ, ફરગ્યુસન કૉલેજ, ડેક્કન કૉલેજ, વિગેરે છે. મુંબઇ ઇલાકાનું લશ્કર મોટે ભાગે અહીં રહે છે. અહીંઆં વૈષ્ણવ યાત્રાળુઓને દર્શન કરવા માટે બે મંદિરો છે.

શ્રીબાળકૃષ્ણલાલજીનું મંદિર—આ શ્રી ઠાકોરજી શ્રી હરિરાયજીના સેવ્ય છે. મંદિરમાં નેગ, ભોગ વૈભવ સારો છે, મુખ્યાજી પ્રહલાદજી ઘણા ભાવિક ભક્ત છે, પ્રભુને પ્રસન્નતાપૂર્વક લાડલડાવે છે. આ મુખ્યાજી સંપ્રદાયનું સારૂં જ્ઞાન ધરાવે છે સમય અનુકુળ હોય તો સત્સંગ કરવા ભૂલવું નહિ.

શ્રી વિઠ્ઠલનાથજીનું મંદિર—અહીં પણ દર્શન કરવા જવું.

વળી વિદ્ધદ્વર્ય, વેદાન્તશાસ્ત્ર સંપન્ન, શાસ્ત્રીજી મગનલાલ ગણપતરામ જેઓ એક મહા સમર્થ વિદ્વાન છે તેઓશ્રી અહીં રહે છે માટે તેમના સત્સંગનો લાભ લેવા ચૂકવું નહિ. અહીંથી મુંબાઇ જવું.

તીર્થક્ષેત્ર મુંબઇ.

પુનાથી મુંબઇ આવતાં જી. આઇ. પી. રેલ્વેના વિકટોરીઆ ટ્રામ ટરમીનસ બંદરે ઉતરવું આને બોરીબંદર પણ કહે છે આપણે મુંબઇથી આપણી યાત્રા શરૂ કરી હતી અને અત્યારે તેજ સ્થળે

હિંદુસ્તાનની યાત્રા કરી આવ્યા છીએ. યાત્રાની શરૂઆત વખતે મુંબઇમાં આવેલાં મંદિરો તથા શહેરનું વર્ણન પાછા ફરતી વખતે આપવાનું મુલત્વી રાખેલું હોવાથી અત્રે તત્સંબંધી હકીકત આપી, આપણી યાત્રાની પૂર્ણાહુતી કરીશું.

મુંબઇ સમુદ્ર કિનારે આવેલું છે, આ મુંબઇ ઇલાકાની રાજ્યધાની અને હિંદુસ્તાનના મુખ્ય બંદર તરીકે પ્રસિદ્ધ છે. જી. આઇ. પી. અને બી. બી. એન્ડ સી. આઇ રેલ્વેનું જંકશન ગણાય છે, અહીંથી આગબોટ મારફતે કરાંચી તથા દ્વારકાં અને યુરોપ, આફ્રિકા વિગરે દેશોમાં જવાય છે.

કોલાબાથી દાદર અને બોરીબંદરથી દાદર સુધીનાં બધાં સ્ટેશનો મુંબઇનાંજ ગણાય છે આ સ્ટેશનો વચ્ચે દર પા કલાકે લોકલટ્રેનો દોડતી હોવાથી મુસાફરોને, ધંધાદારીઓને, અને નોકર વર્ગને ઘણીજ સગવડ પડે છે. શહેરમાં ઇલેકટ્રીક ટ્રામ ચાલે છે તેનું ભાડું ફક્ત રૂા. ૦–૧–૦ એક આનોજ લેવાય છે તે સિવાય ભાડાની વિકટોરીઆ અને મોટરો મળે છે. વાનસા સરોવરમાંથી નળવાટે આખા શહેરને પાણી પુરૂં પાડવાની યોજના કરેલી છે.

દુનિયાના સુપ્રસિદ્ધ શહેરો પૈકી મુંબઇ મુખ્ય અને બીજા નંબરનું બંદર ગણાય છે. લાખો કરોડો રૂપિઆનો કાચો માલ આ દેશમાંથી પશ્ચિમના દેશમાં જાય છે અને ત્યાંથી પાકો માલ તૈયાર થઇ અહીં આવે છે. આશરે ૪૦૦ વરસ ઉપરનું એક નાનું ગામડું તે અત્યારે વસ્તીમાં, વેપારમાં અને જોવા લાયક સ્થળોમાં દુનિયાના પ્રસિદ્ધ શહેરો સાથે સરસાઈ ભોગવી રહ્યું છે.

વૈષ્ણવ બંધુઓ! આપણે પ્રથમ અહીંઆં આવેલાં મંદિરોનાં દર્શનાદિ કરી અન્ય જોવા લાયક સ્થળોએ જઇશું માટે પ્રથમ તત્સંબધી હકીકત આપીશું.

બોરીબંદરેથી ઉતરી સરસામાન સંભાળી વિક્ટોરીઆ ભાડે કરી ગીરગામ, કાંદાવાડીમાં આવેલી હીરાબાગ ધર્મશાળામાં જવું. અહીંઆં ઉતરવાને માટે ઓરડી, તાળુકુંચી. વાસણ કુસણાદિ વસ્તુઓ પુરી પાડવામાં આવે છે, અને તે બદલ જુજ લવાજમ લેવામાં આવે છે. તે સિવાય સી. પી. ટેન્કરોડ ઉપર માધવબાગ સામે શેઠ મુળજીભાઇ માધવદાસની ધર્મશાળા ચંદાવાડીપાસે છે. ત્યાં ઉતરવું. મરજાદી વૈષ્ણવોને માટે કેસરીઆ મંડળીની ઓરડી છે, ત્યાં જવું. આ સિવાય લૉજો-વિશીયોમાં ઉતરવાનો બંદોબસ્ત થઇ શકે છે. ઉપર બતાવેલી ધર્મશાળાઓમાં યાત્રીઓનો પુરતો સમાવેશ નહિ થવાથી લૉજોમાં વિશીઓમાં પણ રહે છે. અહીંઆં જણાવવું આવશ્યક છે કે મુંબઇના ધનિકોએ બહાર દેશાવર તેમજ ઘણાં યાત્રાનાં સ્થળોએ ઘણી ઉત્તમ પ્રકારની સગવડવાળી ધર્મશાળાઓ બંધાવેલી છે, પણ ખુદ પોતાનાજ શહેરમાં યાત્રીઓને રહેવા લાયક ધર્મશાળાઓનો સંપૂર્ણ અભાવજ જોવામાં આવે છે. એ ઘણું શોચનીય છે. આશા રાખવામાં આવે છે કે કોઈ ભાટીયા કે કપોળ કે અન્ય કોઇ વૈષ્ણવભાઈ આ તરફ દષ્ટિ લંબાવશે તો લક્ષાવધિ યાત્રીયોનો આશીર્વાદ મેળવશે.

ઉતરવાનો બંદોબસ્ત કરી ભુલેશ્વરમાં મહારાજના બોઇવાડામાં ત્રણ મંદિરો આવેલાં છે ત્યાં દર્શન કરવા જવું.

(૧) શ્રી બાળકૃષ્ણલાલજીનું મંદિર—આ મંદિર શ્રી જીવણલાલજી મહારાજનું યાને મોટું મંદિર આ નામે ઓળખાય છે. હાલમાં અહીંઆં શ્રી ગોકુળનાથજી મહારાજ બિરાજે છે. આ મંદિરમાં નીચે પ્રમાણે સ્વરૂપો બિરાજે છે (૧) **શ્રી બાળકૃષ્ણજી**—આ શ્રી ઠાકોરજી શ્રી મહાપ્રભુજીના સેવ્ય અને નીજ કૃપાપાત્ર ભગવદીય બાઇ રજોક્ષત્રાણીને માથે બિરાજતા હતા, ત્યાંથી વ્રજમાં સુરભીકુંડ ઉપ-

રના મંદિરમાં બિરાજતા હતા, શ્રી બાળકૃષ્ણલાલજી મહારાજના લીલામાં પ્રવેશ થયા પછી કોઇ મહારાજની ખટપટથી ત્યાંના મુખ્યાજીએ ઉક્ત સ્વરૂપને સ્થળે બીજાું એવુંજ સ્વરૂપ પધરાવી દીધું પરંતુ શ્રી ઠાકોરજી-ની ઇચ્છા જુદીજ હોવાથી મુંબઇમાં બિરાજતા શ્રી ગોવર્ધનેશજી મહા-રાજને તથા મુખ્યાજીને સ્વપ્નદ્વારા હકીકત જણાવી તે મહારાજશ્રીએ જાતે જઈ તપાસ કરી શ્રી બાળકૃષ્ણજી તથા શ્રીછોટા મદનમોહનજીના સ્વરૂપોને અહીંઆં, હાલમાં જ્યાં શ્રી નાથજીની પેઢી છે ત્યાં પધરાવેલા હતા હાલનું નવું મંદિર તૈયાર થયા પછી અહીં પધરાવ્યા. (૨) શ્રી નાગર પ્રભુ—આ શ્રી ઠાકોરજી શ્રીગુસાંઇજીના સેવ્ય અને પરમ-ભાગ્યવાન બસોબાવન વૈષ્ણવો પૈકી રાજા આસકરણને માથે બિરાજતા હતા તે અહીં બિરાજે છે. (૩) શ્રી ગુસાંઇજીના સેવ્ય અને વાધાજી રજપુતના શ્રી ઠાકોરજી શ્રી નવનિતલાલજીનું સ્વરૂપ અહીં બિરાજે છે. (૪) શ્રી ગુસાંઇજીના સેવ્ય અને આગ્રાવાળા વૈષ્ણવ ખડ-ગુસેનવાળાના શ્રી ઠાકોરજી શ્રી મદનમોહનજીનું સ્વરૂપ શ્રી સ્વામી-જીની સહિત અત્રે બિરાજે છે. તે સિવાય અહિંઆં શ્રી મહાપ્રભુજી-ના શ્રી હસ્તાક્ષર શ્રી સુબોધિનીજી તથા શ્રી ગુંસાઇજીની ગૌમુખી અને માળા પણ અહીંઆં બિરાજે છે.

(૨) જાું મંદિર સુરતવાળા શ્રી યદુનાથજી મહારાજનું છે. અહીંઆં શ્રીનાથજીના ચિત્ર સેવા બિરાજે છે.

(૩) જાું મંદિર સુરતવાળા શ્રી ગિરિધરલાલજી (ભોળા) નું છે. અહીંઆં ચાર સ્વરૂપો બિરાજે છે. (૧) શ્રી ગુસાંઇજીના સેવ્ય અને ભગવદીય વેણીદાસ માધવદાસને માથે બિરાજતા શ્રી બાળ-કૃષ્ણજીનું સ્વરૂપ શ્રી સ્વામીનીજી સહિત બિરાજે છે, કેટલાકના મત પ્રમાણે આ સ્વરૂપ માણેકચંદ શેઠને માથે પધરાવેલું હતું તે છે. (૨)

શ્રી ગોકુળચંદ્રમાજી શ્રી સ્વામીનીજી સહિત આ શ્રી ઠાકોરજી શ્રી ગુસાંઈજીના સેવ્ય અને તાજબીબીને માથે પધરાવેલા હતા. કેટલાક કહે છે કે આ સ્વરૂપ ઉદયપુરમાં શ્રી વૃન્દાવનચંદ્રજીનું સ્વરૂપ બિરાજે છે તેજ એ સ્વરૂપ છે. (વધુ માટે જુઓ પરિશીષ્ટ ब તથા ભાવસિંધુ)

(૩) **શ્રી બાળકૃષ્ણજી** શ્રી ગુસાંઈજીના સેવ્ય છે અને ભગવદીય શેઠ દીનકરદાસને માથે બિરાજતા હતા. (૪) શ્રી ગોકુળનાથજીના સેવ્ય શ્રીઠાકોરજી શ્રી **મદનમોહનજી** શ્રી સ્વામીનીજી સહિત બિરાજે છે. ઉપર પ્રમાણે સ્વરૂપો આ મંદિરમાં બિરાજે છે.

(૪) શ્રી દાઉજીની ગલીમાં **શ્રી દાઉજીનું મંદિર છે.** અહીંયાં શ્રી મહાપ્રભુજીના સેવ્ય અને રામદાસ સાચારોના શ્રી ઠાકોરજી શ્રી બાળકૃષ્ણલાલજી, બિરાજે છે. (જુઓ ૮૪ વૈષ્ણવની વાર્તા)

(૨) **શ્રી બાળકૃષ્ણલાલજી** શ્રી ગુસાંઈજીના સેવ્ય અને બસો બાવન ભગવદીયો પૈકી એક વૈષ્ણવ ડોશીને માથે પધરાવેલા હતા, આ ડોશી એટલાં બધાં કૃપાપાત્ર હતાં કાળ તેમને લેવાને આઠ વખત આવ્યો પણ ફાવ્યો નહિ. અર્થાત્ વૈષ્ણવો જો અનન્યાશ્રયી હોય શ્રી આચાર્યજી મહાપ્રભુજીમાં અડગ શ્રદ્ધા રાખે તો યમદૂત પણ તેમનાથી દૂર નાસે છે. (૩) શ્રી ગુસાંઈજીના સેવ્ય **શ્રી બાળકૃષ્ણલાલજી** અને ગુસાંઈદાસને માથે પધરાવેલા તે આ મંદિરમાં બિરાજે છે. આ ત્રણ મુખ્ય નિધિ ઉપરાંત શ્રી દાઉજી તથા શ્રી દાઉજીની ગોદમાં શ્રી કમળાબેટીજીના છોટાસ્વરૂપ શ્રી બાળકૃષ્ણલાલજી બિરાજે છે.

(૫) **શ્રીમાધવરાયજીની હવેલી.** આ હવેલી બુંદી કોટાવાળા શ્રી રણછોડલાલજી મહારાજની છે. અહીંઆં શ્રી માધવરાયજી બિરાજે છે.

(૬)**શ્રીપુરૂષોત્તમલાલજીની હવેલી.** આ મંદિર શ્રીઅમરેલીવાળા. શ્રીવાગંીશલાલજીના લાલજી શ્રી પુરૂષોત્તમલાલજીનું છે.

અહીંઆ નીચે પ્રમાણે સ્વરૂપો બિરાજે છે. (૧ **શ્રી દ્વારકાંનાથજી.** આ શ્રી ઠાકોરજી શ્રીગુંસાઇજીના સેવ્ય અને શ્રી શોભાબેટીજીને માથે પધરાવેલા હતા. (૨) **શ્રીબાળકૃષ્ણલાલજી:**-શ્રી ગુસાંઇજીના સેવ્ય અને બસોબાવન ભગવદીયો પૈકી બે પટેલ ભાઇને માથે બિરાજતા હતા. આ બે પટેલ વૈષ્ણવ ભાઇઓની એતન્ માર્ગમાં એટલી બધી શ્રદ્ધા હતી કે પોતાના ગામની દેવીને કુવામાં નાંખી. પણ રાજાનો કર ભર્યો નહિ. (જુઓ ૨૫૨ વૈષ્ણવની વાર્તા) (૩) **શ્રી બાળકૃષ્ણજી:**-આ શ્રી ઠાકોરજી શ્રી મહાપ્રભુજીના સેવ્ય, ગોપાળદાસ જટાધારીને માથે બિરાજતા હતા. આ ભગવદીય શ્રીનાથજીની ખવાસી કરતા હતા. એક વખત ઉકત ભગવદીયે કોઇ એક બાળકને ચોરી કરતાં જોયો. બાળક મંદિરમાં પેસી ગયો પરંતુ ગોપાળદાસે ભગવત્ મંદિરની મર્યાદા ન રાખતાં શિક્ષા કરી. આ મર્યાદા ઉલ્લંઘનના દોષના લીધે તેમને અંત સમયે શ્રી પ્રભુ વિયોગ થયો હતો. (વધુ માટે જુઓ ચોરાશી વૈષ્ણવની વાર્તા) (૪) શ્રી ગુસાંઇજીના સેવ્ય અને રામદાસ ભીતરીયાના શ્રી ઠાકોરજી **શ્રી બાળકૃષ્ણલાલજીનું** સ્વરૂપ અત્રે બિરાજે છે. (૫) **શ્રીબાળકૃષ્ણજી** શ્રી ગુસાંઇજીના સેવ્ય અને ભગવદીય ગોપાળદાસ વિસનગરનાને માથે બિરાજતા હતા. તે સિવાય અહીંઆં શ્રી મહાપ્રભુજીના હસ્તાક્ષર, તથા શ્રીગોકુળનાથજી અને શ્રી હરિરાયજીનાં શ્રી પાદુકાજી બિરાજે છે.

(૭) **શ્રીસાતસ્વરૂપનીહવેલી.** શ્રી દારૂજીની ગલીમાં છે. અહીંઆં શ્રીગોસ્વામી બાળકો બિરાજે છે.

(૮) શ્રી ભારત માર્તંડ પંડિતવર્ય શ્રી ગટ્ટુલાલજીનાં માતુશ્રી **શ્રીલાડુબેટીજીની હવેલી.** આ મંદિરમાં જુનાગઢવાળા શ્રી બ્રિજ

વલ્લભજી મહારાજના સેવ્ય શ્રી બાળમુકુંદજી બિરાજે છે આ મંદિરને અંગે ગોશાળા, પાઠશાળા તથા પ્રાચીન હસ્તલિખિત પુષ્ટિ માર્ગીય ગ્રંથોનું પુસ્તકાલય છે. આ પુસ્તકાલયના વાંચનનો લાભ ત્યાં બેસીનેજ લેવા દેવામાં આવે છે. પાઠશાળામાં બ્રાહ્મણ વિદ્યાર્થીઓને નિર્ણિત સંખ્યામાં રાખી શાસ્ત્રોનો વિદ્યાભ્યાસ શીખવવામાં આવે છે

(૯)**શ્રીલાલજીનું મંદિર**:–આ મંદિર કેથીડ્રલ સ્ટ્રીટમાં ફીરંગીના દેવળ પાસે આવેલું છે. અહીંઆં શ્રીમહાપ્રભુજીના સેવ્ય અને શ્રીસરસ્વતી નદીમાંથી પ્રાપ્ત થએલા શ્રીલાલજીનું સ્વરૂપ બિરાજે છે. આ શ્રી ઠાકોરજી સિંહનંદનાં એક ક્ષત્રાણી બાઇને માથે બિરાજતા હતા. ત્યાંથી સંવત ૧૯૩૩ ના અરસામાં મુંબઇ બિરાજ્યા છે. શ્રી ઠાકોરજીની આ ભગવદીય બાઇ ઉપર એટલી બધી કૃપા હતી કે, પકવાન્નની અભિલાષા નહિ રાખતાં ફક્ત તોતરી (રોટલીના જેવી) માગી માગીને આરોગતા હતા. અર્થાત્ શ્રી પ્રભુ પોતે ભક્તોના ભાવનાજ ભોક્તા છે. એ આ વાર્ત્તાનું રહસ્ય છે. ચોરાશી વૈષ્ણવના વાર્ત્તામાં આ વાર્ત્તા ૬૦ મી છે અને ખાસ મનન કરવા યોગ્ય છે. (૨) **શ્રીમદનમોહનજી**:–વેરાવળવાળા શ્રી દામોદરજી મહારાજનાં વહુજી શ્રીગંગાવહુજીના શ્રી ઠાકોરજી અહીંઆં બિરાજે છે. આ સ્વરૂપ શ્રી ગુસાંઇજીનું સેવ્ય છે.

(૧૦) **શ્રી ગોકુલાધીશજીની હવેલી**:–આ મંદિર પણ કેથીડ્રલ સ્ટ્રીટમાંજ આવેલું છે. અહીંઆં શ્રી મહાપ્રભુજીના સેવ્ય **શ્રી લલિતત્રિભંગિરાયજીનું** સ્વરૂપ બિરાજે છે. આ સ્વરૂપ ભગવદીય અલીખાન પઠાણને પોતાની પુત્રી ખાનજાદીને માટે મહેલ બંધાવતાં પ્રાપ્ત થયું હતું. તેથી ખાનજાદીએ કેટલોક વખત

સેવા કરી પછી કોટામાં પધરાવેલું. ત્યાંથી હાલમાં અહીંઆં બિરાજે છે. તેમનો પાટોત્સવ ફાગણ શુદી ૬ નો આવે છે. (૨) શ્રી મદનમોહનજી શ્રી ગુસાંઇજીના સેવ્ય સ્વરૂપ બિરાજે છે. (શ્રી ગોકુલાધીશજીની હવેલી મહુવામાં છે તેમાં શ્રી રઘુનાથજી મહારાજના સેવ્ય. શ્રી ઠાકોરજી શ્રી દ્વારકાંનાથજી બિરાજે છે.)

(૧૧) **શ્રીલાલબાવાની હવેલી:**–આ મંદિર પાંજરાપોળના રસ્તે આવેલું છે. અને તે શ્રી ચીમનલાલજી મહારાજ–લાલબાવાનું છે. અને હાલ પોરબંદરવાળા શ્રી રણછોડલાલજી મહારાજને તાબે છે. અહીંઆં શ્રી મહાપ્રભુજીના સેવ્ય અને ચોરાશી ભગવદીયોપૈકીના ભગવદીય રાજાદૂવે અને માધવદૂવેના શ્રી ઠાકોરજી શ્રી નવનિતલાલજી બિરાજે છે. આ શ્રી ઠાકોરજી પ્રથમ ગોકુળમાં બિરાજતા હતા. ત્યાંથી શ્રીજીદ્વારમાં બળદેવજી મુખ્યાજીને માથે બિરાજ્યા હતા. અને ત્યાર પછી સંવત ૧૯૨૬ ના અરસામાં અત્રે પધાર્યા છે. એમનો પાટોત્સવ મહા વદિ ૬ નો છે.

૧૨ **શ્રી દેવકીનંદનલાલજીની હવેલી અથવા નવી હવેલી:**—અહીંઆં શ્રી ગોકુળનાથજી તથા શ્રી ગોકુળચંદ્રમાજીનાં સ્વરૂપો બિરાજે છે. ચંદ્રાવાડી આ મંદિરના તાબાની છે.

૧૩ **શ્રી ભાણુજી મહારાજનું મંદિર:**–કુંભાર ટુકડા આગળ આવેલું છે. આ મંદિર અમદાવાદ વાળા શ્રી રણછોડજીલાલજી મહારાજને તાબે છે.

૧૪ **શ્રી બંદાબેટીજીનું મંદિર:**–આ મંદિર કોટમાં હોળી ચકલામાં આવેલું છે, અહીંયાં શ્રી ગુસાંઇજીના સેવ્ય અને ભગવદીય મહીધરજી અને ફૂલબાઇના શ્રી ઠાકોરજી શ્રી મદનમોહનજી બિરાજે છે. મહીધરજી અલીબુ ગામના રહીશ હતા. અલીબુમાં તેમનાજ

ઘરમાં શ્રી ગુસાંઈજીની બેઠક છે. (જુઓ ૨૫૨ વૈષ્ણવની વાર્તા)

(૧૫) શ્રી **ગંગાબેટીજીનું** મંદિર કોટમાં બજારગેટમાં છે. અહીં શ્રીનટવરજીનું સ્વરૂપ શ્રી કલ્યાણરાયજીના સેવ્ય બિરાજે છે.

૧૬ **શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર**. માધવબાગમાં છે અહીંઆં શ્રી લક્ષ્મીનારાયણની શ્વેત મૂર્તિ છે. આ સ્વરૂપ મહાન્ અલૌકિક છે. અહીં કથા—સત્સંગ સમાજ સારો થાય છે

૧૭ **શ્રી નરનારાયણનું મંદિર.** કાલબાદેવી રોડ ઉપર આવેલું છે અહીં નર—નારાયણની મૂર્તિનાં દર્શન છે. વળી અહીંઆં કથા—સત્સંગ સમાજ ઘણો સારો થાય છે હજારો સ્ત્રી પુરૂષો હમેશાં નિયમિત વખતે આવે છે. અને સત્સંગસમાજમાં **જાદવજી મહારાજ** સારો બોધ આપે છે.

અહીં જોવા લાયક મુખ્ય સ્થળો નીચે પ્રમાણે છે:—

ભુલેશ્વર, અહીંઆં ભુલેશ્વર મહાદેવનું મોટું મંદિર છે. ત્યાં આગળ એક મોટો ચબુતરો છે. અહીંઆં કબુતરોને દાણા નાંખવામાં આવે છે અને તેથી અસંખ્ય કબુતરો એકઠાં થાય છે. આ લત્તામાં ત્રણ ભોઈવાડા છે. એક મહારાજના ભોઈવાડા તરીકે ઓળખાય છે. ત્રીજા ભોઇવાડામાં રેશમી, સુતરાઉ કાપડ, જરી, લેસ વિગેરેની દુકાનો છે. સ્વામીનારાયણનું મંદિર પણ ત્રીજા ભોઇવાડામાં છે. નજીકમાં પાંજરાપોળ આવેલી છે. તથા શાકભાજાદિ, તથા લીલો સુકો મેવો વેચાય છે. આખા ભુલેશ્વરના રસ્તા ઉપર ઠેકઠેકાણે ફેરીઆઓ રેંકડાઓમાં અથવા રસ્તા ઉપર ઉપયોગી ચીજો છૂટક વેચે છે.

મુમ્બાદેવી, ભુલેશ્વરથી આગળ કાલબાદેવીના રસ્તે જતાં એક બાજુએ ત્રાંબાકાંટા આવે છે અને બીજી બાજુએ કાલબાદેવી રોડ જવાની સડકો છે. ત્રાંબાકાંટાના રસ્તા ઉપર કંસારાની દુકાનો રસ્તાની

બન્ને બાજુએ આવેલી છે નજીકમાં મમ્માદેવીનું મોટું મંદિર છે. મંદિરની પાછળ આવેલો મોટો કુંડ સરોવરના જેવો દેખાય છે. આ દેવીના નામ ઉપરથી મુંબઇ શહેરનું નામ પડયું હશે એમ જણાય છે. મમ્માદેવીના મંદિરની પાસે સોના રૂપાના તૈયાર દાગીના વેચનાર ચોકશીઓની દુકાનો આવે છે.

કાપડમારકેટો—મમ્માદેવીનું મંદિર મુકી આગળ જતાં જુદી જુદી મારકેટો આવે છે. મારકેટોના મકાન બાંધનારના નામ ઉપરથી તેની મારકેટો ઓળખાય છે. મુખ્ય-મુળજી જેઠા મારકેટ, લક્ષ્મીદાસ ખીમજીની મારકેટ અને મોરારજી ગોકળદાસની મારકેટો છે. આ બજારોમાં દુકાનો ઘણીજ આવેલી છે. અને ત્યાં સુતરાઉ, રેશમી કાપડ વેચાય છે. મારકેટની સામે બીજા વેપારીઓની દુકાનો પણ અસંખ્ય છે.

કાલબાદેવી—ભુલેશ્વરથી બીજે રસ્તે જતાં કાલબાદેવી રોડ આવે છે. અહીંઆં ઝવેરીઓની દુકાનો આવેલી છે. મોતી, હીરા, માણેક, લીલમ, વિગેરે ઝવેરાત અહીંઆં મળે છે. આગળ ઠેઠ કાલબાદેવીના બીજે છેડે કાલબાદેવી પોષ્ટઓફીસ આવેલી છે. ત્યાં આગળ કાલબાદેવીનું મંદિર છે.

વિકટોરીયા ગાર્ડન—પરેલ રોડ પાસે છે. ટ્રામમાં બેસી જવાય છે. બાગમાં ખાસ જોવા લાયક મ્યુઝીઅમ-સંગ્રહસ્થાન છે. આ સંગ્રહસ્થાનમાં દરેક જાતનું અનાજ, કારીગરીના અદ્ભુત નમુના, ચિત્રો, હથીઆરો, તથા પ્રાણીઓ, વાઘ, વરૂ, દીપડા, સર્પો, નોળીયા, વિગેરે રાખેલાં છે. બાગમાં સર્વત્ર ઝાડ, ફૂલ, પાન વિગેરે સારી રીતે ઉછેરવામાં આવેલાં છે. (આવું સંગ્રહસ્થાન શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજા, શ્રીસયાજીરાવે પોતાની રાજધાની વડોદરામાં કમેટી બાગમાં મુકેલું છે. ગુજરાતના રહીશોને તેથી મુંબઇ ન જતાં નજીકમાંજ લાભ મળે છે. જુઓ વડોદરા.

શ્રીમહાલક્ષ્મીમાતાનું મંદિર—પરેલથી પશ્ચિમ બાજુએ આવેલું છે. આ સ્થાન પ્રાચીન ગણાય છે. અહીંઆં ગવર્નરનો બંગલો તથા તોપખાનું આવેલું છે.

શ્રીબાબુલનાથ—વાલકેશ્વરની ટેકરી ઉપર શ્રીબાબુલનાથનું મોટું મંદિર છે. ટેકરી ઉપર લગભગ સો પગથીઆં ચઢયા પછી બાબુલનાથ મહાદેવનાં દર્શન થાય છે. વચ્ચમાં ચોકમાં મોટો નંદી બેસાડેલો છે. ઉપર રહી આખા શહેરનો દેખાવ દ્રષ્ટિગોચર થાય છે. દેખાવ ઘણો રમણીય હોઇ મનને આનંદ આપે છે.

શ્રીવાલકેશ્વર—બાબુલનાથથી આગળ જતાં મલબારહીલ ઉપર આવે છે. અહીંઆં પાસે બાણગંગા છે. શ્રીરામચંદ્રજીએ અહીંઆં પધારી વેળુનું શિવલીંગ સ્થાપન કર્યાનું અને તૃષા છીપાવવા બાણ મારી ગંગાજી ઉત્પન્ન કર્યાનું કહેવાય છે. વાલકેશ્વરમાં હવાખાવાના બંગલાઓ ઘણા છે. અને ગ્રીષ્મઋતુમાં ધનાઢયો અહીં આવી વસે છે. બંગલા ઘણાજ ઉંચા અને નીચેથી જોતાં જાણે ગગન સાથે વાતો કરતા હોય એમ લાગે છે.

બોરીબંદરનું સ્ટેશન--આ ઉત્તર હિંદ અને દક્ષિણ હિંદને જોડનાર જંક્શન ગણાય છે. સ્ટેશન ઘણુંજ વિશાળ અને આકર્ષક છે. સ્ટેશન ઉપર મારકેટ આવેલી છે. ત્યાં અનેક જાતની વનસ્પતિ, લીલો સુકો મેવો, તથા ફળફળાદિ વસ્તુઓ મળે છે.

ક્રાફર્ડ મારકેટ—બોરીબંદરની સામે છે. વિલાયતી તમામ જાતની ચીજો, કાચનાં વાસણો અને મેવામાંથી બનેલાં સત્વો વિગેરે વસ્તુઓ મળે છે.

એપોલો બંદર--શહેરના દક્ષિણ ભાગના પૂર્વ કિનારે છે. અહીંઆં યુરોપથી આવેલ આગબોટો લંગર કરે છે. સ્ટીમરમાંનો માલ લઇ જવાને માટે વેપારી તથા મજુરોની ભીડ ઘણી જોવામાં

આવે છે. આ ભાગમાં વસ્તી ઘણી ખરી યુરોપીયનોની છે. સાંયકાળે દેખાવ રમણીય લાગે છે.

પાલવાબંદર—હવાખાવાના સ્થળ તરીકે જાણીતું છે.

ટંકશાળ—કોટ પાસે છે. ટંકશાળની પશ્ચિમે એલફીસ્ટન સર્કલ તથા પૂર્વે ટાઉનહોલ છે.

ચોપાટી—ચર્નીરોડ પાસે દરિયો છે. ત્યાં આગળની જગ્યાને ચોપાટી તરીકે ઓળખે છે. અહીંઆં લોકો સાંજના હવા ખાવા સારૂ આવે છે. આ સ્થળે ઠેક ઠેકાણે પાટલીયો, બાંકડા ગોઠવેલા છે. લોકમાન્ય અને ભારત નેતા તીલક મહારાજની દહન ક્રિયા દરિયા ઉપર આ સ્થળે જ કરવામાં આવી હતી.

કોટમાં વિલાયતી કાપડ તથા બીજી વસ્તુઓ, મોટરો, સાઇકલો વિગેરેની ઘણી દુકાનો છે. અને ખાસ જોવા લાયક છે. વખત અનુકુળ હોય તો આ સર્વ જોવા જવા અમો ભલામણ કરીશું. કોટમાં ગગન ભેદી આકાશ શીરોમુખી મકાનો, ઓફીસો છે તેમાં વિલાયતી માલ ગોઠવેલો હોય છે તે જોવા જેવું છે. હાલના અસહકારના મતે આ વિરૂદ્ધ છે.

તે સિવાય સરકારીઑફીસો, કૉલેજો, પોસ્ટ, તાર, વિગેરે સાધનની સગવડો ઘણીજ સારી રાખેલી છે.

રાધાબાઇ ટાવર, પરેલવર્ક શૉપ, હાઇકોર્ટ, કોલાબા (રૂના વેપાર માટે) વગેરે પ્રખ્યાત સ્થળો છે.

અહીંથી છ માઇલ દુર ધારાપુરી કે એલીફંટાનો બેટ છે. અહીંઆં ગુફાઓ છે. અને ઘણા લોકો દરિયામાં લંચમાં—નાની સ્ટીમરમાં બેસી જોવા આવે છે. શિવરાત્રી ઉપર અહીંઆં મોટો મેળો ભરાય છે. પહાડને અંદરથી ખોદીને મંદિર, થાંભલા અને પ્રતિમાઓ બનાવેલી છે. ત્રિમૂર્તિની ગુફા અત્યુત્તમ છે. અંદર લગભગ ૧૮ ફીટ ઉંચાઇની બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્રની પ્રતિમાઓ છે. ત્રિમૂર્તિની પાસે દ્વારપાળની બે મૂર્તિઓ

લગભગ ૧૨–૧૩ ફુટ ઉંચી છે. પૂર્વ તરફના ભાગમાં શિવજીની મૂર્તિ છે. તેમજ કમળાસન ઉપર શ્રી બ્રહ્માજી અને ગરૂડાસન ઉપર શ્રી વિષ્ણુ ભગવાનની મૂર્તિયો છે. ત્રિમૂર્તિના પશ્ચિમ ખંડમાં શિવ પાર્વતીની લગ્ન વખતની મૂર્તિઓ છે. તે ઉપરાંત ઘણી મૂર્તિઓ દર્શન કરવા લાયક છે.

અહીંથી દર્શન કરી પાછા મુંબઈ આવવું. જોઇતી ચીજો ખરીદી, સરસામાન સંભાળી, પોતપોતાને વતન જવા તૈયારીઓ કરવી.

વૈષ્ણવો ! અત્યાર સુધી મેં આપને આ પુસ્તક દ્વારા હિંદ ભૂમિમાં ફેરવ્યા છે. હું કંઇ જ્ઞાની નથી, તેમજ વિદ્વાન નથી. સ્વાભાવિક પ્રેરણાને વશ થઇ શ્રી મહાપ્રભુજીની કાનીથી આપશ્રી યાત્રામાં કંઇક સાધનરૂપ થઇ પડે એવા ભાવથી આટલાં પાનાં લખવા યત્ન કર્યા છે. ભૂલ–દોષ તો હશેજ પરંતુ હંસની માફક જળમાંથી ક્ષીર કાઢી લઇ આપ જ્ઞાની અને સુજ્ઞ બન્ધુઓ મને ઉત્તેજીત કરશો. સુજ્ઞેષુ કિંબહુના.

અન્તમાં:—

હું હરિજનકો દાસ ભવોભવ.
મેરે સકલ શિરોમણી, યાકે ચરણ રેનકી આશ,
ન કાહુકી કરત અવગ્યા, ન કાહુકી આશ. ૧
પર ઉપકારી જગ હિતકારી, શીલ દયાકી રાશ. ૨
સબગુણ આગર ભક્તિ ઉજાગર ભવસાગરકી નાવ,
તાકી સેવા આધક હરિ માનત હર્ષજુ હદયે ભાવ. ૩

અને:—

જૈસો હું તેસો તિહારો શ્રીવલ્લભ, અબજીન છાંડ દેહો મોહિ કરતે.
બાંહ્ય ગ્રહેકી લાજ મન ધરહો, નાહિં ભરોસોં મોહિ સાધન બળ તેં, ૧
તુમ ત્યજ ઔર ઠોર નાહિં મોકોં, જાસોં જાય કહોં દુઃખ ભરતે;
રસિક શિરોમણી,શ્રીવલ્લભ પ્રભુ, રાખો મોહિ ચરણ શરણ જન્મ ધરતેં. ૨

પ્રકરણ ૨૦ મું.

યાત્રાનાં સ્થળોએ જવાના રેલ્વે સ્ટેશનોની માહિતી.

આ ગ્રન્થમાં આવેલાં સઘળાં તીર્થયાત્રાનાં સ્થળોએ જવા માટે મુખ્ય મુખ્ય રેલ્વે સ્ટેશનો, જંકશનો, તથા ગાડી કયાં કયાં બદલવી પડે છે વિગેરે બાબતની માહિતી આપવાનું યોગ્ય જણાયાથી નીચે પ્રમાણે આપીએ છીએ.

મુંબાઇથી શ્રીનાથજીનો રસ્તો.

કોલાબા, ગ્રાન્ટરોડ, દાદર (જં), પાલઘર, ઉદવાડા, નવસારી, સુરત (જં), (અહીંથી ટી. વી. રેલ્વે દ્વારા શ્રી ચંપારણ્ય થઇ શ્રી જગન્નાથપુરી જવાય છે), અંકલેશ્વર (જં), (અહીંથી એક લાઇન નાંદોદ તરફ જાય છે), ભરૂચ (જં), (અહીંથી ભરૂચ-જંબુસર રેલ્વેદ્વારા જંબુસર જવાય છે), મીયાગામ (જં), વિશ્વામીત્રી (જં), (અહીંથી ડભોઇ રેલ્વેમાં ચાણોદ.) અને ડભોઇ—ટીંબાલાઇનમાં સાવલી જવાય છે. વડોદરા (જં), (અહીંથી ગોધરા રતલામ થઇ શ્રીનાથજી જવાય છે), આણંદ (જં), (અહીંઆં ગાડી બદલવી પડેછે. અહીંથી એક તરફ પેટલાદ, ખંભાત અને બીજી તરફ ડાકોર, ગોધરા જવાય છે). ડાકોર, (અહીંથી પગ રસ્તે અલીણા), ઠાસરા, ટીંબા (જં), ડુવા, ગોધરા. (જં), દાહોદ, રતલામ (જં), નીમચ, ચીત્તોડગઢ (જં). (અહીંથી ઉદેપુર રેલ્વે મારફતે), સનવાડ—કાંકરોલી રોડ, માવલી-શ્રી નાથદ્વારા રોડ, ઉદેપુર (મેવાડ) (અહીંથી પગ રસ્તે શ્રી એકલીંગજી થઈ શ્રીનાથજી જવાય છે.)

આણંદથી અમદાવાદ.

બોરીઆવી (અહીંથી શ્રી સ્વામીનારાયણના અનુયાયીઓ વડતાલ જાય છે), નડીઆદ (જં), (અહીંથી કપડવણજ મહુધા લાઇન દ્વારા કપડવણજ જવાય છે), મહેમદાવાદ, અમદાવાદ.

અમદાવાદથી ધોળકા.

સાબરમતી (જં,), એલીસબ્રીજ, સરખેજ, બાવળા, ધોળકા (અહીંથી પગ રસ્તે વૌઠા જવાય છે.).

અમદાવાદથી ઈડર.

અસારવા, નરોડા, દહેગામ, તલોદ, અહીંથી પગ રસ્તે મોડાસા અને ડુંગરપુર થઇ શ્રીનાથજી જવાય છે), પ્રાંતીજ, (અહીંથી શ્રી કોટયર્કતીર્થ અને શ્રી શામળાજી જવાય છે). ઇડર, અમનગર.

અમદાવાદથી વીસનગર--ખેરાળુ.

સાબરમતી (જં, કલોલ (જં), (અહીંથી કડી-વીજાપુર રેલ્વે દ્વારા એક બાજુ કડી, અને બીજી બાજુ વીજાપુર જવાય છે. વીજાપુર જતાં વચ્ચમાં લોદ્રા સ્ટેશનથી શ્રી કોટયર્કપ્રભુ તથા શ્રી શામળાજીનાં દર્શન કરવા જવાય છે). મહેસાણા (જં). વીસનગર, વડનગર, ખેરાળુ.

અમદાવાદથી પાટણ.

મહેસાણા, મનુદરોડ, (અહીંથી બહુચરાજી જવાય છે) પાટણ.

અમદાવાદથી શ્રી નાથજીનો રસ્તો.

સાબરમતી. (જં.) કલોલ, મહેસાણા. (જં), સીધપુર, પાલણપુર, આબુરોડ, મારવાડ (જં), અહીંથી જોધપુર બીકાનેર [illegible]

જવાય છે.) સોજતરોડ, અજમેર. (જં), (પગરસ્તે પુષ્કરજી). નસીરાબાદ, ભીલવાડા, હમીરગઢ, ચીત્તોડગઢ (જં), (ઉપર પ્રમાણે શ્રીનાથજી).

શ્રીનાથજીથી મથુરાંનો રસ્તો.

શ્રીનાથદ્વારરોડ, ચીત્તોડ, અજમેર, કિસનગઢ, ફુલેરા, જયપુર, બાંન્ડીકુઇ (જં), ભરતપુર, મથુરા. (જં).

અમદાવાદથી દીલ્હી.

અમદાવાદ, સાબરમતી, અજમેર, રેવારી, દીલ્હી.

અમદાવાદથી વીરમગામ થઇ કાઠીઆવાડ અને કચ્છ.

સાબરમતી, સાણંદ, વીરમગામ. (જં.), (અહીંથી એક લાઇન ખારાઘોડા જાય છે.) વઢવાણ (જં),

વઢવાણથી ભાવનગર.

લીંબડી, ચુડા, રાણપુર, (અહીંથી પગ રસ્તે ધંધુકા થઇ ત્રગડી જવાય છે) બોટાદ (જં), (હાલમાં અહીંથી ધંધુકા સુધી રેલ્વે થઇ છે. વચ્ચમાં ત્રગડી આવે છે). ધોળા (જં), સીહોર (જં), ખીજડીઆ, ભાવનગર.

વઢવાણ, મૂલી, વાંકાનેર (જં), (અહીંથી મોરબી જવાય છે). રાજકોટ (જં), જામનગર (અહીંથી પગ રસ્તે ખંભાલીયા, પીંડતારક, મુળ ગોમતી, ગુરગઢ અને દ્વારકા જવાય છે).

રાજકોટ, ગોંડલ, જેતલસર (જં), (અહીથી એક તરફ પોરબંદર અને બીજી તરફ ભાવનગર જવાય છે). જુનાગઢ. (ગિરનાર). કેશોદ (પગ રસ્તે માધવપુર), વેરાવળ (પ્રભાસ) (પગરસ્તે ગુપ્ત પ્રયાગ). અહીંથી પાછા કેશોદ આવી જુનાગઢ થઇ પોરબંદર જવું. (અહીંથી સ્ટીમરમાં દ્વારકાં થઇ કચ્છના માંડવી બંદરે ઉતરી ભૂજ

અને નારાયણસર જવાય છે. ત્યાંથી પાછા માંડવી આવી સ્ટીમર મારફતે કરાંચી જવું.

રતલામથી ઉજ્જન થઇ મથુરા.

રતલામ, નાગડા, ઉજ્જન. ઉજ્જનથી ભોપાળ થઇ માણેકપુર થઇ ચિત્રકુટ જવાય છે.

નાગડા–મથુરા રેલ્વેમાં નાગડા, કોટા (અહીંથી પગ રસ્તે બુંદી) મથુરા.

મારવાડ જંકશનથી કરાંચી.

મારવાડ જંકશનથી લૂણી, જોધપુર, બિકાનેર, (અહીંથી પાછા જોધપુર આવી પગ રસ્તે ચાંપાસેની જવું.) બારમેર (જં) જેસલમીર (અહીંથી પાછા બારમેર આવી મીરપુરખાસ, હૈદ્રાબાદ (સિંધ), કોટરી (જં), (અહીંથી એક લાઇન બલુચિસ્તાનમાં કવેટા તરફ જાય છે). જુંગશાહી (અહીંથી પગ રસ્તે નગરઠઠ્ઠા), કરાંચી.

પંજાબથી હરદ્વાર.

કરાંચી, કોટરી (જં), રોહરી, ખાનપુર (જં), સમાસ્ટા (જં). લોધ્રન (જં), શેરશાહ (જં), મુલતાન, ખાનેવાલ (જં), રાઇવીંડ, લાહોર, વઝીરાબાદ, રાવળપીંડી થઇ પગ રસ્તે શ્રીનગર, લાહોર, અમૃતસર, જળંધર, અંબાલા, કાલકા થઈ સીમલા જવાય છે.

મથુરાથી હરદ્વાર.

કાસગંજ, સોરોમ, (સોરો)

મથુરા, હાથરસ. અલીગઢ (જં), ખુરજા (જં), ગાઝીઆબાદ (જં), દિલ્હી, પાણીપત (કુરૂક્ષેત્ર), અંબાલા, સહરાનપુર, લક્સર, હરદ્વાર.

(અહીંથી હિમાલય પર્વતમાં આવેલાં તીર્થક્ષેત્રો, ઋષિકેશ, બદ્રિકાશ્રમ, લક્ષ્મણ ઝૂલા, ગંગોત્રી, કેદારનાથ, બદ્રિનારાયણ, વગેરે સ્થળોએ જવાય છે.)

હરદ્વારથી શ્રી જગન્નાથજી

હરદ્વારથી, કાથગોદામ, બરેલી, (અહીંથી એક તરફ મથુરા, પાછા આવી, ત્યાંથી, આગ્રા, કાનપુર, પ્રયાગ, બનારસ થઈ કલકત્તા જવું, અને ત્યાં સ્ટીમરમાં ગંગાસાગરની યાત્રા કરી. સીધા જગન્નાથપુરી જઈ શકાય છે, બીજી તરફ શાહજહાનપુર, કનોજ. લખનૌ; (જં), અહીંથી નૈમિષ્યારણ્ય, બારાબંકી, અયોધ્યા) અયોધ્યાથી પાછા લખનૌ (જં) કાનપુર, (જં), પ્રયાગ-અલ્હાબાદ-(જં) (અહીંથી અડેલ) માણેકપુર, (જં), ચિત્રકુટ, અહીંથી પાછા પ્રયાગ. કાશી (જં), ચરણાટ (ચુનાર સ્ટેશન) (જં), અહીંથી પાછા કાશી, ગયા (જં), પટના, (જં), છાપરા, સોનપુર, હાજીપુર (હરિહર ક્ષેત્ર), (અહીંથી પગરસ્તે જનકપુર, જવું) પાછા હાજીપુર આવી પટના. લુકીસરાઈ (જં), (પગ રસ્તે વૈજનાથ.) લુકીસરાઈ, આસનસોલ (જં), (અહીંથી જગન્નાથપુરી પણ જવાય છે.) રાણીગંજ (જં), બરદ્વાન (જં), હાવરા; (જં), કલકત્તા, ડાયમંડ બંદર, ખડગપુર (જં), જગન્નાથપુરી.

મુંબઈથી શ્ર જગન્નાથપુરી.

થાણા, કલ્યાણી, દેવલાલી, નાશક-ત્ર્યંબક, મનમાડ, જલગામ (જં), (સુરતથી, નંદરબાર, ધુળીયા, જળગામ.) બુરાનપુર (જં), ભુશાવળ (જં), અમરાવતી (જં), વર્ધા (જં), નાગપુર (જં) રાયપુર (જં), રાજીમ. (અહીંથી પગ રસ્તે ચંપારણ્ય,) પાછા રાયપુર આવવું, ત્યાંથી બિલાસપુર, શક્તિ, ખડગપુર થઇ જગન્નાથપુરી.

શ્રી જગન્નાથપુરીથી શ્રી રામેશ્વર.

જગન્નાથપુરીથી ખુરદારોડ, નૌપડી (જં), વોલ્ટર, (જં), બેઝવાડા (જં). અહીંથી નીઝામ-હૈદ્રાબાદ રેલ્વેના હૈદ્રાબાદ, વાડી, રાયચુર, ગુંટકલા, (જં), બેલારી, (જં), રેણીગુંટા (જં), મદ્રાસ.

બેઝવાડાથી ગુંટકલા લાઇનમાં જતાં બીજું સ્ટેશન મંગળ ગીરી (શ્રી પનાનૃસિંહજી) પાછા ફરી, બેઝવાડા આવી મદ્રાસ.

રેણીગુંટા, ગડુર, કડપદી, તીરૂપદી. (શ્રીલક્ષ્મણ બાલાજી.) પાછા રેણીગુંટા, આરકોનમ, કાંજીવરમ (પગરસ્તે શીવકાંચી, વિષ્ણુ-કાંચી.), ચિંગલપટ (પગરસ્તે પક્ષીતીર્થ.) ચિંદમ્બરમ્, માયાવરમ્, કુંભકોનમ્, તાંજોર (જં), ત્રિચિનાપલ્લી, શ્રીરંગરોડ (શ્રીરંગજી), (પાછા ત્રિચિનાપલ્લી આવી). મદુરા, મંડાપમ અહીંથી આગબો-ટમાં પમ્બન, ત્યાંથી રેલ્વે મારફતે રામેશ્વર.

શ્રી રામેશ્વરથી મુંબઈ.

રામેશ્વરથી મદુરા. અથવા સ્ટીમરમાં પાનમ થઇ તુતીકોરીન, ત્યાંથી રેલ્વેમાં મનયાચી જંક્શન આવવું. ત્યાંથી તીનીવેલી તામ્ર-પર્ણી–શ્રી મહાપ્રભુજીની બેઠક) અહીંથી પગરસ્તે તોતાદ્રિય લંબોના-રાયણ, કન્યાકુમારી, પદ્મનાભ, અથવા તીનીવેલીથી પગરસ્તે પદ્મ-નાભ, જનાર્દન, અહીંથી સ્ટીમરમાં અલપાઇ. પાછા તીનીવેલી, મ-દુરા, ત્રિચિનાપલ્લી, ઇરોડ (જં), હોસપેટ, બેંગલોર, (અહીંથી નિલગિરિ), શ્રીરંગપટ્ટન, મ્હેસુર, ચમારાજપુરમ્ (અહીંથી પગરસ્તે મલયાચલ) પાછા બેંગલોર આવવું, અહીંથી ગંટકલા, હોસપેટ, કિષ્કધા, (પંપા સરોવર.), પાછા ગંટકલા આવવું. રાયચુર રેલ્વેમાંવોલ્ટર થઇ વિજયનગર, (વિદ્યાનગર.), પાછા ગંટકલા, ત્યાંથી ગડગ (જં).

બિજાપુર, કૃષ્ણા નદી. અથવા સોલાપુરથી કૃષ્ણા નદી; સોલા-પુરથી કુરૂદવાડી થઈ બારસીલાઇટ રેલ્વેમાં પંઢરપુર, પાછા કુરૂદવાડી આવી. પુના જવું. પુનાથી મોટરમાં આશરે ૮૦ માઇલ દૂર મહાબળેશ્વર અથવા તો પુનાથી રેલ્વેમાં વેધર સ્ટેશન આવી આશરે ૪૦ માઇલ દૂર મહાબળેશ્વર આવે છે. (હવા ખાવાનું સ્થળ). પુનાથી મુંબઇ જવું.

પરિશિષ્ટ. (અ)

(૧) **વડોદરાઃ**—આ ગ્રન્થ છપાવવાનું કાર્ય પાંચ વરસ પહેલાં શરૂ કરવામાં આવેલું હતું તે વખતે યાત્રાળુઓને ઉતરવા સારૂ અહીં ધર્મશાળા વિગેરે કંઇપણ સાધન હતું નહિ, પરંતુ હાલમાં સાંભળવામાં આવ્યું છે કે, શ્રીમંત ગાયકવાડસરકાર તરફથી એક ઘણીજ મોટી ઉત્તમ પ્રકારની સગવડવાળી સ્ટેશન ઉપર ધર્મશાળા બંધાય છે. આશા રાખવામાં આવે છે કે યાત્રીઓને પુરતો લાભ મળશે. નામદાર ગાયકવાડ સરકાર જેઓ પોતાની પ્રજાની આબાદી માટે ભારે શ્રમ વેઠી રહ્યા છે. તેઓ પોતાના રાજ્યમાં આવેલાં તીર્થક્ષેત્રોમાં પણ આવી ધર્મશાળાઓ બંધાવી યાત્રીઓનો આશીર્વાદ મેળવશે.

(૨) **ડભોઇઃ**—નામદાર ગાયકવાડ સરકારના તાબાનું છે. વૈષ્ણવ શિરોમણી, શ્રીકૃષ્ણચંદ્રના પરમકૃપાપાત્ર, ભગવદીય અને શીઘ્ર કવિ-કાવ્ય રત્ન શ્રી **દયારામભાઈ** જેમનો જન્મ નર્મદા નદીના કિનારે આવેલા ચાંદોદ ગામમાં સંવત ૧૮૩૩ માં થયો હતો તેઓ પોતાની આશરે બાર વરસની ઉમરે પહોંચ્યા પછી આ ગામમાં નિવાસ કરી રહ્યા હતા.

શ્રીજીના આ પરમકૃપાપાત્ર ભગવદીયે ભક્તિરસનાં કાવ્યોથી પોતાનું નામ અમર કર્યું છે. ગુર્જર સાહિત્યમાં તેમનું સ્થાન અદ્વિતીય ગણાય છે. તેઓશ્રીની ગરબીઓ, ગઝલો, પદોમાં તેમનું ભક્ત-

હૃદય, શ્રીકૃષ્ણચંદ્ર પ્રત્યેનો પ્રેમ અનન્ય ભક્તિ અને શ્રદ્ધા સહજ જ· ણાઇ આવે છે. તેઓ અહરનીશ ભક્તિ રસમાં નખશિખ તરબોળ થઇ, રસ મસ્ત થઇ રહેતા અને નૃત્ય કરતા હતા. એમની ભક્તિ· રસથી ઉભરાતી અશ્રુભરી આંખો, અને પ્રેમાર્દ્ર ગદગદિત કંઠે કીર્તન કથા કોમળ મનના શ્રદ્ધાળુ પ્રેમી વૈષ્ણવોની આંખમાંથી અશ્રુ પડા· વતી હતી

પોતે ત્રણવાર મહાયાત્રા કરી છે અને દરેક વખતે પ્રભુએ તેમને કંઇને કંઇ સાક્ષાત્કાર ચમત્કારો બતાવ્યા છે. ભક્ત હૃદય શું નહીં કરી શકતાં ?

ભક્ત કવિઓમાં નરસિંહ મહેતા, મીરાંબાઇ આદિ થઇ ગયા છે તેમાં શ્રી દયારામભાઇ મુખ્ય ગણાયા છે. આ ઊચ્ચ કોટિવાળા કવિના કાવ્યમાં શુદ્ધ પુષ્ટિનુંજ સ્વરૂપ અને પ્રિયતમ—પ્રિયાનીભાવનાની રેખા તાદશ ખડી થાય છે.

આ મહાન્ કવિ સંવત ૧૯૦૯ માં હરિ શરણ થયા હતા.

(૩) **બુરાનપુર:–શ્રી લાડિલેશજી.** આ શ્રી ઠાકોરજી શ્રી યમુના· જીમાંથી મહાવનનાં ક્ષત્રાણીને પ્રાપ્ત થયેલા અને શ્રી મહાપ્રભુજીએ સેવ્ય કરી ભગવદીયજીયદાસ ક્ષત્રીને માથે પધરાવ્યા હતા. તે હાલ અહીં બિરાજે છે. આ મંદિર કાંકરોલીવાળા શ્રી બાળકૃષ્ણલાલજી મહારાજ ના તાબામાં છે. (કેટલાક કહે છે કે આ શ્રી ઠાકોરજી વેરાવળમાં બિરાજે છે.)

(૪) **ઉદેપુર:**—આ ગ્રન્થના પ્રકાશક આ વર્ષે ઉદેપુર ગયા હતા ત્યાં આપણાં સાંપ્રદાયિક ૬–૭ મંદિરો છે. તે મંદિરના મુખ્યાજી વગેરેને મળી તેમાં બિરાજતા સ્વરૂપોની હકીકત પુછતાં માલુમ પડે છે કે:–

(૧) **શ્રી વૃન્દાવનચન્દ્રજી, તાજબીબીના શ્રી ઠાકોરજી,** શ્યામ· સ્વરૂપ, શ્રી હસ્તમાં મુરલી પણ શ્યામ છે. લલિતત્રીભંગ સ્વરૂપ છે.

મહાન્ તેજસ્વી, અદ્‌ભુત–અલૌકીક સ્વરૂપ છે. આ સ્વરૂપ શ્રી ઉદયપુર-નરેશ મહારાણા શ્રી ફતેસીંહજીને માથે બિરાજે છે, હાલ જે મંદિરમાં આ સ્વરૂપ બિરાજે છે, તે મંદિરમાં સંવત ૧૯૨૨ ના વૈશાખ શુદ ૮ ના રોજ મર્હુમ મહારાણા શ્રી શંભુસિંહજીએ શ્રીમદ્ ગોસ્વામીશ્રી મદુલાલજી ઉપનામ શ્રીગોપીકાલંકારજી મહારાજશ્રીના શ્રી હસ્તથી પ્રતિષ્ઠા કરી પધરાવ્યા છે. તે પહેલાં આ સ્વરૂપ હાલના મંદિરના સામે કોટમાં એક બુરજમાં બિરાજતા હતા, તે પહેલાં ઉદેપુરમાં શ્રીનાથજીના મંદિરમાં સાચોરાને માથે બિરાજતા તે પહેલાં ઉદયપુરથી નજીકમાં ઝાડોલ કરીને એક ગામ છે, ત્યાં ઘણા સાચોરાની વસ્તી છે, ત્યાં એક સાચોરાને માથે બિરાજતા હતા. આ સાચોરા ગુજરી-જવાથી તેના ભાણેજ ઉદેપુરમાં પધરાવી લાવ્યા તે સ્વરૂપ આજ છે. ઉદયપુરનરેશ મર્હુમ મહારાણાશ્રી સ્વરૂપસિંહજી મહારાજ શૈવી ભક્ત હતા, તેમની સેવા કરવાના શ્રી મહાદેવજી ખોવાયા તેથી તેમણે માનતા કરી કે જો મારા મહાદેવ મને મળશે તો આ સ્વરૂપને હું પધરા-વીશ તેથી તેમના મહાદેવ મળવાથી એ રાણાશ્રીએ તાત્કાલીકતો પોતાના મહેલમાં કોટમાં બુરજમાં પધરાવ્યા, દરમ્યાન તેઓ શ્રી હરિ-શરણ થવાથી તેમના પુત્ર પિતૃવાક્ પરિપાલક મહારાણાશ્રી શંભુસિં-હજીએ હાલના મંદિરમાં પધરાવ્યા છે. એમ ત્યાંના વૈષ્ણવો તથા મુખ્યાજી દ્વારા આ હકીકત મેળવી છે.

(૨) **શ્રીનાથજી**—શ્રી ગિરિરાજથી શ્રી નાથજી પધાર્યા તે ઉદેપુરમાં મહારાણા શ્રી રાયસિંહજીના વખતમાં અહીં પધાર્યા. આ સ્થળે નવ માસ બિરાજ્યા પછી અહીંથી લગભગ ૧૦ કોશ ઉપર ઘસ્યાડમાં બિરાજ્યા. આ સ્થળે હાલ શ્રીનાથજીનું મંદિર શ્રીનાથદ્વારા–સિંહાડમાં છે તેવુંજ તેના બરાબર મંદિર, ચોક, તિબારી, રસોઇઘર વગેરે એ પ્રમાણેજ છે. આ મંદિરમાં ત્રણ વરસ બિરાજ્યા. અહીંથી પછી સીંહાડમાં પધાર્યા. ઉદેપુરના આ શ્રીનાથજીના મંદિરમાં હાલ ચીત્રજી

બિરાજે છે સેવા ભાવપૂર્વક થાય છે. તેમ ઉદેપુરમાં યાત્રા જનાર દરેક વૈષ્ણવને અમો ભલામણ કરીએ છીએ કે, યાત્રાળુએ ધર્મશાળામાં નહીં ઉતરતાં આ મંદિરમાંજ ઉતરવું. અહીં સર્વ વાતની સગવડ છે, કંઇપણ અડચણ પડતી નથી. ઉતારાનું સુખ ઘણુંજ સારૂં છે માટે યાત્રાળુઓએ ખાસ અહીઆંજ ઉતારો રાખવો તેમ આ મંદિર તરફથી એક માણસ સ્ટેશન ઉપર વૈષ્ણવોને તેડવા પણ આવે છે અથવા તો **અધિકારીજી. શ્રીનાથજીનું મંદિર. મુ. ઉદેપુર** (મેવાડ) એ શરનામાથી કાગળ લખશો તો પણ ગોઠવણ થશે.

(૩) **શ્રીમદનમોહનજી**—એ શ્રી સ્વામીનીજી સહિત (શ્રી ગોપેશ્વર લાલજીના માથે) બિરાજે છે. જ્યારે શ્રી ગિરિરાજથી શ્રીનાથજી બિરાજ્યા તે વખતે શ્રી વિઠ્ઠલનાથજી પણ પધાર્યા તે અહીં બિરાજ્યા અહીંથી શ્રીનાથદ્વાર પધાર્યા ત્યારે આ સ્વરૂપને અહીં પધરાવતા ગયા તે સ્વરૂપ આ છે આ સ્વરૂપ પણ ઘણું પ્રાચીન છે.

(૪) **શ્રીજગતશિરોમણીજી**—શ્રી સ્વામીનીજી સહિત, શ્યામ સ્વરૂપ, મોટું પ્રૌઢ સ્વરૂપ છે. કહેવાય છે કે આ સ્વરૂપ મહાન્ ભગવદ્ ભક્ત, વૈષ્ણવ શીરોમણી, મીરાંબાઈના શ્રી ઠાકોરજી છે. "બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ" તેજ આ સ્વરૂપ છે. મીરાંબાઇના વખતમાં આ સ્વરૂપ ચીતોડના કિલ્લામાં મંદિર છે ત્યાં બિરાજતા. હાલ ચિતોડના કિલ્લામાં મંદિર છે પણ સ્વરૂપ બિરાજતું નથી. ખાલી મંદિર છે. મંદિર મોટું વિશાળ ને ભવ્ય છે મંદિર જોતાં પ્રતીત થાય છે કે આ સ્વરૂપ એ મીરાંબાઈના ઠાકોરજી હોવાજ જોઇએ જ્યારે ચીતોડનો કિલ્લો દુશ્મનોના હાથમાં ગયો ત્યારે આ સ્વરૂપની પરચારગી કરનાર ખવાસણ—બાઇઓ જેને સહેલીઓ કહેવામાં આવે છે તે સહેલીઓ આ સ્વરૂપને પધરાવી ઉદેપુર ગયાં. ત્યાં તેમણે ગામ બહાર આ સ્વરૂપ એક વાડીમાં પધરાવ્યું અત્યારે આ સ્થળ "સહેલીયાંકી

વાડી" એ નામથી પ્રસિદ્ધ છે, કાળાંતરે આ સ્વરૂપ અહીંથી નજીકના ગામ ઝાડોલના સાચોરાને માથે પધાર્યાં તે સાચોરો અત્રેના શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં સ્વરૂપ પધરાવી રહેવા લાગ્યો. આ શ્રી ઠાકોરજીએ મર્હુમ મહારાણા શ્રી સ્વરૂપસીંહજીને સ્વપ્ન આપ્યું કે, હું શ્રી ગોવર્ધનનાથજી સ્વરૂપે, કંદરામાં, અમુક પ્રકારનાં ચિન્હો છે એવા સ્વરૂપે તારા રાજ્યમાં બિરાજું છું ત્યાંથી મને તું પધરાવ. આ આજ્ઞા થતાં રાજાની આતુરતા વધી ને બીજી સવારે આખા ગામનાં તમામ મંદિરોમાં સ્વતઃ દર્શન કરી આવ્યો તે સ્વરૂપ મળ્યું નહી તેથી વધુ જીજ્ઞાસા થતાં કોઇના દ્વારા જણાયું કે શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં એક સાચોરા પાસે ગુપ્ત સ્વરૂપ છે તેનાં દર્શન કરો આથી રાજા તુરતજ ત્યાં ગયા આ સાચોરાને વિનંતી કરી સ્વરૂપનાં દર્શન કર્યાં પોતાને જે સ્વરૂપે આજ્ઞા થઇ હતી તેજ સ્વરૂપ આ છે ને તે પ્રમાણે ચીન્હો હોવાથી અત્યંત ભાવ ને પ્રીતી પૂર્વક પોતે તે સાચોરાને જાગીર–એક ગામ **સાંખલી** ભેટ આપ્યું ને તેનું ઉત્પન્ન તેને લેવાનું. ઉપરાંત આ શ્રી ઠાકોરજીની સેવા તેના કુટુંબો કરે એવું ઠરાવી સ્વરૂપ પોતે પધરાવ્યું. હાલ જે મંદિરમાં આ સ્વરૂપ બિરાજે છે તે મંદિર શિખરબંધી છે. આ મંદિર મર્હુમ મહારાણા શ્રી જવાનસિંહજીનાં રાણી વાઘેલીજી રીમાવાળાંએ પોતે કોઈ મર્યાદા સ્વરૂપ પધરાવવા માટે મંદિર તૈયાર કરાવતાં હતાં મંદિર તૈયાર થતાં વખત વધારે જવાથી મહારાણા શ્રી સ્વરૂપસિંહજીના વખતમાં આ સ્વરૂપને અહીં શ્રી વિઠ્ઠલનાથજીવાળા શ્રી ગોકુલોત્સવજી મહારાજે સેવ્ય કરી સં. ૧૯૦૪ ના વૈશાખ શુક્લ ૧૩ ના રોજ શ્રી જગતશિરોમણીજી નામ ધારણ કરી પાટ પધરાવ્યા જે અદ્યાવધિ અહીંજ બિરાજે છે. સ્વરૂપ મહાન્ અલૌકીક, લાવણ્યમય, તેજસ્વી, સુંદર છે. દર્શન કરતાં મન હરણ કરી લે એવું છે. માટે અવશ્ય દર્શન કરવાં.

(૫) શ્રીશ્યામસુંદરજી–શ્યામ સ્વરૂપ, શ્રી હસ્તમાં મુરલી પણ

શ્યામ, લલીતત્રિભંગી સ્વરૂપ. પારસમણી સમાન, અલૌકીક તેજો મય, સુંદર લાવણ્ય યુકત, મંદમંદ હાસ્ય અવલોકન, બાંકી ચિતવન એવું આ સ્વરૂપ છે. આ શ્રી ઠાકોરજી શ્રી વિષ્ણુસ્વામીના શ્રી ઠાકોરજી હતા તે પછી આ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીને મળ્યું પોતે એક સાચોરાને માથે પધરાવ્યા તે વ્રજમાં બિરાજતા પછી વ્રજમાં ઉપદ્રવ થવાથી આ સાચોરો તેના કોઈ સગાને ત્યાં અંહીથી નજીકના ગામ ઝાડોલમાં આવી રહ્યા તેમના શ્રી હરિશરણ થયા પછી આ શ્રી ઠાકોરજી દેવીરૂપે પુજાયા ત્યાર પછી શ્રી આચાર્યશ્રીએ ત્રીજી પરિક્રમાવખતે ઝાડોલમાં પધારી તપાસ કરતાં આ સ્વરૂપ મળી આવતાં સ્વચ્છ કરાવી, સેવા શૃંગાર કરી એક સાચોરાને માથે પધરાવી આપ્યા તે સાચોરો અહીં નાગરવાડીમાં આવી રહેવા લાગ્યો તેને આ શ્રી ઠાકોરજી વિક્રયથી કોઈને પધરાવી આપવાની ઇચ્છા થતાં તે બીજે ગામ જતો હતો શ્રી ઠાકોરજીએ મર્હુમ મહારાણાશ્રી સ્વરૂપ સીંહજીને સ્વપ્ન આપ્યું કે મને લઈ જાય છે માટે તું પધરાવ આથી રાજાએ તત્કાળ ચોકી પહેરા મુકી દીધા, શહેરના દરવાજા બંધ કરાવ્યા કોઇ પણ માણસને બહાર જવા નહિ દેવા આજ્ઞા ફરમાવી છતાં આ સાચોરો ચાંદપોળના દરવાજે ઝાંપીમાં પધરાવી જતાં પકડાયો તેને તેની ઇચ્છાનુસાર ન્યોછાવર આપી સંતુષ્ટ કરી સ્વરૂપ પધરાવ્યું. ને તાત્કાલીક તો શ્રી જગતશીરોમણીજીના દૂધઘરમાં સં. ૧૯૦૬ ની સાલમાં પધરાવ્યા તે પછી એ મહારાણાશ્રી સ્વરૂપસીંહજીએ મંદિર નવું બંધાવી સં. ૧૯૧૩ ના જ્યેષ્ટ શુક્લ ૫ ના રોજ આ મંદિરમાં શ્રી ગો. શ્રી મદુલાલજી ઉપનામ શ્રી ગોપીકાલંકારજી મહારાજ (શ્રી ગિરિરાજવાળા) ના શ્રી હસ્તથી પ્રતિષ્ટા કરી પધરાવ્યા તે ઉપરાંત શ્રીએ પોતે પોતાના શ્રી બાલકૃષ્ણજી ઠાકોરજી તથા શ્રી બડે ગિરિધરજીનાં શ્રી પાદુકાજી પણ અહીં પધરાવ્યાં હાલ નાગર બ્રાહ્મણ સેવા કરે છે. [આ શ્રીશ્યામસુંદરજીનાં સ્વરૂપનાં દર્શન

કરવાની ઇચ્છાવાળાઓએ અમારૂં "સ્વરૂપદર્શન" એ પુસ્તક જોવું તેમાં આ ચિત્રજી અમે આપ્યાં છે.]

મહારાણા શ્રીસ્વરૂપસિંહજીનાં સ્ત્રી મહારાણીશ્રી રાઠોડજી (આમેર-મેવાડવાળાં) ને આ શ્રી ઠાકોરજીએ સ્વપ્નદ્વારા અનુભવ જણાવ્યો તેથી પોતે પોતાનું સ્વતંત્રનું લાખ રૂપીઆનું દ્રવ્ય શ્રી શ્યામસુંદરજી-ને અર્પણ કરી માત્ર એક સાડીજ પહેરી પોતે નીકળી ગયાં ને સર્વ સમર્પણ કરી દીધું આનું નામ તે સમર્પણ! બ્રહ્મસંબંધનું ખરૂં રહસ્ય તો આ રાણીશ્રીએજ અનુભવ્યું! ને તદનુસાર વર્તનમાં મૂક્યું! ધન્ય છે! આવાં સ્નેહ ને ભાવવાન્ ભક્તોને!

(૬) શ્રીગોકુલચંદ્રમાજી—શ્રી સ્વામીનીજી સહિત શ્યામ સ્વરૂપ. આ સ્વરૂપને મર્હુમ મહારાણા શ્રી શંભુસિંહજીનાં માતુશ્રી મહારાણીશ્રી બીકાનેરીજી એ ડુંગરપુરથી પધરાવી શ્રી કાંકરોલીસ્થ શ્રી ગોપાલલા-લજી—લાલાલહેરીના શ્રી હસ્તથી સેવ્ય કરાવી સં. ૧૯૩૦ ની શાલમાં પધરાવ્યા.

(૭) શ્રી મદનમોહનજી—આ સ્વરૂપને મહારાણાશ્રી સજ્જન-સીંહજીનાં રાણી (શ્રી કીસનગઢવાળાં શ્રી પૃથ્વિસીંહજીનાં બેટી) એ કોટા વાળા શ્રી જીવણલાલજી મહારાજ શ્રીના હસ્તે સેવ્ય કરી પધરાવ્યા.

(૮) શ્રી જગન્નાથજીનું મંદિર—આ મંદિર બડા શ્રી જગત-સિંહજીએ બંધાવ્યું. આ રાણાને બાળવયમાં ઉછેરવા માટે એક ધાવ રાખી હતી એ ધાવના મનમાં ઇચ્છા થઇ કે રાજા મોટા થશે તો હું એક મંદિર બંધાવીશ એમ કરતાં રાજા પ્રુખ્તવયે પહોંચ્યા એટલે મંદિરનો પાયો નંખાવ્યો ને કામ શરૂ કર્યું આ રાજા પોતે મહાન્ તપસ્વી—યોગી જેવા હતા, યોગ સાધતા હતા, તે યોગના બળથી આકાશ માર્ગે હમેશાં શ્રી જગન્નાથરાયજીનાં દર્શન કરવા જતા, દર્શન કરી પાછા આવી પ્રસાદ લેતા. એમ કરતાં ઘણા દિવસ થયાબાદ શ્રી જગન્નાથરાયજીએ પ્રસન્ન થઇ વચન આપ્યું કે આજતો તને હમેશાં

પરિશ્રમ થશે માટે તું ત્યાં એક મારૂં મંદિર બંધાવ ને હું ત્યાં પધારીશ રાજાએ વિનંતી કરી મને ખબર કેવી રીતે પડશે શ્રીએ આજ્ઞા કરી કે આ મારાં ચારકડાં લેઇજા અને ત્યાં તને મારૂં સ્વરૂપ મળશે તેની હું આજ્ઞા કરીશ તે સ્વરૂપને કડાં પહેરાવજે ને બરાબર બેસતાં આવે તે મારૂં નિજસ્વરૂપ જાણજે. આથી રાજા શ્રી જગન્નાથરાયજીને બીજાં નવાં ચાર કડાં જડાવનાં ભેટ કરી જુનાં કડાં લેઇ ઉદેપુર આવ્યા તેવામાં ડુંગરપરથી આ શ્રી જગન્નાથરાયજી અહીં થઇ પધારતા હતા તેમણે રાજાને સ્વમદ્વારા આજ્ઞા કરી કે આવતી કાલે સવારે હું તારા ગામના પાદરે થઇને જઇશ માટે કડાં લેઇને હાજર રહેજે. આથી રાજા તે સમયનું ચિંતન કરતાં શ્રીની રાહ જોતો પોતાનું ભાગ્ય માની પોતાને ધન્ય ધન્ય કહેવા લાગ્યો ને સમય ઉપર તૈયાર રહ્યો. શ્રી પધાર્યા, આજ્ઞા પ્રમાણે દર્શન કરી કડાં પહેરાવી બરાબર બેસતાં થયાં એટલે પધરાવી લાવી આ મંદિરમાં પ્રતિષ્ટા કરી પધરાવ્યા. મોટો નેગ ભોગ ઠરાવી પૂર્ણ પ્રીતીથી સેવા કરવા લાગ્યો જે અદ્યાવધિ આ સ્વરૂપ શ્રી જગન્નાથરાયજી અહીં બિરાજે છે.

(૯) **શ્રી દાનીરાયજી**:—શ્રી વ્રજમાં શ્રી દાનઘાટી ઉપર બિરાજતા શ્રી ઠાકોરજી—આ શ્રી જગન્નાથરાયજીના મંદિરમાંજ દક્ષિણ ભાગમાં બિરાજે છે. આ શ્રી ઠાકોરજીએ મહારાણા શ્રી જગતસિંહજીને સ્વમ આપ્યું કે મને વ્રજમાંથી તારે ત્યાં પધરાવ એ આજ્ઞા થવાથી રાજા પધરાવી લાવી આ મંદિરમાં પધરાવ્યા. વળી આજ મંદિરમાં ડાબી બાજુ શ્રી લક્ષ્મિજી બિરાજે છે.

આ શિવાય અહીંઆં "શ્રી દ્વારકાનાથજી" પણ પધાર્યા હતા તે સ્થળ છે. આ સ્થળ શ્રી કાંકરોલીવાળા મહારાજશ્રીને તાબે છે. અહીંથી શ્રી દ્વારકાનાથજી આસોટીયામાં પધાર્યા આ ગામ પણ ઉદેપુર તાબાનું છે રાણાશ્રીએ તે શ્રીને અર્પણ કરેલું છે. પણ અહીં

પાણીનો ઉપદ્રવ થવાથી હાલ શ્રી દ્વારકાધીશ શ્રી કાંકરોલીમાં બિરાજે છે. વળી "શ્રી નવનિતપ્રીયાજી" પણ અહીં પધાર્યા હતા તે સ્થળ પણ શ્રી નાથજીના મંદિરમાંજ છે.

આ રાજ્ય રજવાડાઓમાં એક ધર્મરાજ્ય તરીકે ગણાય છે. આ રાજાના પ્રબંધથી ઘણાં દેવસ્થાનો બીરાજે છે. કહેવાય છે કે પોતાના રાજ્યની આખી ઉપજનો એક ભાગ શ્રી દેવમંદિરોમાં, એક ભાગ પોતાના ભાયાતોને ને એક ભાગ પોતા માટે રાખે છે. આવો પ્રબંધ કોઈ પણ દેશી રાજ્યોમાં જોવામાં આવતો નથી. હાલના રાજા મહારાણા શ્રી ફતેસિંહજી શ્રી કાંકરોલીના સેવક છે. વયોવૃદ્ધ હોવા છતાં પણ તેમની સ્વધર્મ ઉપર એટલીબધી શ્રદ્ધા છે કે તૃતીયગૃહ તિલક શ્રી બાલકૃષ્ણલાલજીના નિત્યલીલાના પ્રવેશ પછી શ્રી કાંકરોલીનો આખો વહીવટ પોતાની દેખરેખ નીચે ચલાવે છે. તેમ તેમના કુંવર શ્રી ભોપાલસીંહજીની પણ ધર્મ ઉપર ઘણી સારી શ્રદ્ધા છે. એમ અમે અવલોક્યું છે.

આ શીવાય શ્રી મથુરાજીમાં શ્રી સ્વામીઘાટ ઉપર શ્રી મદનમોહનજીનું મંદિર છે તે મહારાણા શ્રી સજ્જનસિંહજીના રાણી રાઠોડજી (ઇડરવાળાં) એ બંધાવ્યું છે.

શ્રી નાથદ્વારામાં—શ્રી મદનમોહનજીનું મંદિર છે તે પણ મહારાણા શ્રી શંભુસિંહજીનાં રાણી શ્રી ચુહાણજી ગડીવાળાંએ બંધાવી નેગભોગ પોતાના રાજ્ય તરફથી ઠરાવી શ્રી તિલકાયિતશ્રીને અર્પણ કરેલું છે.

આ બધાં મંદિરો ઉદયપુર નરેશ તરફથીજ બંધાવી તેના નેગ ભોગની વ્યવસ્થા માટે ગામ—જાગીર વગેરે આપી સુયોગ્ય બંદોબસ્ત કરેલો છે. ધન્ય છે આવા રાણાઓને પોતે રાજકાજનાં કામોમાં જોડાયા છતાં પણ સ્વધર્મ ઉપર આટલ શ્રદ્ધા રાખે છે.

છપાય છે ! છપાય છે !

નિજવાર્તા, ઘરૂવાર્તા, તથા બેઠક ચરિત્ર.

આ ગ્રન્થમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની નિજવાર્તા, ઘરૂવાર્તાના ૫૧ પ્રસંગની વાર્તા તથા શ્રી આચાર્યશ્રીએ પોતે ત્રણ વખત પૃથ્વિ પરિક્રમા કરી, અનેક કષ્ટો વેઠી, ધર્મનું દ્વંદ્વ યુદ્ધ કરી, માયા મતનું ખંડન કરી, દિગ્વિજય કરી, ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગની સ્થાપના કરી દૈવિ જીવોને શરણે લેઇ જે જે અલૌકીક ચમત્કારો જણાવ્યા ને પોતાની ૮૪ બેઠકો સ્થાપિત કરી તે બેઠકોનું સવિસ્તર વર્ણન તથા તેવીજ રીતે શ્રીમત્પ્રભુ ચરણ શ્રી ગુસાંઇજી, જ્યેષ્ટલાલજી શ્રી ગિરિધરજી, ચતુર્થલાલજી શ્રી ગોકુળનાથજી (માળા પ્રસંગવાળા), પંચમલાલજી શ્રી રઘુનાથજી તથા મહાનુભાવી શ્રી હરિરાયજી (મહાપ્રભુજી-શીક્ષાપત્ર આદિ અનેક ગ્રન્થોના કર્તા) આદિ બાળકોએ પણ પૃથ્વિ પર્યટન કરી, દૈવી જીવોને શરણે લેઇ, સ્વધર્મનાં તત્વો સમજાવી, પોષણ કરી, માર્ગનો પ્રકાશ કરી, પોતાની બેઠકો સ્થાપિત કરી તેનું ચરિત્ર-સવિસ્તર વર્ણન, પ્રાચિન અને અપ્રસિદ્ધ હસ્ત લીખીત ગ્રન્થોમાંથી શોધન કરી એકત્ર કરી આ ગ્રન્થ

(अक्षर आ लाइन जेवाज मोटा अक्षरथी)

છપાવવાની શરૂઆત કરી છે. દીવાળી લગભગ તૈયાર થશે. માટે ગ્રાહક લીસ્ટમાં આપનું નામ નોંધાવી રાખશો. ન્યોચ્છાવર રૂ. ૪-૦-૦ ચાર રૂપીઆ વી. પી. પોસ્ટેજ જુદું સમજવું.

અગાઉથી નાણાં મોકલી ગ્રાહક થનારને અમારા તરફથી પ્રગટ થયેલું " શ્રીયમુનાસ્તોત્રરત્નાકર " એ નામનું ૦-૮-૦ નું પુસ્તક ભેટ મળશે. નાણાં નહિ મોકલનારનો ભેટ ઉપર હક નહિ રહે. માટે લાંભ લેવા ચુકશો નહિ.

છપાય છે ! છપાય છે !

तृतीय गृह तिलकायित–कांकरोलीस्थ.

श्री [illegible] श्री गिरिधरलालजी महाराजकृत.

१२० वचनामृत.

શ્રી ગિરિધરલાલજી મહારાજશ્રીએ પોતે ૮૦ વર્ષની વૃદ્ધ વયે નિજ દૈવી જીવો ઉપર કૃપા કરવા, સં. ૧૯૩૩ ની સાલમાં ડભોઇ પધારી, વૈષ્ણવોના કલ્યાણ માટે, પ્રાચીન વાર્તાઓ, સંમ્પ્રદાયનું ગુઢ રહસ્ય, વૈષ્ણવોને ભક્તિ, નિતી, ભાવના, ઉપજ થાય તેવા પ્રસંગો, શ્રી ઠાકોરજીના સ્વરૂપની સેવા, શણગારની ભાવના વગેરે ગુઢ ને ગુપ્ત રહસ્યમય પ્રસંગોનું વર્ણન કરી, જીવશીક્ષાર્થે કૃપા કરી સ્વમુખારવિંદથી વચન સુધાનું પાન કરાવી ૧૨૦ વચનામૃત લખાવ્યાં છે. જે અત્યાર સુધી અપ્રકટિત હતાં. ડભોઈ, સંખેડા, વડોદરા, હાલોલ, કાલોલ વગેરે સ્થળોએ આ વચનામૃતની કોઇ કોઇ પ્રતો બિરાજે છે. તેવી બે ચાર પ્રતો એકત્ર કરી, શુદ્ધ કરી,

(अक्षर आ लाइन जेवाज मोटा अक्षरथी)

છપાવવાની શરૂઆત કરી છે. મોટી સાઇઝનાં ૪૦૦ ઉપરાંત પૃષ્ટ થશે. તેમજ ગ્રન્થકર્તા "શ્રી ગિરિધરલાલજી, તથા શ્રીબાળકૃષ્ણલાલજી, તથા તેમના નિત્ય લિલાસ્થ બેલાલજી; તથા હાલ બિરાજતા તૃતીયગૃહતિલક શ્રીવ્રજભૂષણલાલજી તથા ચી, શ્રીવિઠ્ઠલનાથ બાવા. એમ ૭ ફોટા આપવામાં આવશે. આટલું છતાં અગાઉના ગ્રાહકો માટેજ. ન્યોછાવર માત્ર રૂ.૩–૦–૦ ત્રણ રૂપીઆ રાખવામાં આવશે. દીવાળી લગભગ તૈયાર થશે. પાછળથી તેની કીંમત રૂ. ૪–૦–૦ થશે. અગાઉથી કીંમતનાં નાણાં મોકલી આપનારને અમારા તરફથી પ્રગટ થયેલ "શ્રી ગોવર્ધનનાથજીના પ્રાકટ્યની વાર્તા" કીં. ૦–૬–૦ નું પુસ્તક ભેટ તરીકે આપવામાં આવશે માટે આ સમયનો ભેટનો લાભ લેવા ચુકશો નહિ. નાણાં નહિ મોકલનારનો ભેટ ઉપર હક્ક રહેશે નહિ.

श्री मद्गोस्वामी महानुभावी श्री हरिरायजी विरचित

॥ बडे शिक्षापत्र ॥

મુળ શ્લોક સાથે, શુદ્ધ અને સરળ ગુજરાતી ભાષામાં ટીકા.

આ ગ્રન્થ મુળ શ્લોક સાથે શબ્દાર્થ તથા વિસ્તૃત વિવેચનપૂર્વક શુદ્ધ ને સરળ ગુજરાતી ભાષામાં તેમજ શ્રીમદ્ ભાગવત, ગીતા, શ્રુતિ, સ્મૃતિ, ષોડશ ગ્રન્થો, વિજ્ઞપ્તી અને અન્ય પુરાણોના પ્રમાણો, દ્રષ્ટાન્તો, સિદ્ધાન્તો સાથે ટીકા કરી ભક્તિમાર્ગનું સમર્થ પ્રતિપાદન કરી બતાવ્યું છે.

આવા પ્રકારની ટીકા શિક્ષાપત્ર ઉપર ગુજરાતી ભાષામાં અત્યાર સુધીમાં થઇ નથી એવું ઉત્તમ પુસ્તક છે.

આ ગ્રન્થ રચી મહાનુભાવી શ્રી હરિરાયજીએ વૈષ્ણવોને ઉત્તમ પ્રકારનો બોધ, ભક્તિનું સ્વરૂપ, સેવાની ભાવના, શ્રી પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુના સ્વરૂપનું જ્ઞાન-ભાવના, સેવા કેમ કરવી, સેવાના પ્રકાર, વિવેક, ધૈર્ય, આશ્રય, અનન્યતાની ભાવના (અન્યાશ્રયથી બચવાના ઉપાય) શરણ મન્ત્રની ભાવના, નિવેદન મન્ત્ર (બ્રહ્મ સમ્બન્ધની ભાવના, શ્રી ઠાકોરજીની કુંજ-નિકુંજાદિની, નિત્યલીલાની ભાવના, રાસલીલાની ભાવના, વગેરે વૈષ્ણવોને ભક્તિમાર્ગ, પુષ્ટિમાર્ગમાં જે કંઇ જાણવાની-સમજવાની જરૂર છે તે વગેરે સમજાવી આ પુસ્તકમાં તેનું દ્રષ્ટાન્તો, સિદ્ધાન્તોથી નિરૂપણ કર્યું છે.

વળી ગ્રન્થકર્તા શ્રી હરિરાયજી મહાપ્રભુજી તથા તેમના ભાઇ શ્રી ગોપેશ્વરજી (કે જેમના માટે આ ગ્રન્થ રચાયો) તેમના સુન્દર ઉત્તમોત્તમ ફોટા પણ આપવામાં આવ્યા છે. મોટી સાઇઝનાં ૪૦૦ ઉપરાંત પૃષ્ઠનું, મજબુત શુદ્ધ સ્વદેશી ખાદીનું પૂઠું કરવામાં આવ્યું છે. (જેથી પુસ્તક ફાટવાની ધાસ્તી ઓછીજ રહેશે) સ્ત્રીઓએ તો ખાસ અવકાશના વખતમાં વાંચવા યોગ્ય છે. તથા નિત્ય નિયમપૂર્વક રાત્રે ભગવદ્વાર્તામાં વાંચવા માટે ઉપયોગી છે. છતાં ન્યોછાવર માત્ર રૂ. ૪-૦-૦ ચાર રૂપીઆજ રાખ્યું છે.

श्रीयमुनास्तोत्र रत्नाकर.

આ ગ્રન્થમાં શ્રીયમુનાષ્ટક મુળ તથા અતિ વિસ્તાર પૂર્વક વિવેચન સાથે ગુજરાતી ટીકા, શ્રીયમુનાષ્ટપદી મુળ તથા તે ઉપરની સંસ્કૃત ટીકા તેના ગુજરાતી ભાષાન્તર સાથે, શ્રીરઘુનાથજીકૃત શ્રીયમુનાષ્ટક ટીકા સાથે, શ્રીહરિરાયજીકૃત શ્રીયમુના વિજ્ઞપ્તી ગુજરાતી ટીકા સાથે તથા શ્રીયમુનાજીનાં ૪૦ પદ, પરચુરણ અપ્રકટિત પદ, વધાઇ, આરતિ, ધોળ વગેરે સહિત શ્રીયમુનાજીના નામ સ્મરણનું સંપૂર્ણ સાહિત્ય.

શ્રી યમુનાજીના સુંદર ફોટા સાથે—આપવામાં આવ્યું છે આવું પુસ્તક અત્યાર સુધીમાં કોઇ પણ ઠેકાણે પ્રકટ થયું નથી. આ ગ્રન્થ એક વખત વાંચ્યા પછી તેને હાથમાંથી મુકવાનું મન થશેજ નહિ. છતાં કીં. રૂ. ૦-૮-૦ **આઠ આના** રાખવામાં આવી છે.

શ્રીમદ્ ગોસ્વામી શ્રીગોકુલનાથજી (ભાળા પ્રસંગવાળા) વિરચીત

॥ "भावसिन्धु" ॥

આ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી, તથા શ્રીગુસાંઇજીના નિજ અંતરંગ કૃપાપાત્ર ભગવદિયો ૮૪ અને ૨૫૨ વૈષ્ણવો પૈકી મહાનુભાવી એવા માત્ર ૨૨ વૈષ્ણવોની વાર્તાના ભાવ શ્રીગોકુલેશજીએ આધુનિક જીવો ઉપર કૃપા કરી જણાવ્યા છે. હાલ ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા આપણે વાંચીએ છીએ તે વાર્તાઓ પણ આ શ્રીગોકુલેશજીએજ પ્રકટ કરી છે આ બધી વાર્તાઓમાં મુખ્ય અને જેના ભાવ અતિ ગુઢ છે, જેના સ્નેહની પારસીમા નથી, જેઓ કોટિમાં વિરલા ગણાયા છે એવા ભગવદીઓની વાર્તાના ભાવ શ્રીગોકુલેશજીએ જણાવ્યા છે. તેનો સંગ્રહ આ પુસ્તકમાં આપ્યો છે. તે ઉપરાંત કેટલીક શોધ કરી બીજી વધુ માહિતી પણ આપી

(अक्षर आ लाइन जेवाज मोटा अक्षरथी)

છપાવ્યું છે. જેથી આ પુસ્તક દરેક વૈષ્ણવોએ અવસ્ય વાંચવા જેવું છે. ન્યોછાવર માત્ર રૂ. ૧-૪-૦ સવા રૂપીઓ.

શ્રીમદ્ વિઠ્ઠલનાથજીના ચતુર્થલાલજી (માળા પ્રસંગવાળા)

શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર

બે ભાગમાં સચિત્ર તેમના બાલ, કુમાર અને આચાર્ય સ્વરૂપના ત્રણ ઉત્તમ ફોટા સાથે, એમની બાલ, પૌગંડ, કીશોર અને વૃદ્ધાવસ્થાની અપ્રાકૃત લીલા, માળા પ્રસંગ વખતે ચિદ્રૂપ સંન્યાસી સાથે કરેલો માળા તીલકનો સપ્રમાણ શાસ્ત્રાર્થ વગેરે.

આ શ્રીગોકુલેશજીએ માળા તિલકનો વિજયધ્વજ ફરકાવવા, ધર્મનું દ્વંદ્વ યુદ્ધ કરવા, પોતાની ૭૦ વર્ષની વૃદ્ધવયે, જહાંગીર જેવા બાદશાહ સામે, કાશ્મીર જેવા વિકટ પ્રદેશમાં, પર્યટન કરી, મહાન્ પરિશ્રમ અને અત્યન્ત કષ્ટ સહન કરી, વિજયધ્વજ ફરકાવી, પોતાની અડગ ટેક ટકાવી રાખી હતી જે સર્વ કોઇ વૈષ્ણવના જાણવામાં છે. અને જેને આપણે ટુંકામાં માળા પ્રસંગ કહીએ છીએ. તેનું સવિસ્તર વૃતાન્ત ૩૦૦ વર્ષના પ્રાચિન હસ્ત લીખીત ગ્રન્થોમાંથી, શ્રીગોકુલેશ પ્રભુની સૃષ્ટિનાં ઘણાં ગામોમાં ફરી, મહાન્ પરિશ્રમે, સાત વરસના સતત્ પ્રયત્ને, નીચેનાં પ્રકરણો મુજબ બે ભાગમાં છપાવી બહાર પાડયો છે.

ભાગ ૧ લો:—પ્ર. ૧, કુટુંબની પૂર્વપીઠીકા, પ્ર. ૨. શ્રીગોકુલેશજીનું પ્રાકટ્ય, પ્ર. ૩. શ્રીમદાચાર્યજી, શ્રીગોકુલેશજીના પ્રાકટ્ય સંબંધમાં વેદ, પુરાણાદિકનાં પ્રમાણો. પ્ર. ૪ પ્રાકટ્ય ઉત્સવ, પ્ર. ૫ વર્ષગાંઠનો ઉત્સવ, પ્ર. ૬ બાળલીલા, પ્ર. ૭ કૌમારલીલા, પ્ર. ૮ પૌગંડલીલા, પ્ર. ૯ ઉપનયન સંસ્કાર, પ્ર. ૧૦ વિદ્યાભ્યાસ, પ્ર. ૧૧ અડેલથી ગઢા, પ્ર. ૧૨ ગઢામાં નિવાસ, પ્ર. ૧૩ ગઢાથી મથુરા પ્રવાસ, પ્ર. ૧૪ જન્માષ્ટમી નિર્ણય અને શ્રીગોવર્ધનનાથજીનો પરોણાચાર,

પ્ર. ૧૫ શ્રીજીનો વિવાહ ઉત્સવ, પ્ર. ૧૬ શ્રીજીનો ગૃહસ્થાશ્રમ અને શ્રીગુસાંઇજીનું પરોક્ષ, પ્ર. ૧૭ કુટુંબની વહેંચણી, પ્ર. ૧૮ ગુજરાતનો પરદેશ. પ્ર. ૧૯ પિતૃઋણ, પ્ર. ૨૦ કુરૂક્ષેત્રની યાત્રા.

ભાગ ૨ જો:—માળાપ્રસંગની સમ્પૂર્ણ હકીકત, પ્ર. ૧ માળાના મામલાનો હેતુ, પ્ર. ૨ ચિદ્રૂપની શીખવણીથી જહાંગીરે કરેલો માળા ઉતારવાનો હુકમ, પ્ર. ૩ ચિદ્રૂપ અને શ્રીગોકુલેશજીની મુલાકાત તથા તેમણે કરેલો માળા-તિલકનો શાસ્ત્રાર્થ, પ્ર. ૪ જહાંગીર સાથે શ્રીજીની માલાના રક્ષણ માટે પ્રથમ મુલાકાત, પ્ર. ૫ ચિદ્રૂપે મથુરામાં વર્તાવેલો કેર તથા શ્રીજીની માલા ઉતરાવવાના ઉપાયો, પ્ર. ૬ સમ્પ્રદાયમાં માલા-તિલકનું સ્થાન, પ્ર. ૭ શ્રીજીનું મથુરાગમન અને માળા નહિ ઉતરવાનો દૃઢ સંકલ્પ, પ્ર. ૮ સંન્યાસીની ગુફાએ શ્રીજીનું પધારવું, પ્ર. ૯ ભક્તોનો વિરહાનલ, પ્ર. ૧૦ કાશ્મીરનો પ્રવાસ, પ્ર. ૧૧ બાદશાહની મુલાકાત, પ્ર. ૧૨ કાશ્મીરથી શ્રીગોકુલ, પ્ર. ૧૩ શ્રીગોકુલથી સોરમજી. પ્ર. ૧૪ સોરમમાં વાસ. પ્ર. ૧૫ ચિદ્રૂપની કપટજાળ ખુલ્લી થઇ અને બાદશાહે શ્રીજીને શ્રીગોકુલ પાછા બોલાવ્યા, પ્ર. ૧૬ શ્રીગોકુલ પુનરાગમન, પ્ર. ૧૭ શ્રીમદ્ ગોકુલ દઢવાસ.

ઉપર પ્રમાણે પ્રકરણો સાથેનો આ ગ્રન્થ જાડા ચીકણા કાગળમાં છપાવી સુશોભીત ત્રણ ફોટા સાથે. શુદ્ધ સ્વદેશી ખાદીનું પાકું પુઠું (ફાટવાની ધાસ્તી વગરનું) સાથે તૈયાર કર્યો છે. આટલું છતાં ન્યોછાવર માત્ર રૂ. ૪-૦-૦ ચાર રૂપીઆજ રાખી છે. આ પુસ્તકની અમારી સાત વરસની મહેનતના પ્રમાણમાં કીમત વધારે નથી એમ પુસ્તક જોતાંજ વાચક બન્ધુઓને ખાતરી થશે. આશા છે કે આ ગ્રન્થ તો જરૂર દરેક વૈષ્ણવો ખરીદ કરી વાંચશે. માળાપ્રસંગની હકીકત દરેકે વાંચવા જેવી છે. માટે તરતજ મંગાવી વાંચો.

कीर्तनसंग्रह भाग १ लो.

(वर्षोत्सवके पद.)

આ ગ્રન્થમાં શ્રીઠાકોરજી સન્મુખ કીર્તન કરવાનાં બારમાસિક ઉત્સવનાં અસંખ્ય કીર્તનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ આ ગ્રન્થ મુંબઇના "વૈષ્ણુવ ઠાકોરદાસે" છપાવ્યો હતો. છેલ્લાં પાંચ વરસથી તે વૈષ્ણવોને અપ્રાપ્ય થઇ પડેલો હોવાથી, વૈષ્ણવોની સતત માગણી થવા લાગી અને કેટલાક મારા મિત્રોએ ફરી છપાવવાની ભલામણ કરી તેથી અમોએ આ કામ ખાસ એક વૈષ્ણવ કીર્તનીઆજીને સોંપ્યું. તેમણે મુંબાઇ, ઉમરગામ, સુરત, ભરૂચ, વડોદરા, નડિઆદ, અમદાવાદ, મહુધા, ખેડા, આદિ સ્થળોએ જઇ, અનુભવી વૈષ્ણવોને મળી, તેમની સુચના મુજબ સુધારો વધારો કર્યો છે. પુસ્તકનું કદ રોયલ ૪ પેજી સાઇઝ (ગુજરાતી પેપર જેવી જેવી મોટી સાઇઝ) અને ઘણા મોટા અક્ષરથી.

(अक्षर आलाखन जेवाज मोटा)

છપાવ્યું છે. આવાં પુસ્તકો વારંવાર છપાતાં નથી, પછીથી આવો લાભ નહિ મળે, વહેલો તે પહેલો માટે આજેજ મંગાવી લ્યો.

સારા ઉંચી જાતના જાડા ચીકણા કાગળ, મજબુત, કંતાનનું પાકું પુઠું, લગભગ ૬૫૦ પાનાં, ઉપરાંત શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી, શ્રીગુસાંઇજી, રાજનગર (અમદાવાદ) વાળા શ્રીવ્રજરાયજી, શ્રીમધુસુદનલાલજી, શ્રીરણછોડલાલજી મહારાજના ઉત્તમ ફોટા સારા આર્ટપેપર ઉપર છપાવી આ પુસ્તકમાં દાખલ કરવામાં આવ્યા છે.

આટલું છતાં ન્યોછાવર માત્ર રૂ. ૧૦-૦-૦ દસ રૂપિઆ રાખવામાં આવ્યું છે. (પુસ્તક જોતાં અને કામના પ્રમાણમાં તો ઓછીજ કીંમત છે એમ દરેક વૈષ્ણવ કહેશેજ)

श्रीकृष्णस्तोत्ररत्नाकर.

આ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીગિરિધરજી, મહાનુભાવી શ્રીહરિરાયજી મહારાજે શ્રીકૃષ્ણ ભગવાન્ (શ્રીઠાકોરજી) નું વિજ્ઞપ્તિદ્વારા કરેલાં સ્તોત્રનું મુળ શ્લોક સાથે અક્ષરશઃ ભાષાંતર (કે જે અત્યાર સુધીમાં કોઇ પણ ઠેકાણે પ્રકટ થયું નથી) આપવામાં આવ્યું છે. જેઓએ "बृहत्स्तोत्रसरित्सागर" નામનો ૨૩૭ ગ્રન્થનો પાઠ કરવાને ગુટકો વાંચ્યો હશે તેઓને તો આ ગ્રન્થ લેવા માટે ખાસ ભલામણ કરીએ છીએ. કારણ કે તેમાંથી ૨૫ સ્તોત્ર ગ્રન્થોની ટીકા આ ગ્રન્થમાં આપવામાં આવી છે. તેથી આ ગ્રન્થ દરેક વૈષ્ણવે ખાસ કરીને વાંચવા જેવો છે. તેથી તેમની ધાર્મિક વૃત્તિદૃઢ થશે. ઉંચા ગ્લેજ ચીકણા કાગળ, છીંટનું મજબુત પાકું પુઠું છતાં. કીંમત ૦-૧૨-૦ બાર આના રાખી છે.

શ્રીગોકુલેશજીનાં ધોળ તથા પદ સંગ્રહ.

આ શ્રીગોકુલેશજીએ ભૂતળ ઉપર પધારી પોતાની ૭૦ વર્ષની વૃદ્ધ વયે જહાંગીર પાદશાહ સામે ધર્મનું દ્વંદ્વ યુદ્ધ કરી, માલા, તિલક અને ધર્મની અડગ ટેક ટકાવી સમસ્ત પુષ્ટિમાર્ગ ઉપર મહત્ ઉપકાર કર્યો છે. તેમના નામથી ભાગ્યેજ કોઇપણ વૈષ્ણવ અજ્ઞાત્ હશે! અમોએ આ શ્રીગોકુલેશજીના પ્રાકટ્યની વધાઇ તથા ધોળપદ ૩૦૦ વર્ષના પ્રાચિન પુસ્તકોમાંથી સતત્ પ્રયત્ને એકત્ર કરી જુદાં જુદાં ૧૫ પ્રકરણોમાંથી મળી લગભગ ૭૦૦ ધોળપદનો મહાન્ સંગ્રહ બહાર પડયો છે કે જે અત્યાર સુધીમાં કોઇપણ ઠેકાણે પ્રસિદ્ધ થયેલો નથી. આ ગ્રન્થમાં શ્રીગોકુલનાથજી, શ્રીકન્હૈયાલાલજી, શ્રીવલ્લભલાલજીના ઉત્તમોત્તમ ફોટા તેમજ તેમની વંશાવળી પણ આપી છે. કીંમત ફકત રૂ. ૧-૦-૦ એક રૂપીઓ.

બ્રહ્મસંબંધ કાવ્યમ્ (આવૃતિ ૨ જી.)

આ ગ્રન્થમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ઉપદેશેલો "બ્રહ્મસંબંધ" મંત્ર કે જે ૮૪ અક્ષરનો છે. તેમજ બ્રહ્મસંબંધ વિષે થતા આક્ષેપોનો સપ્રમાણપ્રત્યુત્તર ગુરૂ શિષ્યના સંવાદરૂપે ઘણીજ અસરકારકરીતે આપેલો છે, તેમજ "શ્રીસિદ્ધાન્ત રહસ્ય" ગ્રન્થ તથા "સિદ્ધાન્ત રહસ્યનું ધોળ" ઉપરાંત શ્રીમદ્વલ્લભાચાર્યજી નો સુંદર ફોટો પણ આપ્યો છે. કીં. ૦-૬-૦ છ આનાજ રાખી છે.

વિદ્વન્મંડન અથવા વિદ્વાનોનું ભૂષણ.

શ્રીમદ્વિઠ્ઠલનાથ પ્રભુચરણ વિરચિત પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તનું પ્રતિપાદન કરનાર ઉત્તમ વાદગ્રન્થનો ગુજરાતી અનુવાદ.

આ ગ્રન્થમાં પ્રતિબિંબવાદ, આભાસવાદ વગેરે માયાવાદના સિદ્ધાન્તનું ખંડન કરી જીવ નિત્ય તથા અણુ છે એમ સિદ્ધ કરેલું છે. બ્રહ્મ જગતનું ઉપાદાન તથા સમવાયિ કારણ છે અને વિરૂદ્ધ સર્વધર્મનો આશ્રય છે એમ સિદ્ધ કરી ભગવાનની નિત્ય લીલાનું વૈદિક તથા શ્રીમદ્ભાગવતના વાકયોથી સમર્થન કરેલું છે, અને આધુનિક ભક્તોનો નિત્યલીલામાં પ્રવેશ થાય છે કે નહિ એ પ્રશ્નનો સિદ્ધાન્તાનુસાર નિર્ણય કરેલો છે. આ ગ્રન્થમાં માયવાદ આદિ પૂર્વ પક્ષના ખંડનપૂર્વક જગત, જીવ તથા બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન કરેલું છે. દરેક ભાવિક વૈષ્ણવોએ, અને વિદ્વાનોએ તો અવસ્ય ઘેર ઘેર સંગ્રહ કરવા લાયક છે. માત્ર જુજ નકલોજ શીલીક છે, પછી તેનો લાભ નહી મલે. વહેલો તે પહેલો. રોયલ ૮ પેજી સાઇઝનાં ૨૫૦ ઉપરાંત પૃષ્ઠનું છતાં ન્યોચ્છાવર માત્ર રૂ. ૧-૮-૦ દોઢ રૂપીયા રાખવામાં આવી છે તો આજેજ ગ્રાહક થઇને મગાવી લ્યો.

(૫૦૦૭૦ વૈષ્ણવ કુટુંબમાં પ્રિય થઇ પડેલાં પુસ્તકો.)

વિવિધ ધોળ તથા પદસંગ્રહ ભા. ૧ લો. (આવૃતિ ૪ થી)

જ્ઞાન અને ભક્તિરસથી ભરપુર, સ્ત્રીઓ, પુરૂષો તેમજ બાળકોને હરનિશ મનન કરવા યોગ્ય, ભગવદ્ વાર્તામાં વાંચવા લાયક, જુદાં જુદાં ૧૬ પ્રકરણોમાં ૫૬૦ પદનો અત્યુત્તમ અપૂર્વ સંગ્રહ આપવામાં આવ્યો છે. ઉપરાંત હાલ ભૂતળ ઉપર બિરાજતા **શ્રીગોસ્વામી બાળકોના જન્મદિવસોની નોંધ, શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની** ૮૪ બેઠકો કયા કયા સ્થળે છે. તથા ત્યાં જવાના રસ્તાની સંપૂર્ણ માહિતી સાથેનું પાકું પુંઠું, છતાં કીંમત માત્ર ૧-૪-૦ સવા રૂપીઓ.

વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૨ જો.

નિત્યના શ્રીઠાકોરજીની સેવા કરવાનો પ્રકાર, બારમાસિક ઉત્સવનાં કીર્તનો વગેરે ઘણાં પ્રાચીન ને અપ્રકટિત ધોળપદનો મહાન્ સંગ્રહ ૬૪ પ્રકરણોમાં આપ્યો છે. તથા શ્રીમહાપ્રભુજી, શ્રી ગુસાંઇજીના સેવ્ય શ્રીઠાકોરજીનાં સ્વરૂપ હાલ કયાં ને કોને માથે બીરાજે છે. તેની સંપૂર્ણ માહિતી આપી છે. ઉપરાંત "**શ્રીમદ્વલ્લભાચાર્યજી** તથા "**શ્રીયમુનાજી**" ના એમ બે સુંદર ફોટા પણ આપ્યા છે. સુશોભીત છીંટનું પાકું પુંઠું છતાં કીંમત માત્ર ૧-૦-૦ એકરૂપીઓ.

(શ્રીમદ્વિઠ્ઠલનાથજીના ચતુર્થલાલજી-માળાપ્રસંગવાળા.)

(શ્રી ગોકુલનાથજી કૃત) ૨૪ વચનામૃત.

આ પુસ્તકમાં શ્રીગોકુલનાથજીકૃત ૨૪ વચનામૃત તથા તેમના ૭૮ ભગવદીયનું (અપ્રકટિત ધોળ) તેમણે કરેલી ૮૪ વૈષ્ણવની નામાવલીના શ્લોક, ગોવર્દ્ધનવાસી, નિત્યલીલા મોટી વગેરે આપ્યું છે, ભગવદ્વાર્તામાં વાંચવા માટે ખાસ ઉપયોગનું છે. કી. ૦-૪-૦ ચાર આના.

षोडशग्रन्थ.

[આવૃતિ ૨ જી]

[ઘણા સુધારા વધારા સાથે]

સટીક, ગુજરાતી ભાષામાં વિસ્તૃત વિવેચન પુર્વક કરેલું શુદ્ધ ભાષાન્તર.

આ ગ્રન્થમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ રચેલા શ્રીયમુનાષ્ટક આદિ ૧૬ ગ્રન્થો કે જેને વૈષ્ણવો "ષોડશગ્રન્થ" એ નામથી ઓળખે છે તે ગ્રન્થોના મુળ શ્લોક સાથે લંબાણ ટીકા ને વિસ્તૃત વિવેચન તેમજ ભાગવત, ગીતા, શ્રુતી, સ્મૃતિ, આદિ ગ્રન્થોના પ્રમાણો સાથે અતિ ઉત્તમ પ્રકારે ટીકા કરવામાં આવી છે. વૈષ્ણવો હંમેશાં ષોડશ-ગ્રન્થનો પાઠ કરે છે. **તેથી** આ ગ્રન્થ દરેક વૈષ્ણવે પુરૂષો તેમજ સ્ત્રીઓએ અવસ્ય ખાસ વાંચવા લાયક છે. વળી ભગવદ્વાર્તામાં પણ નિત્ય નિયમપૂર્વક વાંચવા માટે ખાસ ઉપયોગી છે. **તેમજ શ્રીબાલકૃષ્ણલાલજીનો** ઉત્તમ ફોટો પણ આપવામાં આવ્યો છે. કાગળો વગેરેની સખત મોંઘવારી હોવા છતાં પણ કીંમત માત્ર રૂ. ૧-૪-૦ સવા રૂપીઓ રાખવામાં આવી છે.

श्रीगोवर्धननाथजीना प्राकट्यनी वार्ता.

શુદ્ધ ગુજરાતી ભાષામાં, તેમજ શ્રીનાથજીનાં કેટલાંક ધોળ અને શ્રીમદ્ગોસ્વામી **શ્રીગોવર્ધનલાલજી (ટીકેત) મહારાજ-શ્રીના** ઉત્તમ ફોટા સાથે, સારા ગ્લેઝ, ચીકણા કાગળમાં છપાવી છે. **કીંમત ૭ આના.**

શ્રી ગુસાંઇજીકૃત વિજ્ઞપ્તી.

આ વિજ્ઞપ્તીમાં શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીના વિપ્રયોગમાં દર્શાવેલી દીનતાનું સ્વરૂપ સર્વે વૈષ્ણવોએ અવસ્ય ભાવના કર્તવ્યરૂપ છે. કીં. ૦-૫-૦

વૈષ્ણવોના નિત્યનિયમના પાઠ તથા ધોળ.

આ પુસ્તકમાં શ્રીવલ્લભાખ્યાન, મુળ પુરૂષ, શ્રીયમુનાષ્ટક. ૪૦ ૫૬, ધોળ, ષોડશ ગ્રન્થો બધા; શ્રીસર્વોત્તમ પાઠ ધોળ, શ્રીનવરત્ન ધોળ, શ્રીગોપીગીત વગેરે આપવામાં આવ્યું છે. કીં માત્ર ચાર આના.

---

૮૪ વૈષ્ણવની વાર્તા.

આ ચોરાશી વૈષ્ણવની વાર્તા અમોએ વ્રજભાષા ઉપરથી ગુજરાતી ભાષામાં (અક્ષર આ લાઇન જેવડાજ મોટા) મોટા અક્ષરથી છપાવી છે. તેમજ તેમાં ઘણા પ્રાચીન ગ્રન્થો જેવા કે:—'શ્રીવલ્લભચરિત્ર, ભાવસિન્ધુ, પંચામૃત, કીર્તન રત્નાકર, ષોડશગ્રન્થો, શિક્ષાપત્ર, ભગવદ્ ગીતા વગેરે ગ્રન્થોમાંથી શોધખોળ કરી કેટલીક ઐતિહાસીક હકીકત દ્રષ્ટાન્તો તેમજ તે વૈષ્ણવો માટેની આપેલી વાર્તાની વધુ હકીકત દાખલ કરી છે જેથી અત્યાર સુધીમાં આવાં વાર્તાનું પુસ્તક કોઇ પણ ઠેકાણે જોવામાં આવ્યું નથી તેવું છે. આ વાર્તા માટે અમોએ ખાસ વ્રજયાત્રા કરી તથા કાઠીઆવાડની મુસાફરી કરી કેટલીક પ્રાચીન હકીકત શોધન કરી દાખલ કરી છે. આ ગ્રન્થ એક વખત વાંચ્યા પછી હાથમાંથી મુકવાનું મન થશેજ નહિ કારણ દરેક વાર્તામાં નવિન હકીક્ત જોવામાં આવશે. વળી ૮૪ વૈષ્ણવોની જેટલી હકીકત વધુ મળે તેટલી દરેક વૈષ્ણવે જાણવી ઉપયોગી છે. મોટા કદના ૭૦૦ પૃષ્ટ, પાકું પુઠું તેમજ શ્રીમહાપ્રભુજીનો ઉત્તમોત્તમ ફોટો છતાં કીંમત ફક્ત ત્રણ રૂપીઆ રાખી છે.